Barcode - 99999990068326
Title - Saraswati Chandra Naval Katha (III)
Subject - Literature
Author - Gordhan Bhai Madhav Rao
Language - gujarati
Pages - 373
Publication Year - 1823
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13

## આ ગ્રંથકર્તાનાં પુસ્તકો.

(*સંજ્ઞાવાળાં પુસ્તકો આ ગ્રંથકર્તાએ જાતે લખેલાં નથી.)

| | | |
|---|---|---|
| | | રૂ. આ. |
| સરસ્વતીચંદ્ર ભાગ ૧ | ( આઠમી આવૃત્તિ. ) | ૨-૮ |
| * ,, ,, | ( મરાઠી ભાષાંતર. ) | ૧-૧૨ |
| ,, ભાગ ૨ | ( પાંચમી આવૃત્તિ. ) | ૨-૪ |
| ,, ,, | ( મરાઠી ભાષાંતર. ) | ૧-૪ |
| ,, ભાગ ૩ | ( પાંચમી આવૃત્તિ. ) | ૨-૮ |
| ,, ભાગ ૪ | ( ચોથી આવૃત્તિ. ) | ૫-૮ |
| સ્નેહમુદ્રા (કાવ્ય) | ( ચોથી આવૃત્તિ. ) | છપાય છે. |
| *સ્નેહમુદ્રાની ટીકા.—સ્વ. જયંતિલાલ મગનલાલ દેશાઈ બી. એ. કૃત. ( જુદી છપાઈ છે. ) | | –મળતી નથી. |
| *શ્રી ઈશાવાસ્ય તથા કેન ઉપનિષદ્ સટીક (ભાષાંતર કરનાર સ્વ. શાસ્ત્રી જીવરામ લલુભાઈ.) | | ૦-૪ |
| યુરોપ, એશિયા વગેરે ખંડોમાંની મહા પ્રજાઓમાં જનસ્વભાવનાં લાક્ષણિક દૃષ્ટાંત. | | –મળતી નથી. |
| લીલાવતી જીવનકળા. | ( ત્રીજી આવૃત્તિ. ) | છપાય છે. |
| દયારામનો અક્ષરદેહ | ( કપડાનું પુઠું. ) | ૧-૪ |
| ,, | ( કાચું પુઠું. ) | ૧-૦ |
| સાક્ષરજીવન | ... ... | ૨-૦ |
| The Classical Poets of Gujarat. | | 0-6 |
| Conflict of Laws between Converts and Non-converts in India. | | 1-0 |
| Marriage forms under Ancient Hindu Law | | 0-12 |

*શ્રીયુત ગોવર્ધનરામ—એમના જીવનની ટુંકી જીવનકથા અને તુલના. (લેખક–પ્રો. કાન્તિલાલ છગનલાલ પંડ્યા, એમ.એ.)

( કાચું પુઠું ) ૦-૧૨ ( કપડાનું પુઠું ) ૧-૦

**મુંબાઈ—એન. એમ. ત્રિપાઠી ઍન્ડ કંપની.**

પ્રિન્સેસ સ્ટ્રીટ, કાલબાદેવી રોડ પોસ્ટ નં. ૨.

બ્હારગામ—અમદાવાદ, સુરત, રાજકોટ, ભાવનગર વગેરે શહેરોના પ્રસિદ્ધ બુકસેલરો.



સ્વ. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી. બી. એ., એલએલ. બી.

જન્મ : સંવત્ ૧૯૧૧ વિજયાદશમી. અવસાન : સંવત્ ૧૯૬૩ પૌષ વદ ૫.

તા. ૨૦ મી ઑક્ટોબર ૧૮૫૫. તા. ૭ મી જાન્યુઆરી ૧૯૦૭.

મનોરંજન પ્રેસ, મુંબાઇ.

# સરસ્વતીચંદ્ર.

## નવલકથા.

### ભાગ ૩.

## રત્નનગરીનું રાજ્યતંત્ર.

કર્તા,

સદ્ગત સાક્ષરશ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી,

બી. એ., એલ્‌એલ્. બી., વકીલ, મુંબાઈ હાઇકોર્ટ.

"We too often forget that not only is there a soul of
"goodness in things evil, but very generally also, a soul of
"truth in things erroneous."

*Herbert Spencer's First Principles.*

પાંચમી આવૃત્તિ.

પ્રકાશક,

રમણીયરામ ગોવર્ધનરામ ત્રિપાઠી.

સર્વ અધિકાર સ્વાધીન.

મુંબાઈ.

મુખ્ય એજંટ્સ-એન. એમ. ત્રિપાઠી ઍન્ડ કંપની.

સંવત્ ૧૯૭૯.] [ઈ. સ. ૧૯૨૩.

મૂલ્ય રુપીયા અઢી.

| | | | | |
|---|---|---|---|---|
| પ્રથમ આવૃત્તિ, | સં. ૧૯૫૪; | ઈ. સ. ૧૮૯૮. | પ્રત. ૩૦૦૦. |
| બીજી | ,, | સં. ૧૯૬૦; | ઈ. સ. ૧૯૦૪. | પ્રત. ૩૦૦૦. |
| ત્રીજી | ,, | સં. ૧૯૬૮; | ઈ. સ. ૧૯૧૨. | પ્રત. ૩૦૦૦. |
| ચોથી | ,, | સં. ૧૯૭૪; | ઈ. સ. ૧૯૧૮. | પ્રત. ૩૦૦૦. |
| પાંચમી | ,, | સં. ૧૯૭૯; | ઈ. સ. ૧૯૨૩. | પ્રત. ૩૦૦૦. |

Printed by Ramchandra Yesu Shedge, at the Nirnaya-Sagar Press, 23, Kolbhat Lane, Bombay.

and

Published by Ramaniyaram Govardhanram Tripathi, at Morarji Gokuldas Chawls, Girgam, Bombay No 4.

[ ફેબ્રુઆરી ૧૯૨૩. ]

# PREFACE.

अजमेर

With the third volume this narrative enters upon a fferent phase of its career. It still continues to be a mosaic even blending of the actual and the ideal aspect of our e in these days, but the latter, henceforth, begin to ac- iire a distinct predominance over the former. It is eleven ears since the first volume was published, and the progress the reading classes during the interval has been equal the writer's aspiration to interest them in the principal oblems of the day.

This and the succeeding volume will bring this tale to close. The labours of the writer will be sufficiently re- arded, if his book will have stimulated, among the various asses of our society, an abiding interest in some of the eat questions that make the young and the old in the untry thrill with interchanging hopes and fears in all the ried matters which make up our life, and if it can enable em to follow with patience the solution which society is olving upwards along a slow but sure gradient in relation each of these pressing questions.

Each one of these problems is complicate and difficult, nd the writer of a novel cannot be expected to do it the justice which a scientific or philosophical essayist can strug- gle for. An artist—and a novelist is no more—can only hope to give that simplicity to problems which the passive reader craves for, to bring out for his gaze the fascinations of their lights and shades so as to recreate and not tax his eyes, and yet to hope that, humble as this province of the writer is, he may enable the reader to rise a stage higher than where he was. At the same time it is no object of the writer to do so with that partisan spirit which may

fairly find room in polemical essays where he who has formed his convictions must strive to force them upon the erring world. To the artist the world is not so much a mass of errors as a prospect of beauty, even where it errs; and he can simply propose to draw upon the resources of his own soul to enlarge the vistas which he is picturing, only with a view to add to the beauty, and not to the logic, of his work. As the Athenian believed, his beauty carries a silent logic more potent then reason and her quarrelsome ways.

What these problems are, is a matter best left to the text itself. In the preface one can only attempt to introduce. Well, we are at present undergoing strange transitions in matters domestic, social, religious, political, and what not? What with the laden atmosphere of our domestic difficulties, what with the currents of our social ideals and forces, what with the many-tongued voices of the religions which a multiform and party-coloured nation is singing into our ears, what with the constant upheavals of new and jarring worlds of political entities and non-entities rising within one's view whether he locates himself in one of the native states or in any place in British India, one, standing in the midst of all this, is simply tempted to wish, like Cowper, "for a lodge in some vast wilderness," or for a transmigration back into the body of some quiet and retired Rishi of antiquity.

This universal jar and noise casts a gloomy shadow over many a wistful eye and disconcerts many a well-built hope. We shall leave it to other fields of learning to settle with conviction whether the world in India will survive this deluge of conflict or not, and we may be sure that, even in discussing that, men will differ and fall to quarrelling. The only place, where we may safely look for a peaceful picture in spite of all transient facts, is art and poetry. In the several volumes of this tale, the landing-place of our

relief are sought to be pictured. We, no doubt, start even here with the jar and noise that surrounds us, and we hope to travel a good deal in the midst of these regions. But Progress and Harmony at home, in society, in religion, and with Government, both in and outside British India, peer overhead in the long run in spite of all this bewildering confusion; at least that is the postulate fundamental to our perspective. To look at these two cherubs of beauty and hope as they look at us, is at least a vision of glory and happiness; and what is vision *to-day* may be *reality to-morrow*.

True it is that the realization of this vision of the future taxes our patience, and we may never live to see it. Well may one grumble with the poet,

> When will the hundred summers die,
> And thought and time be born again,
> And, newer knowledge drawing nigh,
> Bring truth that sways the soul of men?
> Here all things in their place remain,
> As all were ordered, ages since,
> Come, care and pleasure, hope and pain,
> And bring the fate fairy prince. *

But after all we may also have the privilege of *seeing* with him

> Faint shadows, vapours lightly curl'd,
> Faint murmurs from the meadows come,
> Like hints and echoes of the world,
> To spirits folded in the womb. *

The vision is not altogther a dream. Transient hours will come and go. But the student of permanent elements and constant factors will be able to trace the birth and growth of an inward homogeneity in what is heterogeneous in the inception, and to hail the slow but sure triumph of Progress on lines which may not satisfy either theoretical, revolutionary and precipitate visionaries and reformers, or those who on the other hand wish to give an eternal rigidity

* Tennyson's Sleeping Palace.

to the to-day whether of belief or of power, and to dam out the influx of a sure and different to-morrow; for the lines of that Progress will certainly be such *gradual and harmonized-resultants* of numerous currents of life and facts as are still not dreamed of in our Horatio's philosophy. Such will be the *modus operandi* of the elements that do and shall vivify individuals, societies and governments with new forms of life, and our visions may be realized according to the extent that they harmonize with this progress. Indian society and religions, orthodoxy and reform, visionaries and practical people, Indians and Englishmen, and even Government and states and subjects—all on Indian soil—must yield to this irresistible process of reciprocal assimilation, at least as an inevitable duty in the working of the much talked of unity of all. And our vision in that none of them, whether of Eastern or Western *boast,* will be able to resist yielding to this process in this way and to this end, more or less, sooner or latter. Dear reader, more were better left to the text.

G. M.

*Bombay,* 1898.

---

સરસ્વતીચંદ્ર ભાગ પ્હેલો તથા ભાગ બીજો નામદાર મુંબાઈઈલાકાની સરકારે ઈન્ડિયન સીવિલ સર્વીસની હાયર પરીક્ષા માટે ટેક્સ્ટ બુક તરીકે પસંદ કર્યાનું—તા૦ ૧૮ મી જુલાઇ ૧૯૧૨ ના સરકારી ગેઝીટમાં પ્રસિદ્ધ કર્યું છે.

તથા

મુંબાઈ યુનિવર્સિટીની એમ. એ. ની પરીક્ષા માટે સરસ્વતીચંદ્ર (ભાગ ૧ થી ૪) ટેક્સ્ટ બુક તરીકે પસંદ કરવામાં આવી છે.

# પ્રસ્તાવના.

મનુષ્યના ભાગ્યમાં સંપત્તિવિપત્તિના પ્રવાહો અવળાંસવળાં વહન કરે છે. તેમ જ મનુષ્યસમૂહથી ભરેલા દેશોના ભાગ્યમાં પણ થાય છે. આ દેશને શિર પાછલાં બે ત્રણ વર્ષથી પડવા માંડેલી બહુરંગી વિપત્તિઓ સર્વદૃષ્ટ છે તો તેના વર્ણનની પુનરુક્તિ આવશ્યક નથી. પણ એ જ વિપત્તિઓએ મુંબાઈનાં મુદ્રાયંત્રોને અનેકધાં ઘેરેલાં હતાં, અને એ જ કારણને લીધે ઘણા કાળથી મુદ્રાયંત્રમાં મોકલેલો આ લેખ માત્ર આજ જ વાંચનારના હાથમાં મુકી શકાય છે. અનેક વિઘ્નોને અંતે આ કથાના આ ભાગે વાચકવૃન્દ પાસે રખાવેલું ધૈર્ય આ પરિણામને પામ્યું છે તો તે ધૈર્ય ગ્રન્થસંબંધમાં અન્ય ઈષ્ટ વિષયમાં પણ સફળ થાય એ ઇચ્છા સ્વાભાવિક છે.

સરસ્વતીચંદ્રના આ ત્રીજા ભાગ પછી માત્ર ચોથો જ ભાગ રચવાની યોજના છે. ઈશ્વરની ઇચ્છામાં આ લેખકના આયુષ્યની કલ્પના હશે તો ઉક્ત યોજના પાર પાડવાની માનુષી કલ્પના તો છે જ. એ કલ્પના સિદ્ધ થાવ અને સર્વ વાચકવૃન્દનાં આયુષ્ય એને સફલ કરો એવી ઈશ્વરને પ્રાર્થના છે. આ કથાની મૂળ પ્રોત્સાહિની અને લેખકની પ્રિય ભગિની અ૦ સૌ૦ સમર્થલક્ષ્મી ગ્રન્થની સમાપ્તિ સુધી આયુષ્મતી રહી શકી નહી અને તત્સંબંધમાં તેની વાસના તૃપ્ત ન કરાતાં બન્ધુભાવે અર્પેલી જોડેની નિવાપાંજલિ લખવાનો આ લેખકને ભાગ્યદૈન્યથી અત્ર પ્રસંગ આવેલો છે. પ્રિય વાંચનાર ! આવા પ્રસંગને અનુભવકાળે ત્હારે માટે ઉપર કરેલી પ્રાર્થનામાં જે આશીર્વાદનો ઉદ્ગાર અંતર્ગત છે તે તને ઈષ્ટ હો.

આ કથાના ચોથા ભાગમાં આ ગ્રન્થની પૂર્ણાહુતિ કરવા ધારી છે. પ્રથમ ભાગની પ્રસ્તાવનામાં ગ્રન્થનો સાધારણ ઉદ્દેશ જણાવ્યો હતો. આ પ્રસ્તાવનામાં કંઈક વિશિષ્ટ ઉદ્દેશ જણવવા અવકાશ છે.

સંસ્કૃત અને ઈંગ્રેજી ભાષાઓના મહાન્ અને સમર્થ ગ્રન્થકારોની જ્વાલાઓ આ દેશની પ્રજાને અનેકધા લાભકારક છે. પણ એ જ્વાલાઓમાં આધુનિક પ્રજાનું સર્વ પ્રકારે તાદાત્મ્ય થવું સુલભ નથી. કારણ ઈંગ્રેજો અને દેશીઓ વચ્ચે વિચાર–આચારમાં જેમ અનેકધા ભેદ છે તેમ સંસ્કૃત વિદ્યાના અને આજના આપણા કાળ વચ્ચે પણ વિચાર-આચારમાં અનેકધા ભેદ છે, અને એવા ભેદમાંથી ગળી ક્‌હાડી એ ભાષાઓના સત્વનો કેવળ અનુકૂળ રસ ચાખવો એ સર્વથી બનતું

નથી. આપણી પ્રજા, આપણો દેશ, આપણો કાળ, આપણા વિચારઆચાર, અને આપણા આધિ-ઉપાધિઃ એ સર્વનાં વર્તમાન ચિત્ર વચ્ચે ઉભાં રહીને, આપણી ભાવી પ્રજાનું એ જ વિષયોના રંગોથી ભરેલું કલ્પિત ચિત્ર આલેખવું એ આ કથાનો એક વિશિષ્ટ ઉદ્દેશ છે. કલ્પિત ચિત્ર પ્રમાણે જ ભવિષ્ય બંધાશે એવો સિદ્ધાંત મનુષ્યથી બંધાય એમ નથી. એ ચિત્ર તો માત્ર, વ્યાપારી ભવિષ્ય લાભહાનિની વ્યર્થાવ્યર્થ કલ્પના કરે તેવી જ કલ્પના છે. ચિત્રની એક છાયામાંથી બીજી છાયામાં થતી સંક્રાન્તિ ક્રમે ક્રમે પરખી કહાડવી અને તેની શુદ્ધિ–અશુદ્ધિની કલ્પના કરવી એ વિદ્વાન્ વાચકોનું કર્ત્તવ્ય છે. આ ચિત્રલેખનો ઉપક્રમ તો એ છે કે સર્વ છાયાઓના સંક્રમ નશ્વર ગણી તેમની મેળવણી કરી નાંખવી, સર્વ છાયાઓનું સહચરિત પ્રતિબિમ્બ એક આદર્શમાં પાડવું, અને સંક્રમને અંતે ત્રિવિક્રમપેઠે અવતરનાર અને વિક્રમ પામનાર ભાવી યુગની જન્મકુંડળી જેવી છાયા આલેખવી.

આ કાર્યમાં, ચિત્રને અંગે ગૌણ પણ અન્યથા પ્રધાન ઉદ્દેશ એક એવો છે કે અનેકરંગી સંપત્તિવિપત્તિઓમાં ડુબતાં અને તરતાં આર્ય–આર્યા-–ગણનાં હૃદયોને કોઈક જાતનું દેશકાળને અનુકૂળ ઉચ્ચગ્રાહી અવલંબન દર્શાવવું. એ ઉચ્ચગ્રાહ કોઈ ભૂમિકાઓમાં થાય એમ છે? કુટુંબજાળોની ગાંઠોમાં ગુંચવાયલા ગંઠાઈ ગયેલા ઘેરઘેર અનુભવાતા પણ પરસ્પરથી ગુપ્ત ગૃહસંસારોમાં, મનસ્તાપથી એકાંતમાં પીડાતાં ન્હાની મ્હોટી વ્યક્તિયોના મિત્રશૂન્ય હૃદયોમાં, આત્મસત્વના અને લોકહિતના ઉચ્ચાભિલાષી પણ સાધનહીન જનોના—સમુદ્રતરંગના જેવા—ઉછાળા-ઓમાં, અંતર્વ્યાધિથી પીડાતાં દેશીરાજ્યોમાં, વિકસતા અંતર્ગર્ભને **સંકોચાવતાં**—પણ નવીન પ્રાણનું આધાન કરાવવા **સમર્થ—ઈંગ્રેજી** સત્તારૂપ પક્ષિણીના **ભાર** નીચે સેવાતા સુવર્ણ–અંડમાં હિરણ્યગર્ભપેઠે બંધાતા (દેશી રાજાઓ, પ્રધાનો, વ્યાપારીઓ, કૃપી–આદિ કલાના પ્રવીણ વર્ગો, દેશવત્સલ વિદ્વાનો આદિ અવયવવાળા) **ગર્ભ**દેહને–સૂક્ષ્મ આત્મસ્વરૂપના બળથી થતા વિકાસકાળે–**થતા** ઉલ્લાસોમાં અને અંડભિત્તિના બળથી એ જ ગર્ભને થતા સંકોચની વેળાએ થતા અવસાદોમાં, તેમ જ એ વિકાસ અને સંકોચની પરસ્પરસંઘટ્ટક મન્થનક્રિયાઓને કાળે થતી પ્રસવવેદનામાં, આર્યાવર્ત્તની પ્રાચીન અને સાત્વિક વિદ્યાઓ તથા યુરોપની નવીન અને રાજસી વિદ્યાઓના વિસંવાદી સંગ્રહ–પ્રદર્શનમાં, અને આ દેશના અનુભવને અનુકૂળ થતાં કાળક્રમે રૂઢ થયલા–રૂઢિરૂપ

થયલા **વ્યવસ્થારક્ષક લોકાચાર** અને પરદેશી સંસ્કારોથી ઉદય પામતા અને નવા યુગના ચમકારાથી ચમકાવનાર **સ્વતંત્રતાવિકાસક પાશ્ચાત્ય આચાર:** એ ઉભય આચારના વેગના–ગંગાયમુનાના જળના જેવા–નવીન ગુણોના ઉદ્ભાવક સંગત પ્રવાહોમાં:—એ સર્વ ભૂમિકાઓમાં વર્તમાન સંક્રાન્તિકાળની તીવ્ર અને ઉગ્ર સંક્રાન્તિથી થતી કષ્ટમયી દુઃસ્થિતિ સુદૃશ્ય છે. તેવી જ રીતે એ સર્વ ભૂમિકાઓમાં, આ આવા કાળનાં કષ્ટોના ભ્રામર વચ્ચે, વર્તમાનથી વ્યાકુળ અને ભવિષ્યથી ક્ષણમાં ઉદ્વિગ્ન અને ક્ષણમાં મોહિત ચિન્તાઓની ભીંડાભીંડના ડબાણ વચ્ચે, સર્વસંગ્રહી ઉદારતાનાં અને સારસંગ્રહી બુદ્ધિનાં તેમ જ ઉચ્ચગ્રાહી ઉદાત્તતાનાં ઉદય પામતાં થોડાં પરંતુ ચિરંજીવ કિરણ પણ દૃષ્ટિગોચર થતાં જણાય છે. એ સંક્રાન્તિનું વર્તમાન ચિત્ર અને એ કિરણોનું ભાવિ ચિત્ર એ ઉભય આ કથાના ચારે ભાગનો એક પ્રધાન ઉદ્દેશ છે.

સંક્રાતિકાળના આ ખગ્રાસે મોહમાં અને શોકમાં પાડેલાં જુનાં અને નવાં, તરુણ અને વૃદ્ધ, અશિક્ષિત અને શિક્ષિત, અજ્ઞ અને પ્રજ્ઞ, દીન અને સમર્થ, ભ્રષ્ટ અને શિષ્ટ, સર્વ ચિત્તોમાં મોક્ષકાળનાં આ ઉદયમાન કિરણ પ્રવેશ પામે અને અવિચારને સ્થાને વિચાર અને અવસાદને સ્થાને ઉત્સાહ પ્રવર્તે–એ આ કથાના સર્વ ભાગોના સર્વ ઉદ્દેશોનો કેંદ્રસ્થ ઉદ્દેશ છે. ચોથા ભાગમાં આલેખવા યોજેલા **સરસ્વતીના મનોરાજ્યની** પૂર્ણાહુતિ સાથે એ ઉદ્દેશોનો ઉદ્દેશ અંશતઃ પણ સિદ્ધ થાવ એવી આ લેખકની એષણા છે. किं वहुना ? मन एव मनुष्याणां कारणं वन्धमोक्षयोः એ શાસ્ત્રવચનનો અનુભવ જ **સુખસાધક** છે અને પ્રિય વાચકવર્ગની સર્વ શક્તિઓનાં અને વાસનાઓનાં પાત્ર તેમનાં મન જ છે, તો એ **પાત્રો**માં એ **સુખ** સિદ્ધ થાવ, અને इष्टं धर्मेण योजयेत् એ આજ્ઞાને અનુસરી અને સર્વ વાચકોને ઉદ્દેશી લખેલી આ કથા છે તે કથારૂપ નિમિત્તથી, ઈષ્ટ વાચકજન **સુખ**ધર્મથી યુક્ત થાવ, અને એ ઈષ્ટિ, એ પાત્ર, અને એ ધર્મ, એ ત્રણનો શુભ યોગ પરિણામ પામતાં,

सर्वस्तरतु दुर्गाणि सर्वो भद्राणि पश्यतु ।
सर्वः कामानवाप्नोतु सर्वः सर्वत्र नन्दतु ॥

મુમ્બાપુરી, વિક્રમાર્ક ૧૯૫૪.

ગો. મા. ત્રિ.

# અનુક્રમણિકા.

## નિવાપાંજલિ.


પ્રકરણ. પૃષ્ઠ.

૧. સુન્દરગિરિના શિખર ઉપર. ... ... ... ... ૩
૨. મનહરપુરીમાં મણિરાજ અને વિદ્યાચતુરનું કુટુંબ. ... ૨૬
૩. મુંબાઈના સમાચારઃ ધૂર્તલાલની શેઠ થવાની કળાઓ.... ૫૦
૪. સુવર્ણપુરના સમાચારઃ કારભારીનો શિક્ષાપાત્ર પુત્ર. ... ૭૨
૫. વિષ્ણુદાસ બાવાની વિભૂતિ વચ્ચે. ... ... ... ૮૬
૬. સંસ્કૃત પ્રકરણઃ લક્ષ્યાલક્ષ્યરહસ્યવિવરણઃ
સ્વપ્ન, જાગૃત, અને પાછું સ્વપ્ન. ... ... ૧૦૯
૭. રત્નનગરીના રાજાઓ અને પ્રધાનો. ... ... ... ૧૨૭
૮. મલ્લરાજ અને તેનાં રત્ન. ... ... ... ... ... ૧૪૫
૯. મલ્લરાજની ચિન્તાઓ. ... ... ... ... ... ૧૭૨
૧૦. મલ્લરાજનો મણિ અને તેના રાજસંસ્કારનાં બીજ. ... ૧૯૬
૧૧. પરરાજ્યનો પ્રથમ વમળ. ... ... ... ... ૨૨૫
૧૨. નવાં પ્રકરણ અને નવા ઇતિહાસ ... ... ... ૨૪૮
૧૩. મલ્લરાજની નિવૃત્તિ અને મણિરાજનું યૌવરાજ્ય. ... ૨૯૪
૧૪. મણિરાજનો શોક અને પિતૃદર્શન. ... ... ... ૩૨૪
૧૫. સરસ્વતીચંદ્ર અને કુમુદસુંદરી પાછળ નંખાતા દૃષ્ટિપાત. ૩૩૩

# નિવાપાંજલિ.

બત્રીશ વર્ષનું સ્વપ્ન થયું ત્યાં પુરું કર્યું યમદૂતે;
હતી ન હતી કરી દીધ ફુલવાડી મૂર્ખે પવનની ફુંકે. ૧
ભગિની! હતી તું પ્રિય માતપિતાને. કંઈક અર્પી વિદ્યા મ્હેં;
સોંપી તને ગુણી માળીને, ત્યાં કેળવી ગુણવલ્લરી ત્હેં. ૨
ફુલી ફળી તું કરમાઈ અકાળે; રુવે આપ્તજન સર્વે;
તુજ ગુણદ્રુમસંપત્તિતણાં શ્રી-ગન્ધ વહે સ્મૃત ગર્વે. ૩
વસે ગર્વ મુજ ઉરમાં ત્હારો! ભાગ્યવતી થઈ ગઈ તું!
વિશ્વવાહિની મરણનદીમાં, કલ્યાણી! તરી ગઈ તું! ૪
મનુષ્યમેધ* યજ્ઞ માંડે આજે, યુગ ભયંકર એસે!
શમી પ્હેલી† તું જગ પ્રસન્ન જોતી સુભાગ્યવતીને વેશે. ૫
શૈશવથી તરતી ઉત્સાહિની પ્રસન્નતા તુજ જોઈ;
એ જ નિકષ‡ પર ગ્રન્થ-રતિ મુજ પ્રથમ ઘસી મ્હેં જોઈ. ૬
આરંભ્યો આ ગ્રન્થ, લેખ મુજ નહી હતો સુકાયો;
કનકરેખ નિકષે પ્રકટી, તે, બ્હેની, ત્યાં જ ત્હેં સ્હાયો. ૭
મુજ પુસ્તકની કીર્તિ રંક; તે તુજને ભાસતી ઝાઝી,
અનુમોદતી મોદતી પ્રિય બાળા ઘણું ઘણું મલકાતી. ૮
ત્રીજા ભાગનું દર્શન કરવા અતિશય ધરી અભિલાષ,
ભ્રાતપાસ લ્હેણું રાખી, ગઈ પ્રભુપદ કરવા વાસ. ૯
જ્ઞાનદૃષ્ટિ ઉઘડી; બાળા! નથી અનુશોચન સિંચાતું,
પણ આ ગ્રન્થ વધે ત્યમ ત્યમ તુજ સ્મરણ-સલિલ ઉભરાતું. ૧૦
નિકષશિલા મુજ! સ્મરી સ્મરી તુજપર પડેલી કંઈ કંઈ રેખા,
તત્પર કરું અક્ષરમય અંજલિ, નિવાપ તુજને દેવા. ૧૧
વસી મુજ હૃદયે, એ અંજલિનો સ્વીકાર કરજે, બ્હેની!
ભુલી શોકરસ$ લેવો, ભ્રાતા દે અંજલિ, તે લેની. ૧૨
હર્ષશોકના દર્ભરાશિમાં લગાડી છે મ્હેં લ્હાય,
એક ક્રમે¶ તેમાં પડી ભગિની—મૃત્યુશોક હોમાય. ૧૩
એ હોમે આહુતિ દેતો, નયન ન અશ્રુ ધરતો,
કઠિન હૃદયનો ભ્રાત કાષ્ઠભર ભગિની-ચિતાપર ભરતો. ૧૪

---

* મનુષ્યનો હોમ. દુષ્કાળ અગ્નિરોહિણી (મરકી) આદિ સાધનોથી.
† મનુષ્યમેધના કાળ પ્હેલાં સન ૧૮૯૪ માં.
‡ સોનું કસવાની કસોટીની શિલા.
$ एकक्रमवर्द्धितगुरुतरशोकरसः—વિક્રમોર્વશી.
¶ સહસા એક જ ફાળ ભરીને.

સરસ્વતીચંદ્ર ભાગ પ્હેલો તથા ભાગ બીજો નામદાર મુંબાઈ ઈલાકાની સરકારે ઈન્ડિયન સીવિલ સર્વીસની હાયર પરીક્ષા માટે ટેક્સ્ટ બુક તરીકે પસંદ કર્યાનું—તા૦ ૧૮ મી જુલાઇ ૧૯૧૨ ના સરકારી ગેઝીટમાં પ્રસિદ્ધ કર્યું છે.

તથા

મુંબાઈ યુનિવર્સિટીની એમ. એ. ની પરીક્ષા માટે સરસ્વતીચંદ્ર ( ભાગ ૧ થી ૪ ) ટેક્સ્ટ બુક તરીકે પસંદ કરવામાં આવી છે.

# સરસ્વતીચંદ્ર.

ભાગ ૩.

## રત્નનગરીનું રાજ્યતંત્ર.

"But the age of chivalry is gone. That of sophisters, economists, and calculators has succeeded; and the glory of the country is extinguished for ever. Never, never more shall we behold that generous loyalty to rank and sex, that proud submission, that dignified obedience, that subordination of the heart which keep alive, even in servitude itself, the spirit of an exalted freedom. The unbought grace of life, the cheap defence of nations, the nurse of manly sentiment and heroic enterprize, is gone! It is gone, that sensibility of principle, that chastity of honour, which felt a stain like a wound, which inspired courage whilst it mitigated ferocity, which ennobled whatever it touched, and under which vice itself lost half its evil, by losing all its grossness."

—*Burke.*

# સરસ્વતીચંદ્ર.

## ભાગ ૩.

# રત્નનગરીનું રાજ્યતંત્ર.

## પ્રકરણ ૧.

### સુન્દરગિરિના શિખર ઉપર.

અન્નપૂર્ણાના પ્રતાપના અનુભવાર્થીને તેના પ્રસાદનો અનુભવ થયો. અન્ધકાર અને અરણ્યમાં અશરણ શબ-અવસ્થાના અનુભવને અંતે, ભયંકર વનચરોની ગર્જનાઓ વચ્ચે મરણમૂર્છાએ આપેલી બધિરતાને અંતે, મહાસર્પે આપેલા મરણભાનને અંતે, સરસ્વતીચંદ્રને બાહ્ય ભયમાંથી તારનાર જોગીલોક લેઈ ગયા. ભૂમિશય્યા છોડાવી મોહનપુરીએ પોતાના ખભા ઉપર શય્યા આપી. ભયંકર અંધકારમાંથી બ્હાર ક્‌હાડી ભયંકર દાવાગ્નિના પ્રચંડ ભડકાઓ વચ્ચે થઈને એને લીધો. સુન્દરગિરિના ઠેઠ યદુશૃંગ નામના શિખર ઉપર જોગીયોનો મઠ હતો. પૃથ્વીથી એ મઠ સુધી ચ્હડવાનો ઉભો સાંકડો આડોઅવળો માર્ગ અનેક પથરાઓ અને ખડકો વચ્ચે થઈ ઉંચો ચ્હડતો હતો. સાધારણ મનુષ્યને એટલે ઉંચે ચ્હડતાં શ્રમ પડતો અને શ્વાસ ચ્હડતો અને તે છતાં બે કલાક એ માર્ગ કાપવામાં જતા. ગુરુજીની ગાડી તળેટી ઉપર એક મઠ આગળ તેમાં ર્‌હેનારાઓને સોંપી ગુરુજીસહિત સર્વ જોગીયો આ સુન્દરગિરિપર કલાકમાં જોરભેર ચ્હડી ગયા. એક બીજા વચ્ચે ખભાફેર કરી તેમણે સરસ્વતીચંદ્રને પણ ઉપર લીધો. મધ્યરાત્રિ વીત્યા પછી એક વાગે સર્વ મંડળ મઠ આગળ પ્હોંચ્યું. જેમ જેમ સઉ ઉપર ચ્હડ્યા તેમ તેમ ત્હાડ વધવા લાગી, અને ઉપર ચ્હડી રહ્યા તેની સાથે સરસ્વતીચંદ્રને ચૈત્રમાસ છતાં ઘણી ત્હાડ વાવા લાગી; પર્વત ઉપરની એ ત્હાડે એના

શરીરને સચેત કર્યું અને એના પ્રાણમાં નવા પ્રાણ મુક્યા. અન્નપૂર્ણાના પ્રસાદની વૃષ્ટિ થતા પ્હેલાં તેનો મેઘોદય થતો હોય તેમ સરસ્વતીચંદ્રનો શ્રમ ઉતરી ગયો, ઉચકનારને ખભેથી પોતે ઉતરી પડ્યો, વિસ્મય તેમ આનંદથી ચારે પાસ દૃષ્ટિ ફેરવવા લાગ્યો, અને આ વિચિત્ર પવિત્ર સ્વપ્નના તાત્પર્યનો મર્મ અંતર્માં શોધવા લાગ્યો.

એને જાગૃત થયલો જોઈ જોગીયો ખુશી થયા, એની ચારે પાસ વીંટાઈ વળ્યા. ગુરુજી મઠમાં પધાર્યા હતા અને મઠના દ્વારમાંથી દીવાનો મંદ પ્રકાશ બ્હાર આવી સરસ્વતીચંદ્રના મ્હોં ઉપર પડતો હતો. મોહનપુરી એને વાંસે હાથ ફેરવી આતુરતાથી પુછવા લાગ્યોઃ "કેમ ભાઈ, તમે બરાબર જાગૃત થયા? તમારે શરીરે સુખ છે?"

આ સ્વપ્ન કે જાગૃત છે તે વીશે સંશયમાં પડેલા સરસ્વતીચંદ્રે ઉત્તરમાં પ્રશ્ન પુછ્યાઃ "તમે સઉ કોણ છો? આ કીયું સ્થાન છે? "અંહી કોનું રાજ્ય છે? હું અંહી શી રીતે આવ્યો? આ સ્વપ્ન છે કે "જાગૃત છે?"

મોહનપુરી બોલ્યોઃ "ભાઈ! આ આત્માનું સ્વપ્ન છે, પણ "માયાનું જાગૃત છે; તું તો આવ્યો પણ નથી અને ગયો પણ નથી, "પરંતુ ત્હારા શરીરને અમે જંગલમાંથી આણ્યું છેઃ કૃષ્ણ પરમાત્માના "રાજ્યમાં સર્વ સમાન છે, પણ આ ચર્મચક્ષુના પ્રદેશનો ધરતીપતિ "મહારાજ મણિરાજ છે. અમે ને તમે એક જ છીયે અને એ સર્વનું "સ્થાન એક છે, પણ જે પ્રદેશપર આ સર્વ ચરણ ઉભા છે તેને "મનુષ્યો સુન્દરગિરિ ક્‌હેછે. આ સુન્દરગિરિ પર્વત ઉપર વિષ્ણુદાસ "બાવાનો મઠ છે અને આ સર્વ ગોસાંઈઓ એ મઠના આશ્રિત છીયે. "પણ તમે કોણ છો?" ગુરુજીએ વર્તેલું ભવિષ્ય ખરું છે કે ખોટું તેની પરીક્ષા કરવા મોહનપુરી આમ બોલ્યો, તેનું પ્રયોજન સર્વ ગોસાંઈઓ સમજી ગયા અને આતુરતાથી ઉત્તરને વાસ્તે ઉત્કંઠિત થયા.

જાગેલો પણ શ્રમ અને ક્ષુધાથી ઉંઘતા જેવો સરસ્વતીચંદ્ર આ પ્રશ્નોથી ચકિત થઈ ખરેખરો જાગ્યો. ચારે પાસ બાવાઓનું ટોળું જોઈ, તે વચ્ચે પોતાને ઉભેલો જોઈ, એ પણ સમયસંવાદી થઈ બોલ્યોઃ "સત્ય છે. આ અન્ધકારમાં તો ક્‌હો છો એમ જ છે, અને હું કોણ "છું તે જાણોછો તો ઉત્તર શું કરવા જોઈએ? લાંબી વાતનો સંક્ષેપ "એટલામાં છે, પણ જો તમે મઠના અધિકારી હો તો પ્હેલી વાત "એટલી કરો કે આ શરીરને કંઈ અન્ન આપો અને નિદ્રા સારુ તસુ "ધરતી આપો—તો પછી સ્વપ્ન અને જાગૃત એક જ છે."

ગોસાંઈઓ આ ઉત્તરથી તૃપ્ત થયા, ગુરુજીની પરીક્ષા સફળ થઈ સમજી આશ્ચર્ય અને આનંદમાં મગ્ન થયા, અને અંધકારમાં ગાજી ઉઠ્યાઃ "શ્રીકૃષ્ણ પરમાત્માકો જય! શ્રીરાધાકૃષ્ણકો જય!" સર્વ ગોસાંઈઓ માંહોમાંહ્ય ગુરુજીના ત્રિકાળજ્ઞાન ઉપર શ્રદ્ધા દૃઢ કરવા લાગ્યા અને ગુરુજીના અભિમત અતિથિનો સત્કાર કરવા તત્પર થઈ ગયા. વીજળી જેટલી ત્વરાથી મંદિરમાંથી તુલસીપત્ર સહિત પ્રસાદ લેઈ એક આવો આવ્યો, બીજો.આવો નિર્મળ જળ ભરેલો લોટો લાવ્યો, ત્રીજાએ એક લીંપેલી ઓટલી ઉપર લીમડાના વૃક્ષ નીચે ગોદડી પાથરી તે ઉપર નવી ધોયેલી ચાદર પાથરી અને કરચલીનું નામ પણ રાખ્યું નહીં, ચોથાએ ન્હાની સરખી તાપણી કરી ત્હાડ અને અંધકારનો ઉપાય કર્યો, અને અંતે બોલ્યા ચાલ્યા વિના અતિથિને અન્નતુષ્ટ કરી, નિદ્રાવશ કરી, સર્વ પોતપોતાને સ્થાનકે વેરાઈ ગયા. કોઈએ થોડીવાર ગાંજો ફુંક્યો, કોઈએ શ્રમ ઉતારવા વાર્તાવિનોદ કર્યો, કોઈ નિઃશબ્દ નિશ્ચેષ્ટ થઈ જાગતા આકાશના તારાસામું જોતા સુતા, કોઈએ જરીવાર ભજન કર્યું અને સર્વ પણ અંતે સાથેલાગા નિદ્રાસમાધિમાં પડ્યા. માત્ર પવન કંઈક વૃક્ષોનાં પત્રોમાં ઝીણો શબ્દ કરતો હતો; એકલા તારાઓ ઝીણી દૃષ્ટિ કરી જોતા હતા; એકલી સૃષ્ટિ વિના સર્વ જડ-ચેતન નિદ્રાવશ થઈ ગયાં–કંઈક જતાં રહેલાં લાગ્યાં. આખી સૃષ્ટિમાં કેવળ રાત્રિ પણ ઝપાટાબંધ ચાલવા લાગી, અને પાછલી રાતના ચારેક વાગ્યા ન વાગ્યા હશે એટલામાં તો વ્હેલા ઉઠનારા જોગીયો ઉઠવા લાગ્યા. વ્યાઘ્રાદિની પેઠે તેજમાં તેમ જ અંધારામાં જોઈ શકતી આંખોવાળા જોગીયોની અંધકારમાં આવજા થવા લાગી. એ ખડખડાટ ભડભડાટથી **સરસ્વતીચંદ્ર**ની નિદ્રા જતી રહી અને સુતો સુતો કાનમાં આવતા શબ્દને આવવા દેવા લાગ્યો. એનાથી બે ચારેક હાથને છેટે સુતેલા બે જોગીયો પથારીમાં પડ્યા પડ્યા વાતો કરતા હતા તેમાં **સરસ્વતીચંદ્ર** લીન થયો.

"ભૈયા, આ અતિથિ કોણ છે અને તમે ક્યાંથી આણ્યો છે?
"ગુરુજીનો એનાપર શાથી પક્ષપાત થયો છે?"

"કાલ રાત્રે જંગલમાં મૂર્છાવશ પડેલો જડ્યો તે ઉચકી આણ્યો.
"ગુરુજીએ સમાધિથી ભવિષ્ય વર્ત્યું છે કે એ મહાત્મા થશે અને આ
"મઠનો એ પુરુષ ઉત્કર્ષ કરશે. એની સાથે થયેલા પ્રશ્નોત્તર તો
"સાંભળ્યા કની?"

પોતે આ વાતનો વિષય છે અને પોતાને વીશે આ વર્તારો થયો છે જાણી **સરસ્વતીચંદ્ર**ના મુખ ઉપર અંધારામાં પણ સ્મિત ફરક્યું.

તેના મનમાં શબ્દ સ્ફુરવા લાગ્યા. "આ પણ વિચિત્ર ભૂમિ દેખાય
" છે. જ્યાં આમ વર્તારા વર્તાય છે અને તે ઉપર શ્રદ્ધા રખાય છે
" એમાં પણ કાંઈ જોવાનું હશે." જોગીયોની વાતે વિચાર બંધ પાડ્યા.

"હા, ભૈયા, એની બુદ્ધિમાં કંઈ ચમત્કાર તો છે. ગુરુજી એને
" શું કરવાનું ધારે છે?"

"એ તો હરિ જાણે. પ્રાતઃકાળે એમનો સમાધિ પૂર્ણ થાય તે
" પછી એને એમની પાસે લેઈ જવાની આજ્ઞા કરી છે. ત્યાંસુધી
" એની સેવા કરવાની આજ્ઞા છે."

"મને તો લાગે છે કે આપણા મઠનું રહસ્ય એને મોડું વ્હેલું
" આપશે."

"એ તો જેવો અધિકાર. અલખ જગાવવો એ કાંઈ ન્હાનીસુની
" વાત નથી."

"જ્યારે આવો વર્તારો વર્ત્યો છે ત્યારે આટલો અધિકાર તો
" હશે જ."

"રાધેદાસ! એ તો જે થવાનું હશે તે થશે, આપણી નિત્યકથા
" ચલાવો. સૂર્યોદય થતાં વાર નહી લાગે."

"આજ શી ચર્ચા ચલાવશું?"

"તને કાલનો કંઈ વિચાર થયાં કરે છે."

"હા."

"શો?"

"ગુરુજી સાથે કાલ ભિક્ષા લેઈ પાછા આવતા હતા એવે સંધ્યા
" થઈ, ત્યારે એક વડ નીચે પડાવ નાંખી વિશ્રામ લેતા હતા અને હું
" ગુરુજીની સેવા કરતો હતો; ત્યારે પોતે બે ચારેક મંત્ર બોલ્યા. તેનો
" અર્થ મ્હેં પુછ્યો ત્યારે બોલ્યા કે બચ્ચા આજ નહી, વિચાર કરી
" અધિકારી થા–રહસ્યશ્રવણનો તું આજ આટલો અધિકારી થયો—
" રહસ્ય-અર્થનો અધિકારી તું થશે ત્યારે તેનું શ્રવણ કરાવીશ."

"સાચી વાત છે. સર્વ અધિકારને અંગે છે."

"હા, પણ તમને અર્થ અજાણ્યો નહી હોય. ગુરુ અધિકારી
" વગર બીજાને દાન ન કરે, પણ હું તો તમારો સબ્રહ્મચારી છું."

"સાચું બોલ્યો. આપણે તો પરસ્પર–વિબોધનનો ધર્મ છે. બોલ
" જોઈએ—એ મંત્ર શા છે?"

રાધેદાસ જરીક વિચારમાં પડી, સ્મરણ આણી, ધીમે ધીમે બોલ્યો.

"ગોકુલમાં ગોકુલ ચરે, ગોપાલક ગોપાલ;
" નંદસદન નંદન થઈ મધુરિપુ ભાસત બાલ."

વિહારપુરી એકદમ પથારીમાં બેઠો થયો અને બોલી ઉઠ્યો; " અહો
" હો ! એ મંત્રનો અર્થ તો મને મળ્યો છે. મહાગંભીર અર્થ છે. એના
" રહસ્યમાં અત્યંત ચમત્કાર છે. રાધેદાસ ! ધન્ય ભાગ્ય ત્હારાં કે
" ગુરુએ મહાકૃપા કરી આ મંત્રનો તને અધિકારી ગણ્યો; આની સાથે
" બીજા મંત્ર પણ કહ્યા હશે."

" બીજા ત્રણ મંત્ર કહ્યા."

" કીયા ?"

રાધેદાસ પણ બેઠો થયો અને બોલ્યો.

" અવનિ અવનિ મધુપુરી, કૃષ્ણચંદ્ર અવતાર,
" શેષભાર ઉતારીને કરત ધરતી ઉદ્ધાર."

સરસ્વતીચંદ્ર કંઈક કૌતુકથી સાંભળવા લાગ્યો. રાધેદાસ બીજા શ્લોક બોલ્યો.

" પારસસ્પર્શથી લોહનો થાય સ્વરૂપવિનાશ;
" દૈત્યરૂપ હરી, અમરતા દે જ સુદર્શન–પાશ.
" પામરમાં પામર દીસે ગોપાલક ગોપાલ;
" કૃષ્ણ ભક્તિવશ ભાસતો બાલક અર્થે બાલ."

" બસ, વધારે શ્લોક મને હાલ આપવા ના કહી."

વિહારપુરી: " યોગ્ય કર્યું, ગુરુનો આદેશ છે કે એમના મુખથી
" જેને મંત્ર-પ્રાપ્તિ થઈ હોય તેને સબ્રહ્મચારીએ અર્થપ્રાપ્તિ કરાવવામાં
" બાધ નથી; માટે સાંભળ. આ ચમત્કારિક મંત્રોનું રહસ્ય કહું છું
" તે અધિકારી વિના બીજાને આપવું નહી. શાસ્ત્રના ઉપદેશ બે જાતના
" હોય છે. કેટલાક સર્વથી સમજાય, અને કેટલાક સંપ્રદાયનું રહસ્ય
" જાણ્યા વિના ન સમજાય. તરવારથી રક્ષણ પણ થાય અને કુપાત્રને
" હાથે ખુન પણ થાય. માટે રહસ્યનો અનર્થ અટકાવવાના હેતુથી કહ્યું
" છે કે અધિકાર વિના રહસ્ય પ્રકટ કરવું નહી. બાળક આદિ પાસે
" તરવારના મ્યાનને બાંધી રાખવું. હવે જે અર્થ બ્હારથી દેખાડવાનો
" છે તેનું નામ વાચ્યઅર્થ અને રહસ્યનું નામ લક્ષ્યઅર્થ. કૃષ્ણ-
" પરમાત્મા ગોકુળમાં ગાયો ચારતા એ તો માત્ર વાચ્ય અર્થ છે."

" ત્યારે શું વાચ્યઅર્થ ખરો નહી ?" રાધેદાસ બોલી ઉઠ્યો.

" ના, ના, ખરો એ નહી અને ખોટો એ નહી."

" એ તો તમે દુધમાં ને દહીમાં બેમાં પગ રાખો છો."

" એમ નથી. જો, કાંઈ સંકેતની વાત હોય તે સંકેત જાણનારાઓ
" દૂતમુખે પરસ્પર કહાવે તો તેમાં કાંઈ બાધ નથી, કારણ દૂત સંકેત
" જાણતો નથી પણ મનમાં એટલું તો સમજે છે કે આમાં કાંઈ મર્મ
" છે તે સ્વામીએ કારણસર જ ગુપ્ત રાખ્યો હશે."

" ઠીક."

" હવે જો, ગો એ શબ્દના ઘણા અર્થ છે. ગો એટલે ગાય,
" ગો એટલે ઇન્દ્રિય, અને ગો એટલે પૃથ્વી. માટે ગોકુળ એટલે ગો-
" કુળ ગામમાં ગોકુળ એટલે ગાયો ચરે એ વાચ્ય અર્થ; અને ગોકુળ
" એટલે પૃથ્વી ઉપરનાં કુળ એટલે મનુષ્ય આદિ જાતો છે તેમાં ગો
" એટલે ઈન્દ્રિયોના કુળ ચરે છે; આ એક પદનું રહસ્ય થયું."

રાધેદાસ વિસ્મિત થયો. " પછી ?"

" ગોપાળક એટલે એ ગાયોને શ્રીગોપાળ પાળે. રહસ્ય એ કે
" ઇન્દ્રિયોને બ્રહ્માએ ઉત્પન્ન કરી તેને પાલનાર એટલે જગતની સ્થિ-
" તિને અર્થે પાલનાર એ તો ગોપાલ એટલે પૃથ્વીના પાલનાર શ્રી-
" કૃષ્ણ જ કે નહી ? આ રહસ્ય."

" ઠીક, ભૈયા ! આ તો ચમત્કાર છે."

" તો !" વિહારપુરી આગળ વાધ્યો; " નંદજીને ઘેર પુત્રરૂપે અવ-
" તરી મધુ–કૈટભમાંના મધુ–અસુરને મારનાર બાળક દેખાય છે. દેખાય
" છે કહેવાનું કારણ એ કે વસ્તુતઃ બાળક નથી."

" ત્યારે વાચ્ય અર્થમાં પણ આવો ભેદ રહેલો છે—દેખાય છે
" એટલે છે, નહી !"

" ખરેખર. હવે નંદ કહેતાં પરમાનંદ–સચ્ચિદાનંદ, તેનું સદન
" આ બ્રહ્માંડ, તેમાં પુત્રરૂપે એટલે કાર્યરૂપે એટલે જીવરૂપે અવતરીને
" મધુરિપુ પોતે બાલ એટલે અજ્ઞાની ભાસે છે—સામાને અજ્ઞાની
" દેખાય છે—વસ્તુતઃ ગોપાલ જ્ઞાનરૂપ જ છે, આ રહસ્ય !! સમજ્યો ?"

" વાહ વાહ, વિહારપુરી ! શું ગુરૂજીએ રહસ્ય સુઝ્યું છે ? આના
" ઉપર તો બહુ બહુ મનન કરવું પડશે. વારુ ચાલો."

" મધુપુરી તે શ્રી મથુરાંજી તે અવનિરૂપ છે; ત્યાં શ્રીકૃષ્ણચંદ્ર વૈકુંઠથી
" અવતર્યા. હવે રહસ્ય સમજવા એમ લેવું કે અવનિ એટલે પૃથ્વી તે કેવી
" છે કે દુષ્ટોના ભારથી અવનિ થાય છે એટલે ડબાય છે. ને નીચી જાય છે,
" તે મધુપુરી જેવી છે કે જ્યાં દુષ્ટ દૈત્યોથી પુણ્ય ઉતરવા લાગ્યાં. પૃથ્વીમાં

" કૃષ્ણચંદ્ર કારણબ્રહ્મમાંથી આવી પ્રકટ થયા. હવે પ્રકટ થવાનું પ્રયોજન
" શું? પૃથ્વી શેષને માથે રહેલી છે. શેષ શબ્દનું રહસ્ય કલ્પાય છે ?"

વિચારમાં પડી અંતે ઉંડાણમાંથી બોલતો હોય એમ રાધેદાસ બોલ્યોઃ "ના."

વિહારપુરી ઉલ્લાસમાં આવી અર્થપ્રકાશ કરવા લાગ્યો, "ત્યારે
" જો. શરીરનાં મહાભૂતનું પંચીકરણ કરી, આત્મા સ્થૂળ નહી, સૂક્ષ્મ
" નહી, કારણ નહી, એમ કરતાં કરતાં જે બાકી રહ્યું તે શેષ ભાગ
" આત્મા એ ઉપદેશ તો ત્હેં સાંભળ્યો છેકની?"

" હા."

" હવે જેમ શેષ નાગના ઉપર પૃથ્વીનો ભાર છે તેમ આ નેતિ
" નેતિ વાક્યથી જોતાં બાકી રહેલા શેષ આત્માને ઉપાધિનો ભાર છે.
" વેદાંતવાદી એમ ક્‌હેછે કે આ ઉપાધિરૂપ ભાર ફ્‌હાડી નાંખવો અથવા
" ભસ્મ કરવો; આપણે અલખ-વાદીઓ એમ કહીયે છીયે કે આખી ધરતી
" ઉપાધિરૂપ છે પણ જ્યારે ગોપાલ શ્રીકૃષ્ણ પરમાત્મા એની સંભાળ કરી
" પાળે છે તો આપણે પણ પાળવી. જે કાર્ય શ્રીકૃષ્ણને ગમ્યું તે ન ગમા-
" ડવાનો આપણને શો અધિકાર છે ? જો એવા અધિકાર મનુષ્યરૂપ ઉપા-
" ધિને હોય તો તો ધરતીમાત્રનો નાશ થાય."

" ત્યારે શું કરવું ?"

" એમાં જ અલખવાદીનું મત જોવાનું છે તો ! જેમ માટી ઉચ્ચ
" પરિણામ પામી અન્નરૂપ થાયછે અને અન્ન પ્રાણરૂપ થાયછે તેમ સર્વ
" ધરનારી આ ધરતી પણ શ્રીકૃષ્ણને હાથે ઉદ્ધાર પામેછે એટલે ઉંચી
" ઉંચી થાયછે, ઉચ્ચ પરિણામ પામે છે. જો દુષ્ટતા આદિને ભારે
" નીચી નીચી જાય તો શેષનાગને માથે ભાર વધે, તેમ પુણ્યઆદિથી
" ઉંચી ઉંચી લેઈએ તો શેષના શિરનો ભાર હલકો થાય—"

" એટલે ?"

" એટલે એમ કે માટી અને અન્નના ઉદ્ધારનાં દૃષ્ટાંત આપ્યાં તેમ
" ત્રણ જાતનાં શરીરરૂપ ઉપાધિને પણ શ્રીકૃષ્ણ ઉદ્ધાર આપેછે એટલે એ ઉ-
" પાધિના ભાર નીચે ચગદાતો જે શેષ આત્મા તેનો ભાર પણ ઉતરે છે !!"

આંખો ઉપર હાથ મુકતો રાધેદાસ બોલ્યોઃ "ભૈયા, આ અર્થ
" કાંઈ એકદમ સમજાય એમ નથી. મ્હારો શેષ તો આ રહસ્યના
" ભાર નીચે ચગદાય છે !!"

હસતો હસતો વિહારપુરી બોલ્યોઃ " તો ઉસ શેપકા બી ભાર ગુરુ-
" પ્રસાદસેં ઉતરેગા." હસવું છોડી બોલ્યોઃ " જો ગભરાઈશ નહી.
" અધિકાર વિના રહસ્ય ન આપવું તે આટલા જ માટે. હવે જે બીજા બે
" શ્લોક ત્હેં કહ્યા તેનો અર્થ સમજીશ ત્યારે આનું રહસ્ય વધારે સ્પષ્ટ થશે."

" ના, બાપજીઃ " બે હાથ ઉંચા કરી ભડક્યો હોય તેમ રાધે-
દાસ બોલ્યો. " આજ તો મ્હારે વધારે રહસ્ય જાણવાનો અધિકાર
" નથી જોઈતો. વળી કાલ આ વખતે હું પુછું ત્યારે સમજાવજો—
" તમારી મેળે વાત ન કહાડશો, આટલું ખાધેલું પચશે ત્યારે બીજું
" માગીશ. નીકર અજીર્ણ થાય."

" બહુત અચ્છા. ચાલ-ચાલ-ત્યારે આ પ્રકાશ થાયછે તે દંતધાવન,
" સ્નાન વગેરે કરવા તરત ઉઠવું જોઇએ."

" આ અતિથિને પણ ઉઠાડશું ?"

" હાસ્તો !"

" ભાઈ અતિથિ, પ્રાતઃકાળ થવા આવ્યો છે માટે ઉઠો."—રાધેદાસે
અર્ધું વાક્ય ઉચ્ચાર્યું તે પ્હેલાં જાગતો સુતેલો સરસ્વતીચંદ્ર બેઠો થયો.

અત્યારે હજી પ્રાતઃકાળના પાંચ પણ વાગ્યા ન હતા, પરંતુ ચૈત્રમાસનો ઉતાવળો ઉગનારો દિવસ અને પર્વતનું શિખર, એટલે સ્થલ સમયના પ્રસંગથી આછો આછો પ્રકાશનો પટ અંધકારને અંગે જોતા જોતામાં ચ્હડતો હતો. રુપેરી તેજનો ચણીયો પૂર્વદિશા પગની પ્હાની આગળથી પ્હેરવા માંડતી હોય અને ધીમે ધીમે ચણીયો ઉંચો ચ્હડાવતી હોય તેમ પ્રાતઃકાળનું પૂર્વગામી તેજ પૂર્વ ક્ષિતિજમાં જ ચ્હડવા લાગ્યું. રાત્રિયે તારાટપકીવાળું એક વસ્ત્ર પ્હેરી સુઈ રહેલી આકાશનારીએ પણ એ વસ્ત્ર બદલવા માંડ્યું. રાત્રિના શૃંગારરસના રસિક ચમકી રહેલા તારાઓ ધીરે ધીરે એક પછી એક કંઈક સંતાઈ જવા લાગ્યા. વ્હાડના ચમકારા પણ સ્થલસમય ચુક્યા નહી. ચારે પાસ અંધકારનો પડદો ત્રુટી જઈ કંઈક પડી ગયો હોય અને પાછળનો ગુપ્ત પ્રદેશ ઉઘાડો થઈ ગયો હોય તેમ દશે દિશાઓ અવનવી સામગ્રીથી ભરાઈ જવા લાગી. જ્યાં જુવે ત્યાં એકદમ અગણિત અનેકરંગી અનેક ભાતનાં ચિત્રોનો ભરાવો કરી દીધા જેવી પૃથ્વી થઈ ગઈ. કાલ જંગલમાં હતો તે આજ કાંઈક જાદુથી-ચમત્કારથી-પર્વત ઉપર આવી પડેલો હોય એવો સરસ્વતીચંદ્ર ચાર પાસ વિસ્મય અને હર્ષથી જોવા લાગ્યો, પરમ-દિવસે જ રાણા ભૂપસિંહના દરબારમાં મગજને ગુંચવારામાં નાંખી ગભરાવે એવો ઠાઠ જોયો હતો તેથી વધારે ગુંચવે અને ગભરાવે એવો ઠાઠ

અત્યારે સુન્દરગિરિના આ અતિથિના નેત્ર આગળ–મન આગળ–ખડો થયો. સમુદ્રનાં અનેક ઉંચાં નીચાં મોજાં અચીન્ત્યાં ખસતાં બંધ થઈ, જડ થઈ, બંધાઈ ગયાં હોય એવાં અને એથી તો અનેક ગણાં મ્હોટાં પણ મોજાં જેવાં જ કાળાં અને આકાર વગરનાં પર્વતનાં શિખરો ચારે પાસ ડોકીયાં કરતાં લાગ્યાં. આ વળી નવો વિચિત્ર પુરુષ કોણ આવ્યો છે તે જોવાને આતુર આ સઉ ઉંચા શિખર, મ્હોટા ખડકો, અને ખડકોની હારો ને હારો, પોતાને જોઈ ર્‌હેતાં હોય અને તેથી ગભરાતો હોય તેમ સરસ્વતીચંદ્ર સઉના સામું જોવા લાગ્યો, અને એ જોવામાં પાસે કોણ છે અને શું છે તેનું તો ભાન જ ભુલી ગયો અને પાસે ઉભેલા કાળા પ્રચંડ બાવાઓ પણ આ પર્વતના ખડકો જ હોય તેમ સર્વ ઉપર સમાન દૃષ્ટિ રાખી આંખો ચોપાસ ફેરવવા લાગ્યો. એવામાં પાસેના મઠમાંથી ગાન સંભળાયું અને કાને આંખોને બીજી પાસ દોરી.

એ બેઠો હતો ત્યાંથી પંદરેક હાથ છેટે મઠ હતો ત્યાંથી સ્વર આવવા લાગ્યો.

“ આ...આ...આ......”

“ જો રાધેદાસ, ગુરુજીએ પ્રાતઃપૂજા એકાંતમાં આરંભી—સાંભળ્યો “ એમનો સ્વર ?” વિહારપુરી બોલ્યો, અને સર્વ સાંભળવા લાગ્યા. વિષ્ણુદાસ બાવા ગાયનમાં પણ પ્રવીણ હતા અને પોતાના મઠમાં યદુનંદનની પ્રતિમા હતી તેની પાસે ઉત્કૃષ્ટ નિર્ભર નિરંકુશ ચિત્તનું પ્રભાત પદ ગાતા હતા તે આઘે સુધી સંભળાતું હતું અને સર્વ શિષ્યો જ્યાં જે કામ કરતા ઉભા હતા ત્યાં તે કામ પડતું મુકી ઉભા રહી સ્તબ્ધ ચિત્તથી ગુરુજીનું ગાન કાનમાં ને હૃદયમાં ઉતારવા લાગ્યા. વિષ્ણુદાસજી ગાતા હતા અને ગાન તંબુરામાં ઉતારતા હતા.

“ આઆ...આ...આ......”

[1]“ યદુનં–દનને...ભવખં–ડનને...
“ નમું પ્રા–તસમે...જગમં–ડનને !
“ યદુનં–દનને...યદુનં–દનને...
“ નમું પ્રા–તસમે...યદુનં–દનને !...નમું૦
“ એ......એ......”

સ્વર ઉતારી દીધો. વળી ચ્હડાવી, મૂર્છના વધારી.

“ હરિ હા......હરિ હા–પ્રા......ત થયો......–
“ હરિ હા......”

---

૧. રાગ ખીભાસ.

કંઠ અને આંગળીયો માર્ગે પડ્યા. કંઠ અને તુંબુરના સ્વર પરસ્પર લીન થયા.

[1]"પ્રાત...થ.યો !......યદુનં......દન જા......ગો.........
"અ–લ–ખ–હવે......લખ...થા...વો !...રી......પ્રાત૦
"ર–જ–નિ–ગઈ......દિન આ......વી ઉભી...છે...
"વા......ટ જુઓ......પ્રભુ ! જાગો......રી !...પ્રાત૦
"હળવે...હળવે......તા–રા...થા—તા...
"અ–સ્ત ! ઉગે...છે......ભા...નુ...રી......
પ્રાત૦
"હરિ...હા...હરિ...હા......
"પ્ર–ક–ટ–ની ભ...ક્તિ......પ્રકટે !......જ્યા...રે...
"પ્રકટે...સુ......ન્દરના[2]–સા...નુ[3]...રી !...
"સા...નુ ઉઉ...રી !......
"સા–આ સા...નુ...રી !......પ્રાત૦
"યા...દવવંશ...તણા...રવિ...કે...રાં...
"દ–ર્શ–ન–આ......રવિ કરતો......રી !...પ્રાત૦
"હૃ–દ–ય–કમળ કે......કમળ જ...વિકસે ?......
"વિષ્ણુદા.........સ નહી કળતો......રી !......પ્રાત૦"

ગાન એકદમ બંધ થયું. તુંબુર રણકારો કરતો કરતો બંધ થયો. વિહારપુરી રાધેદાસને ખભે હાથ મુકી અચીન્ત્યો બોલ્યો, "ગુરુજીને "સમાધિ ચ્હડ્યો !"

રાધેદાસઃ "શું ગુરુજીની શક્તિ ! જ્ઞાન જુવો તો એમનું ! વૈરાગ્ય "એમનો ! ઉપદેશ એમનો ! બુદ્ધિ, ગાયન, વાદિત્ર, ભક્તિ, યોગ, સમાધિ- "જે સદ્રસ્તુ કહો તેનો સમુદાય ગુરુજીમાં—અને તે પણ અપૂર્વ."

"વાહ વાહ ! રાધેદાસ ! ધન્ય ભાગ્ય આપણાં કે ગુરુની સેવા "કરતાં જ અલખ જગાવીયે છીયે." વિહારપુરી બોલ્યોઃ વળી સરસ્વતીચંદ્રના મ્હોં સામું જોઈ તેને કહેવા લાગ્યો.

"ભાગ્યશાળી જુવાન ! તમે સુન્દરગિરિના વિષ્ણુદાસ બાવાના "મઠના અતિથિ છો–તેમના અત્યંત પ્રસાદનું પાત્ર છો. અમે તેમના ચેલા

---

૧. રાગ ભૈરવ. ૨. સુન્દર=સુન્દરગિરિ. ૩. સાનુ=શિખર.

"છીયે અને તમારો સત્કાર કરવા ઉપર અમારો અધિકાર થયો છે. માટે
"કોઈ રીતની શંકા ન રાખશો. તમે મહાપવિત્ર સ્થાનમાં અત્યારે ઉભા
"છો. તમે કોઈ દુઃખી પુરુષ જણાવ છો પણ અલખના પ્રતાપથી—શ્રી
"યદુનંદનની કૃપાથી—શ્રી વિષ્ણુદાસના આશીર્વાદથી તમારા ત્રિવિધ
"તાપ અંહી ભાગશે. માટે સર્વ શંકા છોડી અમારી સાથે ચાલો અને
"અમારો યત્કિંચિત્સત્કાર સ્વીકારો. તે પછી પરસ્પર પૃચ્છા અને
"પરિચય નીરાંતે કરીશું."

રાધેદાસે એક નિર્મળ પાત્રમાં નિર્મળ પાણી અને દાતણ આણી એક પત્થર ઉપર મુક્યું. ત્યાં આગળ સરસ્વતીચંદ્ર અને વિહારપુરી જઈ બેઠા. પત્થર ઉપરથી પર્વતની પશ્ચિમનો સર્વ દેખાવ દૃષ્ટિ આગળ આઘે સુધી પથરાતો હતો અને તેની પેલી પાસ સમુદ્ર ઉછાળા મારી રહ્યો હતો. સમુદ્ર દેખાતાં જ સરસ્વતીચંદ્રને મુંબાઈ સાંભર્યું, પિતા સાંભર્યા, અને દાતણ કરતાં કરતાં, પિતાની શી અવસ્થા હશે તે વિચારતાં વિચારતાં, આંખમાં પાણી ભરાઈ આવ્યું તે પાણીની છાલકો મારતાં પણ બંધ થયું નહી. વિહારપુરી તે જોઈ બોલ્યોઃ "અતિથિ મહારાજ ! તમે સર્વ ખેદ ફ્હાડી
"નાંખો. સુન્દરગિરિ ઉપર શ્રીકૃષ્ણ પરમાત્માનું પરમાનંદ પ્રગટ કરન-
"હાર સ્મિત વ્યાપી રહ્યું છે, માટે તમારો તાપ ગયો સમજવો. જુવો !

"तापत्रयौषधिवरस्य हि तत्स्मितस्य
"निःश्वासमन्दमरुता निबुसीकृतस्य ।
"एते कडंकरचया इव विप्रकीर्णाः
"जैवातृकस्य किरणा जगति भ्रमन्ति ॥"[2]

મુંબાઈમાં દાક્ષિણાત્ય મિત્રો દાક્ષિણાત્ય સુસ્વરથી સંસ્કૃત શ્લોક ગાતા તે સાંભળવાના રસિક પુરૂષને મુંબાઈ છોડ્યા પછી ઘણે દિવસે આ સુપરિચિત શ્લોક સાંભળવાનો પ્રસંગ આવ્યો. આથી એના ઘણાક સંસ્કાર જાગ્યા અને

---

૧. તેનું સ્મિત કેવું છે ? ત્રિવિધ તાપના રામબાણ ઔષધિરૂપ છે. આ જૈવાતૃક (ચંદ્ર) એ જ તે સ્મિત છે. જે મુખમાંથી એ સ્મિત નીકળે છે તે જ મુખમાંથી શ્વાસ પણ નીકળે છે, અને આ મન્દ પવન એ જ તે શ્વાસ છે. એ સ્મિતરૂપ ઔષધિ ભુસાંભુસાં જેવી થાય છે અને તેનો છાલાં-છોતરાં જેવો ભુકો એ પવનથી ચોપાસ ફેલાઇ વેરાઇ જતો હોય તેમ એ ચંદ્રના કિરણ જગતમાં ભ્રમણ કરે છે. અર્થાત્ આ ચોપાસ હરિનું સ્મિત કિરણરૂપે જગતના ત્રિવિધ તાપનો નાશ કરતું વ્યાપી રહ્યું છે.

૨. પ્રાચીન શ્લોક.

પિતાના વિચારમાંથી બીજી આનંદમય દશામાં સંક્રાંત થયો. પાછલી રાત્રે સાંભળેલા સ્વભાષાના કાવ્યતરંગ અને અત્યારે સાંભળેલા આ શ્લોકથી એનું હૃદય સુપ્રસન્ન થયું. આવે સ્થળે પણ આ કાવ્ય અને પર્યેષણાના રમ્ય મિશ્રણનો વિનોદ મળશે–આ આશા તેના મનને મનોજ્ઞ થઈ પડી અને ઉલ્લાસમાં આવી આ વસ્ત્રહીન જેવા, જડભરત જેવા, પ્રતિમા જેવા કાળા, અને પાંચ હાથ ઉંચા બાવાને રૂપે કોઈ રમ્ય વિનોદસ્થાન પ્રત્યક્ષ ઉભું હોય તેમ તેની સાથે પ્રીતિથી બોલવા લાગ્યો.

" યોગિરાજ ! શ્લોક તો ઉત્તમ કહ્યો પણ આ દિવસને સમયે સૂર્યને
" ઠેકાણે જૈવાતૃકના[1] કિરણ શી રીતે ભમે છે તે સમજાયું નહી. આપના
" પવિત્ર આશ્રમમાં જે સત્કાર પામું છું તે જ મ્હારા મનના ખેદને
" દૂર કરે છે. આપના ગુરુજીનો મ્હારા ઉપર પક્ષપાત છે તો મ્હારા
" શેષના ઉપાધિભાર પણ ઉતરશે."

" ક્યા બોલા ! જુવાન !"—વિહારપુરી અને રાધેદાસ આંખો વિકસાવી એકબીજાના સામું જોઈ રહ્યા. પોતાના સંપ્રદાયના રહસ્યમાં આ પુરુષની ગતિ થઈ, ગુરુનો પક્ષપાત એણે જાણ્યો, અને સંસ્કૃત શ્લોકનો અર્થ વગર સમજાવ્યે એ સમજી ગયો, અને 'શેષભાર'નું રહસ્ય એને પ્રાપ્ત થયું; આ સર્વ વાત બાવાઓને ચમત્કાર જેવી લાગી અને ગુરૂજીનું વચન સફળ જ થશે એ શ્રદ્ધા એમના ચિત્તમાં સજડ થઈ ગઈ. આખરે વિહારપુરી સરસ્વતીચંદ્રને બે હાથે ઉમળકો આણી બાઝી પડ્યો અને છુટો પડી, પોતાના શરીર ઉપરની વિભૂતિ એને શરીરે વળગેલી જોઈ, ઓર આનંદમાં આવી ગયો. અંતે હર્ષથી ઉભરાઈ જઈ બોલ્યો.

" જુવાન, તમારું નામ કહો ! પછી હું ઉત્તર દેઈશ."

" મ્હારું નામ **નવીનચંદ્ર** !"

" **નવીનચંદ્ર** ! વાહ વાહ ! ક્યા અચ્છા નામ હૈ ! **નવીનચંદ્રજી**
" અમારા નવીન જૈવાતૃક ! શ્રીકૃષ્ણના સ્મિતરૂપ અમારા જુના જૈવા-
" તૃક શ્રી વિષ્ણુદાસજી શ્રી પરમાત્માના સ્મિતરૂપ છે; અને શ્રી વિષ્ણુ-
" દાસજીના કિરણ આ સુન્દરગિરિ ઉપર ચારેપાસ આ માયારાત્રિમાં
" ભ્રમણ કરેછે; અને એ કિરણનો જેના ઉપર અભિષેક થાયછે તે
" આનંદરૂપ સ્મિતપ્રકાશરૂપ હો જાયછે—એ આનંદનો ઉદય તમારા
" ત્રિવિધ તાપ ન્હસાડશે. ક્યા નવીનચંદ્રજી ! સબ સમજ ગયા ?"

---

૧. જૈવાતૃક=ચંદ્ર.

"વિહારપુરીજી ! આપનાં વચનામૃતથી જ શેષનો ભાર ઉતરે એમ
" છે તો પછી આપના ગુરુજીનો ચંદ્રના જેવો શાંત પ્રકાશ આત્માને શાંત
" કરે તો તેમાં શી નવાઈ છે ?" સરસ્વતીચંદ્રને વિનોદ કરવાનું મન થયું
અને પોતાને જીવિતદાન આપનાર જેવાઓને ઉપકારવશ થઈ તેમને એ
મધુર વચન ક્‌હેવાં એ પોતાનો ધર્મ સમજ્યો. પ્રીતિનો બદલો પ્રીતિ.

વિહારપુરી પુરેપુરો પ્રસન્ન થયો અને રાધેદાસને ક્‌હેવા લાગ્યો:
" જો ! પળેપળ જાય છે તેમ તેમ ગુરુજીના વચનના પડેપડ ઉઘડે છે. આ
" વધામણી અક્ષરેઅક્ષર ગુરુજીની પાસે ખાઇશિ અને તે પછી આવા બુદ્ધિ-
" શાળી અધિકારી અતિથિનો સત્કાર સારી રીતે થાય એવી તત્પરતા
" રાખીશ. ગુરુજીને પરવારતાં હજી બે ચાર ઘડીની વાર છે ત્યાં સુધી—
" રાધેદાસ !—નવીનચંદ્રજીને સુન્દરગિરિના તટ પાસે લેઈ જા, તળેટીનાં
" અને શિખર ઉપરનાં સર્વ સુંદર ધામ અને વસ્તુઓનું તેમને દિગ્દર્શન
" કરાવી દે, તેમને આપણા મઠની અને ગુરુજીની સર્વ વાર્તા વિદિત કરી
" દે, સર્વ સાધુમંડળમાં એમને પ્રસિદ્ધ અને પરિચિત કર, અને
" એમનું ચિત્ત જે રીતે પ્રસન્ન થાય એમ કર. મ્હારે પાછાં આવવાનો
" સમય થાય ત્યાંસુધી આટલું કર્તવ્ય તને સોંપું છું."

લાંબા પગલાં ભરતો વિહારપુરી ચાલ્યો ગયો અને રાધેદાસ અને સરસ્વતીચંદ્ર બે જણ એકલા રહ્યા. રાધેદાસ અતિથિને પર્વત ઉપર જુદે જુદે ઠેકાણે લેઈ ગયો. પર્વતને અનેક શિખર હતાં. જે શિખર ઉપર વિષ્ણુદાસનો મઠ હતો તેનું નામ ચદ્રશ્રૃંગ હતું. એની પાછળ વધારે ઉંચું શિખર તીર્થશ્રૃંગ નામનું હતું. તેના ઉપર જૈન વર્ગની ભવ્ય ગુફાઓ અને ભાતભાતનાં દેવાલય હતાં. તેનાથી પણ ઉંચે મત્સ્યેન્દ્રશ્રૃંગ હતું. ત્યાં મત્સ્યેન્દ્ર અને ગોરખની મ્હડીઓ હતી અને આજ ત્યાં માત્ર બે ચારેક યોગીયો ર્‌હેતા હતા તે યોગશાસ્ત્ર પ્રમાણે યોગ સાધતા હતા. આ શ્રૃંગ ઉપર જવાનો માર્ગ ઘણો ઉંચો, સાંકડો, ગલીકુંચીવાળો અને આડો અવળો હતો. એ માર્ગ ઉપર જતાં માંકડાં, રીંછ, સર્પ અને વાઘનો ઉપદ્રવ નડતો. માર્ગ બાંધેલો ન હતો એટલું જ નહી પણ કેટલેક ઠેકાણે તો સાંકડા અણી-વાળા પત્થર ઉપરથી પત્થર ઉપર કુદી જવાનું હતું. કેટલેક ઠેકાણે માર્ગ ઉપર ઘાસમાં અને કાંટામાં ચાલવાનું હતું. કેટલેક ઠેકાણે પર્વતની કીલ્લા જેવી બા-જુઓ ઉપર ન્હાના વેલાઓ પેઠે માર્ગ વીંટળાતો હતો અને તે ઉપર ચાલનાર પગલું ચુકે તો બીજી પાસ ઉંડાં કોતરો અને નીચી ખોમાં પડી જઈ હાડકું પણ ન જડે એમ હતું. કોઈ કોઈ વખત તો આવા અકસ્માત્ બનેલા પણ ક્‌હેવાતા. કેટલીક વખત તો ત્યાં જનારાને આંખે તિમિર ચ્હડતું અને તે પાછા આવતા.

ક્વચિત્ તો વચ્ચેથી પાછાં આવવું હોય તો પાછાં વળતાં પણ કઠણ પડે એવી સંકડાશ હતી. એમ છતાં યોગીરાજના દર્શન કરવા અનેક જાત્રાળુઓ જવા ડરતા નહી. સ્થલે સ્થલે ફરી આ સર્વ વર્ણન રાધેદાસે કરી બતાવ્યું.

આ શીવાય બીજાં પણ અનેક શિખર હતાં. એક શિખર ઉપર બે ચાર વેદાંતજ્ઞાનમાં પારંગત થયેલા શાંત દાંત સંન્યાસીયો ઝુંપડીઓમાં ર્‌હેતા હતા. એક શિખર ઉપર કેટલાક મઠ અને ઝુંપડાં યાત્રાળુઓયે બાંધેલાં હતાં. ત્યાં એક સ્થાને ન ઠરનાર અનેક સંન્યાસીયોનાં ટોળેટોળાં આવતાં જતાં વિશ્રામ કરતાં. એક શિખર ઉપર બેચારેક શિવાલય હતાં અને તેમાનાં બે શિવાલયની પૂજા પુજારી બ્રાહ્મણો કરતા અને બેની સાધુઓ કરતા. એક આઘેના શિખર ઉપર ચંડિકાનું દેવાલય હતું તે બેચારેક વડાદરા બ્રાહ્મણોને સ્વાધીન હતું. યાત્રાળુઓ પગે ચાલી સર્વ દેવદેવીઓને નમસ્કાર કરતા, સર્વ ઠેકાણે યથાશક્તિ પુણ્યદાન કરતા પણ પોતાના કુલદેવતા કે ઇષ્ટદેવતાને અધિક દાન કરતા. સંન્યાસી, જોગી, બ્રાહ્મણ, અને જતિઃ સર્વ જ્યાં ર્‌હે ત્યાં તેનો નિર્વાહ થતો. જે સઉથી આઘે, સઉથી એકાંતમાં, સઉથી ગુપ્ત ર્‌હે તેનું મહત્વ વધારે લેખાતું અને ત્યાં જનાર થોડા હોય એ સ્વાભાવિક હતું પણ જે થોડા જતા તે વધારે પુણ્ય કરતા. આ સર્વ પંથના સ્થાનિક પંથીઓ પર્વત ઉપરથી નીચે ઉતરતા પ્હેલાં અને ઉતર્યા પછી એકઠા થતા ત્યારે પોતાના દેવની સ્તુતિ અને પારકા દેવની નિંદા ચાલતી, એકબીજાનો તિરસ્કાર થતો, વિરોધ અને વિતંડાવાદ મચી ર્‌હેતો અને પ્રસંગે મારામારી થવાનો પ્રસંગ આવતો પણ લાંબો પ્હોચતો નહી. હોંકારા હોંકાર કરવામાં સર્વ શક્તિ વપરાઈ જાય એટલે વધારે વિરોધની શક્તિવૃત્તિ સ્વતઃ શાંત થઈ જતી. આ સર્વ વાતોની કથા કરતાં અંતે રાધેદાસ બોલ્યોઃ
" નવીનચંદ્રજી, જેમ સાગરમાં સર્વ પ્રાણીયો ર્‌હે છે તેમ જ સુન્દરગિરિ
" ઉપર પણ છે; ફેર એટલો કે સાગરનાં પ્રાણીયો પરસ્પરનો શીકાર કરેછે
" ત્યારે આ ગિરિ ઉપર મહારાજ મણિરાજની આણ એવી વર્તે છે કે
" ફોજદારના સીપાઈ ને અંહી ફરકવું સરખું પણ પડતું નથી. સર્વના મનમાં
" એમ જ ર્‌હે છે કે મહારાજ મણિરાજને કાન આપણે હુડ્યુદ્ધ* કર્યાની
" વાત જશે તો એમની પાસે આપણા ધર્મની પ્રતિષ્ઠા ઘટશે અને મહા-
" રાજને ખેદ થશે તે જુદો. અમારા મહારાજ જેવો સર્વધર્મપ્રતિપાળ
" ધર્માત્મા કોઈ થયો નથી અને થનાર નથી. એનું મન દુભાય તે આ
" ગિરિ ઉપર બાળક તો શું પણ કોઈ દુષ્ટ પણ ઇચ્છતો નથી. મહારાજ

---

૧. ઘેટાંના લ્હડાઇ.

"બાળક છે પણ શી એમની બુદ્ધિ, શો એમનો અનુભવ, અને શી
"એમની રાજનીતિ!"

"મહારાજને અંહી કોઈ પ્રસંગે આવવું થાય છે?"

"તો! આ સ્થાન એવું રમણીય છે કે મહારાજ વર્ષે બે વર્ષે
"ચૈત્ર વૈશાખમાં અત્રે આવ્યા વિના ર્‌હેતા નથી. આ એકેએક શ્રૃંગ
"ઉપરના પંથવાળા ઉપર એમની દૃષ્ટિ છે. અમારા તેમ સર્વ પંથના
"ગુરુ પુરુષો વર્ષમાં એક સમય પણ મહારાજને રત્નનગરી જઈ મળ્યા
"શીવાય રહેવાના નહી. જ્યારે અમારા ગુરુજી ત્યાં જાય છે ત્યારે
"મહારાજ જાતે દર્શનનો લાભ આપે છે અને ગુરુજીની પાસે કાંઈકિ પણ
"નવું રહસ્ય યાચી લે છે. ગુરુજીનો આશીર્વાદ મહારાજને પ્રિય છે. જે ધર્મ
"શાંતિ અને નીતિના પંથ શીખવે અને પળાવે તે ધર્મ ઉપર મહારાજનો
"પક્ષપાત. જેમ શ્રીકૃષ્ણ સર્વ ગોપીયોના હૃદયમાં બીરાજે તેમ સર્વ
"પંથના આચાર્યોના હૃદયમાં મણિરાજની આણ ખરી."

"તમારા પંથને મહારાજ માને છે?"

"એ તો એમના કુલધર્મને અનુસરે છે એમાં અમે દોષ કેમ
"ક્‌હાડીયે? स्वधर्मे निधनं श्रेयः[1] એવું ભગવદ્વાક્ય છે. જેનો જે ધર્મ.
"રાજનો એક ધર્મ એ કે સર્વ ધર્મનું પ્રતિપાલન કરવું."

રાધેદાસની વાતોમાં સરસ્વતીચંદ્રને મન ગંભીર અર્થ હતો. રાજનીતિનાં અનેક અંગ હોય છે. તેમાં એક કાર્ય–અંગ અને એક યશ–અંગ. કાર્યને અંગે લોકની પ્રીતિ–અપ્રીતિ વેઠવી પડે છે અને રાજા તો સર્વનું પ્રીતિભાજન હોવું જોઇએ. માટે કાર્ય–અંગ કારભારીને આપવું અને યશ–અંગ રાજાએ રાખવું. પ્રધાનવિવર્તના કરતાં રાજવિવર્તમાં અનેકધા હાનિ અને કષ્ટ છે, અને કાર્ય–અંગના વ્‌હેનારને લોકની અપ્રીતિના પ્રસંગ આવશ્યક સ્વીકારવા પડે છે અને એ સ્વીકારથી પદવીવિવર્તના પ્રસંગ સારુ તૈયાર રહેવું પડે છે. માટે સુભક્ત પ્રધાને કાર્ય–અંગ પોતાના જ શિર ઉપર રાખવું અને યશ–અંગ રાજાને જ આપવું. જેમ યોદ્ધાઓએ યુદ્ધમાં મરણ સ્વીકારવા તૈયાર ર્‌હેવાનું છે તેમ પ્રધાને કાર્ય–અંગના પરિણામ સારુ તૈયાર ર્‌હેવાનું છે. પોતાનું માથું આપી રાજાના યશ–અંગનું રંક્ષણ કરવું એ પ્રધાનનો 'પ્રધાનધર્મ' છે. પ્રધાને કાર્ય સાધવું અને રાજાને યશ પ્રાપ્ત કરાવવો. આ યશ એટલે રાજાની સ્તુતિ પ્રવર્તે એટલું જ નહી, પણ રાજા ઉપર સર્વની પ્રીતિ થાય એ આ યશ–અંગનું સાધ્ય છે. જેમ કેટલાંક સામાન્ય વ્યાપારકાર્યમાં અને ગૃહકાર્યમાં

---

૧. સ્વધર્મમાં મૃત્યુ થાય તે પણ કલ્યાણરૂપ છે.

સ્વામી ઉદાર દેખાય અને સેવક કૃપણતાનો આરોપ વેઠી સ્વામીનું દ્રવ્ય બચાવે, તેમ જ રાજકાર્યમાં પણ યશ–અંગ રાજાનું છે. આનો અર્થ એમ નહી કે પ્રધાને યશ ન શોધવો અને રાજાએ કાર્ય ન કરવું. કાર્ય એ રાજાનો આત્મા છે અને યશ એ રાજાનું અંગ છે અને અંગથી આત્મા ઢંકાયલો રહે છે. પ્રધાનને યશ પણ સાધ્ય છે પણ એનો યશ રાજાનું કાર્ય સાધવામાં છે, રાજાના હૃદયમાં છે, અને રાજાની ફલસિદ્ધિમાં છે, અને રાજના યશ-અંગમાં રાજાને નામે ઢંકાયલો છે. રાજ્યકાર્યને અંગે જે અપયશ પ્રધાને વ્હોરવો પડે છે તેનું અનિષ્ટ પરિણામ તેની જાતને વેઠવું પડે તેમાંથી તેનું રક્ષણ કરવું એ રાજાનું કામ છે, એમાં રાજાને પોતાની જાતના સ્વાર્થનો ત્યાગ કર્તવ્ય છે, અને જો રાજા આ અવસ્થા સ્વીકારે તો જ તેના કાર્ય-આત્માનું કુશળ છે. આવાં આવાં અનેક કારણોથી રાજા પ્રધાન વચ્ચે કર્મવિભાગ કરવામાં રાજાને યશ–અંગનાં કર્મ સોંપવાં અને પ્રધાનને કાર્ય–અંગનાં કર્મ સોંપવાં અને અંતમાં ઉભયનો આત્મા એક રાખવો એ રાજ-નીતિનો પ્રથમ અને આવશ્યક પાયો છે, એ પાયા વગર બાંધેલું સર્વ બાંધ-કામ પોલું અને રાજા અને પ્રજા ઉભયને અકુશળ છે: આવો વિદ્યાચતુરનો સિદ્ધાંત હતો તે વાર્તાવિનોદપ્રસંગે તેણે સરસ્વતીચંદ્રને કહ્યો હતો. આ પ્રસંગ આજ એને સાંભરી આવ્યો અને મણિરાજના પ્રધાનનો સિદ્ધાંત વ્યવહારમાં કેમ સિદ્ધ થાયછે તેનું પ્રત્યક્ષ દૃષ્ટાંત રાધેદાસની વાર્તામાંથી નીકળ્યું. આ દૃષ્ટાંત ઉપરથી વિચાર થતાં એને સાંભર્યું કે

सदानुकूलेषु हि कुर्वते रतिम् ।
नृपेष्वमात्येषु च सर्वसंपदः ॥

અને આ શ્લોકમાં કેવલ વાક્પટુતા જ નથી પણ કંઈક અનુભવનું અર્થ-ગૌરવ છે તે સમજાયું. “ આવા દુરવાસી બાવાઓની પણ મણિરાજ ઉપર “ આટલી પ્રીતિ, અને પ્રીતિને અંગે તેમને આટલું ભય કે પોલીસ “ સરખીનું પણ કામ પડતું નથી—વિદ્યાચતુર ! મણિરાજના યશશરીરનો “ સાધક તમારો અને મણિરાજનો સંબંધ કેવો પ્રીતિકર છે !—નક્કી “ તમારામાં આવા કાર્યની સાધક કલા ગુણસુંદરીએ જ સમર્પી છે—ગુણ-“ સુંદરી !—કુમુદસુંદરી —”કુમુદ સાંભરી ત્યાં અંતમાં ઉંડો ઘા પડ્યો અને હૃદય આગળ મર્મવેધક સૃષ્ટિ આવી અને ચમકારા કરવા લાગી. પણ રાધેદાસે કષ્ટવિચારમાં સુવિક્ષેપ પાડ્યો. પત્થરો, વેલાઓ, છોડવા, અને

૧. ભારવિ. અર્થઃ—પરસ્પરને સદા અનુકૂલ હોય એવા રાજાઓ અને અમાત્યો ઉપર સર્વ સંપત્તિઓ પ્રીતિ રાખે છે.

માટીવાળા માર્ગમાં થઈને સરસ્વતીચંદ્રને પર્વતની કોર આગળ લેઈ ગયો. કોર આગળ ખુણો પણ હતો. ત્યાં એક મહાન્ શિલા ચોરસ અને ઉપરથી લીસી હતી તે ઉપર બે જણ બેઠા. સરસ્વતીચંદ્ર એના ઉપર પણ ઉભો થયો અને ચારે પાસ દૃષ્ટિ ફેરવી વળ્યો. દક્ષિણમાં તાડનાં વન હતાં. ઉંચા ઉંચા તાડ ન્હાના છોડવા હોય તેમ દૃષ્ટિ એક ફેરો ખાઈ બધા તાડ ઉપર ફરી વળી. પૂર્વમાં મનહરપુરીની સીમા, અને આંબાનાં વન હતાં. સૂર્ય સામો આવતો હતો અને નેત્રને ઝાંઝવાં વાળતો હતો. નેત્ર એણી પાસથી ફર્યું અને ઉત્તરમાં વળ્યું. સુન્દરગિરિનાં સર્વ શૃંગો–શિખરો–જાનનાં માણસો પેઠે એક બીજાના ખભા ઉપર માથાં કરી જોઈ ર્‌હેતાં હતાં અને નવા તેજના રંગથી રંગાતાં છેટે આકાશમાં ભળી જતાં હતાં. દક્ષિણમાં આવતાં નેત્ર ઉંચા શિખરો છોડી, છેક નીચાણમાં આઘે સમુદ્ર હતો તે ઉપર પળ્યું. પશ્ચિમમાં સમુદ્ર, પૂર્વમાંથી–દક્ષિણમાંથી–વ્હેતી આવતી સમુદ્રને મળતી સુભદ્રા, અને જોનાર ઉભા હતા તેમના પગ આગળથી નીચે પથરાતો પર્વત અને તે નીચે એની તળેટીઃ આ સર્વ કોરપાલવ વચ્ચે વિચિત્ર ભવ્ય–ચિત્રપટ–ચિત્રોથી ભરેલું વસ્ત્ર–પડી રહ્યું હતું તે ઉપર સરસ્વતીચંદ્રની દૃષ્ટિ ફરવા–ઠરવા–લાગી. રાધેદાસે આ વસ્ત્રમાંનાં ચિત્રોની કથા વિસ્તારથી ક્‌હેવા માંડી.

“ નવીનચંદ્રજી ! આ જોઈ દ્‌હેરાની ઠઠ ? અંહીથી તો ચાતુર્મા-
“ સમાં જોવાની ગમત છે. ઉપર વાદળાં, અંહીથી તે નીચે તળેટી સુધી
“ સરતા પાણીના ધોધ, સામે સમુદ્ર, વચ્ચે આ ધોળાં દ્‌હેરા અને આ
“ પાસ સુભદ્રામાં ચોપાસથી ભરાતું ઉભરાતું અનહદ પૂર ! ! અને
“ આ સર્વની વચ્ચે વણકરના તાણાવાણા જેવી વરસાદની વૃષ્ટિ ! ! ધોળા
“ રેશમના ઢગલા જેવાં વાદળાં તો આપણા પડખામાં આવી ચાલે,
“ વૃષ્ટિ તો આપણી આસપાસથી દોરડા પેઠે ટીંગળાવા માંડે, અને પાણીના
“ ધોધ–નારાયણના નખમાંથી ગંગાજી નીકળ્યાં એમ–આપણા પગમાંથી
“ નીકળતા દેખાય ! ! વાહ ! વાહ ! વાહ ! શી સુન્દરગિરિની ચાતુર્માસમાં
“ શોભા ! તમે નક્કી સુન્દરગિરિના જ વાસી થાવ અને આ આનંદ અનુભવો !
“ એ શોભા કાંઈ ઓર જ થાયછે. એ જુવે નહી તેનું જીવ્યું ફોક !”

રાધેદાસે વર્તમાન ચિત્ર સાથે આમ ભવિષ્ય ચિત્રનું મિશ્રણ કર્યું; દૃષ્ટિ આગળ અદ્‌ભુત દેખાવ તરતો હતો તેમાં કલ્પનાશક્તિ આગળ બીજો દેખાવ ખડો થયો. ન્હાનું બાળક રોતાં રોતાં રમકડું જોઈ રહી જાય છે; મ્હોટું માણસ અત્યંત વિપત્તિને અવસર પણ સૃષ્ટિની ભવ્યતા જોઈ સ્તબ્ધ થાય છે, ચિત્ત સ્તબ્ધ થતાં આંસુમાં અંતરાય પડે છે, અને નવા આનંદ

આગળ પળવાર જુનું થયેલું દુઃખ વીસારે પડે છે. રાધેદાસનું વર્ણન અને નેત્ર આગળનું ચિત્ર એ ઉભયની વસ્તીથી સરસ્વતીચંદ્રનું મન ભરાઈ ગયું.

"વાહ, વાહ, રાધેદાસ! શી સુન્દરગિરિની શોભા છે? આ "આટલાં બધાં દેવાલય કોનાં છે? તળેટીમાં વસ્તી કોની છે?"

સર્વ દેવાલયો ઉપર રાધેદાસની દૃષ્ટિ પક્ષિની પેઠે ફરી વળી: "નવીનચંદ્રજી, આ પેલી પાસ કાળા ડાઘા દેખાય છે તે સુરગ્રામનાં "ઘર છે. ગામ તો ન્હાનું છે, પણ તીર્થનું સ્થાન છે. અસલ સુરગ્રામ આ "દેવાલયોને સ્થાને હતું. આ દેવાલયોમાં પંચાયતન દેવતાની જુદી જુદી "પ્રતિમાઓ વિરાજે છે. આ સુન્દરગિરિપર જેટલા શૃંગો છે તેટલા પંથ "છે અને તે સર્વ પંથવાળાનાં દેવાલય આપણી દૃષ્ટિ આગળ છે."

"તમે તો વિષ્ણુભક્ત છો-વિષ્ણુ શીવાય બીજા દેવનાં દેવાલયનાં "ગર્ભમન્દિર ભાગ્યે જોયાં હશે!"

રાધેદાસ હસ્યો: "અમારા દેવ અને બીજાના દેવ જુદા એ તો ભ્રમ "છે. ઇસિ જગતમેં અંધ-હસ્તિ-ન્યાય ચલ રહા હૈ! કેમ-ભૈયા-સમજ્યા? "અમે તો વૈષ્ણવ છીયે પણ શિવમાર્ગી આરતીમાં ગાય છે—

"શિવ વિષ્ણુ એક સ્વરૂપ,
"અંતર નવ ગણશો!
"અંતર નવ ગણશો!

"એ અભિપ્રાય અમારે પણ કબુલ છે. શ્રી અલખ જગતમાં "લખ થાય છે ત્યારે જેના હૃદયમાં જેણી પાસનાં કિરણ પડે છે તેની "તેને પ્રીતિ થાય છે. શિવ, વિષ્ણુ, અને ઇતર દેવો તેમ અનાર્ય "યવનોના દેવમાત્ર પણ અલખનાં લખ સ્વરૂપ છે. જેની જેવી દૃષ્ટિ. "અમારા હૃદયમાં હૃદયના દેવતા વિષ્ણુ છે-વિષ્ણુનું પણ કૃષ્ણસ્વરૂપ "અમને પ્રિય છે-બાકી અલખ તો એક જ છે અને તેને વેદાંતી બ્રહ્મ ક્‌હે "છે.-" કંઈક ક્‌હેતો ક્‌હેતો રાધેદાસ અટક્યો.

સરસ્વતીચંદ્ર તે ચેતી ગયો: "કેમ અટક્યા? કંઈક ક્‌હેવા જતા હતા!"

"કાંઉં? તમે સંસારી છો તો સંસારી ભાષા સમજશો-પણ અમે "વેરાગી, માટે હું અટક્યો."

"બોલો, બોલો!"

"એક લલના; કોઈ ઇસીકા મુખદર્શનસે તૃપ્ત હોતા હૈ; કીસીકું "ઇસિકા ગાન ચૈયે; કીસીકું સ્પર્શસુખ બીન આનંદ નહી હો શકતા હૈ! "કીસીકું સ્પર્શમેં બી મસ્તી ચૈયે; ઔર કીસીકા મનમેં જનની-સ્વરૂપસેં "ઔકા મુખાદિકી બી ઉપેક્ષા હો જાવે. ઇસિ તરેહસે સ્વતઃનિરંજન નિરાકાર

" શ્રીઅલખકા અનેક લખ સ્વરૂપમેં અનેક માનવોકે અનેક મન અનેક
" પ્રકારસે દર્શન ઔર ક્રીડા કર રહે હય."

ઉલ્લાસમાં આવી આમ પર્યેષણા[1] કરતો યોગી **સરસ્વતીચંદ્ર**ને કંઈક નવા જ લક્ષણવાળો લાગ્યો. આર્યોના અનેક દેવમંડળનો આવો આત્મા જોઈ પક્ષ-મંત્રીની[2] પરીક્ષામાં સુપરીક્ષિત નીવડેલાંને આર્ય ધર્મનો આ પક્ષમંત્ર અતિપ્રિય લાગ્યો અને એનું દેશાભિમાન જાગ્યું. તેમ થતાં પોતે સામો પક્ષ લેઈ આ ઈંગ્રેજી ભાષાના અપરિચિત સાધુના પક્ષની સીમા જોઈ લેવા **સરસ્વતીચંદ્ર** લલચાયો: " શું **રાધેદાસ**, પ્રતિમા પૂજનમાં " લખ ક્યાં આવી ગયો ?"

આ નાસ્તિક પ્રશ્નથી **રાધેદાસ**ને કાંઈક ક્રોધ ચ્હડતો ચ્હડતો ગુરુજીનો વર્તારો સાંભર્યો અને તેમ થતાં શાંત પડી, ગંભીર મુખે, બોલ્યો: " ભાઈ, આ પ્રશ્ન અમારા મઠમાં કોઈને પુછશો તો તમને નાસ્તિક " ગણી દુઃખ દેશે. માટે ફરી ન પુછશો. વેદવચનપર શ્રદ્ધા અને " ગુરુજીની આજ્ઞા એ અમારી દૃષ્ટિમર્યાદા છે. તેનું ઉલ્લંઘન કરાવનાર " પ્રશ્ન કે તર્ક અમને અસહ્ય છે."

**સરસ્વતીચંદ્ર**ને આ પ્રદેશ અને **મુંબાઈ**ની સ્વતંત્રભૂમિના ભેદનું ભાન આવ્યું. ઉપકાર કરનારના ચિત્તને પોતે ક્લેશનું સાધન થયો જાણી પસ્તાયો. પર્યેષણાની સાથે ધર્મકલ્પના[3]ના આવેશનો ગુણાકાર જોઈ કંઈક ગુંચવાયો. પણ સર્વથા ઈંગ્રેજી રીતે પણ પરધર્મની નિન્દા કરવી અસભ્ય છે તે સ્મરી બોલ્યો: " ક્ષમા કરો, **રાધેદાસ**, આ પ્રશ્નથી તમને અપમાન થશે એમ " જાણ્યું ન હતું, માત્ર રહસ્યજિજ્ઞાસાથી શિષ્યભાવે જ પ્રશ્ન પુછ્યો હતો !"

" શું, ભાઈ, આ તે પ્રશ્ન ? એમાં રહસ્યજિજ્ઞાસા માની ?"

" જુઓ, મને લાગે છે કે આપના ગુરુજીનું વચનામૃત છે કે,

" પામરમાં પામર દીસે ગોપાલક ગોપાલ."

" એમાં પ્રતિમાપૂજનનું કંઈક રહસ્ય હોવું જોઈએ."

**રાધેદાસ** ગભરાયો. " ગુરુનું રહસ્ય આણે સાંભળ્યું ને સમજાયું ! " નક્કી, એ મ્હારા કરતાં વધારે અધિકારી છે–તો–તો " મ્હોટે સ્વરે નમ્ર થઈ બોલ્યો: " **નવીનચંદ્રજી**, ક્ષમા કરજો ! આપની જિજ્ઞાસાને તો " **વિહારપુરી** કે ગુરુજી તૃપ્ત કરશે–મ્હારો અધિકાર આપનાથી કનિષ્ટ " છે–એ રહસ્ય મ્હારાથી સમજાતું નથી. ધન્ય ભાગ્ય તમારું–નક્કી, " અલખ તમારા હૃદયમાં જાગે છે."

---

૧. ફીલૉસૉફી. ૨. પક્ષમંત્રી=કાઉન્સલ્ ?=બારીસ્ટર. ૩. Religious Superstition.

આ વાર્તા પડતી મુકવાના હેતુથી સરસ્વતીચંદ્રે આસપાસના દેખાવની વાર્તા ક્‌હાડી.

"રાધેદાસ, આ છેટે નદી અને સમુદ્રનો સંગમ થાય છે એ "નદીનું નામ શું? અને એ નદી ક્યાંથી આવે છે?"

"એ નદીનું નામ સુભદ્રા છે. સુભદ્રા એ ભદ્રાનદીની શાખા "છે. ભદ્રા સુવર્ણપુર આગળ શ્રીરત્નાકર સાથે સંગમ પામે છે. "સુભદ્રા આ પણે આગળ સુરગ્રામ પાસે સંગમ પામે છે."

સરસ્વતીચંદ્ર શિલા ઉપરની શિલા ઉપર ઉભો થયો અને સુભદ્રા ઉપર પૂર્વથી પશ્ચિમ સુધી દૃષ્ટિ નાંખવા લાગ્યો. સુભદ્રા દૃષ્ટિમર્યાદામાં લાંબી રેખા જેવી દેખાતી હતી, અને તીર ઉપરનાં ઝાડોની બે રેખાઓ વચ્ચે પાણીના શ્વેત પ્રવાહની રેખા–બે ઓઠ વચ્ચે ઉઘાડા પડેલા દાંતની હાર જેવી–દેખાતી હતી તે જોઈ રહ્યો. જ્યાં પોતે લુંટાયો હતો તે સ્થળ એક બિન્દુ આગળ કલ્પવા લાગ્યો. દૃષ્ટિમર્યાદાની પેલી પાસ સંતાઈ રહેલા સુવર્ણપુરને કલ્પવા લાગ્યો. એ બે સ્થાન વચ્ચે તરવરતાં બ્હારવટીયાનાં ઝુંડ ને ઝુંડ કલ્પવા લાગ્યો. અંતે સુવર્ણપુરથી કુમુદસુંદરી નીકળતી હોય અને પોતે લુંટાયો હતો એ સ્થાને આવી બ્હારવટીયાઓના હાથમાં આવી પડતી હોય એવું ગભરાવી નાંખતું દિવસ–સ્વપ્ન એના મસ્તિકમાં ચમકારા કરવા લાગ્યું. આકાશમાં એક ન્હાની નાજુક વાદળી સમુદ્ર ભણી લીલાભરી ખેંચાતી હતી. કુમુદસુંદરી એ વાદળીમાંથી લટકતી દેવાંગના પેઠે આકાશમાર્ગે અદ્ધર ચાલતી લાગી. ગઈ કાલ ગાડામાંની ડોશી ગાતી હતી તે સંસ્કાર મનમાં સ્ફુર્યો. વાદળી છેક સમુદ્ર પાસે આવી બે હાથ પ્હોળા કરતી સ્ત્રી જેવી દેખાઈ. સૂર્યના તેજથી રંગેલી સાડી પ્હેરી કુમુદસુંદરી ઉભી ઉભી ભુરા આકાશમાં ફરફરતી વાદળીની કોર ઝાલી, લટકા કરતી ઉતાવળું ગાતી લાગીઃ—

"વાગે મોરલી મધુરી મધુવનમાં રે લોલ
"વ્હાલો દેખાય દેખાય જતાં ન્હાસતાં રે લોલ
"વ્હાલો કાલો થઈને કાપે કાળજાં રે લોલ
"કાળો લપ્પાય તમાલ તાડ ઝાડમાં રે લોલ
"ભોગી જોગી બનીને ભોગ ઝંખતો રે લોલ
"દેખાય દેખાય સંતાય ને છતો થતો રે લોલ."

સરસ્વતીચંદ્ર ગભરાતો ગભરાતો કાન અને આંખ ઉંચા કરવા લાગ્યો. અંતે વાદળી સમુદ્રમાં પડતું મુકતી લાગી તેની સાથે એ જ સ્થાને કુમુદસુંદરી ઝંપલાવતી લાગી અને ઝંપલાવતાં ઝંપલાવતાં તેના મુખમાંથી નીકળતી

કારમી ચીસ સરસ્વતીચંદ્રના હૃદયે સાંભળીઃ–“ હા! સરસ્વતીચંદ્ર !
“ સરસ્વતીચંદ્ર ! મુંબાઈથી મને છોડી નાઠા, સુવર્ણપુરથી પણ મને છોડી
“ નાઠા, તો આ સ્ત્રીહત્યા તમારે શિર !!!” આમ બોલતી બોલતી કુમુદ સમુદ્રનાં પાણીની કાળી ન્હોળી લેખામાં અદૃશ્ય થઈ ગઈ. સ્ત્રીના હૃદયનો ઉંડો નિઃશ્વાસ, નિઃશ્વાસમાંથી નીકળતો ગુપ્ત શાપ, શાપની જ્વાળા–સર્વ સરસ્વતીચંદ્રના હૃદયને કંપાવવા, નષ્ટ કરવા, બાળવા, લાગ્યાં. અનેક તર્ક અને શોક એને વલોવવા લાગ્યાં. એની હૃદયચિતામાં કુમુદસુંદરીનાં અનેક સ્વરૂપ સતીઓ પેઠે ચારે પાસથી બળવા અને બાળવા પ્રત્યક્ષ બેઠાં હોય એવું એને પ્રત્યક્ષ સ્વપ્ન થયું–એના નેત્રમાંથી ચોધાર આંસુ વ્હેવા લાગ્યાં અને સૂર્યનો તાપ એકવારના અશ્રુપ્રવાહને સુકવે ત્યાર પ્હેલાં બીજો પ્રવાહ નીકળતો હતો.

આટલે વિષ્ણુદાસના મઠમાં મહાન્ શંખનાદ થવા લાગ્યો અને રાધેદાસે સરસ્વતીચંદ્રને વિચારનિદ્રામાંથી જગાડ્યો. “ નવીનચંદ્રજી,
“ ચાલો, ગુરુજીને મળવાનો સમય થયો.” રાધેદાસની દૃષ્ટિ સરસ્વતીચંદ્રના ગૌર શરીર ઉપર હતી–નેત્ર ઉપર ન હતી. બે જણ શિલા
“ ઉપરથી ઉતર્યા એટલામાં રાધેદાસે વિચાર કર્યો. “ કોઈ ગર્ભશ્રીમંતનું
“ દુઃખી સંતાન છે–એની આકૃતિ અને એનો વર્ણ એનો પ્રભવ કહી
“ આપે છે–આ સ્થળે આવી પડ્યો છે તે ઇતિહાસ એનું દુઃખ જણાવે
“ છે. એને મહાદુઃખ છે–શ્રીવિષ્ણુદાસ એનો ઉદ્ધાર કરશે. હરિજન
“ વિના કોણ એ કરી શકે ?” મ્હોટે સ્વરે એણે ગાયું.

*“ હરદમ ઐસા હરિજન કોઈ
“ તનકી અગન બુઝાવેગા ?
“ પુરન પ્યાલા પીઓ હરિયકા—
“ ફેર જન્મ નહી પાવેગા !”

સરસ્વતીચંદ્ર ઉતર્યો. પણ ઉતરતાં ઉતરતાં યે એની કતરાતી દૃષ્ટિ સુભદ્રા અને સમુદ્રના સંગમ આગળના ખુણા આગળ હતી. નદીના પાણી ઉપર કુમુદસુંદરી ન્હાની અને સુંદર વિહાર–નૌકા (‘જાલી–બોટ’) પેઠે પવનની લ્હેરમાં વગરહલેસે તણાતી લાગતી હતી. એણી પાસ જોતો જોતો એ રાધેદાસની પાછળ ખેંચાયો અને ખેંચાતો ખેંચાતો ગઝલો ગણગણવા લાગ્યોઃ—

---

* પ્રાચીન વાક્ય છે.

"સુભદ્રા ! નામ તુજ સારું;
"ક્‌હું તે ભદ્ર કર મ્હારું.
"પ્રિયા તુજ પાસ જો આવે,
"કૃશાંગીને તું સમજાવે.
"તીરે તુજ શીત વા વાય,
"શીકર તે તુજ લઈ જાય.
"પ્રિયાને ઉર છે તાપ,
"કર તું શાંત સંતાપ.
"શમાવી તાપ એ લેવા,
"તને ઉરની કથા ક્‌હેવા,
"પ્રિયા મુજ ઝંપલાવે જો,
"ઉંડા જળમાં જ આવે જો,
"ઉરે શફરી[1] રહે ત્હારે
"ત્યમ તું એને ઉરે ધારે,
"તરાવે તું, જીવાડે તું,
"અમૃત[2] ઉરમધ્ય રાખે તું.
"કુમુદ જળનું જ છે પુષ્પ,
"કુમુદ રસનું જ છે પુષ્પ;
"કુમુદ તુજ ઉર તરશે જો,
"સખી એની તું થાશે જો,......"

આગળ કંઈ કડીયો કવવા લવવા જતો હતો એટલામાં વિહારપુરી, મોહનપુરી, વગેરે બાવાઓનું ટોળું સામું મળ્યું, તેમાં એ ભળી ગયો, અને ભળતાં ભળતાં મનમાં માત્ર એટલું લવ્યો: "હું યે
"ગાંડો થયો છું. કુમુદસુંદરી તો એ સુવર્ણપુરમાં સુખથી વિરાજે.
"ઈશ્વર એનું કલ્યાણ કરો. મ્હારે એની વાસના સરખી પણ હવે
"છોડી દેવી, મૃત્યુથી જુદાં પડવું અને જીવતાં જુદાં પડવું એ એક
"જ છે. માણસની ચિંતા માણસ શી કરનાર હતો? એ ચિંતા કરનાર
"ઈશ્વર સમર્થ છે." બાવાઓ એની ચારે પાસ વીંટાઈ વળ્યા, એની સાથે પ્રશ્નોત્તર અને વાતો કરવા લાગ્યા, અને સર્વ જોતાજોતામાં આ સ્થાનથી અદૃશ્ય થવા લાગ્યા. અદૃશ્ય થતાં થતાં સરસ્વતીચંદ્રે સુભદ્રા અને સમુદ્ર ભણી દૃષ્ટિ નાંખી અને નાંખતો નાંખતો વળી ગણગણ્યો:

1. માછલી. 2. અમૃત=પાણી. દેવતાઓનું અમૃત.

"સ્ફુરે પોતે ન દેખાય,
"કુમુદની ગન્ધ ગ્રહી વાય,
"અરણ્યે એકલો વાયુ!
"જીવન એ ભાવિ છે મ્હારું.–હં!–હાં!"

સર્વ દેખાતા બંધ થઈ ગયા. શિલાઓ, સૂર્ય, સૂર્યનું તેજ, અને સમુદ્ર તથા સુભદ્રાનો સંગમ–એ સર્વ જડસૃષ્ટિ ઉભી રહી. દૃષ્ટિ વિના સૃષ્ટિ રહી? દૃષ્ટિ હો કે સૃષ્ટિ હો કે ગમે તે હો પણ દ્રષ્ટા અદૃશ્ય થયા છતાં દક્ષિણ આકાશમાંથી તે **સરસ્વતીચંદ્ર**ના જરીક દેખાતા મસ્તક સુધી એની પુઠે કુમુદસુંદરીઓની હારની હાર અદ્ધર ચાલતી હતી, નાચતી હતી, અને **વનલીલા**ના જેવો રાગ કહાડી લ્હેંકા કરી ગાતી હતી અને હાથ લાંબા કરી મ્હેણાં મારવા જેવું કરતી હતી.

"ભોગી જોગી થતો ને ભોગ ઝંખતો રે લોલ
"રસિક જ્ઞાનિ થતો ને રસીયો થતો રે લોલ. ભોગી૦
"સુંદર–શિખરે ઉભો ને ઉરે સુંદરી રે લોલ
"શુણે જુવે ને ઝંખે બધે સુંદરી રે લોલ. ભોગી૦
"પ્હેલી શાને કરી'તી પ્રીતિ સુંદરી રે? લોલ
"પ્રીતિ કીધી તો શાને તજી સુંદરી રે? લોલ. ભોગી૦
"તજી શાને આવ્યો તું જોવા સુંદરી રે? લોલ
"આવી પાછી તજી તે શાને સુંદરી રે? લોલ. ભોગી૦
"વાગે વાંસળી મધુરી ત્હારા ઉરમાં રે! લોલ
"નાચે ચંદ્ર ને કુમુદ રસપૂરમાં રે! લોલ. ભોગી૦"

વળી કુમુદનો પોતાનો જ રાગ એનાં અનેક મુખમાંથી નીકળવા લાગ્યો. છેક પાસેની બે ત્રણ કુમુદ તો **સરસ્વતીચંદ્ર**ના માથાપર બે હાથે ભાર દઈ ઉભ્યાં કરતી હતી ને ગાતી હતી.

"વાંસલડી વાજે! જોગીડા! તું વાંસલડી વાજે!
"આવી ઉભો ર્‌હેજે નદીઘાટે! જોગીડા૦
"ન્હાતો પેલા સાગરમાં ગાજે! જોગીડા૦
"ઉભો તે પેલા દ્હેરાને દ્વારે, જોગીડા૦
"પ્રેમીનો પ્રેમ આંધળો પણ શુણે; જોગીડા૦
"પ્રેમીનો પ્રેમ સો સો કોશથી શુણે. જોગીડા૦
"લખ્યા લેખ મિથ્યા નહી થાયે, જોગીડા૦
"સંસારિણી જોગણ થઈ જાયે. જોગીડા૦
"જોગીડા! તું સંસારને છોડે, જોગીડા૦

" તણાતી જોગણુ પણુ કોડે. જોગીડા૦
" જોગી! તું જોગણુનો ગુરુ થાજે, જોગીડા૦
" જોગણુને તું જોડે સોડે સ્હાજે. જોગીડા૦
" જોગીડા! તું સમશ્યામાં ગાજે, જોગીડા૦
" જોગણુ આવી સાંભળશે સાંજે. જોગીડા૦
" મોરલીમા સ્નેહભર્યું વાજે, જોગીડા૦
" અવ્યક્તનું વ્યંગ બધું ગાજે. જોગીડા૦
" વાંસલડીમાં બ્રહ્મનું પદ વાજે, જોગીડા૦
" મ્હારા ત્હારા અદ્વૈતને ગાજે. જોગીડા૦
" વાંસલડીમાં સંસાર સારવજે, જોગીડા૦
" ગાયામાં પરમાનંદ ભરજે ! જોગીડા૦
" મહાકાળની નદીને ઘાટે, જોગીડા૦
" ઉભો ઉભો વાંસલડી વાજે. જોગીડા૦
" કુમુદ દુઃખશોક તરે તે કાજે, જોગીડા૦
" વાંસલડી ધુન ભરી વાજે ! જોગીડા૦"

---

## પ્રકરણ ૨.

### મનહરપુરીમાં મણિરાજ અને વિદ્યાચતુરનું કુટુંબ.

મનહરપુરીમાંથી માનચતુર સ્વારોને લેઈ નીકળ્યો તે પછી એના ઉતારામાં સર્વ સુવાને વેરાઈ ગયાં અને પોતપોતાની પથારીમાં સુતાં પણ ખરોખર ઉંઘ્યાં નહી. ચંદ્રકાંત પાછલી રાત્રના ત્રણ વાગતાં વિચાર કરતાં કરતાં ઉંઘી ગયો અને સરસ્વતીચંદ્રના સ્વપ્નોમાં પડ્યો. સુંદરગૌરી રોતી રોતી નિદ્રાવશ થઈ. ગુણસુંદરી સુતી ખરી પણ આંખો ઉઘાડી રાખી મ્હીડો સામું જોઈ રહી અને પ્રાતઃકાળમાં ઉઠી ત્યાંસુધી વિચાર અને ચિંતામાં કાળ ગાળ્યો. પ્રાતઃકાળ થતાં સર્વ કંઈ કંઈ કામમાં વળગ્યાં અને ઉંચે જીવે કામ કરવા લાગ્યાં. ચંદ્રકાંતનું આતિથ્ય[1] કરવાનું કુસુમને માથે આવ્યું. ચંદ્રકાંતને ચ્હા પાવાનું અને દુધ પાવાનું કામ

---

૧. ખાતરબરદાશ.

કુસુમે કર્યું એટલું જ નહી, પણ એ નવરો પડે અને મિત્રશોકના વિચારમાં પડી ઉદ્વેગમાં ન રૂહે તેને માટે વિનોદ કરવાનું કામ પણ કુસુમે સાધ્યું.

ઉતારાની ઓસરીમાં ચંદ્રકાંત બેઠો હતો ત્યાં એને સારુ કુસુમ એક બે પુસ્તક લેઈ આવી અને બોલીઃ "ચંદ્રકાંતભાઈ, ગુણીયલે આ પુસ્તક "કુમુદબ્હેનને શીખવેલાં છે અને મને શીખવવાનાં છે. પણ મ્હારા "પિતાજી પણ એ પુસ્તકોના રસીયા છે માટે તમને પણ રસ પડશે ખરો."

પુસ્તક જોતો જોતો ચંદ્રકાંત સુખી અને દુઃખી થયો. આ સુકુટુંબનો સદભ્યાસ અને સદાગ્રહ જોઈ સુખી થયો. પોતાના મિત્રના અને એ કુટુંબનો સંબંધ કથાશેષ[1] થયો સ્મરી દુઃખી થયો. કુસુમ તેના નિઃશ્વાસ ચેતી ગઈ અને બોલી,

"ચંદ્રકાંતભાઈ, સરસ્વતીચંદ્રનો દોષ તો મને દેખાતો નથી, પણ "મને એમ લાગે છે કે ઘર છોડી રૉબિન્સન ક્રૂઝો જેવું કરવાનું એમને "પ્રથમથી જ કંઈ મન હશે."

દુઃખમાં પણ આ પ્રશ્ને ચંદ્રકાંતને હસાવ્યો. "બ્હેન, તમને "રૉબિન્સન ક્રૂઝો ક્યાંથી સાંભર્યો?"

"એને પણ ઘર છોડી આથડવાનું મન થયું હતું તેમ આમને પણ "થયું હશે."

"પણ એ કાંઈ સારું ક્હેવાય?"

"મને તો એમ આથડવું બહુ ગમે. હું તો રોજ ગુણીયલને "કહું છું કે ઘરમાં ને ઘરમાં શું ભરાઈ રૂહેવું? ખરું પુછો તો ભદ્રેશ્વર "જવાનું મ્હેં જ ઠરાવ્યું હતું. મને તો લાગે છે કે એમને બધે ફર- "વાનું મન થયું હશે અને ઘરમાં આવું થયું એટલે બધાંને માથે ઢોળી "પાડવાનો લાગ ખોળી ભાઈસાહેબે મનમાનતું કર્યું!"

"તે તો પરણીને પણ થાત."

"પણ એ બધી અણસરજી પીડા. આ જુવોને કુમુદબ્હેનને "પરણ્યાનું જ ફળ છે કની? મ્હારે કાંઈ છે? પરણ્યાં એટલે પડ્યાં!!"

"બ્હેન! એવું બોલાય નહી હોં!"

કુસુમ કંઈક શરમાઈ ગઈ ને મનમાં બડબડી, "બળ્યું! કોઈની "સાથે ભળ ભાગે એટલે લુલીબાઈ હાથમાં ન રૂહે:" મ્હોટેથી, વાત ફેરવી, બોલી.

---

૧. જે વસ્તુ હાથમાંથી જતી રહી અને તેની કથા કરવા જેટલા શેષ ભાગ શીવાય કંઇ હાથમાં રહ્યું ન હોય તેવો.

"હું તો સ્હેજ કહું છું. તે એટલા સારું કે મને તો સરસ્વતી-
"ચંદ્રનો રજ વાંક વસતો નથી. અને જ્યારે બધું જાણીજોઈને નીકળ્યા
"છે ત્યારે તે એવા ચતુર પુરુષ કાંઈ વિચાર કરીને જ નીકળ્યા હશે.
"બ્હારવટીયાઓમાં હશે ત્હોયે એમની પાસેથી શું લુટવાનું હતું?
"મને તો લાગે છે કે એ પણ એમને મન જ થયું હશે."

"એમાં તે મન શું થવાનું હતું?"

"એ જ્યારે અમારે ઘેર આવ્યા હતા ત્યારે શેક્સપિયર વાંચતા હતા
"તેમાંની એક વાત એમણે મને કહી હતી. તેમાં વેરોનાનગરીનો ગૃહસ્થ
"વેલેંટાઇન ચોરલોકમાં ગયો ત્યારે ચોરનો સરદાર થઈ રહ્યો હતો.
"સરસ્વતીચંદ્રે પણ એમ કરવાનું કેમ ન ધાર્યું હોય? એમાં પણ
"એક ગમત છે."

"ચોરમાં ભળવું એ કાંઈ સારું?"

"બ્હારવટીયા કાંઈ ચોર કહેવાય?"

"ત્યારે બીજું શું?"

"એ તો રાજાના સગા તે ન બને ત્યારે બ્હારવટું લે. રાજાઓ
"લ્હડે ત્યારે મારે તે કંઈ ખુન થાય?" આ મુગ્ધ પણ બુદ્ધિશાળી
વાર્તાથી ચંદ્રકાંતનું દુઃખ અર્ધું ઓછું થયું. વધારે બોલે છે એટલામાં
બારણે હોંકારા થયા.

કુસુમે બારણે જોયું, મુખી ઘોડો દોડાવતો આવતો હતો અને
જે મળે તેને વિજયસમાચાર કહેતો હતો, એટલે એના દોડતા ઘોડા
પાછળ લોક દોડતા હતા અને આનંદના હોંકારા થતા હતા. થોડીવારમાં
તો ગુણસુંદરી, ચંદ્રકાંત, અને સર્વ મંડળે આ સમાચાર વીગતવાર
મુખીના મુખથી સાંભળી લીધા. પા કલાકમાં આનંદ પ્રવર્તી ગયો
અને સર્વ સમાચાર જુના થઈ જતાં મુખી ચાલ્યો ગયો. હવે તો માત્ર
માનચતુર અને કુમુદસુંદરીની વાટ જોવાના ઉમંગમાં અને આનંદભરી
આતુરતામાં એક પળ એક જુગ જેવી લાગવા માંડી. એમ લાંબો થતો કાળ
કેવી રીતે ગાળવો તે ન સુઝતાં ચંદ્રકાંત ઓસરીના ઓટલા ઉપર માર્ગમાં
દૃષ્ટિ નાંખતો ઉભો અને સ્ત્રીમંડળ ઉતારામાં પોતાના શયનખંડમાં જઈ
બેઠું. થોડીવારમાં ગુણસુંદરી બોલીઃ "કુસુમ, ચાલ, એકલાં છીયે
"એટલામાં ભમરો ગાઈએ એટલે વખત જશે."

સુંદર બોલીઃ "કુસુમ સારંગી વગાડે તો ગાવ."

કુસુમ એક પેટી ભણી દોડી અને ઉઘાડી તેમાંથી સારંગી કહાડી વગાડવા લાગી, અને તેમાં સ્વર બરોબર ઉતરવા માંડ્યો એટલે બોલી.

"ગુણીયલ, હું કમલિનીવાળું પદ બોલીશ અને તું ભમરો બોલજે."

સારંગીના સ્વરથી ચંદ્રકાંત ચમક્યો. આ ખંડ અને ઓસરી વચ્ચે વ્હેંતની જાળી હતી તેમાંથી આ રમણીય દેખાવ એ જોવા લાગ્યો. ખાટલાની પાંગથ ઉપર સુંદર બેઠી હતી તેને ખભે હાથ મુકી ગુણસુંદરી પણ બેઠી હતી અને બેની ગૌર સુંદર કાંતિ એકબીજામાં એવી તો ભળી ગઈ દેખાતી હતી કે બે નહી પણ એક જ સ્ત્રી બેઠેલી લાગતી હતી. સામે એક પગ પેટી ઉપર વાંકો અને એક પગ જમીન ઉપર સ્વસ્થ રાખી કુસુમ કેળના છોડ જેવી ઉભી હતી અને નાજુક સારંગી કેળના પાંદડા જેવી લાગતી હતી. ધીમે ધીમે કુસુમનો સ્વર અને સારંગીનો સ્વર એકઠો મળી નીકળવા લાગ્યો.

"દૂર દૂર દૂર દૂર જા, ભમરા, તું દૂર દૂર!–(ધ્રુવ)
"કમલિની હું કોમળ દળવાળી,
"કાંટાવાળો તું ક્રૂર ક્રૂર!
"જા ભમરા૦
"ભોગી પરાગનો, અલ્યા, તું એકલા
"સ્વાર્થવીશે છે શૂર શૂર!
"જા ભમરા૦"

કુસુમે છેલું પદ વારંવાર ગાયું, સુંદર પણ ઝીણેથી ગાવામાં ભળી, અને સારંગીની ધુન મચી રહી. થોડીવારમાં ગુણસુંદરીનું ગાન કિન્નરકંઠમાંથી નીકળવા લાગ્યું; અને ખંડ બ્હાર ચાકરો પણ કામ કરતા અટકી પળવાર કાન માંડી ઉભા.

"કમલિની! ખોટું સમજવે તું શૂરી!
"માનિની! આમ ન ભુલ ભુલ! માનિની૦ (ધ્રુવ)
"રાત રાખીને કેદ કરે, બની
"વજ્રસમું કુંળું ફુલ ફુલ! માનિની૦
"તજી કુસુમવન, કામી કમળનો
"શિર ઘાલે પરાગની ધુળ ધુળ!! માનિની૦!"

છેલી કડી ગાવામાં ત્રણે જણ ભળ્યાં અને પા ઘડી તેમના સ્વરની અને સારંગીની રમઝટ ચાલી, એટલું જ નહી પણ

"શિર ઘાલે પરાગની ધુળ ધુળ
ધુળ ધુળ."

એટલું ગાતાં ગાતાં તો કુસુમસુંદરીના પગ, હાથ, અને લલાટ વેગભર્યું નૃત્ય કરી રહેવા લાગ્યાં અને એ નૃત્યપ્રસંગે તે વર માગવા ગયેલી દેવકન્યા પાર્વતી–સન્મુખ મહાદેવીને પ્રસન્ન કરવા દિવ્ય નૃત્ય કરતી હોય, અથવા કાષ્ટી અને માની આરસ જેવી પ્રતિમાઓ પાસે ફુવારા પેઠે ઉછળી રહી હોય, એવી દેખાવા લાગી. આખરે આ તાનમાં સુંદરે હસી પડી ભંગ પાડ્યોઃ

" કુસુમ! હવે તો ખરોખર નાચી? વાહ! વાહ! હવે તો ચંદ્ર-
" કાંતને બોલાવ ત્હારી ફજેતી જોવા!" સુંદરગૌરી ઉઠી અને સામેથી કુસુમને વળગી પડી અને વ્હાલથી એને ગાલે ચુંબન કરી, નીચી વળી, એના મ્હોં સામું જોઈ પુછવા લાગી.

" તને વળી આ કોણે શીખવ્યું અને ક્યાંથી આવડ્યું? બોલ,
" બોલ!"

કુસુમ સુંદરની છાતીમાં મ્હોં ઘાલી શરમાઈ થોડી વાર ઉભી રહી; પછી હળવે રહી આઘી ખસી ગુણસુંદરીની પાસે જઈ બેઠી અને નીચું જોઈ રહી. એના ગોરા ગાલે શરમના શેરડા પડી ગયા અને ગાલના મધ્ય ભાગમાં નારંગીનો રંગ ચળકવા લાગ્યો. ગુણસુંદરી એને વાંસે ધીમેથી હાથ ફેરવવા લાગી અને મલકતે મ્હોંયે બોલી.

" કુસુમ, વારુ ક્હે જોઈએ, આ ક્યાં શીખી?"

કંઈક હીમત આણી હજી નીચું જોતી કુસુમ બોલીઃ

" આટલું બધું પુછોછો તે શું કંઈ આમાં નીચું છે?"

" ના ના, ઉંચું હશે!" સુંદર હસતી હસતી બોલી.

" જો નીચું હોય તો માલવિકા અને ઈરાવતી કેમ નૃત્યકળા
" શિખતાં હતાં? પુછો ગુણીયલને!" વળી કંઈક વિચાર કરી સંભારી ક્હાડી બોલીઃ " વારુ જુવો, આ આપણી ગુજરાતીમાંએ સામળ-
" ભટની વિદ્યાવિલાસિની નૃત્યકળા શીખી હતીસ્તો!"

" એ તો ઠીક. પણ તું ક્યાં શીખી?" ગુણસુંદરીએ પુછ્યું.

" મહારાજને આપણે ઘેર તેડ્યા હતા ત્યારે નૃત્ય કરાવ્યું હતું
" તે સઉએ ચકમાં રહી જોયું હતું તે ભુલી ગયાં હશો!" હવે કુસુમને ઉંચું જોવાની હીંમત આવી.

" ઓ મ્હારા બાપરે! તે, કુસુમ, તું એટલું એક વાર જોયાથી
" આટલું શીખી ગઈ! મ્હારી કુસુદને તો આનો છંદ કંઈ વળગતો
" ન હતો!" સુંદર બોલી. કુસુમ ખીજવાયા જેવી દેખાઈ.

સુંદરને આંખવડે ગુપ્ત અણસારો કરી ગુણસુંદરી બોલીઃ " એ તો " જેમાં જેવી આવડ. પણ હું પુછુંછું એટલા માટે કે તને આ કળા ગમતી " હોય તો ત્‍હારા પિતાને કહી આમાં પણ કેળવણી આપનાર રાખીએ."

પિતાનું નામ સાંભળી કુસુમ ગભરાઈ. કેળવણી આપનારનું નામ સાંભળી ચમકીઃ " તે કોણ રાંડ નાયકા મને કેળવણી આપનાર હતી? " તમે પણ, ગુણીયલ, ઠીક છો ! " રીસાઈને કુસુમ માનાથી પણ જરીક છેટે જઈ બેઠી.

" ત્યારે તું કહે તે કરીયે."

" અમારે શીખવું હશે તો આટલું કોણ શીખવવા આવ્યું હતું? " ને વળી પિતાજીને જણવવું છે ! "

" ત્યારે સાસરીયાંને જણવીશ ? "

" હા, તે એવી વાતો નહી હોય જે પીયરીયાંએ ન જાણે ને " સાસરીયાંએ ન જાણે ? "

" ત્યારે બીજું કોણ જાણે ? ત્‍હારો વર ? " સુંદરે વીજળીની ત્વરાથી પુછ્યું.

કુસુમ ઉઠી, કાકીને બે ખભે હાથેલીઓ વડે જરીક ચાંપ્યાં, અને ખંડ બ્હાર દોડી ગઈ. એ દોડી બારણાબ્હાર નીકળતી હતી એટલામાં એની પાછળ હસતી હસતી સુંદર જરીક મ્હોટેથી બોલીઃ " એ તો એ જ ! " હા ! અમે સમજ્યાં ત્‍હારા મનનો ઉત્તર." ગુણસુંદરી વિચારમાં પડી.

" કેમ, ભાભીજી, વિચારમાં પડ્યાં ! " સુંદરે પુછ્યું.

" આ કુસુમ જુવે એટલું શીખે, સાંભળે એટલું સરત રાખે, " ગમે એટલું બોલે અને ઝાલી ઝલાય નહી. આપણા ઘરમાં તો ઠીક " છે, પણ કોણ જાણે કોણ વર મળશે અને સાસરીયામાં એના આ ગુણ " દોષરૂપ થશે અને એ દુઃખી થશે. સાસરે તે આ પુતળું કેમ સમાશે ? "

" વારુ, એવા એવા વિચાર તે આજથી શા કરવા ? સઉ સઉનું " પ્રારબ્ધ સાથે બાંધી ફરેછે."

" હવે કાંઈ વિચાર કરવાની વાર છે ? હવે તે ક્યાંસુધી આમ " કુમારી રખાઈ ? એનું કાઠું તો જુવો. રાત્રે નહી એટલી દ્હાડે અને દ્હાડે " નહીં એટલી રાત્રે વધેછે ! મળસ્કું કેવું જોતા જોતામાં વધે ? "

" હાસ્તો. મ્હારી કુમુદનાથી આટલી ન્હાની છે પણ એને તો " ક્યાંયે ઢાંકી નાંખે એવી આ થઈ છે." સુંદરને પણ કાંઈ વિચાર સુઝ્યા અને દેરાણીના પ્રવાહમાં ભળી ગઈ.

" અને મોઈ–હજી તો એને **મીરાંબાઈ** જેવાં રૂહેવાનું મન થાય છે."

" હા ! બાઈ, આ તમારી દીકરી જેવી તો કોઈયે દીઠી નહી."

" એને **મીરાંબાઈ** થવું છે, એને ઘરમાં બંધાઈ રૂહેવું નથી. એને
" વીલાયત મોકલીયે તો ત્યાં યે જવું છે, તળાવમાં તરતાં શીખી, અને અધુ-
" રામાં પુરું નાચતાં યે શીખી ! સાપની ભારો સાચવવા જેવું વિકટ કામ છે."

" પણ એનામાં હજી કળિ આવ્યો નથી."

" હા, એટલું વળી ઠીક છે. પણ કુસુદના જેવી ગરીબડી નથી.
" કે જ્યાં જાય ત્યાં સમાય. સિંહણ જેવી છે તેને તો સિંહ જોઈએ
" તે કાંઈ ભરી રાખ્યા છે જગતમાં ?"

" એ તો ખરું."

" જો **સરસ્વતીચંદ્ર** જડે અને કહ્યું માને તો એમને હાથ તો
" રહે ખરી. પણ જે ધણીને દશ લાખ રુપીયાની ગાદી છોડતાં વાર
" ન લાગી તેને આપણે તે શું સમજાવનાર હતાં ?"

" આ ચંદ્રકાંતના હાથમાં કંઈ વાત હશે."

" હા, એટલા જ સારુ હું કુસુમને એમની નજરે જરા પડવા
" દેઉછું કની ?"

" એ તો ઠીક કરો છો."

ચંદ્રકાંતે બારણે નિઃશ્વાસ મુક્યો, અને આ વાતો સાંભળવી મુકી દેઈ, કપાળે હાથ મુકી, અસ્ત થઈ જઈ ગાદી ઉપર પડ્યો.

થોડીક વારમાં કુસુમ એની પાસે દોડતી આવી; " ચંદ્રકાંતભાઈ,
" ચંદ્રકાંતભાઈ, ઉઠો જરી. મહારાજશ્રી આ રસ્તે થઈને પધારે છે તે
" અંહીયાં ચક નાંખી દેવડાવીયે છીયે કે ગુણીયલ અને અમે સઉ એમનાં
" દર્શનનો લાભ પામીયે ! તમે આણી પાસ બેઠા બેઠા સ્વારી જોજો."

ઓસરીમાં ચાકરોએ ચક નાંખી દીધા, સ્ત્રીમંડળ પણ ગુપચુચ આવી મણિરાજની વાટ જોતું બેઠું, માર્ગ ઉપર ધામધુમ થવા લાગી, લોક તરવરવા લાગ્યા અને આઘે બુમ પડી; " પધાર્યા, પધાર્યા, મહારાજ પધાર્યા !"

કુસુમસુંદરી સ્ત્રીમંડળની એક પાસ ચકને એક છેડે લપાઈ જઈ બેઠી અને ચંદ્રકાંત દેખે નહી એમ જમીન ઉપર ચક બે આંગળ ઉંચો કરી, જરીક સુઈ ગયા જેવી થઈ, ચક અને ભાંયના વચાળામાંથી પોતાનું મ્હોં દેખાય નહી એમ જોવા લાગી.

સુંદરે કુસુમના વાંસામાં પાછળથી ધીમી લાપટ મારી. કાકીનો હાથ ફ્હાડી નાંખી હસતી હસતી ભત્રીજી જોવા લાગી અને ધીમે રહી બોલી;

"કાકી, એ તો આપણને કોઈ દેખે નહી એટલી સંભાળ રાખવાની છે. "આપણે ન જોવું એમ કાંઈ નથી."

સુંદર છાનું છાનું બોલીઃ "હા, પણ ચક ઉંચો કરેછે તે?"

"સારુ! સારુ! એટલી ચોરી કરતાં આવડતી નહી હોય? બોલો "જોઈએ મ્હેં તમારી પાસેથી શું ચોર્યું? ખબર છે કાંઈ?"

"મોઈ રાંડ, ચોરી કરતાં યે આવડી:" સુંદર જરી ઉંચી થઈ શરીર સંભાળવા લાગી.

"બેસો, બેસો, એ તો જરા મ્હારે માગ કરાવવો હતો તે ઉઠાડ્યાં."

"આ ચંદ્રકાંત અંહી ન હત કેની તો ત્‍હારા માથાપર બેસત. "મને પણ ઠગે છે!"

"હું યે મ્હારો વખત જોઈ ઠગું છું કે તમારાથી બોલાય નહી. "ચંદ્રકાંતભાઈ ન હત તો બેસત નહી તમારા ખોળામાં?"

"બેશ, બેશ હવે કાંઈ ઝાલતાં ઝલાય છે?"

કુસુમ મોકળાશથી બેઠી. આ વાતો એટલી ચુપકીથી કરી હતી કે પાસે બેઠેલા ચંદ્રકાંતને કાને સ્વર સરખો ગયો ન હતો.

બારણે મહારાજની સ્વારી પાસે આવી.

રત્નનગરીના જુવાન મહારાજ મણિરાજનું વય આજ વીશ એકવીશ વર્ષનું હશે. એના પિતા મલ્લરાજ ગુજરી ગયે બે ત્રણ વર્ષ થયાં હતાં અને મણિરાજ ગાદી ઉપર બેઠા પ્હેલાં થોડા કાળ ઉપર વિદ્યાચતુરને પ્રધાન-પદ મળેલું હતું. મણિરાજને ન્હાનપણમાંથી મૃગયાનો સ્વાદ પડેલો હતો અને તે દિવસે દિવસે વધેલો હતો. સુંદરગિરિ અને મનહરપુરીની આશ-પાસનાં જંગલો આ વૃત્તિને ઘણાં અનુકૂલ હતાં, કારણ તેમાં મનુષ્યની વસ્તી આછી અને પશુની વસ્તી ઘાડી હતી. એ જંગલનું લાકડ પોતાની જાતની આજ્ઞા વિના કપાય નહી અને જંગલનો નાશ થાય નહી એ વાતની મણિ-રાજ જાતે વ્યવસ્થા રાખતો. જ્યાં જંગલ ઘાડું ત્યાં દુષ્કાળની ભીતિ ઓછી એ નવીન શાસ્ત્ર મણિરાજને ગમી ગયું હતું, કારણ જંગલના રક્ષણથી મૃગ-યાના સ્વાદભોગને અનુકૂલતા હતી એટલું જ નહી પણ જુની વાતોના નાશના આ યુગમાં કાંઈપણ પ્રાચીન પદાર્થનું રક્ષણ નવા શાસ્ત્રને બળે થતું હોય તો તે શાસ્ત્રનું ગ્રહણ કરવામાં મણિરાજને ઓર આનંદ મળતો. એ શુદ્ધ રાજપુત્ર[1] ઉચ્ચાભિલાષનો ગર્ભશ્રીમંત હતો, અને એ અભિલાષ–લક્ષ્મીને

---

૧. રાજપુત્ર–રજપુત.

વિદ્યાચતુરની બુદ્ધિએ ચોપાસ વિકસાવી વિસ્તારી હતી. વિદ્યાચતુર બ્રાહ્મણ હતો પણ એવું માનતો કે ક્ષાત્રઉદ્રેકનું[1] રક્ષણ કરે એવું જીવન આ સમયમાં મૃગયાથી ર્‌હે એમ છે અને તેથી ન્હાનપણમાંથી એની સૂચનાને આધારે મલ્લરાજે મણિરાજની આશપાસ શૂરા રજપુતોનો ફીલ્લો બાંધી મુક્યો હતો અને તેમના સંગમાં મણિરાજનું ક્ષાત્રતેજ દિવસે દિવસે પ્રદીપ્ત થવા પામ્યું હતું. વિદ્યાચતુરની આ સૂચના એને વીશે મલ્લરાજના મનમાં ઉચ્ચ અભિપ્રાય બંધાવનારી થઈ પડી હતી. કારણ “ મ્હારા પુત્રને બ્રાહ્મણ-“ વાણીયો ન કરશો.” એ આજ્ઞાનું આ સૂચનાથી પાલન થયું હતું. છતાં વિદ્યાચતુરે પોતાનું બ્રાહ્મણત્વ ઢાંક્યું પણ ન હતું. રજપુતોના ગુણની સાથે તેમના દોષ પણ મણિરાજમાં આવી જાય નહી તેને વાસ્તે પોતે અત્યંત ખંત રાખતો. એટલું જ નહી, પણ એની બ્રાહ્મણતા બાળક રાજપુત્રને હાસ્યાસ્પદ લાગે નહી અને તેથી એની બુદ્ધિ ઉપર બીજા વિષયમાં પણ અનાસ્થા થઈ જાય નહી એટલા માટે, આટલા ક્ષાત્ર વ્યસનનું મૂલ્ય એની બુદ્ધિ સમજે છે એવી આસ્થા કોમળ વયના રાજપુત્રના મનમાં વધારવામાં પણ આ સૂચના સહાય-ભૂત થઈ પડી હતી. આથી બીજા રજપુતોને પણ આ બ્રાહ્મણમાં કાંઈ છિદ્ર ક્‌હાડવાની બારી ર્‌હેતી ન હતી, અને તેમનો અને રાજકુમારનો સંગ રાખ-નાર ઉપર પ્રીતિ ર્‌હેતી. મૃગયાથી રાજકુમાર પાછો ફરે ત્યારે તે તરત વિદ્યા-ચતુરને મળે, મૃગયાનું વર્ણન કરે, અને પોતાના સહચારી રજપુત બાળકોની વાર્તાઓ તથા ચર્ચાઓ પણ વિશ્રમ્ભ[2]થી કહી જાય એવો વ્યવહાર રાખ્યો હતો. તે પ્રસંગનો લાભ લેઈ એ બાળકોથી તેમ એ બાળકોમાં કંઈ પણ અસદ્વિચાર અથવા સદાચારનું બીજ ઉત્પન્ન થતું હોય તે શોધી ક્‌હાડવાની, અને જડે તો તે બીજનો બીજ દશામાં જ નાશ કરવાની, વિદ્યાચતુર ખંત રાખતો, અને એક રાજકુમારને ઠેકાણે અનેક રાજપુત્રોનાં બાળકોનો પોતે પ્રિય ગુરુ થઈ પડ્યો હતો. આ બાળકો ઘેર જઈ માબાપની પાસે રસથી વાતો કરે તેથી વર્તમાન રજપુત મંડળનો વિદ્યાચતુર માનીતો થયો હતો. બ્રાહ્મણ-ક્ષત્રિયનો હૃદય-ભેદ એની વાતમાં આથી દૂર થયો હતો. આ સર્વ સ્થિતિનો લાભ લેઈ મૃગયાના વ્યસનમાં રહેલું અમૃત રાખી વિદ્યાચતુરે તેમાંનું વિષ ઉતાર્યું. રાજાનો ધર્મ અને રાજાનું પરાક્રમ એ છે કે નિર્દોષ અને નિર્બળનું રક્ષણ કરવું અને દુષ્ટને શાસન કરવું. આ જ ન્યાય મનુષ્યપ્રજામાં તેમ પશુવર્ગમાં પ્રવર્તાવવાનો અભિલાષ મણિરાજમાં વધાર્યો. મૃગયા કરવી પણ મૃગ અને સસલાં જેવાં નિર્દોષ પ્રાણીનો ઘાત કરવાનો તિરસ્કાર અને સિંહ

---

૧. ક્ષાત્ર ઉદ્રેક=martial spirit; ક્ષત્રિયના શૌર્યનું ઉભરાતું પૂર.

૨. કંઇ વાત સામાની પાસે ક્‌હેતાં મન આચકો ખાય નહી એવો વિશ્વાસ.

વાઘ આદિ ક્રૂર પ્રાણીયોનો નાશ કરવામાં આગ્રહ એ એને માળી વિદ્યાચતુરે ચતુરાઈથી મણિરાજના ઉચ્ચ મૃગયાભિલાષરૂપ વેલાને ચ્હડવાના આધારવૃક્ષ કરી રાખ્યા હતા. આ અભિલાષ અમાંસાહારી વસ્તીનો પણ રક્ષક હતો અને રાજ્યનાં જંગલોનો પણ રક્ષક થઈ પડ્યો હતો. ગ્રીષ્મ ઋતુના અનુકૂળ સમયમાં આ અભિલાષનો ધારક મહારાજ મણિરાજ રાતના પાંચ વાગતાં આજ મૃગયા રમવા નીકળી પડેલો હતો, એક સિંહનો શીકાર જડી આવવાથી તેનું મન પ્રફુલ્લ થયું હતું, અને એટલામાં જ વસ્તીની ભાળ રાખવામાં જાગૃત રાજાને બ્હારવટીયાના સમાચાર મળવાથી તે અચીન્ત્યો અત્યારે મનહરપુરીમાં આવી ચ્હડ્યો હતો. વૃક્ષ, પશુ અને મનુષ્યોનો મહારાજ પોતાના ન્હાનકડા ગામમાં પ્રાતઃકાળમાં પધારતો જોઈ ગરીબ વસ્તી તેને સત્કાર દેવા અત્યારે તરવરવા લાગી.

ગુણસુંદરીએ તપાસ કરવા મોકલેલો એક સીપાઈ એટલામાં એની પાસે આવ્યો અને નીચો વળી બોલ્યો, “ મહારાજ અને રાજપુત્રોની “ મંડળી મૃગયા કરવા ગયેલી તે આવે છે; ઘોડાઓ પાછળ ચાલે છે “ અને આગળ મહારાજ મંડળસહિત પાળા ચાલે છે.”

ગુણસુંદરીએ કુસુમ સામું જોયું: “કુસુમ, આપણે અંહીયાં છીએ તે “ એમને ખબર પણ હોય.” હરિણીનું બચ્ચું દોડે એમ કુસુમ ઘરમાં દોડી ગઈ. ગુણસુંદરીએ ચંદ્રકાંત ભણી દૃષ્ટિ કરી. ચંદ્રકાંત યોગ્ય વસ્ત્રાદિ પ્હેરી બેઠો જોઈ એ દૃષ્ટિ પાછી ફરી. પ્રધાનપત્ની બોલીઃ “ચંદ્રકાંતભાઈ, મહારાજ “ આપનો સાથ ઈચ્છે તો તેમને અનુકૂલ થવા તત્પર રહેજો.” સુંદરે ગુણસુંદરી સામું જોયું તેને ઉત્તર મળ્યોઃ “ મહારાજ આ ગામડામાં આવે છે “ પણ મૃગયામાંથી થાકેલા તે બુદ્ધિવિનોદ શોધ્યા વિના રહેનાર નથી અને “ તમારા દીયરના વિદ્વાન અતિથિ જેવું વિનોદસ્થાન એમને અંહી ક્યાં “ મળવાનું હતું ? ચંદ્રકાંતભાઈ અત્રે છે તે કાંઈ એ જાણ્યા વિના રહેવાના “ હતા ?” ઉત્તર દેવાતાં પ્હેલાં પોતાનાં ઉત્તમ કન્યાવસ્ત્ર પ્હેરી, હાથમાં સોનારુપાના ગંગાયમુનાની ભાતવાળા મ્હોટા થાળમાં શોભા અને સુગંધવાળ કુસુમનો કોણાકાર રાશિ લેઈ, કુસુમ આવી. ધોળી ભાંય ઉપર રાતાં અને લીલાં ફુલની કોરવાળું સોનારુપાના તારાથી ભરેલું ભુરું રેશમી હોરણું પ્રાતઃકાળની ફુલવાડી પેઠે એના ગૌર શરીર ઉપર પવનની સૂક્ષ્મ લ્હેરોમાં ફરકી રહ્યું. કસુંબલ ચણીયાની દેખાતી એક પાસ વળેલી કરચલીયો, પ્રભાતના પૂર્વાકાશમાં દેખાતી સૂર્યપ્રભાની રેખાઓ પેઠે, જોનારને નિર્દોષ આનંદ અને ઉત્સાહ આપવા લાગી. એને પગે ન્હાનાં નૂપુર સૂક્ષ્મ રણત્કાર કરી એની ગતિ સૂચવતાં હતાં. એની કેડે વાંકી રહેલી મોતી અને રંગીન મણિની

ભરેલી મેખલા[1] ઈન્દ્રધનુષ્ય જેવી લાગતી હતી, અને એ નવી જાતનો અલંકાર સંસ્કૃત પુસ્તકોમાં સ્ત્રીયોનું વર્ણન વાંચી એણે કાશીદ્વારા મા પાસે માગી કરાવ્યો હતો. બાકી હાથે, કંઠે, કાને, અને ચિબુકે કેવળ સ્વચ્છ શ્વેત હીરાના અલંકાર પ્હેરી પ્રધાનકન્યા માતા પાસે આવી ઉભી ત્યાં બારણે કોલાહલ થવા લાગ્યો. સર્વ ઉભાં થયાં. ગુણસુંદરી ચંદ્રકાંતને ક્હેવા લાગી.

"ચંદ્રકાંતભાઈ, તયાર થાવ. મહારાજ પળવારમાં પધારશે. ગમે તો "બારણે પગથીયાં ઉપર ઉભા ર્‌હો." ચંદ્રકાંતને તેમ કરવું સકારણ લાગ્યું અને પ્રધાનપત્નીની સૂચનાને અનુસર્યો.

ગુણસુંદરીની ઓસરી બ્હાર લોકની ઠઠ વધી. વધતી ગઈ. કોલાહલ વધ્યો અને અચીન્ત્યો શાંત થઈ ગયો. "પધારો ! પધારો !" "અમર તપો !" ઈત્યાદિ બુમો આઘે સંભળાતી બંધ થઈ પાસે સંભળાવા લાગી. લોકની ઠઠના બે ભાગ થઈ ગયા. રસ્તાની બે પાસ લોક ઉભા રહ્યા અને પર્વતો વચ્ચે ખીણ હોય તેમ લોકની વચ્ચે માર્ગ થઇ ગયો. થોડી વારમાં મણિરાજને દેવાતા સ્વાગત-ધ્વનિ ઓસરી આગળ ઉઠી રહ્યા અને મહારાજ મણિરાજ પોતાના મંડળ સમેત આવતા દેખાયા.

સર્વ મંડળ પગે ચાલતું હતું, અને ઘોડાવાળા ઘોડાઓને પાછળ દોરતા હતા, તેમની પાછળ બે ગાડાં ઢાંકેલાં ધીમે ધીમે ચાલતાં હતાં અને તેની આશપાસ કાળા પણ બળવાન ઉઘાડાં અંગવાળા ભીલો તીરકામઠાં લેઈ ગુપચુપ ચાલતા હતા.

સઉથી આગળ મણિરાજની બંધુક લેઈ એક સીપાઈ ચાલતો હતો, અને મણિરાજની બે પાસ તથા પાછળ જુદા જુદા વયના રાજપુત્રો પોતપોતાનાં શસ્ત્રાસ્ત્ર લેઈ ધીમે ધીમે પરસ્પર વાતો કરતા ચાલતા હતા. સર્વને માથે ન્હાના પણ રંગીન ફેંટા કસીને બાંધી દીધેલા હતા. પગે પાયજામા પ્હેર્યા હતા તેને છેક નીચે અકેક બોરીયાથી વ્યવસ્થિત રાખ્યા હતા. શરીરે ચૈત્ર માસને યોગ્ય મલમલનાં પ્હેરણ હતાં. કેડે લાંબા ઉપરણા વીંટી બાંધી દીધા હતા, અને તેના ઉપર કમરબંધમાં શસ્ત્રોના શિખરભાગ, વૃક્ષની શાખાઓ ઉપર પક્ષિઓની ચાંચો અને કંઠ દેખાય તેમ, દેખાતા હતા. સર્વનાં શરીર પ્રચંડ બાંધાનાં, કોઈનાં શ્યામ અને કોઈનાં ઘઉંવર્ણાં હતાં. કપાળ મ્હોટાં કે ન્હાનાં પણ શૂરત્વની મુદ્રાથી મુદ્રાંકિત હતાં. કોઈની આંખ લાલ તો કોઈની વાઘના જેવી તીવ્ર હતી. નાસિકાઓ જોઈ ચંદ્રકાંતને રોમન લોકનાં ચિત્ર સાંભર્યાં. કોઈનો નીચલો ઓઠ જાડો હતો, તો કોઈને પોતાનો એ ઓઠ દાંત

---

૧. કંદોરાને ઠેકાણે પ્હેરવાની સાંકળી.

વચ્ચે રાખવાની ટેવ હતી. વાઘના આગલા પગ પેઠે સર્વના પ્રબલ હાથ કાંઈક ગૂઢ ઉત્ક્રમના આતુર લાગતા હતા. હિમાલયની પેલી પારના—ચીન અને કાસ્પિયન સમુદ્ર વચ્ચેના—ઉગ્ર પ્રદેશમાંથી પ્રાચીન કાળમાં આ દેશ ઉપર ઉતરી પડેલા શકલોકોનું આર્ય ક્ષત્રિયોમાં મિશ્રણ થવાથી રાજપુત્રોની કેટલીક શાખાઓ બંધાઈ છે એ ઐતિહાસિક કલ્પના આ વીરમંડળના દેખાવથી ચંદ્રકાંતના મનમાં ખડી થઈ. આજ આપણે જીતાયલા દેશીયો છીયે અને ઇંગ્રેજો જીતનાર પરદેશી છે, તો થોડાક વર્ષશતક ઉપર મુસલમાનો જીતનાર પરદેશી હતા; તેમાં પણ મોઘલના પ્હેલાં બીજી જાતો હતી. મુસલમાન નામ ચૌદસો પંદરસો વર્ષથી પડ્યું છે, પણ તેમના પ્હેલાં પણ ગ્રીક અને શકલોક આ દેશ ઉપર ચ્હડી આવ્યા હતા ત્યારે તેઓ જીતનાર પરદેશી હતા. અત્યંત પ્રાચીન કાળમાં આર્ય ઋષિઓ અને રાજાઓ પણ અત્યંત ઉત્તરમાંથી સિન્ધુ ઓળંગી આ દેશમાં આવ્યા હતા ત્યારે આ દેશના દશ્યુ આદિ કાળા લોકને જીતનાર એ ગોરાઓ હતા. આજ કાળા ગોરાનો, દેશી પરદેશીનો, જીતાયલા અને જીતનારનો, ભેદ છે તે પરાપૂર્વથી ચાલતો આવ્યો છે; પણ એ ભેદ માનનાર વર્ગ, ચોપટનાં સોકઠાં પેઠે, ઘડી ઘડી ઘર બદલે છે અને એક વર્ગનાં સોકઠાં બીજામાં જાય છે. પરદેશી ગોરા ઋષિઓ અને રાજાઓ, જુના શકાદિ યવનો, મુસલમાનો, અને પારસીઓ જુના ભીલોના આ દેશના દેશીયો થઈ ગયા છે અને હાલ પરદેશી ગણાતા ઇંગ્રેજો પણ દેશી થઈ જશે. કાળ દેશીપરદેશીના ભેદ આમ ભુલાવે છે; અને એ ભેદ ભસ્મસાત્ થતાં સર્વ ભસ્મમાં જ વિભૂતિ હોય એમ એકદેશીય રંગનું જ ભાન ધરી, આગળ નવો દેશી મુસલમાન સીપાઈ, પાછળ જુના દેશી રજપુતો, અને તેની પાછળ અત્યંત પ્રાચીન દેશી ભીલો—એમનું મંડળ, સઉથી જુદા પડતા પણ સઉની રાજભક્તિના અને પ્રિયતાના સુપાત્ર મણિરાજની આશપાસ અને એના ચિત્તમાં એક થઈ જતુ, ચાલતું હતું.

મણિરાજના શરીરને તેની માતાએ રંગ અને કાન્તિ આપ્યાં હતાં, અને પિતાએ બાંધો અને બળ આપ્યાં હતાં. એનો વર્ણ શુદ્ધ કનકગૌર હતો, પણ ક્ષત્રિયશૌર્યની લોહીની તપાયલા કનકના જેવી રતાશ એ ગૌરતામાં સ્પષ્ટ દેખાતી હતી. એના મુખની કાન્તિ કોમળ અને સુંદર હતી; છતાં, રાજપ્રતાપનો તાપ તે ઉપર એટલો બધો હતો કે એનું પદ ન જાણનાર માણસ પણ એની સાથે વાત કરતાં ડબાઈ જતું અને એને માન આપતું. આજ રજવાડામાં કેટલેક સ્થાને પિતાપુત્રભાવનો સંદેહ ગુપ્તપણે કે પ્રકટપણે હોય છે, પણ જે વૃદ્ધોએ યુવાન મલ્લરાજના ગુણ અને આકાર

જોયા હતા તેઓ તો ઘરમાં અને મિત્રમંડળમાં એમ જ કહેતા કે મણિરાજ જેમ જેમ વયમાં વધે છે તેમ તેમ મલ્લરાજનું અપ્રતિહત ભાન કરાવે છે. સિંહગતિથી પગલાં ભરે, ગંભીર મેઘનાદનું બોલતાં ભાન કરાવે, અને પરિચય પડે તેમ તેમ સ્વભાવવૃક્ષનું ઉગવું થાય, તે સર્વમાં મલ્લરાજની યુવાવસ્થાનું પ્રતિબિમ્બ પડતું. સુંદરગિરિનો એક યોગિરાજ મલ્લરાજના મૃત્યુના સમાચાર જાણતો ન હતો તેના દર્શનને વાસ્તે મણિરાજ પ્રથમ ગયા હતા ત્યારે પ્રથમ પ્રસંગે યોગિરાજે તો એને "મલ્લરાજ !" કહીને સ્વાગત આપ્યું હતું. રાજગુરુ પ્રસન્નનાથ તો પ્રાતઃકાળે શય્યા ઉપરથી ઉઠતાં નિત્ય મલ્લરાજ ને મણિરાજનાં પવિત્ર નામ સંભારી કાલિદાસનો શ્લોક ભણતા કે

रूपं तदोजस्वि तदेव वीर्यं
तदेव नैसर्गिकमुन्नतत्वम् ।
न कारणात्स्वाद्बिभिदे कुमारः
प्रवर्तितो दीप इव प्रदीपात् ॥*

મણિરાજ તેના પિતા પેઠે સાધારણ ઉંચા પુરુષો કરતાં પણ અર્ધો વ્હેંત ઉંચો હતો, અને તેની સાથે શરીર પણ સાધારણ પુષ્ટ હતું એટલે આજના કેટલાક રશિયન લોક આવે છે તેના જેવી ઉંચાઈ પ્હોળાઈ હતી. રામ, કૃષ્ણ, અને પાંડવ, આદિ પ્રાચીન કાળના પુરુષો પણ ઓછામાં ઓછા આટલા ઉંચા હશે એમ વિદ્યાચતુર કહેતો. સ્વાભાવિક રીતે સ્ત્રી નીચી અને પુરુષો ઉંચા હોય ત્યારે કેટલીક મડમોનાં શરીરઆગળ આપણા પુરુષોને લજ્જાસ્પદ થવું પડે એમ હોય છે, તો સાધારણ રીતે સાહેબ લોકો આપણા કરતાં શરીરે પણ ઉંચા પ્હોળા અને બળવાળા હોય એમાં કાંઈ નવાઈ નથી. પણ મણિરાજનું શરીર તો યુરોપિયનોનું પણ માન મુકાવતું, અને એના બીજા ગુણ તો તેઓ જાણે ત્યારે જાણે પણ પ્રથમ દૃષ્ટિપાતે જ એનું ક્ષાત્ર શરીર જોઈએ લોક પ્રસન્ન થતા અને એને માન આપવા પ્રેરાતા. वपुर्व्यूढोरस्कं ननु भुवनरक्षाक्षममिदं એ કવિવાક્ય સત્ય પડતું હોય તેમ મણિરાજની વિશાળ છાતી દેખી તેની પ્રજાને પોતાના

---

* "એ રૂપનું ઓજ જ ! વીર્ય એ જ !
"એ લેઈ ર્હ્યો ઉન્નતતા સ્વભાવે !
"એ બીજ-પિતાથી ન ભિન્ન પુત્ર
"દીવાથી દીવો પ્રકટ્યો જ જાણે !"

રાજાનું અભિમાન આવતું. ગુણસુંદરીના ઉતારા પાસે એ આવે છે ત્યાર પ્હેલાં તો એને જોઈ, એનું અભિમાન આણી, કંઈ કંઈ લોક એનો રસ્તો રોકનાર મળ્યા. ચારણ અથવા એવી જ કોઈ વર્ણની, કાળી પણ બળવાળી, કદ્રુપી પણ ઉંચી અને આંખમાં રાજભક્તિથી ભરેલી, ચારેક મનહરપુરીની સ્ત્રીયો, ભીંડમાંથી આગળ નીકળી આવી, મણિરાજના સામી ઉભી રહી, હાથ ઉંચા કરી, ઓવારણાં લેતી, મ્હોટે પણ વીરસ્વરે ગાવા લાગી અને તેમાં સ્ત્રીકંઠનો લલકાર ભરવા લાગી.

"પધારો! પધારો રે! મહારાજ મણિરાજ રે!
"મહારાજ મણિરાજ! (ધ્રુવ)

"મ્હોંડે મુંછ ઉગે હજી રે, પણ સાવજનું બાળ!
"મૃગયા રમવા ચ્હડતો ત્યારે જાણે જ એ જમરાજ રે!
મહા૦ ૧

"ધરતી બધી ધ્રુજતી રે એવો ચરણનો ધબકાર,
"સાવજ પેઠે પગલું ભરે ત્યાં સાવજ ભાગી જાય રે!
મહા૦ ૨

"જાળવે મલ્લરાજની ગાદી મલ્લ મણિરાજ,
"જીવજો! જીવજો!–એમ કરે વસ્તી બધી પુકાર રે!
મહા૦ ૩

"જીવજો! જીવજો! જીવજો! જીવજો! કરે પવન પુકાર રે!!
મહા૦ ૪

સ્ત્રીયો ગાતી જાય, ઓવારણાં લેતી જાય, અને આંગળીના ટચાકા ફોડતી જાય. ગાઈ રહી કે આશીર્વાદ દેઈ સ્ત્રીયો રસ્તાની એક પાસ પાછી હઠી ખસી ગઈ અને મહારાજને માર્ગ આપ્યો.

"ભૈરવી! ત્હારી આશિષ મને પ્હોંચી ગઈ. ક્હે ત્હારા છોકરા "ખુશીમાં છે?" મહારાજના મુખમાંથી સ્વર નીકળતામાં સ્ત્રીના પુત્રોનું ટોળું પાછળથી આગળ આવ્યું, અને ભૈરવીનો પુત્ર પૃથ્વી ઉપર નીચો પડી સલામો કરતો બોલ્યો:

"મહારાજ, જેના રાજ્યમાં સસલાં અને હરણસરખાં ખુશીમાં "ફરે છે તેને ત્યાં ભૈરવીના દીકરા ખુશીમાં હોય એમાં તો પુછવું "શું?–આ મ્હારા ભાઈઓ." સર્વ પ્રણામ કરવા લાગ્યા.

"કેમ બાપુ, તમારો હાલનો તલાટી કેવો છે?" મણિરાજે પુછ્યું.

"વાહ, મહારાજ, આપે અમારે સારુ ચિંતા કરી ત્યાં શું કહેવું? "એ તલાટીને નિત્ય અહીયાં જ રાખજો."

ભૈરવી આગળ આવી બોલીઃ "દીકરા, હજી તને બરોબર બોલતાં "ન આવડ્યું; એમ કહે કે **આવા** તલાટી અમને નિત્ય આપજો એટલે "તલાટીના ગુણ પણ ગવાય અને એનું આગળ ઉપર કલ્યાણ કરવાની "ભલામણ પણ થાય. એ તલાટી આવો ભલો ને ચતુર છે તેને અહીંયાં "જન્મારો રાખે તો એ નોકરીમાં વધે ક્યારે?" પુત્રને આવી રીતે ઠપકો દેતી ભૈરવીને સાંભળી મણિરાજને કાંઈક સ્મિત થયું તે જોઈ ભૈરવી અચકીઃ "મહારાજ, કૃપા કરો. અમો ગામડીયાનાં બાળક "આવું ગાંડુંઘેલું જ બોલે, પણ આપના રાજ્યમાં અમારે બહુ સંભાળ "રાખવી પડે છે. કોઈ અમલદારનું જરાક ઘસાતું અમારે મ્હોંયેથી "બોલાય છે એટલે તરત આપ રોગ પરખવા પાછી તપાસ કરો છો અને "અમારાં વચનમાં સત્ય જણાય તો આપના ગમે તેવા વ્હાલા અમ-"લદારને પણ શિક્ષા કરતાં રજ વાર લગાડતા નથી. ત્યારે એવા "રાજ્યમાં કોઈનું જરીક વાંકું બોલતાં વિચાર કરી, સો ગળણે ગળી "પાણી પીયે નહી તો બોલતાં બોલતાં પાપ લાગે."

"ત્યારે, ભૈરવી, કેવું રાજ્ય હોય તો તને ગમે?" મણિરાજે હસીને પુછ્યું.

ભૈરવી અકળાઇને બોલીઃ "મહારાજ, જુવો, વળી આ મ્હારાથી "બોલતાં ભુલ થઈ. મહારાજ, રાજ્ય તો છે એવું ને એવું જ રાખજો, "પણ અમારે લીધે કોઈને શિક્ષા કરો તો અમને તેનો નીસાસો "લાગે, અને તમારી પાસે બોલાઈ જતાં વધારે ઓછું બોલાતાં તમે "ખરી વાત જાણી જાવ છો!"

"ત્યારે ત્હારે મ્હારી પાસે ખરું બોલવાનું નહી?"

"ના બાપજી, જો જો પાછો એવો અર્થ લેતા. આપનાં તો અમે "છોરુ, તે આપની પાસે સાચું બોલીયે તે તો શી નવાઈ?–પણ આપ-"નાથી તો કાંઈ સંતાડવું પણ ન જોઈએ. પણ અમલદારોની તલાસ "કરી તેને શિક્ષા કરતાં દયા રાખજો, આપના શીકાર કરતાં આપના "અમલદાર ગયા?"

"ભૈરવી, એ શું કહ્યું?"

"હા, સિંહને મારીને આપ રડો છો કે આને માર્યો તો "આપના અમલદારોને શિક્ષા કરતાં તો દયા આણવી જ જોઈએ." છોકરાના સામું જોઈ ભૈરવી બોલી: "બોલ, છોરા બોલ. પેલું જોડ્યું "છે તે બોલી લે."

ભૈરવીનો પુત્ર પ્રીતિથી ને ઉલ્લાસથી બોલવા લાગ્યો:

"તરવાર કડે,* બન્દુક કરે, ધરતો ધરતીપતિ તાકી જ જ્યાં,
"વનરાજ ઉભો પળ જોઈરહે, વનમાં અંહીં આ શૂર માનવ ક્યાં?
"માનવ ક્યાં? અંહી માનવ ક્યાં? કંઈ એમ વિચાર કર્યો ન કર્યો,
"દીઠી–દીઠી ન–ગોળી ગઈ શિરમાં, વનરાજ, તીહાં જ ઠર્યો જ ઠર્યો.
"જીવતો મરતો ન કળાય પશુ, હલકારક દૂર ઉભા ડરતા,
"મણિરાજ ભરે ડગ, ના જ ધરે ડર, સિંહશિરે જ ધર્યા કર આ!
"વનરાજતણો જમરાજ મણિ વનરાજની પાસ ઉભો રડતાં,
"વનરાજ ગયો! શૂર, હાય, ગયો! વન શૂન્ય હવે વનરાજ જતાં."

પુત્ર બોલી રહ્યો કે ભૈરવી બોલી: "મહારાજ, વધારે બોલીયે તો "કાંઈ ગાંડું ઘેલું બોલાઈ જવાય. માટે હવે તો આ અમારા આ સુખ-"શંકર મહારાજ શાસ્ત્રની બે વાત બોલે તે સાંભળો."

સુખશંકર આગળ આવી બોલવા લાગ્યો: "મહારાજ સિંહણ "પાસે તેનાં બચ્ચાં ગેલ કરી રહ્યાં હોય તેમને સ્પર્શ કરનારની જે "દશા થાય છે તે આપની નિર્દોષ પ્રજાને કનડનારની થાય છે એ "યોગ્ય છે. રાજાપ્રજાની પરસ્પર પ્રીતિ એવી જ જોઈએ. પણ એ "બીચારા તલાટીની હવે સઉને દયા આવે છે."

"બદલી થયા પછી તલાટી તમારી પાસે આવી ગયો હશે?"

"ના, બાપજી. એમ કાંઈ એની છાતી ચાલે એવું આપનું રાજ્ય "છે? પણ આ બાઈનું જ કાળજું બળે છે."

"કેમ, ભૈરવી, ત્યારે તું એવી ઇચ્છા રાખે છે કે એ તલાટી ઉપર "પાછી દયા કરવી જોઈએ?"

"હા, બાપજી," ભૈરવી મલકાઈને બોલી.

"બહુ સારું. એમ થશે."

---

* કડ = કેડ.

ભૈરવી મણિરાજને પગે પડી અને ઉઠી ખસી ગઈ. મણિરાજ ચાલવાનું કરે છે ત્યાં આ સઉ જોઈ રહ્યો હતો એવો એક લંગોટીયો ગોસાંઈ હાથ ઉંચો કરી વચ્ચે આવ્યો ને બોલ્યો:

"દેખો, મહારાજ, રાજકી પાસ રિક્તપાણિ નહી જાના ઐસા
"શાસ્ત્રકા બચન હય, ઔર આપને તો હુકમ કીયા હય કે અમારી
"પાસ કીસીને નજરાણા કરના નહી તો ફીર ક્યા કરે? એક પાસસે
"શાસ્ત્રકા ઉલ્લંઘન હોવે ઔર દુસરી પાસસે રાજાકા આજ્ઞાભંગ હો જાવે
"તો પીછે આપકી પાસ આનેમે બડા સંકટ પ્રાપ્ત હો જાતા હય."–

મણિરાજને હસવું આવ્યું અને બોલ્યો: "સાધુદાસજી, આપકુ
"તો હમ ભેટ કરે ઔર ગોસાંઈકી પાસસે તો માત્ર આશીર્વાદ લેનેકા
"મેરેકું અધિકાર હય."

"અચ્છા, મહારાજ. લેકીન ઈતના ગોપીચંદનકા તો સ્વીકાર કરના
"ચઈએ. શ્રી ઠાકોરજીકી પ્રસાદી હય ઔર રિક્તપાણિ આના નહી ઉસ લીયે
"હમને આશીર્વચન અબ ગુજરાતી કબીતમે તયાર કીયા હૈ સો લે લો."

"બોલો, સાધુદાસ."

ઉંચો, લંગોટી વગર કાંઈપણ વસ્ત્ર વગરનો, આખે શરીરે ગોપીચંદન ચોળી ઉભેલો, ગોસાંઈ તરતી નસોવાળા ઉંચા હાથ કરી બોલવા લાગ્યો:

"શૂર ખરો ને ખરી દયા, મહારાજ મણિરાજ!
"શરણ સંતના! જોઈ તને થરથર દુષ્ટ–સમાજ!
"પ્રીતિ ખરી ને ભય ખરું! મહારાજ મણિરાજ!
"સજ્જનવત્સલ નામ શુણી, થરથર દુષ્ટસમાજ!
"થરથર દુષ્ટસમાજ નામ શુણતામાં થાતા!
"ધરી આશા દેઈ આશિષ સંત અંતર મલકાતા.
"તે આશિષને આશરે મણિરાજરાજ્ય જુગ જુગ તપો!
"ચતુર ચતુર તુજ સારથિ રથ તુજ લેઈ રણમાં ધપો."

રામચંદ્ર આગળ સામળ કવિએ વાનર અંગદ પાસે કવિત બોલાવ્યાં છે એમ મણિરાજ પાસે ગોસાંઈ આ કવિત ગાઈ રહ્યો ત્યાં એની દૃષ્ટિમાં એમ લાગ્યું કે મ્હારી પાછળ કોઈ ઉભું રહ્યું છે તેના ઉપર મહારાજ દૃષ્ટિ કરી રહ્યા છે. ગોસાંઈ પાછળ જુવે છે તો ફુલનો થાળ હાથમાં લેઈ બાળક કુસુમસુંદરી સીપાઇઓ સાથે ઉભી રહેલી અને જોડે ચંદ્રકાંત ઉભેલો. પ્રધાનકન્યા ક્યારની આમ ઉભી હતી તેનું ભાન થતાં ગોસાંઈ શરમાયો અને આઘો ખસી જઈ બોલ્યો; "કુસુમબ્હેન, આગળ આવો, મહારાજને પુષ્પે વધાવો."

ઉંચા પર્વત પાસે આઘેથી કોમળ અને સ્મિતમય સુંદર ઉષા[1] આવવા લાગે તેમ કુસુમ થાળ લેઈ મહારાજ મણિરાજ પાસે ધીમે ધીમે આગળ આવી.

ન્હાની સરખી નદી આગળ નીચો નમી આકાશનો ઉંચો મેઘ ધારારૂપી હાથ નદી સુધી લાંબા કરે તેમ મણિરાજે કુસુમના હાથમાંનો થાળ નીચાં નમી પોતાના હાથમાં લીધો, એક હાથમાં તે થાળ રાખી બીજે હાથે એક અંજલિ ભરી પુષ્પ ચંદ્રકાંતને આપ્યાં, બીજી અંજલિ ભરી કુસુમની અંજલિમાં આપ્યાં, ત્રીજી અંજલિ ભરી પોતે સ્વીકાર્યાં, અને બાકીનાં પુષ્પસમેત થાળ જોડે ઉભેલા રાજપુત્રને આપી સહચારીઓમાં અને વસ્તીમાં વ્હેંચવા આજ્ઞા આપી. આ સર્વ ક્રિયા તેના હાથ કરતા હતા તે જ સમયે જેમ હાથમાંથી પુષ્પ અપાતાં હતાં તેમ મુખમાંથી સ્મિત અને અક્ષર ચાલતા હતા. “ચંદ્રકાંત, તમે ક્યાંથી ? “ક્ષમા કરજો, તમે પાછળ ઉભેલા એટલે મ્હેં દીઠા નહી. કુસુમબ્હેન, “તમારાં માતુઃશ્રીએ બ્હારવટીયા પકડાયાના શુભ સમાચાર જાણ્યા “હશે – કુમુદબ્હેન થોડી વારમાં આવશે.”

નીચું જોઈ લજ્જાભરી બાળા બોલી; “સર્વ મહાપુરુષો તો દર્શન “આપી પછી કૃપા કરે છે પણ આપનાં પગલાંનો ચમત્કાર તો પગલાં “થયાં પ્હેલાંથી જ જણાય છે. મહારાજ ! ગુણીયલે કહાવ્યું છે કે

“उदेति पूर्वं कुसुमं ततः फलं
“घनोदयः प्राक्तदनंतरं पयः
“निमित्तनैमित्तिकयोरयं क्रम-
“स्तव प्रसादस्य पुरस्तु संपदः ॥”*

“મહારાજ, આ સંદેશો કહાવતાં કહાવતાં ગુણીયલે આનંદ કે “ઉપકારનાં આંસુ પાડ્યાં છે તે હું મ્હારા ભણીથી આપને વિદિત કરું છું.”

મણિરાજ અને ચંદ્રકાંત ઉભયને આ સાંભળી પોતપોતાના નેત્રમાં કાંઈક જળ જણાયું. “કુસુમબ્હેન, ગુણીયલબાને કહેજો કે એ તો “તમારા ગુણનું પુણ્યફળ છે. ઈશ્વર સદ્‌ગુણને કસેછે પણ અંતે ફળ “આપતાં ઉદાર થાયછે.”—“ચંદ્રકાંત, માતાનો સ્નેહ અપૂર્વ છે.”

---

૧. મળસ્કું

* ઉગે કુસુમ પ્હેલું, ફળ પછી જ થાય,
ઉગે મેઘ પ્રથમ, વૃષ્ટિ પછી જણાય,
નિમિત્ત પુઠે નૈમિત્તિક ક્રમથી આવે:
સુકી કૃપાની આગળ સંપત્તિ; તે તો આપે ! !
( અત્રે આપે–એટલે તમે )  —કાલિદાસનું શાકુંતલ.

" કુમુદસુંદરીનું અમંગળ ગયું જાણી ગુણસુંદરીબાને અતુલ આનંદ
" થયો હશે અને મ્હારા ઉપર પણ હું ન્હાનો હતો ત્યારથી મ્હારાં
" માતુઃશ્રી જેટલી પ્રીતિ રાખેછે. કુસુમબ્હેન, ગુણસુંદરીબાને ક્હેજો
" કે પ્રધાનજી પણ થોડીવારમાં આવશે. ક્હો, પણ આટલી વાર સુધી
" છેક પાછળ કેમ ઉભાં રહ્યાં હતાં?"

કુસુમ મ્હોં મલકાવી બોલીઃ "મહારાજ, પિતાજીએ એક પ્રસંગે
" વાત કહી હતી કે આપને મહાભારતના શાંતિપર્વમાં ભીષ્મપિતામહે
" કરેલા ઉપદેશ અતિ પ્રિય છે, અને તેમાંનું એક વાક્ય તો આપને
" પ્રિયતમ છે તે વાક્ય મને સાંભરી આવ્યું, અને તે વાક્યનો ઉપદેશ
" પાળતા આપને જોવાનું મને મન થયું, અને તેની સાથે એમ પણ
" વિચાર થયો કે એ આજ્ઞા મહારાજ પાળતા હોય તેવે પ્રસંગે વચ્ચે
" આવવાથી આપની આજ્ઞાના ભંગ જેવું થાય."

"એમ? એ કીયું વાક્ય? બોલો જોઈએ!" મણિરાજે આતુરતાથી પુછ્યું.

આ રમ્ય વિનોદ-નાટકમાં પાત્રોપર સર્વ મંડળ આતુરતાથી દૃષ્ટિ કરી રહ્યું. સર્વ લોક સ્તબ્ધ થઈ એક ટશે જોઈ રહ્યા. ઓસરીના ઓટલા ઉપરના ચકમાંથી ગુણસુંદરી અને સુંદરગૌરી, અમૃતપાન કરવાનો પ્રસંગ હોય તેમ, પુત્રીના મુખ સામી પ્રિયદૃષ્ટિ ભરવા લાગ્યાં. ચંદ્રકાંત મનમાં અકળાયોઃ "ઓ સરસ્વતીચંદ્ર, ત્હારું ભાગ્ય ક્યાં ફુટ્યું છે? કોણ જાણે
" ક્યાં અત્યારે જાતે આથડે છે અને મને અથડાવે છે!--આ રત્ન જો તો
" ખરો!--અરેરે! પણ ત્હારે બ્રહ્મચારી ર્‌હેવું છે ને આને મીરાંબાઈ
" થવું છે! એ જોગ ક્યાં ખાશે! મ્હારી વકીલાત તમે બે જણે મળી
" વાંધામાં પાડી છે."

મહારાજ પાસે વધારે બોલવા પ્રયત્ન કરતાં મુગ્ધ કન્યાના ગાલ ઉપર ગુલાબી રંગના શેરડા પડી ગયા, નયનકળી પળવાર મીંચાયા જેવી લાગી, અને અંતે પાંદડાંના આચ્છાદનમાંથી અચીન્તી ફુલની કળીયો ફુટવા માંડે તેમ દંતફલિકાઓ દેખાઈ અને કુસુમ શ્લોક બોલીઃ

" पुत्रा इव पितुर्गेहे विषये यस्य मानवाः ।
" निर्भया विचरिष्यन्ति स राजा राजसत्तमः ॥*

"મહારાજ! આપ જેવા પિતાની પાસે આપની પ્રજા આવી
" ઉભી ર્‌હે અને આપ તેને લાડ લડાવો એ સુંદર દેખાવ જોવાનું તે
" મને મન કેમ ન થાય?"

---

* પિતાના ઘરમાં પુત્રો ફરતા હોય તેમ જે રાજાના રાજ્યમાં મનુષ્યો નિર્ભય ફરે તે રાજા રાજાઓમાં શ્રેષ્ઠ.

મણિરાજનો અંતરાત્મા પ્રસન્ન થયો. કુસુમને રજા આપી ચંદ્રકાંતને સાથે લેઈ, તેની સાથે વાર્તાવિનોદ કરતો કરતો મહારાજ મણિરાજ ચાલ્યો અને માર્ગમાં ચંદ્રકાંતની સાથે શાંતિપર્વની સ્તુતિ કરવા લાગ્યોઃ "ચંદ્રકાંત, સત્ય પુછો તો આવા ગંભીર શબ્દમાં રાજા-"ઓને ઉપદેશ કરેલો મ્હેં બીજે સ્થળે વાંચ્યો નથી. તમે તો ઘણાં "પુસ્તક વાંચ્યાં હશે. તો ક્‌હો, રાજધર્મ અને રાજકાર્યનું તત્ત્વ આ "શ્લોક કહુંછું તેના જેવું બીજે ક્યાં છે?"

"भवितव्यं सदा राज्ञा गर्भिणीसहधर्मिणा
"कारणं च महाराज शृणु येनेदमिष्यते ॥
"यथा हि गर्भिणी हित्वा स्वं प्रियं मनसोऽनुगम्
"गर्भस्य हितमाधत्ते तथा राज्ञाप्यसंशयम् ॥
"वर्त्तितव्यं कुरुश्रेष्ठ सदा धर्मानुवर्त्तिना
"स्वं प्रियं तु परित्यज्य यद्यल्लोकहितं भवेत् ॥

"મ્હારા શયનખંડમાં અને વ્યવહારખંડમાં સોનેરી અક્ષરે આ "શ્લોક મ્હેં કોતરાવી રાખ્યા છે."

આ વાર્તાવિનોદ કરતા કરતા મણિરાજ અને ચંદ્રકાંત અદૃશ્ય થયા. તેમની પાછળ અનુયાયી વર્ગ પણ અદૃશ્ય થયો. ગામને બીજે છેડે તંબુ તાણ્યા હતા ત્યાં સઉ ગયા. આણી પાસ કુસુમસુંદરી લીલાભરી પાછી ગઈ અને મા અને કાકીની પાસે ઉભી. કાકીને શૃંગાર–અલંકાર-ભરી ભત્રીજી વ્હાલી લાગી, અને મણિરાજ પાસે મધુર અને ચતુર વાર્તા કરી આવી તે ચિત્રની મુદ્રાના આવેશમાં સુંદરગૌરી કુસુમને બળથી છાતી સરસી ચાંપવા લાગી અને નીચી વળી એને એક ચુંબન પણ કરી દીધું. ગુણસુંદરી આ બેના યોગ ઉપર આનંદથી જોઈ રહી અને તેમને એકટશે જોતાં જોતાં મનમાં બોલીઃ "ઘડી ઉપર અતિશય દુઃખ હતું, ઘડીમાં આનંદ થઈ ગયો; "શો આ બે જણને આનંદ થઈ ગયો છે? ઈશ્વરની ગતિ ન્યારી છે."

---

*"રાજાએ સદા ગર્ભિણીના જેવો ધર્મ પાળવો. જે કારણથી આવું "ઇષ્ટ છે તે, હે મહારાજ, સાંભળો. જેમ પોતાના મનને અનુકૂળ નિજ "પ્રિયનો ત્યાગ કરી ગર્ભિણી ગર્ભનું હિત ધારેછે તેમ, હે કુરુશ્રેષ્ઠ, ધર્મનું "અનુવર્તન કરનાર રાજાએ પણ પોતાનું પ્રિય હોય તેનો તો ત્યાગ જ કરીને "લોકનું જે જે હિત હોય તે નિઃસંશય કરવું."—મહાભારતમાં શાંતિપર્વમાં ભીષ્મપિતામહે યુધિષ્ઠિરને કહેલું વચન.

ખરેખર ઈશ્વરની ગતિ ન્યારી જ નીવડી. દુઃખ પછી સુખની ને સુખ પછી દુઃખની ઘડી ઉભી હોય, કુસુમરૂપ–આનંદમૂર્તિને વિધવા કાકીરૂપ શોકમૂર્તિએ જ અલક્ષ્યસૂચક ચુંબન કર્યું હોય, તેમ માનચતુરની સાથેના બે સ્વારે સુભદ્રા આગળથી ઘોડાને મારી મુક્યા હતા તે વીજળીની ત્વરાથી ગુણસુંદરીના ઓસરી ભણી ઘોડા દોડાવતા આવ્યા અને એકદમ ઉતરી, અંદર આવી, શ્વાસ અને દુઃખભર્યે મ્હોંયે કુમુદસુંદરી નદીમાં તણાયાના સમાચાર ક્હેવા લાગ્યા. સમાચાર ક્હેવાઈ રહ્હેતા સુધી સર્વ પ્રતિમાઓ પેઠે રહ્યાં અને તે પછી શોકની આગ આખા ઘરમાં ભભુકવા લાગી. ગુણસુંદરી બેઠી હતી ત્યાંની ત્યાં લમણે હાથ દેઈ જડ થઈ ગઈ અને બોલ્યા ચાલ્યા વિના નેત્રમાંથી આંસુ ઉપર આંસુ સારવા લાગી. ગરીબ સુંદરગૌરી સામી બેસી મ્હોં વાળવા લાગી: "ઓ મ્હારી કુમુદસુંદરી "રે! બેટા, આ શો કેર કર્યો? ઓ બ્હેન–મ્હારી ઉછેરેલી–મ્હારી લડા– "વેલી–હું દુઃખીયારીની દીકરી! આ દોહ્યલું તે કેમ વેઠાશે!" બાળક પણ સમજણમાં આવેલી કુસુમે હજી તો શ્રૃંગાર ઉતાર્યા ન હતા તે પણ આ અચીંત્યા દુઃખના ભાર નીચે શ્રૃંગારસમેત ડબાઈ. માની પાસે–માની સામે–બેસી પડી–માની હડપચી ઝાલી કુસુમ રોતી રોતી ક્હેવા લાગી; "ગુણીયલ, તું કેમ આમ ઢીલી થઈ ગઈ? આપણે તો છત્રની છાયામાં "છીયે તે કેમ ભુલી ગઈ? મહારાજને ક્હાવ તો ખરી. વડીલ બ્હેનને "લીધા વગર નહી આવે! પિતાજી હમણાં આવશે.—અરેરે! ત્હારું "ધૈર્ય ગયું!" ઘરમાં પરિવારમાં પુછાપુછ અને રડારોળ થઇ રહી. અંતે કુસુમ ઉઠી, ઓસરીબ્હાર જોવા લાગી, અને જુવે છે તો કુમુદસુંદરીના ગાડીવાને મોકલેલો સ્વાર હાથમાં પોટકું રાખી ઘોડો દોડાવતો આવતો દૂર દેખાયો, અને દેખાતામાં કુસુમ બુમ પાડી ઘરમાં ગઈ: "ગુણી- "યલ, ઉઠ, ઊઠ. બીજો એક સ્વાર વેગભર્યો આવે છે!" સ્વારની વાત સાંભળતાં સર્વ પોતપોતાના શોકપ્રકાર તજી વેગથી ઓસરીમાં ગયાં અને બારણે જોવા લાગ્યાં. સ્વાર આવ્યો, ઉતર્યો, અને અંદર આવ્યો.

"કુમુદબ્હેન ઉગરી?" કુસુમે આગળ દોડી પ્રથમ પુછ્યું.

સ્વાર દીન મુખે બોલ્યો: "ઈશ્વર કરે તે ખરું. ગુણસુંદરીબા, "બ્હારવટીયાઓમાંથી બ્હેન ઉગર્યાં ત્યારે નદીમાં તણાયાં. એમની "ગાડીમાં આ એમની પોટલી હતી તે ગાડીવાને મોકલી છે. વડીલ અને "બીજું મંડળ બ્હેનની પાછળ દોડ્યું છે તેની વાટ જોતો ઉભો છે."

ગુણસુંદરીને આંખમાં આંસુ માતાં ન હતાં. એણે પોટલી તો લીધી પણ રંક મુખ કરી સ્વારને પુછવા લાગી: "ભાઈ, કાંઈ પત્તો લાગે એમ

"છે? એનો કાગળ કાલ જ આવ્યો હતો ને એના પેટમાં મ્હારી સાથે
"કાંઈ કાંઈ વાતો કરવાની હશે તે સઉ એમની એમ રહી!"

"ગુણસુંદરીબા, હવે ગભરાવું નકામું છે. નદી કોઈના હાથમાં "નથી, પણ તમારે પુણ્યે સારાં વાનાં થશે એમ આશા રાખજો. નીકર "બ્હારવટીયાઓમાંથી ઉગરવું સ્હેલું ન હતું. પણ જેને રામ રાખે "તેને ગામ શું કરે? ઈશ્વરની દયા છે ને તમારું પુણ્ય છે. ગાડીવાન "બીચારો રડતો હતો અને ક્હેતો હતો કે સાસરામાં બ્હેન લક્ષ્મીજી "પેઠે પૂજાતાં હતાં. પુણ્યશાળીનાં છોરુ પુણ્યશાળી જ હોય! ઈશ્વર "આવાં બે ઘરમાં તાળાં નહીં વાસે!"

ગુણસુંદરીનું હૃદય આથી તૃપ્ત થયું નહી. પોતાની ખરેખરી યુવાવસ્થાનું પ્રથમ ફળ, કુટુંબના અસહ્ય ભારને સમયે લોકાચારને વશ રહી જેને લાડ સરખું લડાવ્યું ન હતું અને તેની ખરી અનાથ બાલ્યાવસ્થામાં મા વગરની હોય એવી રીતે તેને સુંદરની પાસે નાંખી મુકી જેની પોતે કાંઈ પણ સંભાળ લીધેલી ન હતી એવી, સુશીલ રંક સ્વભાવની બાળકી, જેણે કોઈ દિવસ કોઈના સામો ઉચ્ચાર સરખો ક્હાડ્યો ન હતો, જેને હીનભાગ્યે સરસ્વતીચંદ્ર સરખા વરે ત્યાગ કર્યો અને પ્રારબ્ધે કરાવેલી ઉતાવળને બળે પ્રમાદધનની સત્તામાં ફેંકી દીધીઃ આવી પુત્રીના ગુણ અને દુર્ભાગ્ય સંભારી સંભારી ગુણસુંદરી પળવારમાં દુઃખીયારી થઈ ગઈ અને જગતમાં કશાથી પણ હવે સુખ થવાનો સંભવ ન લાગ્યો. નદીમાંથી પાછી આવે એ આશા નિષ્ફળ લાગી. લંમણે હાથ દેઈ બારણાં વચ્ચે તે બેઠી, અને એને શી રીતે શાંત કરવી તે કોઈને સુઝયું નહી. બેઠી બેઠી તે માત્ર અત્યંત ધીમે સ્વરે રોવા લાગી અને મ્હોં વાળી ભરાઈ આવેલું હૃદય ખાલી કરવા લાગી.

"ન મ્હેં લડાવ્યાં લાડ, પુત્રી,
"દુઃખમાં દીધો ભાગ રે;
"સુખ દેવા મને મળ્યું ન, પુત્રી,
"માગ, માગ, કંઈ માગ રે!
"હાય! હાય રે! કુમુદ મ્હારી મીંચાઈ! ૧
"ન્હાનપણેથી કરી નમાઈ,
"નિર્દય મ્હારી જાત રે!
"દયા ન આણી મ્હેં તો કાંઈ,

"મુકયો મુસળધાર રે!
"હાય! હાય રે! કુમુદ મ્હારી કચરાઈ! ૨
"દીકરી મ્હારી! તું બહુ ડાહી!
"મનમાં મનના સમાવી રે!
"વરાળ સરખી ત્હેં નથી કહાડી,
"માને પણ ત્હેં વાહી રે!
"હાય! હાય રે! કુમુદકળી કરમાઈ! ૩
"માથી વ્હાલી કરી નદીને,
"દીકરી ક્યાં ગઈ મ્હારી રે?
"કાળજડે મુજ કટાર દઈને
"નદી કરી ત્હેં વ્હાલી રે!
"હાય! હાય રે! કુમુદ મ્હારી ક્યાં તું ગઈ?" ૪

ઘડીવાર દુઃખી માતાએ માથું નાંખી દીધું. અંતે હૃદય ખાલી થતાં ધૈર્ય આવવા લાગ્યું, અને આંસુ લોહી નાંખી, બોલીઃ "કુસુમ, ગાંસડી "છોડ, જોઈએ." કુસુમે ગાંસડી છોડી તો ઉપર જ વનલીલાનો કાગળ. તેમાં પ્રમાદધન, કૃષ્ણકલિકા, અને બીજા ક્ષુદ્ર માણસોની ખટપટના સર્વ વર્તમાન વનલીલાએ સાંભળેલા તે એણે લખ્યા હતા. એ પત્ર વાચતાં જ ગુણસુંદરીનાં નેત્ર ફરી ગયાં અને મનમાં પત્ર વાંચતાં વાંચતાં વચ્ચે મ્હોટે સ્વરે બોલીઃ "સુંદરભાભી, જો કુમુદ નદીમાં ડુબી હોય તો કસાઈને "ઘેરથી ગાય છુટી સમજજો! અરેરે! આ દુઃખ મને તે શી રીતે "જણવે?" વળી વનલીલાએ પત્રના છેલા ભાગમાં કવિતા જોડી કહાડી લખી હતી તે મનમાં એકવાર વાંચી–બે વાર વાંચી.

"મ્હારાં કુમુદ સલક્ષણાં બ્હેન, હરબડશો માં અધઘડી રે,
"તમને જાળવશે પરમેશ, ફરતી એની છાંયડી રે. ૧
"દુર્જન મુકે ન જાત–સ્વભાવ જાણે સઉ આંધળાં!
"એની આંખે આવે અંધારાં, પગે થાય પાંગળાં. ૨
"કાળકાની ફુટી આંખ, દીઠી ન એણે મને,
"પુઠ એની હવે મુકું નહી જ, ઘણું વ્હાલાં છો તમે. ૩
"વાંકો વાળ તમારો ન થાય, હૈયે ધૈર્ય ધારજો;
"એને કરીશ ફજેત ફજેત, શા છે એના ભાર જો? ૪
"જશે વાત પ્રધાનને કાન, દેવી બધું જાણશે,
"બોર બોર જેવાં આંસુ રાંડ વંઠેલી એ પાડશે. ૫

" બ્હેન અલક ખલકની પેઠ એનો પગ ટાળશે,
"ભોળા ભાઈનું છોડવી ભૂત તમોને બોલાવશે. ૬
" મ્હારા સમ જો રજ ગભરાવ; ચતુર વિદ્વાન છો;
" પ્રભુ ઉપર છે તમ જોર, પ્રભુનાં દાસ છો. ૭
**" સત્ય આખર છે તરનાર, જુઠાં જખ મારશે;**
**" વ્હાલી વનલીલાને સંભારી કુમુદ સમ પાળશે." ૮**

વાંચી, વિચાર કરી, ગુણસુંદરી બોલી ઉઠી: " સુંદરભાભી, ગજબ " થયો છે. ચંડિકાભાભીના જેવું દુઃખ કુમુદને જોઈ લ્યો." દીકરીના દુઃખથી માતાની આંખમાં ફરી આંસુ ઉભરાયાં.

" હં ! એ કુલથી તે એ કેમ વેઠાયું હશે ? ભાભી, એ દુઃખનું માર્યું " માણસ જીવ ફ્હાડી નાંખે હોં ! આ નદીમાં અમસ્તી પડી નથી, લ્યો ! " નક્કી, જાણી જોઈને એ દુઃખમાંથી છુટવા પડેલી ! ઓ મ્હારી બ્હેન ! " અમારે મ્હોંયે વાત કરવા જેટલી વાટ તો જોવી'તી ?" સુંદર પ્હીંડો જોતી જોતી દુઃખભરી બોલી અને બોલતાં બોલતાં એની આંખમાં વધારે આંસુ ભરાયાં, અને આંસુભરી આંખે વળી બોલી: " દુઃખ ખમવાને તો " મ્હારી પેઠે દુઃખમાં ઘડાયલાંનું જ ગજું હોય – પણ, ઓ મ્હારા કુલ, ત્હેં " તે આ વજ્રનો માર કેમ સહ્યો હશે ? બ્હેન, મ્હેં તો તને કદી રોતી " જોવાઈ નથી તે તને આ શું થયું હશે ?" કુસુમે પણ આંસુમાં આંસુ ભેળવ્યાં, અને અંતે આંસુમાં અનેવી ઉપરનો ક્રોધ ભેળવી ભમર ચ્હડાવી.

કાગળમાં બીજી વાતો લખી હતી તેના ઉપર તર્ક કરવામાં ગુણસુંદરી ગુંથાઈ. કુમુદ ઉપર આરોપ મુકવા પ્રમાદધનને સંકેત કરેલો જાણી મનમાં ધ્રાસ્કો પડ્યો. નવીનચંદ્રનું નામ વાંચી તે કોણ હશે એવો સહજ પ્રશ્ન ઉઠી શાંત થઈ ગયો. કુમુદ આવે તો એનાં સુખદુઃખ જાણવાની અને એનું સાંત્વન કરવાની પોતાની ઇચ્છા તૃપ્ત થાય એ વિચારથી માતા પુત્રીને મળવા આતુર બની ગઈ. હૃદયમાં એક પાસથી આ આતુરતા ઉભરાઈ જવા લાગી ત્યારે બીજી પાસથી નિરાશા મરણની પેઠે શૈત્ય આણવા લાગી. આ દ્વૈધીભાવ આજ સુધી વેઠેલાં સર્વ દુઃખ કરતાં વધારે અસહ્ય લાગ્યો.

કુમુદનું અમંગળ નિશ્ચિત થાય તો વનલીલાને રત્નનગરી બોલાવી, એની પાસેથી સર્વ જાણી, મરનારના મરણનો શોક સોગણો વધે અને હૃદયમાં કાંટા વાગે તો જ ગાય જેવી રંક અને નિર્મલ પુત્રીને કસાઈવાડે બાંધ્યાના મહાપાપનું પ્રાયશ્ચિત્ત થાય અને તે પ્રાયશ્ચિત્ત શોધવું જ એવો નિશ્ચય કર્યો. વર વિના સર્વ સાસરીયાં કુમુદ ઉપર પ્રીતિ રાખતાં હતાં તેનો

પણ વિચાર થયો અને તે વિચાર થતાં તેમના કુટુંબને કસાઈવાડાની ઉપમા આપ્યાથી મહાદોષ થયો એમ લાગ્યું. સૌભાગ્યદેવી, અલકકિશોરી, અને બુદ્ધિધન એ ત્રણ નામ સ્મરણવશ થતાં પવિત્ર નામોએ પવિત્રહૃદયમાં પવિત્ર પ્રીતિસંસ્કાર જગાડ્યા અને તેની સાથે મનનું દુઃખ ઓછું થઈ ગયું. તોપણ પુત્રીનું દુઃખ પાછું કાળા વાદળા પેઠે દૃષ્ટિ આગળ એકલું એક ખડું થયેલું હતું તે સ્પષ્ટ દેખાયું. એ દુઃખમાંથી છોડવવા વિદ્વત્તા અશક્ત નીવડી. હવે તો સર્વ દુઃખનો સાથી, હૃદયનો મંત્રી, મ્હારી ક્રિયામાત્રનો તંત્રી, આ દુઃખમાં સમાન અનુભવનો ભોગી, મ્હારો ચતુર આવે તો જ આ વિષમ દશામાંથી છોડવે એવો વિચાર ગુણસુંદરીને થયો, અને આ સંસાર, કોટિને પ્રસંગે એ પતિને દુઃખી સ્ત્રીનું હૃદય શોધવા લાગ્યું તેની સાથે દ્વાર આગળથી એક દાસી આવી ધીમે રહી કહી ગઈ કે પ્રધાનજી આવેછે. આ સાંભળ્યું કે સર્વ ઉઠ્યાં અને ગુણસુંદરીની દુઃખદશાની રાત્રિમાં ઉગતા ચંદ્રનાં કિરણ દેખાયાં. પતિનો સ્વરપણ બ્હાર સંભળાયો, અને અમૃત-પવનની અચીન્તી લ્હેર દુઃખી શરીરિણી ઉપર આવી.

न खलु दूरगतोऽप्यतिवर्त्तते
क्षणमसाविति बंधुतयोदितैः ॥
प्रणयिनो निशमय्य वधूर्बहिः
स्वरमृतैरमृतैरिव निर्ववौ ॥*

---

## પ્રકરણ ૩.

## મુંબાઈના સમાચાર, ધૂર્તલાલની શેઠ થવાની કળાઓ.

સરસ્વતીચંદ્રના શોધ સારુ ચંદ્રકાંત મુંબાઈથી નીકળ્યો તે પછી ત્યાં શું થયું તે સમાચાર જાણવાનો હવે અવસર છે.

પ્રિય પુત્રના વિયોગથી અને પોતે જ તેનું કારણ હતો તે જાણી વૃદ્ધ લક્ષ્મીનંદનના હૃદયમાં ઉંડો ઘા પડ્યો હતો. યુવાવસ્થામાં સ્ત્રીપુત્રાદિવિષયે નવો ઉત્સાહ હોય છે ખરો, પણ તે કાળનું

---

* માઘ ઉપરથી:

“દૂર ગયો પણ એ ક્ષણ ના ચુકે”
અમૃતલ્હેર સમા સખી-શબ્દ એ
પતિવ્રતા સુણતાં ઠરી, ત્યાં સુણ્યો
ગૃહની બ્હાર પ્રિયસ્વર તત્ક્ષણ.

લોહી મનને સ્થિતિ-સ્થાપક બળ આપે છે અને તે બળથી સ્ત્રીપુત્રને વિયોગે પણ દુઃખનો ઘા રુઝવાની આશા રહે છે. પણ જેમ જેમ વૃદ્ધાવસ્થાની ઋતુનો વા વાય છે તેમ તેમ મન પોચું થાય છે, અને જેમ જેમ સંસારના ત્યાગનો પ્રસંગ આવે છે તેમ તેમ યમરાજનાં પગલાંના ધબકારા દૂરથી સંભળાતા હોય અને વિયોગની કલ્પના ખડી થતી હોય તેમ વૃદ્ધોનાં હૃદય વૃદ્ધાવસ્થાના દંડરૂપ બાળકોના ઉપર લટકે છે અને તેમનાં સુખ-દુઃખનાં અનુમોદન તેમ અનુશોચન બળવાન થાય છે. વિદ્વાન બુદ્ધિમાન સરસ્વતીચંદ્ર જેવા પ્રિય પુત્રને સંભારી સંભારી વૃદ્ધ પિતા દિવસે દિવસે ક્ષીણ થતો ગયો અને પોતાનું અશેષ દ્રવ્ય તેને શોધવામાં ખરચવા તત્પર થયો. મુંબાઈ નગરીની પોલીસમાં, પરદેશમાં, પોતાના ઓળખીતા અમલદારો અને વ્યાપારીયોમાં પોતાના અનેક સેવકોમાં, અને અન્યત્ર જ્યાં સુઝયું ત્યાં લક્ષ્મીનંદન અત્યંત દ્રવ્ય વેરવા લાગ્યો, અનેક ઉપાયો યોજવા લાગ્યો, અનેક પુરૂષોની બુદ્ધિની સહાયતા લેવા લાગ્યો, અને પોતાના વ્યાપારનાં સર્વ યંત્ર ધૂર્તલાલને સોંપી જાતે રાત્રિદિવસ પુત્રના શોધની જ ચિંતામાં રહેવા લાગ્યો. અન્ન ઉપરથી તેની રુચિ ઉઠી ગઈ, નિદ્રા કરવાને ઠેકાણે રાત્રિના બબે ત્રણ ત્રણ વાગતા સુધી સુતો સુતો છત સામું જોઈ જાગ્યાં કરે, અને સર્વ કાળે પુત્રનું શું થયું અને તેને ક્યાં શોધું તે જ વિચાર કર્યાં કરે. તે કોઈની સાથે હોય ત્યારે તેનું મુખ ગરીબડું થઈ જતું અને આંખમાં પાણી ભરાઈ આવતું. એકાંત એકલો હોય ત્યારે બેઠો બેઠો અથવા સુતો સુતો આંખમાંથી જળની ધારા ચાલ્યાં કરે તે લ્હુવે પણ નહી. જ્યાં જાય ત્યાં પુત્ર વિના વાત નહી અને પુત્ર વિના વિચાર નહી. જ્યારે ત્યારે આંખ આગળ પુત્રનું મુખ તરે અને કાનમાં તેનાં સ્વરના ભણકારા વાગે. બે માસમાં તેના શરીરમાંથી માંસ રુધિર સુકાઈ ગયાં અને હાડકાં રહ્યાં. આંખમાંથી તેજ ગયું અને ડોળા ડગમગવા લાગ્યા. સર્વ કોઈ એમ જ ક્હેવા લાગ્યાં કે હવે ગમે તો શેઠ ઘેલા થઈ જશે કે ગમે તો એનો દેહ છુટશે.

જ્યારે સર્વને શેઠની દયા આવવા લાગી ત્યારે એમના સાળા ધૂર્તલાલને નવો નવો ઉમંગ આવવા લાગ્યો. શેઠે ગુમાનને તો હવે બોલાવવી પણ બંધ કરી હતી અને ધૂર્તલાલની પાસેથી સરસ્વતીચંદ્રને શોધવાનું દ્રવ્ય માગવા શીવાય કંઈ પણ હીસાબ પુછવાનું છોડી દીધું હતું. વહુની રીસ તો સાસુનો સંતોષ એ માર્ગ પકડી ધૂર્તલાલ લક્ષ્મીનંદને પકડેલી આ રીતને અનુકૂળ થઈ ગયો.

"દગલબાજ દૂહોરા નમે, ચિત્તા, ચોર, કમાન."

પુત્રશોકમાં પડેલા ધનપતિનું ધન હરી લેવાના માર્ગ શોધવામાં ધૂર્ત-

લાલે અતિશય બુદ્ધિ ચલાવી. ગુમાનઉપરથી શેઠની પ્રીતિ ઉતરી જોઈ શેઠની પાસે ગુમાનની વાત કરવી છોડી દીધી અને એ માર્ગે તથા બીજી રીતે શેઠનો વિશ્વાસ મેળવવા અને પુત્રશોકથી ઉત્પન્ન થયેલો તેનો વ્યવહાર –પ્રમાદ વધારવા ધૂર્તલાલ શેઠની પાસે દિવસે દિવસે વધારે વધારે નમી પડવા લાગ્યો. સરસ્વતીચંદ્રનો શોધ કરવામાં શેઠને સહાયભૂત થઈ વ્યાપૃત રાખવા લાગ્યો, અને તેના વિશ્વાસનું પાત્ર બની એનાં સર્વ કાર્ય પોતાને હસ્તગત કરી લેવા માંડ્યાં. દુકાનના મ્હેતાઓની મરજી સંપાદન કરી તેમનો શેઠ થઈ બેઠો. તીજોરી, રોકડ, અને દસ્તાવેજ માત્રની કુંચી હાથમાં લીધી. સૂર્યયંત્રનો ધણીરણી થઈ પડ્યો. શેઠ પાસે પોતાની ફરીયાદ ન જાય એ વાતની સંભાળ રાખવા લાગ્યો. પ્રમાણિકતાની કીર્તિ ઉભી કરી.

પુત્રચિંતામાં દિવસે દિવસે વધારે વધારે ડુબતો વૃદ્ધ અને દુઃખી લક્ષ્મીનંદન આ સર્વથી છેતરાયો અને એના સર્વ વ્યાપારમાં એને સ્થાને ધૂર્તલાલનાં પ્રતિષ્ઠા–આવાહન થયાં.

આ સર્વ નાટકના પડદાની માંહ્ય આ બક–ભક્ત ધૂર્તલાલ પોતાના સ્વાર્થની અનેક પ્રપંચ–રચના રચવા લાગ્યો. લક્ષ્મીનંદનને ત્યાંથી દેખીતો પગાર તો એણે ઘણો જ થોડો લેવા માંડ્યો. પણ તેને સટે ગુપ્ત આવક અનેકધા લેવા માંડી. લક્ષ્મીનંદનને મળતા હકસાઈ, દલાલી, વગેરે સર્વ લાભ દેખીતા હતા તેટલા રહ્યા. પણ ગુપ્તપણે તેનો સર્વ શેષભાગ ધૂર્તલાલને પચવા લાગ્યો. સૂત્રયંત્રમાં, દુકાનમાં, અને ઘરમાં જેટલો માલ લેવાય તેના મૂલ્યમાંથી રુપીયે બે આના માલ વેચનાર ધૂર્તલાલને આપે, એ માલ-માંથી થોડી ઘણી ચોરી થયાં કરે, અને જે માલ ઘરમાંથી વેચાય તેમાંથી એ જ રીતે ધૂર્તલાલને આહુતિ મળે. લક્ષ્મીનંદનના ગુમાસ્તાઓને પણ ફોડીને પોતાની નાતમાં લેવા એમને રળાવવા લાગ્યો, અને એ નાતમાં આવવા જે ના પાડે તેને ભય દેખાડવા લાગ્યો.

આ નાતમાં તે માત્ર બે જણને ભેળવી શક્યો નહી. જ્યાંસુધી સર-સ્વતીચંદ્રની સાથે તકરાર હતી ત્યાંસુધી ગુમાન ભાઈની શીખામણ પ્રમાણે વર્તી. પણ ત્યારપછી એના સ્વાર્થના સર્વ કિરણનું કેન્દ્ર એનો પુત્ર ધનનંદન એકલો રહ્યો, અને લક્ષ્મીનંદનની સર્વ મીલકત ગુમાન ધનનંદનની ગણવા લાગી. આ ફેરફાર થશે એવું અંધ ધૂર્તને સુઝયું નહી અને પ્રથમ જેવી રીતે બ્હેનની સાથે ચિત્ત ઉઘાડી બનેવીના પઈસા ખાવાની વાતો કરતો તેવી જ રીતે કરવાનું હવે પણ જારી રાખવા લાગ્યો, અને પોતાની ચોરીમાં બ્હેનને ફળભાગી કરવાના પ્રયત્ન કરવા લાગ્યો. આ સર્વ ચોરી અને હાનિ પોતાના

જ પુત્રના દ્રવ્યમાંથી થાયછે એવું ભાન ગુમાનમાં અચીંત્યુ સ્ફુરવા લાગ્યું, અને તે ભાન થતાં પોતાના ભાઈને પોતાનો શત્રુ ગણવા લાગી. આ નવા નેત્રથી જોનારી ભ્હેન ભાઈની પ્રપંચ–યોજનાઓ સાંભળી સાંભળી હૃદયમાંથી તેનો તિરસ્કાર કરવા લાગી, અને **સરસ્વતીચંદ્રના** સંબંધમાં અનુભવેલી તેની કપટશક્તિ સંભારી એ કપટનો ભોગ થનાર પોતાના બાલક પુત્રના ભવિષ્યના સંબંધમાં ભાઈના ભયથી ગુમાન કંપવા લાગી અને ધીમે ધીમે સ્પષ્ટપણે ભાઈને દૂર કરવા ઈચ્છવા લાગી. આ ઈચ્છા સમજીને જ ધૂર્તલાલ **લક્ષ્મીનંદન** પાસે ભ્હેનની અવગણના દેખાડી **સરસ્વતીચંદ્રનો** પક્ષ લેતો દેખાતો હતો અને તેમ કરી એક પાસથી શેઠનો વિશ્વાસ મેળવતો હતો અને બીજી પાસથી પોતાના પક્ષમાંથી દૂર થવા છાતી ચલવનારી ભ્હેનને ડરાવતો હતો. આનું એક એ પણ પરિણામ થયું કે ભાઈની કપટબુદ્ધિમાં આ અભિમાનનો ઉમેરો જોઈ ગુમાનની વૈરવૃત્તિએ એનું સ્ત્રીમસ્તિક ફેરવ્યું, અને એ શૂર–દશાએ એની સ્વાભાવિક બુદ્ધિને અગ્નિ પેઠે સચેત કરી સળગાવી. ગુમાનના હૃદયમાં પ્રતિજ્ઞા થઈ કે, 'ભાઈ, હું પણ ત્હારી ભ્હેન છું તે જોઈ લેજે.'

ભાઈની નાતમાંથી આવી રીતે એની ભ્હેન દૂર રહી, અને બીજો દૂર ર્‌હેનાર હરિદાસ નામનો ગુમાસ્તો મળ્યો. હરિદાસ જાતે કુલીન, અનુભવી, અને પ્રામાણિક વાણીયો હતો. એ ઘણો જુનો નોકર હતો, અને **સરસ્વતીચંદ્ર** ઉપર પ્રીતિ રાખતો હતો. એનામાં એની જાતને સ્વાભાવિક રક્ષકબુદ્ધિ, ચતુરતા, મિષ્ટતા, અને ધીરાશ હતાં. ધૂર્તલાલ સાથે એણે દેખીતું વૈર ન કર્યું, પણ ધૂર્તલાલના વિશ્વાસુ મંડલમાંથી દૂર ન પડતાં એના પેચથી ભોમીયો રહી પોતાના સ્વામિનું પોતાના પેટમાં ગયેલું અન્નોદક સફળ કરી સ્વામિનો સ્વાર્થ જાળવવા અભિલાષ રાખતો હતો.

ધૂર્તલાલ આવી રીતે દેખીતો નિષ્કંટક ઉદય ભોગવતો હતો. પણ તેની સાથે આ સર્વ ચાર દિવસનું ચાંદરણું છે એવું એ પાકું સમજતો હતો, કારણ **સરસ્વતીચંદ્ર** પાછો આવે અથવા **લક્ષ્મીનંદન** જાતે કામ કરવાનું આરંભે કે તરત પોતાનો તારો અસ્ત થવાનો એમ ધૂર્તલાલના મનમાં રાત્રિ દિવસ ભય ર્‌હેતું હતું. આથી ચાંદરણાના દિવસ પુરા થાય અને અંધારી રાત પાછી આવે, તે પ્હેલાં અને એટલી ત્વરાથી દ્રવ્યવાન થઈ જવાનો એણે નિશ્ચય કર્યો હતો. એટલું જ નહી પણ આ ઉદય–દશા જેટલી લંબાય તેટલી લંબાવવાનો પણ એનો નિશ્ચય હતો. આ ઉભય નિશ્ચયની પ્રેરણાથી એણે સત્કૃતદુષ્કૃતના સર્વ વિચારને એક પાસ ધક્કેલી

નાંખી પોતાનાથી જેમ આગળ વધાયું તેમ વધ્યો. લક્ષ્મીનંદનના દ્રવ્ય-કૂપને અમ્બા મુઠી ખાલી કરવા લાગ્યો અને વિશ્વાસઘાતથી આરંભી ચોરી અને લુટના પ્રપંચ રચી પોતાને ઘેર અને પારકી પ્હેડીઓમાં પોતાને ખાતે અઢળક ધન સંચિત કરી રાખવા માંડ્યું. કેટલાક મિત્રોને પક્ષમાં લેઈ તેમના ભાગમાં વ્યાપાર આરંભ્યો અને તેમને નામે લક્ષ્મીનંદનની પ્હેડીસાથે પોતાની ઇચ્છા પ્રમાણે મૂલ્ય આપી લેઈ વેચવા ખરીદવાનો અને વ્યાજે દ્રવ્યનો ઉપાડ કરવાનો વ્યવહાર રાખ્યો. આવી રીતે એક પાસથી પોતાનું ખાતું જમાવી, લક્ષ્મીનંદનના ગ્રાહકોને પોતાની જાલમાં ખેંચવા લાગ્યો. વળી વિધવાઓ, ધર્મખાતાં, અને અનેક જાતનાં અનાથ માણસોની થાપણો ઓળવવાના જ અભિલાષથી તે સંગ્રહવાના માર્ગ પકડ્યા. “ટ્રસ્ટી વસાવે નવી સૃષ્ટિ” એ મંત્રને પકડી અનેક ઠેકાણે લક્ષ્મીનંદનની પ્રતિષ્ઠાનો લાભ લેઈ “ટ્રસ્ટી” થવા પ્રયત્ન આરંભ્યા. ટુંકામાં દ્રવ્ય જડે ત્યાંથી “લેઉ લેઉ” એનો એને હડકવા હાલ્યો. ભરતીની વેળા પુરી થાય તે પ્હેલાં બને એટલો સંગ્રહ કરવાની આ ક્રૂર માછીએ છાતી ચલાવી, અને છાછર તેમ ઉંડા પાણીમાં અનેક જાળો તરાવતો તરાવતો જોતા જોતામાં સાગરમાં ઘણે દૂર સુધી ઘણા આશ્રિતોને લેઈ તરવા લાગ્યો.

આટલાથી સંતોષ ન પામતાં પોતાની ભણી ઉઘડેલાં લક્ષ્મીનાં દ્વાર વસાય નહી, અને પોતાને અંકે આવેલી લક્ષ્મી સ્થિરભોગ્યા થઈ ત્યાંની ત્યાં જ બેસી રૂહે એવી વાસનાને બળે, સરસ્વતીચંદ્ર જડે નહી અને લક્ષ્મી-નંદનની શક્તિ સદાકાળનો પક્ષાઘાત પામે એવી યોજનાઓ આ કૃતઘ્ન રાક્ષ-સના અંતઃકરણમાં ઉભરાઈ. સરસ્વતીચંદ્રની શોધમાં લક્ષ્મીનંદનને દેખીતી રીતે અનુકૂળ બની જઈએ શોધમાં પડનાર માણસોને દ્રવ્ય આપી, આશા આપી આ શોધ કદી સફળ થાય નહી એવી ગુપ્ત આજ્ઞાઓ આપતો અને પળાવતો. એટલું જ નહી, પણ એ પુરુષની ભોગજોગે ભાળ લાગે તો એનું ગમે તેમ કરી યમદેવને બલિદાન કરવું એવી સૂચના પણ બની ત્યાં આપ-વાને ધૂર્તલાલ ચુક્યો નહી. લક્ષ્મીનંદનને આ નિષ્ફળ શોધના વમળમાં નાંખી તેમાં તેને આગળ આગળ ધપાવતો હતો અને એ વમળને બળે એને ચિત્તભ્રમ થાય એવું અંતર્માં ઇચ્છતો હતો. શેઠને આખો દિવસ ગયેલો પુત્ર સાંભરે એવું કરે અને એના ઉંઘેલા મર્મ જાગે એવું બોલે. એમ કરતાં કરતાં આખરે બોલવાનું મુકી કાંઈ નિશ્ચિત કામ કરવાનું ધાર્યું.

એક દિવસ પુત્રને સંભારતા સંભારતા લક્ષ્મીનંદનશેઠ સરસ્વતી-ચંદ્રના વાલકેશ્વરવાળા બંગલામાં ગયા. બંગલો ઉઘડાવી અંદર જઈ કુમુદ-

સુંદરીની મ્હોટી છવિ આગળ ઉભા. પાસે ગુમાસ્તો હરિદાસ અને ધૂર્તલાલ હતા. શેઠ ઘડીવાર છવિ જોઈ રહ્યા અને સામી પડેલી એક ખુરશીપર બેઠા. એની આંખમાં આંસુ ઉભરાવા માંડ્યાં: "હરિદાસ, આ મ્હારા "ભાઈની વહુ! ભાઈ જતા રહ્યા ને વહુ બીજે ઘેર પરણી ગઈ. બે "રત્ન હાથમાંથી જતાં રહ્યાં. અરેરે! મ્હેં મૂર્ખાઈ કરી ન હત તો આજ "તો મ્હારે ઘેર નવે નિધિ અને અષ્ટ સિદ્ધિ હત. પણ મ્હારું ભાગ્ય જ "ફરી વળ્યું." શેઠે હરિદાસને ખભે હાથ અને માથું નાંખી પોક મુકી.

હરિદાસ શેઠનાં આંસુ લ્હોતો બોલ્યો: "શેઠજી, આપે હવે આ "પરિતાપ કરવો છોડી દેવો જોઈએ છીએ. થવા કાળ આગળ તમે "શું કરો? ભાઈને શોધવામાં આપ કાંઈ બાકી રાખતા નથી. સોદો "આપણે હાથ ને લાભ હરિને હાથ."

ધૂર્તલાલ ધીમે રહીને બોલ્યો: "શેઠજી, મને બ્હીક લાગે છે કે "આ ચિંતામાં આપનું ચિત્ત ખશી જશે. ખરી વાત છે. આવા પુત્રની "પાછળ આપને જે ન થાય તે ઓછું. આપનાથી કામમાં જીવ રખાતો "નથી અને એ જ પ્રમાણે આગળ ર્‌હેશે તો નુકસાન થશે. માટે મ્હારા "મનમાં લાગે છે કે જયાંસુધી આપનો જીવ આટલો સ્વસ્થ છે એટલામાં "કંઈક અંદોબસ્ત કરવો જોઈએ."

શેઠ કાંઈક ચમક્યા. "શું હરિદાસ, મ્હારું ચિત્ત ખસે એમ "તને લાગે છે?"

હરિદાસ ધૂર્તલાલના મુખવિકાર જોઈરહ્યો હતો તે ધીમેથી બોલ્યો: "શેઠજી, મને તો લાગે છે કે આપ જાતે કામમાં જીવ રાખશો તો "આપનું ચિત્ત કદી ખસવાનું નથી. બાકી તો ધૂર્તલાલ શેઠ શો અંદોબસ્ત "કરવા ધારેછે તે જાણ્યા પછી સુઝે."

ધૂર્તલાલને આ ઉત્તર બહુ ઠીક લાગ્યો નહી. હરિદાસ ગમે તો મૂર્ખ છે કે ગમે તો મ્હારાથી વિરુદ્ધ છે એવી શંકા થઈ. તેના સામું જોઈ રહી અંતે ઉત્તર દીધો; "શેઠજી, જેમ મ્હારા ભાણેજનો મ્હારે સ્વાર્થ છે તેમ "સરસ્વતીચંદ્રભાઈના સ્વાર્થનો વિચાર ન કરવો એવી બૈરકબુદ્ધિ પણ "મ્હારાથી થઈ શકતી નથી તે આપને ખબર છે. એ એનો સ્વાર્થ જળ-"વાય એવી વ્યવસ્થા આપે વેળાસર કરવી યોગ્ય છે. પુત્રશોકથી આપનું "ચિત્ત ભ્રમિત થઈગયા જેવું છે એ વાત આપને ન કહું તો આપનું ચિત્ત "પ્રસન્ન ર્‌હે, પણ આપના કુટુંબનો સ્વાર્થ સરે નહી. આપના સ્વાર્થવિરુદ્ધ "વાત કરી આપના ચિત્તને ગમતી વાત કરવી એ ખુશામતનો ધંધો કરું

" અને આપનો લુણહરામી થાઉં એ યોગ્ય ન કહેવાય. મ્હારી ખાતરી છે
" કે આપનો જીવ કામમાં પરોવાઈ શકાય તેમ નથી અને હાલમાં કુતરું
" તાણે ગામ ભણી ને શીયાળ તાણે શીમ ભણી એવી આપનાં સર્વ
" કામની દશા છે તે જોઈ મ્હારું ચિત્ત બળે છે."

" શો ઠગ!" હરિદાસ મનમાં બડબડ્યો.

" ધૂર્તલાલ! તમે જ રસ્તો બતાવો તો મને સુઝે એમ છે, મ્હારી
" પોતાની બુદ્ધિ તો ભાઈની ઝંખનાવિના કાંઈ દેખે એમ નથી:" શેઠ બોલ્યા.

ધૂર્તલાલ હાથ આવેલો પ્રસંગ મુકે એમ ન હતો. તે તરત બોલી ઉઠ્યો: " હું પણ એથી જ કહુંછું. મ્હેં તો વિચાર ક્યારનો કરી મુક્યો છે.
" આપની બુદ્ધિ ઠેકાણે છે ત્યાંસુધીમાં એક એવો દસ્તાવેજ તૈયાર કરી
" રાખો કે ન કરે નારાયણ અને આપનું ચિત્ત ઠેકાણે ન રહે તો આપનું
" કામ આપના બે વિશ્વાસુ માણસો કુલમુખ્ત્યારીથી કરે. તેમાંનો એક
" માણસ મ્હારા ભાણેજનો સ્વાર્થ જાળવે ને બીજો સરસ્વતીચંદ્રભાઈનો
" સ્વાર્થ ભાઈ આવતા સુધી જાળવે. જો આપ આવો કાંઈ બંદોબસ્ત નહી
" કરો તો સઉ કોરટે ચ્હડશે ને આપની મીલકત રફેદફે થશે."

" એ બે માણસ કીયાં નીમવાં?" હરિદાસે ધીમે રહીને પુછ્યું.

" જો શેઠજીની મરજી હોય તો મ્હારા ભાણા ભણીથી હું કામ કરવા
" તૈયાર છું અને સરસ્વતીચંદ્રભાઈ તરફથી"—ધૂર્તલાલ જરીક અટકી બોલ્યો—" હરિદાસ જેવા જ કોઈને સોંપો."

" ના જી, હરિદાસનું એ ગજું નહી—એ બે માણસનું કામ
" એકલા ધૂર્તલાલ શેઠ કરે તો ક્યાં બને એમ નથી?" હરિદાસે આંખ મીચકારી ઓઠ કરડી કહ્યું.

શેઠ વિચારમાં પડી, " જોઈશું" કહી, ઉઠી, બીજા ખંડમાં ચાલ્યા ગયા. ધૂર્તલાલ ને હરિદાસ બે એકલા પડ્યા. હરિદાસનાં વચનથી શેઠ ડગમગે છે એમ માની ધૂર્તે એને હાથમાં લેવાની યોજના કરી.

" હરિદાસ, તમે સમજતા નથી."

" ના, શેઠ, હું બે ટકાનો વાણીયો, મ્હારી અક્કલ આપના જેવી
" ન પ્હોચે."

" જો, બચ્ચા, શેઠ મ્હારું કહ્યું માને તો મ્હારે ને ત્હારે બેને
" રાજધાની છે."

" શેઠ, એ કાંઈ મ્હારું ગજું?"

"લે, બધાએ લુગડાં ઘરેણાં પ્હેરીને જન્મતા હશે?"

"ભાઈસાહેબ, મને તો તમે આપો એટલી અક્કલ આવે."

"જો ત્યારે, આ મ્હારું ઘર બે મહીનામાં ભરાયું તેવું ત્હારે ભરવું
"છે કે નહી? આ મહીના વરસના પગારથી કોઈનું પેટ ભરાયું છે?"

"નાસ્તો! પણ એ કાંઈ ભાગ્ય બદલાય?"

"ભાગ્ય ભાગ્ય શું કરી રહ્યો છે? સમો વર્ત્યે સાવધાન. આ શેઠનું
"કાળજું ખસ્યું છે, ને નહી ખસ્યું હોય તો દસ્તાવેજપર સહી કરી આપે
"કે બીજે દિવસે ખસેડીશું."

"શી રીતે?"

"એ તો વઈદો ડાક્તરો ઘણાએ પળ્યા છે. જર ચાહે સો કર ને દામ
"કરે ગુલામ."

"પણ શેઠ મ્હારી પાસે તો જરને ઠેકાણે ઝેર પણ નથી.

"અંહ, આવો જડ ક્યાંથી દેખાય છે? પારકો પઈસો, પારકી શાહી,
"ને મતુ કરે મ્હારા મેઘજીભાઈ. શેઠનો પઈસો ને શેઠની હજામત—
"સમજ્યો કની;—આવો જડસા જેવો ક્યાંથી?"—ધૂર્તલાલે હરિદાસને
ખભે ને વાંસે હાથ નાંખી એને હલાવ્યો.

"હા, સમજ્યો તો ખરો, પણ શેઠજીનું લુણ તમારા ને મ્હારા
"બેના પેટમાં છે."

"હવે લુણ ને બુણ. ઘરમાં પઈસાનાં ગલગલીયાં થાય તો લુણ
"વગર પણ ચાલે ને લુણને બદલે સાકર મળે."

"ભાઈ, પણ એ મ્હારું ગજું નહી."

"અંહ, આવો બાયલો ક્યાંથી? લે, આજ સાંઝે મ્હારી સાથે
"આવજે એટલે ગજું કરી આપીશ."

"શી રીતે?"

"જો અત્યારે હું જઉં ત્યારે શેઠને ઓગળાવી તૈયાર કરવા. રાત્રે હું
"તને ગાડીમાં લેઈ જઈશ ને શેઠની બે ત્રણ નોટો મ્હારે નામે છે તે
"ત્હારે નામે કરી આપીશ એટલે ત્હારું ગજુ થયું. કેમ બચ્ચા?"

"હા......"

"હા ને બા. જોજે ચુકતો, હળવે હળવે મઝા દેખાડીશ." ધૂર્તલાલ
ગાડીમાં બેસવા ગયો. જતો જતો મનમાં બોલ્યો. "વાણીયાને ગલગલીયાં
"કરાવી દેઈશું. રાત્રે વળી રાધાસાની ગોવાગરણને ત્યાં એને લેઈ જઈશું

" એટલે વાણીયો સદાનો નોકર થવાનો. હજી તો એને ખબર નથી કે
" સરસ્વતીચંદ્ર મરશે ને એનો ભાગ ભાણાને ગયો, એટલે ભાણો ને
" આણો–બધાના કુલ માલક બંદા !–ને કોડીનો વાણીયો–તેને ધક્કો
" મારતાં વાર નથી. સરસ્વતીચંદ્ર મુવો એટલે એના તરફથી કામ કરનાર
" વાણીયો પણ મરે એવો લેખ કરાવવો. આ વચ્ચે અમારાં ગુમાનબ્હેન
" ટકટક કરે છે તે – મ્હારી સાળી વૈરાંની જાત – એની કાશ પણ કેમ ન
" કહડાય ?" બ્હેનની હત્યાના વિચારથી ધૂર્ત કાંઇક મનમાં કંપ્યો. પણ
સજ્જ થઈ ગાડીમાં ચ્હડતાં ચ્હડતાં ઓઠ કરડી ગણગણ્યો. "બ્હેન ને
" ભેન ! પેટથી સઉ હેટ ! નવાણું ત્યારે સો ભર્યા ! આટલા મચ્છર
" ચોળાશે ત્યારે એક વધારે !" ગાડી ચાલી તેની સાથે બંગલા ભણી
પાછળ નજર કરી બોલ્યોઃ "જો શેઠ સહી નહી જ કરે તો મ્હારા ટોળી-
" વાળા ક્યાં નથી ? વશે સહી નહી કરે તો કવશે કરશે,– અથવા પદ-
" મજી પારસી શેઠની પચીશ સહી કરે એવો છે ! જોઈએ શું કરવું તે–
" જગત જખ મારે છે !" મુછ ઉપર હાથ નાંખી, છાતી કહાડી, શેઠના
સાળાએ ગાડીવાનને પાછળ મુક્કો માર્યોઃ "સાળા, ઝપ લેઈને
" હાંકતો કેમ નથી ?" ગાડીવાને પાછું જોયું, ચાબુક વાગતાં ઘોડો
દોડ્યો, ને ગાડી અદૃશ્ય થઈ.

બંગલાના દ્વારમાં એકલો પડેલો હરિદાસ ગાડી પાછળ જોતો જોતો
નિઃશ્વાસ મુકતો ઉભો. ગાડી ચાલી એટલે પાછો ફરી એક ખુરસીપર બેઠોઃ
" ઓ હરિ ! ઓ ધરતી માતા ! આ ભાર તું શી રીતે ઝીલે છે ? આમાં મને
" કાંઈ સુઝે એમ નથી. શેઠીયાના ઘરમાં ને રાજાના ઘરમાં સાળો પેંસે
" એટલે લક્ષ્મી બ્હેન પરવારે ને કુસંપ ઘર કરે. સરસ્વતીચંદ્ર જેવું રત્ન
" ઘરમાંથી ગયું તે આને પાપે. શેઠાણીની બુદ્ધિ બગડી તે આને પાપે. શેઠની
" બુદ્ધિ ગઈ તે આને પાપે. સારા સારા ગુમાસ્તાઓ બગડ્યા તે આને પાપે.
" હવે શેઠની જાતનું અને એમની લક્ષ્મીનું જે થવા બેઠું હોય તે ખરું, ને થશે
" તે એને પાપે. હવે વેળા વંઠી ત્યારે સઉ સમજવા બેઠાં છે. શેઠ હવે પોક
" મુકીને રડે છે ને શેઠાણી ધ્રુજે છે તે – હવે – શા કામનું ? ગમે એટલું
" પણ બ્રાહ્મણભાઈને કર્મે તે પશ્ચિમ બુદ્ધિ વિના બીજું શું હોય ? અને બઈરાં
" વેળાસર તો શું પણ બ્રહ્માનાં સમજાવ્યાંએ સમજે તો લક્ષ્મણજી
" રામજી પાછળ જાત નહી ને સીતાજી હરાત નહી. બઈરાંની બુદ્ધિ
" ન્હાનીએ કહી છે તે કંઈ અમસ્તી ? હશે, એ તો સઉ વિધાતાનો વાંક પણ
" હરિદાસ તો બ્રાહ્મણે નથી ને બાઈડીએ નથી. વાણીયા ! ત્હારી અક્કલ

" કાંઈ કામ આવે એમ છે ? જેવા હોય તેવા આ શેઠ, આ શેઠાણી, ને જે
" હોય તે આ ધુતારો ! એ એવાં છતાં કામ સુધારવું. જન્મારો જેનું અન્ન
" ખાઈ આ શરીર વધાર્યું તેને ભરદરીયેથી ઉગારવાની વાત છે ને આ
" ભવસાગરનો ફેરો સફળ કરવાનું કામ છે. વાણીયાભાઈ, પ્રભુએ તો
" વાણીયો ઘડ્યો પણ હવે બતાવી આપો કે એ વાણીયો ઘડાયો છે."

વિચારશૂન્ય થઈ થોડી વાર આંખો મીંચી હરિદાસ બેસી રહ્યો. બુદ્ધિને આરામ મળ્યાથી સતેજ થઈ. અને આંગળાવડે હીસાબ ગણતો હોય એવા ચાળા કરતો, હરિદાસ એકલો એકલો બોલવા જતો હતો એટલામાં અચીંતો બંધ પડી મનમાં જ વિચારવા લાગ્યો. " વા વાત લઈ જાય ત્યાં
" મ્હોં ઉઘાડી બોલવું પણ ભયભરેલું છે. મનમાં બોલવાની પણ આવડ છે.
" તેમ શેઠની સાથે મસલત કરવામાં પણ વાંધો છે–કાળજું ઠેકાણે નહી
" ને ધુતારાની પાસે નામ દઈ બેસે. શેઠાણીનું કાળજું ઠેકાણે છે પણ બઈરાંની
" જીભ ! દુકાનમાં કે ઘરમાં કોઈ ચોખું માણસ રહ્યું નથી. હવે જીવસટ્ટાનું
" કામ. માટે એકલે હાથે કામ લેવું–બીજે હાથ હરિનો–પ્હેલો હરિનો–
" બીજે હરિના દાસનો–ને ત્રીજે પાછો હરિનો. પછી જગત જખ મારે છે."

" જો હરિદાસ ! આ હરિ એક માણસનું નામ સુઝાડે છે–ચંદ્રકાંતનું !
" વાહ !! શકુન સારા થયા ! પણ એ તો ભાઈને ખોળવા ગયા છે. એમને
" કાગળ લખીશ–ત્યાં સુધી નભશે ? ભાઈના દોસ્ત બુલ્વરસાહેબપર
" ચંદ્રકાંતભાઈની ચીઠી મંગાવીશ. ત્યાં સુધી ? ધુતારાનો ધુતારો થઈશ.
" એણે લાંચ આપવા કબુલ કરી છે – તે લુટાય એટલું લુટીશ ને – ભાઈના
" જોડા ને ભાઈનો વાંસો. મ્હારા ગરીબના ઘરમાં પૈસા નથી, પણ એ
" પૈસા વડે પોલીસ ને વકીલો હાથ કરીશ. પણ વાણીયાને નામે વ્હાણ
" કેમ ચાલશે ? વાણીયાને નામે વ્હાણ નહી ચાલે પણ રામને નામે પત્થર
" તરશે – ગયેલા પણ ભાઈ – તેમનું નામ – ક્યાં ઓછું છે ? " ચતુર સ્વારના ભાર નીચે ઉંચી જાતના ઘોડાને પણ અભિમાન આવતું હોય તેમ ખીલે છે, મહાકાર્ય–મહાસેવા–ના વિચારથી વાણીયાને અભિમાન આવ્યું ને તેની બુદ્ધિ ખીલી. એનો ઉત્સાહ ફાલ્યો. સાંઝે ધૂર્તલાલને મળવાનું તેથી શેઠને મળવા બીજા ખંડમાં ચાલ્યો.

શેઠ એક બારી આગળ ઉભા ઉભા સમુદ્રઉપર દૃષ્ટિ નાંખતા હતા અને દૃષ્ટિમર્યાદામાં પુત્રને શોધતા હતા. હરિદાસ પાસે આવેલો દીઠો નહી.

" શેઠજી ! " હરિદાસ પાછળ ઉભેલો બોલ્યો. શેઠ ચમક્યા, પાછળ જોયું, હરિદાસ ભણી ફરી ઉભા, ને બોલ્યાઃ " હરિદાસ, ધૂર્તલાલ ક્યાં છે ? "

" શહેરમાં ગયા."

" બંગલામાં કોણ છે ?"

" તમે ને હું."

" નક્કી ?"

" નક્કી."

" હરિદાસ !"

" જી !"

" હરિદાસ !" શેઠ તાકીને એની આંખસામું જોવા લાગ્યા.

" જી !" હરિદાસને શેઠની આંખમાં ઘેલછા લાગી.

" તું કોનો નોકર છે ?"

" આપનો !"

" ફરી બોલ."

" આપનો !–મ્હારો જીવ જાય પણ આપનો, શેઠજી ગભરાશો નહીં; " આપનું કોઈ નહી હોય ત્યાં હું છું."

" મ્હારા ભાઈનું કોણ ?"

" આપ."

" જુઠું બોલ્યો. જા, ત્યારે મ્હારે ત્હારું કામ નથી."

હરિદાસ ચમક્યો. ઘેલા લાગતા શેઠના વચનમાં ઉંડો મર્મ લાગ્યો. સમયસૂચકતા તીવ્ર કરી.

" શેઠજી, આપ ભાઈના હતા નહી, પણ હવે થયા છો."

" એવું ક્યાં સુધી ટકશે ?"

" આપનું કાળજું ઠેકાણે હોય ત્યાં સુધી."

" ધૂર્તલાલે કહેલું કરું તો કાળજું ઠેકાણે ખરું ?"

" એ તો આપ સમજો. પણ એ ક્યાં ભાઈના સારામાં રાજી નથી ?"

" એક વાર ભુલે ત્યાં સુધી માણસ. બીજી વાર ભુલે એટલે ઢોર."

" એમાં તો કાંઈ વાંધો નહી."

" હું તો રાંક તે ઢોર જ."

" નાં, હવે સાંભળ, આ બોલાબોલી જવા દે. ધૂર્તલાલે મ્હારું ઘર " ફોડ્યું. તને પણ ફોડ્યો હોય તો કહી દે ને અંહીથી જા. એનું ચાલે તે " એ કરશે ને ત્હારું ચાલ્યું તું કરજે. બચ્ચાજી, લક્ષ્મીનંદનમાં હજી " કાંઈક પણ બુદ્ધિ બાકી રહી હશે. ભાગ્યું ભાગ્યું પણ ભરુચ."

આ વચન સાંભળી, શેઠની જુની તીવ્રતા તાજી થતી દેખી, હરિદાસને પોતાનું કાર્ય સિદ્ધ થયું લાગ્યું અને આનંદ થયો, ઘણે દિવસે શેઠની બુદ્ધિ સજ્જ થતી દેખી સેવકની આંખમાં આનંદનાં આંસુ આવ્યાં. એ મનના વિકારોનો મુખઉપર વિકાસ જોઈ શેઠને એનાઉપર વિશ્વાસ બેઠો ને બોલ્યા.

"બસ, બસ, હરિદાસ, વધારે ઓછું બોલવું જવા દે. મ્હારી "આખી દુકાનમાં મ્હારો એક તું રહ્યો છે. બાકી સઉ દગાખોર છે. "હું તને ઓળખું છું. તું મ્હારો મટે એમ નથી. તું ફુટેલ નથી. "મ્હારે પગ હાથ મુક ને ખા સોગન કે તું મ્હારા વિશ્વાસયોગ્ય છે."

શેઠના મ્હોંમાંથી અક્ષર ખરતાંમાં હરિદાસ શેઠના પગ આગળ બેસી ગયો ને પગે હાથ મુકી રોઈ પડ્યો ને પગ ઝાલી રાખી બોલ્યો: "શેઠજી, "તમને દગો દે તેને ગૌહત્યાનું પાપ – બ્રહ્મહત્યાનું પાપ – સ્ત્રીહત્યાનું "પાપ – મને શ્રીવિઠ્ઠલેશ પુછે. તમારા મનમાં જે હોય તે કહી દો."

શેઠ ગળગળા થયા. હરિદાસને ઉભો કરી પાસે બેસાડી બોલ્યા:– "હરિદાસ, મ્હારા મનની વાત સાંભળતા પ્હેલાં ત્હારા મનની વાત ક્હે."

"શેઠ, હું આપને વાત કહું–પણ આપનું ચિત્ત ઠેકાણે ન ર્‌હે ને કોઈ "ચોઘડીયામાં હતા તેવા ભ્રમિત થાવ તો વાણીયાનું હાડકું નહી જડે ને "તમારું કામ કરવા એક જણ પણ હું બાકી છું તે યે પુરો થઈશ. મ્હારી "વાત મ્હારી પાસે રહેવા દો, મ્હારાપર વિશ્વાસ રાખો ને વાત કરો ને "મ્હારી કસોટી કરી જોજો. માટે લપઠી કળવાળા તાળા જેવું તમારું "કાળજું ઉઘાડો, ને મ્હારું તાળું છે એમનું એમ ર્‌હેવા દો. આપને "ખાવાનું જોઈશે તેટલું અનાજ મ્હારા કોઠારમાંથી હું જાતે જઈ લઈ "આવીશ. પણ એ કોઠારની કુંચી આપની પાસે હશે તો બધોયે લુટાશે."

શેઠ ગંભીર થઈ ગયા, વિચારમાં પડ્યા, અને આખર બોલ્યા: "હરિદાસ, તું હતો તેટલો જ હજી ખરાવાદી રહ્યો છે તેથી મ્હારી ખાતરી "થઈ છે કે તું ફર્યો ફુટ્યો નથી. ત્હારી શીખામણ ખરી છે તે હું "આજ ન્હાના બાળક પેઠે માનીશ. બોલ ત્યારે, પુછું તે ક્હે."

"એ વાતમાં તૈયાર છું."

"ભાઈના વિચારમાં ઘેલા થઈ એવું કરવું કે ભાઈને ખાવાનું પણ "ર્‌હે નહી–એ મને ગમ્યું નહી; અને હું વધારે ઘેલો થઈશ તો એ "અણગમતી વાત થશે એવા વિચારથી હું આજ ચમક્યો છું–તે ક્હે "બરોબર થયું કે નહી?"

"વાહ, શેઠજી, વિવાહથી રળીયામણું શું?"

"જો, ત્યારે હવે આ મ્હારા સાળાએ આજ સુધીમાં મને ભમાવ્યો
"તે પણ મને આજ જ સુઝે છે. મ્હારી ઘેલાઈમાં એનાં કામનો હું
"વિચાર કરતો ન હતો; પણ એનાં સઉ કામ ઉપર મ્હારી આંખ
"રહેતી તે જે જે જોયું અને થવા દીધું એ સઉનો ફરી વિચાર કરતાં
"મ્હારો સાળો મને બડો ઠગ અને ધુતારો લાગે છે."

"જી—"

"જી બી નહી. ક્‌હે કે મ્હારું ધારવું ખરું છે કે નહી?"

હરિદાસ હસ્યોઃ "શેઠજી, આપે કાલે ધારેલું આજ ફેરવ્યું તેમ
"આજનું ધારેલું કાલ ફેરવશો નહી એની શી ખાતરી? માટે થયેલી
"વાત કેમ થઈ તે પુછવા કરતાં આપને હવે શું કરવાનો વિચાર છે
"તે ક્‌હો, તેનો જવાબ દેઈશ. આપણી સરત પ્રમાણે ચાલો."

"ઠીક. એમ ત્યારે. જો હું કંઈ મ્હારાં કાંડાં કાપી ધુતારાને
"કાગળ ઉપર સહી કરી આપવાનો નથી—ક્‌હે-ખરોખર કે નહી?
"આમાં તો જવાબ દીધા વગર ત્હારે છુટકો નથી."

"ખરોખર, શેઠજી, આપની વાત સત્તર આના છે અને તેમાં
"હું છાતી ઠોકી હા ભણું છું."

"બસ. હવે બીજી વાત. કાલ સવારે જમી કરી હું દુકાને
"આવીશ. પછી બીજી ત્રીજી વાત પડતી મુકી પ્હેલું કામ કરવાનું
"એ ધારું છું કે મ્હારા સાળાના હાથમાંથી કુંચી, પેટી, ચોપડા,
"વગેરે સઉ લેઈ લેવું; એને એકદમ ક્‌હાડી મુકવો અને મ્હારા ઘરમાં
"કે દુકાનમાં કદી પગ મુકે નહી એવી તાકીદ આપવી—"

"એ વાત પણ ખરોખર છે. પણ કાલને કાલ કરવું એ વિચાર
"કરવા જેવું છે."

"વાત ખરોખર છે તો વિચાર કરીશું. હવે ત્રીજી વાત. આ
"કાગળ ઉપર નામ લખેલાં છે એ બધા ગુમાસ્તાઓને ને મીલના
"માણસોને પણ દૂર કરવાની યાદી; વાંચી જો."

"યાદી વાંચીશ, પણ એ કામ હાલ કરવાનું નથી. એ સઉ
"પેટના ભુખ્યા પેટની ભુખે આપણું પણ કામ કરશે."

"ઠીક ત્યારે હવે બીજી વાત. આને ક્‌હાડી મુકયો એટલે મ્હારું
"મ્હોટું કામ ત્હારે માથે—"

"શું?"

" ભાઈને શોધી ક્હાડવા, તેમ કરતાં લાખ રુપીયા થાય તો પણ
" ખરચવા, જીવ જાય તો ક્હાડવો, ત્હારે જાતે સઉ શોધ કરવો ને કરા-
" વવો; પણ ભાઈને લાવવા—ભાઈને લાવવા—ભાઈને લાવવા—" આ
વાક્ય બોલતાં બોલતાં શેઠના ચિત્તભ્રમનો આભાસ લાગ્યો. હરિદાસ ચેત્યો.

" શેઠજી, એ કામ મ્હારું. ચંદ્રકાંત ભાઈને શોધવા જ ગયા
" છે. બુલ્વર સાહેબને એમનો પત્તો જડ્યો છે—"

" હેં। હેં! સ્વપ્ન કે સાચું?—"

" શેઠજી, સાચું. બે ચાર દિવસમાં ભાઈ વીશે ચંદ્રકાંતનો પત્ર
" આવશે."

" હરિદાસ, આ લુચ્ચો ધુતારો પચીશ હજાર ખાઈ ગયો ને
" હજી ભાઈને શોધ્યા નહી. ચંદ્રકાંતે એ શોધ વગરપઈસે કરી. ખરી
" વાત ચંદ્રકાંતનું કાળજું બળે ને મ્હારો ધુતારો તો ભાઈના પગ
" ક્હાડવામાં જ હતો તો શોધે શાનો? કાળજું તો મ્હારું જ ઠેકાણા
" વગરનું કે એને આ કામ સોંપ્યું."

" શેઠ, થવા કાળ. બોલો, બીજું શું કરવાનું?"

" બીજું એ કે મ્હારું કાળજું હજી ઠેકાણે નથી ને ક્યારે ખસે
" તેનું ઠેકાણું નથી. માટે ટ્રસ્ટી કરવો—"

" લેખ કરવાની ના ક્હેતા હતા ને?"

" સાંભળ તો ખરો. ના તો ધુતારાને લખી આપવાની. આ તો
" એવો લેખ કે મ્હારા ભાઈ મ્હારા ટ્રસ્ટી – એકલા ભાઈ ટ્રસ્ટી – બીજું
" કોઈ નહી – તું યે નહી ને હું યે નહી."

" વાહ, શેઠ, સારું ધાર્યું. પણ શેઠાણી કબુલ કરશે?"

" નહી કરે તો ધરી રહી. હવે મને ભાઈ વગર કોઈનો
વિશ્વાસ નથી. મ્હારૂં ધન એને સોંપીશ. ધનભાઈનું ધન પણ ભાઈને
" સોંપીશ. ધનની માને પણ ભાઈને સોંપીશ. ને ધનભાઈને પણ એના
" એ ભાઈને સોંપીશ. ને મ્હારી જાત પણ એને સોંપીશ."

" શેઠ, પણ શેઠાણીને તો પુછવું જોઈએ. ઉતાવળ ન કરો."

શેઠે ઉઠીને હરિદાસને ધોલ મારી.

" હરામખોર! ફુટેલો દેખાય છે! શેઠાણીની શરમ પડે છે.
" જા, મ્હારે ત્હારું કામ નથી."

ગાલ ચંચવાળતો ગુમાસ્તો બોલ્યોઃ "શેઠ, ભાઈને ક્હાડી
" મુકતા સુધી જેની શરમ તમને પડી તેની શરમ મને ભાઈની
" ગેરહાજરીમાં ન પડે?"

શેઠ નરમ પડ્યા. "હા, ભાઈ, હા. પડે. હવે તને મ્હેણું નહી દેઉ.
"જો. સાંભળ. શેઠાણીએ કહ્યું કે મ્હારો ધુતારો ભાઈ આવો છે એવી
"ખબર હત તો આમ ન થવા દેત ને આ ભાઈ તો મ્હારો દીકરો તે
"મને ભુખી મુઠી મુશે નહી. સમજ્યો? હરિદાસ, સમજ્યો? કે એ
"બાયડી સમજી પણ તું ભાયડો ન સમજ્યો?"

"શેઠ ગમે એટલું પણ શેઠાણી જેટલી બુદ્ધિ ત્રણ ટકાના ગુમા-
"સ્તામાં ન હોય. પણ આ તો તમને નાણી જોવા કહ્યું ન હોય?"

"ઓ મુર્ખા! હજી સમજ્યો નહી. ભાઈએ તો બ્હેનને એવું
"પડીકું આપ્યું છે કે બનેવી ગાંડો થાય કે મરે! જો આ પડીકું!"
શેઠે ખીસામાંથી ક્હાડી બતાવ્યું.

હરિદાસ ચમક્યો ને બોલ્યોઃ "હાય હાય, ધૂર્તલાલ તું તો
"માનવી કાયાવાળો રાક્ષસ જ!"—"શેઠ, હવે તમારી વાત ગળે
"ઉતરી. આ પડીકું શેઠાણીએ આપ્યું?"

"ત્યારે બીજું કોણ આપે? એને તે પોતાનો ચાંલ્લો વ્હાલો
"હોય કે એની ચુડી ભાગે એવો ભાઈ વ્હાલો હોય?"

"હરિ! હરિ! શેઠ ખરું ક્હો છો. પણ—"

"હજી પણ રહ્યું?"

"ના, ના. પણ ભાઈનો પત્તો લાગતા સુધી શું કરવું?"

"હું જાતે વાઘ જેવો બેઠો છું–સઉને ખાઈ જઉં એવો!"

"એ તો બરોબર. પણ જુવો ને અત્યારે જ જરા જરા તમને
"ઠીક નથી એવું—"

"એવું આગળ વધે તો?"

"હા."

"વધે એમ તને લાગે છે?"

"ઈશ્વરના ખેલ કોઈને ખબર છે?"

"ના, એ તો ન કળાય. પણ–પણ–મ્હારું કાળજું ખસે ને
"ભાઈ જડ્યા ન હોય તો તેને ઠેકાણે તેટલો વખત ચંદ્રકાંત અને
"બુલ્વર સાહેબ કામ કરે."

"હવે ચોકઠું સજડ બેઠું. મ્હારે સઉ કબુલ છે."

"ત્યારે, જા, કાલ બાર વાગે દુકાને આવીશ ને ક્લુન મચાવીશ
"ને ધુતારાને ક્હાડીશ."

હરિદાસે વિચાર્યું કે શેઠ અટકે એમ નથી. હરિ કરે તે સારા
સારું એમ ધાર્યું ને ભાવિ વિચારી બોલ્યો.

"ઠીક છે, શેઠ. હું કાલ બપોરે મળીશ. પણ મને પોલીસ કમીશનર
"ઉપર તમારા નામની ચીઠી આપો."

"શું કરવા?"

"કાલે આપ દુકાને આવો ને ધુતારો તોફાન કરે તો અટકાવવા
"સીપાઈઓ રાખું."

"ઠીક છે. એ ઠીક કહ્યું. લે, આ ચીઠી લખી આપું."

શેઠ ચીઠી લખવા બેઠા. એ ચીઠી લખી ને તેની સાથે બીજી બુલ્વર સાહેબપર પણ લખી આપી. એ ચીઠીઓ હરિદાસને આપીઃ "જો, આ
"પોલીસના સાહેબની. ને આ ચીઠી બુલ્વર સાહેબ ઉપર છે. કાલે સવારે
"આ બંગલે એમને બોલાવી લેખનો બંદોબસ્ત કરાવીશું. क्षणं चित्तं क्षणं
"वित्तं क्षणं जीवति मानवः ॥ તેમાં મ્હારે તો બધુંએ "ક્ષણં ક્ષણં" છે.
"સાહેબ આવશે તો ભાઈના પણ સમાચાર મળશે."

હરિદાસે ચીઠીઓ લીધી, ખીસામાં મુકી, અને ઉભો રહ્યો. શેઠ બોલ્યાઃ
"હવે જા, એકદમ જા, ભાઈને શોધી ક્‌હાડ."

અર્ધું ચિત્ત ઠેકાણે અને અર્ધો ભ્રમ, એ અવસ્થા દેખી હરિદાસની આંખમાં આંસુ આવ્યાં. લ્હોતો લ્હોતો જે થાય છે તે ઠીક થાય છે જાણી વધારે ગોઠવણ સારુ બોલ્યો.

"હા, શેઠજી, જાઉંછું."

"ત્યારે જા."

"પણ સવારે જ ધૂર્તલાલ પુછશે કે પુછાવશે કે લેખનું શુ કર્યું ને
"હરિદાસની સાથે શી વાત થઈ તો શું કહેશો?"

શેઠ વિચારમાં પડી ગરીબડા બની ગયા. "એ તો તું કહી દે તે કહું."

"કંઈ પાર જ ન આપશો. એમ જ કહેજો કે જે ક્‌હેવાનું તે તો
"હરિદાસને કહેલું છે તેને પુછો, ને બીજું બધું કાલ બપોરે."

શેઠ ઉઠી હરિદાસને ભેટી પડ્યાઃ "વાહ, વાણીયા, વાહ. આ ત્‍હારી
"અક્કલ ક્યાંથી ચાલે છે? બરોબર યુક્તિ સુઝાડી. જુઠું એ નહી ને સાચું
"એ નહી. એમાં બધું આવી ગયું ને મ્હારે વિચાર નહી, ક્‌હેવાનું નહી,
"લપ નહી—જા ત્યારે. "**કાલ બપોરે**"—જા. પ્‍હેલું પછી ને બીજું
"બધું કાલ બપોરે–જા."

હરિદાસ, દીન મુખ કરી, દુઃખી થઈ, સુખી થઈ, નિઃશ્વાસ મુકતો, ઉમંગ આણતો, ભયથી ધડકતે હૃદયે, આનંદથી ઉછળતે હૃદયે, પરસ્પર વિરુદ્ધ દશામાં ખેંચાતો, અનુરક્ત સેવક, શેઠની સંભાળ માળીને અને

હરિને સોંપી, છેક સંધ્યાકાળનું અંધારૂં પડતાં, શેઠના બંગલામાંથી, વાડીમાંથી, દરવાજામાંથી નીકળ્યો. બુલ્વર સાહેબ અને પોલીસ કમીશનર અને ધૂર્તલાલ એ ત્રણેના વિચાર કરતો ત્રણેને ત્યાં જવાનો સિદ્ધાંત કરી, વિક્ટોરિયા ગાડી ભાડે કરી, ચાલ્યો ને જગતની ખટપટને શાંત કરી દેતા અંધકારમાં માર્ગ વચ્ચોવચ લીન થઈ અદૃશ્ય થઈ ગયો. માત્ર એના મુખમાંથી નીકળેલું એનું છેલું વાક્ય પળવાર તેની પાછળ અંધકારમાં પવનમાં લટક્યુંઃ " હરિ ! ત્હારી ઇચ્છા મ્હોટી છે ! હું રંકથી મહાપ્રયત્નથી ન થાત " તે–ચેલા ગાંડા પણ શેઠના વચનમાત્રથી—સિદ્ધ થશે, અને હરિ ત્હારી તો " એકલી ઇચ્છાથી જ સિદ્ધ થશે ! હરિ ! હરિ ! ધર્મે જય અને પાપે ક્ષય ! " " જય " અને " ક્ષય " શબ્દ અંધકારમાં વિક્ટોરિયા રથના ચક્ર પાછળ ચક્રના સ્વરમાં—પડઘામાં–વીંઝાયા અને સરસ્વતીચંદ્રના બંગલાની ભીંતોમાં લીન થઈ ગયા. સઉ હતું તેવું થયું.

હરિદાસ પ્રથમ પોલીસ કમીશનરને ત્યાં ગયો. લક્ષ્મીનંદન અને સરસ્વતીચંદ્ર ઉભય ઉપર એ અધિકારીની પ્રીતિ હતી. ધૂર્તલાલ એ જાણતો હતો અને તેથી એણે એ અધિકારીના હાથ નીચેનાં કેટલાંક માણસની સાથે તેમના ઉપરીને નામે, કેટલાંકની સાથે લક્ષ્મીનંદનને નામે, અને કેટલાંક સાથે લક્ષ્મીનંદનના દ્રવ્યવડે, પ્રીતિ કરી હતી. આ સઉ જાણનાર હરિદાસને ખાતાના મુખ્ય ઉપરી સાથે પોતાના કાર્યની વ્યવસ્થા કરવી યોગ્ય લાગી. એણે બીજાં તાબેનાં માણસો પાસે ન જતાં સઉના ઉપરીને પકડ્યો, શેઠના મર્મનો ભેદ ખોલ્યો, અને શેઠ દુકાને આવે તે પ્રસંગે થોડાંક પોલીસનાં માણસો પ્રત્યક્ષ થઈ શકે અને કામ લાગે એવી ગોઠવણ કરી શેઠની ચીઠીનો સત્કાર થયો.

બુલ્વર સાહેબે શેઠની ચીઠી વાંચી શેઠની ઇચ્છાઓ સાંભળી પ્રસન્ન થયો, અને પ્રાતઃકાળે શેઠને મળી સઉ વાત કરવાનું વચન આપ્યું.

ત્યાંથી નીકળી, પોતાને ઘેર જઈ, જમી, હરિદાસ ધૂર્તલાલને ઘેર ગયો. ધૂર્તલાલ એની વર્ષાદની પેઠે વાટ જોતો હતો. હરિદાસે કહ્યું કે શેઠ એકદમ કહ્યું માને એમ નથી પણ કાલ બપોરે દુકાને આવશે તે પ્રસંગે વાત થશે તો વિચારશે. ધૂર્તલાલ શેઠ ઉપર ચ્હીડાયો.

" હરિદાસ, ત્હારી મદદની ખરેખરી જરૂર પડશે. શેઠ જો સહી " નહી કરી આપે તો કરનાર નીકળશે ને વધારે વાટ ન જોતાં કાલે " બપોરે જ ગાંડા ઠરાવી મુકવા, ને ગાંડાની પેઠે બાંધી કોલાબે પોલીસ " મારફત મોકલવા. કોલાબે ડાક્તરને કહી મુક્યું છે પણ વખત નથી " આપ્યો તે ત્હારે મ્હારી ચીઠી સવારે લેઈ જવું ને તેમને ચેતાવવા."

ધૂર્તતાની હીંમત જોઈ આશ્ચર્ય પામતો હરિદાસ બોલ્યોઃ "વાહ,
"બહુ બેશ ઉપાય શોધ્યો. કાલ બપોરે જ શેઠને ચતુર્ભુજ બનાવી
"મોકલી દેવા. પણ પછી? પોલીસ ક્યાંથી લાવશો?"

"આ ચીઠી લેઈ લતીફખાન જમાદાર અને ધુરકેરાવ હવાલદારને
"જઈને આપવી કે વખતસર પોલીસને હાજર રાખવી."

"એ પણ ઠીક. કોણ ચીઠી આપશે?"

"હરિદાસ વગર બીજું કોણ? હું સિદ્ધ ને તું સાધક."

"ઠીક છે, શેઠ, બપોરે બાર વાગે એ મ્હારે કરવું."

આ ગોઠવણ પાર ઉતારવા સારુ હરિદાસે ત્રણ હજારની નોટો રોકડ ધૂર્તલાલ પાસેથી લીધી. રાધાસાનીને ત્યાં પણ એને ધૂર્ત લેઈ ગયો, નાયિકા[illegible] હાથની બીડી અપાવી, અને નાયિકાપાસે ઠુમરીઓ ગવડાવી. હરિદાસે બીડી ખીસામાં મુકી, ઠુમરીઓ સાંભળવાના રસમાં પડેલા શેઠના સાળાપાસે પ્રસંગે પ્રસંગે દુકાન સંબંધી એનાં કપટનાં મર્મની કુંચીઓ ચોરી લીધી, અને આખરે જાતે બ્હીકણમાં ખપી આ હીંમતવાળી પરસ્પર – ધૂર્ત ધૂર્ત – ધૂર્તાની જોડને એકલી મુકી પોતાને ઘેર ગયો. ધૂર્તલાલની આપેલી ચીઠીઓ સાચવી રાખી. ઘણાક વિચાર કરી આખરે સુઈ ગયો. બીજે દિવસ છેક બપોરે દુકાને ગયો. ત્યાં પ્રથમ ધૂર્તલાલ અને પછી લક્ષ્મીનંદન એકાદ બે મીનીટને અંતરે આવ્યા. હરિદાસ એમાંથી કોઈની સાથે વાત ન કરતાં પોતાની પેટી ઉઘાડી છાનોમાનો એક મ્હોટો ચોપડો ઉઘાડી લખવા બેઠો. નીચે પોલીસનાં માણસ ફરતાં હતાં તેને શેઠે પોતાના સાધનરૂપ ધાર્યાં અને ધૂર્તલાલે પોતાનાં ધાર્યાં. હરિદાસને પણ ઉભયે પોતાનો ધાર્યો. ઉભય પોતાનો વિજય સિદ્ધ થવાનો નિશ્ચય કરી પોતપોતાના અભિમાનમાં – દર્પમાં – ઉન્મત્ત હતા. છાતી ફુલાવી સઉની સલામો ઝીલતા શેઠ પોતાની ગાદીએ બેઠા, મુછો આમળતો ધૂર્તલાલ પોતાને ઠેકાણે બેઠો. એની ગાદીયો વચ્ચે એકાદ હાથનું છેટું હતું. હરિદાસની અને તેમની વચ્ચે ત્રણ ચાર બીજા ગુમાસ્તા બેઠા હતા. ઘણે દિવસે શેઠ દુકાને આવ્યા દેખી સઉ પોતપોતાનું કામ ઉતાવળથી થતું બતાવવામાં ખંતી દેખાયા.

સાળો બનેવી થોડીક વાર કાંઈ બોલ્યા નહી. અંતે ધૂર્તલાલ બોલ્યોઃ
"વાહ શેઠ, આજ આપ પધાર્યે શી દુકાન શોભે છે? અંબાડીવગરનો હાથી
"અને પાઘડીવગરનું માથું તેવી શેઠ વગરની દુકાન આજસુધી હતી."

"તમે ક્યાં ન્હોતા? મ્હારા તમારામાં ક્યાં ભેદ છે?" શેઠ અધીરાઈ સંતાડી બોલ્યા.

ધૂર્તલાલ નમી જઈને બોલવા લાગ્યોઃ "શેઠજી, કાલે વાત થઈ "હતી તેનો વિચાર કર્યો!"

"હરિદાસે વાત કરી નથી?"

"બરોબર નહી."

"વાત એ કે મને કંઈ સુઝતું નથી ને સુઝે નહી ત્યાંસુધી કંઈ "કરવું નથી."

"શેઠ, આપને ચિત્તભ્રમનો આરંભ થયો છે માટે ધર્મના કામમાં "ઢીલ ન કરવી."

શેઠ તકીયે પડી, પેટીપર પગ લાંબા કરી, બોલ્યાઃ "ખરી વાત; "અને તેથી જ હવે હું હુકમ કરુંછું કે તમને અત્યારથી મ્હારી દુકાનમાંથી "રજા છે." બુમ પાડી શેઠ બોલ્યાઃ "ગુમાસ્તાઓ, ધૂર્તલાલને કાંઈ "પુછવાનું છે? આ ઘડીથી એને હું રજા આપું છું."

સઉ ગુમાસ્તાઓ દિઙ્મૂઢ બની જોઈ રહ્યા. ધૂર્તલાલ રાતોચોળ બની ગયો પણ વચનમાં શાંતિ રેડી બોલ્યોઃ "શેઠજી, આપને ચિત્તભ્રમ "હવે જરુર થયો છેઃ આપનું ચિત્ત ઠેકાણે હોય તો તો રજા આપનાર "ધણી છો પણ આપની આ સ્થિતિમાં મ્હારી બ્હેન ને મ્હારા ભાણેજનો "હું વાલી છું અને આપના શરીરની સંભાળ પણ મ્હારે માથે છે, "માટે આપ શાંત થાવ."

"ધુતારા! હું તને એકદમ બરતરફ કરું છું. અને આ ઘડી આ "મકાન છોડી જવા હુકમ કરું છું. ચાલ, ઉઠ, આંહીથી!"

ધૂર્તલાલ ઉઠ્યો અને પાછો વળી બીજા ગુમાસ્તાઓને કહેવા લાગ્યો; "ભાઈઓ, શેઠ હાથમાંથી ગયા. બહુ દીલગીરીની વાત છે. એમને "વશ નહી રાખીયે તો કંઈ નવું જુનું કરી બેસશે." કોઈએ ઉત્તર ન આપ્યો. એની આંખ આમ બીજી પાસ હતી એટલામાં શેઠ ઉઠ્યા અને ધક્કો મારી એને કહાડવા લાગ્યા અને બુમ પાડવા લાગ્યાઃ "મ્હેતાઓ, "બોલાવો મ્હારા ભૈયાઓને અને ભૈયા ન હોય તો પોલીસને. આ "ચાંડાલ હવે મ્હારા મકાનમાં નહી." શેઠની આંખ હરિદાસભણી ગઈ.

ધૂર્તલાલની નરમાશ ખશી. "હરિદાસ, બોલાવ પોલીસને. શેઠ "ગાંડા થયા — મ્હેતાઓ, એમને ઝાલો – ઉઠો – જુઓ છો શું?"

ઠાકોરદાસ નામનો મ્હેતો પ્રથમ ઉઠ્યો, પછી બીજા મ્હેતા ઉઠ્યા, શેઠને ઝાલવા માંડ્યા, શેઠ સઉને ધક્કા મારી છુટા થવા અને બુમાબુમ

કરવા લાગ્યા. સઉ એક ખેસવડે શેઠને બાંધવાનો પ્રયત્ન કરવા લાગ્યા અને "શેઠ, ગાંડા થયા, ગાંડા થયા" એમ બુમ પાડવા લાગ્યા.

આ સર્વના આરંભમાં જ હરિદાસ ધીમે રહી ઉઠ્યો અને બારી-માંથી પોલીસને હાક મારી. ઉભય પક્ષે પોલીસને પોતાની ગણી. જરા-વારમાં પોલીસનાં માણસો ચ્હડી આવ્યાં, તો શેઠને સર્વે ગુમાસ્તાઓ બાંધે અને અંતે ધૂર્તલાલે કહ્યું, "હવાલદાર, શેઠ ગાંડા થયા છે અને "તેથી મ્હેં એમને બાંધ્યા છે તેમને પકડી કોલાબે કે જ્યાં લેઈ જવા "હોય ત્યાં લેઈ જાવ."

પોલીસવાળાઓમાંથી એક જણ બોલ્યોઃ "તુમ્હી તર શેઠજીલા "ધરતા ના?"

"હોય, આમ્હીચ ધરલા!" ધૂર્તલાલ ફુલી બોલ્યો.

"તુકોજી, પહીલા તર હ્યા ધૂર્તાલાચ હેંડકફ કરુન ધ્યા. મગ હ્યા "સર્વ મંડળીલા ધ્યા, આણી શેઠજીના સોડુન દ્યા."

ધૂર્તલાલ અને મ્હેતાઓ ગભરાયા, ઘડીના છઠા ભાગમાં ધૂર્તલાલ અને એના સર્વ સંત્રીયોને ચતુર્ભુજ કરી ચાર પાંચ સીપાઈઓને હવાલે કરી હવાલદારે કહ્યું. "તુકોજી, હ્યા લોકાને શેઠજીલા ગૈરકાયદેસીર કૈદ "કેલા તે આપણ પ્રત્યક્ષ કેલા. આતાં કમીશનર સાહેબ કડે સર્વ મંડળીલા "ઘેઉન તુહ્મી જા. મી પુઢેં યેતો."

સીપાઈઓ સર્વને ઘસડી ગયા. શેઠ, હવાલદાર, હરિદાસ અને બે સીપાઈ રહ્યા. શેઠને છોડ્યા. તેમને બાંધ્યા હતા તે દુપટો મુદ્દામાલ ગણી લીધો.

"કાય, શેઠજી, આતાં કાય હુકમ આહે?"

"હવાલદાર, હું પાછળ આવું છું અને સાહેબ પાસે આવી ફરીયાદી "કરુંછું, હાલ તમે જાવ."

સલામ કરી હવાલદાર ગયો. પાછળ શેઠ અને હરિદાસ રહ્યા.

"કેમ, શેઠજી, જોઈ લુચ્ચાઓની હીંમત?"

"હરિદાસ, મને પ્હેલો ઉગાર્યો ઈશ્વરે અને બીજો ત્હેં. આ ધુતારો "તો મને ગાંડાની હોસ્પિટલમાં મોકલી દેવાનું કરતો હતો."

"હા જી, મને ખબર છે. આ ચીઠીઓ વાંચો."

નગરમાં વાત વાએ ચ્હડી. હો હો થઈ રહી. શેઠ ચીઠી વાંચે છે એટલામાં બુલ્વર સાહેબ આવ્યા. તેમની સાથે હાથ મેળવી ખુરસીપર બેસાડ્યા. બેસાડતાં બેસાડતાં શેઠ બોલ્યાઃ "હરિદાસ, આ ચીઠીઓ "સાહેબને પણ દેખાડીશું."

સાહેબ શેઠ પાસે બેઠા. શેઠની સર્વ વાર્તા એણે પ્રાતઃકાળે સાંભળી હતી અને ફરી મળવાનું બપોરે ઠરાવ્યું હતું. ધૂર્તલાલે પોલીસનાં માણસ ઉપર લખેલી તથા કોલાબા ઉન્માદારોગ્યભવનના[1] ડાક્તરપર લખેલી ચીઠીઓ હરિદાસપાસેથી વાંચી. શેઠને ગાંડા ઠરાવવાનો તથા પકડવાનો પ્રપંચ તેમાં સ્પષ્ટ હતો. પ્રથમ રાત્રે ધૂર્તલાલ પાસેથી લીધેલી ત્રણ હજારની નોટો પણ હરિદાસે શેઠ અને સાહેબના હાથમાં મુકી દીધી અને રાત્રિનું સર્વ વૃત્તાન્ત કહી દીધું. પ્રામાણિક અને સેવાનિષ્ઠ સેવક ઉપર ઉભય ગૃહસ્થો પ્રસન્ન થયા. અંતે વિચાર કરી સાહેબે અભિપ્રાય આપ્યો કે ચીઠીઓ તેમ જ નોટો પોલીસ કમિશનર સાહેબને તરત સોંપી દેવી, તેને અથઇતિ વાર્તા વિદિત કરવી, અને આખર કામ ચાલે ત્યાં સુધી પુરાવારૂપે સ્પષ્ટ થાય એવી યોજના પોલીસને જ સોંપવી. શેઠે કરવાનો લેખ સાહેબે પસંદ કર્યો પણ તે લેખ તરત કરવો કે આ સઉ કામ ચાલી રહ્યા પછી તે વીશે કોઈ વકીલ બારિસ્ટરનો અભિપ્રાય લેવા ઉપર રાખ્યું. હરિદાસને આ સર્વ કામમાં ઉપયોગી કરવા મુંબાઈ રાખવાનું ઠરાવ્યું. ચંદ્રકાંતના સર્વ સમાચાર કહી શેઠને સાહેબે ધૈર્ય આપ્યું અને પુત્રનો શોધ એના હાથમાં સોંપી દ્રવ્યનું સાહાય્ય આપવા કહ્યું અને તે પ્રમાણે બે ત્રણ હજારની હુંડીઓ રત્નનગરી મોકલી. આ સર્વ ગોઠવણ કરી સાહેબ ઘેર ગયા. શેઠ અને હરિદાસ પોલીસમાં ગયા.

પોલીસ કમિશનર બહુ સુજ્ઞ અને અભિજાત અધિકારી હતો. શેઠની ફરીયાદી અને હરિદાસની જુબાની તેમ બીજાં પોતાનાં માણસોની જુબાનીઓ એ સાહેબે તરત લેવડાવી. પોતાના એક વિશ્વાસુ ચીફ કન્સ્ટેબલને વધારે તપાસ કરવાનું સોંપી શું શું પરિણામ થાય છે તેનું ઘડી ઘડી પોતાને નિવેદન કરવાની આજ્ઞા કરી. લતીફખાન અને ફુરકેરાવ પોતાના ઉપર લખેલી ચીઠી લેઈ તુરંગમાં ધૂર્તલાલને મળ્યા અને ચીઠી મોડી મળી તેથી કંઈ બની શક્યું નહી અને ચીઠી પુરી સમજાઈ નહી એમ બતાવી ખેદ દેખાડ્યો. ચીઠી સમજવાને ધૂર્તલાલને વિજ્ઞપ્તિ કરવાથી એણે વાંચી સમજાવી અને એ નિમિત્તે એ ચીઠી એણે પોતે લખી છે એવું નક્કી કર્યું. ધૂર્તલાલે હરિદાસને આપેલી નોટોના નંબર વગેરે વીગતની નોંધ શેઠના તેમ ધૂર્તલાલના ચોપડામાં હતી. કારણ એ નોટો પ્રથમ શેઠને ત્યાં અને પછી ધૂર્તલાલને ત્યાં એમ બેને ત્યાં ગઈ હતી અને તેથી બેને ત્યાં તેના દાખલા હતા. આ પ્રમાણે પોલીસનું શોધન તડામાર ચાલવા માંડ્યું. સર્વ વાર્તા

---

૧. ગાંડા માણસની ઔષધશાળા.

અને ગપો વર્તમાનપત્રોમાં ઉપરાઉપરી આવવા માંડી અને ધૂર્તલાલ તથા શેઠ સઉની જીભે ચ્હડ્યા. આની સાથે **સરસ્વતીચંદ્ર** ન્હાસી ગયાની વાર્તા તેમ **લક્ષ્મીનંદન**ના મનની અને કુટુંબની દુઃખ ભરેલી સ્થિતિનું વર્ણન પણ બહુ ચિત્તવેધક રીતે છપાવા લાગ્યું. **બુલ્વર** સાહેબ આ સર્વ વીગત પ્રસિદ્ધ કરવામાં સવિશેષ આતુરતા અને આગ્રહ રાખતા હતા, કારણ તેમના મનમાં એમ હતું કે **સરસ્વતીચંદ્ર** ગમે તેટલે દૂરના કોઈ ખુણામાં પડ્યો હશે પણ તેના વાંચવામાં ગમે તેમ કરીને પણ આ વર્તમાન જવા પામશે તો એનાં પિતૃવત્સલ મર્મસ્થાન ચીરાશે અને સર્વ આગ્રહ તથા મમત મુકાવી પિતા પાસે બોલાવશે.

**લક્ષ્મીનંદન**નું દુઃખ વાંચી પુત્રનું અંતઃકરણ દ્રવે એવી ન્હાની ન્હાની વાતો અને **લક્ષ્મીનંદન**નાં દુઃખની હૃદયવેધક કવિતાઓ ગુજરાતી અને ઈંગ્રેજીમાં **લક્ષ્મીનંદન**નું દ્રવ્ય ખરચી **બુલ્વર** સાહેબે પુસ્તક–આકારે તેમ વર્તમાનપત્રો વગેરેમાં ઘડી ઘડી પ્રસિદ્ધ કરી. **સરસ્વતીચંદ્રે** પિતાને લખેલા પત્રની કાંઈક કડીયો શેઠને યાદ હતી તે પરથી નવી કવિતા રચી પ્રસિદ્ધ કવિ **તરંગશંકરે** "ગૂર્જરવાર્તિક"માં છપાવી કે,

" દુખી તું તે પિતાને શું ! !
" ઝુરે ઘેલો, ઑર્જુ તે શું ?
" ઝુરે ઘેલો પિતા ત્હારો,
" ગણે છે દેહ ગોઝારો.
" હશે ભુલો સુતે કીધી,
" પિતાએ ચિત્ત ના લીધી;
" પિતાની ભુલ થઈ એક
" ખમે ના પુત્રનો ટેક !
" જગતમાં કંઈ પડ્યા જીવ,
" પિતાનો પુત્રમાં જીવ;
" અહો ભાઈ ! અહો ભાઈ !—"
" કંહી જીભ જાય સુકાઈ
" પિતાજી દે લક્ષ્મીને ગાળો—
" અરે મુજ પુત્ર ત્હેં ક્હાડ્યો."
" નહી જોવું ! સદા રોવું !
" પિતાએ આંસુ નહીં લ્હોવું !
" પિતાથી પુત્ર જો ન્યારો,
" પિતાને મૃત્યુનો વારો."

લક્ષ્મીનંદનને આ કવિતાથી કંઈ સંતોષ ન વળ્યો, એણે તો પોતાને નામે થોડુંક છપાવ્યું: "ઓ ભાઈ! આમ તે હાડ શું જાય છે? આ મ્હારાં "પળીયાંની જરા તો દયા આણ! અરેરે, મ્હારું કોઈ નથી જો! તું જ્યાં "હોય ત્યાંથી હવે આવ! મને હવે કાંઈ સુઝતું નથી. હવે તો આજથી "એક મહીનો ત્હારી વાટ જોઈશ ને ત્યાં સુધીમાં જો તું નહી આવે તો "દશરથજીની પેઠે પ્રાણ ક્હાડીશ. ઓ ભાઈ, છેક આવો નિર્દય તે કેમ થયો? "જ્યારે તું મ્હારો નહી થાય ત્યારે આ ઘડપણમાં હું તે હવે કોનું મ્હોં "જોઈશ?"

આ વાક્યો જે પત્રમાં છપાવવાનાં હતાં તે પત્રના તંત્રીયે એ વાક્યોનું બુલ્વર સાહેબને ભાષાંતર કરી બતાવ્યું, અને ઉત્તરમાં સાહેબે કહ્યું કે: "છાપી દ્યો, શેઠની સહી સાથે છાપી દ્યો: જો સરસ્વતીચંદ્ર એ વાંચશે તો "જ્યાં હશે ત્યાંથી આવશે. શીકારીના હલકારા જેમ સિંહ જેવાં પ્રાણીનો "મહાપ્રમાદ ત્યજાવે છે તેમ આ પુરુષનો અતર્ક્ય ઉન્માદ એના પિતાનાં "આ વચન વાંચતાં જ છુટી જશે. શેઠનાં આ વાક્ય મ્હોટે મ્હોટે અક્ષરે "છાપજો."

---

## પ્રકરણ ૪.

### સુવર્ણપુરના સમાચાર: કારભારીનો શિક્ષાપાત્ર પુત્ર.

Every good political institution must have a preventive operation as well as a remedial. It ought to have a natural tendency to exclude bad men from Government and not to trust for the safety of the State to subsequent punishment alone; punishment, which has ever been tardy and uncertain; and which when power is suffered in bad hands, may chance to fall rather on the injured than the criminal.—*Burke.*

પોતાના પક્ષના માણસોના દોષ થતાં પ્રજા પોતાની પાસે ફરીયાદી કરવા નહી આવી શકે—બીચારી કચડાશે—પોતે પામ્યો હતો તેવી જ અવસ્થા કોઈને પામવા વખત આવશે તો એ પાપ કોને માથે? અધિકારનો નીશો પોતાનાં માણસોને ચ્હડશે અને કદી જાણ્યો અજાણ્યો જુલમ કરશે તો

પ્રમાદધનનો–અથવા બીજાનો જ–દોષ. “બુદ્ધિધન ! ત્હારી પાસે કોણ “ફ્હાડશે ?” એ પ્રશ્ને એનું મસ્તિક ભમાવ્યું, આ પ્રશ્ને કારભારે ચ્હડતા બુદ્ધિધનનું મસ્તિક વિચારમાં જ ભમાવ્યું હતું;[1] તે સમયે એને એવી ભ્રાન્તિ પણ થઈ ન હતી કે આ પ્રશ્ન મ્હારા ઘરમાં ઉઠશે, મ્હારા રાજ્યતંત્રમાં ઉઠશે, મ્હારા પુત્રને માથે આરોપ આવશે, અને કૃષ્ણકલિકાનો વર તો શું પણ મ્હારી ગરીબ કુમુદસુંદરી પણ મ્હારા પુત્ર સામે મ્હારી પાસે આરોપ નહી મુકી શકે અને ઉલટી આરોપનું પાત્ર થશે! પુત્ર, ભાઈ, મિત્ર, અને એવા બીજા નિકટના સ્નેહી–સંબંધીયોરૂપ પીછાંવાળા પક્ષથી ઉડનાર કારભારીયો અને અધિકારીયોને અંતઃકરણ હોય તો તે અંતઃકરણને જગાડવા આ પ્રશ્નનો પ્રસંગ સમર્થ છે; એટલું જ નહી પણ એ જાગૃત થયેલો અધિકારી જુના સ્નેહના સંબંધના પાત્ર થયેલા મનુષ્યને પ્રસંગ આવ્યે શિક્ષા કરવાની શક્તિનું અભિમાન ધરાવતો હોય તો એ જ પ્રસંગ એ અભિમાન ઉતારી દેવાની શક્તિનો પણ અનુભવ કરાવે છે. પ્રમાદધનની વધારે વધારે કથા જાણતાં બુદ્ધિધનને આ પ્રશ્નના પ્રસંગે વધારે વધારે કંપાવ્યો અને આ અનુભવે વધારે વધારે નરમ કરી નાંખ્યો. દુષ્ટરાય આદિ મંડળદ્વારા જુલમ કરનાર શઠરાયમાં અને પ્રમાદદ્વારા જુલમ કરનાર પોતાનામાં કાંઈક સરખાપણું લાગ્યું, એ સરખાપણું લાગતાં તેના હૃદયને અત્યંત દુઃખ થવા લાગ્યું, અને એ દુઃખરૂપ કાર્યનું કારણ નષ્ટ કરવા બળ અજમાવવાની યુક્તિ શોધવા લાગ્યો. “મ્હારામાં ને શઠરાયમાં શો ફેર ?”–“શું મને પડેલાં દુઃખ બીજા ઉપર પડવાનું “હું સાધન થઈશ ?” આ અને એવા પ્રશ્નો કારભારને બીજે ત્રીજે દિવસે બુદ્ધિધનના મસ્તિકને ખાઈ જવા લાગ્યા.

અનાવો એવા બન્યા હતા કે આ દુઃખી મગજમાં દુઃખની ભરતીનો પાર રહ્યો ન હતો. નવીનચંદ્ર જતા પ્હેલાં વનલીલાદ્વારા પ્રમાદધનની કેટલીક વાતો સૌભાગ્યદેવી ને અલકકિશોરી પાસે ગઈ હતી, તેમની પાસેથી બુદ્ધિધન પાસે ગઈ હતી, અને તેથી ઉત્પન્ન થયેલા દુઃખમાં બુદ્ધિધન નવીનચંદ્ર જતી વેળા જ પડેલો હતો તે આપણે જાણીયે છીયે, પણ એ વાતો કરતાં પણ વધારે દુઃખની વાત હવે આવી. જે દિવસે કુમુદસુંદરી ગઈ તે જ દિવસે કૃષ્ણકલિકા અને પ્રમાદધનના સર્વ સંકેતની કથા વનલીલા અલકકિશોરી અને સૌભાગ્યદેવી પાસે કહી આવી. એ બે જણે પ્રમાદધનને બોલાવી, કોઈનું નામ દીધા વિના, વીગત કહ્યા વિના, બાંધ્યે ભારે, એને

---

૧. ભાગ ૧. પ્રકરણ ૧૮. પૃષ્ઠ ૨૭૭.

પિતાના નામને કલંક પ્હોચે એવી વર્તણુક વીશે, મોઘમ ઠપકો દીધો. ઠપકો મળતાં અપરાધી ચિત્તે પોતાના અપરાધ વીશે જ આ ઠપકો છે એ કલ્પના સ્વીકારી, અને તેમાંથી બચી જવા કૃષ્ણકલિકાએ આપી મુકેલું શસ્ત્ર ઉઘાડી વાપરવા માંડ્યું. "મર્મદારક ભસ્મ" વાળા કાગળના ખીસામાં રાખી મુકેલા કડકા બતાવ્યા, કોપાયમાન મુખે ગરીબ કુમુદ ઉપર આરોપ મુક્યો, અને તે સર્વ સાંભળતાં જ માદીકરીના મનમાં વનલીલાએ કહેલી વાતની પૂર્ણ ખાતરી થઈ.

સૌભાગ્યદેવીની આંખમાં આંસુ આવ્યાંઃ "અલક, મ્હારાં પૂર્વ "ભવનાં પાપ ઉગી નીકળ્યાં, બ્રાહ્મણીને પેટે રાક્ષસ અવતર્યો! શિવ! "શિવ! શિવ! ગરીબ ગાય જેવી મ્હારી વહુને કપાળે આ દુઃખ! "હું જાઉં છું, આ દીકરાનું મ્હોં હું નહી જોઉં, તું જાણે ને ત્હારો ભાઈ "જાણે! અરેરે! રાંકની હું દીકરી મહાપુરુષ જેવા ત્હારા બાપના ઘરમાં "આવી, પણ મ્હારું રાંક ભાગ્ય ક્યાં જાય કે આ એમને કારભાર "મળ્યો ને આ આજ મ્હારું સર્વસ્વ ગયું!!" પાણીથી ઉભરાતી આંખે દેવી ઉઠી ચાલતી થઈ અને અનેક દુઃખ સ્હેનારીથી આ દુઃખ ન સ્હેવાતાં પરસાળમાં જઈ જમીન ઉપર લુગડું પગથી માથાસુધી હોડી રોતી રોતી સુઈ ગઈ.

દેવી ગઈ અને અલક ભાઈ ઉપર કુદી ઉછળી, અને ભાઈની હડપચી ઝાલી રાતી આંખે ગાજીઃ "ઓ ચંડાળ! આ બુદ્ધિ તને રાંડ "કાળકાએ આપી છે તે હું જાણું છું—ભાભી ગયા પ્હેલાંની આપી "છે કે ભાભી જાય એટલે આ ત્હારું કાળું કરજે! ધિક્કાર છે તને "લાજ! લાજ!" ભાઈને ધક્કો મારી બ્હેન આઘી ખસી ઉભી અને એના સામી આંખો ફાડી ઓઠ પીસી જોઈ રહી.

પોતાની વાત ઉઘાડી પડી જાણી પ્રમાદ ગભરાયો, પરંતુ રંક સ્વભાવવાળા ચોરને પણ ચોરી પકડાતાં છટકી જવાનો માર્ગ શોધવાની બુદ્ધિ સુઝે છે અને તે સુઝતાં બળ આવે છે.

"બ્હેન, તું અને દેવી તો ભોળાં છો. હું જુઠો, મ્હેં તો ગમે "તેમ કર્યું, પણ આ અક્ષર તો તું ઓળખે છે. જરા જો કે મ્હારો "પુરાવો ખરો છે કે ખોટો."

ચીઠીના કડકા અલકે વાંચ્યાઃ

"હા, ભાઈ, હા! તને દિવસ થયા છે એટલામાં મને વરસ થયાં "છે. ભાભીને કવિતા જોડતાં આવડી પણ તને અર્થ કરતાં ન આવડ્યો.

"આવી કવિતા તો ભાભી રોજ લખતાં એમાં ત્હારો પુરાવો ક્યાં
"આવ્યો ?"

"અરે ઉતાવળાં બ્હેન, જુવો તો ખરાં કે આ ત્હારી ભાભીએ
"નથી લખ્યું પણ પેલા **નવીનચંદ્રે** લખ્યું છે !"

"ઓ ત્હારું ભલું થાય ! એક ગોળો ન ફાવ્યો ત્યારે બીજો મુક્યો.
"**નવીનચંદ્રે** આ કાગળ ભાભીને આપ્યો હશે તે ભાભી એવાં મૂર્ખાં
"કે તને આપ્યો હશે ખરો કની ?"

"ના, ત્હારી ભાભીના ટેબલ તળેથી હાથમાં આવ્યા !"

"તે ભાભી ગયા પછી આવ્યા કે એમની પુઠ પાછળ ત્હારા
"એકલાનું કહ્યું સાંભળીયે અને તું ક્હે તે સાચું માનીયે ને એમને
"પુછવાનો વારો પણ ન આવે ! એ તો, ભાઈ, પેલી કાળકાની આપેલી
"અક્કલ ! પણ એ રાંડ જેવી તો સૌને ત્હારી બ્હેન ખ્હોચે એવી
"છે. આ અક્કલ મ્હારા ભાઈની ન્હોય.!"

"શાની હોય જે ? ભાઈની કાંઈ શરમ પડે ? એ તો ભાભીની
"શરમ કે પછી **નવીનચંદ્રની** પડે ! હું પણ કંઈક જાણું છું."

**અલકકિશોરીને** પોતાના ઉપર આરોપ આવ્યો લાગ્યો અને
ક્રોધમાં ઉમેરો થયો. "બહુ સારું, ભાઈ, આ બોલ ભાઈ નહી સંભળાવે
"તો બીજું કોણ સંભળાવશે ? ખરી વાત છે. સોબત તેવી અસર.
"કાળકામાં હડહડતો કળિ હોય તો ત્હારામાં તેના છાંટા પણ ન
"આવે ? અરેરે ! ભાભી તો ગયાં, પણ આજ તો મને દેવીની દયા
"આવે છે !—જા, જા—"

"લાવો પાછા અમારા કાગળના કડકા—"

"હં અં, ન્હાની કીકી છું ખરીકની ?"

"ત્યારે શું કરશો એને ?"

"એ તો દેવીને અને પિતાજીને એને દેખાડીશ તે ત્હારો, મ્હારો,
"ને ભાભીનો બધાંનો અને ભેગો ત્હારી કાળકાનો પણ ન્યાય ચુકવશે.
"મને ક્હો છો તે બધું પિતાજીને ક્હેજો ને કાળકાને પણ ક્હેજો કે, રાંડ,
"ત્હારું ચાલે તે કરી લેજે—ભાઈ તો આખરે ભાઈ—પણ કાળકાને
"તો ગામમાંથી ક્હાડ્યા વગર રહું નહી !"

"મ્હારી પાસે તો આ પુરાવો છે પણ તમારે શો પુરાવો છે ?"

"પુરાવો ને બુરાવો—જોઈ લેજે ને કે બધુંયે નીકળશે! રાંડ "ત્હારી મેડીમાં આવી હતી ને આપે કેવડો ને સાંકળી એનાપર રસ્તામાં "ફેંક્યાં હતાં તે શાનું સાંભરે?"

કુમુદસુંદરીએ કુટતી સ્ત્રીયો વચ્ચે કૃષ્ણકલિકાપર ફેંકેલાં કેવડો અને સાંકળી[1] સાંભર્યાં અને તે સાંભરતાં પ્રમાદધન નરમ થઈ ગયો. એની બુદ્ધિ ગુમ થઈ ગઈ ને બાજી હાથમાંથી ગઈ સમજી નીચું જોઈ ચાલતો થયો.

આ સર્વ હકીકત બુદ્ધિધનને પ્હોચી. તેણે શાંતિ રાખી સર્વ વાત સાંભળી નરભેરામદ્વારા પુત્રની પાસે ઉત્તર લીધો. સર્વ હકીકત ઉપરાંત એણે કૃષ્ણકલિકાનો સુઝાડેલો વધારે ઉત્તર એ આપ્યો કે નવીનચંદ્ર અને કુમુદ સંપ કરી પોતાની વાત ઉઘાડી પડતાં ભદ્રેશ્વર ગયાં છે એ મ્હારો વધારે પુરાવો. પોતે જે રાત્રે લીલાપુર સાહેબને મળવા ગયો હતો તે રાત્રે પોતાની મેડીમાં કુમુદ એકલી હતી અને જોડની મેડીમાં નવીનચંદ્ર એકલો હતો ને બે જણ ભણેલાં એટલે આ સર્વ યોગ અનુકૂળ થઈ ગયો એવું પણ કહાવ્યું.

શાંત વિચાર કરતાં પુત્રની કરેલી વાત પણ પિતાને છેક અસંભવિત ન લાગી. બધાંને એકઠાં કર્યાં શીવાય ખુલાસો શી રીતનો થાય અને એકઠાં કરવાનો પ્રસંગ આવે તો કુટુંબની પ્રતિષ્ઠા જાય એ વિચારમાં આખો દિવસ કહાડી નાંખ્યો. છેક સાયંકાળે સુરસિંહને પકડી પોતાનાં માણસો આવ્યાં અને રાત્રિના નવ વાગતાં કુમુદસુંદરીવાળો રથ ઠાલો લઈ ગાડીવાન પાછો આવ્યો તેણે કુમુદસુંદરી નદીમાં તણાઈ ગયાના અને શોધ કરતાં પણ ન જડ્યાના સમાચાર કહ્યાથી કુટુંબમાં અત્યંત શોક વ્યાપી ગયો. કુમુદસુંદરી ઉપર મૂળથી હતી તે દયા અને પ્રીતિ દશગણાં થયાં, અને તેની સાથે કૃષ્ણકલિકા અને પ્રમાદધન ઉપર સર્વ કુટુંબનો ક્રોધ સોગણો વધ્યો.

રાત્રિયે બુદ્ધિધને નરભેરામને બોલાવી તેનો અભિપ્રાય માગ્યો.

નરભેરામે ઉત્તર આપ્યો: "બુદ્ધિધનભાઈ, મને પુછો તો થયું તે ન થયું "થનાર નથી. આ વાત ચોળીને ચીકણી કરવાથી ગઈ કાલ મળેલો કારભાર આવતી કાલ જવા બેસશે, અપકીર્તિ થશે, પોતાનાં છિદ્ર ઉઘાડવા જેવી "મૂર્ખતા બીજી નથી તે મૂર્ખતા તમે કરશો, પ્રમાદધનભાઇનાથી તમારી પાસે

---

1. ભાગ ૧. પ્રકરણ ૧૭ જુવો.

" ન બોલાતાં લજ્જા અને ભયને માર્યે કાંઈ અકાર્ય થઈ જશે અને સઉ
" પાછળથી પસ્તાશો. ન્હાની વાત કોઈ જાણતું નથી તેને મ્હોટી કરી
" બધાંને જણાવશો. આ હું તો એમ ગણું છું કે આપનાં કુટુંબમાં સર્વ
" વાતે સંપૂર્ણતા થવા આવી હતી તે થાત અને છાજત નહી અને
" લોકની નજર પડત તો કાંઈ ભારે વિપત્તિ માથે પડત તેને ઠેકાણે
" આ સુળીનો ઘા સોયે ગયો સમજી સઉ વાત પડતી મુકો અને ઈશ્વ-
" રનો પાડ માનો. ઘેર ઘેર હોય છે તેમ તમારે ઘેર ન્હોતું તે આ થયું.
" જુવાનીનો કાળ છે તે પોતાનો સ્વભાવ બતાવ્યા વગર કાંઈ ર્‌હેતો
" નથી. ને ખરું પુછો તો લ્યો કહી દઉં છું કે હાઉ જશો તો છોકરો
" કાંઈ ન કરવાનું કરી બેસશે ને પછી હાથ ઘસીને ર્‌હેશો. વહુ ગઈ ને
" છોકરો પણ ગયો તો પગ, હાથ, ને નાક ત્રણે વાનાં બગાડ્યાંનું થશે.
" માટે જે કરો તે વિચાર કરીને કરજો કે સાહસ ન થાય."

" જોઈશું. પ્રાતઃકાળે અવશ્ય આવજે. આવે ત્યારે સાથે વન-
" લીલા અને કૃષ્ણકલિકાના વરોને લેતો આવજે."

" તેમનું શું કામ છે ?"

" સવારે કહીશ."

" એ તો હું કાંઈ ન સમજું એવું પ્રયોજન નથી. આપની આજ્ઞા
" પાળીશ. પણ सहसा विदधीत न क्रियाम्* એ વાક્ય ભુલશો નહી."

" એ તો જે થશે તે તને પુછ્યા વગર કાંઈ થવાનું નથી. વારું,
" કુસુદનું શું કરીશું ?"

" એ કામ કરવાનું પુછો તે તો ઉતાવળે કરવાનું ખરું. નદીમાં
" તણાયાં ને સાંજ સુધી જડ્યાં નહી એટલે ગાડીવાન આવ્યો. આ
" શીવાય એને વધારે ખબર નથી."

" એમણે નદીમાં દુઃખને માર્યે પડતું મુક્યું એ વાત એણે તને
" કહી ?"

" એ તો અમસ્તો."

બુદ્ધિધને નિઃશ્વાસ મુક્યો. " ઠીક છે, પણ પ્રાતઃકાળ પ્હેલાં એમની
" તપાસ કરવા પચીશેક હોંશીયાર માણસો મોકલવાં. વિદ્યાચતુરને
" પણ જઈને મળે."

" આ વાત બરાબર."

---

* કોઇ ક્રિયા સહસા કરવી નહી.

"વિદ્યાચતુરનો મ્હારા ઉપર પત્ર આવ્યો છે તે યાદ આવ્યું. "લે વાંચ."

નરભેરામે પત્ર વાંચ્યો:

"પરમ સ્નેહી બુદ્ધિધનભાઈ.

"આપના મહારાણાશ્રીની આપના ઉપર સંપૂર્ણ કૃપા થઈ, દુષ્ટ "વર્ગ અસ્ત થયો, અને આપને મંત્રીપદ મળ્યું જાણી મને આનંદ થાય "એ કહેવા જેવી નવીન કથા નથી. રાજા, પ્રજા, અને આપ, ત્રણેનાં "સુભાગ્ય આમાં રહેલાં છે એ સર્વને આનંદનું કારણ છે. અમારા "મહારાજશ્રી મણિરાજજીના હસ્તાક્ષરનું અભિનંદનપત્ર મહારાણાશ્રી "ભૂપસિંહજીને પ્હોંચશે."

"આપના જેવા રાજકાર્યના ધુરંધરને મ્હારા જેવો અલ્પાનુભવી "કાંઈ મંત્રીધર્મ કથવા બેસે તો તેમાં પ્રગલ્ભતાદોષ આવે છે. પરંતુ "ચિ. પ્રમાદધન વીશે કાંઈ સૂચના કરું તો સંબંધસ્વભાવને પ્રતિકૂળ "નહી ગણો એની વિજ્ઞપ્તિ છે."

"ચિ. પ્રમાદધનને વિદ્યાર્થિઅવસ્થામાં રહેવા વધારે અવકાશ મળે "તો ઉત્તમ છે, કારણ એ અવસ્થાના પરિપાકવાળાને અનુભવનો રંગ ઓર "જ ચ્હડે છે, વળી અમે ઈંગ્રેજી ભણેલા એવું માનીયે છીએ કે જેમ પ્રધા- "નને રાજા પ્રતિ ધર્મ હોય છે, તેમ રાજ્ય પ્રતિ ધર્મ પણ હોય છે. પ્રથમ "રાજધર્મ ને બીજો રાજ્યધર્મ. પોતાની સાથે પુત્ર, ભાઈ, ભત્રીજા, "જામાતૃ વગેરે સંબંધવાળા પુરુષોને પ્રધાને પોતાના હાથ નીચે નીમ- "વાથી રાજ્યધર્મનો ભંગ થાય છે એવું હું માનું છું, અને એ ધર્મ- "ભંગથી, રાજ્યનું હિત જાળવવાના પ્રયત્નમાં ન્યૂનતા રહે છે, પ્રજાને "અન્યાયભય રહે છે અને ન્યાયકાલ જડવામાં કઠિનતા રહે છે તેમ "નીમણુકથી જે પુરૂષના ઉપર આપણે કૃપા કરવા ધારીયે છીયે તેની "પરાક્રમ–શક્તિ કૃપાના આધારથી ક્ષીણ થાય છે. આથી રત્નનગરી તેમ "સુવર્ણપુર ઉભય સ્થાન છોડી કોઈ ત્રીજે જ જળાશયે ચિ. પ્રમાદ- "ધનને તરવા મોકલવા જોઈએ, એવો મ્હારો અભિપ્રાય છે. પછી "આ વાતમાં આપની ઇચ્છા પ્રમાણ છે."

પત્રના બાકીના ભાગમાં કુટુંબકથા હતી તે નરભેરામ મનમાં ઉતાવળે વાંચી ગયો. પત્ર પાછો આપી બોલ્યો:

"ભાઈસાહેબ, વિદ્યાચતુરભાઈ તો મ્હોટા વિદ્વાન છે. આપણે "જુદું શાસ્ત્ર ભણ્યા છીયે—"

"પણ એમની વિદ્યા ખરી છે તેનો કાંઈક અનુભવ પ્રમાદભાઈ "આપે છે." બુદ્ધિધન વચ્ચે બોલી ઉઠ્યો.

"હા જી, એ તો હોય. આપને આપના પુત્રથી અનુભવ મળે "છે, તો બીજાને બીજાથી અનુભવ મળે છે. ભાઈસાહેબ, પ્રાકૃત "ભાષા બોલવા દ્યો તો તુરત સમજાવું. આ આપણા વ્હેવાઈ તો "વેદીયું ઢોર છે. પણ જુવો, આપણાથી પચાસ ગાઉ જે રાજા "છે તેના કારભારીયે ડાહ્યા થઈ જમશેદજી માણેકજી શેઠને પેંગડે "પગ મુકવા દીધો ત્યારે એ કારભારી પગે ચાલે છે ને જમશે-"દજી શેઠ ને બીજા નસરવાનજી શેઠ ને બધા ફલાણાજી ને ઢીકણાજી "ને જીયે જી ઉભરાયા છે તે ઘોડે ચ્હડી મુછે તાલ દે છે. બીજા "દાખલા ખોળીશું તો દક્ષણી જાય ત્યાં દક્ષણીયોનો વરસાદ, બ્રાહ્મણ "પાછળ બ્રાહ્મણનો અને વાણીયા પાછળ વાણીયાનો વરસાદ, વરસવાનો "જ! હું કાંઈ તેમનો વાંક નથી ક્હાડતો. એ તો જગતનો કાયદો છે "તે જગત પાળે છે ને આપણે બીજો પાળવો નથી. પણ આ તો "સઉને પારકે ભાણે લાડુ સારો લાગે છે. હું તો ત્હારે ઘેર લાડુ ખાઉં, "ઘેબર ખાઉં, ને મ્હારે ઘેર તું આવે ત્યારે ત્હારે એકાદશી કરવી. "ઠીક છે, એ ક્હે તે પણ સાંભળવું. જુઠો કબુલ કરે કે જુઠું બોલું છું "ત્યારે જુઠો શાનો? એ તો તેનો લાગ ફાવે તે તે કરે ને આપણો ફાવે "ત્યારે આપણે કરીયે. એ બધા ક્હે તે ક્હેવા દઈએ, આપણે પણ "એમ જ કહીયે, ને આપણું ચાલે ત્યારે આપણાં માણસને વર્તાવીયે "ને જગત જખ મારે! બધા બોલે તે સાચું માનીયે તો તે ડાહ્યા ને "આપણે મૂર્ખ."

બુદ્ધિધન દુઃખ ભુલી હસ્યો. "વારુ, નરભેરામ, એ ભાષણ "પણ ખરું. ત્હારે કારભાર કરવાનો આવે ત્યારે એમ કરજે."

"તે એમાં કંઈ વાંધો? ભાઈસાહેબ, હું તો આપને પણ કહું "છું કે આ વેદીયાં ઢોરશાઈ વિચાર કરી પ્રમાદભાઈનો વાળ વાંકો "કરશો તો હું જાતે રાણાજીપાસે જઈને કહીશ કે બુદ્ધિધનભાઈનું રાજી-"નામું લ્યો, એમનું કામ મને સોંપો, અને મ્હારું પ્રમાદભાઈને સોંપો! "આ જોઈ લેજો કે એ કારભાર પણ ચાલશે ને પ્રમાદભાઈ મ્હારી પુઠ "કારભારી થાય ને એમના જસનો ડંકો વાગે એટલે આપણે બે "સંન્યાસી થઈશું ને જગતને ખોટું ગણીશું અને સઉને અહંબ્રહ્મ કહીશું. "બાકી હાલ તો હું, તમે, ને પ્રમાદભાઈ એટલામાં દુનીયા પણ

"આવી અને બ્રહ્મ પણ આવ્યું; અને બાકીનાં પારકાં તે માયા, તેનો
"ત્યાગ કરવો. બસ !"

બુદ્ધિધનનું હસવું રહ્યું નહી. નરભેરામને ધક્કો મારી તકીયે પાડ્યોઃ
"હવે કાંઈ બાકી છે ?"

"હા. હવે શાસ્ત્રનું વચન સાંભળો.—

*सुहृदामुपकारकारणात् द्विषतामप्यपकारकारणात् ।
नृपसंश्रय इष्यते बुधैर्जठरं को न बिभर्ति केवलम् ॥

"આ લ્યો શાસ્ત્ર. વિદ્યાચતુરભાઈને ઉત્તર મ્હારીપાસે લખાવજો તે
"ફાંકડો ઉત્તર લખી આપીશ. અને હું કહું છું તે કરજો. લ્યો
"જાઉં છું."

નરભેરામ પાઘડી માથે મુકી ગયો. નીચે સ્ત્રીમંડળનાં મન વાળવા
ગયો. બુદ્ધિધન એની પુઠ ભણી દૃષ્ટિ કરી રહ્યો. "આ પણ શી મૂર્તિ
"છે ? કીયા બ્રહ્માએ મ્હારો ને એનો જોગ ઘડ્યો હશે ? એ ક્‌હે છે તે
"પણ છેક ક્‌હાડી નાંખવા જેવું નથી. બુદ્ધિમાને જડમાંથી પણ ઉપદેશ
"લેવાનો છે તો નરભેરામનું કહ્યું કેમ ન સાંભળવું જોઈએ ? એ પણ
"અનુભવી છે."

આ વિચાર કરે છે એટલામાં અલકકિશોરી આવી અને તેની
પાછળ સોટીયામાં સંતાતી સંતાતી વનલીલા આવી. અલકકિશોરી કોપેલી
વાઘેરના જેવી દેખાતી હતી. એની આંખોમાં કોપ માતો ન હતો, ઓઠ
ફડફડતા હતા, અને હાથ ઉછાળા મારવા તત્પર થઈ રહ્યા હતા. પિતાની
પાસે ઉભી રહી ત્યાં એનો અહંકાર ઉછાળા મારી છાતીમાંથી નીકળવાનું
કરતો હોય તેમ છાતી ક્‌હાડી પિતાની સામી આવી ઉભી રહી અને
ક્રોધમાં ને ક્રોધમાં વીજળી અચીંતી ભડાકો કરે તેમ ગાજી.

"પિતાજી હવે તો હદ વળી ગઈ."

"કેમ, બ્હેન, શું કાંઈનવું થયું છે ?" શાંત સ્વરે બુદ્ધિધન બોલ્યો.

"આ જુવો, ભાભીના સમાચારથી દેવી તો શીંગડું વળી સુતી

---

* "ડાહ્યા માણસો રાજાઓનો આશ્રય ઇચ્છે છે તે મિત્રો ઉપર ઉપકાર
કરવા અને શત્રુઓ સામે અપકાર કરવા. બાકી પોતાનું એકલું જઠર ભરવાનું જ
કામ તે તો કોણ નથી કરતું ?"

"છે, અને ભાઈ તો દેવીને પેટ રાક્ષસ અવતર્યો હોય એવો થઈ ગયો "છે. ને તમે પણ કાંઈ ભાભીની તપાસ નથી કરતા !"

"અલક, ત્હારી ભાભીની તપાસ નહી કરીયે ત્યારે કોની કરીશું? "જા, પુછ નરભેરામને કે પ્રાતઃકાળે અંધારામાં માણસોએ શોધ કરવા "જવું એવું બંદોબસ્ત કર્યો છે કે નથી કર્યો?"

"તે ક્યાં માણસોને મોકલો છો? ભાઈના મળતીયાને ન "મોકલશો. એ લોક તો એમને મારી નાંખશે."

"એમ તે કોઈ કરતાં હશે?"

"ના, ભાઈને તો તમે બસો રુપીયાનો પગાર કર્યો એટલે સારો ! "એના પગારનું શું થાય છે તેનો હીસાબ કોઈ દિવસ જુવો છો?"

"કેમ એ શું પગારનું કરે છે?"

"આ જુઓ, મ્હારામાં ને ભાભીનામાં ફેર છે. મ્હારે નાકે તો "માખી બેસવા આવેકની તો હું મસળી નાંખું. ને ભાભીની પાસે "તો ભમરો આવે ત્હોયે હળવે રહીને લુગડું આડે ધરે કે રખેને "ભમરાને ઝાપટ વાગે ! આ બે રાંડો એક કાળકા ને બીજી કોક ગુણકા "પદમડી છે તેણે ભાઈને ફોલી ખાધો ને એ બે ને ત્રીજો ભાઈ "ત્રણેનાથી ભાભીયે છુટવા સારુ આ કર્યું છે—લ્યો—એ તો નક્કી "એમણે નદીમાં પડતું મુક્યું અને આપણું રત્ન ગયું."—અલકકિશોરી રોઈ પડી ને રોતી રોતી બોલી. "હવે તે કેમ જીવ્યાં સ્હેવાશે? મ્હારા "બાપ!" માથું પછાડી અલક પિતા પાસે ગાદીપર પડી, ઝીણું ઝીણું રોતી વનલીલા તેને ઝાલી રાખવા જતાં એની પાછળ પડી ને અલકના મ્હોટા શરીર નીચે એનો હાથ દબાયો. બુદ્ધિધને એને ઉઠાડ્યાં અને છુટાં કર્યાં.

અલક બેઠી. "પિતાજી, હવે તો એક તમે આમાંથી ઉગારો "ત્યારે. ભાભી જવા બેઠાં તે રહેવાતું નથી; તેમાં આ ભાઈ એમની "પાછળ ગમે તે બકે છે ને ઉલટો ચોર કોટવાળને દંડે તેમ થયું છે હોં! "તમે એને બ્હેકાવશો નહી હોં! આ ભાભી મરતાંને મેર કહે નહી "તેને સુવા પછી આ સુકવાનો નથી ને સઉ ઉભાં ને ઉભાં બળી "મરીશું. દેવીનો તો અત્યારથી જીવ ખસ્યો છે."

"બ્હેન, સઉનો રસ્તો થશે."

"પણ તમે શું માનો છો?"

"જોઈશું હવે."

"ના જોવાનું નહી, ભાઈ તમારી પાસે આડી અવળી વાતો
"ભરવશે ને ભાભીના ભણીની વાત કોઈ ક્હેનાર નથી. માટે જુવો,
"જાણો નહી તો મને પુછજે."

વનલીલા અલકકિશોરીને કાનમાં ક્હેતી ગઈ, અને અલકકિશોરી સઉ વાત બુદ્ધિધનને, રખાય એટલો શરમનો પડદો રાખી, ક્હેતી ગઈ અને આખરે બે જણ ગયાં. બુદ્ધિધન એકલો પડ્યો.

"હે ઈશ્વર, આ જગતનાથી ઉલટો માર્ગ કે ભાઈનું સગપણ
"મુકી ભાભીની વકીલાત કરવા બ્હેન આવી. કુમુદસુંદરી ! મ્હારા ઘરની
"લક્ષ્મી ! આ સઉ તમારી પવિત્રતાનો પ્રતાપ !"

"નવીનચંદ્ર અને કુમુદસુંદરી સંકેત કરી ગયાં એવો આરોપ
"પ્રમાદે મુક્યો—તે ખરો ?—પણ અલકે કહ્યું તે સાચું. નવીનચંદ્ર
"ગયો તે પછી કુમુદસુંદરીને તેડવા માણસ આવ્યાં, ને કુમુદસુંદરી
"જવાનાં છે તેની તો નવીનચંદ્રને ખબર પણ ન હતી."

"અરેરે ! એ બે જણ નીચેથી ઉંચું જોતાં ન હતાં-તેમાં
"આ ભરેલા ઘરમાં જ્યાં એકાંત મળવાનો પ્રસંગ જ નહી ત્યાં-સર્વ
"આરોપ અસંભવિત જ !"

"કુમુદસુંદરી ગયા પ્હેલાં પ્રમાદ અને કાળકાના જે જે સંકેત
"કરેલા વનલીલાએ કહ્યા હતા તે સર્વ ખરા પડ્યા !"—"સાંકળીની
"વાત ખરી !"—"કાગળના કડકાપર નવીનચંદ્રના અક્ષર તો ખરા !
"પણ—"હતો તાત !" "અને હતો ભ્રાત !"—શું આ અક્ષર જણ-
"વતા નથી કે કવિતા નિર્દોષ છે ?"—"પુત્ર મૂર્ખ છે કે આટલા ઉપરથી
"વ્હેમાય છે"—"હું નથી માનતો કે એ એવો મૂર્ખ હોય ?—ત્યારે શું ?
"એ તો એ જ—આરોપમાંથી બચવાનો પ્રત્યારોપ."

"ખરા આરોપમાંથી બચવા ખોટો પ્રત્યારોપ કુમુદ જેવી નિર્મળ
"ગંગા ઉપર મુકવો એ શઠરાયનો કુલમાર્ગ. મ્હારા પુત્રને એ ન
"આવડે—શઠરાયની સગી કાળકાએ જ એ શીખવેલું !"

"કાળકાની શીખવણી ખરી કે નહી—તે જ્યાં જ્યાં વનલીલાનાં
"વચન ખરાં પડ્યાં ત્યાં ત્યાં નિશ્ચિત !"

"સાંકળી અને શીખવણી—બે વાનાં કૃષ્ણકલિકાનાં. બેની સાથે
"પુત્રની મલિનતા સિદ્ધ થઈ !"

ન્યાયવિચારના સંશોધનને અંતે સિદ્ધાંત બંધાતાં મનમાં પુત્રની મલિનતા સિદ્ધ થતાં, કુમુદનું દુઃખ અને તેને માથે ગુજરેલો અન્યાય સ્પષ્ટ થતાં, તેમના સગા આ ન્યાયાધીશનું મ્હોં ઉતરી ગયું–પ્રાતઃકાળ થતાં ચંદ્ર નિસ્તેજ થઈ જાય તેમ દીન થઈ ગયું. કૃષ્ણકલિકાના વરને પણ અન્યાય થયો છે—એ વિચારથી દીનતા વધી. કુમુદસુંદરી જીવતી જડો કે ન જડો પણ એણે આ દુષ્ટની કૃતિઓથી કંટાળી આત્મહત્યા કરવાનો પ્રયત્ન કરેલો સંભવિત લાગ્યો તેની સાથે બુદ્ધિધનના મુખ ઉપરથી દીનતા પવનની ઉરાડેલી ભસ્મ પેઠે ઉડી ગઈ અને તેને સ્થાને ક્રોધના અંગારા ઉઘાડા પડી મુખ ઉપર ભભુકવા લાગ્યા.

"દુષ્ટ! મ્હારી પ્રતિજ્ઞા છે કે મ્હારો સંબંધી હશે તેને માથે પણ "આરોપ સિદ્ધ થતાં હું શિક્ષા કરીશ! પ્રમાદ! તું હવે મ્હારો પુત્ર "નથી અને હું ત્હારો પિતા નથી!"

વળી વિચાર થયો કે પુત્રને શિક્ષા કરી મ્હારાથી દૂર કરીશ તો એનાં પુણ્યપાપની ભાગીયણ થવાને સૃજાયલી ગરીબ કુમુદને પણ વગર શિક્ષાએ જ શિક્ષા થવાની! "ત્યારે એવી શિક્ષા શી રીતે કરવી કે "અપરાધી પ્રમાદને શિક્ષા થાય અને નિર્દોષ કુમુદ એમાંથી બચે?" આ પ્રશ્ને એનું મસ્તિક વળી ભમાવ્યું. વિચાર થતાં થતાં ગાદીઉપર હાથ પછાડ્યો અને બડબડ્યો. "વિદ્યાચતુર, તમારું ક્હેવું ખરું છે; એવો "શો કારભાર કરીયે કે અન્યાય કરીયે તો નિરપરાધી દંડાય ને ન્યાય "કરીયે તો આપણે દંડાઈયે? ન્યાય કરવો હોય ને આપણે જાતે "દંડાવું ન હોય તો દંડાવાનો પ્રસંગ જ આવવા દેવો ન જોઈએ! "એવો પ્રસંગ ન જોઇતો હોય તો સંબંધી પુરુષને શિક્ષા કરવાનું "ઠેકાણું ન રાખવું જોઈએ—ભાઈ ભાંડુને તાબામાં પ્રથમથી જ સમ-"જીને ન રાખવા! આ તો પાણી પીને પુછે ઘર તે ક્હેવો તે બીજો "ખર–તે ખર હું!"

"ત્યારે હું જ રાજીનામું આપું તો! મને યે શિક્ષા અને પુત્રને "પણ શિક્ષા! શું હું પણ શિક્ષાને લાયક નથી? ભવિષ્ય ગમે તેમ "સુધારો, પણ ભૂતકાળમાં મ્હારી ભુલોથી જે જે અનર્થ થઈ ગયેલા હું "દેખું છું—અને ઘણાક તો હું દેખતો પણ નહી હઉં—જે જે દુઃખ કૃષ્ણ-"કલિકાના વર જેવા અનેકને માથે અનેકધા પડવાનું સાધન–મ્હારી "રાજ્યનીતિની ભુલો–થઈ પડી હશે–એ સર્વ ભુલોનું, અનર્થોનું અને "દુઃખોનું જોખમ અને પાપ–બુદ્ધિધન! ત્હારે માથે નહી તો કોને માથે?

" હરિ ! હરિ ! એ સર્વ પાપ મ્હારે જ માથે. અને એ સર્વના બદલામાં
" શિક્ષાને યોગ્ય તો હું જ છું ! રાજ્યને અંતે નરક તે આ જ ! !"

" બુદ્ધિધનભાઈ! તમે પણ ત્યારે શિક્ષાને યોગ્ય તો ખરા. રાજી-
" નામું આપું તો ? પણ યુદ્ધપ્રસંગે નોકરી છોડી તમારા પર પડવાની ખરી
" શિક્ષામાંથી બચી જવા માગો – એ રાજીનામું તો જાતે શિક્ષામાંથી
" બચવાનો રસ્તો ! હવે તો આજ સુધી મહારાણાનું અન્ન ખાધું તેનું
" ફળ તેમને આપો – ને તે આપવું હોય તો નોકરીમાં રહો, પુત્રને
" શિક્ષા કરો અને એ શિક્ષા કર્યાથી સ્નેહબંધનને જે દુઃખ થાય, મહાન્
" આત્મછિદ્ર અને કુટુંબછિદ્ર પ્રકટ થવાથી જે ગ્લાનિ થાય, અને
" લોકમાં જે અપકીર્તિ થાય—તે સર્વ કષ્ટ વ્હોરી લ્યો ત્યારે તમારું
" કર્તવ્ય થાય. અને એથી ગરીબ કુમુદનું જે મહાદુઃખવાળું દીન મુખ
" જોવું પડે તે જોવાનું દુઃખ ખમવું પડે તે પણ – બુદ્ધિધનભાઈ – ખમો ને
" કુમુદને એ દુઃખ દીધાનું પાપ બેસે તેનું પ્રાયશ્ચિત્ત કરો ! મહારાણાને
" અધવચ ડુબતા મુકવાથી એ પ્રાયશ્ચિત્ત નહી થાય."

" નરભેરામ ! ત્હારો શ્લોક ખોટો છે. સગાંસંબંધીને વર્તાવવાં અને
" શત્રુને મારવા—એને સારુ જો પ્રધાનપદપર ચ્હડવું હોય તો એ અભિ-
" લાપમાં માલ નથી–એ અભિલાપ પામર જીવોનો છે–પાપનો ભરેલો
" છે–અધર્મનો ઉત્પાદક છે – અને ધર્મિષ્ઠ હૃદયને આવાં મહાકષ્ટમાં ઝબ-
" કોળનાર છે – તે, વિદ્યાચતુર, તમારું કહેલું હું આજ અનુભવ પછી
" સમજ્યો ! દેવી ! ત્હેં મ્હારું હૃદય ધર્મિષ્ઠ કર્યું છે તેમાં અધર્મને
" નહી પેસવા દેઉં !"

" ત્યારે હું કાલ પ્રાતઃકાળે આ કામ કરીશ—પ્રમાદને પદવી-
" ભ્રષ્ટ કરીશ, દરબારમાંથી એનો પગ ક્હાડીશ,—બીજી શિક્ષા–
" ન્યાયાધીશ પાસેની ?"—

આ વિચાર થતાં બુદ્ધિધનનું આખું શરીર ત્રાસથી કંપવા લાગ્યું. તેની આંખમાં આંસુ આવ્યાં. તે લ્હોતો લ્હોતો બોલ્યો:–" બધા
" વ્યભિચારીયોને હું કેદની શિક્ષા કરું ને આને ન કરું તે શું – એ
" મ્હારો પુત્ર – માટે ?"

નિઃશ્વાસ ઉપર નિઃશ્વાસ મુકતો બોલ્યો: " હરિ ! હરિ ! તને
" જે ગમે તે ખરું ! સવારે જે બુદ્ધિ તું આપીશ તે હું કરીશ."

" પ્રભુ, ત્હેં મ્હારું અભિમાન મુકાવ્યું, માતુઃશ્રીનું અપમાન—
" દેવીનું અપમાન – દુષ્ટરાયને હાથે થયેલું – એ અપમાનથી સળગેલો

"મ્હારા વૈરાગ્નિથી આજ શઠરાયનું કુટુંબ ભસ્મ થઈ ગયું—તે વૈરા-
"ગ્નિના પ્રચંડ તાપ અને તેજના અહંકારમાં હું મ્હારી રંક જાત ભુલી
"ગયો હતો અને એ અગ્નિના બળને મ્હારું પોતાનું બળ માનતો હતો. તે
"અગ્નિ હવે શાંત થઈ ગયો અને તે શાંત થતાં પ્રધાનપદ રાખવાને મ્હારું
"ગજું નથી તો મેળવવાનું તે ક્યાંથી હોય ?–એ વિચાર અત્યારે થાય છે.
"ઓ પ્રભુ ! એ વૈરાગ્નિ તે ત્હારી જ શક્તિ, ત્હારી જ ઇચ્છા,–કોઈ અતર્ક્ય
"ભેદ ભરેલા કારણથી ત્હેં એ શક્તિ–એ ઇચ્છા–પ્રવર્તાવી ને હવે શાંત
"કરી. તો હું તો એ અગ્નિની જડ સગડી જેવો રંક જીવ છું. એ
"અગ્નિના જન્મકાળથી બળવા માંડેલા શઠરાયના કુટુંબ પેઠે–એ
"બળી રહેલા કુટુંબ પેઠે—હું પોતે જ એ અગ્નિદેવતાને હાથ નહી
"અરકાડું, હું એ અગ્નિદેવને નિર્માલ્ય નહી ગણું ! પ્રભુ ! એને અપમાન
"તે તને જ અપમાન છે–પ્રલયકાળની ઉત્પત્તિ ત્હારામાં છે તો આવા
"ક્ષુદ્ર અગ્નિની કેમ ન હોય ?"

"એ અગ્નિ પણ જડ છે—એક ચૈતન્ય તું પ્રભુ છે ! હું રંક
"વિધવાનો પુત્ર તેને ખોળે ત્હેં આ સંપત્તિ આપી, આ કુટુંબ આપ્યું,
"આ કીર્તિ આપી, એ સર્વ ત્હારી કૃપાનાં ફળ—તેમાંથી એક ફળ
"તને પાછું આપવાને સમય આવ્યો ત્યારે જો હું પાછી પ્હાની ફ્હાડીશ–
"તો મ્હારા જેવો કૃતઘ્ન કોણ ? જેટલું આપ્યું છે તે સર્વ તું પાછું
"લેઈ લે ત્યાં સુધી તો હું એક ત્હારી સેવાનિમિત્તે એટલું કરવાને
"બંધાયલો છું !"

"આ સેવા કરતાં બડબડવું કે મનમાં દુઃખ પામવું એ શાને ?
"મને તેમ કરવા શો અધિકાર છે ?"

"દુષ્ટરાય ! શઠરાય ! તમારા કારભારરૂપ કારણના કાર્યરૂપ બંધા
"યલા દેહવાળો મ્હારો કારભાર–તમારા જેવો મ્હારો કારભાર–કાલ
"પ્રાતઃકાળે પુરો થશે; તમારા જેવો હું છું તે કાલથી મટીશ–કાલથી
"મ્હારા કારભારનું કારણ એક જ ર્‌હેશે–એ કારણ ઈશ્વરની સેવા,
"લોકની સેવા, મહારાણો શુદ્ધ હશે તેટલી તેની સેવા—આ કારણથી
"મ્હારા પ્રધાનપદનો દેહ કાલથી બંધાશે; બાકી હું તો હતો તેવો
"રંક–તસુ પૃથ્વી સુવા જોઈએ ને કોળીયો અન્ન ખાવા જોઈએ–તેનો
"અધિકારી...ઇ..."

એટલું મનમાં બોલતાં બોલતાં બુદ્ધિધન નિદ્રાવશ થયો. રાજા
અને પ્રધાનની નિદ્રા ક્હેવાતી નથી, પણ કેવળ ધર્મને અર્થે પદ ભોગવનાર

રાજા અને પ્રધાનને નિદ્રાનો અવકાશ ધર્મ જ આપે છે. આજ બુદ્ધિધન સ્વસ્થ અને ગાઢ નિદ્રામાં પડ્યો.

એ નિદ્રામાં પડ્યો તે વેળાએ પ્રમાદધન ઘેર આવ્યો ન હતો; આવવાનો ન હતો, અને પ્રાતઃકાળે સઉ ઉઠ્યા પણ એ આવ્યો ન હતો. લોકમાં તો અનેક વાતો કહેવાઈ, સમુદ્રપર એક મડદું તણાતું દેખાયું હતું તે એનું કહેવાયું, કોઈ કહે એણે આપઘાત કર્યો, કોઈ કહે એને કોઈએ મારી નાંખ્યો, કોઈ કહે એ જતો રહ્યો. ગુપચુપ નિકટનાં સંબંધીયોમાં ત્રણ ચાર વાતો કહેવાઈ, કુમુદ પાછળ ઘેલો થઈ નાઠો કહેવાયો; એના ઉપર વ્હેમાઈ એનું ખુન કરવા, વેરનો માર્યો, ગયો, કહેવાયો. નવીનચંદ્રને મારવા ગયો કહેવાયો. પિતાની પાસેથી મળવાની શિક્ષાના ભયથી તેમ લજ્જાથી પણ ગયો કહેવાયો. એનું ખરેખરું શું થયું છે તે ઈશ્વર જાણે. "એ પુત્ર શોધી કહાડવા યોગ્ય નથી–ગયો તો ભલે"—"મ્હારે એનું કામ નથી"–"જીવતો હો કે મુવો હો તે મ્હારે મન એક જ છે"—"હું તો એનું સ્નાન કરી નાંખું છું"–ઇત્યાદિ વચન પુત્રના સંબંધમાં બુદ્ધિધને કહ્યાં કહેવાયાં.

વાંચનાર! સુવર્ણપુરમાં હવે રહેલાં માણસોની કર્મકથા આથી આગળ જાણવાનું આપણે શું પ્રયોજન છે? આટલું જાણવું બસ છે કે—[1]एतद्धि परिभूतानां प्रायश्चित्तं मनस्विनाम्.

---

## પ્રકરણ ૫.

### વિષ્ણુદાસ બાવાની વિભૂતિ વચ્ચે.

સુંદરગિરિ અને સુરગ્રામ અનેક ધર્મ અને પન્થવાળાઓનાં પ્રિયસ્થાન થઈ પડ્યાં હતાં. ત્યાંનાં મંદિરો, મઠો, વગેરેની સંખ્યાં આ પ્રિયતાનું સ્પષ્ટ પ્રમાણ છે. ભરતખંડી આર્યોના ધર્મમાત્રના દેહમાં જ્ઞાન, યોગ, કર્મ, અને ભક્તિ એ ચારમાંનાં એક અથવા અનેક પ્રાણરૂપે સ્ફુરે છે, અને એ સર્વ જાતના પ્રાણથી પ્રવર્તતા ધર્મ આ સ્થળે જુદે જુદે કાળે હતા અને તેમનાં સ્મરણસ્તૂપ[2] રૂપે મન્દિરો સુંદરનાં

---

૧. "પરિભવ પામેલા મનસ્વી જનોનું પ્રાયશ્ચિત્ત આવું જ છે.
૨. Monuments, સ્મરણાર્થ ઉભી કરેલી ઇમારતો.

શિખરો ઉપર તેમ તળેટી ઉપર વર્તમાન હતાં તેની પરિગણના જેવું સરસ્વતીચંદ્રપાસે થયેલું તે આપણે જાણીયે છીયે. આ ચાર જાતના પ્રાણોમાંથી **વિષ્ણુદાસ** બાવાનો પંથ કેવા પ્રાણને ધારણ કરતો હતો તે જાણ્યાથી એ બાવાનો પરિચય કરવા આપણે અધિકારી થઈશું.

યોગ અને કર્મ, ઉભય આ યુગમાં ક્ષીણ થઈ ગયાં છે છતાં, તેમના ઉપર આર્યોની સાહજિક પ્રીતિ છે. તેમાં ભેદ એવો છે કે કર્મ-માર્ગમાં પ્રવર્તવા શ્રદ્ધા અને અવકાશાદિ હોય તો એ માર્ગ સાધ્ય હોવાથી હજી પ્રવર્તે છે, અને યોગની સાધના ઐન્દ્રજાલિક પ્રયોગ જેવી હોવાથી તેનો પ્રવર્તક ક્વચિત જ મળી આવે છે અને જ્યાં મળી આવ્યો લાગે છે ત્યાં અસાધારણ આદર પામે છે. જ્ઞાનમાર્ગની વાર્તા સર્વ બુદ્ધિઓને ગમ્ય છે; અને કર્મમાર્ગનાં ફળની વાટ સ્વર્ગે પ્હોચતા સુધી જોવાની છે, અથવા સાધકના જીવનમાં કાંઈ મ્હોટો ચમત્કાર થાય અને તેની સાથે કર્મસાધનાને કારણ થયેલી માનવાનો શ્રદ્ધાળુને પ્રસંગ આવે, ત્યાંસુધી કર્મસાધનાનું ફળ શીઘ્ર અને હસ્તગત થતું નથી; તેનાથી વિરુદ્ધ પ્રકારે જ્ઞાનના સાધકને યથાશક્તિ ફળ મોડું વ્હેલું પણ નિશ્ચિતપણે આ જ ભવમાં મળે છે, એ જ્ઞાનમાર્ગની લોકપ્રિયતાનું આ ઈંગ્રેજી યુગમાં ઉઘાડું કારણ છે. પરંતુ એ જ્ઞાનમાર્ગ આર્ય સંપ્રદાય પ્રમાણે તો વેદાંત જ છે અને તેનું રહસ્ય પામતા સુધી પ્રયત્ન કરવાનું ધૈર્ય રાખનારા વિરલ હોય છે, માટે જ્ઞાનમાર્ગના પંથમાં બે ઉપપંથ છે એમ કહીયે તો ચાલે. એક ઉપપંથ સાધારણ ઉપપંથ જ લોકપ્રિય છે અને આપણા જ્ઞાનમાર્ગના મિત્રો અને શત્રુઓ સર્વ પ્રાયશઃ આ સાધારણ ઉપપંથ સાથે જ મિત્રતા કે શત્રુતા રાખે છે. હવે આ સર્વ માર્ગોમાં–જ્ઞાનમાં, કર્મમાં, અને યોગમાં, સાધન જોઈએ છીયે; પણ સાધનનો પણ ખપ ન પડે એવો ચોથો ભક્તિમાર્ગ આર્યોએ પ્રવર્તાવ્યો છે; અને બુદ્ધિ આદિ કાંઈ પણ સાધન ન હોય તેને વાસ્તે સ્વર્ગનાં દ્વાર ઉઘાડવાનો આ માર્ગ અભિલાષ રાખે છે, આ જગતમાં સ્વર્ગના અમૃત જેવું અમૃત સાધનહીન સ્ત્રીપુરુષોમાં લ્હાય છે, અને રાસલીલાનું રહસ્ય જણાવનાર ગાય છે કે, કૃષ્ણબ્રહ્મને

> " સબ સાધનને રહિત જ્યું અબલા,
> " સો થેઈ થેઈ નાચ નચાવે;
> " બીરપેંડો પ્રેમકો નોંખો કહાવે!"

આ ચારે માર્ગનો અભ્યાસ **વિષ્ણુદાસ** બાવાએ કર્યો હતો અને

એ ચારેની મેળવણી પોતાના પંથમાં કરી હતી અને તેથી સાધનહીન તેમ સાધનવાન જીવો એ પંથમાં લલચાતા અને દૃઢ રહેતા.

વિષ્ણુદાસસ્વામી પૂર્વાવસ્થામાં બ્રાહ્મણ હતા. તે કાળે કાશી અને બંગાળ દેશમાં ફરી, વ્યાકરણ, સાહિત્ય, ગણિત, મીમાંસા, ન્યાય, અને વેદાંતનો અભ્યાસ કર્યો હતો. હિમાચલનાં તીર્થો અને એકાંતસ્થાનોમાં જઈ યોગસાધનામાં ચંચૂપાત કર્યો હતો. અંતે શિવ, વિષ્ણુ, અને શક્તિના ઉપાસકોમાં ભળી ભક્તિમાર્ગની ઇયત્તા પણ મેળવી હતી. સર્વ કામ કરી આ બ્રાહ્મણે ઘેર આવી ગૃહસ્થાશ્રમ આરંભ્યો, અને માતા, પિતા, ભાઇઓ, બ્હેનો, સ્ત્રીપુત્રાદિ કુટુંબ-વિસ્તારનાં સુખદુઃખ અને દ્રવ્યની પ્રાપ્તિ તથા હાનિના ક્લેશ એ સર્વના સ્વાદ ચાખ્યા. આ સર્વ અનુભવની પરિપાક દશા જેવું થતાં તેને બહુ વાર ન લાગી. બત્રીશેક વર્ષને વયે પોતાના ગામને પાદરે એક તળાવના આરા ઉપર બેઠો બેઠો આ બ્રાહ્મણ સ્નાનસંધ્યા કરવાનું આરંભતો હતો એવામાં ત્યાં એક મ્હોટું જોગીલોકનું ટોળું આવ્યું. તેમની સાથે એને સમાગમ થયો અને એ લોકનો સહવાસી થવા તેને મન થયું. પ્રવાસના પરિચય-વાળો બ્રાહ્મણ ઘેર જઈ કુટુંબને સર્વ દ્રવ્યાદિ વ્યવહારસાધનની સુપ્રત કરી આવ્યો અન સ્ત્રીને એકાંતમાં બોલાવી તેને કહ્યું: “જો હું આજ “જાઉં છું તે ઘેર પાછો આવવાનો નથી. ઘરમાં સઉ ખાવ પીયો “એટલી સંપત્તિ ઈશ્વરે આપી છે, ત્હારે પુત્ર છે, માબાપને માટે મ્હારો “ભાઈ છે, સઉના સ્વાર્થ સારવાનું નિમિત્ત હું થઈ ચુક્યો છું, માટે “હવે અત્રે રહેવાનું મ્હારે શિર બંધન નથી. માટે હું જાઉં છું.” સ્ત્રીએ કલ્પાંત કર્યો, કુટુંબમાં સર્વને ખબર પડતાં રડારોળ થઈ રહી, અને બ્રાહ્મણ સંશયતુલામાં પડી સર્વને આશ્વાસન દેઈ જ્ઞાનમાર્ગ બતા-વવા લાગ્યો, અને સર્વ રાત્રિયે નિદ્રાવશ થયાં એટલે સર્વ વસ્તુનો ત્યાગ કરી, લંગોટીભર ઘરમાંથી નીકળ્યો અને જોગીયોના ટોળામાં ભળી પ્રાતઃકાળ પ્હેલાં સર્વ સાથે કેટલાક ગાઉ સુધી આનંદ કરતો નીકળી ગયો. કુટુંબને દુઃખી કર્યાનો વિચાર થતાં મને મનનું સમાધાન કર્યું: “પ્રવાસ “કરવા નીકળનારની પાછળ રડારોળ તો નિર્મેલી જ છે પણ પ્રવાસી “પાછો આવવાની આશાથી સઉ વ્હેલાં શાંત થાય છે. આ જરા મોડાં “શાંત થશે. મ્હારે મરણકાળે તેમને શોક થાત તેનાથી આ શોક ઘણો “ઓછો થશે અને મ્હારું મરણ તેમને જાણવાનું નથી એટલે એ “પ્રસંગના મહાશોકમાંથી હું તેમને ઉગારું છું. વગર વૈધવ્યે વૈધવ્યને “પ્રાપ્ત થનારી મ્હારી સ્ત્રીને માથે દીર્ઘકાળનું દુઃખ તો રહેશે,”—આ

દુઃખ દેવાનું પાપ પોતાને શિર કેમ નહી તેનું ખરોખર સમાધાન થયું નહી. પણ "થયું તે ન થયું થનાર નથી" ગણી તે વાતનો વિચાર દૂર કર્યો અને વિષ્ણુદાસખાવાનું નામ ધારણ કરી, યજ્ઞોપવીતનું વિસર્જન કરી, જટા અને વિભૂતિ ધારણ કર્યાં. પોતાની વિદ્વત્તાથી અને પ્રવીણતાથી થોડે કાળે વિષ્ણુદાસ જોગીયોની ગુરુ-પદવી પામ્યો અને તેની સાથે યદુનંદનના મંદિરમાં ગુપ્ત રાખેલાં ભક્તિમાર્ગનાં રહસ્ય દર્શાવનાર પુસ્તકોનો સ્વામી થયો.

એ પુસ્તકોમાંથી વિષ્ણુદાસને ઘણું ઘણું મનન કરવાનું મળ્યું. આ મન્દિર ઘણું પ્રાચીન હતું અને તેના અધિકારી બાવાઓમાં પ્રસંગે પ્રસંગે સમર્થ વિદ્વાનો આવેલા હતા. બે ચાર પુરુષો સાધારણ નીવડે ત્યારે તેનો અનુયાયી કોઈક સમર્થ નીવડતો. આ ગોસાંઈઓ અલખવાદી હતા અને તેમાં યદુનંદનની પૂજા જોડાવાથી તેમના અસલ પુરુષોએ કંઈ કંઈ શાસ્ત્રાર્થ કરીને અને કંઈ કંઈ પુસ્તકો રચીને પોતાનો સંપ્રદાય સ્થાપ્યો હતો. પ્રાચીનતમ પુસ્તકોમાં અલખ એટલે અલક્ષ્ય એટલે નિર્ગુણ બ્રહ્મ એવો અર્થ કરેલો હતો. એક પુસ્તકમાંથી એવું જણાઈ આવ્યું કે તે કાળે આ મઠવાળા વેદાંતી હતા અને શુદ્ધ બ્રહ્મને બ્રહ્મ નામે માનતા. પણ પાસે જ જૈન આચાર્યો ર્‌હેતા તેમની સાથે આ ગોસાંઈઓને વાદ થતા, અને વેદાંતના મત વિરુદ્ધ જૈનોએ એવી તકરાર ઉઠાવી કે ખરી કે ખોટી માયા અને તેથી ભિન્ન બ્રહ્મ એમ બે વાનાં માનનારા વેદાંતીઓ પોતાને અદ્વૈતવાદી ક્‌હે તો વદતો વ્યાઘાતના દોષમાં આવે છે. આ પક્ષનો પ્રતિપક્ષ સમર્થ ગોસાંઈઓએ શંકરાચાર્યના સમર્થ આધારે કર્યો અને ફાવ્યા; પરંતુ સાધારણ વર્ગના લોક એ વાદવિવાદ સમજી શક્યા નહી અને ઘણા લોક જૈન સંપ્રદાયને સ્વીકારવા લાગ્યા. નદીનું પૂર આણી-પાસ વળતું જોઈ તેને અટકાવવા ગોસાંઈઓએ નવી યુક્તિ કરી, અને પોતાનાં મૂળ અલખ-વાદમાં લખ-વાદ ઉમેર્યો અને એમનો મત અલખ-લખ-વાદ ક્‌હેવાવા લાગ્યો. એક અલક્ષ્ય બ્રહ્મ સર્વવ્યાપી છે પરંતુ નામ-રૂપ-આદિ વિશેષણોથી તે અલક્ષ્ય કવચિત્ લક્ષ્ય થાય છે અને પોતે પોતાની લક્ષ્યતાનો સાક્ષી થાય છે ત્યારે લક્ષ્ય ક્‌હેવાય છે તેને ઈશ્વર ક્‌હો, માયા ક્‌હો, કે ગમે તે નામે ઓળખો. પરંતુ એ સર્વ લક્ષ્ય એટલે લખ છે, અને તેમાં વિવિધ પરિણામને અંતે મનુષ્ય લખ થાય છે અને જ્ઞાનના સાધનથી એ લખમાં અલખ જાગે છે. આવી જાતનો સંપ્રદાય સામાન્ય લોકથી સમજાવા લાગ્યો. તેની સાથે ગોસાંઇઓનું

બળ વધવા લાગ્યું. વળી યદુનંદનની પ્રતિમા, બ્રહ્મા, વિષ્ણુ અને માહેશ્વર, વિષ્ણુના અવતાર, એ આદિ અનેક કથાઓનો લખ–વાદમાં અંતર્ભાવ બહુ સુલભ થઈ પડ્યો. કૃષ્ણાવતારનું રહસ્ય પણ અલખ જગાવનારને સમજાવવામાં આવતું. આવી રીતે સાધારણ માણસોને પોતાના પંથમાં ભક્તિ–માર્ગને પગથીયે પગ મુકાવી, તેમને રહસ્યના જિજ્ઞાસુ કરી, અંતે અદ્વૈત અલખના સંપ્રદાયરૂપ શિખર ઉપર લઈ જવામાં આવતા.

વિષ્ણુદાસ અધિકારી થયા તે કાળે ભિન્ન ભિન્ન પંથવાળાની આ ચસાચસી બંધ થઈ ગઈ હતી, અને જૈન લોકને બદલે શિવમાર્ગીઓ, શાક્તો, અને વૈષ્ણવો ઘડી ઘડી હુડુયુદ્ધો કરતા હતા. કેટલાક સારા માણસોને આથી આ સ્થળ ઉપર અનાસ્થા થતી હતી, અને વિષ્ણુદાસ અધિકારે ન આવ્યા હત તો સુંદરગિરિ તેમ સુરગ્રામ ઉભયનું માહાત્મ્ય અસ્ત થાત. પણ એ બાવાએ શાંતિથી, સહનશીલતાથી, ઔદાર્યથી, અને ચાતુર્યથી, અસ્ત થતું માહાત્મ્ય ટેકાવ્યું, ધર્મયુદ્ધોને ઠેકાણે ધર્મસમભાવ પ્રવર્તાવ્યો, અને नम्रत्वेनोन्नमंतः परगुणकथनैः स्वान् गुणान् ख्यापयन्तः* આદિ પદોવાળા શ્લોકને અનુસરી, સર્વને તારી પોતે તર્યા, સર્વની પ્રતિષ્ઠા વધારી પોતાના પંથનો ઉત્કર્ષ કર્યો, અને પોતે સર્વ દેવને નમસ્કાર કરી પોતાના દેવને સર્વપાસે નમસ્કાર કરાવવા લાગ્યા.

સરસ્વતીચંદ્ર મન્દિરપાસે આવ્યો એટલામાં એને ત્યાં લાવનાર બાવાઓએ પોતાના ગુરુજીના અને–તેમના પંથના આ ઇતિહાસનો કંઈક પરિચય કરાવ્યો અને ગુરુજીની સુજનતા અને શક્તિની સ્તુતિ એના શ્રવણમાં રેડી. આ નવીન અનુભવ અને નવીન વિનોદના બળથી મંદિરપાસે આવી ઉભો તે કાળે કુસુદસુંદરી એના મનમાંથી અગોચર થઈ ગઈ, ગોસાંઈઓના સુકીર્તિત સ્વામીને જોવા તેના મનમાં આતુરતા સજ્જ થઈ, અને જેના સેવકોએ પોતાના ઉપર આટલો ઉપકાર કર્યો હતો અને આટલો વિદ્વદાનંદ આપ્યો હતો તેના આતિથેય અને સમાગમનું પાત્ર થવા એની ઉપકૃત વૃત્તિ વધારે ઉપકારના ભોગની કામુક બની. શોક–તિમિર અદૃશ્ય થયું અને પ્રસન્ન મુદ્રા એના મુખ ઉપર સ્ફુરી આવી. મંદિર પ્રત્યક્ષ થયું તેની સાથે સર્વ બાવાઓ ગાજી ઉઠ્યાઃ "નંદકો નંદન એક આનંદ દેત હય!"

---

* "નમ્ર થઈ તે જ સાધનથી ઉન્નત થતા, અને પારકાના ગુણોનું કથન કરવાથી જ પોતાના ગુણને પ્રસિદ્ધ કરતા."

"જય યદુનંદન! જય યદુનંદન!" કરતું સર્વ મંડળ મંદિરના પગથીયાં આગળ આવ્યું.

આ મંદિર દેવાલયના આકારનું ન હતું, પણ એક વિશાળ મઠના આકારનું હતું. આ મઠને એક માળ પણ ન હતો. આગળ ચુનાગચ્છીનો ઓટલો, તેમાંથી અંદર જવાનું એક દ્વાર, દ્વારમાં પ્રવેશ કરતાં એક મ્હોટી છાપરાવાળી ઓસરી, ઓસરીનાથી આગળ એક મ્હોટો છોબન્ધ ચોક, ચોક વચ્ચે મ્હોટી ચતુષ્કોણ વેદિ, વેદિ ઉપર ચાર હાથ ઉંચો તુલસીક્યારો, ચોકની બે પાસે બે મ્હોટી શાળાઓ, તથા ચોકની પાછળ અને શાળાઓ વચ્ચે એક બીજી ઓસરી હતી, અને ઓસરીને મધ્યભાગે મ્હોટી ઓરડીના આકારનું મંદિર હતું. પૂજા-પ્રસંગે દ્વાર ઉઘાડાં રાખી અને સમાધિપ્રસંગે દ્વાર બંધ કરી વિષ્ણુદાસ મંદિરમાં દ્હોડેક હાથ ઉંચી યદુનંદનની પ્રતિમાની એક પાસ દર્ભાસન ઉપર બેસતા, અને અન્ય પ્રસંગે જમણી પાસની ઓસરીમાં બેસતા, ફરતા, અને સુતા. પ્રાતઃકાળે સમાધિ તથા પૂજા થઈ રહ્યા પછી પોતાની ઓસરીમાં આવી કથા ક્હેતા; તે થઈ રહ્યા પછી એકલા બેસી શાસ્ત્રવિચાર કરતા; તે પછી આગળની ઓસરીમાં સર્વ ગોસાંઈઓની સાથે એક પંક્તિયે બેસી ભોજન કરી, તે થઈ રહ્યા પછી, પોતાની મંડળી લેઈ, સુંદરગિરિ ઉપરથી નીચે ઉતરી, ચારે પાસનાં ગામમાં અલખ જગવવા તથા ભિક્ષા લેવા જતા; ત્યાંથી સંધ્યાકાળે પાછા ફરી પૂજાપાત્રી તથા જ્ઞાનવિચાર કરી, રાત્રે બાર વાગે નિદ્રાવશ થતા. બ્હારથી પાછા મોડા આવે ત્યારે પૂજા બીજું કોઈ કરતું.

વિષ્ણુદાસના અનુયાયી ગોસાંઈઓના ચાર ભાગ પાડેલા હતા. છેલો વર્ગ "અનધિકારી" પુરુષોનો હતો; તેમને માત્ર પૂજાપ્રસંગે સ્વામીસાથે ભક્તિ-ભજન કરવાનો અને ભોજન-પ્રસંગે તેમનાં વચનામૃત સાંભળવાનો અને શંકા-સમાધાન કરાવવાનો અધિકાર હતો. બીજો વર્ગ કનિષ્ઠ અધિકારીયોનો હતો; તેવા અધિકારીયો કથામાં અઠવાડીયામાં બે દિવસ શ્રવણ કરવા બેસતા અને બાકીના દિવસ શાસ્ત્રાભ્યાસ અને શાસ્ત્રમનનમાં ગાળતા. આ બે દિવસ સ્વામી ભક્તિમાર્ગનું રહસ્ય બતાવતા. મધ્યમાધિકારીઓ આ બે દિવસ શ્રવણ કરતા અને તે ઉપરાંત બીજા બે દિવસ સ્વામીપાસે યોગાધ્યયન કરતા. ઉત્તમાધિકારી જુજ હતા; તેઓ આ સર્વ દિવસોએ શ્રવણ કરવું હોય તો કરે, અને તે ઉપરાંત બાકીના દિવસોએ સ્વામીપાસે વેદાંત શ્રવણ કરતા. સ્વામી પોતાનું મંડળ લેઈ નિમ્ન દેશમાં રોજ ફરવા જાય અને ઉગ્ર તાપને

સમયે કોઈ છાયાવાળા મહાવૃક્ષ નીચે વિશ્રામ કરે અથવા કોઈ સરોવર અથવા નદીને તીરે સાયંકાળની રમ્યતામાં "લખ-આનંદ" પ્રગટ કરે તેવા તેવા પ્રસંગોએ ન્યાય, મીમાંસા, ગણિત, આદિ શાસ્ત્રોમાં ગોસાંઈઓને પ્રવેશ કરાવતા. કાળક્રમે સ્વામીને યોગ્ય લાગે ત્યારે અનધિકારીને અધિકાર આપતા, કનિષ્ઠાધિકારીને મધ્યમાધિકારી અને મધ્યમને ઉત્તમાધિકારીનું પદ આપતા, અને ઉત્તમાધિકારીમાં ઉત્તમ હોય તેને પોતાના એકાંત શાસ્ત્રવિચાર પ્રસંગે એકાંતમાં બતાવી પોતાના સમાન કરતા અને તેની સાથે ચર્ચા કરી જ્ઞાન આપી જ્ઞાન લેતા.

મંદિરની બીજી પાસની ઓસરીમાં ઉત્તમાધિકારીયો બેસતા. એક પાસની શાળામાં મધ્યમાધિકારીયો બેસતા, અને બીજી પાસનીમાં કનિષ્ઠાધિકારીયો બેસતા. આગળની ઓસરીમાં અનધિકારીયો બેસતા. મંદિરની પાછળ એક બીજી બે ઓરડીયો હતી તેમાંની એકમાં પૂજાની સામગ્રી અને બીજીમાં પુસ્તકો તથા મઠનું દ્રવ્ય રહેતું. પોતાની ઓસરી પાછળ એક દ્વાર હતું, તેમાં થઈ પાછળના ઉઘાડા ભાગમાં સ્વામીના સ્નાન-શૌચાદિનાં સ્થાન હતાં. એ ભાગ વિશાળ હતો, પણ તેની ચોપાસ પર્વતના ઉંચા ઉંચા ખડકની ભીંતો હતી અને મઠની બે પાસની ભીંતો તેને સાંધી દીધી હતી. આ વાડામાં પર્વતની સામી ભીંતે મ્હોટી ગુફા હતી, અને ગુફાને મુખે મહાન્ ન્યગ્રોધ[1] વૃક્ષ હતો. આ વડ અને પર્વત વચ્ચેના ખુણામાં એક સુંદર નિર્મળ અને મીઠા પાણીનો ઝરો નિરંતર વ્હેતો હતો અને પ્રવાહ ભૂમિમાં જ લીન થઈ જતો હતો. આ ઝરામાં મ્હોટાં શતપત્ર કમળ થતાં. તેના ઉપર પર્વતની ભીંતોએ મધુર ગુંજારવ કરતા મધુકરોના બે પુડા બાઝેલા હતા. વડ શીવાય એટલામાં તમાલ, આંબા, કેળ આદિ વૃક્ષો, કેટલાક વેલા, અને પરાગવાન્ સુંદર સુગન્ધી પુષ્પો મધુર પવનને વશ થતાં હતાં. ઝરા આગળ હંસો, બતકો, મેના, પોપટ આદિ પક્ષિઓ રહેતાં. ન્હાનાં હરણ અને સસલાં પણ હતાં. આમ સર્વ જ્ઞાનેન્દ્રિયોને તૃપ્ત અને શાંત કરનાર પદાર્થ અત્રે એકત્ર થયા હતા. કોમળ સ્પર્શવાળું બારે માસ લીલું ઘાસ, ઝરા અને પક્ષીઓનું ઝીણું ગાન, નેત્રને શીતળ કરનાર સૃષ્ટિના રંગ અને ચિત્રો, નાસિકાને આલ્હાદ આપનાર પુષ્પગંધ, અને મિષ્ટ જળ અને ફળોઃ એ સર્વ આ વિશાળ વાડામાં મનુષ્યના મનને ક્ષોભ અને ઉદ્દીપન ન્હોતાં આપતાં, પણ શાંતિ અને આનંદ આપતાં હતાં, અને કુતર્ક ડાબી દેઈ સુતર્કને સપક્ષ

---

૧. વડ.

કરતાં હતાં. આ ઉપવનમાં સરસ્વતીચંદ્રને ઉતારો આપવો એવી વિષ્ણુદાસજીએ ગોસાંઈઓને આજ્ઞા કરી હતી, તેથી મન્દિર-મઠના દ્વારમાં પ્રવેશ કરી, આનંદગર્જના કરતા જોગીઓ, ગુરુવચન ઉપર શ્રદ્ધા રાખી, તેમના આદરના પાત્ર ઉપર જાતે આદર રાખી, આગળની ઓસરી-માંના આશ્ચર્ય પામતા અનધિકારીયો વચ્ચે થઈને, ચોકમાં તુલસી-ક્યારાની એક પાસે થઈને ગુરુજીવાળી ઓસરીમાં થઈ, ઉપવનમાં સરસ્વતીચંદ્રને લેઈ ગયા. ઝરાપાસે ન્યગ્રોધની શાખાઓની છાયામાં પાથરી રાખેલા મૃગચર્મ ઉપર એને બેસાડ્યો અને એ મંડળીમાંથી મોહનપુરી અને વિહારપુરી ગુરુજીની આજ્ઞા લેવા ગયા.

વિષ્ણુદાસ જ્યોતિઃશાસ્ત્ર ભણેલા હતા અને તેના ઉપર તેમ એવાં બીજાં શાસ્ત્રો ઉપર અત્યંત શ્રદ્ધા રાખતા હતા. તેમનું વય વૃદ્ધ થવા આવ્યું હતું અને પોતાનું સ્થાન સંભાળનાર કોઈ મહાત્મા જડી આવે તો હું અપશ્ચિમ–સમાધિને પ્રાપ્ત થઉં એવી ઇચ્છાથી નિત્ય પ્રાર્થના કરતા, અને ગઈ કાલ જે નક્ષત્ર–મુહૂર્ત–ક્ષણમાં કોઈ મહાત્મા જડવો જોઈએ એવું એમને ગણિતથી સિદ્ધ થયું હતું તે ક્ષણમાં જ સરસ્વતી-ચંદ્ર પ્રાપ્ત થવાથી તેમની શ્રદ્ધા દૃઢતમ થઈ હતી અને તેમને અત્યંત ઉત્સાહ થયો હતો. પ્રાતઃકાળમાં અતિથિની સાથે થયેલા ગોષ્ઠી-વિનોદનું વિહારપુરીએ વર્ણન કર્યું હતું તેથી આ શ્રદ્ધા અને ઉત્સાહમાં વૃદ્ધિ થઈ, અને આ નવા પુરુષની જાતે પરીક્ષા કરવા તેમને ઉત્સુક્તા થઈ.

અત્યારે વિષ્ણુદાસ પૂજા કરી રહેવા આવ્યા હતા અને વિહાર-પુરી તથા મોહનપુરીએ સમાચાર નિવેદન કરતામાં જ આજ્ઞા આપી કે “એ પુરુષને સત્વર આ મન્દિરમાં લાવો–એને ગીર્વાણ બાપા આવડે છે; હું તેની પરીક્ષા પળમાં કરીશ.”

પળવાર સરસ્વતીચંદ્રને આગળ કરી બાવાઓ લાવ્યા. મંદિરના દ્વારમાં પ્રવેશ કરી, વિષ્ણુદાસને પ્રણામ કર્યા, યદુનંદનથી પ્રતિમા ભણી દૃષ્ટિ ન કરી, અને દ્વારમાં જ ઉભો. સર્વને આ ખેલ વિચિત્ર લાગ્યો; ક્ષોભ ન પામતાં પોતાને સ્થાને બેસી રહી, અતિથિ ભણી ઉંચું જોઈ વિષ્ણુદાસ બોલ્યાઃ

[1]“ कस्त्वं शिशो कस्य कुतोऽसि गंता।
“ किं नाम ते त्वं कुत आगतोऽसि ॥

१. હે બાળક! તું કોણ છે? કોનો છે? ક્યાં જવાનો છે? ત્હારું નામ શું? ક્યાંથી આવ્યો? હે બાળક, આ મ્હેં કહ્યું તેનો ઉત્તર આપ અને મને પ્રસન્ન કર, તું પ્રીતિને વધારનાર છેઃ—હસ્તામલક સ્તોત્ર.

"एतन्मयोक्तं वद चार्भक त्वं।
"मत्प्रीतये प्रीतिविवर्द्धनोऽसि॥"

આ અચીન્ત્યા વિચિત્ર ભાષાના પ્રશ્નને સજાતીય ઉત્તર મેધાવીએ ત્વરિત આપ્યોઃ—

[1]"नाहं मनुष्यो न च देवयक्षौ।
"न ब्राह्मणक्षत्रियवैश्यशूद्राः॥
"न ब्रह्मचारी न गृही वनस्थो।
"भिक्षुर्न चाहं निजबोधरूपः॥"

એટલું બોલી હાથનો સ્વસ્તિક રચી ઉભો રહ્યો અને મનમાં હસી મનમાં બોલ્યો.

"This is a correct answer, correct in a double "sense, true to my philosophy, and true to myself— "I alone know me and that I am. I belong to all "castes or to none, and my stage of life comprehends "all stages. I am my inner self and I know it. "The words are true as they were first spoken and "also as I speak them now."

"વાહ, વાહ, વાહ, વાહ, ?" વિષ્ણુદાસજી ગાજી ઉઠ્યાઃ "દેખો, "દેખો, મેરા શાસ્ત્રબચન સિદ્ધ હુઆ!"

—"અચ્છાઃ નવીનચંદ્રજી.–"

પોતાનું નામ વિષ્ણુદાસ જાણે છે જાણી સરસ્વતીચંદ્ર કંઈક આશ્ચર્ય પામ્યો, પણ પ્રશ્ન સાંભળવા સામું જોઈ રહ્યો, વિષ્ણુદાસનો વચનપ્રવાહ ચાલ્યોઃ

"નવીનચંદ્રજી, આ મંદિરમાં પ્રવેશ કરનાર પ્રથમ આ અમારા "દેવ યદુનંદનને નમે છે."

"સત્ય છે—પણ હું મ્હારા ઇષ્ટદેવને જ નમું છું."

"હેયા, તમારા ઇષ્ટદેવ કોણ?"

---

૧. હું માણસ નથી. દેવ નથી, યક્ષ નથી, બ્રાહ્મણ નથી, ક્ષત્રીય નથી, વૈશ્ય નથી, શદ્ર નથી, બ્રહ્મચારી નથી, ગૃહસ્થ નથી, વાનપ્રસ્થ નથી, સંન્યાસી નથી, હું એક "નિજ-બોધ-રૂપ" છું.—હસ્તામલક સ્તોત્ર.

"તે નિરંજન નિરાકાર છે."

"તો તો, **નવીનચંદ્રજી**, વ્યક્તિ અને આકૃતિ ઉભય તે નિરંજન "નિરાકારથી જ થાય છે."

"સત્ય છે. પણ આપને તુલસીભક્તની મમતા વિદિત હશે."

"તે કઈ, ભૈયા?"

**સરસ્વતીચંદ્ર** ઉત્સાહથી બોલ્યો: "આપ તો વિદ્વાન છો, પણ "ભક્ત પણ છો, અને તુલસીદાસે કૃષ્ણચંદ્રને નમસ્કાર ન કર્યા ને "કહ્યું કે,

"ભલી બની છબિ આજકી, બેશ બને! હો નાથ,
"તુલસી-મસ્તક તબ નમે, ધનુષ્ય બાન લ્યો હાથ."

**યદુનંદન**નો તિરસ્કાર થયો સમજી બાવાઓમાં કોપ સળગતો હતો તે આથી કાંઈક અટક્યો ને એટલામાં તેમની રગ વર્તી જનાર અને તેમનું ઔષધ જાણનાર **વિષ્ણુદાસ** તરત બોલી ઉઠ્યો:

"વાહ, વાહ, **નવીનચંદ્રજી**, બોત કીયા!"—બીજા મંડળ સામે જોઈ બોલ્યો; "દેખો ભૈયા, યહ પુરુષ તો શ્રી અલખકું પ્રાપ્ત હુવા "હય–ઉસકુ તો અબ અલખ ઓર લખકા અભેદ દેખનેકા માત્ર બાકી "હય; શ્રી તુલસીદાસજીસે **નવીનચંદ્રજી** શ્રેષ્ઠ હુઆ; જો લખ અલખ "હો કર દર્શન દેવે તો **નવીનચંદ્રજી** નમસ્કાર કરે. જો **શ્રી** કૃષ્ણચંદ્રજી "**શ્રી રામરૂપ** હુવા તો **શ્રી** લખ અલખ હો જાય ઓ તો અપના "ઉત્તમાધિકારીકા અધિકારીકી બાત હય—કેમ, વિહારપુરી, સાચું "કે નહી?"

"બહુત સત્ય, ગુરુજી! ઓ તો ભક્તનકા ટેક હય."

સર્વ ગોસાંઈમંડળ પ્રસન્ન થયું. **સરસ્વતીચંદ્ર** પણ પ્રસન્ન થયો ને મનમાં બોલ્યો:

"The man's pluck is equal to my wish. He has "grasped my position and gracefully assisted me "in extricating me from the perplexing conflict "between my duty to my conscience and to such "kind and gentle hosts as these. Far be it from "me to speak a single syllable that will either be "untrue for courtesy or for fear, or will happen to "offend in the slightest degree the susceptiblities of

" such noble and innocent souls as these. Gracious
" God ! "

. એક ગોસાંઈએ વિષ્ણુદાસને પ્રશ્ન પુછ્યો.

" ગુરુજી, જો એમ હોય તો નવીનચંદ્રજીને આપણો ભેખ, જટા, " અને વિભૂતિ ધરાવો."

આ સૂચનાથી સરસ્વતીચંદ્ર ભડક્યો. વિષ્ણુદાસ પ્રશ્નની મૂર્ખતા અને અતિથિનો ગભરાટ ઉભય સમજી ગયા, અને ઉભયનું નિરાકરણ થાય એવો માર્ગ ક્‌હાડ્યો. પ્રથમ તો તેમણે પુષ્કળ હાસ્ય કર્યું અને પછી બોલ્યા: " વિહારપુરી, આ ગોસાંઈ હજી અનધિકારી છે એટલે " કનિષ્ઠાધિકારીને જાણવાની વાત પણ જાણતો નથી. પણ એને " જિજ્ઞાસા થઈ તો તૃપ્ત કરશું. એ છે તો અનધિકારી, પણ અધિકારીયો, " સર્વ બોલો."

વિષ્ણુદાસે પ્રથમ પદ ગાયું તેની સાથે ઉભા થઈ સર્વ અધિકારી બાવાઓ હાથ ઉંચા કરી ઉછળી ઉછળી બુમો પાડી કપાળે કરચલીયો ચ્હડાવી ગાવા લાગ્યા.

" જુલમ મત કરના રે બચ્ચા !
" અલખકા ખેલન સબ સચ્ચા. —જુલમ૦ ( ધ્રુવ )
" ધોલે રે પ્‌હેરો, ભગવે રે પ્‌હેરો,
" પ્‌હેરો સુરંગી જામા;
" અબ્ધુત હો, અરુ હો સંસારી,
" નર હો, અરુ હો રામા ! —જુલમ૦ ૧
" અલખ લખત હય સબ હી ખેલન,
" હોને દો, હય જૈસા !
" અલખ જગાવનકો અધિકારી ન
" વિભૂત ધરેગા કૈસા ? —જુલમ૦ ૨ "

ચોપાસ તાળીયો પડી રહી અને ચપટીયો વાગી રહી. જોગીયોએ ત્રણવાર કુદી કુદીને ગાયું અને એવે ઉચ્ચ સ્વરે ગાયું કે પર્વતમાં અને ગુફામાં તેનો પડઘો ઉઠી રહ્યો, અને અલખ ગાજી રહ્યો. એ ગર્જનાથી જ પ્રશ્ન પુછનાર ગરીબ ગાય જેવો થઈ શાંત પડ્યો અને ગુરુજીની ક્ષમા માગી.

" Look at this strong doctrine of toleration ! "

સરસ્વતીચંદ્રનું મન મનમાં બોલ્યું.

સઉ સંપૂર્ણ થતાં વિષ્ણુદાસ પ્રશ્ન પુછનાર સામું જોઈ બોલ્યા:

" સમજ્યો, બચ્ચા? આપણે શું વિભૂત ધરાવવાના હતા? જો કોઈ
" વિભૂત નહી ધરે તો તે શ્રીલખનો ખેલ છે, અને જો શ્રી અલખ
" પરમાર્થે જાગશે તો તે વિભૂતને જ લખ કરશે ને ધરનાર વગર કહ્યે
" ધરશે. આ વિભૂત તો શ્રી અલખની માત્ર સંજ્ઞા છે; બાકી સત્ય
" વિભૂત તો માનસિક છે તે તો માત્ર ઉભયાધિકારીને જ છે. તું હાલ
" એટલું જ શીખ કે સર્વ જોવું અને સર્વ લખ-રૂપ અલખની વિભૂતિ
" છે જાણી તેનો તિરસ્કાર ન કરવો અને જુલમ ન કરવો. એવો
" જુલમ એ આસુરી માયાનો અહંકાર છે. પરંતુ આપ આપકા વિભૂત
" જો ધરતા હય ઔર સ્વધર્મકા ત્યાગ નહી કરતા હય યહ ભક્તનકો ટેક
" શ્રી લખ-આત્માકું ઔત પ્રિય હય ઔર ઇસિ લિયે તુલસીકી પાસ
" શ્રીકૃષ્ણચંદ્રને રામરૂપ ધર દિયા! નવીનચંદ્રજીને ટેક છે ને તને અહં-
" કાર થયો!! આજ તો ક્ષમા કરૂં છું. બીજી વાર એ દુષ્ટ અસુરનો સ્પર્શ
" તને થયો તો આ મઠના આશ્રયની યોગ્યતા ત્હારામાં નહી ગણું."

આ વાર્તા પુરી થતાં વિષ્ણુદાસ બોલ્યાઃ " મોહનપુરી, પૂજા
" સંપૂર્ણ થઈ તો હવે આપણે ઉપવનમાં ચાલો. આજે અનધ્યાયનો
" દિવસ છે માટે માત્ર શાસ્ત્રવિનોદ કરીશું અને અતિથિને એ વિનોદનું
" આસ્વાદન કરાવીશું. આજ સર્વ અધિકારીમંડળને સાથે રહેવા
" અનુજ્ઞા છે."

સર્વ મંડળ ઉપવનમાં ગયું. ત્યાં સ્થળે સ્થળે મૃગચર્મ, વ્યાઘ્રચર્મ, અને શિલાઓનાં આસન તૈયાર થઈ ગયાં અને એક શિલાપર વ્યાઘ્ર-ચર્મ નંખાવી વિષ્ણુદાસ બેઠા અને પાસે બીજી શિલાઉપર મૃગચર્મ, નંખાવી અતિથિને બેસાડ્યો. બીજું મંડળ ચોપાસ વીંટાઈ વળ્યું. વિષ્ણુદાસે પ્રસન્ન વદનથી ગોષ્ઠીવિનોદ આરંભ્યો.

" નવીનચંદ્ર, તમારા સંબંધમાં અત્યાર સુધીમાં જે જે સાંભળ્યું
" તેથી સર્વને પ્રસન્નતા થઈ છે. પણ મ્હારા સાંભળ્યામાં એમ પણ
" આવ્યું કે તમારા હૃદયમાં કાંઈક ઉંડું દુઃખશલ્ય છે—"

સરસ્વતીચંદ્ર હસ્યો અને વાક્ય પુરું થતાં પ્હેલાં બોલ્યોઃ—" સ્વા-
" મીજી, એ તો જેનું જેવું અનુમાન થયું તેવું તેણે કલ્પ્યું અને તેને
" કલ્પવાનું કારણ તેમને લાગે એમ હતું, એમ છતાં મને દુઃખ જ
" હોય તો તેમાં મને કાંઈ બાધ લાગતો નથી. દુઃખના અનુભવ વિના
" સુખનું મૂલ્ય થતું નથી. અંધકાર વિના પ્રકાશનો મર્મ સમજાય એમ
" નથીઃ દુઃખનો અનુભવ વૈરાગ્યનું કારણ થાય છે. દુઃખનું અવલોકન

" દયા ઉત્પન્ન કરે છે, દયાથી પરમાર્થ થાય છે, અને પરમાર્થવૃત્તિ
" વ્યક્તિયોનો ભેદભાવ નષ્ટ કરી તેમના ઐકાત્મ્યનું ભાન કરાવે છે.
" शोभनं खमिति सुखं तद्यद्यपि शोभनं खात्तथापि खप्रतिमं शून्यमेव. માટે
" સુખ એટલે દૃષ્ટિને પ્રિય શૂન્ય આકાશ, અને દુઃખ એટલે અપ્રિય
" આકાશ. સુખ અને દુઃખ ઉભય શૂન્ય છે અને શૂન્ય વસ્તુઓ જુદી
" જુદી હતી નથી તો પ્રિય–અપ્રિય શી રીતે હોય? એ તો આપણાં
" મન એ શૂન્ય પદાર્થને પ્રિય-અપ્રિય ગણે છે; માટે સુખદુઃખમાં
" ગ્રાહ્યતા હેયતા આવતી નથી અને તેમાંથી જે આવે તેનું હું આતિ-
" થેય કરું છું. પરંતુ દુઃખપર મ્હારો કાંઈ પક્ષપાત છે, કારણ દુઃખ
" મ્હારી બુદ્ધિને સતેજ કરે છે. મ્હેં દુઃખ શોધ્યું ન હત તો આપનાં
" દર્શન થાત નહી!"

આ વિચિત્ર ભાષણ-પ્રવાહથી સર્વને આશ્ચર્ય લાગ્યું. સર્વ આશ્ચર્ય-સ્તબ્ધ હતા તેમાં વિહારપુરી વચ્ચે બોલી ઉઠ્યોઃ *" न रम्यं नारम्यं " प्रकृतिगुणतो वस्तु किमपि એ શ્લોકનું રહસ્ય આમાં આવી ગયું. વાહ! " નવીનચંદ્રજી, વાહ! પણ હું તમને એક પ્રશ્ન પુછું તેનું સમાધાન " કરો. આ શ્લોક હું તમને જ ઉદ્દેશી કહું છું એમ સમજો.—

†" त्वया साधु समारम्भि नवे वयसि यत्तपः ।
" ह्रियते विषयैः प्रायो वर्षीयानपि मादृशः ॥
" श्रेयसीं तव संप्राप्ता गुणसंपदमाकृतिः ।
" सुलभा रम्यता लोके दुर्लभं हि गुणार्जनम् ॥
" शरदम्बुधरच्छायागत्वर्यो यौवनश्रियः ।
" आपातरम्या विषयाः पर्यन्तपरितापिनः ॥

---

* પ્રાચીન શ્લોક.—"પ્રકૃતિગુણથી કોઇ વસ્તુ રમ્ય નથી—અરમ્ય નથી."

† કિરાતાર્જુનઃ ભાષાંતર—

તમોએ યુવાવસ્થામાં જે તપનો આરંભ કર્યો છે તે શ્રેષ્ઠ કર્યું છે; કારણ કે મ્હારા સરખા અત્યંત વૃદ્ધ પુરુષો પણ ઘણું કરીને સંસારના વિષયોથી ઘસડાય છે. તમારી આકૃતિ ઘણી સુંદર છે અને ઉત્તમ ગુણરૂપી સંપત્તિને પ્રાપ્ત થઇ છે! આ લોકમાં સુંદરતા ઘણી સુલભ છે. પરંતુ ગુણોનું સંપાદન કરવું એ ઘણું જ દુર્લભ છે, યૌવાવસ્થાની શોભા શરદઋતુનાં વાદળાંઓની છાયા સરખી ચંચલ છે, અને વિષયો પ્રાપ્તિકાળે રમ્ય લાગે છે, પરંતુ તેનો જ્યારે પર્યંત આવે છે ત્યારે તે સર્વે દુઃખરૂપ થઇ પડે છે.

*" अन्तकः पर्यवस्थाता जन्मिनः संततापदः ।
" इति त्याज्ये भवे भव्यो मुक्तावुत्तिष्ठते जनः ॥
" चित्तवानसि कल्याणी यत्ते मतिरुपस्थिता ।
" विरुद्धः केवलं वेषः संदेहयति मे मनः ॥

આ શ્લોકનો અર્થ તો સમજ્યા હશો."

સરસ્વતીચંદ્ર સ્મિત કરી બોલ્યોઃ "વિહારપુરીજી, આપે એ
" શ્લોક કિરાતમાંથી કહ્યા. અર્જુનના વેષ વિશે સંદેહનું કારણ હતું તે
" સંદેહનું સમાધાન અર્જુને કર્યું હતું. મ્હારા વેષ વીશે કૌપીનના અભા-
" વને લીધે આપને કાંઈ ન્યૂનતા લાગતી હોય તો મ્હારે તો એટલું
" ક્‌હેવાનું છે કે મ્હારામાં બીજી અનેક ન્યૂનતાઓ છે તેવી આ એક
" વિશેષ ગણજો, બાકી મ્હારે મન તો ધોળાં ને ભગવાં સર્વને સારુ
" સમદૃષ્ટિ છે, આટલો આપનો ઉત્તર આપું છું, અને બાકી હું હવે
" પ્રશ્ન પુછું છું. આપે કહેલા ત્યાગનું સાધન લેઈ મુક્તિ સારુ ઉત્થાન
" કરવાની વાત છે. પરંતુ જો આપના સંપ્રદાયમાં લખ-રૂપને પણ
" અલક વિભૂતિ ગણો છો તો ત્યાગ વિના મુક્તિ ન કેમ થાય તે
" સમજાવો; અને સર્વ લખરૂપનો આત્મા એક અલખ છે, રૂપ તો
" જડ જેવાં ઉત્થાનાદિ ક્રિયાનાં અનધિકારી છે, અને આત્મા એક
" પુરાણ છે, તો મુક્ત કોને થવાનું બાકી રહ્યું અને એ મુક્તિને વાસ્તે
" ઉત્થાન કરનાર એ એક આત્માથી બીજો કોણ છે, તે ક્યારે કોનાથી
" બંધાયો, અને કાલથી અનવચ્છિન્ન આત્માને ભૂતમાં બંધનકાલ અને
" ભાવિમાં મોક્ષકાલનો અવચ્છેદ કેવી રીતે અવસ્થિત છે એ સમજાવો."

---

* જે જન્મ લે છે તેની પાસે દુઃખ નિરંતર પથરાયલું રૂહે છે અને તેને માથે મૃત્યુ અવશ્ય ઉભેલું છે; એ વાત વિચારી સર્વથા ત્યાગ કરવાને લાયક જે આ સંસાર છે, તેમાં ભવ્ય પુરુષ મોક્ષ મેળવવા ઉત્થાન કરે છે.

વાહ ! ઘણા જ ઉત્તમ તમારા વિચાર છે કે જે વિચારોથી તમારી આવી કલ્યાણી મતિ ઉત્પન્ન થઇ છે; માત્ર તમારો જે (વૈરાગ્યથી) વિરૂદ્ધ વેષ છે તે જ મ્હારા મનમાં સંદેહ ઉત્પન્ન કરે છે.

(આ ગ્રંથમાં કેટલેક પ્રસંગે પૃષ્ઠો નીચે ચરણટીપ્પણમાં કાશીનગરીની પાઠશાળામાં આચાર્ય પદવી પામેલા વિદ્વાન શાસ્ત્રી જીવરાજ લલ્લુરામે સ્નેહભાવે આ તથા બીજાં ભાષાંતર આપેલાં છે; અને તે બીજાં ભાષાંતરને અંતે એમના નામાક્ષર એમની અનુજ્ઞાથી મુકેલા છે.)

સર્વ બાવાઓ એક બીજાના સામું જોઈ રહ્યા અને ગુરુ વિના આ પ્રશ્નનો ઉત્તર કોઈ નહી આપે એમ સિદ્ધ થયું. વિષ્ણુદાસ ઉત્તર દેવા આતુર બની, પ્રસન્ન ઉત્સાહથી બોલ્યાઃ "વાહ, શો ઉત્તમ પ્રશ્ન "છે? નવીનચંદ્ર! આ પ્રશ્નોનો ઉત્તર જાણનાર અમારા ઉત્તમાધિકા- "રીની પૂર્ણ દશાને પામે છે અને અમારા અલખ લખ–સિદ્ધાંતનું "આના ઉત્તરમાં રહસ્ય છે. અધિકારીયો, ઉત્તમાધિકારીયો અત્રે રહો "અને બાકીના સર્વ નિવૃત્ત થાવ."

પળવારમાં તેમ થયું. ચાર પાંચ બાવાઓ, સ્વામી, અને સરસ્વતીચંદ્ર રહ્યા. વિષ્ણુદાસે એક બાવાને કહ્યું; "અલખપુરી, અલખ- "રહસ્યમાંથી સિદ્ધાંતમંત્ર બોલોઃ"

અલખપુરી બોલવા લાગ્યોઃ "જેવી આજ્ઞાઃ

*" नाहं जाये म्रिये नैव न वद्धो न च मुक्तिभाक् ॥
" मुक्तवाणगतिप्रायः संसारस्तु शरीरिणाम् ॥ १ ॥

" एकोऽहमद्वितीयोऽहं स्वस्मिन्नेव विहारवान् ॥
" विहृत्य मायारूपेण शान्तिरूपेऽपि लक्ष्यदृक् ॥ २ ॥

" न विहारेषु नो शान्तौ द्वेष्टि वा रज्यतेऽपि वा ॥
" तमिमं निर्गुणं प्राहुर्निष्कर्माणं च तत्वतः ॥ ३ ॥

" लक्ष्यधर्मान् समादृत्य लक्ष्यात्मा लक्ष्यते स्वयम् ॥
" अलक्ष्यं चावगाहेत सोऽयमात्मप्रबोधवान् ॥ ४ ॥

---

* હું ઉત્પન્ન થતો નથી; હું મરતો નથી; બંધાએલ નથી; હું મુક્ત નથી. પ્રાણીઓનો આ સંસાર છોડેલા બાણની ગતિ સરખો છે. ૧.

હું એક છું. અદ્વિતીય છું, પોતાને વીશે જ વિહારવાળો છું; માયારૂપથી વિહાર કરી શાંતિરૂપ જ્યારે થાઉં છું ત્યારે પણ લક્ષ્યદૃષ્ટિ રહું છું; અર્થાત્ ત્યારે પણ લક્ષ્યનો સાક્ષી રહું છું. ૨.

વિહારમાં અથવા શાંતિમાં જેને રાગદ્વેષ નથી તે તત્વતઃ નિર્ગુણ અને નિષ્ક્રિય કહેવાય છે. ૩.

લક્ષ્યધર્મોનો આદર કરી જીવરૂપ લક્ષ્યાત્મા જાતે જ લક્ષે છે, અને અલક્ષ્યમાં પણ પ્રવેશ કરે છે. એવો લક્ષ્ય આત્મા જે હોય તેમાં આત્મપ્રબોધ થાય છે એટલે તેમાં આત્મા અલખ–પ્રબોધ પામે છે—જાગે છે. ૪.

*" लक्ष्यरूपः प्रबुद्धश्चेदलक्ष्यं लक्षयेन्न कः ॥
" त्रयाणामित्थमद्वैतं युञ्जतेऽलक्ष्ययोगिनः ॥ ५ ॥
" गीतायामिदमेवाह भगवानर्जुनं प्रति ॥
" युद्धे हि चोदयन्नेनं लक्ष्यधर्मधुरंधरः ॥ ६ ॥
" कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः ॥
" श्रुतिरेषाऽपि लक्ष्यान्वै धर्मान् लक्षयति स्फुटम् ॥ ७ ॥
" अलक्ष्ययोगी लक्ष्येऽस्मिन् विहरन्नात्मन्यात्मना ॥
" अलक्ष्योसौ परानन्दः स्वप्रकाशः स्वयं न किम् ॥ ८ ॥
" अबद्धमुक्तः केनापि न विरक्तो न रागवान् ॥
" ईशानः सोऽमृतत्वस्य स्फुलिंगोऽपि स पूरुषः ॥ ९ ॥
" नित्यान्तःस्थोऽतिरोहोऽयमनित्यो लक्ष्यसंज्ञकः ॥
" प्रज्वलन्यज्ञरूपेण द्वैताभासस्य कारणम् ॥ १० ॥
" अहःकालो निशाकालो लोकः पश्यत्यहर्निशाः ॥
" अनित्या एव नो कालं कालं पश्यन्ति सूरयः ॥ ११ ॥

---

* લખ જેનું રૂપ છે એવો અલખ આત્મા જીવાત્મામાં જાગ્યો હોય તો તે જીવાત્મા એ અલખને લખ કેમ નહી કરે ? અને કોણ નહી કરે ? આવી રીતે જીવ, ઈશ્વર, અને અલખ બ્રહ્મ એ ત્રણેયના અદ્વૈતનો યોગ અલખના યોગીઓ યોજે છે. ૫.

અર્જુનને યુદ્ધમાં યોજતાં લક્ષ્યધર્મના ધુરંધર શ્રીકૃષ્ણે એને ગીતામાં આ જ કહ્યું છે. ૬.

આ જગત્માં કર્મને કરતો કરતો સો વર્ષ સુધી તું જીવ એવી જે વેદની શ્રુતિ છે તે પણ લક્ષ્યના ધર્મોને સ્પષ્ટ કરી લક્ષે છે. ૭.

અલખનો યોગી આ લખમાં આત્માસાથે આત્માવડે વિહાર કરે છે. એ આ અલખ અને પરાનંદયોગી તે સ્વપ્રકાશ પોતે જ કેમ નહી? ૮.

તે કોઇ પ્રકારથી બંધાયેલ નથી અને મુક્ત નથી, વિરક્ત નથી અને રક્ત નથી; તે અમૃતત્વનો ઇશ છે અને સ્ફુલિંગ છે પણ પુરુષ છે. ૯.

નિત્યની અંદર રહેલ આ લક્ષ્ય નામનો અનિત્ય અતિરોહ છે તે યજ્ઞરૂપે જ્વલન પામી દ્વૈતાભાસનું કારણ થાય છે. ૧૦.

દિવસ પણ કાળ છે અને રાત્રિ પણ કાળ છે; તેમાં લોક અનિત્ય એવાં જે દિવસ અને રાત્રિ રૂપો તેને જ દેખે છે અને તેમાં ઓતપ્રોત કાળને દેખતા નથી. કાળને તો જ્ઞાનીઓ જ દેખે છે. ૧૧.

*" प्राकृतास्त्वेवमीक्षन्ते द्वैधं ज्वलनशान्तिषु ॥
" न तत्संपृक्तमद्वैतमनित्यं तैस्तु लक्षितम् ॥ १२ ॥
" अक्षिभिस्तैः सहस्राक्षः स्वयंभूरतिरोहते ॥
" अलक्ष्यात्मन्यालक्ष्येण न चासौ नाभिनन्दितः ॥ १३ ॥
" लक्ष्यस्यान्तर्गतः स्थाणुर्लक्ष्यातिष्ठो दशाङ्गुलम् ॥
" अलक्ष्यः प्राकृतैर्नित्यो योगिलक्ष्यः परावरः ॥ १४ ॥"

આ અનુષ્ટુપ્ છંદ અલખપુરીએ ગાયા; તે આગળ આગળ આવ્યો તેમ તેમ બીજા યોગીયો તેની સાથે ગાવામાં પ્રથમ મનમાં, પછી કંઠમાં, અને અંતે મુખથી, ભળ્યા.

અંતે વિષ્ણુદાસ રહસ્ય-મંત્રનો અર્થ દર્શાવતાં વિસ્તારતાં બોલ્યાઃ
" અમે વેદાંતના બે ભાગ પાડીયે છીયે. એક શ્રુતિ-ઉક્ત અને બીજું
" વૈયાસક, શાંકર, આદિ. શ્રુતભાગમાં સર્વ સંપ્રદાયરૂપ નદીઓનું મૂળ
" છે. શાંકર વેદાંતમાં સંન્યાસને ઉત્તમ પક્ષ આપ્યો છે અને માયાને
" ત્યાજ્ય ગણી છે. ભગવાન્ શંકર અમારે પૂજ્ય છે, પણ આ ઉભય
" વાતમાં અલક્ષ્ય સિદ્ધાંત એ વેદાંતથી જુદો છે તે આ રહસ્યથી
" સમજાશે. એ વેદાંતમાં જીવ, ઈશ્વર, અને બ્રહ્મ એ ત્રણની ત્રિપુટી
" છે તે અમે સ્વીકારીયે છીયે, પણ એ ત્રિપુટીને સ્થાને લક્ષ્ય અને
" અલક્ષ્ય એવી દ્વિપુટી અમને વધારે અનુકૂળ છે, કારણ તેમાં લાઘવ-
" ગુણ છે. જીવ અને ઈશ્વર ઉભયને ઉપાધિનો અવચ્છેદ છે માટે એ
" ઉભયને અમે એક પક્ષમાં મુકીયે છીયે અને ઈતર પક્ષમાં ઉપાધિથી

---

* લક્ષ્યના જ્વલનમાં અને શાંતિમાં પ્રાકૃત જનો આવી રીતે દ્વૈત-બેપણું-દેખે છે; પણ તે બેમાં રહેલું અદ્વૈત દેખતા નથી; કારણ તેઓ અનિત્યને જ લક્ષે છે. ૧૨.

તે અનેક લોકનાં અનેક ઇન્દ્રિયો તે જ જેની ઇન્દ્રિયો છે અને તે ધરવાથી જે સહસ્રાક્ષ કહેવાય છે એવું લક્ષ્ય સ્વયંભૂ છે તે લક્ષ્ય અલક્ષ્ય આત્મામાં અતિરોહ પામે છે; અને એ અતિરોહ અલક્ષ્યને અભિનંદિત નથી એમ નથી. ૧૩.

લક્ષ્યમાં અંતર્ગત, સ્થાણુ, લક્ષ્યને ઓળંગી દશ આંગળ અવસ્થિત રહેતો, પ્રાકૃત જનોથી અલક્ષ્ય, અને યોગીજનોએ લક્ષ્ય એવો **અલખ પરાવર** છે. ૧૪.

(આ શ્લોકાર્થનો વિસ્તાર આ પછીના પ્રકરણમાં છે.)

"અનવચ્છિન્ન બ્રહ્મને મુકીયે છીયે. પ્રાકૃત જનોની ચર્મચક્ષુ ઉપાધિને
"જ લક્ષી શકે છે માટે જીવ–ઈશ્વરને અમે લક્ષ્ય અથવા લખ કહીયે
"છીયે, અને એ પ્રાકૃત ચર્મચક્ષુ ઉપાધિહીન બ્રહ્મને દેખતું નથી માટે
"બ્રહ્મને અમે અલક્ષ્ય અથવા અલખ કહીયે છીયે. લક્ષ્ય અને
"અલક્ષ્ય એ અમારી દ્વિપુટી છે."

"જીવસૃષ્ટિ તે મનોરાજ્ય અને ઈશ્વરસૃષ્ટિ તે માયા એ ઉભય
"જીવ અને ઈશ્વરના અવચ્છેદ છે અને તેને અમે લક્ષ્યથી જુદા
"ગણતા નથી, અમે માયાને ત્યાજ્ય અથવા હેય ગણતા નથી, હેયો-
"પાદેયતા એ પણ રાગદ્વેષનો એક પ્રકાર છે અને એના સ્વીકારથી
"દ્વૈતગ્રાહનો દોષ આવે છે. માટે સંસાર અથવા માયાનો સ્વીકાર
"અથવા ત્યાગ એક પણ ઉત્પન્ન ન કરવો અને જનક, કૃષ્ણચંદ્ર આદિનું
"જ્ઞાન-માહાત્મ્ય તેમના આ રીતના અદ્વૈતગ્રાહને લીધે અમે ગણીયે
"છીયે. આ પ્રમાણે વ્યવસ્થા કરવાથી અમને બીજો લાભ છે. લક્ષ્ય
"ઈશ્વરથી લક્ષ્ય જીવનો ભેદ કરવો એ અમને રુચતો નથી. જીવરૂપ
"લક્ષ્ય ઈશ્વરરૂપ લક્ષ્યયંત્રનું ચક્ર છે, અને ચક્ર યંત્રથી અવળું ચાલવા
"માંડે તો આખું યંત્ર નષ્ટ થાય. ઈશ્વર જે અલક્ષ્ય યંત્ર ચલાવે
"છે તેની સાથે જીવરૂપ લક્ષ્યચક્રનું અમે અદ્વૈત રાખીયે છીયે;
"સુખદુઃખ સંસાર-વૈરાગ્ય આદિ દ્વૈતભેદમાં અભેદ એટલે અદ્વૈત-બુદ્ધિ
"કરીયે છીયે; અને આ પ્રમાણે સંન્યાસ ઉત્પન્ન ન કરતાં લક્ષ્યધર્મ
"પાળીયે છીયે, અને લક્ષ્યધર્મ પાળવામાં ધુરંધર જે શ્રીકૃષ્ણ તેની
"પૂજામાં કનિકાધિકારીયોને પ્રવર્તાવીયે છીયે કે કાળક્રમે પૂજ્યની
"ભક્તિથી પૂજ્યમાં જાગેલો અલખ-અગ્નિ પૂજકમાં જાગૃત થાય અને
"લક્ષ્યધર્મનો ભંગ થાય નહી."

"જ્યારે લક્ષ્યરૂપ જીવાભિધાન સ્ફુલિંગ પ્રબોધને પામે છે ત્યારે
"પ્રાકૃત દૃષ્ટિને સ્થાને દિવ્ય દૃષ્ટિ થાય છે અને તદવધિ સુપ્ત લાગેલો
"અલક્ષ્ય-રૂપ પરાવર પોતાના લક્ષ્યરૂપ સ્ફુલિંગમાં જાગૃત થાય છે,
"પ્રજવલે છે, અને ત્યાં અલખ જાગ્યો એમ અમે કહીયે છીયે."

"લક્ષ્યરૂપ એટલે લક્ષ્ય છે રૂપ જેનું તે. લક્ષ્યરૂપ જીવનું લક્ષ્ય-
"રૂપ ઈશ્વર સાથે ઐક્ય; તે, ભક્તિથી, અને ગાર્હસ્થ્યધર્મ, રાજધર્મ,
"સ્ત્રૈણધર્મ આદિ જન્માદિથી પ્રાપ્ત થયેલા લક્ષ્યધર્મનું પાલન કરીને, જીવ-
"ઈશ્વરનું અદ્વૈત રચી, જ્ઞાનથી—સમાધિથી-અલક્ષ્યયોગ કરી, અલખ

"જગાવી, એ લક્ષ્યનો આ અલક્ષ્ય સાથે યોગ કરી, લખમાં અલખ "જગાવી, લક્ષ્યાલક્ષ્યનું અદ્વૈત અનુભવીયે છીયે."

"આ સર્વ ખેલમાં જીવ અને ઈશ્વર એ બ્રહ્મરૂપ અલખ-સાગ-"રના લખ-તરંગ છે, અને સંસારમાં એમની લક્ષ્યતા એટલે લખતા "છે. આ જીવ-ઈશ્વરના અવચ્છેદરૂપ દેહાદિથી આરંભી બ્રહ્માંડ સુધીના "સંસાર, ધનુષ્યમાંથી છુટેલા બાણની ગતિ જેવા છે, તેની ગતિને "આરંભ અને અંત છે. સ્થૂલમાં સૂક્ષ્મ, અને સૂક્ષ્મમાં કારણ, એ ત્રણ "દેહની પરંપરા છે અને જન્મે જન્મે મરણે મરણે એ કારણ દેહના "સ્થૂલ શરીરેથી સ્થૂલ શરીરે લક્ષ ચોરાશી જન્મ-રૂપ સંક્રાંતિ એટલે "અવતાર થાય છે, પણ કારણનો ખરો આરંભ તો સૃષ્ટિ-કાળે માયાના "જન્મ સાથે થયો ને કાર્યસમષ્ટિનો ખરો અંત પ્રલયકાળે આવશે. "એ આરંભકાળથી થયલો ને એ અંતકાળ સુધી રહેનારો અવચ્છેદ "તેથી અવચ્છિન્ન સંસારના આરંભે બંધ અને અંતે મોક્ષ. પણ એ "બંધમોક્ષ સંસારના છે; અથવા કેટલાક કહે છે કે એ બંધમોક્ષ "બુદ્ધિના છે, જેમ કે શ્રીયોગવાસિષ્ઠમાં ઉપદેશ છે કે संन्यासयोग-"युक्तात्मा कुर्वन्मुक्तामतिर्भव. આમ ગમે તો સંસારના કે ગમે તો "મતિના બંધમોક્ષ હો, પણ આત્માના તો નથી જ. એ બંધમોક્ષ "એવાં એ આરંભ અને અંતની કોટિયોનાં નામ છે, એ બંધ કે "મોક્ષનો કોઈ કરનાર નથી, એને વાસ્તે તદ્રૂપ એટલે તમે જે "આત્મા છો તેનું ઉત્થાન થાય એમ જ નથી. બંધમોક્ષ સંસારના "અવચ્છેદક છે, આત્માસાથે તેમને લેવા દેવા ન મળે. કિરાતમાંથી "જે મુક્તિ સારુ ત્યાગના સાધનથી ઉત્થાન થવાનું તમને કહ્યું તે "અમારા સિદ્ધાંતનું વચન નથી. અમારા સિદ્ધાંત પ્રમાણે પરાવર "પરમાત્માના તરંગ-રૂપ જીવોમાં માત્ર પ્રબોધ થાય છે અને તેમાં "અલખ જાગે છે, બાકી તેના બંધમોક્ષ તો છે જ નહી. શ્રી ગૌડ-"પાદાચાર્યના વેદાંતમાં પણ આત્મા અબદ્ધ-મુક્ત છે."

આ પ્રસંગે અધીરો થઈ સરસ્વતીચંદ્રથી પુછાયા વિના રહેવાયું નહી: "ત્યારે આ સર્વ મંડળ અને આપ ત્યાગી નહી?"

વિષ્ણુદાસ હસીને બોલ્યાઃ "બચ્ચા, સાચી વાત પુછી–તો "સાંભળ. અલખપુરી! અલખયોગીનું વેષરહસ્ય આને સમજાવ."— પ્રીતિ ઉપજતાં સરસ્વતીચંદ્રને તુંકાર બોલથી ઉચ્ચાર્યો.

અલકપુરી બોલ્યો:

" ગોપીજનવલ્લભની ભક્તિ ઘર છોડી ગોસાંઈ કરે,
" વિભૂત લગાવે, અલખ જગાવે, ગોકુલને વશ રાખી ફરે.
" ગોવ્રજમાં પરિવ્રાજક જોગી જોગ ધરે હરિ અલખ તણો;
" અલખ કરે લખ, વિભૂત કરે ભવફેર જ લક્ષચુર્યાશીતણો.
" સઉ સંસાર જટિલ જટારૂપ બાંધી દીધો, શિર રાખી લીધો;
" રક્ત દીસે પણ અરક્ત એવો એક જ ભગવો ભેખ કીધો.
" અજ્ઞાની જન સબ સોતે હય, ઉસમેં સંયમી જાગત હૈ,
" વિષ્ણુદાસજી લોટત લોટત સબમેં અલખ જગાવત હૈં."

અલખપુરીની પાસે આ વચન સરસ્વતીચંદ્રે ત્રણવાર બોલાવ્યાં અને અંતે અર્થ સમજી પ્રસન્ન થયો, અને મનમાં બોલ્યો: "This "is true. Those are not apathetic to the world "that show their right to live in it by being "*useful* to their fellow-men in *some form*; and the "ascetic, that deluges the world with his poetry and "philosophy without destroying it, does a duty; "and, if he dost that, he is not bound to confine "himself within the rooms where his father has left "his hoards of money and where his wife wants "him to provide for her children. Duty in the "best form is the motto of these men, and they "are not bound to be home-keeping youths, with "homely wits. The *point* is Duty, and, in this case "at least, asceticism does not murder Duty! Beauti-"ful!"

વિષ્ણુદાસ બોલ્યા: "નવીનચંદ્ર, અમે જેમ રક્ત નથી તેમ "વિરક્ત પણ નથી; અમે તો માત્ર અરક્ત છીયે. પછી વ્યવહારમાં "અરક્ત અને વિરક્ત પર્યાયરૂપ હોવાથી ગમે તે બોલીયે તે જુદી વાત. "અમે કાંઈ સંસારનો ત્યાગ કરતા નથી–અમે તો તેને જટામાં બાંધી "રાખીયે છીયે, તેને ભસ્મરૂપ બનાવી શરીરે ચોળીયે છીયે, અને એ "વિભૂતિ ચોળી અલખ જગાવીયે છીયે. અલખ લખને ત્યજતું નથી; "માત્ર ભસ્મના ભાર નીચે અગ્નિ જાગે તેમ લખના ભાર નીચે "જાગતા અલખનો ભડકો કરી જોનારને દેખાડીયે છીયે! અને એને

" સારુ અમારી આ માથાકુટ; સંક્ષેપમાં લખને પૂછીયે છીયે, અલખને
" દશે દિશ જગાવીયે છીયે, અને તેને સારુ વાસનાઓના જાળમાં
" ગુંચવી રાખનાર, ગૃહસ્થધર્મરૂપ સંસારને વાસનાહીન સંસારનું રૂપ આપી
" ભસ્મ-સંજ્ઞાથી અમારે શરીરે ચોળી રાખીયે છીયે અને સંસારના જેવું
" જટાનું મ્હોટું ગુંચળું વાળી શિરપર રાખીયે છીયે એ પણ સંજ્ઞા જ છે.
" વ્યવહારમાં પણ કાંઈ મહાન્ કાર્ય સાધવામાં પણ કેટલોક ઉચ્છેદ
" આવશ્યક થાય છે તેમ અલખ જગાવવાને અમે કરીયે છીયે-પણ
" સંસારનો ઉચ્છેદ દુઃખનો ત્યાગ સાધવાને કરવો એ અમારો આશય
" નથી તે જણવવા આ સંજ્ઞાઓ રાખીયે છીયે. જગતનો નાશ કરી
" લક્ષ્યનાશ અમે કરતા નથી. અમે તો ગોત્રજમાંના પરિવ્રાજક છીયે,
" ગોસ્વામી છીયે, અને શ્રી લખની વિભૂતિ ધરી, ગૃહાદિનો તે
" સાધનાર્થે ત્યાગ કરી, અજ્ઞાની લોકમાં અજ્ઞાન-નિશામાં જાગૃત રહી
" પોલીસવાળા પેઠે રોન ફરવા નીકળીયે છીયે, અને સર્વત્ર અલખ
" જગાવીયે છીયે; નવીનચંદ્ર, ત્હારા લખ જીવમાં અમે અલખ જગા-
" વશું:-બોલો અધિકારીયો-બોલો-

" વિભૂત લગાવ્યો, અલખ જગાવ્યો,
" ખલક કીયો સબ ખારો વે!"

પાસે ઉભેલા જોગીયોએ આ શબ્દો ઝીલી લીધા, ગર્જના કરી ગાયા, અને ઉપવન બ્હાર મંદિરમાંના જ્યાં જે હતા ત્યાં તે સર્વ જોગીયોએ એ શબ્દો ઝીલી ગર્જના મચાવી, અને ચારે પાસ અલખ ગાજી રહ્યો. ગર્જના શાંત થતાં વિષ્ણુદાસે સરસ્વતીચંદ્રને ખભે હાથ મુકી, તેના સામું જોઈ, દૃષ્ટિકટાક્ષ કરી, પુછ્યું-" કેમ, બચ્ચા, " ત્હારામાં અલખ જાગ્યો કે નહી?"

ફરી એકવાર વિષ્ણુદાસ નિરાશ થયો. એણે યદુનંદનને નમવાનું કહ્યું હતું ત્યારે અતિથિ જડ જેવો દ્વાર વચ્ચે ઉભો રહ્યો હતો અને મસ્તક ઉંચું રાખ્યું હતું. અત્યારે નિરાકાર નિરંજન અલખ જગવવાનું કહ્યું તેના ઉત્તરમાં પણ આ વિચિત્ર અતિથિ સ્તબ્ધ રહ્યો. સરસ્વતીચંદ્ર હસ્યો અને બોલ્યોઃ "મહારાજ! હું તો કોઈ સ્થાને પણ અલ-" ખને સુપ્ત દેખતો નથી તો આજ સુધી મ્હારામાં સુપ્ત હતો એવો " સ્વીકાર કેમ કરું? અને એવો સ્વીકાર કર્યા વિના મ્હારામાં અલખ " આજ જ જાગ્યો કેમ કહું?"

વિષ્ણુદાસના મુખ ઉપર કાંઈક ખેદ જણાયો, તે જણાતાં સરસ્વતીચંદ્રને દશ ગણો ખેદ થયો, અને આવા સુજન પુરુષને ખેદ થવાનું પોતે સાધન થયો તે અનિષ્ટનું નિવારણ કરવાનો માર્ગ મનમાં શોધવા લાગ્યો. “ સ્વામીજી, આપને લેશ પણ ખેદનું હું સાધન થયો હઉં તો “ક્ષમા કરજો. આપના રહસ્ય–મંત્રનું શ્રવણ આજે કર્યું, પણ મનન “કર્યાં વિના ઉત્તર શી રીતે આપું ? એ રહસ્યનું મનન કરી, આપને “ અનુવાદ કરી બતાવું, અને મને કાંઈ શંકા ઉત્પન્ન થાય તેનું આપ “ સમાધાન કરો તે સર્વ વિધિવડે મ્હારી બુદ્ધિ પરિપાક પામે ત્યાંસુધી “ અનુકૂળ અવકાશ મને મળે ત્યાંસુધી આપને નિરાશ થવાનું કારણ નથી.”

વિષ્ણુદાસ પ્રસન્ન થયો. મંદિરમાં ઘંટાનાદ થતાં દેવનો નૈવેદ્યસમય આવ્યો સમજાતાં સર્વ યોગીયોને વિષ્ણુદાસે બ્હાર મોકલ્યા, અને એકલો પડતાં વિશ્રમ્ભથી વાર્તા કરવા માંડી.

“ નવીનચંદ્ર, હું પૂર્વાશ્રમમાં બ્રાહ્મણ હતો અને તમારા જેવા “ વિદ્વાન બ્રાહ્મણને સ્વાભાવિક રીતે અલખ–મત સ્વીકારતાં વિચાર “ કરવો પડે તે હું સમજી શકું છું. પરન્તુ મ્હારે આ સર્વ જટાધર “ મંડળને વશ રાખવું પડે છે અને તેઓ મ્હારી આજ્ઞા પાળે છે ખરા, “ છતાં કીયે પ્રસંગે મ્હારી આજ્ઞાને પણ તેમનો ઉગ્ર સ્વભાવ નહી માને “ તે હું સમજું છું અને એ પ્રસંગ જ ન આવે તેની સંભાળ રાખું છું. “ કેટલાંક કારણથી મ્હારો તમારાપર પક્ષપાત છે તે આ મંડળ “ જાણે છે અને તમે તે પક્ષપાતને યોગ્ય નથી એવું તેમના મનમાં “ આવ્યું તો ગમે તો મ્હારા ઉપર અશ્રદ્ધા રાખશે અને ગમે તો “ તમને પીડશે. એમના વિચાર પ્રમાણે અને આ મઠના સંપ્રદાય “ પ્રમાણે જે કોઈ અલખ જગાવે નહી તેને આ મઠમાં બહુ ર્‌હેવાનો “ અધિકાર નથી. આ હઠવિચાર ઉપર મને તિરસ્કાર છે, પણ તે “ હાલ નકામો છે. તમે અત્રેથી જશો તો મને અતિશય ખેદ થશે “ માટે મ્હારી વિજ્ઞપ્તિ સ્વીકારવાની ના પાડશો નહી.”

“ કેવે પ્રકારે ? ” સરસ્વતીચંદ્રે આતુરતાથી પુછ્યું.

“ સંન્યસ્ત લેનાર ગૃહસ્થાશ્રમમાં પાછો જઈ શકતો નથી, પણ “ અમારો ભેખ લેનાર પાછો ગૃહસ્થ થઈ શકે છે. આ વિભૂતિ આખે “ શરીરે ધારણ કરવી એવો કાંઈ મેળ નથી; એક વેળા મસ્તકપર “ વિભૂતિ ધરવાથી ચાલે છે. અમારી વિભૂતિમાં ગોપીચંદનનું મિશ્રણ છે.

"અમારા યદુનંદનને તમે નમશો નહી તે ચાલશે; તેમનો તિરસ્કાર
"ન થાય તે જોજો, છે એવાં ને એવાં વસ્ત્ર માત્ર ભગવાં કરી ધારશો
"તો બસ છે. બાકી સંપ્રદાય ગમે તે રાખજો; અલખનું નામ પૂજવું;
"અને આ મઠના ચાર અધિકારમાંથી ગમે તે સ્વીકારજો. ઉત્તમાધિ-
"કારમાં તમારો મત ગમે તે હશે ત્હોય ચાલશે. આટલું કામ કરી
"તમે પરણશો ત્હોયે આ મઠમાં બાધ નથી. પાસેના ઉપમઠમાં વિવાહિત
"વૈરાગીયો અને વૈરાગણો વસે છે, તે આ મઠનાં આશ્રિત છે, યદુ-
"નંદનનો પ્રસાદ લેવા અમારી સાથે અત્રે આવીને ભોજન કરે છે,
"અને તમને સંસારવાસના હશે ને ત્યાં રહેશો તોપણ ચાલશે. માટે
"હાલમાં આટલી વિજ્ઞપ્તિ સ્વીકારજો. અંતે તમારે આ સ્થાન છોડી
"તમારે ઘેર જઈ સંસાર આરંભવો હોય ત્યારે મને એકાંતમાં ક્‌હેજો.
"ત્યાંસુધી આટલી વિજ્ઞપ્તિ સ્વીકારજો-અલખબોધની દીક્ષા-શ્રવણદ્વારા
"તો તમારે લેવી પડશે—આજ પ્રસાદકાળે. પછી અલખ સ્વીકાર
"કરવાને મનનપર્યંત અવધિ છે."

"જો આટલાથી તમારું ચિત્ત પ્રસન્ન થતું હોય તો મને જીવન-
"દાન દેનારનું એટલું વચન હું પાળીશ. માત્ર અલખવાદ સ્વીકારવો
"એ મ્હારા મતવિરુદ્ધ છે."

"એટલું નભાવી લેઈશું. તમને મનન કરવા અવકાશ આપેલો
"છે ને એવો અવકાશ અમે એક વર્ષાવધિ આપીયે છીયે."

વિષ્ણુદાસને આટલાથી સંતોષ થયો. અતિથિને એકાંતમાં મુકી મંદિરમાં ગયો. જતાં ક્‌હેતો ગયો: "ભોજન પછી અમે સર્વ મંડળ
"ભિક્ષાપર્યટન કરવા બ્હાર જઈશું. થોડાક જોગી અત્રે રહેશે. તેની
"સાથે તમે પણ રહેજો. મરજી પડે તો કોઈને લેઈ સૂર્ય નમે ત્યારે
"નીચે સુરગ્રામ જોવા જજો. અમારા રહસ્યમંત્રનું વિવરણ છે તે
"અલખપુરી તમને આપી જશે."

એકલો પડેલો સરસ્વતીચંદ્ર વિચારમાં પડ્યો, હસવા લાગ્યો, ઉભો થયો, ચારે પાસ ફરવા લાગ્યો; અંતે એક મહાન્ શિલા ઉપર વડની છાયા નીચે સુતો. પળવાર આંખ ઉઘાડી રહી એટલામાં ચંદ્રકાંત સાંભર્યો અને તેને પત્ર લખવાનો અને સુરગ્રામ જઈ તે ટપાલમાં નાંખવાનો વિચાર કર્યો. તે વિચાર પુરો થયો એટલે અલખના રહસ્યમંત્ર સાંભર્યા. આ મંત્ર બે ત્રણ વાર સ્મરી સ્મરણમાં ઉતાર્યા. રાત્રિયે તેનો વિચાર કરી પ્રાતઃકાળે સ્વામીને એ શ્લોકના અર્થનો અનુવાદ કરવા અને તે ઉપર પોતાનો અભિપ્રાય જણાવવા સંકલ્પ કર્યો.

નેત્ર મીંચાયાં અને નિદ્રા આવી તેની સાથે પોતે સુતો હતો ત્યાં એક પાસ હસતી હસતી કુમુદસુંદરી બેઠી છે એવું સ્વપ્ન થયું. સ્વપ્નની સહચરી સ્વપ્નના પુરુષનો હાથ ઝાલી બોલતી હતી:

"જોગી, તું જોગણનો ગુરુ થાજે,
"જોગણને તું જોડે સોડે સ્હાજે.
"જોગી, જ્ઞાન ભેગો તું રસ લ્હાજે!
"અલખ પ્યાલા લખરસના પાજે.
"રુડા સ્વપ્નસાગરમાં તરજે,
"જોગી, જોગ પ્રિયરસનો ધરજે."

---

## પ્રકરણ ૬.

### સંસ્કૃત પ્રકરણ: લક્ષ્યાલક્ષ્યરહસ્યવિવરણ; સ્વપ્ન, જાગૃત, અને પાછું સ્વપ્ન.

સરસ્વતીચંદ્ર નિદ્રાવશ થયે પા ઘડી ભાગ્યે થઈ હશે એટલામાં અલખપુરી આવ્યો, અલખ-રહસ્યનું પુસ્તક આણ્યું, તેના મંત્રોના વિવરણ આગળ પાંદડાંની સંજ્ઞા મુકી, પુસ્તક સરસ્વતીચંદ્રની પાસે મુકી, પાછો ચાલ્યો ગયો. સરસ્વતીચંદ્ર જાગ્યો અને પાસે પડેલું પુસ્તક ઉઘાડી વિવરણ વાંચવા મંડી ગયો:-

*अथाधुना लक्ष्यालक्ष्यरहस्यमुच्यते ॥ तत्र लक्ष्यत इति लक्ष्यं न लक्ष्यत इत्यलक्ष्यम् ॥ केन लक्ष्यते नालक्ष्यते वेति चेत् प्राकृते-

---

* ભાષાંતર:-હવે લક્ષ્યાલક્ષ્ય એટલે લખ અલખનું રહસ્ય કહીએ છીયે: એમાં લક્ષ્ય એટલે લખ એટલે જે જોવાય તે; અને જે ન જોવાય-ન જોઈ શકાય-તે અલક્ષ્ય એટલે અલખ. એમાં જોનાર તથા ન જોનાર તે પ્રાકૃત એટલે અશિક્ષિત દૃષ્ટિવાળાં લોક લેવા, કારણ શાસ્ત્રાદિ સાધનથી વધારે સૂક્ષ્મ દૃષ્ટિ ધરનારાં જન તો પ્રાકૃત જનથી ન જોવાય તે જ વસ્તુ જુવે છે અને તે જોવાની રીતનો ન્યાય, "જે સર્વ ભૂતોની રાત્રિ છે તેમાં સંયમી જાગે છે" એ આદિ વાકયોમાં, આવે છે. અને પ્રાકૃત જનોના લક્ષ્યથી તો એ મહાત્માઓ વિપરીત દિશામાં દૃષ્ટિ કરે છે-તેને જોવું ધારે તો જોઈ શકે છે પણ એણી પાસ એમની દૃષ્ટિ વળતી નથી. હવે આવા અલક્ષ્ય-અલખ-ને લખ કરવાવાળા-જોનારા-યોગીનું સ્વરૂપ ભગવાન્ લક્ષ્યાલક્ષ્યસિદ્ધાન્તકાર (૧૦૦-૧૦૨

जैनैरशिक्षितदृष्टिभिरित्येव ग्राह्यम् ॥ येन शास्त्रादिभिः साधनैः पटुतरदृग्भिर्जैनैस्तु "या निशा सर्वभूतानां तस्यां जागर्त्ति संयमी" त्यादिभिरुक्तन्यायेन यदन्यैः प्राकृतैरलक्ष्यं तदेव लक्ष्यते प्राकृतलक्ष्येषु च ते हि महात्मानः पराग्दृशो भवन्ति ॥ इत्थंभूतस्यालक्ष्यस्य लक्षयितुर्योगिनः स्वरूपं दर्शयति भगवाँलक्ष्यालक्ष्यसिद्धान्तकारः ॥ तद्यथा ॥ तस्य योगिनः का भाषा का गतिरिति चेत्तन्मुखेनाह ॥ नाहं जाय इत्यादिना घटादिषु समानत्वेनावस्थितस्याकाशस्येवालक्ष्यस्यात्मनो जन्ममरणराहित्यमुक्तम् ॥ तथैव तस्य बन्धमोक्षराहित्यमपि ॥ यदयमुपाधिभिर्बद्धो वा मुक्तो वोच्यते तत्तु व्यवहारार्थमेव न वस्तुतः ॥ यद्वा संसार एव बध्यते मुच्यते न ह्यात्मेति सामञ्जस्येन साधयति ॥ तद्यथा परात्मात्वेक एव समष्टिरूपो व्यष्टिरूपैरनेक इव भाति ॥ तदनेकत्वं शरीरित्वरूपं शरीरिणामेव च संसारः ॥ धानुष्को यच्छरं संधत्ते मुञ्चति चेति तद्भ्रान्तिरेव वस्तुतस्तु धानुष्कत्वं संधानं मोक्षश्चेति सर्व एव स्वतः स्वयम्भूत्वेन समष्टिरूपेण च व्युत्थिताल्लक्ष्याद्व्यष्टिरूपैर्व्युत्थिता नानालक्ष्याः संसाराः ॥ संसरतीति संसारो बाणस्य गतिरिव न बाण इव ॥ संसारस्य बाणगतेरिवारम्भरूपो बन्धः कृतकृत्ये च स्थिरीभूते बाणे निर्वाहितारम्भस्य

---

પૃષ્ઠમાં છે તે) મંત્રોમાં દર્શાવે છે. તેની ટીકા એવી રીતે કે આ યોગીની કેવી ભાષા અને કેવી ગતિ હોય છે તે તેને જ મુખે કહે છે.

શ્લોક ૧—नाहं जायं—હું ઉત્પન્ન થતો નથી-વગેરે વાક્યોવડે એવું કહ્યું કે ઘટાદિમાં આકાશ સમાનત્વથી અવસ્થિત છે તેની પેઠે અલક્ષ્ય આત્માનું ઉપણ્ જન્મમરણથી રહિતપણું જોઈ લેવું. તે જ રીતે બન્ધમોક્ષથી પણ રહિતપણું છે. આ બદ્ધ છે, આ મુક્ત છે, એવું જે કહેવાય છે તે તો વ્યવહારને અર્થે છે–વસ્તુતઃ તેમ કાંઈ નથી. અથવા તો આત્મા નહી પણ સંસાર જ બંધાય છે, મુક્ત થાય છે, તે વાત સમંજસપણે સિદ્ધાંતકાર સાધે છે. તે એવી રીતે કે સમષ્ટિરૂપ પરમાત્મા એક હોઈને વ્યષ્ટિરૂપોથી અનેક જેવો ભાસે છે. તે અનેકપણાનું રૂપ શરીરધારીપણું એ જ છે અને શરીરધારીનો જ સંસાર છે. ધનુર્ધર શરનું ધનુષ્યપર સંધાન કરે છે ને શરનો મોક્ષ કરે છે (બાણ છોડે છે) તે સર્વ ભ્રાંતિ છે; વસ્તુતઃ તો ધનુર્ધરપણું, શરનું સંધાન, અને તેનો મોક્ષ, એ સર્વ પણ—જાતે સ્વયંભૂતપણે અને સમષ્ટિરૂપે ઉત્થાન પામેલા એટલે ઉભા થયલા લક્ષ્યમાંથી—ઉત્થાન પામેલા નાનારૂપે દેખાતા અનેક સંસારો છે. સમ્યક્-સારી

संसारस्यैव विरामो मोक्षः ॥ यावन्त एते व्यष्टिसमष्टिबन्धमोक्षप्रपञ्चास्तावतामनेकानां सामान्यमेकं तल्लाघवाल्लक्ष्यमित्युच्यते यथा हस्तपादाद्यनेकत्ववानेकः पुरुषो जीवो वोच्यते ॥ यथा मृद्विकारो घटादिनामधेयो भवति तथैवैकं लक्ष्यं प्रपञ्चीभवति विश्वीभवति ॥ एवंविधं बन्धमोक्षादिप्रपञ्चसमुच्चयरूपं लक्ष्यं तत्तथाविधत्वान्न बध्यते न वा मुच्यते ॥ एकस्यानेकत्वापत्तौ वदतो व्याघातात् ॥ तत्तत्प्रपञ्चप्रायस्यैव समग्रलक्ष्यस्य च तत्तद्बन्धमोक्षादियोगेऽनवस्थादिदोषात् ॥ अतः संसारसंसारिणोर्लक्ष्येऽन्तर्भाव एव यथा स्वप्नजालानां जागृते ॥ याऽसौ मायेत्युच्यते तस्या अपि तत्रैवान्तर्भावः ॥

लक्ष्यालक्ष्ययोरद्वैतं साधयति ॥ एकोऽहमद्वितीयोऽहमित्यादिभिः ॥ अलक्ष्योऽयमात्मा विश्वरूपः साक्षित्वेन स्थितोऽपि कस्य साक्षीति चेदात्मन एव लक्ष्यरूपस्य साक्षीति चित्त्वं सिध्यति ॥ मायारूपो विहारः शाम्यन् शान्तिरूपो भवतीत्युभयथा लक्ष्यत्वमेकमेव तयोरितरस्मिन् यो रागद्वेषौ भजते स त्रैगुण्यमङ्गीकरोति क्रियावान् भवत्येव ॥ मायायां द्वेषवन्तः शान्तौ रागवन्त एव विरक्तमानसा भिक्षुनामानो विद्वांसोऽपि महात्मानोऽपि नाद्वैतसिद्धिं व्रजन्त्यद्वैताभासवञ्चिता एव परिव्रजन्ति

પેઠે-સરે તે સંસાર; તે બાણની ગતિ જેવો, બાણ જેવો નહી. બાણગતિ જેવો સંસાર આરંભરૂપ હોય ત્યારે તેનું નામ બંધ; આરબ્ધ કર્મેથી પરવારી બાણ સ્થિર થાય, એટલે જે સંસારનો આરંભ આટોપાયો તે સંસારનો જ વિરામ તે મોક્ષ. વ્યષ્ટિ, સમષ્ટિ, બંધ, અને મોક્ષ આ જેટલા પ્રપંચો છે તેટલા સર્વ-તે-અનેકત્વમાં રહેલું એક એવું જે સામાન્ય તેને લાઘવના હેતુથી લક્ષ્ય કહીયે છીયે; જેમ હસ્તપાદાદિ અનેકવાળો એક તેને પુરુષ અથવા જીવ કહીયે છીયે. જેમ એક માટીના અનેક વિકારો અનેક ઘટાદિ નામો ધરે છે તેમ જ એક લક્ષ્ય-અનેક પ્રપંચરૂપે-વિશ્વરૂપે-બની રહે છે. આવી રીતનું, બન્ધમોક્ષાદિ અનેક પ્રપંચોના સમચ્ચયરૂપ, લક્ષ્ય એવું છે માટે નથી બંધાતું, અને નથી મુક્ત થતું. (જો એક લક્ષ્યના અનેક એવા જે બન્ધમોક્ષ તે થાય છે કહીયે તો એકની અનેકત્વાપત્તિ થાય અને વદતો વ્યાઘાતનો દોષ આવે. અને પેલા બન્ધમોક્ષાદિ જુદા જુદા પ્રપંચોથી ભરેલા સમગ્ર લક્ષ્ય એ જ બન્ધમોક્ષાદિ પામે એવું કહીયે તો અનવસ્થાદિ દોષ આવી જાય.) માટે સંસાર અને સંસારી ઉભયનો લક્ષ્યમાં અંતર્ભાવ જ છે, જેમ સ્વપ્નજાલોનો જાગૃતમાં છે. જે આ માયા નામે ઓળખાય છે તેનો પણ તેમાં જ અંતર્ભાવ છે,

हेयोपादेयद्वैतं चाङ्गीकुर्वन्तीत्यद्वैतसिद्धिस्तु लक्ष्यालक्ष्यसिद्धान्तेष्वेव परमार्थतः सिध्यति नान्यत्र मते ॥ अलक्ष्यं लक्ष्यस्य साक्षिभूतमिति तत्र स्वस्यैव साक्षित्वं ग्राह्यम् ॥ द्रव्यगुणादयो नैयायिकैः साधिताःपदार्था अन्यमतेषु वाऽन्यैर्नामभिः साधिताः पदार्थास्ते सर्व एव लक्ष्यविहृतमिति मन्तव्यम् ॥ ननु स्त्रीपुरुषादीनां परस्परविहारा इव द्वैतादिं विना न विहारः संभवतीति चेन्न ॥ येन यद्वदेव स्वस्य साक्षित्वं तथैवं स्वेन विहारवत्त्वमपि तत्र तेनैव च स्वयमानन्दरूपोऽयमलक्ष्योऽनुभूयते ॥ परेषां सुखेभ्यो यन्महात्मानः स्वयमेव सुखीभवन्तीत्यत्र दृष्टान्तः स्फुट एव साधयति च स लक्ष्याणां व्यष्ट्याभासानामलक्ष्यमपि परीक्षासंवेद्यं सर्वत्रस्थसाक्षित्वमात्रजन्यमानन्दरूपमद्वैतं स्वपरस्थम् ॥ अत एव युक्तं यत्र यत्र मनो याति तत्र तत्र समाधय इति ॥ इयं मनोयात्रैव माया सा विजृम्भितेव लक्ष्यते ॥ न मायाया मा-

---

શ્લોક ૨–૩. હવે સિદ્ધાંતકાર લક્ષ્ય અને અલક્ષ્યનું અદ્વૈત સાધે છે; 'एकोहम्'–'હું એક છું'–વગેરે શબ્દોથી. અલક્ષ્ય આ આત્મા છે ને સાક્ષીપણે રહેલો છે. કોનો સાક્ષી? અલક્ષ્યરૂપ આત્માનો જ પોતાનો જ આ અલક્ષ્ય સાક્ષી છે. આમ તેનું ચિત્ સ્વરૂપ સધાયું. માયારૂપ વિહાર શમે છે ત્યારે શાંતિરૂપ થાય છે તે બે રૂપથી લક્ષ્યપણું એક જ છે અને તેમાંના એક ઉપર રાગ અને બીજા ઉપર દ્વેષ ધરનાર માણસ એ રાગદ્વેષવડે ત્રૈગુણ્યનો અંગીકાર કરે છે અને ક્રિયાવાન્ થાય છે જ. વિરક્ત મનવાળા "ભિક્ષુ" નામ ધરનારા પુરુષો વિદ્વાનો હોય છે તેમ મહાત્માઓ હોય છે છતાં તેઓ માયાનો દ્વેષ કરનારા અને શાંતિમાં રાગ રાખનારા હોવાથી દ્વૈત સ્વીકારે છે અને તેથી તેવો અદ્વૈતસિદ્ધિ પામતા નથી. અદ્વૈતભાસથી છેતરાઇને જ પરિવ્રજે છે, અને આ ત્યાજ્ય અને આ ઉપાદેય એવા દ્વૈતનો અંગીકાર કરે છે. એટલે અદ્વૈતની સિદ્ધિ તો પરમાર્થતઃ લક્ષ્યાલક્ષ્ય સિદ્ધાંતમાં જ સધાય છે ને બીજા મતોમાં સધાતી નથી. અલક્ષ્ય લક્ષ્યનું સાક્ષિ એટલે પોતાનું જ સાક્ષિ એમ લેવું. નૈયાયિકો દ્રવ્યગુણાદિ પદાર્થો સાધે છે, અને અન્ય મતોમાં અન્ય નામોથી પદાર્થો સધાય છે; આ સર્વ પદાર્થો લક્ષ્યના વિહૃત–ક્રીડિત–માં આવી ગયા એમ માનવું. કોઈ કહે કે સ્ત્રીપુરુષાદિના વિહાર પેઠે લક્ષ્યનો વિહાર પણ દ્વૈતાદિ વિના ન સંભવે તો, તે ખોટું છે. કારણ જેવી રીતે પોતે પોતાનો સાક્ષી રૂહે છે તે જ રીતે પોતાની સાથે પોતાનું વિહારીપણું પણ છે; ત્યાં તે કારણથી આનન્દરૂપ એવો આ અલક્ષ્ય પોતે અનુભવાય છે. મહાત્માઓ પારકે સુખે જાતે સુખી થાય છે એ આનું દૃષ્ટાંત સ્ફુટ જ છે; અને તે એવું સિદ્ધ કરે છે કે લક્ષ્ય એવા

याविनो भेदः समवायात् ॥ अलक्ष्योऽसौ मायावी लक्ष्यां माया-मात्मवस्तुत आत्मना आत्मन्येव तनोति संहरति च ॥ विहारेष्व-लक्ष्यं मोदते ॥ स मोदोऽपि विहार इति चेन्नैवम् ॥ येन सच्चि-द्वत्प्रमोदोऽपि नित्यतामेकतां च भजते नैवं क्रियारूपा अनेके विहाराः ॥

एवं लक्ष्यालक्ष्ययोरद्वैतं साधयतो योगिनो गुणकर्माणि गुणकर्माभासत्वेन स्वप्न इव विलसन्ति ॥ स साधयिता तु तैर्गुण-कर्मभिरनवच्छिन्नोऽसंस्पृष्टः निर्गुणो निष्कर्मा च ॥ जीवनामा लक्ष्यस्फुलिङ्गोऽयं प्रकृत्या जडसधर्मेव विजृम्भते लक्ष्यधर्मांश्चा-नुवर्तते ॥ दारुषु गूढोऽग्निरिव स्वरूपेण न लक्ष्यते केवलं जडरूप-तया लक्ष्यते ॥ यदि संघट्टनादिभिः प्रज्वलितः प्रबुद्धो भवति तर्ह्यपि दृक्त्वगादिसंवेद्यान् जडधर्मान् भजमान एव प्रकाशनदहनसमर्थीं त्रिलोकस्थजातवेदःशक्तिमाविष्करोति स्वस्मिंस्तद्वदेव प्रबुद्धोऽयं

---

જે વ્યષ્ટયાભાસો છે તે સર્વમાં પોતામાં તેમ પારકામાં રહેલું-એક આનન્દ રૂપ અદ્વૈત છે, અને તે પરિક્ષાસંવેદ્ય છે, સર્વત્ર રહેવાવાળું છે, અને જ્યાં જ્યાં સાક્ષિત્વ છે ત્યાં ત્યાં એ જન્ય છે. આથી જ કહેલું છે કે જ્યાં જ્યાં મન જાય ત્યાં ત્યાં સમાધિએ થાય છે. આ મનોયાત્રા (મનનું જવું તે મનની યાત્રા) એ જ માયા છે અને તેનું વિજૃમ્ભણ લખ થાય છે. માયા અને માયાવીનો ભેદ નથી, કારણ તેમનો સમવાય છે. અલક્ષ્ય–અલખ–એવો જે માયાવી તે લક્ષ્ય–લખ–માયાને આત્મવસ્તુમાંથી આત્મવડે વિસ્તારે છે અને આત્મમાં જ સંહરે છે. આ વિહારોમાં અલક્ષ્ય મોદ પામે છે. કોઈ કહે કે એ મોદ પણ વિહાર છે તો તે ખોટું છે. કારણ જ્યારે સત્ અને ચિત્‌ની પેઠે મોદ પણ નિત્ય અને એક છે ત્યારે ક્રિયારૂપ વિહારો તો અનેક અને અનિત્ય છે ને તેમાં એકપણું છે જ નહી.

શ્લોક ૪-૫. આવી રીતે લક્ષ્યાલક્ષ્યનું અદ્વૈત સાધનાર યોગી ગુણો અને કર્મોનું અધિષ્ઠાન હોય છે કે નહી એ પ્રશ્નના ઉત્તરમાં કહેવાનું કે એ યોગીનાં ગુણકર્મો ગુણકર્મોના આભાસપણે વિલાસ કરે છે–સ્વપ્નમાં વિલાસ કરતાં હોય તેમ; પણ એ અદ્વૈત સાધનાર તો તે ગુણકર્મોથી અનવચ્છિન્ન અને અસંસ્પૃષ્ટ રહે છે—તે નિર્ગુણ અને નિષ્કર્મ છે. "જીવ" નામધારી આ લક્ષ્યસ્ફુલિંગ (સ્ફુલિંગ=અગ્નિનો તનખો) પ્રકૃતિથી જડસમાન ધર્મનો ધરનાર હોય તેમ વિજૃમ્ભણ પામે છે–વધે છે–અને લક્ષ્યધર્મોનું અનુવર્તન કરે છે. કાષ્ઠમાં ગૂઢ રહેલા અગ્નિ પેઠે તે સ્વરૂપ વડે લખ થતો નથી–દેખાતો નથી. જ્યારે સંઘટ્ટનાદિથી પ્રજ્વલિત થઈ એ ગૂઢ અગ્નિ પ્રબુદ્ધ થાય છે, ત્યારે પણ નેત્રત્વચા આદિને જણાઇ આવતા

जीवस्फुलिङ्गः संसारीव लक्ष्यव्यवहारधर्मान् समाद्रियत इव ॥ नायं केवलं तथा लक्ष्यते किंतु स लक्षतेऽपि येन तथालक्ष्योऽयं स्वयमेव तल्लक्ष्यत्वं लक्षते लक्ष्यात्मसाधर्म्यमुद्दिशति व्यष्टिसमष्ट्यो-रेकत्वे तयोः प्रवृत्तिभेदाभावफलजिघत्सया तद्व्यतिरिक्तफलपरा-ङ्मुखः सर्वसत्कर्मकरोऽप्यहंकारशून्यत्वात्तानि तानि कर्माणि नैष्काम्येनकुर्वन्नीश्वराय च समर्पयन्नेव जीवेश्वरयोर्लक्ष्यसाधर्म्य-मुद्बोधयति तेन च लक्ष्यधर्मानाद्रियते ॥ तेन विधिना च त्रिलो-कस्थवैश्वानरशक्त्याविष्करणमुपमीयते ॥ अनेन विधिना जीवेश्व-रयोरद्वैतयोगः साध्यते ॥ कर्मयोगोऽयमिति केचित् ॥ कर्मयोगेन जीवेश्वरयोरैक्यं सिध्येत स च योगो गीतायामुक्तः ॥ ज्ञानयोगेन जीवब्रह्मणोरैक्यं सिध्येत तेनाह यदलक्ष्ये चावगाहेत ॥ अलक्ष्यं तु ब्रह्मैव ॥ अवगाहनाद्ब्रह्मविद्ब्रह्मैव भवतीत्युद्दिष्टम् ॥ नूतन-वेदान्तिनस्तु ज्ञानयोगं साधयन्ति न तु कर्मयोगम्॥ केचित्तु केवल-कर्मयोगिनः॥रात्रिदिनरूपमिव कालं कर्मज्ञानयोगं तु लक्ष्यालक्ष्य-

---

જરૂ ધર્મો સેવીને જ એ ગૂઢ અગ્નિ ત્રિલોકવાસી અગ્નિની પ્રકાશમયી અને દહનમયી શક્તિનો પોતાનામાં આવિર્ભાવ દેખાડે છે; તે જ પ્રમાણે પ્રબુદ્ધ થયેલો આ જીવ-સ્ફુલિંગ સંસારી પેઠે લક્ષ્ય વ્યવહારના ધર્મોનો સમાદર કરતો લાગે છે. આ સ્ફુલિંગ આ પ્રમાણે લક્ષ્ય થાય છે એટલું જ કેવળ નથી, પરંતુ તે સ્ફુલિંગ લક્ષે છે પણ ખરો. કારણ એવી રીતે લક્ષ્ય એવો આ સ્ફુલિંગ એ લક્ષ્યત્વને જાતે જ લક્ષે છે; એટલે વ્યષ્ટિ અને સમષ્ટિનું એકત્વ હોવાથી એ બેની પ્રવૃત્તિઓના અભેદનું ફલ ભોગવવાની ઇચ્છા રાખી વ્યષ્ટિસ્ફુલિંગ એ ફલ શીવાયનાં બીજાં સર્વ ફલથી પરાઙ્મુખ થાય છે, સર્વ સત્કર્મ કરે છે, પણ પોતાનામાં વ્યષ્ટિના "અહં"કારનું શૂન્યપણું હોવાથી એ સર્વ કર્મ નિષ્કામ રહી કરે છે અને સમષ્ટિવૈશ્વાનર ઈશ્વરને જ એ સર્વ કર્મનું સમર્પણ કરે છે, એ સમર્પણથી જ જીવ અને ઈશ્વરના લક્ષ્યસાધર્મ્યનું ઉદ્બોધન કરે છે, અને એવી રીતે લક્ષ્યધર્મનો આદર કરે છે. આવી રીતે આ સ્ફુલિંગમાં ત્રિલોકવાસી વૈશ્વાનરની શક્તિની ઉપમા થાય છે, અને સ્ફુલિંગજીવ એ સ્થિતિ લક્ષે છે. આ વિધિવડે જીવ-ઇશ્વરનો અદ્વૈતયોગ સધાય છે. કેટલાક એને કર્મયોગ કહે છે. કર્મયોગથી જીવ-ઈશ્વરનું ઐક્ય સધાય છે. અને તે યોગ ગીતામાં કહેલો છે. જ્ઞાનયોગથી જીવ-બ્રહ્મનું ઐક્ય સધાય છે માટે મંત્રમાં કહ્યું કે "અલક્ષ્યમાં પણ પ્રવેશ કરે છે." અલક્ષ્ય એટલે તો બ્રહ્મ જ. અલ-ક્ષ્યમાં પ્રવેશ કરવાનું કહી "બ્રહ્મ જાણનાર બ્રહ્મ જ બને છે" તે દેખાડ્યું. નૂતન વેદાન્તીઓ તો જ્ઞાનયોગને જ સાધે છે; કર્મયોગને નથી સાધતા.

योगिन एव साधयन्ति ॥ अतस्त्रयाणामिति जीवेश्वरब्रह्मणामद्वैतमित्थं योगद्वयेन तैः साध्यते ॥ अन्यैस्तु केवलमेकेन योगेन द्वयोर्जीवेश्वरयोर्जीवब्रह्मणोर्वा न तु त्रयाणामद्वैतं युज्यते ॥ अत एव परमोऽयमस्माकं त्रियोगो योगः ॥ अद्वैतं द्वयोर्न त्रयाणामिति चेन्न अद्वैतशब्दस्त्वैक्यवाचकः ॥ न तु केवलद्वैतव्यतिरिक्तत्रैतादिवाचकः ॥

अथ श्रुत्यादिप्रमाणान्याह ॥ गीतायामिदमेवाहेत्यादिभिः ॥ कर्मशब्दस्य शास्त्रेषु श्रुतिषु च विविधो व्यवहारः ॥ प्रारब्धादिविशिष्टेन कर्मणा तु योऽयं कर्मवृक्षो नाम प्राणिनां भाग्यानि रचयति स उच्यते ॥ भाग्यवाचकत्वेनाप्ययं शब्दो व्यवह्रियते ॥ अन्ये तु भाग्यव्यावृत्तमुद्यमं पुरुषयत्नं वा कर्मशब्देन लक्षन्ते ॥ यज्ञादयो नित्यनैमित्तिका विधय एव कर्माणीति शास्त्रादिषु प्रायेण व्यवहारः ॥ ज्ञानध्यानवैराग्यादयः क्रिया एव श्रुत्युपदिष्टाः क्रिया इति मुण्डकभाष्ये शंकरः ॥ रहस्यमते तूक्तलक्षणः कर्मयोग एव प्रशस्यते फलत्यागस्यैव योगान्न कर्मत्यागस्य ॥

---

કેટલાક તો કેવલ કર્મયોગ જ સાધે છે. રાત્રિ અને દિન ઉભયરૂપ મળી કાલ થાય તેમ, કર્મ અને જ્ઞાન ઉભયરૂપ યોગ થાય, તેને તો લક્ષ્યાલક્ષ્યયોગીઓ જ સાધે છે. આથી **ત્રણનું** એટલે જીવ, ઈશ્વર, અને બ્રહ્મ એ ત્રણનું અદ્વૈત આવી રીતે બે યોગથી આ યોગીઓ સાધે છે, અન્ય જનો તો, ગમે તો જીવ-ઈશ્વરનું, અથવા તો જીવ-બ્રહ્મનું,—એમ **બેનું અદ્વૈત** સાધે છે અને તે માત્ર **એક યોગવડે** સાધે છે; પણ તે કોઇ ત્રણનું અદ્વૈત નથી સાધતા. માટે જ પરમ—શ્રેષ્ઠ—આ અમારો **ત્રિયોગ** નામનો યોગ છે. કોઇ કહે કે દ્વિ એટલે બે—તે બેનું અદ્વૈત થાય; પણ ત્રણનું અદ્વૈત ન થાય તો તે કહેવું અયથાર્થ છે. કારણ "અદ્વૈત" એ શબ્દ માત્ર ઐક્યવાચક છે; માત્ર દ્વૈતનો વ્યતિરેક કરી ત્રૈતાદિકનો વાચક એ શબ્દ નથી.

શ્લોક ૯–૧૪. હવે આ વિષયમાં શ્રુતિઆદિનાં પ્રમાણો છે તે સિદ્ધાંતકાર, "ગીતામાં શ્રીભગવાને કહેલું છે" વગેરે વાકયો વડે, કહે છે. એ સંબંધે કહેવાનું કે કર્મશબ્દનો વ્યવહાર શાસ્ત્રોમાં અને શ્રુતિયોમાં વિવિધ છે. જ્યારે પ્રારબ્ધાદિ વિશેષણો સાથે કર્મશબ્દનો વ્યવહાર થાય છે ત્યારે, જે આ કર્મવૃક્ષ પ્રાણીઓનાં ચિત્ર ભાગ્ય રચે છે તે વૃક્ષમાંનાં 'કર્મ' આ શબ્દથી વાચ્ય થાય છે. "ભાગ્ય"એ પણ આ શબ્દનું વાચ્ય વ્યવહારમાં થાય છે. બીજાઓ તો ભાગ્યથી વ્યાવૃત્ત એટલે ભિન્ન એવો જે ઉદ્યમ અથવા પુરુષયત્ન તેને કર્મશબ્દથી લક્ષે છે. યજ્ઞાદિ નિત્ય અને નૈમિત્તિક વિધિયો

कर्मवैराग्यं च क्रियेति वदतो व्याघातः ॥ ज्ञानस्य च क्रियात्वे त्वनित्यत्वापत्तिः क्रियाणामनित्यत्वात् ॥ आत्मक्रीड आत्मरतिः क्रियावानेष ब्रह्मविदां वरिष्ठ इति श्रुतिवाक्ये क्रियावत्त्वं कर्मयोगित्वमेव ॥ 'द्वा सुपर्णा सयुजा' इत्यादिपूक्तप्रकारेण पिप्पलस्वादत्यागेन फलत्याग उक्तः ॥ फलत्यागेन जीवस्यानीशत्वं शोकमोहलक्षणं नश्यति वीतशोकत्वाच्च स ईशवदनश्नन् फलत्यागी क्रियावानीशेन साम्यमुपैति ॥ ज्ञानयोगेन ब्रह्मैक्यं सिध्यति न त्वीश्वराद्वैतम् ॥ तत्तु कर्मयोगेनैव सिध्यति ॥ अत्र गीता साक्षात्प्रमाणम् ॥ स्वयंलक्ष्यधर्मधुरंधरः सन् श्रीकृष्णो भक्तोऽसि मे सखा चेतीत्युक्तवानेवेष्टं धर्मेण योजयेदिति न्यायेनार्जुनं युद्धकर्मणि समर्थयामास तत्तु लक्ष्यधर्मस्यैव वृद्धये न विनाशाय ॥ श्रीकृष्णस्य स्वस्यैव लक्ष्यधर्मितायाः महाभारतनायकात्मनि सम्यगाधानायैव तेन विधिना

---

તે જ કર્મ છે એવો શાસ્ત્રાદિમાં ઘણું ખરું વ્યવહાર છે. જ્ઞાન, ધ્યાન, વૈરાગ્ય, આદિ ક્રિયાઓ તે જ શ્રુતિમાં ઉપદિષ્ટ કરેલી ક્રિયાઓ છે એવું મુણ્ડકના ભાષ્યમાં શંકરમત છે. અમારા રહસ્યમતમાં તો, જેનાં લક્ષણ કહી ગયેલા છીએ તે-કર્મયોગ જ શિષ્ટ ગણ્યો છે; કારણ ફ્લત્યાગનો જ યોગ છે-કર્મત્યાગ થઈ શકે એવો યોગ નથી. કર્મના વૈરાગ્યને ક્રિયા ક્‌હેવી એ તો વદતો વ્યાઘાત દોષ થાય. જ્ઞાનમાં ક્રિયાત્વનો આરોપ કરો તો જ્ઞાનમાં અનિત્યત્વ આવે, કારણ ક્રિયાઓ અનિત્ય છે. ત્યારે "આત્મસાથે "ક્રીડા" કરનાર, આત્મમાં રતિ કરનાર, ક્રિયાવાન્ એવો આ બ્રહ્મ "જાણનારાઓમાં શ્રેષ્ઠ" એ શ્રુતિવાક્યમાં જે ક્રિયાવાન્‌પણું છે તે કર્મયોગીપણું જ છે એમ સમજવું. "સાથે યોગ પામેલાં બે પંખીઓ" (द्वा सुपर्णा વગેરે) ઇત્યાદિ શ્રુતિવાક્યોમાં પિપ્પલના સ્વાદનો ત્યાગ રહ્યો છે તે પણ ઉપર ક્‌હેલે પ્રકારે ફ્લત્યાગ જ ઉક્ત છે. શોક-મોહ એ બે લક્ષણવાળું જીવનું જે અનીશપણું તે ફ્લત્યાગથી નાશ પામે છે; અને ઇશના જેવો ભોગરહિત એટલે ફ્લત્યાગી ક્રિયાવાન્ થઇ, શોકહીનતાને લીધે, એ ઇશની સાથે સામ્ય એટલે સમતા પામે છે. જ્ઞાનયોગથી બ્રહ્મની સાથે ઐક્ય સધાય છે, ઇશ્વરાદ્વૈત સધાતું નથી; એ તો કર્મયોગથી જ સધાય છે એમાં ગીતા સાક્ષાત્પ્રમાણ છે. પોતે અમારા લક્ષધર્મના ધુરંધર હોઇને, અને પોતાના ઇષ્ટજનને પોતાના ઇષ્ટધર્મનો યોગ કરાવવો એ ન્યાયથી, "તું મ્હારો ભક્ત છે-તું મ્હારો સખા છે" એવાં વચનો બોલતા બોલતા-એટલે અર્જુનને સ્પષ્ટ ઇષ્ટ જન ગણતા એવા શ્રીકૃષ્ણનારાયણે નરઅર્જુનને યુદ્ધકર્મમાં સમર્થ કર્યો તે લક્ષ્યધર્મની જ વૃદ્ધિને માટે કર્યો—એ ધર્મના નાશને માટે નહી. શ્રીકૃષ્ણના પોતાનાં જ લક્ષ્યધર્મપણાનું-મહાભારતના નાયકના આત્મમાં-સારી રીતે

च जीवस्येश्वरसाम्यसंपादनायैव भगवान् व्यासस्तथाविधमितिहासमुक्तवान् ॥ न चेन्महाभारते समस्तो गीताध्यायोऽप्रासंगिको मिथ्योक्तिरूप एव स्यात् ॥ योगवासिष्ठेऽपि श्रीकृष्णवाक्यस्यायमेवोद्देशः प्रतिपादितः॥ उक्तमेव तत्र यथा "शान्तब्रह्मवपुर्भूत्वा कर्म ब्रह्ममयं कुरु ॥ ब्रह्मार्पणसमाचारो ब्रह्मैव भवसि क्षणात्॥ लोके विहर राघव" इत्यादिभिरपि तत्रायमेव कर्मयोगः प्रतिपादितः ॥ यच्चेशावास्ये "कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समा" इत्यादयः श्रुतयस्ता अपि लक्ष्यधर्मप्रतिपादिकाः ॥ अस्यामुपनिषदि केवलायां विद्यायामविद्यायां वा रतिर्निन्दिता तथैव संभूत्यामसंभूत्यामपि ॥ अत्रैकया विद्यया कर्मत्यागविशिष्टा केवलमात्मविद्योक्ता ॥ केवलमविद्येति सकामकर्मवत्ताऽनात्मविद्या च ॥ तथैव संभूतिरिति स्वयंभूरात्मसंभूतौ च रतिरिति केवलमात्मज्ञानबुद्धौ सत्यां कर्मपराङ्मुखतैवोक्ता ॥ असंभूतिस्तु संभूतिरहिता शरीरादिविकल्पसृष्टिः कर्मफलभोगदायिनी ॥ असंभूतित्वं तु तस्यानश्वरत्वात्सद्वस्त्वाभासमात्रत्वाच्च ॥ अविद्या-

---

આધાન કરવાને જ, અને એ વિધિથી જીવનું ઇશ્વરસાથે સામ્ય સંપાદન કરવાને જ, ભગવાન્ વ્યાસે એવી રીતનો ઇતિહાસ કહ્યો. એમ ન હોય તો મહાભારતનો સમસ્ત ગીતાધ્યાય અપ્રાસંગિક અને મિથ્યોક્તિરૂપ જ થાય. યોગવાસિષ્ઠમાં પણ શ્રીકૃષ્ણવાક્યના આ જ ઉદ્દેશનું પ્રતિપાદન કરેલું છે; એમાં કહેલું જ છે કે "શાંતબ્રહ્મના જેવું અથવા શાંતબ્રહ્મનું જ શરીર ધરી, બ્રહ્મ-"મય કર્મ કર! બ્રહ્મને અર્પણ કરેલા છે જેના સમ્યગ–સારા–આચાર એવો "તું ક્ષણમાં બ્રહ્મ જ બની રહીશ!" વળી "હે રાઘવ! લોકમાં વિહાર કર" ઇત્યાદિ અનેક વાક્યોથી પણ યોગવાસિષ્ઠમાં આ જ કર્મયોગનું પ્રતિપાદન કરેલું છે. "કર્મ કરતાં કરતાં જ સો વર્ષ જીવવાની ઇચ્છા રાખવી" ઇત્યાદિ શ્રુતિયો ઇશાવાસ્યમાં છે તે પણ લક્ષ્ય ધર્મની પ્રતિપાદક છે. આ ઉપનિષદ્‌માં કેવલ વિદ્યામાં તેમ કેવલ અવિદ્યામાં રતિ કરનારની નિન્દા છે; તેમ જ સંભૂતિમાં અને અસંભૂતિમાં રતિ કરનારની પણ છે. આમાં એક જ વિદ્યા કહેલી છે તેનો અર્થ કર્મત્યાગરૂપ વિશેષણવાળી અને કેવળ આત્મવિદ્યા થાય છે–એવી આત્મવિદ્યાને નિન્દી છે. કેવળ અનાત્મવિદ્યા નિન્દી છે તેમાં સકામ કર્મવત્તા અને અનાત્મવિદ્યા આવી ગઈ તેવી જ રીતે જે સંભૂતિ નિન્દી છે તેમાં સંભૂતિ એટલે સ્વયંભૂ તે આત્મા છે અને સંભૂતિમાં રતિ એટલે કેવલ આત્મજ્ઞાનની બુદ્ધિ હોય અને તેની સાથે કર્મમાં પરાઙ્મુખતા હોય તેને નિન્દી છે. તેમ અસંભૂતિ એટલે તો સંભૂતિરહિત શરીરાદિ વિકલ્પસૃષ્ટિ જે કર્મફલના ભોગ આપ

विद्येऽसंभूतिसंभूतीत्यनयोरेकतरे रागद्वेषौ द्वैतस्वरूपमेव तत्र रहस्यसिद्धान्तिभिरिष्यते ॥ श्रुतिष्वप्येवमेव विहितम् । असंभूत्युपासकाः संभूत्युपासका विद्योपासका अविद्योपासकाश्च सर्वे प्येकमार्गपक्षपातिन इतरमार्गद्वेषिणोऽन्धं तमः प्रविशन्तीतीशावास्ये स्फुटमेव ॥ तर्हि को नाम शुद्धो धर्म इति चेत्तत्रैवोक्तम् ॥ विद्यां चाविद्यां च यस्तद्वेदोभयं सह । अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाऽमृतमश्नुते ॥ तथा च ॥ संभूतिं च विनाशं च यस्तद्वेदोभयं सह । विनाशेन मृत्युं तीर्वा संभूत्याऽमृतमश्नुते इति इत्थमविद्यामङ्गीकृत्यैव विद्याग्रहणेन तथैव संभूत्यसंभूतिग्रहणेन चानात्मात्मविद्ययोरपरस्परत्यागेनैव ग्रहणमुक्तम् । तत्त्वकर्मत्यागे सति फलत्यागिन्यामात्मात्मविद्यायामेव संभवति ॥ लक्ष्यधर्मेष्वादरं कृत्वैवालक्ष्यमवगाहेतेत्यत्र स्पष्टमेव सिध्यति ॥ तत्रैवोक्तं स्वयंभूर्याथातथ्यतोऽर्थान् व्यदधाच्छाश्वतीभ्यः समाभ्य इति ॥ अत्रोक्तं स्वयंभूत्वं संभूतित्वं चैकमेव ॥ अर्थान् व्यदधा-

---

નારી છે તે છે. તેનું અસંભૂતિપણું તો એટલા માટે કે તે નશ્વર છે. અને તેમાં માત્ર સદ્વસ્તુનો આભાસ જ છે. અવિદ્યા અને વિદ્યા, અસંભૂતિ અને સંભૂતિ, એ બન્નેમાંથી કોઇ એક ઉપર રાગ અને બીજા ઉપર દ્વેષ તે દ્વૈતસ્વરૂપ જ છે અને તે રહસ્યસિદ્ધાંતિઓને ઇષ્ટ નથી. શ્રુતિઓમાં પણ એમ જ કહેલું છે. સંભૂતિના ઉપાસક, અસંભૂતિના ઉપાસક, વિદ્યાના ઉપાસક, અને અવિદ્યાના ઉપાસકઃ એ સર્વે પણ એક માર્ગ ઉપર પક્ષપાત કરે છે અને બીજા માર્ગ ઉપર દ્વેષ કરે છે માટે તે સર્વ અન્ધ તિમિરમાં પ્રવેશ કરે છે એવું ઇશાવાસ્યમાં સ્ફુટ છે જ. ત્યારે શુદ્ધ ધર્મ કોને કહેવો એવું પુછો તો એ પણ એ જ ઉપનિષદમાં કહેલું છે કે—"વિદ્યા અને અવિદ્યા "એ બેને જે સાથે લાગી જાણી લે છે તે અવિદ્યાવડે મૃત્યુને તરે છે અને વિદ્યાથી અમૃતનો ભોગ કરે છે." તેમ જ વળી તેમાં કહેલું છે કે "સંભૂતિ અને વિનાશ એ બેને જે સાથે લાગાં જાણી લે છે તે વિનાશવડે "મૃત્યુને તરે છે અને સંભૂતિથી અમૃતનો ભોગ કરે છે." આવી રીતે પરવિદ્યાનું ગ્રહણ કરીને જ વિદ્યાનું ગ્રહણ કરેલું છે, અને તેમ જ સંભૂતિ અને અસંભૂતિનું ગ્રહણ કરેલું છે; માટે તે ઉપરથી સિદ્ધ થાય છે કે આત્મવિદ્યા અને અનાત્મવિદ્યાનો પરસ્પર ત્યાગ કર્યા વિના જ તેમનું ગ્રહણ કરવાનું આ શ્રુતિવાક્યોમાં કહેલું છે. અને તેમ બનવું તે તો કર્મત્યાગ કર્યા વિના ફલત્યાગિની આત્મવિદ્યામાં જ સંભવે છે. લક્ષ્યધર્મોમાં આદર કરીને જ અલક્ષ્યમાં પ્રવેશ કરવાનું રહસ્યમંત્રમાં કહેલું છે તે આ સ્થળે સ્પષ્ટ સિદ્ધ થાય છે. વળી એ જ શ્રુતિદેશે કહેલું છે કે "સ્વયંભૂ યાથાત-

दिति कर्मधर्मः प्रतिपादितः ॥ कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समा इति श्रुतिरपीदमेव लक्षते ॥ अत्र विद्येति देवताविद्या नात्मविद्येति केचित् ॥ नेदं युक्तं येन ब्रह्मविद्या सर्वविद्याप्रतिष्ठेति परा विद्यापि सेत्यादयः श्रुतयो मुण्डकादिषु विद्यन्ते ॥ कर्मणो ब्रह्मविद्याविरोधित्वान्नासौ विद्या ब्रह्मविद्या किंतु भागत्यागेन देवताविद्यैवेति चेन्न ॥ येन ब्रह्मविद्यायाः फलैषणया विरोधो न कर्मणा ॥ कर्मत्यागस्तु नात्र संभवति येन न च कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृदिति गीतोक्तत्वात् ॥ ननु कर्मजाड्याल्लोकः कर्मवाञ्जडो भवतीति चेन्नैवमेतद्येन कर्मणामीश्वरसमर्पणात्कर्माणि स्वयोनिमासाद्य तद्रूपाणि भवन्ति ॥ कर्म ब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवमिति गीतायामलक्ष्यसमुद्भवं लक्ष्यं ब्रह्म कर्मयोनिरुक्तम् ॥ एतद्विधानि कर्माणि कुर्वत एव प्रबुद्धस्य विषये श्रुतिभिरुक्तं क्षीयंते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावर इति तस्यैव कर्मणां स्वयोन्यासादकत्वहेतुना क्षययोगात् ॥ इत्थंभूतं द्विविधं लक्ष्यालक्ष्यधर्ममेव प्रतिपादयन्ती भवति श्रुतिप्रवृत्तिः ॥ तद्यथा ॥

---

થ્યથી શાશ્વત વર્ષો સારુ અર્થોને કરે" તેમાં કહેલું સ્વયંભૂપણું અને સંભૂતિપણું તે એક જ છે. અર્થોને કરે એ વાક્યથી કર્મધર્મનું પ્રતિપાદન કર્યું. "કર્મો કરતાં કરતાં જ સો વર્ષ જીવવાની ઈચ્છા કરવી" એ શ્રુતિ પણ આજ લક્ષે છે. કેટલાકોનું કહેવું એમ છે કે આમાં "વિદ્યા" નો "અર્થ આત્મવિદ્યા" નથી પણ "દેવતાવિદ્યા" છે, એ ખરોખર નથી; કારણ કે "બ્રહ્મવિદ્યામાં સર્વ વિદ્યાઓની પ્રતિષ્ઠા છે," "પરા વિદ્યા તે બ્રહ્મવિદ્યા" ઇત્યાદિ શ્રુતિઓ મુણ્ડકાદિ ઉપનિષદોમાં પ્રસિદ્ધ છે. "બ્રહ્મવિદ્યાથી કર્મનું વિરોધીપણું છે. માટે આ "વિદ્યા તે બ્રહ્મવિદ્યા નહી પણ ભાગત્યાગ કરીને આ વિદ્યા તે દેવતા- "વિદ્યા જ લેવી" એમ કોઇ કહે તો ખરોખર નથી; કારણ બ્રહ્મવિદ્યાનો ફલૈષણા સાથે વિરોધ છે, કર્મ સાથે વિરોધ નથી. કર્મત્યાગ તો અહીં સંભવતો નથી, કારણ 'કર્મ કર્યા વગર કોઇ અહીં ક્ષણવાર પણ કદી "ટકતો નથી,' એવું ગીતાનું વચન છે. "પણ કર્મ જડ છે માટે કર્મ- "વાન્ લોક જડ થાય છે" એમ કોઇ કહે તો તે ખોટું છે, કારણ કર્મોનું ઇશ્વરસમર્પણ થવાથી કર્મો સ્વયોનિને પ્રાપ્ત થઇ તેના રૂપને પામે છે. "કર્મનો ઉદ્ભવ બ્રહ્મમાંથી જાણ, અને બ્રહ્મનો ઉદ્ભવ અક્ષરમાંથી છે" એવું ગીતાવચન છે તેનો અર્થ એમ છે કે અલક્ષ્ય જે અક્ષર છે તેમાંથી લક્ષ્યબ્રહ્મનો ઉદ્ભવ છે અને એ લક્ષ્યબ્રહ્મ એ કર્મનો યોનિ છે. આવી જાતનાં કર્મ કરનાર જ પ્રબુદ્ધ પુરુષના વિષયમાં શ્રુતિઓનું કહેવું છે કે "એનાં કર્મ એ પરાવરને જોતામાં ક્ષય પામે છે;" કારણ એવા પુરુષનાં

हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् । तत् त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥ इतीशावास्यम् ॥ अत्र पात्रं संपुष्य धर्मो भवति तच्चापावृत्य दृष्टिर्बोधो भवतीति ग्राह्यम् ॥ तथा च मुण्डके ॥ हिरण्मये परे कोशे विरजं ब्रह्म निष्कलमिति ब्रह्मासेर्हिरण्मयः कोशः स रक्षितव्य एव न त्याज्यः ॥ तद्रक्षणेनैव ब्रह्मशस्त्रस्य तेजस्तीव्रतादयो विभूतयो रक्ष्यन्ते ॥ शोकमोहादिभिर्युद्धकाल एव शस्त्रं कोशरहितं ग्राह्यम् ॥ अन्यदा तु कोश एव प्रशस्तः ॥ कोऽसौ कोश इति चेत्कर्मयोग एवेति बोद्धव्यम् ॥ हिरण्मये कोश इव पात्र इव कर्मयोगसंसारे लक्ष्येऽस्मिन् सुगुप्तोऽयं तदस्पृष्टः परावर आत्मा सत्योऽप्यलक्ष्यो नित्य एव ॥ हिरण्मयत्वमुक्तं तत्तु मूल्यवतः सुवर्णस्येव लक्ष्यस्यापि रक्षणयोग्यत्वात् ॥ अक्षरात्संभूतमिदं लक्ष्यमक्षरे च यास्यन्न लक्ष्यैर्विनाशमर्हति ॥ येनाक्षरस्यालक्ष्यस्यैव विभूतिरेषा लक्ष्यता ॥

---

જ કર્મ સ્વયોનિને પ્રાપ્ત કરી શકે છે અને એ પ્રાપ્તિરૂપ હેતુથી ક્ષયયોગ પામે છે. આવી રીતે બે વિધિવાળો લક્ષ્ય-અલક્ષ્યને જે ધર્મ તેનું જ પ્રતિપાદન કરતી કરતી શ્રુતિઓની પ્રવૃત્તિ થયાં કરે છે. તે આ પ્રમાણે છે— (૧) "હિરણ્મય એટલે સુવર્ણમય પાત્રથી સત્યનું મુખ ઢંકાયલું છે; હે "પુષન્! સત્યધર્મને માટે—દૃષ્ટિને માટે—એ મુખ તું ઉઘાડ !" એ વાક્ય ઇશાવાસ્યમાં છે, અહીં પાત્રનું સંપોપણ કર્યાથી ધર્મની સ્થિતિ છે અને તેને ઉઘાડવાથી દૃષ્ટિ એટલે બોધ થાય છે એમ લેવું. (૨) તેમ જ મુણ્ડકમાં છે કે "હિરણ્મય અને પર એવા કોશ (એટલે તરવારના મ્યાન)માં "વિરજ—શુદ્ધ અને નિષ્કલ-કલાહીન-જન્મવૃદ્ધિક્ષયાદિ શરીરધર્મથી રહિત-"બ્રહ્મ" અર્થાત્ બ્રહ્મરૂપ તરવારનું સુવર્ણમય મ્યાન છે તે રક્ષણયોગ્ય છે—ત્યાગ કરી ફેંકાડી નાંખવાનું નથી; બ્રહ્મરૂપશસ્ત્રની તેજ તીવ્રતા—આદિ વિભૂતિયો છે તે મ્યાનના રક્ષણથી જ રક્ષાય છે. શોક—મોહ—આદિ યુદ્ધકાળ આવે ત્યારે જ શસ્ત્રને મ્યાનથી રહિત કરી લેવાનું છે. બાકીને કાળે તો મ્યાન જ પ્રશસ્ત છે. આ કોશ અથવા મ્યાન તે કોણ એમ તમે પુછો તો ઉત્તર કહીયે છીયે કે એ મ્યાન કર્મયોગ જ છે એમ જાણવું. સુવર્ણમ્યાનના જેવા-પાત્રના જેવા-કર્મયોગસંસારમાં-આ લક્ષ્યમાં સુગુપ્ત અને તે છતાં તેનાથી અસ્પૃષ્ટ એવો આ પરાવર આત્મા અલક્ષ્ય અને નિત્ય જ છે. સુવર્ણમયપણું કહ્યું તેનું કારણ એ કે મૂલ્યવાળું સુવર્ણ જેવું રક્ષણયોગ્ય છે તેવું જ લક્ષ્ય પણ રક્ષણયોગ્ય છે. અક્ષરમાંથી સંભૂત થયલું અને અક્ષરમાં અંતે જવાનું એવું આ લક્ષ્ય તેનો લક્ષ્યોથી—છત્રોથી—વિનાશ થવો યોગ્ય નથી, કારણ અક્ષર જે અલક્ષ્ય તેની જ વિભૂતિ આ લક્ષ્યતા છે.

कीदृशमिदं लक्ष्यं कीदृशी तत्र जीवस्थितिरित्यादिदर्शनाय श्रुतय उच्यन्ते ॥ जीवनामायं पदार्थो न ब्रह्माभिन्नः किंतु स्फुलिंगरूपः पुरुष एव ॥ तदुक्तं यथा ॥ तदेतत्सत्यं यथा सुदीप्तात्पावकाद्विस्फुलिंगाः सहस्रशः प्रभवन्ते सरूपाः । तथाऽक्षरात्सौम्य विविधा भावाः प्रजायन्ते तत्र चैवापि यन्ति ॥ अमृतत्वस्येशानोऽयं पुरुष इति पुरुषसूक्ते ॥ पुरुष एवेदं सर्वं यद्भूतं यच्च भव्यम् ॥ उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहति ॥ अन्नमित्यत्र भोग्यमात्रं तेनामृतं विश्वं तदात्मनि पुरुषे पुरुषादेवातिरोहते ॥ तदुक्तं मुण्डके यथा सतः पुरुषात्केशलोमानि तथाऽक्षरात्संभवतीह विश्वम् ॥ पुरुषः स्वस्मात्सृजतेऽतिरोहते ऊर्णनाभिरिव ॥ ईश्वरस्य जीवस्य च समानमिदममृतत्वेशानत्वम् ॥ उभावप्यलक्ष्ये नित्ये पुरुषेऽतिरोहेते ॥ अतिरोहोऽयं कालेन स्वयोनौ शाम्यति तेनानित्यः ॥ नित्यरूपस्य चालक्ष्यस्यान्तरेव तिष्ठतीत्याविर्भावतिरोधानधर्मौ भजते ॥ आविर्भावकाले यज्ञ इव प्रज्वलति ॥ तदाह पुरुषसूक्ते ॥ यत्पुरुषेण हविषा

---

આ લક્ષ્ય કેવું છે અને તેમાં જીવસ્થિતિ કેવી છે તે દેખાડવા હવે શ્રુતિયો આપવામાં આવે છે. જીવ નામનો આ પદાર્થ બ્રહ્મથી ભિન્ન નથી, પણ સ્ફુલિંગરૂપે–અગ્નિના તનખારૂપે–પુરુષ જ છે. તે એમ કહેલું છે કે "સુદીપ્ત પાવકમાંથી તેના જ રૂપવાળા વિસ્ફુલિંગો સહસ્રરીતે ઉત્પન્ન "થાય છે તેમ–હે સૌમ્ય !—અક્ષરમાંથી વિવિધ ભાવો ઉત્પન્ન થાય છે અને "તેમાં જ પાછા જાયછે." આ પુરુષ અમૃતત્વનો ઇશ છે એમ પુરુષસૂક્તમાં કહેલું છે. "આ સર્વ જે ભૂત અને જે ભાવિ તે પુરુષ જ છે, અને "અમૃતત્વનો ઈશ છે—તે અન્નવડે અતિરોહ કરે છે." અંહી "અન્ન" એટલે "ભોગ્યમાત્ર". છે; તેનાથી અમૃત થયલું વિશ્વ, વિશ્વાત્મા પુરુષમાં, પુરુષમાંથી જ, અતિરોહ કરે છે. તે મુણ્ડકમાં કહેલું છે કે "જેમ સદ્રૂપ પુરુષમાંથી "કેશ અને રોમ ઉગે છે તેમ અક્ષરમાંથી અંહી વિશ્વ ઉગે છે." પુરુષ પોતામાંથી સૃજે છે, અતિરોહ કરે છે—જેમ ઊર્ણનાભિ એટલે નાભિમાં ઉન રાખનાર કરોળીયો કરે છે તેમ. અમૃતત્વનું આ ઇશપણું ઇશ્વરમાં અને જીવમાં સમાન છે. ઇશ્વર અને જીવ ઉભય, અલક્ષ્ય અને નિત્ય પુરુષમાં, અતિરોહ છે. આ અતિરોહ કાલે કરીને સ્વયોનિમાં શમી જાય છે માટે તે અનિત્ય છે. અને નિત્યરૂપ અલક્ષ્યની અંતર્ જ આ અતિરોહની સ્થિતિ છે. તે આવિર્ભાવ અને તિરોધાન એવા બે ધર્મ પાળે છે. આવિર્ભાવકાળે એ યજ્ઞરૂપે પ્રજ્વલન પામે છે. તે પુરુષસૂક્તમાં કહેલું છે કે "જે પુરુષ–હવિવડે દેવોએ યજ્ઞ પ્રતત કર્યો."

देवा यज्ञमतन्वतेति ॥ तं यज्ञं बर्हिषि प्रौक्षन् पुरुषं जातमग्रतः। तेन देवा अयजन्त साध्या ऋषयश्च य इति ॥ देवा यद्यज्ञं तन्वाना अबध्नन् पुरुषं पशुमिति ॥ यज्ञेन यज्ञमयजन्त देवास्तानि धर्माणि प्रथमान्यासन्निति च ॥ एषु मन्त्रेषु पुरुषः पशुः पुरुषो हविः पुरुष एव च यज्ञ इति योयं यज्ञ उक्तः स एव लक्ष्यरूपो यज्ञः सर्वत्र प्रज्वलति ॥ सैवेयमिष्टिरस्मत्सिद्धान्ते ॥ येयं पशुमारमिष्टिरन्यैः क्रियते सा तु निन्द्याऽस्मिन् युगे ॥ कलौ त्वेक एवायं लक्ष्ययज्ञो लक्ष्यधर्मधारकः ॥ सहस्राक्षोऽयमलक्ष्यातिरूढः लक्ष्यः पुरुषः ॥ तद्भूमिं लक्ष्यमर्यादामेकेन पादेन विश्वतो वृत्वा त्रिभिरन्यैरमृतैः पादैर्दशाङ्गुलसंज्ञया लक्षितया देशकालाद्यवच्छेदशून्ययाऽवस्थया सर्वं शिक्षिताशिक्षितलक्ष्यमतितिष्ठत्यलक्ष्यः परावरः ॥ तमलक्ष्यं लक्ष्यं चाद्वैतत्वेन साधयन्तीत्थं लक्ष्यालक्ष्यसिद्धान्तिन इत्यलमिदमस्मद्रहस्यविवरणमुत्तमाधिकारिष्वलक्ष्यप्रबोधाय ॥ किं बहुना ॥ यतो वाचो निवर्तन्ते ह्यप्राप्य मनसा सहेत्यादिभिर्लक्षितव्यमलक्ष्यं पूर्णमेवेदं ततश्च लक्ष्यमपि पूर्णम-

---

" અગ્રે ઉત્પન્ન થયેલા યજ્ઞ પુરુષનું યજ્ઞમાં ઔક્ષણ કર્યું," " સૃષ્ટિસાધનયોગ્ય—" સાધ્ય—એવા દેવો અને વેદમાન્ત્રોનાં દ્રષ્ટા ઋષિયો—તેમણે એ (પુરુષ) " વડે યજ્ઞ કર્યો," " જે યજ્ઞ કરતા દેવોએ પુરુષપશુને બાંધ્યો," અને " દેવોએ યજ્ઞવડે યજ્ઞ કર્યો—એ ધર્મો પ્રથમ હતા." " પુરુષ એ પશુ, પુરુષ એ " હવિ, અને પુરુષ જ યજ્ઞ," એ રીતનો આ મન્ત્રોમાં જે યજ્ઞ કહેલો છે તે જ લક્ષ્યરૂપ યજ્ઞ સર્વત્ર પ્રજ્વલે છે. આ મારા—આપણા—સિદ્ધાન્તમાં જે ઇષ્ટિ-યજ્ઞ—છે તે આ જ. પશુ મારીને જે આ ઇષ્ટિ બીજાઓ કરે છે તે તો આ યુગમાં નિન્દ્ય છે. કળિમાં એક જ આ લક્ષ્યયજ્ઞ છે તે લક્ષ્યધર્મનો ધરનાર છે. સહસ્રાક્ષ એટલે સહસ્ર ઇન્દ્રિયોવાળો આ અલક્ષ્યમાં અતિરોહ પામેલા પુરુષ તેને લક્ષ્ય કહીએ છીએ. એ લક્ષ્યની ભૂમિ એટલે લક્ષ્યની મર્યાદાને એક પાદથી સર્વ પાસથી ઘેરી લેઈ, બાકીના બીજા ત્રણ અમૃત પાદવડે, શિક્ષિતદૃષ્ટિ અને અશિક્ષિતદૃષ્ટિના બધા લક્ષ્યને, ઓળંગી, દશ આંગળની સંજ્ઞાવાળી અને દેશકાળના અવચ્છેદથી શૂન્ય કોઇ અવસ્થાથી સ્થિતિ ધરનાર પરાવર અલક્ષ્ય છે. તે અલક્ષ્યને અને લક્ષ્યને અદ્વૈતપણે લક્ષ્યાલક્ષ્યસિદ્ધાન્તીઓ સાધે છે; એ આ અમારું રહસ્ય-વિવરણ ઉત્તમાધિકારીઓમાં અલક્ષ્યનો પ્રબોધ કરવાને એટલે અલખ જગાડવાને બસ છે. બહુ શું કહીએ? " મનની સાથે વાણી જેને પ્રાપ્ત ન કરી ત્યાંથી થાકીને પાછી ફરે છે." ઇત્યાદિ વાક્યોથી લક્ષિતવ્ય—લક્ષવા યોગ્ય—અલક્ષ્ય આ પૂર્ણ જ છે; તેમાંથી એ

दस् तदादाय न त्यक्त्वा पूर्णमेवावशिष्यते ॥ अत एव सुसंपूर्णो-ऽयमसल्लक्ष्यालक्ष्यसिद्धान्तो यत्रैव पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्ण-मुदच्यते पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥

છેલ્લા મંત્રનો અર્થ આત્મા પરાત્માના ઐક્યનો વાચક સમજાયલો હોવો છતાં આ બીજો અર્થ પણ બેસી ગયો. આમ આદિથી અંતસુધી અત્યંત રસથી આ વિવરણ સરસ્વતીચંદ્ર વાંચી ગયો. તેમાં કથેલાં ઉપનિષદો તથા પુરુષસૂક્ત એને કણ્ઠસ્થ હતાં. તેમનાં ઉપરનાં ભાષ્યાદિનો એણે અભ્યાસ કર્યો હતો. છતાં આમાં કાંઈ અપૂર્વતા લાગી. નિદ્રાભંગ કરી ભુખ્યો માણસ મિષ્ટાન્ન ભોજન કરી પાછો નિદ્રા પામે ને મધ્યકાળે ખાધેલું પુનર્નિદ્રાકાળે ભુલી જાય તેમ સરસ્વતીચંદ્રને થયું.

પુનર્નિદ્રા પામતાં પાછી પોતાની પાસે ઉશીકા આગળ પત્થર ઉપર કુસુદસુંદરી બેઠેલી લાગી અને એ સ્વપ્નની સુંદરીને કુસુમની સુખમુદ્રા હતી. નિદ્રામાં–સ્વપ્નામાં–આ સ્ત્રી પાસે સરસ્વતીચંદ્ર અલખરહસ્યના શ્લોક અને વિવરણ સમજાવવા લાગ્યો અને સ્ત્રી તે આનંદથી સાંભળવા, અને પ્રશ્નો પુછી સમાધાન કરાવવા, લાગી.

“ સરસ્વતીચંદ્ર! લખ કે અલખ? રસ કે જ્ઞાન?” સ્વપ્નસુંદરી આકાશમાં તરવા લાગી અને શ્રવણપુટમાં કથા કરવાને નિમિત્તે કપોલ સ્પર્શી ગાવા લાગી.

“ મોહ્યો મોહ્યો વ્હાલો રસપ્યાલે રે?
“ જાગ્યો જાગ્યો ચતુર જ્ઞાનભાલે રે!
“ લખ સુખદુઃખ જોવા તું આવ્યો રે!
“ જ્ઞાની જોગીને મન ત્યાં તું ભાવ્યો રે!
“ રહી અલખ તું અલખ જગાવે રે!
“ જ્ઞાનગોઠડી વ્હાલીને ભાવે રે!
“ લખ અંગ અલખ પ્રીત રૂહેતી રે!
“ મુકે મદનની માયાને વ્હેતી રે!

---

લક્ષ્ય પણ પૂર્ણ જ છે તે લક્ષ્યનું આ અલક્ષ્યમાંથી ગ્રહણ કરી—ત્યાગ ન કરી—તે લેતાં પૂર્ણ જ બાકી રૂહે છે. માટે કરીને જ અમારો આ લક્ષ્યાલક્ષ્યસિદ્ધાંત સુસંપૂર્ણ છે કે જેમાં જ, “આ પૂર્ણ છે.” “એ પૂર્ણ છે,” “પૂર્ણમાંથી પૂર્ણ લેવાય છે,” અને “પૂર્ણમાંનું પૂર્ણ લેઈ લેતાં પૂર્ણ જ બાકી રૂહે છે.”

"વ્રજ ગાઢ તમાલ ભરેલું રે!
"મેઘ છત્રમાં નીર તરેલું રે!
"ક્ષણ ક્ષણદા* તણા અંધારા રે!
"રાધા શોધે છે કૃષ્ણજી કાળા રે!
"રાધા શોધે, થાકે, ને હાંફે રે;
"વાગે વાંસળી આઘે આઘે રે:
"વાંસલડીએ ઘેલી રાધાને કરી;
"મધુરી વાગે, પણ નવ દીસે ક્હાને જો! વાંસ૦
"વાંસલડી ક્હે–શુણ ઓ રાધા બ્હાવરી,
"અલખ મુખ ચ્હડી કરું છું હું લાખ ગાન જો! વાંસ૦
"અલખ પ્રીતડી જગાડું તુજ હઈડાવીશે,
"અલખ ક્હાનની વનમાં ન જડે વાટ જો! વાંસ૦
"અલખની જોગણ! અલખ જોગ ધરી જાગજે,
"જગવ અલખ રતિ જમુનાજીને ઘાટ જો! વાંસ૦
"વ્હાલા! ભુલમાં અદ્વૈત વાત આપણી જો!
"જોગી જ્ઞાની જપે છે રસબાવની† જો! વ્હાલા૦
"માયા લક્ષ્ય ને પુરુષ તે અલક્ષ્ય છે જો!
"એની ગાંઠથી સંસાર આ સમક્ષ છે જો! વ્હાલા૦
"એના સ્નેહનું અદ્વૈત રસપૂરમાં જો,
"માયા વળગી રહી જ બ્રહ્મઉરમાં જો. વ્હાલા૦
"વ્હાલા! પ્રીતતણી રીત એવી જાણજે જો,
"અલખજ્ઞાની! લખ રસ માણજે જો! વ્હાલા૦"

વળી સરસ્વતીચંદ્ર જાગ્યો ને વિચારવા લાગ્યો: "અહો, આ "સ્વપ્ન કેવું! આ સ્વપ્નમાંના સંસારનો કર્તા કોણ? એનું પુણ્યપાપ "કોને? શું મને?—ના!—કેમ નહી!—તો આ જાગૃત સંસાર પણ "સ્વપ્નથી જુદો કેમ? કર્તા કોણ? ભોક્તા કોણ?—આ મહાસ્વપ્ન શું? "કુમુદસુંદરી! ત્હારો ત્યાગ કોણે કર્યો? ત્યાગ ક્યારે થયો? ત્યાગ "થયો?—મ્હારું આ પશ્ચાત્તાપરૂપ દુઃખ શાથી? શાને વાસ્તે?"

ફરી તેની આંખ મીંચાઈ. અત્યારસુધી આંખને સ્વપ્ન થતું હતું તેને સ્થળે એકલા કાનને જ સ્વપ્ન થવા લાગ્યું. તેનો આત્મા સર્વવ્યાપી

---

* ક્ષણદા=ક્ષણ આપનારી, અવકાશ આપનારી, રાત્રિ.
† બાવની=બાવન અક્ષરનું જાળ, માયા.

થઈ સર્વપાસથી-કાનમાં તેમ સર્વ રોમકૂપ શ્રવણેન્દ્રિય હોય તેમ સર્વ દિશામાં-ગાજવા લાગ્યો અને સરસ્વતીચંદ્ર સ્વપ્નમાં સર્વ પાસથી આકાશવાણી જેવી આત્મવાણી સાંભળવા લાગ્યો.

* "द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ॥
"तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्योऽभिचाकशीति ॥ समाने
"वृक्षे पुरुषो निमग्नोऽनीशया शोचति मुह्यमानः । जुष्टं यदा
"पश्यत्यन्यमीशमस्य महिमानमिति वीतशोकः ॥ यदा पश्यः प-
"श्यते रुक्मवर्णं कर्तारमीशं पुरुषं ब्रह्मयोनिम् । तदा विद्वान् पुण्य-

---

* ભાષાંતર—

છે ઉડવા ઉત્તમ પાંખ, જુવે દૂર આંખ, પંખી બે એવાં,
બહુ બેશ ધર્યો એ સંગ, મિત્રપ્રીતિરંગ ચ્હડાવી રહેલાં.
તે સમાન તરુની ડાળે
વળગી લટકેલાં લાગે;
પણ પિપ્પલ ખાતું એક, બીજું ન કંઈ ખાતું ચળકતું પ્રભાએ !
—છે ઉડવા૦ ૧

એ સમાન તરુમાં, પડ્યું ભોગમાં એક **અનીશ** મૂઢ રોતું;
એ સમાન તરુપર વસ્યું પ્રકાશતું બીજું **ઇશ** થઈ જોતું !
એ બ્રહ્મયોનિ કર્તાર !
એ કનકતેજ ધરનાર !
એ પરમ નિરંજન નાથ !
એ ઉપર **અનીશની** આંખ પડે ને ભજે મહિમા એ જ્યાં,
તરછોડી પુણ્ય ને પાપ, છોડી જડગાંઠ, તરે એ શોક,
**અનીશ ઈશસમ ત્યાં !**
—છે ઉડવા૦ ૨

ઈશ સાથ સામ્ય એ થાય !
રૂહે જોઈ ઐક્ય એ આંખ !
ખંખેરી પુણ્ય ને પાપ,
તરી શોક, રહે ઉડી પાંખ !
એ આંખ-પાંખ ધરનાર પંખી, વિદ્વાન, અમૃત બની આવે,
ફરી આવર્તતું નહીં, ફરી આવર્તતું, ઈશનું મનમાન્યું !
—છે ઉડવા૦ ૩

(આ શ્રુતિવાક્યમાં બ્રહ્મયોનિ ઈશ્વર અને બ્રહ્મયોનિ જીવનો સંબંધ અને તેમની સાથે ઉપાધિનો યોગ વર્ણવેલો છે.)

"पापे विधूय निरञ्जनः परमं साम्यमुपैति ॥ तरति शोकं तरति
"पाप्मानं गुहाग्रन्थिभ्यो विमुक्तोऽमृतो भवति ॥"

"पुण्यपापे विधूय-पुण्यपापे विधूय"-"तरति शोकमात्म-
"वित्तरति शोकमात्मवित्"-"न च पुनरावर्तते न च पुनरावर्तते॥"

છિન્નભિન્ન પણ શ્રુતિવાક્ય સ્વપ્નમાં સ્ફુરતાં સ્વપ્ન નષ્ટ થયું. પણ થોડીવારે પાછો સ્વપ્નોદય થયો. કુમુદસુંદરી વેરાગણને વેશે પાસે આવી બેઠી ને સરસ્વતીચંદ્ર પાસે શ્રુતિવાક્યનો લક્ષ્યાર્થ પુછવા લાગીઃ

"તમે શોક કેમ તરો છો? બ્રહ્મને કેમ પામો છો? આપણું
"અદ્વૈત છે તો તમારી મ્હારી અવસ્થાઓનું અદ્વૈત કરો, મને શોકમાંથી
"તારો, મને આત્મરૂપ પ્રાપ્ત કરાવો!"

ચંદ્રકાંત પણ આ સ્વપ્નમાં આવ્યો. "પ્રિય મિત્ર! તમે બે એક
"તો હું કાંઈ જુદો નથી! ચાલો, त्रयानामद्वैतं સાધો."

સરસ્વતીચંદ્ર કોઈને ઉત્તર દેતો નથી, સર્વને માત્ર સાંભળયાં કરે છે, સ્વપ્ન વાધે છે. સ્વપ્નમાં સ્વપ્ન આવે છે, બંધ થાય છે, અને ફરી આવે છે.

બીજા સ્વપ્નમાં સરસ્વતીચંદ્ર સુંદરગિરિના શિખર ઉપરથી આકાશમાં ઉડવા લાગ્યો. ઉડવા માંડે છે એટલામાં ચંદ્રકાંત આવી પાસે ઉભો ને હાથ ઝાલી પુછવા લાગ્યોઃ "Where, my friend,
"*dost thou fly like an angel upwards?*"

સરસ્વતીચંદ્ર બે હાથ ઉંચો ઉડ્યો ને એટલામાં આમ અટકાવ્યો અટકી બોલ્યોઃ

"Chandrakânta, sweet philosophy buoys me
"up into the Heavens! I fly effortless like Dante in
"his Paradise!

આ શબ્દ નીકળતામાં તો કુમુદસુંદરી પગ નીચે આવી સરસ્વતીચંદ્રને બે પગે બાઝી, ને હસતી હસતી ઉંચું જોઈ બોલીઃ—

"Thou hast no right to rise without me! Am
"I not that Beatrice whose vision fills thy soul and
"flies as thou fliest?"

સર૦—"Sweet angel of purity! Thou art—thou art! Come! Fair ætherial spirit! Guide us unto thy regions! Thou shalt raise us all."

સરસ્વતીચંદ્ર બોલ્યો ને તેના શબ્દનો આકાશમાં પ્રતિધ્વનિ થયો.

ત્રણે જણ અન્યોન્યને આ રીતે વળગેલાં સુંદર ગાન કરતાં ઉડવા લાગ્યાં અને આપણે જાગૃત પૃથ્વીનાં માનવી સ્વપ્નના આકાશમાં ઉડી શકીએ એમ નથી.

---

## પ્રકરણ ૭.

### રત્નનગરીના રાજાઓ અને પ્રધાનો.

ભાગ્યના કોઈક મહાપ્રબલને લીધે અનેક અને મહાન્ વિપત્તિઓના ઇતિહાસવાળા રત્નનગરીના રાજ્યને સેંકડો વર્ષોથી રાજા અને પ્રધાનોનું સ્થાન સાચવવા મહાપુરુષો જ મળ્યા હતા. એ રાજાઓ સૂર્યવંશી લેખાતા અને એક પગે સુવર્ણનો તોડો રાખતા. પ્રાચીન કુલ-સંપ્રદાય સાચવવાનું તેમને અભિમાન હતું. એ અભિમાનના દીવાને પવિત્ર ઇષ્ટદેવતાનો અંશ–ગુણ ગણી અખંડ જ્વલમાન રાખવામાં આવતો, અને સિંહાસનના સર્વ ભાવી સ્વામીઓને બાલ્યાવસ્થામાંથી આ દીવાની પૂજા કરાવવી એ જ રાજદીક્ષા ગણાતી અને તે દીક્ષા તેમને આપવા ત્યાંના સર્વ રાજાઓ જાતે આગ્રહ રાખતા. આ અભિમાન આ ભૂપ-પરંપરાની જુદી જુદી ભૂમિઓમાં જુદા જુદા પુરુષગુણનું બીજ-રૂપ થયું હતું અને જેવા જેવા રાજાઓ તેવા તેવા તેમના ગુણને અનુગુણ પ્રધાનો થયા હતા.

અનેક બીજ-પુટના સંગ્રહરૂપ આ અભિમાનનું સ્વકુટુંબમાં અને પોતાનામાં પોષણ કરવું, અને સમર્થ વિશ્વાસયોગ્ય પ્રધાન તૈયાર કરવા અને અંતે તેમને પ્રધાનપદે આણવા, એ ઉભય વિષયમાં ઉત્કર્ષ પામવો એ રત્નનગરીના ભૂપતિઓનો પ્રાચીન કાળથી સ્વભાવ થઈ પડ્યો હતો.

આ કુલસંપ્રદાયનાં પ્રકરણ બહુ ન હતાં, પણ થોડાંક પણ દૃઢ અને ઉત્તમ હતાં, પ્રજાની સાથે પિતાપુત્રભાવ ગણવો અને પ્રજાનું રક્ષણ તો બુદ્ધિમાન રાજાઓ સ્વાર્થે કરે પણ પ્રજાવત્સલ થવું એ અભિલાષવિના પિતાપુત્ર ભાવની સિદ્ધિ થતી નથી, એ સંપ્રદાયવિના સૂર્યવંશ શુદ્ધ ગણાય નહી એવી શ્રદ્ધા આ રાજકુળનો પ્રથમ સંપ્રદાય હતો. પ્રજાનો શત્રુ તે પોતાનો શત્રુ ગણવો અને એવા શત્રુઓ રાજ્યમાં અધિકારીરૂપે અને કુટુંબમાં કુટુંબીરૂપે પ્રકટ થાય તો તેને તેને राजा मित्रं केन दृष्टं श्रुतं वा* એ સૂત્રનો અનુભવ કરાવવો અને "અમે રાજાઓ તો

---

* "રાજાને કોઈએ કદી મિત્ર દીઠો કે સાંભળ્યો ?"

"ગુણના સગા ને માણસના સગા નથી" એ કહેવત ખરી છે એમ સઉની ખાતરી કરી આપવી એ બીજો સંપ્રદાય હતો. દ્રવ્યનો સંચય થાવ કે ન થાવ પણ કુમાર્ગે ખરચાય નહી અને માણસો ખાઈ જાય નહી એ વાત ઉપર નિરંતર ધ્યાન આપવું એ ત્રીજો સંપ્રદાય હતો. સેના જાગૃત રાખવી અને તેને કસવાના પ્રસંગ આપ્યા કરવા, સેનાપતિનું કામ રાજાએ પોતે જ કરવું અને પાટવીકુંવરને શીખવવું; વર્ણસંકર બાળક પોતાની ગાદીને ભ્રષ્ટ ન કરે તે વીશે અત્યંત સાવધાનપણું રાખવું; શુદ્ધ અને નિકટના વારસોમાં પણ યોગ્ય વારસોમાં જે બાલક રાજ્ય–યોગ પુરુષગુણવાળા હોય તેને અપુત્ર રાજાએ યોગ્ય કાળે દત્તક લઈ લેવો— આ અને એવા બીજા થોડાક સંપ્રદાય આ ભૂપતિઓના કુલસંપ્રદાય ગણાતા. રત્નનગરીનો રાજા બીજી રીતે સારો હોય કે ખોટો, નીતિમાન્ હોય કે દુષ્ટ, પ્રવીણ હોય કે મૂર્ખ, પણ આટલા સંપ્રદાય તો તેને જન્મથી વળગાડવામાં આવતા, અને દરેક રાજા પોતાના પુત્રના ગુણને યોગ્ય પણ સમર્થ પ્રધાન થવા જેવા પુરુષોને વેળાસર શોધી રાખી પ્રધાનકાર્યમાં તેમને પ્રથમથી કેળવતા અને પુત્રની સાથે સ્નેહ–બંધનમાં નાંખતા.

રત્નગરીનું રાજ્ય પ્રાચીન કાળમાં એટલે ચંદ્રગુપ્ત, અશોક, આદિ ચક્રવર્તી રાજાઓના કાળમાં પણ ઉદયદશા ભોગવતું હતું એ તેની આસપાસ ખોદાયલી માટી અને પત્થરોમાંનાં ચિન્હોથી અને શીક્કાઓથી સિદ્ધ થયું હતું. શક રાજાઓની સામે રત્નનગરીના રાજાઓએ યુદ્ધ કરેલાં, તેઓ હારેલા અને જીતેલા અને વચમાં શક રાજાઓનું રાજ્ય પણ આ ભૂમિમાં થયેલું તે સર્વ ઈતિહાસ—શીલા, દેવાલયો, સ્તંભો, વાવો, અને એવાં બીજાં પ્રાચીન સ્થળોમાંથી—વિદ્યાચતુરના સમયમાં નીકળ્યો હતો બૌદ્ધધર્મ, જૈનધર્મ, શ્રોતસ્માર્ત સંપ્રદાય, ઇત્યાદિના જય પરાભવ પણ એવાં જ સ્થાનોથી જણાઈ આવતા. પાછલા કાળમાં રાજપુત્રો ઈર્ષ્યા, મૂર્ખતા, આદિ દોષને બળે પરસ્પરને કાપતા હતા તે કાળનું ચિત્ર પણ ક્વચિત્ સમજાતું હતું, મુસલમાન બાદશાહો અને સુલતાનોની ક્રૂર ચ્હડાઈઓ પણ અનેકવાર થયેલી, પણ ક્વચિત્ શૌર્ય બતાવી તો ક્વચિત્ સામદામભેદ સાધી રત્નગરીના રાજાઓ પોતાનું સ્વતંત્રપણું જાળવી શક્યા હતા. આ રાજ્યનું એક રીતે ઈશ્વરે રક્ષણ કરેલું હતું. પશ્ચિમમાં સમુદ્રને તીરે અને સુંદરગિરિની બેપાસ આ રાજ્ય પાઘડીપને આવેલું હતું, અને એના ઉત્તરમાં, પૂર્વમાં અને દક્ષિણમાં બીજાં રજપુત રાજ્યો આવેલાં હતાં તેમની સાથે સંપ રાખી, પરદેશીયો સામે

યુદ્ધપ્રસંગે તેમને ગુપ્ત અથવા ઉઘાડો આશ્રય આપી, તેમના બળથી પોતે સુરક્ષિત અને સુગુપ્ત રહેલા આ રાજાઓ પોતાના દમ્ભ કરતાં પોતાની કુશળતાનું મૂલ્ય વધારે ગણતા; અને તેથી પરદેશીયોનો ડોળો પોતાના ઉપર પડે નહી, અને પડે તો પોતાને જીતવા આવતાં અનેક સંકટો દેખે અને તેને પાર પડતાં ખરચ વગરેનો જમે ઉધાર કરી જાતે જ લોભાતાં ડરે, ઇત્યાદિ યુક્તિયોથી રત્નનગરીનો મધ્યકાળનો ઇતિહાસ ભરાયો હતો. દ્રવ્યના લોભી મરાઠાઓના લોભને તૃપ્ત કરવો એ તો આ રસાળ રાજ્યને કઠણ હતું જ નહીં. ઈંગ્રેજી કંપનીનું રાજ્ય પેશવાઈને ઠેકાણે પથરાયું ત્યારથી આ રાજ્યનો ખરો પરાભવ આરંભાયો. પેશવાઈ ગઈ તે વેળા ત્યાં **મલ્લરાજ**નો પિતા **નાગરાજ** રાજ્ય કરતો હતો અને તે જીવ્યો ત્યાં સુધી ઈંગ્રેજોની સાથે પોતાની ન્હાની સરખી સેના લઈ ઘડી ઘડી યુદ્ધમાં ચ્હડતો અને યુદ્ધકાળે પોતાના સફળ સૈનાપત્યથી તેમ ઇતરકાળે પ્રવીણ સામ-વ્યવહારથી ઈંગ્રેજ સેનાપતિઓમાં પ્રીતિ અને પ્રતિષ્ઠા પામ્યો હતો. કર્નલ **બ્રેવ** નામના સેનાપતિ સાથે એનો છેલામાં છેલો વિગ્રહ (war) થયો. **પેશવાઓના વિશ્વાસરાવ** નામના સરદારને ઘણીવાર ફ્હાડી મુક્યા પછી તેને ઠેકાણે કંપની સરકારની આણ વર્તાવવા પેશવાને નામે આ ઈંગ્રેજ સરદાર આવવા લાગ્યો. **નાગરાજ** અને કર્નલ **બ્રેવ** વચ્ચેનો વિગ્રહ છ માસ ચાલ્યો. **સુન્દરગિરિ** ઉપર પોતાના મુખ્ય કીલ્લા હતા ત્યાં એણે રત્નનગરીની ધનવાન વસ્તીને મોકલી દીધી. પોતાનું મુખ્ય સ્થાન (Head quarters) પર્વત ઉપર રાખી, ઘડીકમાં પર્વતની પૂર્વ ખીણોમાંથી, ઘડીકમાં ઉત્તરમાંથી, અને ઘડીકમાં દક્ષિણમાંથી એ નીકળી આવતો. બે ત્રણવાર ઈંગ્રેજ સેનાની તોપોમાં એણે ખીલા માર્યા અને બે તોપો અણીશુદ્ધ પકડી શત્રુના સામી વાપરવા લાગ્યો. ઉઘાડા યુદ્ધમાં ચાલતા સુધી પડતો નહી, પણ શત્રુ તોપો મુકી આઘા પાછા આવ્યા હોય ત્યારે તેમની સાથે લ્હડવાનું ચુકતો નહી. ઈંગ્રેજ સેનાના ભોજનપદાર્થ પૂર્વમાંથી આવતાં ત્યાં જઈ પડાવી લેવાની તેણે એક વખત સફળ છાતી ચલાવી. અંતે **બ્રેવ** સાહેબે એને શોધી ફ્હાડી યુદ્ધ કરવાની જરુર પાડવાનો પ્રયત્ન કર્યો, અને **નાગરાજ**ની સેના લેઈ એનો મ્હોટો અને પ્રિય પુત્ર **હસ્તિદંત** **સુન્દરગિરિ** ઉપર ચ્હડવા જતો હતો તેની અને પર્વતની વચ્ચેની જગા **બ્રેવ**ની સેનાએ રોકી. **હસ્તિદંત**ની પાસે માણસ થાકેલાં અને થોડાં હતાં; છતાં યુદ્ધ શીવાય છુટકો ન રહ્યો. વીરહાક મારી એણે ઈંગ્રેજ સેના ઉપર હુમલો કર્યો. **નાગરાજ**ને આ વાતની ખબર પડી અને ખબર પડતાં પર્વત ઉપરથી

બાકીની સર્વ સેના લઈ સુભદ્રાની એક બાજુએથી ઈંગ્રેજી સેનાની પુઠ આગળ અચીન્ત્યો આવી ઉભો, અને એ સેના પાછી ફરે તે પ્હેલાં પાછળથી હુમલો કર્યો. બ્રેવનાં માણસો આ કાળે હસ્તિદંતની સેનાને કાપી નાંખી પરવાર્યાં હતાં અને આઠ દશ માણસો તથા હસ્તિદંત એટલાં જ જીવતાં રહેલાં હતાં તેમના ઉપર ઈંગ્રેજી સેના ત્રુટી પડવા ઉન્મુખ થઈ, તેવામાં તે આ પાછળની વીરહાકથી ચમકી, અને દ્વૈધીભાવ પામી, અને તે દ્વૈધીભાવ પામતાં તેનું શૌર્ય ન્યૂન થવા લાગ્યું. કર્નલે આ જોયું, અને તે દ્વૈધીભાવ અટકાવવા એકદમ એક બાજુથી ત્રુટી પડી, બીજાં માણસ પડતાં મુકી, હસ્તિદંત ઉપર નીશાન તાકવા લાગ્યો. બીજી પાસથી નાગરાજે તે દીઠું, અને તેનો પ્રતીકાર કરે તે પ્હેલાં તો કર્નલની બન્દુકમાંથી છુટેલી ગોળી ધડાક લઈને છુટી અને હસ્તિદંતની છાતીમાં વાગી. રાજપુત્ર પડ્યો. પણ કર્નલ નિરાશ થયો. પુત્રના મરણથી નિરાશ અને નિસ્તેજ ન થતાં શૂર નાગરાજ મહાબલ કરી કુદ્યો. પુત્રને ધન્યવાદ આપતો હોય એમ પ્રૌઢી વીરહાક મારી ઉછળ્યો તે એક છલંગે પાંચ હાથ લાંબો અને બે હાથ ઉંચો એક ખડક ઓળંગ્યો અને ભીંડમાં બીજો અવકાશ ન મળતાં મરેલા પુત્રનું શરીર જોઈ, મરેલા પુત્રની છાતી ઉપર પગ મુકી, કુદ્યો અને બ્રેવના ઉપનાયકને કાપી નાંખ્યો. એનાં માણસો પણ ઊછળ્યાં અને તુમુલ યુદ્ધ મચ્યું. એટલામાં રાત્રિ પડી, સેનાઓ પાછી ગઈ; અને રાત્રિએ યુદ્ધમાં અંતરાય નાંખ્યો. કોઈ હાર્યું નહી, જીત્યું નહી. પણ પોતપોતાની સેના બે સેનાપતિઓએ તપાસી. નાગરાજની સેના નાશ પામી; બ્રેવની સેના પણ નાશ પામી. પરંતુ સરકારી સેનામાં નવો ઉમેરો પાછળથી તૈયાર થઈ આવે છે એવી બાતમી નાગરાજને પણ મળી, ત્યારે એની સેના સર્વ ખપી ગઈ માલમ પડી, છતાં એણે હીમ્મત ખોઈ નહી. રાત્રિએ માણસ મોકલી કીલ્લાઓનાં દ્વાર વસાવ્યાં અને યુદ્ધ સારુ તેમાંની સેનાઓને સાવધાન કરી. પ્રત્યેક કીલ્લામાંથી થોડાં થોડાં માણસ રાતોરાત મંગાવી, બીજા વૃદ્ધ અને જુવાન રજપુતોને શસ્ત્ર બંધાવી, એ રાતમાં—પ્રાતઃકાળ થતાં પ્હેલાં,—નાગરાજ નવી સેના લઈ ગાજ્યો અને એનાં યુદ્ધવાદિત્રો જનરલના કાનમાં શબ્દ પ્હોચાડવા લાગ્યાં.

કર્નલ પોતાનું બળ સમજતો હતો અને હેર નાગરાજ ટકી શકનાર નથી એ પણ જાણતો હતો. છતાં એના શૌર્યથી, એના ધૈર્યથી, એની સમયસૂચક પ્રતિભાથી, અને એની પ્રવીણતાથી ઈંગ્રેજ નાયક

અત્યંત પ્રસન્ન થયો અને આવા શત્રુને નષ્ટ કરવા કરતાં સરકારનો મિત્ર કરી તેને પ્રતિષ્ઠિત રાખવામાં વધારે લાભ અને શૌર્ય માનવા લાગ્યો. ક્ષાત્ર ઉદ્રેક નમ્યું નહી આપે સમજી પોતે જ **નાગરાજ** પાસે દૂત મોકલ્યો અને તેની સાથે પત્ર મોકલ્યોઃ—

"પ્રિય શૂર મિત્ર—જો આપણે હજી શત્રુપણે વર્તીશું તો એક "પ્રાચીન રાજ્યનો અને તેના પ્રતાપી શૂર રાજાનો નાશ થશે તે શૂર "**બ્રેવ**ને નહી ગમે. ઈચ્છા હોય તો હું મિત્ર થવા અને તમારી "ભલામણ સરકારને કરવા તૈયાર છું. હું સરકાર નથી, પણ સરકાર "મ્હારા જેવા સેવકોપર વિશ્વાસ રાખે છે. એ વિશ્વાસનો ઉપયોગ કરી "યુદ્ધને ઠેકાણે શાંતિ અને શત્રુતાને ઠેકાણે મિત્રતા કરવી હોય તો "એકદમ ઉત્તર ક્‌હાવજો. પછી યુદ્ધ ઉપર જ દુરાસંગ હોય તો "કંપની સરકારની સેના સજ્જ છે.—તમારો મિત્ર **બ્રેવ**."

"તા. ક.—તમે શરણ થાવ એ હું માગતો નથી. તમારા શસ્ત્રનો "તેમ તમારા શબ્દનો મને પૂર્ણ વિશ્વાસ છે.—**બ્રેવ**."

**નાગરાજે** ઉત્તર લખાવ્યોઃ "કંપની સરકારની સેનાઓ નદીની "રેલ જેવી છે તે અમને ખબર ન હોય તો અમે આંધળા ક્‌હેવાઈએ. "પણ અમે આગના તનખા જેવા છઈએ. અમને જે અડકે તે દાઝે "એટલો અમમાં તાપ—તે ભુંડો છે. અમારામાં તેજ છે તે જોવાનું "છે. હવે રેલથી તનખો હોલવશો તો તેજ ને તાપ બે ભેળાં જશે. "તમારે અમારું તેજ જાળવવું હશે ને તાપ હોલવવો હશે તો બન-"વાનું નથી ને લ્હડાઈ કર્યા વગર ચાલવાનું નથી. પણ અમમાં તાપ "રાખશો તો તેજ જવાનું નથી ને જશે તો કોઈ દી પાછું આવશે. "માટે અમારો તાપ ર્‌હેતો હશે અને રેલને ઠેકાણે રેલને કોરામાં તનખો "ર્‌હે એવી વાત કરશો તો થશે. તેમ ન કરો તો રાજા રામ ને રાણો "રાવણ ગયા તેમ કોઈ હારીને અને કોઈ જીતીને પણ તમે અમે ને "બધી પૃથ્વી સઉ આખર જઈશું તેમાં કાંઈ ડર નથી. એ તો "જન્મ્યું તે જાય ને લ્હડે તે ઘવાય. એટલું મનમાં રાખી કરજો. પછી "સરકારને પુછો કે ન પુછો. ઉલટું કરશો તો પુછ્યું નકામું ને સુલટું "પુછશો તો વગર પુછ્યે છે તે છે જ. તમારા માંહોમાંહેના કાયદાથી "અમે બ્હારના માણસ ભોમીયા નથી તેમ બંધાતા નથી. દાદો સુરજ "તપશે ને તેના દીકરા હમો કોઈ જીવતા હઈશું ત્યાંસુધી રત્નનગરીની "ધરતીનો કડકો પરહાથે જવાનો નથી ને હમારું માથું નમવાનું

"નથી. બાંકી દોસ્તીનો વાંધો નથી ને કંપની સરકાર ઉપર અમારે "મમતા છે. તે મમતા રાખવી કે ભાંગવી તે તમારી મરજીની વાત છે."

આણી પાસથી નાગરાજે બ્રેવ સાહેબને આ ઉત્તર પોતાના વિશ્વાસુ પુરુષો સાથે મોકલ્યો, અને આ વ્યવહારનિમિત્તે મળેલા અવકાશનો ઉપયોગ કરી લેવાના હેતુથી પોતાના ન્હાના પુત્ર મલ્લરાજને બોલાવી આજ્ઞા આપી કે "આપણી ત્રણે પાસ રાજાઓ છે તેમને જઈને "મળો અને કહો કે બાપુ, હજી ચેતવું હોય તો ચેતો. ત્રણ પાડા "ભેળા થશે તો શીંગાળા છે તે સાવજને ભારે પડશે ને નોખા હશે તો "એકે એકે બધાને સાવજ ખાશે. જંગલાનું ને નાગરાજનું શું થાય છે "તે હાલ તો તમારે જોવાનો ખેલ છે પણ આ ખેલ પુરો થશે "એટલે તમારો ખેલ પણ એવો ને એવો થવાનો તે તમારા જેવી "અકલવાળા બીજા જોશે ને તેમનો ખેલ ત્રીજા જોશે. માટે વેળાસર "ચેતવું હોય તો તમે જાણો. અમે કંઈ અમારે મરવાના ડરથી "બોલાવતા નથી, પણ વાણીયાના દીકરા જમે ઉધારનું સમજે એટલું "આપણે ગાદીના ધણી નહી સમજીયે તો સમજનાર જંગલાઓને "ગાદી વરે એ જુગતું છે. ગાદી તો ઇન્દ્રાણી જેવી છે ને જીતે તેને "વરે. મ્હારા તમારા મ્હોટેરાઓને મેળવતાં આવડી તો તેમને વરી. "આપણને મેળવવાનું તો રહ્યું પણ સાચવતાં એ નહી આવડે તો "જંગલાઓ બળે ને કળે તેના પર અલાબો કરે તે ખરોખર છે. જો "સાચવવી હોય તો અમારી વાત સાંભળજો. ન સાચવવી હોય તો "મરજી." મલ્લરાજ આ આજ્ઞાનો અમલ કરવા ગયો, પાડોશી રાજાઓમાં ઈર્ષ્યા અને મત્સર હોવા છતાં નાગરાજનાં વાક્યબાણથી તેમની જડતા વીંધાઈ. નાગરાજના પૂર્વયાથી રાજાઓએ ઘણીવાર આવી જ કળાથી ચોપાસના રાજાઓને એકઠા કરી તેમનું અને પોતાનું રક્ષણ કર્યું હતું અને આજ પણ એ જ સંપ્રદાયના આચારથી સઉ રાજાઓ એકઠા થયા, અને મલ્લરાજનો ફેરો સર્વ ઠેકાણે સફળ થયો.

કર્નલ બ્રેવને નાગરાજનો ઉત્તર મળ્યો તે તેણે ફરી ફરી વાંચ્યો અને તે વધારે વધારે પ્રસન્ન થયો. પણ એના ઉપરી અધિકારીઓ એના જેવા ઉદાર ન હતા અને પેશવાઈને નામે ચોથ પણ ન મળે અથવા કાંઈ લાભકારક સન્ધિ ન થાય અને માત્ર લુખી મિત્રતા કરી પાછા જવું એ તો મૂર્ખતા ગણાય અને અનુમત પણ ન થાય એમ હતું. આવા શૂર અને ઉદ્રિક્ત રાજાની મિત્રતામાં જ લાભ છે એવો બ્રેવનો પોતાનો અભિપ્રાય ઉપરી ઈંગ્રેજો સમજે એમ ન હતું. તેમની ઈચ્છાનું

અનુવર્તન પણ આવશ્યક હતું તેથી પોતાની ઈચ્છાવિરુદ્ધ આ સરદારને વર્તવું પડ્યું, અને એણે **નાગરાજ**નાં માણસોને ઉત્તર દીધો કે, "સરકારને તમારી ધરતી જોઈતી નથી પણ પેશવા સરકારનો અધિકાર કંપની સરકારને મળ્યો છે અને તે તમે સ્વીકારો." આના ઉત્તરમાં **નાગરાજ**ના પ્રધાને કહ્યું કે "અમે પેશવાને કદી નમ્યા નથી અને મરાઠાઓને આ હદ "સુધી કદી આવવા દીધા નથી; અમે પેશવાને ઓળખતા નથી; પણ "કંપની સરકાર સાથે મિત્રતા કરવા તૈયાર છીયે."

આ વચન સત્ય હતું, પણ **બ્રેવ**ને તો પેશવાઈના અધિકારથી જ વર્તવાનું હતું અને પેશવાએ જે રીતના કરાર કરેલા હતા તે જ કરારો તાજા કરવાનો અધિકાર હતો; માટે આ નવા પ્રસંગને વાસ્તે નવો અધિકાર **મુંબાઈ**થી મેળવવો પડે એમ હતું. આ ગુંચવારાને લીધે એક આખો દિવસ નકામો ગયો. બીજે દિવસે પ્રાતઃકાળે **મલ્લરાજ** ચારે પાસના રાજાઓની સેનાઓ એકઠી કરી પિતાને મળ્યો, અને તે સર્વ રાજાઓના રાજપુરુષ એકઠા મળી **બ્રેવ** પાસે ગયા. આ સર્વ મંડળ એકઠું થયું જોઈ કર્નલ **બ્રેવ**નો મૂળ વિચાર દૃઢ થયો, અને ઉપરી અધિકારીયોનો અભિપ્રાય મેળવવા સારુ અવહાર[1] સંયોજ્યો. આ અવહાર થતાં તેણે ઉપરીઓને પત્ર લખ્યો કે "આ રજપૂતો શૂર "છે, અભિજાત[2] છે, સત્યવચનના આસંગી છે, મૂર્ખ નથી, દુષ્ટ નથી; "નીચ નથી. એ મહારાજાઓ જો કંપનીના મિત્ર થાય તો આ "ભાગમાં એમની મિત્રતા હાલ ને આગળ જતાં ઘણી ઉપયોગી થશે. પરસ્પરને યુદ્ધકાલે આશ્રય આપવો, એક બીજા સાથે અથવા અન્ય રાજાઓ સાથે તકરાર થતાં કંપનીદ્વારા ન્યાય લેવો, કંપની સાથે તકરાર થતાં પંચ નીમવા અને પંચનો સરપંચ ઈંગ્રેજ રહે, ઇત્યાદિ નિર્દોષ દેખાતી સરતોના કરારવાળો સંધિ રાજાઓએ ઈંગ્રેજ સાથે કર્યો. દ્રવ્ય આપવું લેવું નથી, આપણી ધરતી અખંડિત છે, આપણું સ્વાતંત્ર્ય યથાસ્થિત છે, ઇત્યાદિ કલ્પના કરી, આ સંધિ રાજાઓએ આનંદથી સ્વીકાર્યો. માત્ર યુવાન **મલ્લરાજ**ને તે ન ગમ્યો. પરંતુ તે ન ગમવાનું કારણ સ્પષ્ટ રીતે સમજાવવાની તેનામાં શક્તિ હતી નહી, અને પિતાની પાસે બોલવા જતો ત્યાં જ કંઈક કારણથી આચકો ખાતો. અંતે સંધિ સંપૂર્ણ થયો અને તે કાળે સર્વ મંડળ ઉત્સાહમાં આવ્યું ત્યારે **મલ્લરાજ** ઊંડા ખેદમાં પડ્યો અને મનમાં નિઃશ્વાસ મુકી કહેવા લાગ્યો કે "આજથી આ રાજ્યને સજડ બેડી જડાઈ અને રજપુતાઈ રંડાઈ; હવે

૧. થોડા કાળની યુદ્ધવિશ્રાંતિ, Truce. ૨. ખાનદાન; ઉંચા કુળના.

" આપણે ચુડીયો પ્હેરીઃ લ્હડવાનું ગયું; બઈરાંનું રક્ષણ આપણે કરીએ
" તેમ આપણું રક્ષણ ઈંગ્રેજ કરશે. ધરતી, શાંતિ, અને નામરદાઈ; એ
" ત્રણ સ્ત્રીયો હવેથી સુહાગણ થશે અને રજપુતાઈ દુહાગણ થશે."
આવી નિરાશાથી મલ્લરાજ પિતાની ગાદીએ બેઠો. કાળક્રમે ધીમે ધીમે ઈંગ્રેજસત્તાની રેલ નીચે સર્વ રાજ્યો ડુબી જતાં એણે દીઠાં. નાનાસાહેબનાં બંડને પ્રસંગે તે પ્રથમ તટસ્થ રહ્યો. આખા દેશમાં સમુદ્ર-મન્થન થતું હતું તેમાંથી તેણે ઉપદેશ શોધ્યો; દેશનું રક્ષણ કરવા એકલું બળ સમર્થ નથી કળ પણ જોઈએ, તે દયા અને ક્ષમા વિના આવે એમ નથી, અને તે ઉભય સદ્ગુણોનો ઈંગ્રિજોમાં આવિર્ભાવ અને સ્વદેશીઓમાં તિરોભાવ જોઈ મલ્લરાજ નિરાશ અને દુઃખી થયો. વિદ્યાચતુરના મામા જરાશંકરનો પ્રસંગ તેને આવામાં જ સજડ થયો હતો. જરાશંકરે દુઃખી રાજાને સુખનો માર્ગ બતાવ્યો. " મહારાજ, સમર્થ
" અને સદ્ગુણીનો વિશ્વાસ અને સંબંધ કરવો યોગ્ય છે. પોતાની તર-
" વાર, માટે પેટમાં ઘોચાતી નથી. પોતાના દેશી, માટે તેની પાસે દેશનો
" દાટ વળાવવો એ અકાર્ય અને મૂર્ખતા છે. દશા પ્રમાણે સુબુદ્ધિ અને
" કુબુદ્ધિ થાય છે. આપે જેટલી જેટલી હકીકત મને કહી છે તે સર્વ
" ઉપરથી મને એમ લાગે છે કે કેવળ આપના રાજ્યનું નહી પણ સર્વ
" રાજ્યોનું કલ્યાણ આ શાણા પરદેશીઓને પગલે છે, તેમની આંખમાં
" અમીદૃષ્ટિ છે, અને અંતે જય પણ તેમનો જ થશે. આ મરાઠાઓ
" અને મુસલમાનો ઈંગ્રેજ સામા ફાવ્યા તો સામાન્ય શત્રુનો નાશ થતાં
" પરસ્પર યુદ્ધ કરશે, અને તેમાં જે ફાવશે તે સર્વ રજવાડાને કનડશે
" અને શીયાળ અને વરુનું કામ કરશે."

મલ્લરાજ સૂક્ષ્મ દૃષ્ટિ કરી તાકી જોઈ રહ્યો. " હા, એમાં તો
" કાંઈ સંશય નથી. પણ ત્હારા જેવા બ્રાહ્મણો શાંતિ ઇચ્છે અને મ્હારા
" જેવા ક્ષત્રિયો યુદ્ધ ઇચ્છે અને શીકાર ઇચ્છે. જો આમાં ઈંગ્રેજ જીત્યા
" તો ક્ષત્રિયોને નામે પોક મુકવાનું થશે એમાં કાંઈ વાંધો લાગે છે?"

" ના."

" ત્યારે ?"

" ત્યારે શું? ધન્ય દહાડો ધન્ય ઘડી કે રાજાઓમાં ને પ્રજાઓમાં
" શાંતિ શાંતિ થઈ જાય! મને ઈંગ્રેજોની અમીદૃષ્ટિનો બહુ
" વિશ્વાસ છે."

" પણ સરત રાખજે કે એ પણ માણસો છે, એમને પણ પેટ

"છે, ને વાણીયા જેવાના હાથમાં આખો દેશ જશે એટલે એકલહત્થા "વાણીયા જેવું ભુંડું કોઈ નથી."

"મહારાજ, એમ ગણો પણ ઉપાય શો છે? તમે ક્ષત્રિયો એકઠા "થઈ જાવ એમ હો તો પરદેશીને ક્હાડવા લ્હડનારાઓને બંડખોર "ક્હેવા વારો કેમ આવે? કંઈક આપણામાં જ અસાધ્ય રોગ હોય "નહી તો જમનાં પગલાં આમ સંભળાય નહી."

"શું ત્હારા મનમાં એમ છે કે અમે ક્ષત્રિયો જ નકામા થઈ "ગયા છીયે?"—મલ્લરાજની આંખો રાતી થઈ ગઈ અને બ્રાહ્મણને ખભે હાથ મુક્યો.

બ્રાહ્મણ હસી પડ્યો. "મહારાજ આપના જેવા સર્વ ક્ષત્રિયો હોય "તો તો નકામા નહી. પણ સો ભુંડા કૌરવમાં એક રુડા ભીષ્મ- "પિતામહને કોણ પુછે? હજી તો કંઈક ક્હેવા જેટલા આપ છો ને કોઈ "બીજા હશે. પણ ઈંગ્રેજ હારે કે જીતે ત્હોયે જતે દિવસે શું થશે "તે જોશો."

"શું થશે?"

"મહારાજ, જોતા નથી કે કેટલીક રાણીયો વાણીયા બ્રાહ્મણને "રાજાને ઠેકાણે ગણે છે અને કેટલીક રાણીયોએ ઘાંચીમોચીને પોતાના "કુંવર બનાવી દીધા છે? આ લુટારુ ધાડપાડુ બંડખોરોમાંથી હવે કોઈ "ચક્રવર્તી મહારાજા થશે—પછી મુસલમાન હો કે સ્વામીદ્રોહી મરાઠી "બ્રાહ્મણ પેશવા હો! પણ વર્ણસંકર રાજાઓની ઉતરણને માથે જુગતો "આવે એવો મેર મુકાશે ને તે જોઈને આપના જેવા શુદ્ધ એકરંગી "ક્ષત્રિયો ખુણે ખોચલે સંતાઈ જઈ બળી મરવાના."

"ને ઈંગ્રેજ જીતશે તો શું થશે?"

"મૂર્ખ મિત્ર કરતાં ડાહ્યો દુશ્મન હજાર ગણો સારો. મહારાજ, "મરીચિ રાક્ષસને દુષ્ટ રાવણે કહ્યું કે રામને હાથે મરવા તું મૃગનું "રૂપ નહી ધરે તો હું તને મારીશ, ત્યારે મરીચિયે વિચાર્યું કે એમાંથી "એક મારશે એ સિદ્ધ હોય ત્યારે તો રામને હાથે મરવું સારું—

"रामादपि हि मर्त्तव्यं मर्त्तव्यं रावणादपि ।
"रामरावणयोर्मध्ये वरं रामो न रावणः ॥"

મલ્લરાજ તરવાર લેઈ ઉઠ્યો, બીજા ખંડમાં જતો રહ્યો, અધઘડી પછી પાછો આવ્યો અને મુખ ઉપર દૃઢતા તથા ધૈર્ય ધારી બોલ્યોઃ

"જરાશંકર, તરત ઉઠ. ગ્રેવસાહેબને મ્હારા નામનો પત્ર લખી લાવ કે
"મલ્લરાજ કંપનીસરકારને આશ્રય આપવા પોતાની સેનાસાથે સજ્જ છે."

"મહારાજ, મ્હારી બુદ્ધિ બ્રાહ્મણભાઈની—અંતે મ્હારા કહ્યા પ્રમાણે
"કર્યું કહી મ્હારો દોષ ન ક્‌હાડશો. જાતબુદ્ધિથી વિચારી જોજો."

મલ્લરાજે હાસ્ય કર્યું: "મ્હારી નોકરી કરે તેણે પોતાના ગુણ-
"દોષની વાત સાંભળવા તત્પર ર્‌હેવું જોઈએ."

"તેની ના નથી. પણ મ્હારી બુદ્ધિના દોષનું ફળ આપને મળ-
"વાનું તેની આપને સૂચના આપવી એ મ્હારો ધર્મ છે."

"હવે ખરોખર. તો જો. જે ઠરાવ હું કરું છું તેમાં દોષ ઘણા છે.
"ઈંગ્રેજી વાણીયા રજપુતોને વાણીયા કરી દેશે ને વાણીયાવિદ્યા
"રજપુતોને આવડવાની નહી એટલે આખરે હારવાનું. પણ આ
"આપણા ભાઈઓ જીત્યા તો વાંદરાના હાથમાં ન્હાનું છોકરું જાય તે
"છોકરાના જેવી સઉ નબળાઓની દશા થવાની."

"મહારાજ, હું તો એટલું સમજું કે ઈંગ્રેજો ઉંદરની પેઠ
"આપણને નિદ્રામાં રાખી ફુંકી ફુંકીને કરડશે ને આપણા લોક રીંછની
"પેઠ ઝેરી લાળ ચોપડતા ચોપડતા ઠેકાણે ઠેકાણે બચકાં ભરશે ને રીબાવી
"રીબાવીને મારશે."

"ત્યારે આપણે કાંઈ ઠગાતા નથી. એના દોષ જોતાં ઓછા દોષ
"લાગે તેની સાથે કામ પાડતાં કાંઈ બાધ નથી. ઈંગ્રેજને સાકર જાણી
"ખાતા નથી, પણ મરચાં કરતાં મરી સારાં ગણી ચાવીયે છીયે."

જરાશંકર મલ્લરાજની આજ્ઞા પાળવા ઉઠ્યો અને જતાં જતાં
મનમાં બોલ્યો:

"આહા! શું કાળબળ છે કે રજપુતોની ભૂમિમાં ઈંગ્રેજોને રાજાના
"રાજા થવાનો પ્રસંગ આવે છે? પણ નક્કી મ્હેં મ્હારા રાજાને યોગ્ય
"અભિપ્રાય જ દર્શાવ્યો છે ને આ પ્રસંગે રાજનીતિને અનુસરીને જ
"માર્ગ લીધો છે. કારણ પ્રથમ તો

"असहायः समर्थोऽपि तेजस्वी किं करिष्यति ।
"निर्वाते ज्वलितो वह्निः स्वयमेव प्रशाम्यति ॥"[1]

"સદ્‌ગુણી શુદ્ધ મલ્લરાજ પણ આમ અસહાય જ છે. આ

---

૧. તેજસ્વી સમર્થ હોય તો પણ જો સહાય વગરનો હોય તો શું
કરી શકે? પવન વિનાના દેશમાં બળતો અગ્નિ પોતાની મેળે જ શાંત થાય છે.
—પંચતંત્ર: જીવરામ શાસ્ત્રી.

" તોફાની લુટારાઓ રાજપદ પામે તો તેની મિત્રતા—ખલપ્રીતિ-કેટલો
" કાળ છાજવાની?

" अभ्रच्छाया खलप्रीतिः सिद्धमन्नं च योषितः।
" किञ्चित्कालोपभोग्यानि यौवनानि धनानि च ॥[1]

" વળી એ લોક ઉપરી થયા તો રત્નનગરીની શી દશા?

" क्षुद्रमर्थपतिं प्राप्य न्यायान्वेषणतत्परौ ।
" उभावपि क्षयं प्राप्तौ पुरा शशकपिञ्जलौ ॥[2]

" ત્યારે ઈંગ્રેજો ઉપરી થાય તો કેમ? જરાશંકર, હવે વલંદા,
" ફિરંગી, ફ્રાંસવાળા ને બીજાઓ આગળ આ ઈંગ્રેજના નામનો પણ
" મહિમા છે—એ સઉને આજસુધી પ્હોંચી વળ્યા ને હવે પછી પ્હોંચી
" વળશે; ન્હાનાં રાજ્યોને એ જ ઢાલ યોગ્ય છે.

" गुरूणां नाममात्रेऽपि गृहीते स्वामिसंभवे।
" दुष्टानां पुरतः क्षेमं तत्क्षणादेव जायते ॥[3]

" વળી આ તો ઈંગ્રેજ એટલે એક ચક્રવર્તી અને આ તોફાની
" લોક એટલે બાર પુરભૈયા અને તેર ચોકાઃ

" एक एव हितार्थो यस्तेजस्वी पार्थिवो भुवः।
" युगान्त इव भास्वन्तो बहवोऽत्र विपत्तये ॥[4]

" થોડુંક જીત્યા અને સામાન્ય શત્રુ હજી પ્રત્યક્ષ છે એટલામાં
" ફુલી ગયા તે આ લોક વિજય સંપૂર્ણ થતાં મલ્લરાજ જેવાઓની
" અને પ્રજાની શી પરવા રાખવાના હતા? કાગડાએ ઘુવડની પરીક્ષા
" કરી હતી કે—

---

૧. વાદળાંની છાયા, ખલપુરુષની પ્રીતિ, રાંધેલું અન્ન, સ્ત્રીઓ, યુવાવસ્થા, અને ધનઃ એમનો ઉપભોગ કિંચિત્ કાલસુધી જ કરવાનો છે.
—પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી.

૨. ક્ષુદ્ર અર્થપતિને પામે તેની પાસે ન્યાય ખોળવા બેસનાર સસલું અને કપિંજલ પક્ષી એ બેનોએ પ્રાચીનકાળમાં નાશ થયેલો છે. (આ એક વાત છે, તે પંચતંત્રના ત્રીજા તંત્રના ૯૧ મા શ્લોકમાં જોવી.)
—પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી.

૩. સ્વામીના સંભવનો પ્રસંગ નીકળે ત્યારે દુષ્ટાની સામે મ્હોટાઓના નામથી તત્ક્ષણ જ ક્ષેમ થાય છે. —પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી.

૪. પૃથ્વીનો રાજા જો તેજસ્વી અને એક હોય તો તે જ હિતકારક છે, પ્રલયકાલના સમયમાં તેજવાળા ઘણા સૂર્ય હોય છે, પણ તે વિપત્તિના હેતુ હોય છે. —પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી.

" स्वभावरौद्रमत्युग्रं क्रूरमप्रियदर्शनम् ।
" उलूकं नृपतिं कृत्वा का नः सिद्धिर्भविष्यति ॥[1]

" એ એવા છે તો કંપની સરકારની મિત્રતા કેવી છે? કંપની " આગળ મલ્લરાજ અસ્ત થશે ને મ્હોટાની પાછળ ન્હાનો ઘસડાશે " ને લુટાશે.

" ययोरेव समं वित्तं ययोरेव समं कुलम् ।
" तयोर्मैत्री विवाहश्च न तु पुष्टविपुष्टयोः ॥[2]

" ત્યારે મલ્લરાજને તટસ્થ રાખું ને આ નવા સંબંધનું માંડી " વળાવું? જો જય પરાજય કોનો થશે એ સમજી શકાય એમ ન હોય " તો તો એકની મિત્રતા તે બીજાની શત્રુતા, માટે તટસ્થતા જ સારી. " આપણે તો આ મહાવિગ્રહના ગુણદોષ સમજી શકતા નથી, પણ " મલ્લરાજ પરીક્ષા કરે છે કે અંતે કંપની જીતશે એ નિશ્ચિત છે– " એમની પરીક્ષા કદી ખોટી પડી નથી. આ પ્રસંગે કંપનીને આશ્રય " અપાય તો બે અર્થ સરશે. પ્રથમ તો તેમની જયતુલામાં કાંઈ સંદેહ " હશે તો એમના ભણીની તુલામાં ભાર આવશે તે કર્તવ્ય છે. બીજું " એ કે મ્હોટાઓની સાથે મિત્રતા કરી કામની નહી એ નિયમનો " અપવાદ એવો છે કે મ્હોટાઓને માથે સૂક્ષ્મ પ્રસંગ આવે ત્યારે " ન્હાનાએ કરેલો ન્હાનો સરખો ઉપકાર મ્હોટાઓને આમરણાંત બાંધી " લે છે, માટે ન્હાનાએ આવો પ્રસંગ ચુકવો નહી, આ ઉભય વિચાર " ભવિષ્યના છે અને એવા ભવિષ્યને ડાહ્યા માણસો પોતાના ભણી " ખેંચે છે. મ્હોટાઓને ન્હાનાની મિત્રતા કામની છે.—

" अपि संपूर्णतायुक्तैः कर्तव्याः सुहृदो बुधैः ।
" नदीशः परिपूर्णोपि चन्द्रोदयमपेक्षते ॥[3]

" તો મ્હોટાની પ્રીતિ સંપાદિત કરવાનો પ્રસંગ ન્હાનાઓ ચુકે તો

---

૧. સ્વભાવથી ક્રોધી, અતિઉગ્ર, ક્રૂર, અને અપ્રિય જેનું દર્શન છે એવાં, ઘુવડ ( दिवान्ध ) ને રાજા કરીશું તો આપણી શી સિદ્ધિ થવાની હતી?
—પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી.

૨. જે બે ધનમાં સમાન છે અને કુલમાં પણ સમાન છે તે બેની મધ્યે મિત્રતા તથા વિવાહ થાય તો યોગ્ય ગણાય; પરંતુ કોઈ ધનથી અથવા કુલથી મ્હોટો હોય અને બીજો એથી ન્યૂન હોય તો તે બેની જોડી બનતી નથી.
—પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી.

૩. જેનામાં કોઈ પ્રકારની ન્યૂનતા નથી એવા પણ શાણા માણસોએ મિત્રો કરી રાખવા આવશ્યક છે, જેમકે નદીઓનો ધણી સમુદ્ર પરિપૂર્ણ છે તો પણ ચંદ્રોદયની અપેક્ષા રાખે છે.
—પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી.

" તો મૂર્ખતા કે નહી! કારણથી મિત્રતા ને કારણથી વૈર–મ્હોટાની
" મિત્રતાનું કારણ આવે એટલે તે ઝડપી જ લેવું.

" कारणान्मित्रतां यान्ति कारणाद्यान्ति शत्रुताम् ।
" तस्मान्मित्रत्वमेवात्र योज्यं वैरं न धीमता ॥[1]

" મલ્લરાજે ઈંગ્રેજની પરીક્ષા કરી તે ખોટી તો ન હોય—એમની
" ક્ષત્રિય-દૃષ્ટિ પ્રબલ છે—એમને ઈંગ્રેજનો પ્રસંગ બહુ નથી પણ ચતુર
" માણસો એક ચોખો ચાંપી પરીક્ષા કરે છે.—

" सकृदपि दृष्ट्वा पुरुषं विबुधा जानन्ति सारतां तस्य ।
" हस्ततुलयाऽपि निपुणाः पलप्रमाणं विजानन्ति ॥[2]

" અને તેમાં ઈંગ્રેજની ચતુરાઈ તો આંધળાંથી પણ સમજાય એવી છે.
" મોરનાં ઈંડાં ચીતરવાં પડતાં નથી—

" विज्ञायते शिशुरजातकलापचिह्नः ।
" प्रत्यक्पदैरपसरन् सरसः कलापी ॥[3]

" એમ છતાં ઈંગ્રેજ હારવાને સરજેલા હશે તો પણ આ લાભ માટે
" આ જોખમ વ્હોરવા જેવું છે."

" ઈંગ્રેજ જીતશે ને ઉપકારને બદલે અપકાર કરશે, સર્વ આશા
" નિષ્ફળ થશે, તો પણ એવા લોકના પ્રસંગથી તેમનાં છિદ્ર અનુભ-
" વવા જેટલો તેમનો પરિચય પડવાનો તે પણ લાભ જ છે. એમને
" શત્રુ ગણો તો પણ તે આપણને મિત્ર જાણે તો તેટલાથી પણ લાભ
" છે. સામાનાં છિદ્ર જાણવાં એ તેમને જીતવાનો માર્ગ છે.

" सुसूक्ष्मेणाऽपि छिद्रेण प्रविश्याभ्यन्तरं रिपुः ।
" नाशयेच्च शनैः पश्चात्प्लवं सलिलपूरवत् ॥[4]

---

૧. પંચતંત્ર.

૨. વિદ્વાનો એક વેળા સામા પુરુષને જોઇને તેનો સાર જાણી જાય છે. જેમ કે હાથથી જોખવાની કળાથી પણ નિપુણ માણસ એક રતિપૂર ઓછું વધતું જાણી શકે છે. –પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી.

૩. જેને કળા કરવાનાં પીછાંનું ચિહ્ન પણ ઉત્પન્ન થયું નથી અને જાતે બાળક છે તો પણ સામાં પગલાં ભરવા માંડે તે પગલાંઓથી જ રસવાળો એવો જે મોર તે આ છે એમ ઓળખાઈ આવે છે.

–પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી.

૪. સામા પક્ષમાં મ્હોટા માર્ગથી જવાનું પ્રથમ જો ન બને તો ઘણે સાંકડે રસ્તેથી પણ અંદર જઈ શત્રુ તેનો નાશ કરે, જેમ કે ન્હાના છિદ્રથી નૌકાની અંદર પેઠેલું જલ મ્હોટી નૌકાને ડુબાડે છે તેમ.

–પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી.

" વળી,

" भीतभीतः पुरा शत्रुर्मन्दमन्दं विसर्पति ।
" भूमौ प्रहेलया पश्चाज्जारहस्तोऽङ्गनास्विव ॥[1]

" ઈંગ્રેજોને તો આ ક્રિયા આવડે જ છે, પણ તેમના પ્રત્યે આપણને
" એ ક્રિયા આવડવાનો પ્રસંગ પણ આમ જ છે. આવડીને કાંઈ
" આપણે તેની સાથે પ્હોંચી વળવાના નથી—પણ પ્રસંગ છે, આજ નહી
" ને સો વર્ષે શું થશે તેની સમજણ નથી—પણ તેવે કાળે પટા
" રમતાં આવડતા હશે તે તરવાર વીંઝશે. એવાની સાથે પટા રમવાનો
" લાભ મળે તે જ મહાલાભ છે."

" મિત્રતા કરવી એટલે વિશ્વાસમાં લેવાવું એમ નથી. વિશ્વા-
" સના પેટામાં અવિશ્વાસ રાખી જાગૃત રહેવું એ સર્વ રાજનીતિનું
" પ્રથમ પગલું છે."

" न विश्वसेदविश्वस्ते विश्वस्तेऽपि न विश्वसेत् ।
" विश्वासाद्भयमुत्पन्नं मूलान्यपि निकृन्तति ॥[2]
" न वध्यते ह्यविश्वस्तो दुर्वलोऽपि वलोत्कटैः ।
" विश्वस्ताश्चाशु वध्यन्ते वलवन्तोऽपि दुर्वलैः ॥[3]

" ઉપકાર, મિત્રતા, અને અવિશ્વાસ ત્રણે વાનાંની ગાંઠ પડવી જોઈએ—

" सुकृत्यं विष्णुगुप्तस्य मित्राप्तिर्भार्गवस्य च ।
" बृहस्पतेरविश्वासो नीतिसन्धिस्त्रिधा स्थितः ॥[4]

---

૧. શત્રુ અત્યંત ભય પામતો પામતો પ્રથમ ધીરે ધીરે ભૂમિપર પગલાં ભરી પ્રવેશ કરે છે અને પછી ખોંખારાબંધ ચાલે છે; જેમ જારપુરુષનો હાથ સ્ત્રીઓમાં કરે છે તેમ.

—પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી.

૨. જે માણસ સદા અવિશ્વાસુ છે તેનો વિશ્વાસ કરવો નહી, તેમ વિશ્વાસુનો પણ વિશ્વાસ કરવો નહી; વિશ્વાસમાંથી ભય ઉત્પન્ન થાય છે અને તે મૂળને પણ કાપી નાંખે છે.

—પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી.

૩. દુર્બલ છતાં અવિશ્વાસુ હોય તો તે બલવાનોથી પણ બંધાતો નથી અને વિશ્વાસુ પુરુષો બળવાળા હોય તો પણ દુર્બલ પુરુષોથી પણ તેઓ તરત બંધાઈ જાય છે.

—પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી.

૪. વિષ્ણુગુપ્તનું સુકૃત્ય, ભાર્ગવની મિત્રપ્રાપ્તિ, અને બૃહસ્પતિનો અવિશ્વાસ, એ ત્રણ પ્રકારથી નીતિના સંધિની સ્થિતિ છે.

—પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી.

" વળી,

" अविश्वासं सदा तिष्ठेत्संधिना विग्रहेण च ।
" द्वैधीभावं च संश्रित्य पार्श्वे शत्रोर्बलीयसः ॥[1]

" આ મહાસાગર જેવી કંપની, તેનો પાર પામવાને તો એવો " આરો બાંધવો જોઈએ કે તેનાં પગથીયાં છેક તળીયે પ્હોંચે અને રહે."

" कृत्वा कृत्यविदस्तीर्थैरन्तः प्रणिधयः पदम् ।
" विदांकुर्वन्तु महतस्तलं विद्विषदम्भसः ॥[2]

" આવી રીતે કંપનીસરકારનાં મર્મછિદ્ર જણાશે તો તો તેમાં બીજું " કાંઈ નહી તો મિત્રભાવની દોરી પરોવી લેઈશું! ઈશ્વર કરે ને " શત્રુભાવ ન થાય પણ મિત્રતા રાખીને પણ તેમના-આપણા સ્વાર્થમાં " વિરોધ આવતાં આપણું કામ કેમ ફ્હાડી લેવું એ પણ તેમનાં " છિદ્રમાં સૂત્ર પરોવવા જેવું જ છે.

" अत्यच्छेनाविरुद्धेन सुवृत्तेनातिचारुणा ।
" अन्तर्भिन्नेन संप्राप्तं मौक्तिकेनापि बन्धनम् ॥[3]

" આવાં અનેક ફળ આપનારું કાર્ય સાધવાનો પ્રસંગ આવે છે— " તેમાં રાજાનું તેમ પ્રજામાત્રનું કલ્યાણ લાગે છે-એ મહાકાર્ય છે-તેમાં " કડવાટ માત્ર એટલો છે કે દેશીનો દ્રોહ કરવા પરદેશીને ભેટવું " પડે છે"—જરાશંકરે ઉંડો નિઃશ્વાસ મુક્યો અને તેની આંખમાં આંસુ આવ્યાં.

" અહો! રાજ્યધર્મ અતિ દુસ્તર છે—એમાં પોતાનાં તે પારકાં " કરવાં પડે છે ને પારકાં તે પોતાનાં કરવાં પડે છે-એમાં માત્ર રાજ્યના

---

૧. બલવાન્ શત્રુ પાસે હોય ત્યારે સંધિ ને વિગ્રહનો માર્ગ રાખી નિરંતર અવિશ્વાસથી રહેવું:—સદા અવિશ્વાસ રાખવો, સંધિ પણ રાખવો; અને વિગ્રહ પણ રાખવો ને દ્વૈધીભાવનો સંશ્રય કરી વસવું.

—પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી.

૨. શત્રુરૂપ સરોવરજળમાં અંદર ઉંડાં તીર્થ (રાજાના અંગના પુરુષ અથવા પગથીયાં) રાખી, તે દ્વારાએ જળમાં પગપેસારો કરી કામ કરી લેવાનું જાણનાર દૂત પુરુષોએ આ મ્હોટા શત્રુ-જલનું તળીયું જોઈ લેવું:

—પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી.

૩. અતિસ્વચ્છ, કોઈને વિરોધ ન કરે એવું સુંવાળું, સારી રીતે વૃત્ત (ગોળ અથવા સારી વર્તણુકવાળું) અને અતિ સુંદર, એવું મૌક્તિક (મોતી મુક્તિવાળું) છે પરંતુ અંદર છિદ્ર છે તો તે બંધનને પ્રાપ્ત થાય છે.

—પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી.

" હિતનો-પ્રજાના હિતનો-સંબંધ છે અને તે સંબંધને અંગે સો કૌરવના
" કરતાં પાંચ પાંડવનો સંબંધ પ્રિયતર છે-વિશેષ ફલદાયી છે—

" सत्यधर्मविहीनेन न संदध्यात्कथंचन ।
" सुसंधितोऽप्यसाधुत्वादचिराद्याति विक्रियाम् ॥[1]

" ત્યારે આવા કાર્યને અર્થે વિષ પીવું પડે તો શું થયું ?

" कार्यस्यापेक्षया भुक्तं विषमप्यमृतायते ।
" सर्वेषां प्राणिनां यत्र नात्र कार्या विचारणा ॥[2]

" એમ જ ? ત્યારે રાજકાર્યમાં દીર્ઘસૂત્રી થવું અને કાળક્ષેપ
" કરવો એના જેવું પાપ અને હાનિકારક કાંઈ નથી.—

" शीघ्रकृत्ये समुत्पन्ने विलम्बयति यो नरः ।
" तत्कृत्ये देवता तस्य कोपाद्विघ्नं प्रयच्छति ॥[3]
" यस्य यस्य हि कार्यस्य सफलस्य विशेषतः ।
" क्षिप्रमक्रियमाणस्य कालः पिबति तद्रसम् ॥[4]

" ત્યારે તો,

" अनागतं यः कुरुते स शोभते ।
" स शोचते यो न करोत्यनागतम् ॥[5]

---

૧. સત્ય તથા ધર્મથી જે રહિત છે તેની સાથે કોઈ દિવસ સંધિ કરવો નહી; તેની સાથે કદાચિત્ સારી રીતે સંધિ કરીએ તો પણ પોતાની અસાધુતાને લીધે તે પુરુષ તરત વિક્રિયાને પ્રાપ્ત થાય છે.

—પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી.

૨. જ્યાં સર્વ પ્રાણીઓના કાર્યની અપેક્ષાથી ખાધેલું વિષ પણ અમૃત થઈ જાય છે, ત્યાં કાંઈ વિચાર કરવો નહી; (અર્થાત્ તે વિષે કાંઈ પણ વિચાર કર્યા વિના પી જવું.) —પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી.

૩. ઉતાવળથી કરવાનું કાર્ય પાસે આવે તેમાં જે મનુષ્ય વિલંબ કરે છે તેના તે કાર્યમાં દેવતા કોપ કરી વિઘ્ન નાંખે છે.

—પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી.

૪. જે જે કાંઈ કર્તવ્ય—કરવા જેવું—છે અને તેમાં વળી વિશેષે કરીને જે કાર્ય સફલ થતું આવે છે. તે કાર્ય જો શીઘ્ર કરવામાં આવતું નથી તો તે કાર્યનો રસ કાલ પોતે પી જાય છે (અર્થાત્ તે કાર્ય રસવગરનું થાય છે ને પરિણામમાં બગડી જાય છે.) —પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી.

૫. જે કાર્ય અનાગત છે—પાસે આવેલું—નથી, તેની જે પુરુષ તે કાળે એટલે પ્રથમથી યોજના કરે છે તે શોભાનું પાત્ર થાય છે અને તેવી રીતે જે નથી કરતા તે શોકને પાત્ર થાય છે. —પંચતંત્રઃ જીવરામ શાસ્ત્રી.

"આગામિબુદ્ધિ રાખી વેળાસર ચેતવું, અને

**का हानिः समयच्युति?**[1]

"હવે તો એવા ધૈર્યથી કામ કરવું કે વટ-વાનરને અભિનંદન
"મળ્યું હતું તેવું મને મળે અને મલ્લરાજ કહે કે—

**"हतः शत्रुः कृतं मित्रं रत्नमाला न हारिता।**

**"नालेनास्वादितं तोयं साधु भो वटवानर॥"**[2]

આવા અનેક સંકલ્પ કરી, અંતે આવો સિદ્ધાંત કરી, શૂર મલ્લરાજનો નીતિપ્રવીણ પ્રધાન સ્વામીની આજ્ઞા પ્રમાણે પત્ર લખવા ચાલ્યો.

આણી પાસ મલ્લરાજે પણ ધારેલી રચના સ્થાણુખનન ન્યાયે ફરી ફરી તપાસી અને અનુકૂલ ગણી.

"રાજાઓને આખરનો સંબંધ ભૂમિ સાથે પણ નથી. કીયા
"રાજાના પૂર્વજો પરદેશી ન હતા? કીયા રાજાના વંશજો આપ-
"દાદાની ભૂમિને યાવચ્ચંદ્રદિવાકર વળગી કે સાચવી રાખવાના છે?

---

૧. સમય ખોયો તો પછી એથી મ્હોટી શી હાનિ થવાની હતી?

૨. શત્રુ હણાયો, મિત્ર કર્યો, રત્નની માળા ગુમાવી નહી, અને કમળનાળથી જળપાન કરી લીધું. એ સર્વ કાર્ય સાથે લાગાં સાધનાર હે વડના ઝાડ ઉપરના વાનર! તને વાહવાહ છે.—પંચતંત્રના ત્રીજા તંત્રમાં આ વાનરની કથા છેઃ–જીવરામ શાસ્ત્રી.

* The Minister Azeem Ul Omrah had, however, no easy task to conquer the prejudices of his sovereign, the Nizam, against such an alliance which, that Monarch argued, would, from the inequality of the parties, early terminate in rendering his dominions virtually dependent for their future security upon the British Government. This the Minister admitted, but he contended * * * that, as it was clear that the situation of the State of Hyderabad was such as to make it impossile to remain without the alliance of some one of those Powers, it was assuredly wise to prefer a connection with a Government which brought with its protection the substantial blessings of security and peace, to the nominal friendship of Powers, whose professed objects were plunder and conquest, and who had repeatedly shown that they held in contempt even the forms of public faith. The Nizam's prejudices and fears were at last subdued by this reasoning:—*John Malcolm's Political History* of *India.*

" બ્રાહ્મણોના અને ક્ષત્રિયોના ધર્મ ઘણી રીતે મળતા છે. એકનો એક
" આત્મા એક ખોળીયું બદલી બીજા ખોળીયામાં પેસે એવો ધર્મ
" બ્રાહ્મણો સમજાવે છે તેમ અમારો વંશ એ અમારો આત્મા અને
" દેશ એ ખોળીયું. તે એક ખોળીયાનું આયુષ્ય પૂર્ણ થાય અને એ
" ખોળીયું પડે એટલે બીજું ખોળવું અને ખોળીયાનું આયુષ્ય બને
" એટલું વધારવું."

" રાજાઓનો સંબંધ માણસો સાથે પણ નથી. શાસ્ત્રી મહારાજ
" શ્લોક કહે છે કે રાજા કોઈના મિત્ર નથી. જરાશંકર આ ઉપરથી
" મશ્કરી કરે છે કે રાજાઓનો વિશ્વાસ ન કરવો. ખરી વાત છે.
" માબાપને મન દીકરો ગાંડો મૂર્ખ કે લુચ્ચો હોય તોપણ એ લોહીનો
" સંબંધ છુટતો નથી ને દીકરાના દોષ વસતા નથી. દીકરાઓ આથી
" માબાપનો વિશ્વાસ કરે તે બરોબર; પણ રાજા તો ગુણના સગા અને
" દોષના શત્રુ, તેને મન પાટવીકુમાર પણ એક લોહીનો નથી તો
" સેવક—ક્યાંથી હોય? માણસમાત્રે એમ ગણવું કે રાજા મ્હારા ગુણનો
" સગો છે—મ્હારી જાતનો સગો નથી. તેના ગુણ વિશ્વાસયોગ્ય હશે
" ત્યાં સુધી તેની ને રાજાની વચ્ચે વિશ્વાસ; બીજી રીતે વિશ્વાસ
" નહી. જે રાજા રાણીને કે કુમારને કે પ્રધાનને સગાં માને છે તે
" રાજા નથી. માણસમાત્રમાં ગુણ કરમાય એટલે વાસના વગરના
" કરમાયલાં ફુલ પેઠે તે માણસને રાજાએ રાજકાર્યમાંથી દૂર કરવો
" અને દોષ હોય તો શિક્ષા સુદ્ધાંત કરવી."

" જ્યારે આમ છે તો આ ગર્ભચોર બંડખોરો સાથે કે આખા
" હીંદુસ્થાન સાથે મહારાજને સંબંધ નથી: રાજા રાજકાર્યનો સગો છે.
" કંપની સરકારને દેશ જીતતાં આવડ્યો, દેશ રાખતાં આવડ્યો, સામ-
" દામ ભેદ અને દંડ આવડ્યાં, વૈરને ઠેકાણે વૈર અને મિત્રતાને ઠેકાણે
" મિત્રતા આવડી, પઈસા કમાતાં આવડ્યા, ખરચતાં આવડ્યા, ખુશા-
" મત આવડી, મુસલમાની આવડી, વાણીયાવિદ્યા આવડી, બ્રાહ્મણ-
" પણું આવડ્યું, યુદ્ધ-કળા આવડી, યુદ્ધબળ અજમાવતાં આવડ્યું,
" રાજનીતિ આવડી, રક્ષણ કરતાં આવડ્યું અને મુંબાઈ જેવા ગામડાને
" વિશાળ નગરી કરતાં આવડી. એમના પાંચ હજાર માણસો—બળથી
" નહી પણ કળથી—પંદર હજારને હડાવે છે. એમને ઉદારતા આવડે છે,
" કંજુસાઈ આવડે છે, લુચ્ચાઈ આવડે છે, લુટતાં આવડે છે, સ્વાર્થ સમજે
" છે, ને પરમાર્થ પણ સમજે છે. એ જીતવાના નક્કી, એમની સાથે

"સંબંધ બાંધવામાં ચતુરાઈ છે અને રજપુતાઈ છે. એ નહી જીતે
"તો રત્નનગરી જાળવવા મ્હારે લ્હડવું પડે અને લ્હડતાં ખોવી પડે—
"એમાં શી મ્હોટી વાત છે ? જીતશે તો એ મહાગુણવાળાના સંબંધથી
"મ્હારા વંશજોમાં ગુણ આવશે, મ્હારી રત્નનગરીમાં મનુષ્યરત્ન પાકશે.
"સારું થશે તો એ ફળ છે; ખોટું થશે તો આ શરીરને રણની
"રેતીમાં પડવું એ મહાફળ છે. એમની સાથે સંબંધ બાંધી બળવાન
"પાડોશીના નબળા પાડોશીની દશા થશે તો કંપની સરકાર જેવા રાજ-
"યોદ્ધાઓ સાથે મ્હારા પુત્રો અને પ્રધાનો બુદ્ધિબળની યુદ્ધકળા અજ-
"માવશે, અજમાવતાં ઘડાશે અને વધશે, અને એ માનસિક રણજંગના
"જંગી થશે. કુલ સર્વ લોકને માથે ચ્હડે કે વનની ધુળમાં પડે[1] તેમ
"કરવાનો લોભ મ્હારાં બાળકોને થાય તો એ પણ રાજાઓનો ખેલ છે !"

## પ્રકરણ ૮.

### મલ્લરાજ અને તેનાં રત્ન.

મલ્લરાજની ચીઠ્ઠી બ્રેવ ઉપર ગઈ તે દિવસ એ રજપૂત રાજાએ અનેક વિચારો અને ચિંતાઓમાં ગાળ્યો. પરદેશીઓને ફ્હાડી એ મ્લેચ્છોના હાથમાંથી આખો દેશ દેશીઓને હાથે પાછો આવવાનો સમય આવે તેવે કાળે મ્લેચ્છો સાથે સંબંધ બાંધ્યો પ્રસિદ્ધ થશે તેની સાથે નાતજાતમાં, રજવાડાઓમાં, અને દેશવિદેશમાં અપકીર્તિ થવાની એ નક્કી. ક્ષત્રિય રાજાને એ અપકીર્તિના વિચારથી ત્રાસ પડ્યો. પણ કાર્યસિદ્ધિનો વિચાર થતાં, ભવિષ્યનો વિચાર પાછો ઉદય પામતાં, આ ત્રાસ શાંત થયો. આ ત્રાસ અને આ શાંતિ મલ્લરાજને વારાફરતી થકવવા લાગ્યાં.

ચીઠ્ઠી બપોરે મોકલી હશે. છેક સંધ્યાકાળ વીતતાં એનો એક દૂત આવ્યો અને દૂતની સાથે રાજાનો પ્રિય ભાયાત સામંત આવ્યો. આ કાળે રાજા પોતાના વિશાળ ખંડમાં ગાદીતકીયે બેઠો હતો અને એક હુકાની મ્હોટી નળીમાંથી ઘડી ઘડી ધૂમ્રપાન કરતો હતો. એને કપાળે પરસેવો પુષ્કળ વળ્યો હતો તેનું એને ભાન ન હતું. એક

૧. નીતિશતક ઉપરથી.

હાથમાં હુકાની નળી તો બીજામાં તરવારની મુઠ, અને એકમાં મુઠ તો બીજામાં નળી, એમ વારંવાર હાથની અદલાબદલી થતી હતી. દૂત અને સામંત સામા આવી બેઠા પણ મલ્લરાજે તેમને દીઠા નહી અથવા દીઠા છતાં તેમના સામું જોયું નહી. થોડીક વાર વાટ જોઈ સામંત બોલી ઉઠ્યો.

"મહારાજ, હવે જે વિચાર કરવો હોય તે કરો. કાનપુર આગળ "જંગ મચ્યો છે. ફતેહપુરના જડજ સાહેબ ઉપર ફોજદારી ચલાવી "તેના શરીરના કડકે કડકા કરી લોકમાં વેર્યા. કંપની સરકારનું "રાજ્ય ગયું!"

મલ્લરાજે ઓઠ પીસ્યાઃ "જડજ એ લોકના બ્રાહ્મણ તેને બાયલાઓએ માર્યા!—જડજ સાહેબ અમથા પકડાયા કે બે ચારને મારીને?"

"માર્યા વગર કોઈ ઈંગ્રેજ પકડાય છે?"

"જેના બ્રાહ્મણ એવા છે તેના રજપૂત સાથે લ્હડતાં કેવો વખત "આવશે? વારુ, તેના શરીરના કડકા લોકમાં વેરનાર તે તે રજપુત "હતો કે બીજો કોઈ?"

"રજપુત કોઈ દિવસ મડદાં સાથે વેર રાખે છે?"

મલ્લરાજ જરાક આડો પડ્યો, નળી મ્હોંમાંથી છેટે નાંખી, અને બોલ્યો: "હં! ત્યારે રજપુત થઈને આવાં અધર્મીઓના પાસામાં પેંસતાં "શરમ નથી આવતી?"

"મહારાજ, મને ખબર નહી કે તમે એટલામાં ઈંગ્રેજના થઈ "ગયા હશો. જે થવું હોય તે થાવ. પણ તાત્યાટોપીનાં માણસો "રત્નગરીથી વીશ ગાઉ ઉપર પડ્યાં છે ને તેમનો ઉપરી સંદેશો "ક્હાવે છે તે આ આપણો દૂત ક્હેશે"

દૂત સમાચાર ક્હેવા લાગ્યો:

"મહારાજ, રત્નગરીથી વીશ ગાઉને છેટે આજ સાંજે તાત્યા- "ટોપીનાં ત્રણ હજાર માણસનો કાફલો આવી પડ્યો છે. પાછળ "બીજાં માણસ આવશે એમ ક્હેવાય છે. વસ્તી પાસે માણસોને "વાસ્તે અન્ન અને ઘોડાઓને વાસ્તે ચંદી માગે છે, લીધેલા માલના "પૈસા આપે છે, ને ક્હે છે કે અમે વસ્તીને હેરાન કરવા નથી "આવ્યા પણ અમને ખાવાનું પૈસા આપતાં નહી મળે તો જોરથી "મફત લેઈશું. સવારના પ્હોરમાં આપણા નગરની હદમાં આવી "પડશે એમ લાગે છે."

"બીજું કાંઈ? મલ્લરાજે ઉતાવળથી પુછયું.

"ના, જી. પણ એ લોકો એટલું ક્‌હેતા સંભળાય છે કે અમે "અમારા દેશીરાજાઓની મિત્રતા ચાહીયે છીયે, અને જે દેશીઓ "પરદેશીને આશ્રય આપે છે તે રાજ્ય સર કરીએ છીએ."

"બહુ સારું. તું પાછો જા, અને તેમની હીલચાલ જોતો ર્‌હેજે. "મધ્યરાત્રે તેમ પાછલી રાત્રે એમ બે વખત તો તેમના સમાચાર "અવશ્ય મળવા જોઈએ."

"જેવી આજ્ઞા" કહી દૂત ગયો. મલ્લરાજ ઉભો થયો અને સામંતને કહ્યું. "સામંત, અત્યારે ને અત્યારે આ નગરીમાં હોય એટલા "સર્વ ભાયાતને અને સેનાધ્યક્ષને એક ઘડીમાં બોલાવી લાવ."

સામંત વિચારમાં પડ્યો. મલ્લરાજ અધીરો થઈ બોલ્યો: "કેમ "વિચારમાં પડ્યો? આ કાળ વિચારનો નથી. અને તેટલી ત્વરાથી "નિર્ણય કરવો જરુરનો છે."

"મહારાજ તાત્યાનો સરદાર આપણી સાથે લ્હડવા નથી "આવ્યો, આશ્રય માગવા આવ્યો છે."

"ને આશ્રય ન મળે તો લ્હડવા આવ્યો છે.

"પણ આશ્રય આપવામાં કાંઈ વાંધો છે?"

"તે વિચાર પછી થશે. સઉનો અભિપ્રાય લેઈશું. હાલ તો "લ્હડવાને સજ્જ થવામાં આળસ કરવાનું નથી. તરત! જા!"

સામંતે મલ્લરાજના મુખ સામું જોયું, જોઈ રહ્યો, પ્રથમ પગ ઉપાડતાં વાર લગાડી, પછી પાછો ફરી ત્વરાથી બ્હાર નીકળી ચાલ્યો.

મલ્લરાજે એકદમ જરાશંકરને તેડવા માણસ મોકલ્યું—માણસને આજ્ઞા થતાં પ્હેલાં જરાશંકરે બારણેથી અંદર આવવા આજ્ઞા મંગાવી. મલ્લરાજ આજ્ઞા આપતાં આપતાં પ્રસન્ન થયો અને બોલ્યો: "શકુન તો "સારા થાય છે, વાહ, જરાશંકર વાહ! શી ચિંતા કરનારો પ્રધાન! "તું નક્કી આટલા વાસ્તે જ આવે છે!—પણ મ્હારા ઘરમાં ફાટ પડવાની "બ્હીક છે. મ્હેં કંપની સરકારનો સાથ ઇષ્ટ ગણ્યો છે—સામંત અને એવા "બીજાઓને ઉલટી વાત ઇષ્ટ છે. યુદ્ધ કરવાને પ્રસંગે પાસવાનો "વિરોધી થાય તે ખોટું. તેનો ઉપાય કરવો પડશે. રજપુતના મુખમાંથી "શબ્દ નીકળ્યો તે નીકળ્યો. કંપની વાસ્તે લ્હડવું ને કંપનીને વાસ્તે "મરવું—કરેલો ઠરાવ ને બોલેલું વચન યોગ્ય હો કે અયોગ્ય હો—એ

" વિચાર હવે કરવાનો નથી – મલ્લરાજના મુખમાંથી વચન નીકળી
" ચુક્યું – મેરુ ચળે ને સમુદ્ર માઝા મુકે પણ મલ્લરાજનું વચન ન
" ફરે. યુદ્ધ થવાનું નક્કી !" યુદ્ધનો વિચાર ચમકતાં મલ્લરાજને ક્ષાત્ર ઉત્સાહ ચ્હડ્યો. એના પગ ફાળ મારવા તત્પર થઈ રહ્યા, ઓઠ ઉત્સાહથી સ્ફુરવા લાગ્યા, અને જમણો હાથ તરવાર અને તેની મુઠ ઉપર નૃત્ય કરી રહ્યો.

જરાશંકર અંદર આવ્યો. તેની સલામ થતાં પ્હેલાં મલ્લરાજે તેને ખભે હાથ મુક્યો.

" કેમ જરાશંકર, યુદ્ધનો પ્રસંગ આવ્યો ?"

" મહારાજ, તે તો આપના હાથની વાત છે."

" પણ આપણે વિચાર કરી નિર્ણય કરી ચુક્યા છીયે."

" હાજી, પણ આપણા ભાયાતોનો વિચાર જુદો છે."

" તેમને કોણે વિચાર કરાવ્યો ?"

" જેનો સ્વાર્થ હોય તેણે. આપની અને સામંતની વચ્ચેની કથા
" પ્રસિદ્ધ થઈ ચુકી છે. યુદ્ધ કરવું એ તો નક્કી છે. આપનો વિચાર
" દેશીઓ સાથે યુદ્ધ કરવાનો છે, ભાયાતો ધારે છે કે પરદેશીયો સાથે
" કરવું. ભાયાતોના આશ્રય વિના સેના ક્યાં છે ?"

મલ્લરાજ કેડેપર બે હાથ દઈ ખડખડ હસી પડ્યો. " ત્હેં
" મ્હારા ભાયાતોને હજી ઓળખ્યા નથી. પણ મલ્લરાજે કરેલો વિચાર
" અને બોલેલો બોલ પાછો ફરે એમ નથી—તે વીશે કાંઈ વિચારવાનું
" જ નથી—હવે શું કરવું તે બોલ."

" મહારાજ, સામંતને આજ્ઞા કરી છે તે સઉને બોલાવી લાવે
" તે સઉ આવે એટલે ભેગા મેળવી અભિપ્રાય પુછશો તો એક જ
" અભિપ્રાય આવશે અને તે આપને ભારે પડશે. માટે સઉને જુદા
" જુદા એકાંતમાં બોલાવી જેનો અભિપ્રાય જુદો પડે તેને—"

" નજરકેદ રાખી અથવા મ્હેલમાં કેદ રાખી, બીજાઓને સાથે
" લેઈ, બંડખોરો ઉપર ચ્હડી જવું ?"

" ક્ષમા ! મહારાજ ! એ મારો મન્ત્ર — રાજા અને પ્રધાન
" સ્વામી અને સેવક – નું હૃદય કેવું એક છે ?"

મલ્લરાજ ફરી હસ્યો.

" મહારાજ, આ પ્રસંગ સૂક્ષ્મ છે – હાસ્યનો નથી."

"નથી તો કરી દેઈશું. જરાશંકર, સર્વ વિચારને પ્રસંગે ત્હારું
"કામ; કાર્યભારના વિચાર[1] તેમ આચારને[2] પ્રસંગે ત્હારું કામ; આજ
"આપણે કરેલા વિચાર[1] આચાર[2] યુદ્ધપ્રસંગે કરવો પડે ત્યાં ત્હારું
"નહી પણ ક્ષત્રિયનું કામ. હવે જે ચતુરંગ[3] રમવાનો છે તે બાજી
"આગળથી તું ખસી જા, મને રમવા દે, અને તું માત્ર જોયાં કર.
"મ્હારા ભાયાતો આવે પ્રસંગે મ્હારી મુછના "બાલ"[4] છે તેમને
"હું આમળો કેમ દેઉં છું અને વળ કેમ ચ્હડાવું છું તે જોયાં કર.
"**મલ્લરાજ** પોતાના ભાયાતોને દગો નહીં દે — કેદ નહી કરે. એ
"મ્હારા પાણીદાર તેજવાળા ઘોડા છે — તે મ્હારી સ્વારી કેમ નીભાવે
"છે — તે જોવાનું જોજે."

થોડી વારમાં એક પછી એક ભાયાતો અને રજપુતો આવી ગયા અને **મલ્લરાજ**ની ગાદીની આસપાસ આખા ખંડમાં વીરાસન વાળી સર્વ શૂરાઓ બેસી ગયા. **મલ્લરાજ**ની ગાદી ઉંચી હતી. તેના તકીયા પાછળ જરાશંકર બેઠો હતો. તેની પાછળ મ્હોટી મસાલો લેઈ બે હજામો ઉભા હતા; તે મસાલો આગળ ખંડમાંના બે ચાર દીવા ઝાંખા થઈ ગયા. મસાલોનો પ્રકાશ **મલ્લરાજ**ના સામે બેઠેલા સર્વ મંડળનાં ઉશ્કેરાયલાં અને આતુર મુખો ઉપર પડી તે મુખવાળા રજપુતોના અંતર્વિકારનું **મલ્લરાજ**ના હૃદયમાં ભાન કરાવતો હતો. થોડીવારમાં સર્વ મંડળ સ્તબ્ધ થઈ ગયું. રાત્રિના શૂન્ય [5]મૌનમાં સર્વ વીરોનું સગર્ભ મૌન ભળ્યું. **મલ્લરાજે** તે મૌન તોડ્યું.

"**ભાઇઓ:**—" રાજાને મુખે માત્ર યુદ્ધપ્રસંગે જ "ભાઈ" સંબોધન નીકળતું અને તે ભાયાતો આગળ જ ઉચ્ચારાતું. આ સંબોધનના સર્વ સંસ્કારો, તેમના હૃદયમાં જાગી, **મલ્લરાજ** ઉપર શૂરોની પ્રીતિ, આતુરતા, અને યુદ્ધસમયની રાજભક્તિની ધારાઓને, તેમનાં ક્ષાત્ર લોચનોમાંથી, છોડવા લાગ્યા. હૃદયમાં ક્ષાત્ર વિકારોનું બીજ રોપાતાં મસ્તિકમાં ઘેરથી ભરી રાખેલો વિચારસંગ્રહ ભુલાઈ જવા લાગ્યો. **મલ્લરાજે** વાગ્ધારા ચલાવી.

"ભાઈઓ, યુદ્ધનો પ્રસંગ આવ્યો છે. **સામંત** સમાચાર લાવ્યો
"છે કે **તાત્યાટોપી**નાં માણસ, રત્નનગરી પાસે આવી પહ્યાં છે — **મલ્લ-**
"**રાજ** તેમનાથી ડરી જઈ તેમની સાથે મળી જવા માગતો નથી. એ
"આજકાલના લુટારાઓ સાથે સૂર્યવંશનું તેજ ભળવાનું નથી. ભાઈઓ,

---

૧. Design. ૨. Execution. ૩. શેતરંજ. ૪ વાળ. ૫. Silence. ચુપકી.

"રત્નનગરીના સૂર્યવંશી નાગરાજે સૂર્યવંશી શ્રીરામજીના સુગ્રીવજી
"સાથે કળજુગમાં સંધિ કરેલો છે, અને રત્નનગરીમાં આપનો બોલ
"દીકરો તોડતો નથી અને રાજાનો બોલ ભાયાત તોડતા નથી. નાગ-
"રાજનો દીકરો મલ્લરાજ ને મલ્લરાજના ભાયાત તમે. આમાં તમારે
"મને પુછવાનું નથી ને મ્હારે તમને પુછવાનું નથી. નાગરાજનો
"બોલ હું પાળીશ ને મ્હારો બોલ તમે મ્હારા ભાઈઓ પાળશો એમાં
"વિચારવાનું શું ને પુછવાનું શું? માટે ઉઠો, ને આઇડીયો જેવાંનાં
"ટાયલાં ને વાણીયા જેવાના વિચાર સાંભળવા પડતા મુકી પોતપો-
"તાના રસાલા લેઈ બે ઘડીમાં પાછા આવો, અને ધન્ય દ્હાડો ધન્ય
"ઘડી કે યુદ્ધ પાસે આવે છે ત્યાં ઘોડાઓને મારી મુકીયે અને તરવારો
"અને બંધુકોને શત્રુનાં શરીર ઉપર રમાડીયે. ઉઠો, મલ્લરાજની
"મુછના વાળ! ઘણે વર્ષે આ યુદ્ધનો વારો આવે છે; ને રજપૂતની
"લક્ષ્મી, તમને શત્રુના લોહીના ચાંલા કરવા એ લોહીમાં બોળેલા
"હાથ ઉભા રાખી, ઉભી રહી છે!"

બીજાને ઉશ્કેરવા બોલતો બોલતો મલ્લરાજ જ પોતાના બોલથી ઉશ્કેરાઈ ગયો, અને ઉભો થયો! મ્યાનમાંથી તરવાર કહાડી કોઈને મારવા જતો હોય તેમ ઉંચી કરી, બોલ્યોઃ "ચલો, ભા, ચલો"—

તે ઉભો થયો તેની સાથે સઉ મંડળ ઉભું થયું અને તેની પેઠે ઉશ્કેરાયું. એક જણે બુમ પાડીઃ "ખમા મહારાજ મલ્લરાજને!" સર્વના વિચાર વેરાઈ ગયા અને રાજભક્ત શૂર પુરુષો રાજાના વચનને પાળવા ઉત્સાહથી રાજમંદિરના દ્વારની બ્હાર ચાલવા લાગ્યા.

અંદર માત્ર મલ્લરાજ અને જરાશંકર રહ્યા. દ્વાર સુધી સઉની પાછળ જઈ સામંત પાછો વળ્યો. તેના મુખ ઉપર પરસેવો વળ્યો હતો, તેની આંખો લાલ ચોળ થઈ હતી, અને તેને શૌર્ય ચ્હડ્યું કે ક્રોધ ચ્હડ્યો હતો તે કળવું કઠણ થઈ પડ્યું. પણ તે મલ્લરાજ પાસે બોલી શક્યો નહી.

મલ્લરાજે પુછ્યું-"કેમ સામંત, શા વિચારમાં પાછો વળે છે?"

શરીરે કોપ પણ શબ્દમાં નરમ પડી સામંત બોલ્યોઃ "મહા-
"રાજ, બહુ વસમું કર્યું. સઉના અભિપ્રાય લેવા તેમને તેડવા મને
"મોકલ્યો હતો—મ્હેં એમ જાણ્યું ન હતું કે આપ એકદમ આજ્ઞા
"આપી બેસશો!—મહારાજ! ઘણું સાહસ થયું." લોખંડના ભારે પાંચશેરા ફેંકવામાં આવતા હોય તેમ સામંતના શબ્દ અચકાઈ અચકાઈ ધીમે ધીમે પણ અત્યંત ભાર સાથે એક પછી એક નીકળ્યા.

મલ્લરાજે તેને શાંત પાડવા માંડ્યોઃ “સામંત, ધીરો પડ. ચાલ, “બેસ, અને જરા શ્વાસ ખા.”

સઉ બેઠા. સામંતે ઉત્તર ન દીધો. આડુ જોઈ રહ્યો. મલ્લરાજ તેને મનાવવા લાગ્યો.

“સામંત! મ્હેં બહુ વિચાર કરી કામ કર્યું છે. મારી ખાતરી “છે કે મ્હારું કારણ જાણીશ ત્યારે તું મને ખરો કહીશ. પણ ધાર “કે આપણા મત જુદા પડ્યા તો તું ત્હારા મત પ્રમાણે વર્તશે કે “મ્હારા મત પ્રમાણે? ક્‌હે, વારુ, ખરો ઉત્તર દે કે ત્હારા ઉપર “મ્હારો અધિકાર કેટલો તે જણાય. જો, ત્હારી રાજભક્તિ ઉપર— “ત્હારી પ્રીતિ ઉપર—મ્હારે અધિકાર ન હોય તો તો ત્હારા ઉપર “આજ્ઞા ન કરતાં મ્હારા મતનું ખરાપણું સમજાવું.”

સામતનું શરીર તેમ મન આ શબ્દોથી કેવળ શિથિલ બની ગયું. મલ્લરાજના મુખ આગળ પળવારમાં તે ગરીબ ગાય જેવો થઈ ગયો અને તેને ખોળે પાઘડી ઉતારી બોલ્યો.

“મહારાજ, ક્ષમા કરો મ્હારો અપરાધ. આપની આજ્ઞા નહી “પાળું તો કોની પાળીશ? અરેરે, મ્હારો અભિપ્રાય ગમે તે હો પણ “આપની આજ્ઞા જણાયા પછી જો હું એ અભિપ્રાયને અનુસરું તો “આપની આજ્ઞાભંગ કરનાર આ રાજદ્રોહી શિરનો છેદ થવો જોઈએ.”

વળી હાથ જોડી બોલ્યોઃ “મહારાજ, હવે તો આજ્ઞા આપો તો “સર્વે મંડળ આપની આજ્ઞા પાળવા ગયું છે તેમાં હું પાછળ ન પડું.”

“વાહ, મ્હારા વ્હાલા સામંત, વાહ! તું મ્હારા રાજ્યનો મહાન્ “સ્તંભ છે, મ્હારી સેનાના મુખનો અગ્રણી હાથી છે. હું તને આજ્ઞા “આપીશ જ. દશરથનો બોલ રામજીએ પાળ્યો ને રામજીનો બોલ “લક્ષ્મણજી ને ભરતજીએ પાળ્યો તેમ નાગરાજનો બોલ હું પાળું ને “મ્હારો બોલ તું પાળે એ સુરજકુળનો અસલ મહિમા છે.”

“મહારાજ, આજ્ઞા આપો—શા વાસ્તે મ્હારી ભક્તિ દેખાડવાના “સમયમાં વિલંબ કરો છો?”

“સામંત, મ્હારા કરતાં તું ચાર વર્ષ મ્હોટો છે. દુર્યોધનને ત્યાં “ભીષ્મપિતામહ હતા તેમ મારે ત્યાં તું છે. ત્હારી ભક્તિપર જેવો “મ્હારો વિશ્વાસ છે તેવો ત્હારા અભિપ્રાય ઉપર પણ છે.”

સામંત કંપવા લાગ્યો—તેણે પોતાને કાને હાથ મુક્યા—પછી

મલ્લરાજને પગે મુક્યાઃ “ ખમા ! ખમા ! — મહારાજ ક્ષમા કરો !
“ આપ દુર્યોધનની પેઠે અધર્મની આજ્ઞા આપો એવો લેશમાત્ર પણ
“ મને સંશય હોય તો મને બ્રહ્મહત્યાનું પાપ – આ પ્રધાનજી જેવા શુદ્ધ
“ બ્રાહ્મણના સમક્ષ સોગન ખાઉં છું.”

“ જરાશંકર, દુર્યોધનને કર્ણ પ્રધાનતુલ્ય હતો અને મ્હારો તો તું
“ પ્રધાન જ છે; ત્હારા સોગન સામંત ખાય ત્યારે ના કેમ કહેવાય ?”
મલ્લરાજે હસતાં હસતાં હુક્કો પાસે લીધો.

સામંત વધારે ગભરાયો. “ હરિ ! હરિ ! મહારાજ મને પ્રત્યક્ષ
“ શિક્ષા કરી હત તો હું પ્રાયશ્ચિત્ત જેવી ગણત, પણ આ બહુ વસમી
“ પડે છે. સત્ય બોલુંછું; જરાશંકરે આપને અભિપ્રાય આપ્યો હશે,
“ આપે તે સ્વીકાર્યો હશે, અને મ્હારાથી તે જુદો હશે, તોપણ, હે
“ ગોબ્રાહ્મણપતિપાળ, એ અભિપ્રાય ધર્મને અનુસરીને જ હશે એવો
“ મને વિશ્વાસ છે — દૃઢ વિશ્વાસ છે. વળી બીજું એ બ્રાહ્મણે મ્હારા
“ શિરચ્છેદનો અભિપ્રાય આપ્યો હોય ને આપે સ્વીકાર્યો હોય તો પણ
“ રાજ્યનો મંત્રી રાજાને માર્ગ બતાવે તેટલા સારુ એ મંત્રીને દૂરથી
“ પણ ભય દર્શાવે તે ગ્રાસીયો રાજાની થાળીમાંથી રાજાના પ્રસાદરૂપ
“ મળેલો ગ્રાસ નથી ખાતો પણ ધુળ ફાકે છે. મહારાજ, મ્હેં જરા-
“ શંકરના સોગન કુડકપટથી નથી ખાધા.”

મલ્લરાજ પ્રસન્ન થયો. “ સામંત, હું ત્હારા ઉપર પ્રસન્ન છું.
“ પણ મ્હારા વિચારનું કારણ જાણીને જા.”

“ મહારાજ ! મ્હારો અભિપ્રાય વિરુદ્ધ હોવા છતાં, આપની
“ આજ્ઞાનું કારણ રજ પણ ન જાણવા છતાં, મ્હારા રાજા અને તેના
“ મંત્રીના મંત્ર તોડવાની જરી પણ વાસના ન રાખતાં, એ મંત્રના
“ ફળરૂપ આપની આજ્ઞાને અંતઃકરણથી પાળું તો મ્હારી રાજભક્તિ પૂર્ણ
“ ફળવાળી થાય, માટે હવે મને આજ્ઞા જ આપો અને તે દૃઢ શ્રદ્ધાથી
“ પળાયલી જ જુવો. એ મહાકૃપા મ્હારા ઉપર કરો.”

મલ્લરાજ સામંતને ભેટી પડ્યો, “ જા બાપુ, જા. જ્યાં સુધી ત્હારાં
“ જેવાં રત્ન રત્નનગરીમાં પાકે છે ત્યાં સુધી – તું જે મહાકૃપા મ્હારી
“ પાસે માગે છે તેથી અનેક અધિક – મહાકૃપા મ્હારાપર ઈશ્વર રાખે છે.”

રાજાની બાથમાંથી છુટી સામંત પ્રસન્ન ચિત્તે રાજમંદિરના
દ્વારમાંથી નીકળ્યો.

“ જરાશંકર, જોયાં આ મારી રત્નનગરીનાં રત્ન ? મ્હેં તને

“ પ્રધાનપદ આપ્યું છે તે એટલા માટે કે આવાં આવાં મ્હારાં રત્નોની
“ પરીક્ષા તું કરી રાખે અને જે કાળે હું મ્હારા પૂર્વજોના ભેગો
“ શ્મશાનગામી થઈ ગયો હઉં તે કાળે મ્હારા પુત્રને આ પુરુષરત્નોની
“ પરીક્ષા કરતાં તું શીખવે. પરદેશમાં પુરુષરત્નો હોય તે આ નગરીમાં
“ વસાવવાં અને નગરીને અધિક રત્નવાળી કરવી આવશ્યક છે તો પછી
“ આ નગરીમાંનાં રત્નો શોધવાનું ભુલાય તે તો ખમાય જ કેમ? જે
“ રત્ન ઉપર મેલ હોય તેને શુદ્ધ કરવાં, તેમનું તેજ આગળ આણવું,
“ તેમનું મૂલ્ય વધારવું, એ આ રાજ્યના રાજાઓની કળા છે તે તું જાતે
“ શીખજે ને મ્હારા વારસને શીખવજે, અને તેને એવો પ્રધાન
“ આપજે કે જે આ કળા જાણે અને શીખે. બીજું, સાંભળ. પ્રાતઃકાળે
“ યુદ્ધ થાય ને આ દેહ રણમાં પડે તો મ્હારા મનના મનોરથ જાણ-
“ નારા બ્રાહ્મણ આયુષ્યમાન્ હશે તો કોઈ દિવસ રત્નનગરીનો ઉદ્ધાર
“ કરશે. માટે બે બોલ સાંભળી લે. આવે કાળે ક્ષત્રિયો અંતરના મર્મ
“ ઉઘાડે છે કે મનની મનમાં રહી જાય નહી.”

જરાશંકરની આંખમાં આંસુ આવ્યાં. મલ્લરાજે બોલવાં માંડ્યું.

“ જો. આ બ્રાહ્મણ–ક્ષત્રિય–વર્ણો પરાપૂર્વથી ચાલે છે તેમાં એક
“ લાભ છે. યુદ્ધનું માહાત્મ્ય ક્ષત્રિયોમાં અને જ્ઞાનનું બ્રાહ્મણોમાં રાખ્યું
“ છે. ક્ષત્રિયોનું કામ મરવાનું ને બ્રાહ્મણોનું જીવવાનું. જેમ કેટલાંક
“ ઝાડને કાપો તેમ વધે છે તેમ ક્ષત્રિયો મરે તેમ તેનાં સંતાન શૂરાં
“ થાય છે—જેમ જયશિખરીની પાછળ વનરાજ થયો. એક શરીરનું
“ બીજ સુક્યું તો ત્યાંથી બીજું શરીર ઉગે છે, પણ જ્ઞાન અને
“ કળાનાં બીજ રોપાતાં નથી. જ્ઞાન અને કળાઓ તો અગ્નિહોત્રના
“ અગ્નિ પેઠે વંશપરંપરા અખંડ જાળવી રાખવાનાં છે. રાજાઓ મરે
“ ત્યારે રાજવિદ્યા અને યુદ્ધવિદ્યા નાશ પામે તો પાછળની પ્રજા શું કરે?
“ અને રાજાઓ ન મરે તો ક્ષત્રિયોને માથે જીવનપ્રિય રાજાઓ રહે
“ તેને ક્ષત્રિયો માન કેમ આપે ને બાયલા કેમ ન ગણે? રાજાને યુદ્ધમાં
“ યમ સાથે લડતો જોઈ ક્ષત્રિયોની રાજભક્તિ અને શૂરતા તીક્ષ્ણ
“ થાય છે. માટે રાજાએ યુદ્ધને મંગળરૂપ ગણવું. હવે રાજા મરે તો
“ તેની રાજવિદ્યા અને શસ્ત્રવિદ્યા નાશ ન પામે—નવો રાજા બાળક
“ હોય કે શત્રુ હોય—તેને માટે રાજવિદ્યા અને શસ્ત્રવિદ્યાનો આધાર પણ
“ તેમના બ્રાહ્મણ મંત્રીઓને કરવા. બ્રાહ્મણોનો વધ શાસ્ત્રમાં નિષિદ્ધ ગણ્યો
“ તે આવાં આવાં જ્ઞાનનાં બ્રાહ્મણરૂપ અક્ષયપાત્ર સાચવવાને માટે

" અને અખિલ લોકના કલ્યાણને માટે. જો દ્રોણાચાર્યની શસ્ત્રવિદ્યા
" અને ચાણક્યની રાજવિદ્યા. ચાણક્ય હતો તો ચંદ્રગુપ્ત સર્વ વિદ્યા
" શીખ્યો અને મ્લેચ્છોને કંપાવી શક્યો. રાજબીજને પણ બ્રાહ્મણ માળી
" જોઈએ છીએ અને મહાન્ અનુભવવિના વિદ્યા સતેજ થતી નથી.
" માટે રાજાએ મંત્રીયોને સ્થળે બ્રાહ્મણો રાખવા, તેમને મહાન્ પ્રસં-
" ગોના અનુભવી કરવા, અને તેમનું આયુષ્યરત્ન જાળવવું: એ રાજાઓનું
" કામ મ્હારા પુત્રને શીખવજે."

" બીજું બ્રાહ્મણને ઠેકાણે બ્રાહ્મણ, ક્ષત્રિયને ઠેકાણે ક્ષત્રિય, અને
" વૈશ્યને ઠેકાણે વૈશ્ય, વગેરે વાતમાં વાંધો ન પડે. વળી જો હવે કાળ
" બદલાશે અને વર્ણાશ્રમના ધર્મ નાશ પામશે એ પણ નક્કી છે, પણ
" આનો અર્થ ઉંધો ન સમજીશ. અસલ બ્રાહ્મણનો દીકરો બ્રાહ્મણપણું
" કરતો હતો તે બંધ થશે અને ક્ષત્રિયોના દીકરા ઇંગ્રેજી રાજ્યમાં
" લ્હડવા નહી પામે એટલે, આશ્રમ તો નાશ પામ્યા છે જ પણ, વર્ણા-
" ચાર પણ નષ્ટ થશે. તે કાળે સમય જોઈ વર્તતાં શીખજે અને
" શીખવજે. તું ગમે તે કરશે પણ બ્રાહ્મણમાં શુદ્ધ ક્ષત્રિયપણું
" આવવાનું નથી અને ક્ષત્રીયોમાં શુદ્ધ બ્રહ્મત્વ આવવાનું નથી; વિશ્વામિત્ર
" બ્રહ્મર્ષિ થતાં તેનાથી પોતાનો સ્વભાવ તજાયો નહી તેની વાત જો;
" અને પરશુરામની ભૂમિમાં જન્મેલા બ્રાહ્મણ પેશવાઓ યુદ્ધમાં લ્હડ્યા,
" પણ એમનો ક્રમ જો — પ્રથમ સ્વામિદ્રોહ, પછી પરસ્પરદ્રોહ, અને
" છેલો પ્રલયકાળ રાજદ્રોહી રાઘોબાનો પાત્ર આ નાનાસાહેબ આજ
" વર્તાવવા ઉભો થયો છે તે ભસ્માસુરની પેઠે પોતાનો હાથ પોતાને
" માથે ન મુકે તો મને સંભારજે. એ પોતાના લાભ સારુ લ્હડે
" છે, ક્રૂરપણે વર્તે છે, પણ ક્ષત્રિયોના ઉદાર અને ઉદાત્ત ધર્મ તેને
" આવડવાના નથી ને તેના વંશમાં કોઈને આવડ્યા નથી. બ્રહ્મરત્નોને
" ઠેકાણે બ્રહ્મ-અંગારાઓ હાલ દેખાય છે. માટે ત્હારે સર્વ વર્ણોમાં
" હલકા કાંકરા, કોયલા, અને અંગારા હોય તેને ઉત્તેજન ન આપવું—
" ત્યાં વર્ણાચાર નાશ પામવા સુજેલો છે તે અટકાવવા મિથ્યા પ્રયત્ન
" ન કરવો પણ બુદ્ધિની અને હૃદયની પરીક્ષા કરી બ્રહ્મરત્ન, ક્ષત્રિયરત્ન,
" અને વૈશ્યરત્નોને ખુણે ખોચલેથી, દેશપરદેશથી, શોધી ક્હાડી મ્હારી
" નગરીમાં યથાશક્તિ ભરજે અને પેલા કાંકરા, કોયલા જેમ દૂર જાય
" તેમ કરજે. એ રત્નો એકઠાં કરી તેમાં તેમના વર્ણપ્રમાણે વિવેક
" કરજે. જરાશંકર, રાત થોડી ને વેશ ઘણા છે. મ્હારા વારસને આ
" શીખવજે."

બ્હારણે એકઠા થતા વીરોના સ્વર સંભળાવા લાગ્યા.

“ જરાશંકર, એક વાત ભુલી ગયો છું. તે સાંભળ. રત્નો આ “ નગરીમાં ભેગા કરવા કહ્યું તેનો અર્થ અવળો કરીશ નહી. જો, કેટ- “ લાંક રત્ન આપણે ઘેર સારાં, ને કેટલાંક આપણે ઘેરથી પરઘેર ગયાં “ જ શોભે. પુત્રરત્ન ઘેર સારું — તેમ ક્ષત્રિયરત્ન ઘરનું સારૂં; પરદેશીનો “ વિશ્વાસ નહી હોં! કદી આ વાત ચુકીશ નહી. કન્યારત્ન પરઘેર “ દીપે – તેમ આ રાજ્યનાં બ્રહ્મરત્નનું તેજ પરરાજ્યમાં તપવા દેવું, ઘેર “ બેઠે બુદ્ધિ કટાય, અનુભવ ઓછો થાય, આળસ વધે, નિઃસ્પૃહી- “ પણામાં ને નિષ્પક્ષપાતપણામાં ખામી આવે, ઘરકુકડીપણું થાય, “ પરસ્પરવિગ્રહી સ્વભાવ થાય, આપણા ન્હાના રાજ્યમાં સારાં રત્નની “ અછત થઈ જાય, ને પરરાજ્યનાં મ્હોટાં રત્ન આણીયે ત્યારે આપણા “ દેશી કાંકરાં અદેખાઈ કરે તે સ્હેવી પડે, અથવા તે અદેખાઈનો “ પ્રસંગ ન આણીયે તો મૂલ્યવાન રત્નોને જે દ્રવ્ય આપી મહાન્ લાભ “ મળવાના તેટલું જ દ્રવ્ય ઘરના કાંકરા પાછળ ખરચી લાભને ઠેકાણે “ અનેકધા હાનિઓ પામવાની થશે. મહાપ્રસંગે બુદ્ધિવાળાં અનુભવી “ માણસો વગર ચલવવું પડશે. અને રાજ્યને ધક્કાનો અને પ્રજાને “ જુલમનો વારો આવવાનો — અધિકારીયોને નીમતાં અને ઉત્તેજન “ આપતાં આ વાત સરત રાખજે. તેઓ નાતે ગમે તે હશે પણ “ અસલ જે કામ બ્રાહ્મણો કરતા તે કામ તેમને હાલ કરવાનું છે, તે “ કામ કરવાની તેમની યોગ્યતા વિચારજે અને વધારજે, અને આપણા “ રાજ્યનાં માણસો નીમી તેમને એકલહત્થા વાણીયા – ઘરમાં સિંહ “ અને બ્હાર શીયાળ – થવા દેઈશ નહીં. અને એ કામ સારૂં જે રત્ન “ વસાવે તેમાં સુરત રાખજે કે રત્નો તો—

“ જયું જયું પરભૅામ સંચરે, મુલ મોંઘેરાં થાય. ”

“ મ્હારા પ્રધાનોએ આવું હાટ માંડવું અને તેમાં ચતુર “ વણિગ્વ્યાપારીની કળા વાપરવી. ”

બ્હાર વધારે સ્વર થવા લાગ્યા.

“ બસ, હવે અવકાશ નથી. પણ આ સઉ મ્હારા વારસને “ શીખવજે. મને હવે મ્હારા યુદ્ધાનંદમાં પડતાં પ્હેલાં અને યુદ્ધને અર્થે “ રત્નનગરીનો ત્યાગ કરતાં પ્હેલાં એ મ્હારી વ્હાલી રત્નનગરીના “ ઉપર વ્હાલનો છેલો ઉભળકો આણવા દે અને તેને સારૂ રત્નનગરી “ નામ શાથી પડ્યું તે મંગળ શ્લોક બોલી બતાવ — ઝટ. ”

જરાશંકર શ્લોક બોલવા લાગ્યો.

" नगस्य कूटेपु च पन्नगानां
" शिरःसु चारण्यमदद्विपानाम् ।
" कुम्भस्थलीष्वेव च वारनारेः
" पद्यासु चाम्भःसु च वारिराशेः ॥
" रत्नाकरत्वात्तु पुरातनेभ्यो
" लेभे पुरा रत्नपुरीत्यभिख्याम् ।
" या साऽद्य संपुष्यति कीर्तिमग्र्यां
" जगत्सु जाता नररत्नगर्भा ॥"[1]

મલ્લરાજે આકાશ ભણી હાથ જોડી ઉદ્‌ગાર કર્યો: " હે માતા " રત્નનગરી ! ત્હારાં સુંદરગિરિમાં, ત્હારાં અરણ્યોમાં, ત્હારા મહા-" સાગરમાં, ત્હારા પેટે ચાલનારાં અને પગે ચાલનારાં પ્રાણીયોમાં, ત્હારાં " રાજ્યની જડચેતન લક્ષ્મીમાં સર્વત્ર તું રત્નની ખાણો ને ખાણો રાખે " છે તેની કીર્તિને મલ્લરાજના વંશજો અને તેમના અધિકારીયો અને " પ્રજાઓ કદી ઝાંખ લગાડે નહી એવું ત્હારું સદ્‌ભાગ્ય હો અને એ " સદ્‌ભાગ્ય સિદ્ધ કરવા આજનાં ત્હારાં નર-રત્ન યુદ્ધમાં ચ્હડશે ત્યાં " ઈશ્વર સહાય થાવ ! "

આ વચન નીકળે છે તેવામાં સામંતને આગળ કરી યુદ્ધસામગ્રી સજી સર્વ ભાયાતો હારબંધ રાજમંદિરમાં આવ્યા, અને સામંત મલ્લ-રાજના પગ આગળ તરવાર મુકી બોલ્યો: " ઈશ્વર સહાય થાઓ " ધર્મરાજ મહારાજ મલ્લરાજને ! મહારાજની આજ્ઞા ઉપાડવા સર્વ " ભાઈઓ શિર સજ્જ કરી ઉભા છે અને રંક સામંતને મુખે આજ્ઞા " માગે છે. "

મલ્લરાજ આનંદપ્રફુલ્લ થયો અને બોલ્યો; " ધન્ય છે, સામંત,

---

૧. આ નગરીની હદમાં રત્નની ખાણોને, સુંદરગિરી શિખરોમાં રાખે છે, મણિધરો માથામાં રાખે છે, મદ ધરનાર વનગજો કુમ્ભસ્થલોમાં રાખે છે, હસ્તીયોનો શત્રુ સિંહ પોતાને ચાલવાના—અને કુંભસ્થલને ફાડનાર પંજા મુકવાના—માર્ગોમાં રાખે છે, અને સમુદ્ર પાણીમાં રાખે છે; પુરાતન લોકે આથી જેનું નામ પ્રથમથી રત્નનગરી પાડ્યું છે તે નગરી નરરત્નોને ગર્ભમાં ધારણ કરી જગતોમાં પોતાની અગ્ર્ય કીર્તિની આજના કાળમાં વધારે-પુષ્ટિ કરે છે.

" ત્હારી અને સઉ ભાઈઓની પ્રીતિને અને ભક્તિને ! જ્યાંસુધી તમારા
" જેવા ભાઈઓ રત્નોપેઠે પ્રકાશશે ત્યાંસુધી રત્નનગરીને કોઈનું ભય
" નથી. **સામંત**, આજ મ્હારો સેનાપતિ તું, અને આજના યુદ્ધનો
" યશ તને આપું છું. તને મ્હારો આશીર્વાદ છે. કાર્તિકસ્વામી
" ઇન્દ્રની આજ્ઞાથી અસુરો સામે ચ્હડતા તેમ મ્હારી આજ્ઞાથી આપણા
" ભાઈઓની સેના લેઈ તું સત્વર ચ્હડી જા અને શત્રુનો પરાભવ કરી
" રત્નનગરીના રાજ્યમાં શત્રુ ફરી પગ મુકે નહી એવું કર. વ્હાલા
" અને શૂરા ભાઈઓ, પ્રાતઃકાલ પ્હેલાં સર્વ કાર્ય આટોપી આવો અને
" **સામંત**ને પુરો આશ્રય આપજો. **સામંત**, મને ઘડીયે ઘડીયે સમાચાર
" ક્હાવજે—આવ, મને ભેટી લેવા દે."

પોતાને મળેલું માન, પોતાના ઉપર રાજાએ રાખેલો વિશ્વાસ, અને અત્યારે રાજાનું પ્રેમાલિંગન: એ સર્વથી **સામંત**ની આંખોમાં ઉપકાર અને આનંદના આંસુ આવ્યાં. સર્વ ભાઈઓની સાથે રાજાએ હાથ મેળવ્યા, અને એકે એકે સઉ ગયા.

" જરાશંકર ! જોજે, ભાઈઓ, અધિકારિયો, સેના અને આખી
" પ્રજા તેમના અંતઃકરણનો પ્રેમ અને તેમના આશીર્વાદ — એ શીવાય
" રત્નનગરીના રાજાઓને અધિક બળ અને અધિક યત્ન કશામાં નથી.
" એ અમારો પરાપૂર્વનો ઇતિહાસ હતો તે વાત ત્હેં આજ દૃષ્ટિયે જોઈ,
" અને મ્હારે પુત્રપ્રાપ્તિ થાય તો પુત્રને ને મ્હારે પુત્ર ન થાય તો
" મ્હારા વારસને આજની વાતથી વિદિત કરજે, તેમને મ્હારો આ
" સંદેશો પ્હોંચાડજે અને મ્હારા તરફથી ક્હેજે કે હીંદુસ્થાનનું
" સામ્રાજ્ય ઇંગ્રેજ કરો કે બીજા કોઈ કરો પણ જ્યાંસુધી મ્હારો આ
" પરાપૂર્વનો કુળાચાર જાળવવા જેટલી મ્હારા વારસોમાં શક્તિ હશે
" ત્યાંસુધી તેમનો વાંકો વાળ નહી થાય અને કાળ બદલાશે પણ
" તેમનું રાજ્ય નહી બદલાય !"

ભાયાતો ઉપર અને તેમાં મુખ્ય કરી **સામંત** ઉપર રાજાએ દર્શાવેલો વિશ્વાસ અને પ્રેમ અને તેના બદલામાં તેમણે અર્પેલી ભક્તિ જોઈ જરાશંકર સ્તબ્ધ થઈ ગયો હતો તે આ વચન સાંભળી ગળગળો થયો, તેના નેત્રમાં પાણી ભરાયું, અને હાથ જોડી ગદ્‌ગદ કંઠે બોલ્યો.

" મહારાજ, હું અપરાધી આપની શિક્ષાને પાત્ર થયો છું. આ

" ભાયાતોનો નિરોધ કરવા મ્હેં આપને સૂચના કરી હતી તે દુષ્ટ હતી
" એમ હવે મને લાગે છે, અરેરે ! આ રાજભક્ત પુરૂષોને વાસ્તે જો
" આપે જ સદ્‌ભાવ ન બતાવ્યો હત તો મ્હારા વચનથી દુષ્ટ ફળ
" થાત. મહારાજ, આપના મહાન્ અંતઃકરણે સામંતને જે શિક્ષા
" કરી તેનું દૃષ્ટાંત આ ક્ષુદ્ર જીવથી ભુલાય એમ નથી. મરાઠાઓને
" આપ ગર્ભચોર કહો છો તે તો જગત જાણે છે; પણ આપના જેવા
" ગર્ભમહારાજનું મહારાજત્વ જોઈ મ્હારું હૃદય દ્રવે છે, આનંદ પામે
" છે, અને તેમની સેવાના પ્રસંગથી અભિમાન ધારે છે. સૂર્યવંશી
" મહારાજ, આપના શબ્દેશબ્દ હું આ હૃદયમાં કોતરી રાખીશ અને
" આપના અનુયાયીને પ્હોંચાડીશ. પણ આપ એ સંદેશો કહાવવાનો
" પ્રસંગ અત્યારે શાથી કલ્પો છો ? "

મહારાજે હાસ્ય કર્યું: " જરાશંકર, રાજા અને પ્રધાન અન્યો-
" ન્યના અંકુશ છે. રાજ્યના દેશકાળની એકતા વંશપરંપરાદ્વારા એ
" ભાવે રહેનાર રાજા રાખે છે. આ કાર્યમાં પિતા, પુત્ર, પૌત્ર આદિ
" સર્વ રાજાઓને એક જ પુરૂષ રાજા ગણેલો છે. તે કદી મરતો નથી
" અને એક યુગના રાજમંત્ર બીજા યુગને પ્હોંચાડે છે. તે રાજ્ય
" ઉપર કુટુંબભાવ રાખે છે. પણ રાજા, આસપાસના દેશોમાં ચારે પાસ
" વધેલાં અનુભવ અને વિદ્યામાં, પ્હોંચી વળતો નથી અને તેથી તેને તે
" સર્વ વિદ્યાનુભવે પામેલા પ્રધાનો સાથે જોડાવાની જરુર છે—જેમ દીકરો
" માબાપના સ્વગૃહની કન્યાને અગ્રાહ્ય ગણી પરગૃહની કન્યાસાથે જોડાય
" તો જ ધર્મ પ્રવર્તે છે. ભાયાતોને દુઃખ દેવું જેમ અનિષ્ટ છે તેમ
" તેમને પ્રધાનપદ આપવું પણ રાજ્યને અનિષ્ટ છે. પરગૃહની કન્યા
" સાથે સ્વગૃહનો પુત્ર જે મંત્ર કરે તે કાંઈ ઓર જ થાય છે અને તે
" જાણવાનો તેમ તેમાં વચ્ચે પડવાનો અધિકાર માતાપિતાને કે
" બંધુઓને નથી, તેમ જ રાજા અને પ્રધાન વચ્ચેના મંત્ર પ્રત્યે મ્હારા
" ભાયાતોના ધર્મ સમજવા. જરાશંકર, જેમ પુત્ર માવડીયો થાય તો
" તેને કન્યાના ભણીથી અંકુશ વાગવો ધર્મ્ય છે તેમ રાજા અયોગ્ય-
" રીતે કુટુંબવત્સલ થાય તો પ્રધાને તેના સામો અંકુશ ધરવો જ
" જોઈયે. ત્હારી સૂચના કેવળ સધર્મ હતી; માત્ર ફેર એટલો હતો કે
" મ્હારા ભાઈઓનો સ્વભાવ હું જ જાણતો હતો, અને ત્હારું ઈષ્ટ ફળ
" મ્હારી વત્સલતાથી જળવાય એમ હતું, તેથી મ્હેં મ્હારો અધિકાર
" વાપર્યો. ત્હેં જે નિર્ભય રીતે બુદ્ધિ ચલાવી તેમ સર્વદા ચલવવી.

" આપણે બે પરસ્પરની ભુલો સુધારવા બસ છીયે. તું જો કે આ
" ભાઈઓ હવે અધિક શૌર્યથી, સંભાળથી, અને ચતુરાઈથી યુદ્ધ કરશે–
" મ્હારે ઠેકાણે તેમને મોકલ્યા તેથી તેમના મનમાં વધારે કાળજી
" રહેશે. સામંતે ભુલ કરી તેનું એ ઇષ્ટ ફળ. મને વિશ્વાસ છે કે
" પ્રાતઃકાળ પ્હેલાં એ જીતીને પાછા ફરશે, પણ યુદ્ધના પ્રસંગ
" અનિશ્ચિત છે. મ્હારે પણ જવું પડે તો તને કંઈ ક્હેવાનો અવકાશ
" ન મળે. જુની વાતોમાં એવું આવે છે કે યુદ્ધમાં ચ્હડતાં પ્હેલાં
" અસલના યોદ્ધાઓ પુત્રહીન ગૃહિણીને ગર્ભાધાન કરાવી ઘોડે ચ્હડતા
" હતા કે તેમનું મૃત્યુ થાય તો તેમના શૌર્યનું બીજ કાળે ઉગે.
" જયશિખરીયે સગર્ભા રાણીને વનમાં શત્રુ ન પ્હોંચે ત્યાં મોકલી
" દીધી હતી. એ જ પ્રનાલિકાયે હું મ્હારો સંદેશારૂપ ગર્ભ – તું મ્હારો
" બ્રાહ્મણપ્રધાન તેના અંતઃકરણમાં–મુકું છું તે ગર્ભનું પોષણ કરજે.
" સ્ત્રી–બ્રાહ્મણ વધને પાત્ર નથી અને ક્ષત્રિયોના વધપ્રસંગે અવધ્ય
" સ્ત્રી–બ્રાહ્મણનાં અંતર્માં સંતાડેલા ગર્ભ જીવી શકે છે, વધી શકે છે,
" અને કાળે કરીને પ્રકટ થાય છે. જો, કોણ આવે છે ?

પોતાનો દૂત આવ્યો અને બોલ્યો.

" મહારાજ, તાત્યાટોપીની સેના પડી છે તેના બે સરદાર મ્હારી
" સાથે નગરને પાદર આવ્યા છે. આપને મળવા ઇચ્છે છે. આજ્ઞા
" હોય તો પાદરની ધર્મશાળામાંથી તેડી લાવું — અભયવચન આપી
" લાવ્યો છું. "

" જાતે કેવા છે તે ? "

" એક મરાઠો છે. ઇંગ્રેજી ભણેલો છું એમ ક્હે છે. બીજો
" વૃદ્ધ દક્ષિણી બ્રાહ્મણ છે ને ક્હે છે કે શાસ્ત્રી ભણેલો છું ને ગુજરાતી
" રજવાડામાં રહેલો છું અને હરદ્વારથી સેતુબન્ધ રામેશ્વરસુધી ને
" જગન્નાથપુરીથી દ્વારકાસુધી યાત્રાઓ કરી આવેલો છું. "

" એમની સાથે બીજાં માણસ છે ?

" હા, "

" કેટલાં છે ? "

" બે જ, એક હીંદુસ્થાની સીપાહી છે ને બીજો મુસલમાન છે."

" તું જા, હું જમી રહીને તેડવા મોકલું એટલે લાવજે. " દૂત
ગયો. " જરાશંકર, સામંતની સેના કુચ કરી જાય તે પછી આ લોકને

"તેડવા મોકલજે. એમને અભયવચન આપ્યું છે, એમની સેનાને
"નથી આપ્યું."

જરાશંકર ઉભો થયો.

"જરાશંકર, કંપની સાથે સંબંધ બાંધવો કે નહી તેમાં ત્હારી
"બુદ્ધિ મને કામ લાગી છે. ભાયાતોની વાતમાં મ્હારી બુદ્ધિ ચાલી
"છે. આ લોક આવે ત્યાર પ્હેલાં તું આવજે — આમાં આપણું બેનું
"કામ પડશે."

"જેવી આજ્ઞા." જરાશંકર ગયો. ભોજનની આજ્ઞા થઈ. રૂપેરી થાળ અને પ્યાલાઓમાં મલ્લરાજનું સાદું પણ સ્વાદિષ્ટ, તાજું અને બલિષ્ટ, ભોજન આવ્યું. તે જમવા બેઠો. માણસો ગયાં. સામી માત્ર રાણી બેઠી. નેત્રને પ્રસન્ન કરે એવાં વસ્ત્રો પ્હેરી, બલવાન ઉંચા બાંધાની પણ યૌવનમદની ભરેલી, શૃંગારમાં લડાક, સ્ત્રીધર્મમાં કુલીન અને પ્રવીણ, આનંદભરી, ઉચ્ચ રસથી ઉભરાતી ક્ષત્રિયાભિમાનિની મહારાણી મધુર અને કોમળ પણ સ્થિર વચન બોલતી બેઠી.

"કહો, મ્હારાં મેનારાણી, આજ શી નવાજુની છે ?" અન્ન મુખમાં મુકતાં પ્હેલાં મલ્લરાજે પુછ્યું.

"મહારાજ પ્રાતઃકાળ પ્હેલાં યુદ્ધે ચ્હડે છે એવી વાત કાને
"આવી છે તે વાત ખરી હોય તો એકશયનભાગિનીને તે જાણવાનો
"અધિકાર હશે ખરો ?"

મલ્લરાજ હસવા લાગ્યો. "કોણ જાણે, હોયે ખરો ને ન યે હોય!
"રાજાઓને અનેક રાણીયો, તેમાં રણભૂમિ સઉથી સુહાગણ. તેનું
"તેડું આવશે ત્યારે બીજી રાણીઓને પડતી મુકવી પડશે. એ રાણી
"તમને ક્હેવા જેટલો અવકાશ આપશે તો કહીશું ને તમારી પાસે
"આવવા દેશે ત્યારે આવીશું."

"સત્ય છે, આપ જેવાઓ રણભૂમિસાથે શૃંગારવાસના ન રાખો
"ત્યારે બીજું કોણ રાખે ? મહારાજ, એ રાણીને મ્હોલ પધારો ત્યારે
"તો આપના શસ્ત્રાલંકાર પ્હેરાવવાનો અમને અધિકાર."

"હા – હવે હું હાર્યો ને તમે તમારો અધિકાર સિદ્ધ કર્યો ખરો,
"તો લ્યો કહું છું—આપણી સેના લેઈ સામંત ચ્હડી ગયો છે ને
"મ્હારે ચ્હડવા વારો આવશે કે નહી તે નક્કી થશે ત્યારે તમને કહીશ–
"જવું પડે તો રાત્રિયે ગમે તે કાળે જવું પડે. લ્યો, વધામણીમાં આ

" દુધભાતનો સાકરકોળીયો "—રાજાએ રાણીને કોળીયો ભરાવ્યો, રાણીએ લજ્જાવનત મુખે ભર્યો, કોળીયો ભરાવતાં ભરાવતાં સ્વામીએ અચીંત્યો કપોલદેશે હસ્ત ફેરવ્યો. પતિના દાક્ષિણ્યથી આનંદપ્રફુલ્લ રોમાંચિત રાણીએ સામો કોળીયો ભરાવ્યો. ભોજન કરી શૃંગારવીર રાજાએ રાણીને હાથ ઝાલી અગાશીમાં લીધી. ત્યાં મધ્યાકાશમાં ચંદ્રાર્ધબિમ્બ, રાજાના હસ્તભાગપર અઢીંગાયલાં ઢંકાયલા વાંકા પડેલા મેનારાણીના મુખ પેઠે, એકાંતરમ્ય વિહારવડે વિલસતું હતું, રાણીના નેત્રમાંથી જલપ્રવાહ જતો જતો રાજાના હાથપર પડતો ગયો. તેમ તેમ રાજા તેને છાતી સરસો ડાબતો ગયો. વધારે વધારે રોતી રોતી રાણી પતિ વિના બીજું કોઈ ન સાંભળે એમ નીચે પ્રમાણે ગાવા લાગી, અને પોતાની ધડકતી છાતી ડાબી રાખવા રાજાના બલવાન ભુજ-મંડળને ભાનશૂન્ય ખેંચવા લાગી.

" રજપુતાણી જાતની રે ! થારુ[1] કઠણ કાળજું થાય,
" રણશૂરો થોરો[2] રણ ચ્હડે ત્યારે આંખડી ભીની ન થાય !
—૨૭૦

" ભેટી લે નાથને બાથમાં, વીરરત્ન ચ્હડે પરદેશ,
" ત્હારે કંઠે છે આજની રાત એ, કાલ રણભુંયનો ભુંડો વેશ.
—૨૭૦

" ભૂમિ આંસુ પડે આજ, ઘેલડી ! તો તો માનશકુન થઈ જાય,
" કહ્યું ન કરે ભુંડી આખડી, એનાં આંસુ વડે કંથ ન્હાય,
—૨૭૦

" જીતીને આવજો, કંથજી ! વાટ જોતી સમારીશ સેજ,
" પાછે પગલે ન આવશો, નાથજી, કુળદેવીની આશિશ છે જ.
—૨૭૦

" રણે રાતી કરશો, પીયુ, આંખડી, ઘેર રાતી આંખે રોશે નાર,
" રણજંગ ભાળી જોશે વાટડી, ક્યારે, ખોંખારે ત્હારો તોખાર ?
—૨૭૦

" પળ મળે આજ જો ભેટવા તો તે આવરદાનો સાર;
" રણશુરો થારો[2] રણ ચ્હડે ત્યારે કેવી તે પડશે સવાર ?
—૨૭૦

---

૧. ત્હારૂં. ૨. ત્હારો.

" બ્રાહ્મણી શમતી બ્રહ્મમાં રુવે વૈશ્યાણી–" પિયુ પરદેશ, "
" રજપુતાણી જાણું ન–કંથ માહરો રોતો કે હસતો વેશ ?
–૨૪૦

અંતે રાણી મન બળવાન કરી સામી ઉભી રહી અને હાથ જોડી બોલીઃ " મહારાજ, મળ્યાં તે ખરું ને મળીશું તે ખોટું. અવકાશ હોય તો " દાસીયોગ્ય કાંઈઆજ્ઞા આપો તેને પુત્ર વિનાની હું પુત્રની પેઠ પાળીશ."

મલ્લરાજની આંખ આ વચનથી કાંઈક સજળ થઈ. રાણીને માથે હાથ મુકી માથું છાતી સરસું ડાબી બોલ્યોઃ " મ્હારાં ગૃહરત્ન ! ભાવી " આગળ કાંઈ ક્‌હેવાનું નથી. આપણ રજપુતો જેવા પડે તેવા દઈએ. " હું વિદ્યમાન હઈશ તો તો ત્હારે કંઈ પુછવાનું નથી. હું ન હઉં ને " કાંઈ પુછવું હોય અથવા પુછ્યા વિના સાંભળવાનો પ્રસંગ આવે તો " બ્રાહ્મણ જરાશંકર અને ક્ષત્રિય સામંત મ્હારાં પરખેલાં અને વિશ્વાસુ " છોરાં છે અને એ બે ઉપરાંત ત્રીજું ત્હારૂં શાણપણ છે–રજપુતના " ઘરમાં રજપુતાણી ડાહી એ જગજાણીતી વાત છે."

" મહારાજ ! એ આજ્ઞા હું પુત્ર પેઠ પાળીશઃ " છુટી પડી મેના રાણી બોલી.

" મને તે વાતનો પૂર્ણ વિશ્વાસ છે. રાણી ! પુત્ર નથી તેનો " અસંતોષ ન રાખવો. "

" મહારાજ ! તમારો વારસ જેને ઈશ્વરે ઘડ્યો હશે તે જ થશે. " આપ છતાં મ્હેં અધિકાર ઈચ્છ્યો નથી તો આપની પાછળ ઈચ્છું એ " અશક્ય છે. ધિક્કાર છે તે ક્ષત્રિયાણીઓને કે જે અધિકારને લોભે " અથવા કોઈ પણ કારણથી પોતાના સ્વામીના રાજ્યાસનપર પરાયાં " બાલકોને બેસાડે છે ! એ રંડાઓ વ્યભિચારિણી સ્ત્રીયો કરતાં વધારે " દુષ્ટ છે. મહારાજ જે સ્ત્રીના માથાનું છત્ર ગયું છે તેને સંસારની " વાસના ર્‌હે છે તે તેના સ્વામી સાથના સંસારમાં કાંઈ ન્યૂનતાને લીધે. " અને તેથી વિશેષ પોતાના નીચ કુળના સંસ્કારને લીધે. મહારાજ, " મ્હારા સંસારમાં આપે ન્યૂનતા રાખી નથી. મ્હારું કુળ પરમ શુદ્ધ " અને ઉચ્ચ છે. મહારાજ, માથાનું છત્ર જતાં સંસારમાં શું બાકી " ર્‌હે છે ? એવી સ્ત્રીને પુત્રનુંયે પ્રયોજન શું છે અને રાજ્યનુંયે " શું છે ? મહારાજ, વધારે બોલવું તે ખુશામત જેવું દેખાય છે ને

"મ્હારા કુળને છાજતું નથી. હું આપને પગે પડીને આ મ્હારા
"પતિ કુળ ચંદ્રના સમક્ષ સોગંન ખાઈને કહું છું કે આપની સર્વ
"આજ્ઞાઓ મ્હારા એકના એક પુત્ર પેઠે જાળવીશ — મ્હારું કુળ
"જાળવીશ — મહારાજ, આપ રણમાં મ્હારી વાતે સ્વસ્થ ર્‌હેજો–
"ક્ષત્રિયનું રણ તે જ ક્ષત્રિયાણીનું આભરણ."

રાણી રાજાને પગે પડી, પગ ચુંબ્યા, અને રાજાએ ઉઠાડી ઉઠી.

"પ્રિય રાણી, ત્હારાં વચન પર મને શ્રદ્ધા છે. મને ખબર છે
"કે સ્ત્રીયો પવિત્ર ર્‌હે છે તે પોતાની ઈચ્છાથી અને પારકા ડબાણથી
"નહી. રાણી ! ત્હારી પવિત્ર ઈચ્છાઓ, કુલીન સંસ્કાર, અને હૃદયના
"શબ્દ ઉપર મને પૂર્ણ વિશ્વાસ છે. – શુદ્ધ ક્ષત્રિયાણી ! — જો, કોઈ
"દ્વાર ઠોકે છે."

જરાશંકર આવ્યો. "સામંતની સેના વીદાય થઈ ચુકી. આવેલા
"મહાપુરુષોમાંથી ગમે તે બે જણે જ આપની પાસે આવવું એમ
"કહી બોલાવ્યા છે તે સત્વર આવશે." આ વાક્ય બોલાતું હતું
એટલામાં એક પાસ થઈને રાણી ગઈ.

"કેમ બેને જ બોલાવ્યા ? મલ્લરાજે પુછ્યું.

"એકાંતમાં એથી વધારે શસ્ત્રબંધી સંખ્યાનો ખપ નહી, ને કામ
"કરવાનું તે તો એકથીયે થાય. છતાં વળી બેને આવવા રજા આપી છે."

દૂત બે જણને લેઈ અંદર આવ્યો. મલ્લરાજ ગાદી ઉપર બેઠો.
પાછળ જરાશંકર બેઠો. સામે દૂત અને બે નવા પુરુષો ઉભા. મલ્લરાજે
શિર કંપાવી તેમની સલામી ઝીલી અને હાથ લાંબો કરી સામે સ્થાન
દેખાડ્યું ત્યાં બેઠા.

એકને માથે મરાઠા પાઘડી અને બીજાને માથે દક્ષિણી બ્રાહ્મણ-
શાઈ પાઘડી હતી. દૂતે ગોષ્ઠી આરંભી.

"મહારાજ, આ સુભાજીરાવ નામના સરદાર છે અને આ
"કેશવપંત શાસ્ત્રી છે તે આપને પોતાની ઈચ્છા નિવેદિત કરશે.
"સુભાજીરાવ, આ અમારા મહારાજની પાછળ અમારા પ્રધાનજી
"છે – કોઈ પરભાર્યું નથી."

કેશવ શાસ્ત્રીએ વાત આરંભી.

"મહારાજના સ્વદેશાભિમાનની કીર્તિ અમારા શ્રીમંત સરકાર

" નાનાસાહેબ પેશવાને કાને આવી છે અને તેથી અત્યંત ઉત્સાહથી " આપની પાસે અમને મોકલેલા છે."

" તમે બે જણ નાનાસાહેબ પાસેથી આવો છો? તમને એકલા " નાનાસાહેબે મોકલ્યા છે કે બીજા કોઈનો પણ નિરોપ તમારી પાસે " છે? તમને તેમણે જ મોકલ્યા છે તેનો પુરાવો શો?" મલ્લરાજે પુછ્યું.

" ધન્ય છે મહારાજની બુદ્ધિને!" કેશવ શાસ્ત્રીએ સુભાજીરાવ ભણી જોઈ કહ્યું: "સુભાજીરાવ, મહારાજની બુદ્ધિની કીર્તિ જેવી " સાંભળેલી હતી તેવી જ છે. મહારાજ, આપને ખબર હશે કે " આલમગીર બાદશાહના કાળમાં મ્લેચ્છોનો પરાભવ કરવા શિવાજી " મહારાજે રણયજ્ઞ આરંભેલો હતો તેવો જ આજે આરંભાયલો છે."

" આજે તો મુસલમાનો પણ યજ્ઞમાં અધ્વર્યુ થયા છે"— જરાશંકર પાછળથી બોલ્યો. શાસ્ત્રી વાંકી દૃષ્ટિ અને કડવું મ્હોં કરી જરાશંકરને ઉત્તર દેવાનો તિરસ્કાર કરતો હોય તેમ કરી બોલ્યો, પણ યજ્ઞની ઉપમા પડતી મુકી બીજી ઉપમા આપી.

" મહારાજ, સમુદ્રમન્થન જેવા કાર્યમાં આજે દેવો અને દાનવો " એકઠા મળી કાર્ય કરે છે."—

મલ્લરાજે હસીને કહ્યું: " જરાશંકર, આ ઉપમામાં તું દોષ " ક્‌હાડે એમ નથી. શાસ્ત્રી મહારાજની બુદ્ધિ આગળ પ્હોંચી વળવાનો " ત્હેં વૃથા પ્રયત્ન કર્યો."

" મહારાજ મજ જેવા શિષ્યોના પ્રશ્નોથી આવા સમર્થ ગુરૂ- " જનોની બુદ્ધિ સતેજ થઈ જાય છે." જરાશંકર બોલ્યો.

શાસ્ત્રી પ્રસન્ન થયા.

" મને લાગે છે કે તમારી ઉપમામાં બીજો પણ ગૂઢાર્થ છે તે " એ કે સમુદ્રમંથનમાંથી રત્નો નીકળવા લાગ્યાં એટલે દેવોએ દૈત્યોને " દૂર કર્યા હતા તેમ હાલ પણ ગરજ સર્યે કરવું."—મલ્લરાજે પુછ્યું.

" ધન્ય છે રાજનીતિજ્ઞ મહારાજને! યુક્તરૂપ જ બોલો છો." શાસ્ત્રીમહારાજ ખીલ્યા. મલ્લરાજે પાછળથી જરાશંકરને ક્‌હાણી મારી કાનમાં કહ્યું. " પેશવાઈને યોગ્ય એ જ કૃતઘ્નતા."—મ્હોટેથી મલ્લરાજે કહ્યું: "શાસ્ત્રીબાવા, રાજકાર્યમાં એ જ કૃતઘ્નતા છે કે ધડમૂળથી જ " આ વિચાર રાખવો."

સુભાજીરાવ જોઈ રહ્યો.

"ભાઉસાહેબ, તેલંગીઓ ज्ञ ઉચ્ચારે છે અને તમે દ્ન "ઉચ્ચારો છો ત્યાં અમારા લોક ग्न ઉચ્ચારે છે." જરાશંકર નીચલો ઓઠ કરડી બોલ્યો.

શાસ્ત્રીબાવા ક્હેઃ "હારે સુભાજીરાવ, હું ગુજરાતનો અનુભવી "છું. અહીંયાનું દૈશીક એવું જ છે."

શાસ્ત્રી આમ બોલ્યા, પણ મરાઠાને આ વાગ્વિનોદ અસ્થાને લાગ્યો અને તેને ખોટું ન લાગે એમ પોતે વાત ઉપાડી લીધી.

"રાજાસાહેબ, અમારું કાંઈ ક્હેવાનું છે તેનો શાસ્ત્રાર્થ શાસ્ત્રીબુવા "પાસે માગાહુન કરાવીશું, પણ હાલ ક્હેવાનું અમારા ટુંકા બોલમાં "બોલી દઉંછું – જેવા આપે ટુંકા કહી દીધા તેવા હવે હું કહી દઉંછું"

મલ્લરાજને કંઈક આ ગમ્યું. "બેલાશક બોલો."

"જુવો સાહેબ," સુભાજી બોલ્યો, "આજ સુધી આ દેશમાં "જેટલાં પરદેશી રાજ્ય આવ્યાં તેમાં ઈંગ્રેજનું રાજ્ય તેમની ચાતુરતાને "લીધે આ દેશને વધારે ભયંકર છે."

મલ્લરાજના હૃદયમાં ઉંડો વિચાર પેંઠો, અને મરાઠો પોતે કરેલા ઘાની સફલતા સમજ્યો ને ખુશ થઈ આગળ વધ્યો. તેણે જાણ્યું કે આ કાંઈ હલકા પોચા મૂર્ખ સાથે પેચ રમવાનું નથી, અને વિચારશિલને ભેદવાને વિચારશસ્ત્ર ફ્હાડ્યાં.

"ત્યારે, સાહેબ, આ અવસરે સઉનું ઐક્ય કરવાના કોઈ મહા-"પુરુષે માર્ગ શોધી ફ્હાડ્યા છે. આ બંધુકની કારતુસમાં ગાયડુકરની "ચરબીની કથા ચલાવી છે તે તો એક ગાંડો ગોળો છે, પણ સામાના "લશ્કરમાં આપણાં અજ્ઞાન માણસ રહ્યાં તે – ગાંડા ઘેલાં હીંદુ અને "મુસલમાનો – એ ગાંડાઓને ગાંડાઘેલા બોલથી આપણા તરફ ખેંચવાનો "ગાંડો ગોળો છે ને તે પુષ્કળ ફાવ્યો છે ને અમારા શિવાજી "મહારાજના સમયમાં 'ડોંગરાસ લાવલે દેવ' એવો સંકેત હતો તે "હાલ આ ગોળો સિદ્ધ કરે છે ને એવા બીજા અનેક ગોળા છે, "પણ આપના જેવા ચતુર રાજપુરુષને તો તત્વ ક્હેવાનું છે તે "જુદું છે."

"સાહેબ, એ તત્વ એવું છે કે ઈંગ્રેજની હવે બુદ્ધિ ફરી છે તે "તેમના અસ્તકાળનું ચિન્હ છે — શત્રુનો અસ્તકાળ આવ્યે આપણે "નહી જાગીયે તો બીજો કોઈ જાગશે તે સિદ્ધ. તો આપના જેવા "સિંહો કેમ નહી જાગે? સાહેબ, ઈંગ્રેજોની મતિ દુષ્ટ થઈ છે,

" વિશ્વાસઘાત કરતાં હવે તેમને ડર નથી; આજ સુધી તેમને પૈસાની
" ભુખ હતી તે પુરી થતી; પણ હવે તેમને જમીનની ભુખ લાગી છે.
" સાહેબ, બધી ભુખ લાગે તે આદમી પુરી કરે પણ જમીન અને
" સ્ત્રી એ બેની ભુખ કોઈને લાગે તે આદમીથી તો પુરી નહી પડે—
" એ જમીનની ભુખ ઈંગ્રેજ બચ્ચાને હવે લાગી. તે હવે કોઈને
" દત્તક લેવા દેતો નથી. સાહેબ, પેશવાઈ તો આજ કાલની; પણ
" હમારા શિવાજી મહારાજના પુત્રના સાતારામાં તેમણે શું કર્યું?
" હમને તે કેમ ન લાગે? આપને કેટલાં દૃષ્ટાંત બોલી દઉં? જુવો,
" ઝાંસી, જેતપુર, બઘાટ, ઉદેપુર, બુદાવળ, તાંજોર, કચાર,
" ઓરીસા, નાગપુર, કર્ણાટક, બીરાર, આઉઢ અને એવાં સાહેબને
" કેટલાં કેટલાં નામ ગણાવું? કોઈ ઠેકાણે ક્હેછે કે દત્તક નહી લેવા
" દઈએ, કોઈક ઠેકાણે ક્હેછે કે તમારી પ્રજા ઉપર જુલમ કરો
" છો—ક્હો ભાઈ અમારી પ્રજા ઉપર અમે જુલમ કીધો તો પ્રજા
" વળગતી આવશે—તેમાં તમારા બાપનો શો અન્યાય કીધો? પણ આ
" તો બ્હાનાં છે. ઘેટા ને વરુની વાત—ત્હેં ગાળો દીધી નહી હશે તો
" ત્હારા બાપે દીધી હશે—પણ મને તો ભુખ લાગી છે—તે આ કારણ
" કહીને કે તે કારણ કહીને તને તો સ્વાહા કરવાનો! કરારના
" કાગળ કાગળમાં રાખી લીધા! લખ્યું ત્યારે લખ્યું! હાલ શું!
" સાહેબ! આવી બુદ્ધિ થઈ છે તેની પાસે તો તમારું રાજ્ય પણ કુશળ
" નહી સમજો, હોં! તમારે તેના પક્ષમાં જવું હોય તો જાવ! પણ
" સરત રાખજો કે આવો લાગ ફરી નહી આવે! આજ સાતારાનો
" વારો તેવો કાલ તમારો! હવે તો એક સંપ અને એક જંપ! તે
" લોકની દેશી પ્રજા સમજી છે, તેમનું દેશી લશ્કર સમજ્યું છે, અને
" દેશી રાજાઓ સમજ્યા છે! શું સાહેબ, જુવો આપણા લોકનું સદ્-
" ભાગ્ય! આજ હીંદુ અને મુસલમીન ઈંગ્રેજને ક્હાડવાને એક થયા.
" દીલ્હીમાં બાદશાહી જાગી અને મહાદજી સિંધિયાના હાથમાં બાદ-
" શાહીની લગામ હતી તેમ આજ પણ આપણા હીંદુઓના હાથમાં
" છે. ઈંગ્રેજને કહાં કહાંથી ક્હાડ્યા? મીરત, સહારણપુર, મુઝાફર-
" નગર, ફરૂક્ખાબાદ, કાનપુર અને બીજા કેટલાં ઠેકાણાનું નામ દેઉં?
" બધેથી ક્હાડ્યા. સીખ, મરાઠા, બંગાળીઓ, પઠાણો, પુરબૈયા,
" મુસલમાનો, મોઘલો, સઉ લોક એક થઈ ગયા છે. આ આગ
" આખા દેશમાં લગાડી છે, જો તમે અમારા સરદારોને મદદ દેશો તો

"દીલ્હીના બાદશાહની સનદ પામશો ને તમારા રાજ્યને અચલ
"કરશો—આણીપાસનો મુલખ તમને અપાવીશું. જો મદદ નહી કરો—
"તો હાલ તો લ્હડનાર છીયે અને અમે જીત્યા એટલે તમારું સત્યા-
"નાશ સમજજો! આપણો દેશ, આપણો ધર્મ, આપણા લોક—સઉ
"એક થશે ને આ મર્કટનાં ન્હાનાં ટોળાંને દરીયાપાર કરીશું. વખત
"ફરી ફરી નહી આવે."

"તમે અમારા સરદારોનાં નામ પુછો છો તો સાંભળો. મુસલ-
"માનમાં દીલ્હીના તખ્તનો માલીખ પાદશાહ, અને હીંદુમાં
"પેશવાઈનો માલીખ શ્રીમંત નાનાસાહેબ. સાહેબ, હું મરાઠો છું પણ
"દેશ અને ધર્મને કાજે મુસલમીન અને બ્રાહ્મણનો ઝુંડો ઉપાડું છું.
"તાત્યાટોપીનું નામ સુણી ઈંગ્રેજ બચ્ચા કાંપે છે; અને અનેક તારાઓ
"આ સૂર્યચંદ્રની બાજુ બાજુ એકઠા થયા છે. હું તેમના તરફથી
"આવું છું તેની ખાતરી જોઈએ? લ્યો આ સેહેનશાહી જાહેરનામું,
"અને વધારે જોઈએ તો અમારી પાછળ સેના સજ્જ છે."
જાહેરનામું આપ્યું અને સુભાજીરાવ બંધ પડ્યો.

"મલ્લરાજે શાંત મુખથી પુછ્યું: "હું ધારું છું કે હવે તમારે
"માત્ર હા કે નાનો ઉત્તર જોઈએ છીએ."

"એ જ. હા કે ના કહો, તે સત્વર કહો, અને યાદ રાખજો
"કે હાનું ફળ લક્ષ્મી છે ને નાનું ફળ પ્રાતઃકાળમાં અમારી સેના
"રત્નનગરીને દ્વારે સમજજો."

"ઠીક છે—એ અમારે જોવાનું છે. દૂત! આ બે મહાપુરુષોને
"જોડેના ખંડમાં અધઘડી બેસાડ અને તું તેમનો સત્કાર કરજે. અમે
"બે જણ આ વાતનો વિચાર કરી અધઘડીમાં ઉત્તર કહેવાને તમને
"પાછા બોલાવશું."

મલ્લરાજે આમ કહ્યું કે ત્રણ જણ ગયા ને બે જણ રહ્યા.
જરાશંકર પાછળ દ્વાર વાસી આવ્યો અને મલ્લરાજની સન્મુખ બેઠો.
મલ્લરાજ મુછે તાલ દેવા લાગ્યો.

"કેમ, મહારાજ, શો વિચાર કર્યો?" જરાશંકરે પુછ્યું.

મલ્લ૦—"તું શું ધારે છે?"

જરા૦—"આશા અને ત્રાસ, ભય અને પ્રીતિ, આદિ સર્વ
"સુભાજીરાવે બતાવી દીધાં છે."

મલ્લ૦—"આ ટોળામાં અંતે પરસ્પર યુદ્ધનાં બીજ દીઠાં?"

જરા૦—" તેમના શીવાય સર્વને પ્રત્યક્ષ છે."

મલ્લ૦—" એમના સંગમાં આપણે દીપીયે ખરા ? "

જરા૦—" આપમતલબી કાગડાઓમાં પોપટ દીપે તેટલી વાર."

મલ્લ૦—" મૂર્ખ પંડિતોએ મરેલા સિંહને સજીવન કર્યાની વાત " ત્હેં જ કહી હતી ? "

જરા૦—" હાજી."

મલ્લ૦—" આમને હા કહીયે તો આપણી પણ બીજી જાતની " પંડિતતા ન સમજવી."

જરા૦—" પણ આ સિંહને સજીવન કરનાર બીજા પંડિતો " ઘણા હશે."

મલ્લરાજ હસી પડ્યો.

" ના. જો. હવે હું એ વાત સમજાવું. આણે મ્હોટાં મ્હોટાં નામ " દીધાં તે સાંભળી ભડકીશ નહી. મ્હેં પાંચ પળમાં વિચાર કરી લીધોછે."

જરા૦—" શો ? "

મલ્લ૦—" આ પક્ષ પડ્યા છે તે જો. જે રજવાડા ઈંગ્રેજના " પક્ષમાં રહેલા છે તે ગણાવું. કપુરથલા, જીંદ, પતિયાળા, નાભ, " આપણા બધાં રાજસ્થાન, પંજાબ અને રુંકમાં જેટલા જેટલા " અસલના વંશના રજવાડા–શુદ્ધ રજપુતો છે તે જો. સઉ ઈંગ્રેજના " પક્ષમાં છે. બીજા ધીમે ધીમે હલમલતા હશે તે ઈંગ્રેજનો દિવસ " વળશે તેમ પાછા વળશે. હું છેક હિમાચલ સુધીની ખબર રાખું છું."

જરા૦—" ગાયકવાડ, ગ્વાલ્યર, ઈન્દોર, નિઝામ, એ ન ગણાવ્યાં."

મલ્લ૦—" મ્હેં ન ગણાવ્યાં તો ત્હેં ગણ્યાં. મને તો જુના " ક્ષત્રિય રાજ્ય સાંભરે."

જરા૦—"પણ ઈંગ્રેજનો દિવસ વળશે ખરો ? આગ બહુ લાગી છે."

મલ્લ૦—" બ્રાહ્મણ ભાઈને ઝાઝું સાંભરે નહી તો ! મ્હેં કહ્યું જ છે– " સ્તો કે ઈંગ્રેજ જીતશે. એ લોકમાં એક ટેવ છે—પ્રથમ મૂર્ખ થઈ " ઉંઘે અને પછી જાગે એટલે જોરાવર."

જરા૦—" શી રીતે ? "

મલ્લ૦—" આ દત્તકનું વાદળ નકામું ઉરાડ્યું છે. જમીનની ભુખ " બધાને હોય તે એમને પણ હોય, પણ મૂર્ખ કેવા કે પ્રથમ દયા " આણે, પછી પસ્તાય, પછી ક્રૂર થાય, પછી ખત્તા ખાય અને પછી

" થોડી ઘણી લાતો ખાઈ સામા થાય, જાગે, જીતે ને ડાહ્યા દયાળુ
" પછીથી થાય."

જરા૦—" એ કાંઈ સમજાયું નહી."

મલ્લ૦—" મ્હેં વિચારી જોયું તો દત્તક ન લેવા દેવાને નામે કે
" બીજી રીતે જે જે રાજ્યો એ લોક કરાર તોડી સ્વાહા કરી ગયા તે
" રાજ્યો અસલ ભાઈ સાહેબ ઈંગ્રેજે જ દયાથી કે દાનતથી કે
" બ્હીકથી પોતે આપેલાં. પછી પસ્તાયા કે, હાય આપ્યાં શું કરવા ?
" પસ્તાયા એટલે ખાવાને વખતે પડતા મુકેલા ઉચ્છિષ્ટ કોળીયા ફરી
" સ્વાહા કરવા માંડ્યા ! પણ અસલનાં રાજ્યોમાં એમણે કદી હાથ
" ઘાલેલો નથી. ફળ જો કે એ અસલનાં રાજ્ય આજ ઈંગ્રેજી પક્ષમાં
" છે ને એમનાં ફરઝંદદારી રાજ્યને એમણે ખાવાનું કર્યું તે એમનાં
" સામા ડોળા ફ્હાડે છે."

જરા૦—" પોતાનાં છોકરાંને ખાય તે બીજાને કેમ ન ખાય ?"

મલ્લ૦—" ભુખ લાગ્યે ખાય પણ ખરા. પોતે ઉભાં કરેલાં
" રાજ્યને પાડતાં કે ખાતાં ક્હે છે કે અમે આપ્યું તે જરુર પડ્યે પાછું
" લઈએ. એ નિમિત્ત જુનાં રાજ્યવાળાને લાગુ નથી. બાકી નિમિત્ત
" આપીયે તો મ્હોટાં પ્રાણી ન્હાનાંને ખાય એનાં આ આપણાં અરણ્ય
" અને સમુદ્રમાંથી દૃષ્ટાંતો રોજ જોયાં કર ને બધાં જુનાં રાજ્યનાં
" પાનાં ઉથલાવી જો. પણ હજી સુધી ઈંગ્રેજે કોઈ પારકાને વગર
" નિમિત્તે ખાધું નથી, કારણ એ લોકનું, ઈશ્વરના રાજ્ય પેઠે, નિમિત્ત-
" કારણનું રાજ્ય છે. નિમિત્તની વાટ જુવે એટલો એમાં દૈવી અંશ.
" આપણા રાજ્યમાંથી જ તેમને નિમિત્ત આપીશું ને ત્યારે એમની
" ભુખ ઉઘડશે તો નિમિત્ત આપનાર આપણે જ મૂર્ખ સમજવા.
" આપણા રાજ્યશરીરમાં છિદ્ર હશે તો એ મર્કટો એ છિદ્રમાં
" આંગળીયો ઘાલી ઘાલી ખ્હોળાં કરશે ને અંદરથી જે હાથ આવશે
" ત્યાં અચકું ભરશે. પણ એ મર્કટ–સ્વભાવ નહી જગાડીયે ત્યાંસુધી
" એમના દૈવી અંશ ઉપર વિશ્વાસ રાખજે. નિમિત્ત વગર એ બીજાંને
" નહી ખાય – કારણ કાંઈક ઈશ્વરથી ડરે છે અને છેક લાંબા પગલાં
" ભરતાં વિચાર કરે છે. મને ડર નથી પણ જે ડરકણોને ડર લાગ્યો
" છે તે શું કરે છે તે તું જુવે છે?"

જરા૦—" ના."

મલ્લ૦—" આ ઈંગ્રેજ દત્તક કરવા નહી દે અને રાજ્ય ખાઈ
" જશે એ બ્હાને આપણા રજવાડાઓમાં લુચ્ચા કારભારીયો, રજ-

" પુતાણીઓને ડરાવી, કોળી–ઘાંચીના છોકરાઓને ગાદીપર લાવે છે—
" આ ચાલ આમાંથી આરંભાયો છે; પણ રાંડો વિચારતી નથી કે
" ધણીના વારસ કોળી ઘાંચી કરતાં વધારે સગા છે, ને એ કોળી ઘાંચી
" ગાદીપર બેઠા પછી તમારું સગપણ જાણશે એટલે નહી જાળવે,
" અથવા નહી જાણે તો પોતાના કુળ ઉપર જઈ નહી જાળવે. બાકી
" રજપુત ગાદીપર બેસશે તે તમારી ગેરઆબરૂ નહી થવા દે.

જરા૦—" ત્યારે આપણે શું કરવું ? પેલા વાટ જુવે છે."

મલ્લ૦—" છોને જોતાં. સામંતને એટલો સમય મળશે. બાકી
" આપણે તો વિચાર કર્યો છે જ. આ કાંઈ ઈંગ્રેજ એકલા નથી અને
" જે લોકના પક્ષમાં આપણે ભળવું જોઈએ તે પણ ઈંગ્રેજના જ પક્ષમાં
" છે એટલે આપણે બોલ્યો બોલ પાળવાનો છે.

જરા૦—" બોલાવું ત્યારે ?"

મલ્લ૦—" જા, બોલાવ."

ત્રણ જણને જરાશંકર અંદરથી બોલાવી લાવ્યો. સઉએ ઉભાં ઉભાં વાત કરી. મલ્લરાજ તરવાર જમીનપર મુકી તેપર બે હાથ ટેકવી ઉભો અને બોલ્યો.

" અમે તમારી કહેલી વાતનો વિચાર કર્યો છે. તમારા આવતા
" પ્હેલાં કંપની સરકારને અમે બંધાઈ ચુક્યા છીયે અને બે–બોલી
" થવાનો અમારો રીવાજ નથી, છતાં તમારા કહેવાનો વિચાર કરી
" જોતાં પણ તમારો બતાવેલો ડર અમારા કાળજામાં અડકતો નથી
" અને બીજી વાતો તો ધુળ ઉપર લીંપણ જેવી છે. માટે રામ રામ."

સુભાજીરાવને કપાળે ભ્રુકુટિ ચ્હડી અને શાસ્ત્રી ગભરાયા. બે જણ કંઈક બોલવા જતા હતા એટલામાં મલ્લરાજ બોલ્યો.

" દૂત ! આ લોકોને ત્હેં અભયવચન આપેલું હતું તે અમે
" કબુલી એમને આવવા દીધા અને આપણા રાજ્યની બ્હાર જવા
" ટુંકામાં ટુંકો માર્ગ હોય તે માર્ગે થઈ આ રાજ્ય છોડવા એમને બીજી
" બે ઘડીની જરૂર છે તેને સટે તેમને ચાર ઘડીનું અભયવચન
" આપ્યું એટલા કાળમાં આપણા માણસોને સોંપી એમને આપણા
" રાજ્યની હદબ્હાર છુટા મુકી આવ. પછી પાછા આવશે તો આ
" રાજ્ય છે ને રાજ્યનો ન્યાય છે. અને જરાશંકર, એવું જણાય છે કે
" આપણી રજાવગર, આપણને પુછ્યા ગાછ્યા શીવાય કેવળ આપણને
" ડરાવવા અને હેરાન કરવાના હેતુથી આ લોકનું લશ્કર આપણી હદમાં
" આવેલું દેખાય છે. તે સર્વ લશ્કરને આપણી સેના રાજ્યબ્હાર

"કરશે જ. તેમાંથી જે પકડાય તેને ઈંગ્રેજને હવાલે કર કે આપણે
"તેમને ખવરાવવું ન પડે. તેમની મીલકત હાથ લાગે તે જપ્ત કર.
"રત્નગરીના રાજ્યમાં હરામખોર લોક આમ આવી શકતા નથી.
"રત્નગરીનો રાજા જાગતો છે તે હવે જગત ચોખી રીતે જાણશે."
બુમ પાડીઃ "રજપુતો !"

પાંચ સાત રજપુતો બ્હારથી આ બોલ બોલતામાં આવ્યા અને રાજાની આજ્ઞા સઉએ શિરપર ધારી. રાજપ્રધાન શીવાય સઉ ગયા.

"જરાશંકર, સાંભળ્યું છે તે થાય તેની સરત રાખજે. જરુર પડે
"તો જગાડજે. હવે ઘેર જા."

જરાશંકર ગયો.

શય્યાગૃહમાં જતાં જતાં રાજા મનમાં વિચાર કરવા લાગ્યો.

"ડાહ્યા ડાહ્યા તે વધારે ખરડાય. દત્તકના લત્તકમાં ઈંગ્રેજોને આ
"સમય આવ્યો. પ્યાદળ મરવા દઈ વજીર લેવો એ ચતુરંગનો દાવ
"ઈંગ્રેજો જાણે છે છતાં આમાં ભુલ્યા. ગમે એટલું પણ સુગ્રીવજીની
"સેનાકની ?" રાજા એકલો ખડખડ હસ્યો.

"પણ, ભા, યાદ રાખજો કે સારા થશો તો સારાઓ આશ્રય
"આપશે. ખોટું કરશો તો ખોટું શીખવશો ને ખત્તા ખાશો ને
"ખવડાવશો. અમારા શુદ્ધ ક્ષત્રિય રાજાઓ ! અમારા શુદ્ધ રજપુતો !
"સઉ ભ્રષ્ટ થશે ત્હોયે આખરે આ નસોમાંનું લોહી ! તે ખુટશે ત્હોયે
"ખરચાશે—પણ એક સરતે—એ લોહી તમારે સારુ ખરચાય એવો
"તમે અધિકાર રાખ્યો હશે તો ! ઈંગ્રેજો ! સારા ર્‌હેજો અને સારા
"રાખજો ! તમારા ગુણ મલ્લરાજ પીછાને છે—તમે દેશી રજવાડાના
"ગુણ પીછાનજો—તમે અમારું રત્ન છો; અમે તમારું રત્ન છીયે—
"ક્ષત્રિયરત્નો ઉપર કચરો હોય તે સાફ કરશો તો માંહ્યથી પ્રકાશ
"નીકળશે. અને એ રત્ન તમને મૂલ્યવાન થઈ પડશે ! દેશી રાજ્યો
"તમારા હાથમાં —આ સમે થયાં છે તેવાં મૂલ્યવાન રત્નો છે–તેની
"સાથે તમારી મર્કટવિદ્યા ન વાપરશો."

"પછી સુગ્રીવજીની જાત ઉપર જઈ રત્નો ઉપરનો કચરો ચાટી
"જઈ માંહ્યનું રત્ન પગતળે નાંખો તો જાત ઉપર જવાનો તમને
"અધિકાર છે — જાત ઉપર જશો તો કોણ ના ક્હેશે ? તમે મર્કટની
"જાત ઉપર જશો — અમે માણસની જાત ઉપર જશું."

મલ્લરાજ ફરી ખડખડ હસી પડ્યો. તે આ પળે શયનગૃહ આગળ આવ્યો હતો. તેમાંથી એનું હાસ્ય સાંભળી હસતી મેનારાણી

દ્વાર ઉઘાડી બ્હાર આવી. "તમારા હાસ્યનું કારણ જાણવાનો અધિકાર "પણ અમને ખરો કે નહી?" એમ કહી રાણીએ એક હાથ રાજાની કેડે વીંટ્યો અને બીજે હાથે એના માથા ઉપરથી મંડીલ ઉતાર્યું.

"હા, મ્હારા રત્ન!" કરી રાજાએ રાણીને અંદર ખેંચી. તેમની પાછળ દ્વાર બંધ થયાં. અને તેની જોડે આ પ્રકરણ પણ બંધ કરીયે તો મર્યાદા જળવાય.

---

## પ્રકરણ ૯.

### મલ્લરાજની ચિન્તાઓ.

"Yet once more, in justice to this paragon of "Heathen excellence, let us remember that Aurelius "represents the decrepitude of this era. He is hope- "less because the age is hopeless. He cannot rise "beyond the sphere of ideas around him. The "Heathen world looked for on renovation of a so- "ciety which was visibly perishing before its face. "* * And now when the popular notion of its "degeneration was realized, it accepted its apparent "destiny without a murmur."—*Merivale.*

ઈંગ્રેજની સામે વાપરવાનું બળ દેશી રજવાડાઓમાં ખપાવી ન દેવું અને જે રજવાડાઓમાંથી આશ્રય ન મળે તેની સાથે વિરોધ ન શોધવો એવી ઉપરીઓની સૂચના હોવાથી સુબાહ્જરાવની સેનાએ સામંતને ઘણો શ્રમ ન આપ્યો. સુબાહ્જરાવ અને કેશવ-શાસ્ત્રીને જ દરબારમાં આમંત્રણ થયેલું તે ગયા એટલે તેમના રત્નનગરી આવેલા સાથીયો રાત્રે નગરચર્ચા જોવા નીકળી પડ્યા અને સામંતની સેનાની બાતમી મળતાં સુબાહ્જને શો ઉત્તર મળશે તેની કલ્પના થઈ. એમાંથી એક જણ ઉતારે પાછો આવ્યો અને એક જણ પોતાની સેનાના સ્થાન ભણી દોડ્યો અને સમાચાર કહ્યા. સામંતની સેના રાત્રિયે પસારો કરી ચાલી તેનાં ચિન્હથી જ સુબાહ્જરાવની સેના

પરહદમાં નીકળી ગઈ. નીકળતાં નીકળતાં સામંતના દારૂગોળાનો કાંઈક માર પડ્યો તે ખમી ગઈ અને પાછળ પડેલાં થોડાંક માણસ સામંતના હાથમાં આવ્યાં તેને બચાવવાનો પ્રયત્ન ન કર્યો. સુભાજી વગેરે ત્રણે જણને રત્નનગરીનાં માણસોની ચોકીએ બીજે માર્ગે થઈ પરહદમાં મુક્યા, અને ત્યાંથી મલ્લરાજ અને જરાશંકરને અનેક ગાળો દેતા દેતા પ્રાતઃકાળે પોતાની સેનાને મળ્યા અને બીજે માર્ગે ચાલી ગયા. તે સઉ ગયાની અને તે પાછા નહી આવે તેની ખાતરી થતાં સામંત પાછો ફર્યો, અને વગર યુદ્ધે હાથમાં આવેલાં માણસ સ્ત્રીતુલ્ય ગણી મલ્લરાજે કેદ પકડાયલા માણસોને પોતાની હદ બ્હાર ફ્હાડી મુક્યા.

દીલ્હી ઈંગ્રેજને હાથ પાછું આવ્યું. ભરતીની દિશા બદલાઈ, ઈંગ્રેજ જયવંત થયા, મહારાણી વિક્ટોરિયાનું રાજ્ય થયું અને ભરતખંડમાં નવા રાજ્યની રાજ્યઘોષણા એ રાણીના સ્વહસ્તે લખેલા કોમળ ઉદાર શબ્દોમાં થઈ. મલ્લરાજનો કરેલો વર્તારો ખરો પડ્યો, સર્વ વાતે ખરો પડ્યો. બ્રેવ સાહેબ ઉપરની ચીઠી અને સુભાજીરાવ સામેનું પ્રયાણ એ બે પ્રસંગોથી રત્નનગરીનો અને ઈંગ્રેજ વચ્ચેનો સંબંધ ઘાડો થયો અને રોપેલા કાર્યવૃક્ષને ઇષ્ટ ફળસિદ્ધિ થઈ.

આ ફળસિદ્ધિની વાત ઘણા ઘણા દિવસ સુધી રાજાએ અને પ્રધાને સંભારી રાખી, અને તેથી એકલો આનંદ ન પામતાં એ વાત જ્યારે નીકળતી ત્યારે મલ્લરાજનું મુખ ગંભીર થઈ જતું. એક વાર પ્રસંગ નીકળતાં તે બોલ્યો: “ જરાશંકર, ઈશ્વરે સારી વાતો પણ ધારેલી “ સિદ્ધ કરી તેમ ખોટી વાતો પણ જે જે ધારી હતી તે સિદ્ધ થતી “ હોય એમ લાગે છે. મ્હારા પિતાએ ઈંગ્રેજ સાથે પ્રથમ સંધિ કર્યો “ ત્યારે જ મ્હેં નિર્ણય કર્યો હતો કે રજપુતાઈ રંડવાનો કાળ આવ્યો. “ નાનાસાહેબના બંડપ્રસંગે જમે અને ઉધાર વિચારી મ્હેં જાતે જ એ “ સંધિ દૃઢ કર્યો તેમાંની જમે અને ઉધાર બાજુ ખરી પડતી જાય છે અને “ પડશે. ઈંગ્રેજોનામાં સુગ્રીવજીની સેનાના સારા અને નઠારા સર્વ ગુણ “ દૈવી અંશ અને વાનર અંશ–સર્વ પ્રકટ થાય છે અને થશે. અને તેને “ યોગ્ય આપણે વિચાર અને આચાર રાખવા પડશે. બ્રેવ સાહેબ “ ગુજરી ગયા અને હું રહ્યો. બ્રેવ સાહેબના જેવા ઈંગ્રેજો હવે આ દેશમાં “ થોડા આવશે. હવે ઈંગ્રેજોને પણ આ દેશમાં શુદ્ધ રાજાઓની સાથે “ યુદ્ધ નહી કરવાં પડે પણ ધાડપાડુઓ, બાયલાઓ, વ્યસનીઓ, અને “ એવાએવાઓની સામે શિક્ષાની તરવાર ઉગામવાને નિમિત્તે યુદ્ધ કરવું

"પડશે. તેને યુદ્ધ સમજીશ મા. એ તો છોકરાંની રમત—પોલીસની
"દોડધામ જેવી વાત સમજજે. ઈંગ્રેજોનું તેમ આપણા લોકનું ક્ષત્રિયત્વ
"આ દેશમાંથી જતું રહેવાનું–તેમના મહાન્ રાજ્યમાં અન્યત્ર
"યુદ્ધો થશે તેથી તેમની સેનાને અનુભવના દ્વાર મળવાનાં. પણ
"આપણને તે દ્વાર નહી મળે—આપણે તરવાર આપી નથી, પણ આપી
"દીધી જ સમજવી. આપણે હવે વૈશ્ય જેવા થઈશું અને પૃથ્વીનું
"ઉત્પન્ન વધારવામાં આપણું ભાગ્ય સમાપ્ત થશે. તેની સાથે ઈંગ્રેજો
"બ્હાર ગમે તે હશે પણ આ દેશમાં આવી વૈશ્યવૃત્તિવાળા થઈ
"જવાના, અને અત્રેથી કમાઈ કરી પોતાને દેશ જઈ ત્યાંના પોતાના
"બન્ધુઓને પણ પોતાના જેવા કરવાના એ સિદ્ધ. સર્વથા ભાવી
"આગળ કોઈ બળવાન્ નથી, પણ હવે દેશકાળ બદલાયા અને નવા
"યુગનો પવન ઝપાટાબંધ ચોપાસથી વાવા લાગ્યો છે તેમાં શું કરવું,
"કેવી રીતે વર્તવું, કેવાં બીજ નાંખવાં, ક્યાં નાંખવાં, શું રાખવું, શું
"પડતું મુકવું, વગેરે સર્વ વાતોનો ગંભીર વિચાર કરવો એ હવે મ્હારું
"ને ત્હારું કામ."

જરાશંકર—"મહારાજ, કેવળ સત્ય વાત બોલો છો. આ નવો
"યુગ પ્રવર્તે છે તેના ઉન્માદમાં એકદમ દાખલ થઈ જવું જેમ ઠીક
"નથી તેમ પાછલો યુગ હજી વિદ્યમાન હોય તેમ નવા યુગનો પ્રમાદ
"કરવો પણ યોગ નથી. નવો યુગ નહી સમજે ને પ્રમાદ ધરશે તે
"અર્જુન પેઠે કાબાઓથી લુટાશે; નવા યુગના ઉન્માદમાં લીન થશે
"તે પરીક્ષિતની પેઠે બ્રાહ્મણને ગળે સર્પ વીંટી પાછળથી પસ્તાશે.
"ક્ષત્રિયોનાં લોખંડનાં શસ્ત્ર ગયાં સમજવાં એ નક્કી, પણ શસ્ત્ર ન
"ધરવાની પ્રતિજ્ઞા સ્વીકારી શ્રીકૃષ્ણ પરમાત્માએ વગરશસ્ત્રે પાંડવોના
"ધર્મયુદ્ધમાં ધર્મવિજય પ્રવર્તાવ્યો એ કથામાં આપણા પુરાણ મુનિએ
"મહાન્ ઉપદેશનું રહસ્ય મુક્યું છે તે આપના જેવાઓને જ માટે क्षोऽक्ष
"प्रवीन, क्तु न करो એ વાક્ય શૂરવીરોને પણ કામ લાગે છે. મહારાજ,
"મનને અસ્ત કરી ન નાંખો."

મલ્લરાજ વિચારમાં લીન હતો. તેના ક્ષાત્ર નેત્રોમાંથી અપ્રતિહત જળ-ધારા ચાલતી હતી. તેના દાંત નીચલા ઓઠને અત્યંત બળથી કરડતા હતા ને એ ઓઠમાંથી રુધિર નીકળે એટલું જ બાકી હતું. વામ હસ્તની તર્જની મુછ ઉપર ભાર દેઈ આળોટતી હતી. કપાળે કરચલીયો વળી હતી ને તેની વચ્ચે થઈને પરસેવો ઉભરાતો હતો. જરાશંકરે આ અવસ્થામાંથી તેને જગાડવા ફરી પ્રયત્ન કર્યો.

" મહારાજ !"

આકાશ ભણી નેત્ર કરી, કેડે તરવારની મુઠ ઉપર હાથ ડાબી, વિકરાળ સ્વરૂપ ધારણ કરી, મલ્લરાજ અચીન્ત્યો ઉભો થયો. " બ્રાહ્મણ ! " તું સત્ય ક્‌હે છે, પણ હાલ તો સર્વ ક્ષત્રિયોની સુહાગણ રાણી " રણભૂમિ ગુજરી ગઈ છે તેનો અસહ્ય શોક થઈ ર્‌હેશે ત્યાંસુધી " જીવને શાંતિ વળવાની નથી. જા, મ્હારી રજપુતાણીને જઈને ક્‌હે " કે હવે ત્હારો રણશૂરો રજપુત મટી ગયો ! – એ વટલાયો." રાજાનું નેત્ર હજી શૂન્ય આકાશ ભણી હતું.

જરાશંકરે રાણીને તેડવા મોકલ્યું. મેનારાણી, પ્રધાનની લાજ છોડી, ઉઘાડે મુખે, ગભરાતી, હાંફતી, આવી. રાણીનું આ સ્વરૂપ પ્રધાને પ્રથમ જ જોયું. તેની આંખમાં આંસુ આવ્યાં, અને હાથ જોડી, " માતાજી " સંબોધન ઉચ્ચારી, રાણીને રાજાની સર્વ અવસ્થા વિદિત કરી. રાણી રાજાની સ્થિતિ જોતી થોડીક વાર ઉભી – રાજાએ તેના સામી દૃષ્ટિ સરખી ન કરી—અંતે રાણીએ શાંત મનથી કંઈક વિચાર કર્યો. જરાશંકરને દ્વાર વાસી બ્હાર બેસવા આજ્ઞા કરી, અને પોતે રાજાના સામી જઈ ઉભી. ત્હોયે એને રાજાએ જોઈ નહી. રાણીએ રાજાના ખભાઓ પર પોતાના હાથ મુક્યા. ત્હોયે રાજા ચમક્યો નહી — તો બોલે તો શાનું ? રાણીએ રાજાને કપાળે અને મુખે પોતાનો હાથ ફેરવ્યો અને ફેરવતાં બોલી: " મહારાજ ! સ્વામીનાથ ! "

રાજાએ રાણીના ભણી જોયું; તેને ખભે પોતે હાથ મુક્યા; " કેમ, " રાણી, શું જોઈએ ? "

" મહારાજ પ્રસન્ન હોય તો રાણીને શું જોઈએ ? આપને ખેદ " એ રાણીનું સર્વસ્વ ગયા જેવો પ્રસંગ. "

" જરાશંકર ક્યાં ? "

" આપના મનની અવસ્થાનો ખેદ કરતાં પ્રધાનજી બ્હાર " બેઠા છે."

" તમે ક્યારનાં આવ્યાં ?"

" હું ક્યારની એ આવી હઉં પણ મહારાજે મ્હારા ઉપર દૃષ્ટિ " કરી ત્યાર પહેલાંનું આવ્યું નકામું. મહારાજ, આપ જેવાને શાનો " ખેદ થયો ? "

" તે પુછવાનો તમારો અધિકાર ? "

" આપના આનંદમાં અધિકાર મને આપો ત્યારે મને મળે, પણ " આપના દુઃખમાં તો વગર આપ્યો અધિકાર ભોગવું છું. મહારાજ;

"આપનાં દુઃખમાં ભાગ લેવાનો અધિકાર એ તો મ્હારો પલ્લાનો લેખ.
"તે રદ કરવા આપને અધિકાર નથી."

આ ઉત્તરથી રાજા પ્રસન્ન થયો, અને પ્રસન્ન મુખે આસન ઉપર બેઠો અને રાણીને અંકઉપર આસન આપી તેને કહેવા લાગ્યો.

"લે હવે મ્હારો ખેદ ગયો એટલે ત્હારો અધિકાર પણ ગયો
"કે નહી?"

"આપની પ્રીતિ એવી છે કે આટલાથી છેતરાઈ અધિકાર ખોઉં
"એમ નથી."

"સાંભળ ત્યારે, મને કંઈ કારણથી અત્યંત ખેદ થયો હતો
"તેનો ઉપાય જડ્યો એટલે ખેદ ગયો, જરાશંકર અને સામંતને
"બોલાવી તેમની સાથે મંત્ર કરીશ ત્યારે હું પુરો સ્વસ્થ થઈશ.
"સ્વસ્થ થયા પછી રાત્રિયે મેનારાણીના રાજ્યમાં હું બંધનને પ્રાપ્ત
"થઈશ ત્યારે અથથી ઈતિ સર્વ વાત કહીશ. અત્યારે અધુરી કહેવી
"પડશે, બોલ, બેમાંથી તને રુચે તે માર્ગ લેઉં."

"મહારાજ, અમારો અધિકાર તે તે ધર્મની ગાય લેવાનો, અને
"એવી ગાયને દાંત હોય નહી. આપે સ્ત્રીનો કાળ રાત્રિ કરી આપ્યો
"તો તે કાળે હું અધિકાર વાપરીશ–મહારાજ, તે પ્રસંગે વચન પાળવામાં
"ન્યૂનતા ન રાખશો."

"બહુ સારું." રાણી ગઈ, રાજા તેની પાછળ એક દૃષ્ટે જોઈ રહ્યો, તે અદૃષ્ટ થઈ એટલે જરાશંકરને બોલાવ્યો. બારણે સામંત આવ્યો હતો તેને પણ અંતર્ બોલાવ્યો.

"સામંત, તું જોઈતો હતો તેવો તું આવ્યો."

"મહારાજની શુદ્ધ કૃપાનું ફળ, કે મનમાં સેવકને સ્મરો
"કે સેવક આકર્ષાય." સામંતે ઉત્તર આપ્યો.

"સામંત, પણ કહે તું અત્યારે ક્યાંથી?"

"મહારાજના મનની કાંઈક અવકળા જાણી આવ્યો."

"ઠીક કર્યું,—જરાશંકર, તું બારણે કેમ જતો રહ્યો! રાણીએ
"કહાડી મુક્યો?"

"ક્ષમા કરો, મહારાજ, એ બોલ ન કહેશો"—જરાશંકર કાને હાથ દઈ બોલ્યોઃ "મહારાજના મનનું ઔષધ કરવા હું અસમર્થ
"નીવડ્યો, ત્યારે રાણીજીને મ્હેં જ બોલાવ્યાં."

"તે ત્હારા કરતાં એની શક્તિ વધારે છે?" મહારાજે હસીને પુછ્યું.

"મહારાજ, કહ્યું વધારે કે નીવડ્યું વધારે? હું હાર્યો અને
" રાણીજીએ પ્રસન્ન કરી પાછા અમારી પાસે આપને મોકલ્યા તે
" આપની પ્રસન્નતા અમે ભોગવીયે છીયે તે રાણીજીની જ અમારા
" ઉપર કૃપા."

"ત્યારે રાણીનો પ્રતાપ તારા કરતાં વધારે?"

"મહારાજ, સ્વસ્થાને સર્વનો પ્રતાપ વધારે—દિવસે સૂર્યનો,
" શુક્લપક્ષની રાત્રે ચંદ્રનો, ને કૃષ્ણપક્ષની રાત્રે તારાઓનો. દશરથનો
" અધિકાર એ કે તેના શબ્દ સાચવવા **રામ** વન ગયા. પણ દશરથ,
" કૌશલ્યા, લક્ષ્મણ, ને **સી**તા; તે સર્વેએ ઈચ્છ્યું કે અમને તમારી
" સાથે વનમાં લેઈ જાવ. પણ સર્વ ધર્મ જાણનાર શ્રી **રામચંદ્રજી**–
" તેમણે કેવો વિવેક કર્યો તે જુવો. કૌશલ્યાજીને સાફ ના કહી
" કે ત્હારો અધિકાર પિતા પાસે રહેવાનો છે–આજ્ઞા કરી કૌશલ્યાને
" દશરથ પાસે રાખ્યાં–ધર્મકાર્યે પુત્ર માતાને આજ્ઞા કરી શકે. માતાની
" સ્ત્રીબુદ્ધિ થાય ત્યારે પુરુષબુદ્ધિવાળો પુત્ર ધર્મ સાચવવા માને
" આજ્ઞા કરે–તેવા સમયો અર્થે જ શાસ્ત્રવચન છે કે न स्त्री स्वातंत्र्य-
" मर्हति ॥ દશરથ પિતા તેમણે પોતાની પાછળ આવવા માંડ્યું:
" પિતાને આજ્ઞા કરી નિષેધ કરવાનો પુત્રને અધિકાર નહી તે ન
" વાપર્યો; પિતાની યોગ્ય આજ્ઞા જાણતાં પોતે વન જવા નીકળ્યા, પણ
" પોતાની પાછળ પિતા આવે તે પિતાના રાજધર્મના ભંગનું સાધક
" થાય, માટે એ વાતમાં પિતાની ઈચ્છાને પોતે અનુસર્યા નહી; પણ
" રતોવાઈ ગુપ્તપણે પિતા નિદ્રાવશ હતા તે કાળે પોતે ચાલી ગયા.
" ગુરૂજનોની આજ્ઞા પાળવા ન પાળવાનો આ વિવેક. લક્ષ્મણજી ભક્ત
" હતા, તેમને સાથે ન આવવા સમજાવ્યા, પણ આગ્રહ કર્યો ત્યારે
" કહ્યું કે તમે આવવા સ્વતંત્ર છો. **સી**તાજીને ઘેર રહેવાનો લાભ
" બતાવ્યો ને વનવાસનાં દુઃખ બતાવ્યાં. પણ સ્ત્રીને પતિના દુઃખમાં,
" બળ કરી, ક્રોધ કરી, ગમે તેમ કરી, ભાગ લેવા અધિકાર છે ને
" પતિનો ધર્મ છે કે તે અધિકારમાં વચ્ચે ન પડવું. વનમાં જવા
" **સી**તાએ **રામ** ઉપર ક્રોધ કરી રામની રજા મેળવી છે, અને **શ્રી-**
" રામચંદ્રે નથી પુછ્યું દશરથને કે નથી પુછ્યું કૌશલ્યાને, અને
" કોઈને પુછ્યા વગર **સી**તાની આ ઈચ્છાને પોતે વશ થયા. આવી
" વાતોમાં સ્ત્રીનું સ્વાતન્ત્ર્ય અને સ્ત્રીનો અધિકાર બલિષ્ઠ છે અને તે
" અધિકારમાં ન્યૂનતા કરવા પોતાની ઈચ્છાથી કે પોતાનાં માતા-
" પિતાની ઈચ્છાથી પણ પતિને અધિકાર મળતો નથી તેનું આ દૃષ્ટાંત.

"પતિનું દુઃખ તે પત્નીના દુઃખની પરાકાષ્ઠા છે ને તેમાંથી પતિને
"મુક્ત કરનારી ધર્મપત્નીનો અધિકાર અપ્રતિહત છે; તો મહારાજ,
"મહાપતિવ્રતા એવાં જે રાણીજી તે આપને પ્રસન્ન કરે તેમના તે
"અધિકાર કે પ્રભાવમાં હું ન્યૂનતા ઈચ્છું તો નરકનો અધિકાર થાઉં:
"મહારાજ, એમનો એ અધિકાર અને પ્રભાવ અખંડ અને અચલ
"રૂહો ને એમની પાસેથી નિત્ય અમારી પાસે આમના આમ પ્રસન્ન
"થઈ આવતા આપને જોવાનું અમારું સદ્ભાગ્ય એવું જ અચલ રૂહો."

મલ્લરાજ પુષ્કળ હસ્યો અને સામંતને ક્‌હેવા લાગ્યોઃ "સામંત,
"જોઈ આ પ્રધાનની કુશળતા? મને પ્રસન્ન કરવાનું કામ પ્રધાનનું
"પોતાનું, તે એણે આમ રાણીને માથે નાંખી દીધું! ભલે, એ
"એમ પ્રસન્ન થાઓ; હું હવે મ્હારા મનની વાત ક્‌હેવા ઈચ્છું છું
"તેમાં પ્રધાનનું કામ છે અને તે કરતાં વિશેષ—સામંત!—ત્હારું
"કામ છે."

સામંત—"સેવક સાંભળવા તૈયાર છે."

"જરાશંકર, બે મ્હોટા કાગળ લાવ, તેમાં એક પર લખશે
"સામંત, અને એક પર લખ તું:" મલ્લરાજે કહ્યું. બે જણે કાગળ
લીધા, ને રાજાએ લખાવવા માંડ્યું.

"લખો મ્હારા રાજ્યનાં બે અંગ—એક કારભારીઓ ને બીજું
"ભાઈઓનું." લખાયું.

"લખો. રાજા અને ભાઈઓ તે એક, અને કારભારીઓએ
"સરત રાખવું કે ભાઈઓમાંથી કોઈ ગમે ત્યારે રાજા થાય
"પણ કોણ થશે તેની ખબર પડે નહી, માટે બધા ભાઈઓને રાજા
"થવા જેવા કરી રાખવા કે અભિષેકકાળે આંધળાને આંખવાળો
"ન ગણવો પડે. લખો."

જરાશંકર—"લખ્યું, મહારાજ. અતિ ઉત્તમ લેખ લખાવ્યો."

મલ્લ૦—"વચ્ચે બોલશો નહી. છાનામાના લખો. આ ભાઈઓએ
"એમ ગણવું કે રાજ્ય ગાદીવાળાનું છે તે માંહમાંહ તેની સાથે
"લ્હડશું તો ત્રીજો ઈંગ્રેજ આંગળી ખુંપાવશે, ને આજ રાજાનો
"વારો આવશે તો કાલ રાજા બન્યે કે ન બન્યે આપણો વારો
"આવશે, ને રાજ્યમાં હશે તો કુવેથી હવાડે આવશે—માટે કુવાનું
"ખોદું ન કરવું, ને રાજ્ય બ્હારના વાઘના પેટમાં જશે તો તે
"કોઈને ભાગ્યે નહી આવે." રાજા સામંત સામું જોઈ રહ્યો.

"મહારાજ યથાર્થ કહો છો." સામંત બોલ્યો.

મલ્લરાજ—"હા, કહું છું તો ખરું. પણ એ ખરું કહેલું ભાઈઓના "પેટમાં ખરું નહી વસે અને રાજાઓને અને ભાયાતોને લ્હડવાનો "વારો બીજાં રાજ્યમાં આવે છે તેમ આપણામાંયે આવશે એમ "મને શંકા રહે છે, આજ સુધીના રજવાડાઓ જુદા હતા, હવે "જુદા થશે. જો, રાજ્ય એકનું એક રહેવાનું ને તે રાજાએ "જાળવવાનું અને ભાયાતો અનેક ને દિવસે દિવસે વધવાના. આજ "સુધી વધારે ગ્રાસ આપવો પડે તો રાજાઓ અને ભાયાતોનાં શસ્ત્ર "નવી ભૂમિ પેદા કરતાં ને તેમાંથી ભાયાતોને ગ્રાસ જતો. તમે બે "જણ આ બધા બોલ લખતા જાવ—હવે તો ભૂમિ હશે તેટલી ને "તેટલી ને ભાઈઓ વધશે એટલે રાજ્યને ઘેર ખોટ પડશે ને રાજ્ય "ન્હાનાં થઈ જશેઃ આ રાજા અને ભાઈઓના વિરોધનું પ્રથમ મૂળ. "ભાઈઓને શસ્ત્રવડે લ્હડવાનું ગયું એટલે જીભે કે લેખણે લ્હડશે, "એ લ્હડતાં જાતે નહી આવડે એટલે કાયસ્થો અને મુત્સદ્દીઓ "કમાશે અને આખરે ઈંગ્રેજો ન્યાયાધીશ થશે—તેની ખુશામત, તેને "લાંચ, તે ગાળો દે તે વેઠવાની, તે લ્હડાવે તે પ્રમાણે લ્હડવાનું, "વગેરે હલકટ વૈશ્યકળાઓમાં અને વૈશ્યયુદ્ધોમાં સર્વ ક્ષત્રિયો—કાં "રાજાઓ અને કાં ભાઈઓ—ખુવાર થશે અને ખુવાર કરશે અને "પરાયાંનાં પેટ ભરી તેમના ગુલામ થશે. લખો બે જણા કે મ્હારા "રાજ્યમાં એ ન જોઈએ."

"ક્ષત્રિયો વૈશ્ય જેવા કેમ થશે તે કહ્યું. હવે લખો કે "રજવાડાઓના રાજાઓ બ્રાહ્મણો જેવા થઈ જશે. તેમને ઘર ઢોર "વ્હાલાં થશે, તેમને જીવવું વ્હાલું થશે, તેમને મરવું અળખામણું "થશે, તેઓ જરાજરામાં ડરશે, તેમને વ્યવહાર નહી આવડે, ને "બ્રાહ્મણો ભાંગ પીયે તેમ રજપુતો બીજાં વ્યસન કરશે. લખો—એ "મ્હારા રાજ્યમાં ન જોઈએ. શસ્ત્રની પ્રીતિ મટી એટલે આ થવું "નક્કી. એ પણ લખો."

"ક્ષત્રિય પુરુષો સ્ત્રીયો જેવા થશે, તે લખો. 'હાય! હાય! "પુત્ર કેમ ન થયો?' તેની તેમને ચિંતા પેંસશે. બ્હાર યુદ્ધ કરવાનાં "મટ્યાં અને જોવા સાંભળવા મટ્યાં એટલે ઘરમાં પોતાની સ્ત્રીયોનાં "યુદ્ધ જોશે; ઝાઝી સ્ત્રીયો પરણી તેમાં એકને વ્હાલી ને બીજીને "અળખામણી કરશે, વ્હાલી સ્ત્રીયોનો પક્ષ કરી તેની સખી જેવા "થઈ બીજી સ્ત્રીયો સાથે તેની સાસુ જેવા થઈ લ્હડશે, માજી રાજાઓની

"અને ભાઈઓની સ્ત્રીયોને સ્ત્રીયોપેડે કનડશે, સ્ત્રીયોમાં મગ્ન થઈ પોતે
"સ્ત્રીરૂપ થશે, અને ઘરમાં, ઘરબ્હાર, અને અનેકધા રાજાઓ સુદ્ધાંત
"રજપુતો સ્ત્રીની કળાઓ આચરશે અને પુરૂષો બીજા થશે–બ્હારનાં
"માણસો અને હલકા નોકરો તેમના પુરૂષો થશે. લખો."

સામંતની કલમ અટકી, તેની આંખમાંથી આંસુધારા ચાલી.
"મહારાજ, હવે મ્હારો જીવ ગભરાયો—મને તમારો વર્તારો ખરો
"લાગે છે—ચારે પાસના રાજ્યમાં આ થતું જોઈએ છીએ—મહારાજ,
"હવે તો—"

મલ્લરાજ—"હે મૂર્ખ, એટલામાં સ્ત્રી જેવો થઇ ગયો?"

જરાશંકર—"સામંતસિંહ, જાદવાસ્થળી જાતે જોઈને પછી કૃષ્ણ
"સ્વધામ ગયા છે—ક્ષત્રિયો લ્હડવાનું તો ગયું—પણ આવો સમય
"જોઈ, ધૈર્ય રાખી, અને તે ઉપાય યોજવા એ ધર્મ સર્વ પુરુષોનો છે
"તે ક્ષત્રિયોનો હોય એમાં શી નવાઈ? શિવશક્તિનો રચેલો પ્રલયકાલ
"પુરો થયો તે જોઈ પછી નારાયણ પ્હોડ્યા છે."

મલ્લરાજે જરાશંકરનો ખભો થાબડ્યો: "સાબાશ, મ્હારા પ્રધાન!
"સામંત, આ ત્હેં અને જરાશંકરે કહ્યું તે પણ ભેગેભેગું લખ અને
"રોવું છોડી પુરુષાતન બતાવી હું લખાવું તે પણ લખ."

સામંત—"જેવી આજ્ઞા." લખવા માંડ્યું.

મલ્લરાજ—"ક્ષત્રિયો શૂદ્ર જેવા થશે—તેમને લખતાં વાંચતાં નહી
"આવડે ને હલકા ધંધા કરશે, હલકાં કર્મ વ્યભિચાર આદિ સર્વ કરશે,
"પરજાતિની ખુશામત કરશે, હલકા કપટ કરવા શીખશે, ને છાનાં
"ખુન કરતાં શીખશે."

"હવે લખ કે ક્ષત્રિયો મ્લેચ્છ જેવા થશે—મ્લેચ્છના સર્વ દુષ્ટ
"વ્યવહાર—દીલ્હી વગેરેમાં જોઈએ છીયે ને સાંભળીયે છીયે તે—
"પશુદોષ, દુષ્ટતા, ક્રૂરતા આદિ તેમનામાં આવશે—પણ તેમના ગુણ
"તેમનામાં નહી આવે. લખ, લખ, કે, બ્રાહ્મણ, વૈશ્ય, સ્ત્રી કે શૂદ્ર
"સર્વેના દોષ તેમનામાં આવશે—ગુણ એકેનો નહી આવે."

"હવે શું લખ્યું તે, સામંત વાંચી બતાવ."

સામંતે વાંચ્યું.

જરાશંકર—"મહારાજ, આવો પ્રલયકાળ તો નહી આવે."

મલ્લરાજ—"તું શું સમજે? આ પ્રલયકાળનો યુગ બીજાં રાજ્યોમાં
"એસી ચુક્યો છે—એક રત્નનગરીમાં સત્યયુગ પ્રવર્તે છે."

જરાશંકર—“ ને હજી પ્રવર્તશે.”

મલ્લરાજ—“ સામંત, પ્રવર્તશે–જો તમે સઉ આશ્રય આપશો ને
“ સઉ પુરુષપ્રયત્ન કરીશું તો તે છેલે સુધી પ્રવર્તશે. તેના ઉપાય બતાવું ?”

સામંતે નિઃશ્વાસ મુક્યો. “ મહારાજ, સમુદ્રે મર્યાદા મુકવા માંડી
“ ત્યાં માણસ શું કરશે ? ”

મલ્લરાજ—“ અરે જા ! મ્હારા ભા ! લખ, લખ, હવે લખાવું તે.”

સામંત—“ બોલો, મહારાજ ! ”

મલ્લરાજ—“ હવે સઉના ઉપાય કહું છું.”

“ **પ્રથમ**, લખ કે યુદ્ધ કરવાનો પ્રસંગ તો નહી આવે, પણ યુદ્ધકળા
“ પૃથ્વી નીચે ઉંડી ખાણમાં રાખી મુકી હશે તો આજ નહી ને
“ બસે વર્ષે કામ લાગશે, જરાશંકર રામાયણ ને મહાભારતનાં બુદ્ધિરત્ન
“ આજ કામ લગાડે છે; બ્રાહ્મણોએ હજારો વર્ષ ગોખણીયા ગોખી ગોખી
“ રાખેલાં તે આજ તેમાંથી કામે લગાડે છે. આપણા ક્ષત્રિયોએ પણ
“ હવે એ માર્ગ લેવો. માણસ સાથે લ્હડવાનું બંધ થાય તો આપણા
“ જંગલમાં સિંહ વાઘ લ્હડવાને બહુ પડ્યા છે—તેની સાથે લ્હડવું,
“ જીવવું વ્હાલું થઈ ન જાય માટે તેની સાથે લ્હડીને મરવાની ટેવ
“ રાખવી, ને હથીયાર અવનવાં જે થાય તે સચોટ વાપરવાની
“ આવડ રાખવી. આ કામ સારુ મ્હારા જંગલનો ભોગવટો મ્હારા
“ ભાઈઓને સોંપું છું. ભીલટોળીને કે પરદેશીઓને તેમની અને
“ રાજાની રજા વગર એ જંગલમાં શીકાર કરવાનો નહી, ઈંગ્રેજો
“ અતિથિ થઈ આવે ને આંખની શરમ પડે તો શીકાર કરે પણ
“ મ્હારા ભાઈઓ કે છોકરાઓ વગર એકલો ન કરે. મ્હારી ગાદીના
“ વારસો આ કામમાં અગ્રેસર રહે ને માથું વ્હાલું ન કરે. એક
“ રાજા મરે તો બીજો તૈયાર રાખવા જેવા મ્હારા ભાઈઓને રાખવા.
“ મ્હારા ભાઈઓનાં શસ્ત્ર સારાં રાખવાં અને એમને આ કળામાં
“ ભોમીયા રાખવા એ મ્હારા વારસોનું કામ, ને હવે માણસોની લ્હડાઈમાં
“ ચ્હડી મ્હારી નોકરી કરવાનું મટ્યું તેને સટે મ્હારા ભાયાતો આ
“ નોકરી કરે. પરદેશમાં યુદ્ધકળા શીખવા યુદ્ધ કરવા અથવા જ્યાં
“ માથું કોરે મુકી રજપુતનું કામ કરવું પડે ત્યાં મ્હારા વારસે
“ ભાયાતોને મોકલવા ને તેમણે જવું—આ શીકારનાં ઉપરાંત.”

સામંત પ્રસન્ન થયો, “ વાહ, મહારાજ વાહ ! ”

જરાશંકરે મુખ બગાડ્યું. " મહારાજ! રાજાને વારસો સાથે
" શીકારમાં મોકલવા, અને નકામું મૃગયાવ્યસન પાડવું એ માર્ગમાં મને
" બહુ અધર્મ અને વિપરીત પરિણામ ભાસે છે—"

મલ્લરાજે ધૈર્ય ખોઈ અટકાવ્યો: " બસ, બસ, બ્રાહ્મણ, એ તું
" ન સમજે–લખાવું તે લખ ને મ્હારી આજ્ઞા બરોબર પળાય તે જોવું–
" તને મ્હારી આણ છે. આપણે તકરારો કરવા નથી બેઠા. માત્ર કહું
" તે લખો ને તે પ્રમાણે કરો."

જરાશંકર—" જેવી આજ્ઞા."

મલ્લરાજ—"**બીજું**. લખ. ભાયાતો અરસપરસ લ્હડે ત્યારે મ્હારા
" ધર્માધિકારીયો છે જ. પણ તેમને રાજ્યસાથે વાંધો પડે ત્યારે પંચ
" નીમવા. પંચમાં એક મ્હારો પ્રધાન, બીજો પંચ રાજાના કુંવરો
" મુકીને પછીથી જે રાજાના વારસ થતા હોય તેમાંથી ઠાવકી ઉમરનો
" ભાયાત, ત્રીજો પંચ વાદી કે પ્રતિવાદી ભાયાત જેને નીમે તે
" ભાયાત–મુત્સદ્દિ નહી,–એ ત્રણ પંચ એક મતે થઈને જે ચુકવે તે
" છેવટનો ન્યાય; ત્યાં તકરારી ભાયાત જાતે કે પોતાના જુના કારભારી
" સાથે આવે ને સંસ્થાનમાંથી દફતરી આવે. પંચનો એકમત થાય
" નહી તો ફરી પંચ નીમવા, તેમાં પ્રધાન જાતે બેસે કે બીજાને નીમે,
" અને બીજા દશ વૃદ્ધ ભાયાતોનાં નામ ભાયાતસમસ્ત વધારે મતથી
" દે તેમાંથી બે જણને રાજ્ય તરફથી કબુલ કરવા ને એ ત્રણ પંચ
" એકમત થાય કે ન થાય પણ વધારે મતે જે ચુકવે તે ન્યાય.
" મ્હારા ભાયાતોમાંથી વૈશ્ય યુદ્ધ દૂર રાખવાનો આ શીવાય બીજો
" માર્ગ નથી."

"**ત્રીજું**. લખો. ભાયાતો રાજ્ય શીવાય કોઈને ત્યાં ગ્રાસની જમીન
" વેચે કે ગીરવે નહી, અને ધણીધણીયાણી અને દીકરો એમ ત્રણ
" જણ જેટલી વસ્તીને ખાવા પુરતો ગ્રાસ રૂહે નહી ત્યારે તે જમીન
" દરબાર વેચાતી લે."

"**ચોથું**. હવેથી નવા ગ્રાસ આપવા વખત ગ્રાસ લેનારને રાજાની
" મરજી પડે તેટલી જમીનને ઠેકાણે જમીનની કીંમતથી બેવડા પઈસા
" આપવા ને તેટલી જમીન રાજ્યમાં રાખી બાકીની જમીન આપવી."

" જે ગ્રાસીયો રજપુતની કળાઓ ન શીખે અથવા રજપુતાઈ
" મુકી બીજી વર્ણનો કે સ્ત્રીનો આચાર પકડે અથવા ઉપરની સરતો તોડે
" તેને ભાયાતસમસ્ત પાસે ન્યાય ચુકવાવી તેઓ ઠરાવે તેટલા તેના

" ગ્રાસના ભાગ ઉપર દરબારી મ્હેસુલ મુકવો—આ ન્યાય ભાયાતો
" પાસે ચુકવાવવો—રાજા ન ચુકવે. જે ગ્રાસીયા રાજવિદ્યા નહી શીખે
" તેને પણ આજ શિક્ષા. બાકી જે અપરાધો સટે ગ્રાસ જપ્ત કરવાનો
" દરબારને અધિકાર છે તે રહેશે જ."

" છેલું. લખ. આ મરણ પરણના દાવા ને કર દરબાર ભાયાતોના લે
" છે તે હવેથી માફ; પણ સટે જ્યારે ગાદીપર નવા રાજાનો અભિષેક
" થાય ત્યારથી દરેક ભાયાતના ગ્રાસનો પચાશમો ભાગ રાજાને વર્ષોવર્ષ
" રૈયત પેઠે મ્હેસુલ આપવા માંડે. દરેક અભિષેકનો આ નજરાણો.
" ભાયાતો રાજાઓનાં આયુષ્ય વધારે રાખશે તો તેમનાં નજરાણાં
" વધશે નહી. રાજાઓ વ્હેલા ને વધારે મરશે તો નજરાણાં આવી
" રીતે વ્હેલાં વધશે; આ શીવાય બીજું દરબારનું લાગું નહી."

" બસ સંપૂર્ણ. જરાશંકર, આ લખેલું મ્હારા દફતરમાં રાખ.
" એક નકલ તારા દફતરમાં રાખ. અને મ્હારા પછીના રાજાની અને
" ત્હારા પછીના પ્રધાનની બુદ્ધિમાં તે ઠસાવજે. સામંત, હાલ તો મ્હારે
" પુત્ર નથી એટલે મ્હારો વારસ તું છે અને ત્હારે પણ પુત્ર નથી
" તે જે થાય તે ખરું. આ મ્હેં કહ્યું તેમાં બધાંનો લાભ છે—માટે
" સર્વ ગ્રાસીયાઓ પાસે તે કબુલ કરાવ, અને તેમને સઉને ક્હેજે
" કે મલ્લરાજને આ વાતમાં બહુ ચિંતા છે ને યુગ બદલાયો તે પ્રમાણે
" રાજ્ય અને રજપુતાઈ જાળવવાં હોય તો આ ઉપર સઉ સહી
" કરો. સઉને ક્હેજે કે પુત્રવિનાના મલ્લરાજની જાતને રાજ્યના અને
" ભાઈઓના લાભ વિના બીજો લાભ આમાં નથી. વળી ક્હેજે કે
" મલ્લરાજના નિઃસ્વાર્થપણા ઉપર તમને કંઈકિ પણ અવિશ્વાસ આવતો
" હોય તો આ પત્ર ઉપર તમારી સહી લેવાની સરતે મલ્લરાજ, પોતાનું
" રાજ્ય છોડવા, અને તે છોડી તમે ક્હો તેને રાજ્ય આપવા તૈયાર છે.
" મલ્લરાજ રાજા મટી ભાયાત થઈ આ સરતોએ ભાયાતપણું કબુલ
" કરશે ને રજા આપશો તો રાજ્યનો ભાયાત મલ્લરાજ જે કોઈ રાજા
" થાય તેના રાજ્યના હિત સારુ હજી પણ બીજી સરતો સ્વીકારી પોતાને
" પુણ્યવાન માનશે. પણ તે ભાયાત થયો નથી ત્યાં સુધી એ
" સરતોની વાત સરખી કરવી એને છાજતી નથી. જા, સામંત, જા.
" રાજ્યનું હિત જાળવવા મલ્લરાજ રાજ્ય છોડશે અને સામંતને અથવા
" હલકામાં હલકા ભાયાતને રાજ્ય સોંપી તેનો ભાયાત થઈ મલ્લરાજ
" સેવા કરશે. જા, સામંત, જા. એવો કાલ આવશે કે જ્યારે આ

"કે કોઈ રાજ્યનો રાજા કહેશે કે હું રાજ્ય છોડું ને બીજાને આપું "ત્યારે ઈંગ્રેજ બચ્ચાને નિમિત્ત મળશે ને કહેશે કે તમે રાજ્ય છોડો "તો સ્વતંત્ર છો, પણ છોડીને બીજાને આખી બધી પ્રજાની પ્રજા "સોંપવા તમને અધિકાર નથી—માટે એ અધિકાર તો અમારો છે "તે તમે જાવ ને બીજાને નહી આપવા દેતાં અમે જ તમારે ઠેકાણે "બેસશું. રાજ્યનું દાન કરી દેવાનો કાળ છે ત્યાં સુધી તેમ કરી "રાજ્યનું કલ્યાણ મને કરી દેવા દે."

જરાશંકર—"મહારાજ, છે તેમનું તેમ ચાલવા ઘો—"

મલ્લરાજ—"બસ, જરાશંકર, બસ. જે વચન મ્હારા મુખમાંથી "નીકળ્યું છે તે મ્હારા અધિકારીયોએ આજ્ઞા સમજવી. એમાં મને "અત્યંત હાનિ હોય તો તે મ્હેં સ્વીકારી છે ને મ્હારા ભાઈઓને "વાસ્તે હું તે ખમીશ. ભાયાતો એથી ઉલટું સમજે તો તેમને "વિશ્વાસ આણવા સામા ત્રાજવામાં હું મ્હારું રાજ્ય આપવા તત્પર "થાઉં છું. રાજ્યના હિત વાસ્તે રાજ્યનો ત્યાગ કરતાં મને અટકાવવા "કોઈનો અધિકાર નથી. મ્હારી રાણીને અધિકાર હોય તો તેને તો "તે જોઈતું જ નથી. સામંત, જા—અને સર્વ ભાઈઓ જેનું નામ દે "તેને પ્રાતઃકાળે મ્હારી કહેલી સરતે આપી દેવા તત્પર છું."

સામંત—"મહારાજ—"

મલ્લરાજ—"બસ. આ આનંદના અવસરમાં એક પળનું વિઘ્ન "ન જોઈએ. જા."

સામંત—"મહારાજ—"

મલ્લરાજ—"બસ. જા. આજ્ઞા છે."

સામંત—"મ્હારું સાંભળો નહી ત્યાં સુધી આ આજ્ઞા પાળવી "મુલતવી રાખવી એ આપના ભાયાતોનો અધિકાર છે."

મલ્લરાજને હસવું આવ્યું. "ચાલ, બોલી જા—પણ ટુંકું "બોલજે—ભાષણ ન કરીશ."

સામંત—"મહારાજ, આપના ભાઈઓ વગરસરતે આપની "આજ્ઞા પાળે છે અને આપના વાક્યમાં અધર્મ હોય નહી એવી "શ્રદ્ધા રાખે છે. છતાં આજ્ઞાથી પળાવવું મુકી દેઈ તેમની સંમતિ "માગવી, અને રાજ્ય છોડવાની સરત કરી તેમનો આપના વચન "ઉપર અવિશ્વાસ થશે એમ જણવવું—આ સર્વ આપના ભાઈઓની

" રાજભક્તિ ઉપર આરોપ મુકવા જેવું છે. આ આરોપને પાત્ર થવા
" જેવું તેમણે કંઈ કર્યું નથી, રત્નનગરીના ભાયાતો પોતાના રાજાઓ
" આપે તે લેતા આવ્યા છે, રાજાઓ માગે તે આપતા આવ્યા છે, અને
" પરાપૂર્વનો આ આપણો કુળાચાર તોડવાનો આરંભ કરવો અને તે
" મ્હારે હાથે તોડવાનો તે યોગ્ય નથી. ભાઈઓ મને દુષ્ટ ગણશે.
" મહારાજ, આપની આજ્ઞામાં અમને આનંદ છે, સંમતિ અને સરતો
" ક્હાડી નાખો."

મલ્લરાજ—" સામંત, મ્હારા ભાઈઓ ગઈ કાલે મ્હારા શબ્દ
" ઉપરથી માથું આપવા તૈયાર થયા હતા; છતાં હું તેમના ઉપર આવો
" આરોપ મુકું તો મ્હારા જેવો કૃતઘ્ન કોઈ નહી ક્હેવાય. પણ ઘણો
" વિચાર કરી આ કામ કરું છું તે સાંભળ—લખવાની જરુર નથી–
" મનમાં સમજજે, રાજ્ય બદલાય ત્યારે સર્વે પ્રજાયે સાવધાન ર્‌હેવું
" પડે છે, તેમ યુગ બદલાય ત્યારે રાજાએ સાવધાન ર્‌હેવાનું છે. કુળે
" કુળે કુળાચાર અને યુગે યુગે યુગાચાર. સામંત, ચાતુર્માસમાં વાદળાના
" અંધકારથી સૂર્ય છવાએલો હોય એવા દિવસ તને લક્ષમાં હશે.
" તે દિવસે ન સમજાય બપોર અને ન સમજાય સાંઝ, અને અરણ્ય
" કે રણમાં હઈએ ત્યારે ન સમજાય પૂર્વ કે પશ્ચિમ! આવે પ્રસંગે
" ડાહ્યા માણસે પળવાર ઉભાં રહી ચારપાસ આંખ ફેરવવી ને જોવું,
" કે પૃથ્વીના કીયા છેડાપર જુદી જાતનો અંધકાર ઉદય પામે છે ને
" વધે છે, તે ઉપરથી પૂર્વદિશા અને સંધ્યાકાળ ઉભય સમજવાં. તે
" કાળે નિત્યનો સૂર્ય દૃષ્ટિને જ્ઞાન આપતો નથી. તેમ જ આવા રાજપરિવર્ત
" અને યુગપરિવર્તને પ્રસંગે કુળાચાર અને યુગાચારથી દૃષ્ટિને
" જ્ઞાન મળતું નથી, આવે કાળે તો નવા યુગનો અંધકાર અથવા
" તેજ જે હોય તે કેણી પાસથી આવશે તે સત્વર જાણી લેઈ તે
" પ્રમાણે માર્ગ લેવાનો વિચાર કરવો, કારણ જો શંકાઓ અને સમાધાન
" કરવા ઉભો રહ્યો તો એ અંધકારની રેલ જોતાજોતામાં જગતને
" અને તને છાઈ દેશે અને પછી કોઈ માર્ગ દેખાડવા નહી આવે.
" ઘડીઘડીમાં જોતાજોતામાં જેમાં ભાગ્યચક્રો બદલાઈ જાય છે તેવા
" યુદ્ધોના પ્રસંગોના અનુભવવાળા આપણા રાજાઓ અને ક્ષત્રિયોની દૃષ્ટિ
" આવે સમે તીવ્ર થાય છે અને તેવે કાળે જુના આચારો શોધવા
" જવું એ તો ઘરમાં ને ગામમાં સર્વત્ર લ્હાય લાગી રહી હોય ત્યારે

" ઘરમાં પડી રહેલા પણ ચારે પાસ સળગવા માંડેલા બાપદાદાના
" જુના પેટીપટારા શોધવા જવા જેવું છે. હવે બોલ."

સામંતઃ—" ભલે મહારાજ, કુલાચારને પડતો મુકો પણ આ
" આરોપ અને અવિશ્વાસનું કારણ શું ?"

મલ્લરાજ—" સામંત, સાંભળ. જે વૈશ્યયુદ્ધની રેલ ચારેપાસ
" આવી રહી છે તે આ ભૂમિમાં ન કરે નારાયણ ને આવે તો તે રેલમાં
" બુડતાં આપણાં માણસો અને તે નહી તો તેમનાં સંતાન—પેલા દુષ્ટ
" કર્ણ વાઘેલાના દીવાના દીવાન પેઠે-આ નવી બાદશાહીનું વાદળ
" આ નગરી ઉપર ઉતારવાનો પ્રયત્ન કરશે, અને જો એવો પ્રયત્ન કરે
" એવા તેઓ અધમ થશે તો મલ્લરાજની આજ્ઞાને એકપક્ષી અને
" અન્યાયમય શાસનની ઉપમા આપતાં તેમને ડરાવનાર વસ્તુ કેઈ રહી ?
" આજ નહી તો કાલ ને કાલ નહી તો પરમ આ નિમિત્તે ઈંગ્રેજને
" હાથે આપણું ઘર ઉઘાડું થવાનો પ્રસંગ આવશે, અને કરેલાં કામ
" ન સમજાતાં રાજા અને તેના ભાયાતોની પ્રીતિની કલ્પના કેમ થશે ?
" એ પ્રીતિ ઉઘાડી રહે અને નવા યુગના જુના યુગના સંગ્રહ કામ
" લાગે એવું આજથી કરી મુક."

" સામંત, હું અપુત્ર છું ત્યાંસુધી તું મ્હારો વારસ છે- દેહનો
" વિશ્વાસ નથી-માટે આ મ્હારા મંત્ર હું તને બતાવું છું. આજ તું
" ભાયાત છે— કાલ રાજા થાય, રાજાનું રાજ્ય અને ભાયાતોના શ્વાસ-
" બેની વચ્ચેનો-બેને જોડનારો- તું મ્હારો બળવાન પુલ છે, ત્હારે
" ઉભયપક્ષનું સગપણ છે, ઉભયપક્ષનાં લાભહાનિમાં ત્હારે લાભહાનિની
" આશા છે—માટે આ કામે હું તને જ યોજું છું—બુદ્ધિમાં અને
" ભક્તિમાં પણ ત્હારા જેવું પાત્ર મને ક્યાં મળશે ?—માટે જા અને
" પ્રાતઃકાળમાં આવીને કહે કે આજ્ઞા પ્રમાણે સર્વ વાત થઈ ગઈ."

સામંત વિચારમાં પડી આજ્ઞા માગી ગયો.

" જરાશંકર, તું ભારે ચિંતામાં પડેલો દેખાય છે."

" હા, મહારાજ ! આપે મ્હોટું સાહસ કર્યું."

મલ્લરાજે હસવા માંડ્યુંઃ " રાજ્ય છોડવાનું કહ્યું તે કે દરજીની
" પેઠે આ બધો મ્હારા ભાયાતોનો જામ્યો શીવ્યો તે ?"

" બે વાનાં."

"હું રાજ્ય છોડું તેની તને શાની ચિંતા! રજપુતો જોતાજોતામાં "યુદ્ધકાળે મરવા તૈયાર થાય, તેમ મહાકાર્યને અર્થે રાજ્ય છોડે; "માણસને લક્ષ્મી વ્હાલી કે જીવ? સઉને જીવ લક્ષ્મી કરતાં વધારે "વ્હાલો હોય છે—તે જીવને અમે ગણુતા નથી તો લક્ષ્મી તો "પગનો જોડો છે."

જરાશંકર—"શાસ્ત્રમાં કહ્યું છે કે મ્હોટી અને ગુણવાળી વસ્તુનો "વિચાર માણસ કરે તેમાં તો શી નવાઈ, પણ ન્હાની અને ગુણવગરની "વસ્તુનોએ વિચાર પૂર્ણ કરવો, યત્ન કરીને પરિણામ વિચારવો, "તે વિચાર પંડિત થઈને કરવો, કારણ ઉતાવળથી કરેલાં દેખીતાં "નકામાં કામનો વિપાક એવો થાય છે કે મરણસુધી શલ્ય પેઠે સાલે "છે અને હૃદયને નિત્ય બાળી નાંખે છે."

મલ્લરાજ—"શ્લોક બોલ, શ્લોક એનો."

જરાશંકર—

"गुणवदगुणवद्वा कुर्वता कार्यजातम् ।
परिणतिरवधार्या यत्नतः पण्डितेन ॥
अतिरभसकृतानां कर्मणामाविपत्तेर् ।
भवति हृदयदाही शल्यतुल्यो विपाकः ॥"

મલ્લરાજ—"ફરી શ્લોક બોલ."

જરાશંકર નિઃશ્વાસ મુકી ફરી શ્લોક બોલ્યો.

"મહારાજ, આપે મહાન્ કુટુંબકલેશ ઉભો કીધો; મ્હારી સાથે "પ્રથમથી જરાક તો મંત્રવિચાર કરવો હતો?"

મલ્લરાજ નરમ પડી બોલ્યોઃ "જરાશંકર, ખરી વાત છે. ત્હારી "સાથે મંત્ર કર્યો હત તો સારું હતું—એ કરવું એ મ્હારો ધર્મ હતો, "એમાં ના નહી. આ કોનો શ્લોક છે?"

જરાશંકર—"મહા અનુભવી મહારાજ ભર્તૃહરિનો."

મલ્લરાજ—"રાજાનું કહ્યું રાજાએ કબુલ રાખ્યું. થયું તે થયું. ગઈ "વસ્તુનો મલ્લરાજ શોક કરતો નથી. પણ એ શીવાય બીજું ખોટું "મ્હેં શું કર્યું તે ક્હે."

જરાશંકર—"આ કામ સીધેસીધું પાર ઉતરે તો એમાં રાજ્યનું "કલ્યાણ છે તેની હું ના નથી ક્હેતો. પણ શત્રુના કીલ્લાનો દરવાજો

"તોડી પાડવો હોય ત્યારે દરવાજાની અને તેને તોડનાર હસ્તીના
"કુંભસ્થળની વચ્ચે ઉંટ રાખવું જોઈએ કે અતુલ બળ અને અનેક
"લક્ષ્મીના સ્થળરૂપ કુંભસ્થળમાં દરવાજામાં ધારવાળા ખીલા પેંસી ન
"જાય અને ઉંટના નાશથી જે કામ થાય તેમાં હસ્તીનું બળિદાન
"આપવું ન પડે."

મહારાજ—"એ દૃષ્ટાંત કાંઈ લાગતું નથી."

જરાશંકર—"હસ્તી તે આપ અને ઉંટ તે આપનો પ્રધાન.
"મહારાજ, પારકા રાજાઓ સાથે તેમાં પોતાનાં રાજ્યમાં અનેક પ્રસંગો
"એવા આવે છે કે તેમાં કાર્યસિદ્ધિને અર્થે શત્રુના તેમ પ્રજાના શાપ
"અને પ્રહાર કોઈએ તો ખમવા જ જોઈએ. રાજ-હસ્તીનો દેહ આ
"શાપ અને પ્રહાર ખમવા જ્યાં ત્યાં આગળ ધરવો એ અનર્થ
"નીતિવિરુદ્ધ છે.* એ દેહ તો અત્યંત ગૌરવના કોઈ વિરલ પ્રસંગના વાસ્તે
"રત્ન પેઠે રક્ષણ કરી રાખી મુકવો જોઈએ અને આવા ઘડી ઘડી
"આવતા પ્રસંગોમાં તો આ પ્રહારો અને શાપોની વૃષ્ટિ વચ્ચે મ્હારા
"જેવાં ઉંટને જ ધકેલી દેવાં જોઈએ કે એક ગયું તો બીજું સંપાડાય.
"પ્રધાન એ રાજાની ઢાલ છે, કવચ છે, અને રાજાના ઉપર પડવાના
"પ્રહાર પોતાના અંગપર જે પ્રધાન ઝીલતો નથી તે પ્રધાન રાજાનો
"અને રાજ્યનો અધર્મી શત્રુ છે. આપ જ કહેતા હતા કે વીલાયતમાં
"પણ 'રાજા પાપ કરતો નથી.'† એવો સંપ્રદાય ગ્રેવ સાહેબે આપને
"સમજાવેલો હતો. રાજાને હાથે તો યશનાં કાર્ય જ સોંપવા—તે સર્વને

---

* The personalities of the present ministers are so insignificant, the covering shield they present is so transparent, that the monarch himself always shines through them. It appears to me dangerous for the future of the monarchical idea for a ruler, even with the best intentions, to show himself too frequently in public without a decent ministerial covering. Because this danger seems to me imminent and a fight with men of straw has no charms for me, I say, like Chamisso when the French were in Germany,
" *The situation has no sword for me.* "

—BISMARCK.

† "The King commits no sin."

" માન આપે, કીર્તિ આપે, દ્રવ્ય આપે, અને તેના બદલામાં, સર્વની
" પ્રીતિ લે. વીલાયતમાં શિક્ષા કરે ન્યાયાધીશ, પણ રાણીને કોઈનો
" વાંકો વાળ કરવા અધિકાર નથી, તે તો માત્ર ક્ષમા કરેઃ અપરાધીને
" ન્યાયાધીશ શિક્ષા કરે તે શિક્ષા રાણી સ્વીકારે—રદ ન કરે—પણ
" પોતાની કૃપાના સાગરની લ્હેરવડે શાંત કરે. રાજાને જે કાંઈ વિપરીત
" કહેવું હોય તે પ્રધાનના કાનમાં ક્હે તે જગત્ જાણે નહી ને જગત્ દે તે
" ગાળો ખાવાને સમર્થ હોય તે પ્રધાન, આમ કાનમાં આવે તે મંત્ર,
" અને તે મંત્રનો મંત્રી રાજાની જ આપેલી શક્તિ* રાજાની જ ઈચ્છા
" પ્રમાણે જગતમાં વાપરતાં સામા પ્રહાર સ્હે; અને રાજા આવા કામમાં
" શું કરે છે, શું ધારે છે, અને એનું બીચારાનું કાંઈ ચાલે છે કે
" નહી એ સર્વ વાતમાં સામાવાળાઓ તેમ પ્રજા કાંઈ કલ્પના જ ન
" કરી શકે ત્યારે સર્વની રાજા ઉપરની પ્રીતિની ધારા નિત્ય નિરંતર વહ્યાં
" કરે તો જ રાજ્યનું રાજ–અંગ અખંડિત રૂહે. મહારાજ, આપનું જ
" મને કહેલું વચન હતું કે રાજ્યના દેશકાળની એકતા વંશપરંપરાદ્વારા
" એક ભાવે રૂહેનાર રાજા રાખે છે. આ સત્યવાક્ય મ્હારા અંતર્માં
" જડેલું છે. મહારાજ, આ ક્રમે અખંડ રાખવા જેવો રાજવૃક્ષ તેને
" નિરંતર લોક-પ્રીતિના પાન શીવાય બીજો પદાર્થ કુપથ્ય છે, અને તે
" વૃક્ષ ઉપર અકાળે ન્હાના મ્હોટા કુહાડાના પ્રહારો થવા દઈ વૃક્ષને
" કુત્સિત કરવું અયોગ્ય છે, માટે જ રાજાઓની જોડે પ્રધાનનો ખપ;
" અને તેથી જ જે રાજાઓ જાતે પ્રધાન થાય છે તે રાજ–અંગનું
" અંગત્વ હીન કરે છે. અનેક પ્રાણીયોના આશ્રયરૂપ રાજવૃક્ષને તો મહાન
" પવનના ઝપાટા શીવાય બીજાની સાથે યુદ્ધ જોઈએ જ નહી. મહારાજ,
" આ ભાયાતોની સાથે આથડી મરવાનાં કામમાં આ મ્હારા ક્ષુદ્ર
" શરીરનો ઉપયોગ આપને કેમ ન સુઝ્યો ? અને આ કાર્યમાં
" રત્નગરીના રાજ-અંગને આગળ કેમ ધકેલ્યું ? "

મલ્લરાજ આ સર્વ ભાષણ ઉત્સાહ, પ્રીતિ અને આનંદથી સાંભળ્યાં કરતો હતો—એની પ્રીતિ આજ જરાશંકર ઉપર સોગણી વધી.

" મ્હારી રત્નગરીના પ્રધાનરત્ન ! ત્હારું બોલવું ઉત્તમ છે—સત્ય
" છે—અને તે સર્વનો વિચાર કરી આ કામ મ્હેં આરંભેલું છે. ભાયાતોનો
" ન્યાય ચુકવવામાં નિત્ય આથડી મરવાનું કામ કરવાના પંચમાં

---

* તરવાર.

"મ્હેં તંને આ જ વિચારથી મુક્યો છે ને ઘણી સંભાળ રાખી એવી
"યોજના કરી છે કે રાજાઓને માથે ન્યાય અન્યાય કાંઈએ આવે નહી.
"રાજાએ ન્યાયનું કામ પ્રધાનો પાસે કરાવવું ને જાતે તેમાં પડવું નહી.
"એનું કારણ આવું જ છે. જો ભાયાતોનું કામ રાજાઓના હાથમાં
"જરી પણ રાખ્યું હત તો મ્હારા વારસો અને મ્હારા ભાઈઓ વચ્ચે
"ઘડી ઘડી કુટુંબકલેશ થાત અને વંશપરંપરા સર્વ રાજાઓના
"અપયશનું મૂળ રોપાત. તે કામ મ્હેં કર્યું નથી. અને હાલ આરંભેલા
"કામમાં એટલો ભાર છે કે મ્હારા સો પ્રધાનોથી તે થાય એમ નથી
"અને ત્હારા હાથીની સુંડ જરીક હલાવવાથી એ કામ સિદ્ધ થશે,
"અને એ હાથીનો મલ્લરાજરૂપ એક દંતુસળ ભાંગશે તો કાલ વ્હાણે
"બીજો ઉગશે–પણ એથી એ ત્હારા હાથીના દીર્ઘ આયુષ્યમાં બીજાં
"સો વર્ષ ઉમેરાયાં સમજજે."

"હવે મ્હારે પ્રશ્ન કરવા જેવો આપે રાખ્યો નથી"—જરાશંકરે કહ્યું.

"તો હવે આજ જ–અને થાય છે તે જોયાં કર–આજે ઘણું
"કામ કર્યું."

જરાશંકર ગયો. સામંતને સોંપેલું કામ સિદ્ધ થતાં હકરતો પડી, શ્રમ પડ્યો; પણ મલ્લરાજના ઉપરનો મૂળ વિશ્વાસ અને પ્રેમ, અર્વાચીન વૈશ્ય બુદ્ધિની નદીનો ઉદય થયા પ્હેલાંનું રાજભક્ત ક્ષત્રિયત્વ, આ યુગના બુદ્ધિવિરોધ અથવા બુદ્ધિવિભ્રમના અનેક રંગો વગરનાં–એક વાત જાણી સંતોષ માનનાર અને એક–રંગી–જુનાં માણસોનાં સરલ હૃદયો ઉપર સામંતનું પ્રેમાળ તંત્રિત્વ, તે સર્વને અંતે તે સર્વના પ્રેમ અને વિશ્વાસના સુપાત્ર મલ્લરાજે રાજ્યત્યાગ કરવા કહેલું વચન, તે વચન એ પાળશે એવી નિશ્ચય-બુદ્ધિ, એ બુદ્ધિને લીધે આ કાર્યમાં રહેલા રાજ્ય-કલ્યાણ અને ગૌરવનું ભાન, અને એ વચનથી અનેકધા વધેલી રાજપ્રીતિ અને એ ભાનથી અને આ વચનના દૃષ્ટાંતથી વધેલી સ્વાર્થ-ત્યાગની સ્પર્ધાઃ આ સર્વ કારણોનું પરિણામ એ થયું કે મલ્લરાજનો મનોરથ તેના રાજભક્ત અને સદ્‌ગુણી ભાઈઓએ એક અક્ષર બોલ્યા વિના અને એક અક્ષર ફેરવ્યા વિના સિદ્ધ કર્યો અને નીમેલા પ્રાતઃકાળના ઉદયની સાથે મલ્લરાજની આંખ ઉઘડતાં મેનારાણીએ સામંતે

મ્હારથી ક્હાવેલા આ શુભ સમાચાર રાજાને કહ્યા અને પતિને પ્રસન્ન કરવાનો પોતાનો અધિકાર સંસિદ્ધ કર્યો.

રાજા સામંતને મળ્યો અને ઉપકારમાં તેને ભેટતાં ભેટતાં બોલ્યોઃ "સામંત, આવી ભેટ છેલી જ સમજજે. આવું મ્હોટું કામ હવે મ્હારે "કે ત્હારે કરવાનું રહ્યું નથી, અને જો કરવાનું આવશે તો નવા યુગના "રાજાને તેના ભાયાતો આટલો સત્કાર આપવાના નથી. હું હવે "ભરદરબાર ભરી મ્હારા ભાઈયોનો ઉપકાર માનીશ—રત્નગરીનું રાજ્ય "અને તેનો રાજા એમના પાડનો બદલો વાળી શકે એમ નથી."—સામંતને વીદાય કરી રાણી પાસે ગયો, ને યાદ આવતાં બોલ્યોઃ

"રાણી, મ્હારા પ્રધાનને આખી રાત નિદ્રા નહી આવી હોય. "આપણા વિશ્વાસુ ભલ્લજી સાથે તેને સત્વર ક્હાવ કે ઉંટ ને હાથી "બે કુશળ રહ્યાં ને દરવાજો એની મેળે ઉઘડ્યો." રાણી તે પ્રમાણે કરવા ગઈ એટલામાં રાજા મનમાં બોલ્યોઃ "યશનું અંગ રાજા ને "અપયશનું અંગ પ્રધાન—એ વાત નવી જાણી. ગાળો અને શિક્ષા પ્રધાન "ઉંટની પેઠ ખમે—એનો એને બદલો શો ? રાજાએ પોતાની સ્વતંત્રતા "ઓછી કરી, પોતાની ઇચ્છા અને શક્તિ પ્રધાનને વશ રાખી, "આ પરગૃહથી આણેલા પ્રધાનરત્નના શિષ્ય બનવું એ સંપ્રદાય હવે "સમજાયો. જ્યાં એ સંપ્રદાય પળાય નહી ત્યાં પ્રધાનને ઉંટને સ્થળે "વાપરવો અશક્ય છે; એ સંપ્રદાયની ક્રિયાવડે જ રાજા પ્રધાનનું મૂલ્ય "જાણે છે, કૃતજ્ઞતા બતાવે છે, અને પ્રધાનની પ્રધાનતાના દુઃખનો "બદલો જે જાતના સુખથી વળે તે સુખ આપે છે—ખરી વાત છે. "પ્રધાન રાજ્યકાર્યનું ઉંટ—આ મ્હારા ગૃહકાર્યની સાંઢણી આવીઃ—"બે ઉભય રત્નને તેમના કાર્યમાં સરખીરીતે વશ રહેવું એ જ મને "ઘટે છે."

મેના રાણી આવી. રાત્રે રાજાએ તેને પોતાની ચિંતાનું કારણ અને તેના ઉપાયની સાધના કહી દીધાં હતાં. અત્યારે હાથી ને ઉંટની વાત સમજાવી. સમજાવતાં સમજાવતાં કહ્યુંઃ "રાણી, આ ઉંટ રાજ્યનું "મહામૂલ્યવાન્ રત્ન છે—તે જો આજ આ કામમાં યોજ્યું હત "તો ત્હારે નક્કી જાણવું કે અત્યારે આ દરવાજો ઉઘાડ્યાના સમાચારને "ઠેકાણે ઉંટ મરી ગયાના સમાચાર આવ્યા હત. ખરે, પ્રધાનોની "રાજાએ બહુ રીતે જાતે ચિંતા કરી કાળજી અને રક્ષા કરવા જેવું "છે—જે રાજા પોતાના પ્રધાનની દયા આણતો નથી તે દુષ્ટ છે. જો

"પ્રધાનમાં ન પરવડે એવો અવગુણ હોય તો તે પ્રધાનને તરત ક્હાડવો,
"પણ રાખવો તો એને સર્વથા રક્ષવો અને એના ચિંતાભારમાં રાજા
"અને તેના કુટુંબીઓ તરફથી નવો ભાર ન ઉમેરવો. પ્રધાનનું કામ
"રાજા ઉપર અંકુશ રાખવાનું છે તો તેના કુટુંબીઓને નિયમમાં
"રાખવાનું હોય તેમાં શી નવાઈ? આથી ઘણે સ્થળે રાજકુટુંબ અને
"પ્રધાન બે વચ્ચે વિરોધ હોય છે ને પ્રધાન પોતાની ચિંતામાં
"રાજ્યનું કલ્યાણ યોગ્ય રીતે કરી શકતો નથી. રાણી, માટે સરત
"રાખવી કે આપણા કુટુંબમાંથી કે સેવકવર્ગમાંથી કોઈ પણ પ્રધાનની
"આજ્ઞા લોપે નહી અને એના વિરુદ્ધ આચરણ કરે નહી."

"મહારાજ, રાજ્યકાર્યમાં પ્રધાન આપનું અંગ છે—તેને અમારા
"દોષ જાણવા અને સુધારવા પૂર્ણ અધિકાર છે તે વાપરવામાં તેને ઉદાર
"આશ્રય આપજો અને આ રંક દાસીની કાંઈ ભુલો થઈ હોય તે
"આપને મુખે એ કહી દે એટલું એના મનને બળ આપજો." રાણી
બોલી.

મહારાજ—"પ્રધાનજીના રાજ્યકાર્યમાં તું તેને પ્રતિકૂળ ન થતાં
"જાતે હરકત વેઠી આશ્રય આપે છે તે વીશે તે ઘણી ઘણી વાર
"મ્હારી પાસે ત્હારો ઉપકાર માને છે અને બીજા રાજ્યની પેઠે આ
"રાજ્યમાં અંતઃપુરનો તેને વિરોધ નથી—તેના સામે ખટપટ નથી,
"એટલું જ નહી પણ રાજ્યનું હિત ધારી તેણે કરેલી આજ્ઞાઓ
"પાળતાં રાણીજીને દ્રવ્યસંબંધી હાનિ પ્હોંચે છે તે છતાં તેમની
"અનુકૂળતા છે. માટે પ્રધાન પોતાને ધન્યભાગ્ય માને છે."

રાણી—"આપના છત્ર નીચે બેસી એટલો ગુણ ન લઈએ તો
"અમારા કુળને લાંછન લાગે."

મહારાજ—"ઈશ્વરની કૃપા હોય છે ત્યારે સર્વ વાનાં યથેષ્ટ હોય છે
"અને સર્વની બુદ્ધિઓ ઉત્તમ થાય છે. એ કૃપાના પ્રવાહને સાધારણ
"રીતે માણસો ભાગ્યનો પ્રવાહ કહે છે. રાણી, ત્હારી અને મ્હારા
"ભાઈઓની બુદ્ધિ મ્હારા ઉપર ઈશ્વરની કૃપા સૂચવે છે."

રાણી—"મહારાજ, એ ભાઈઓની સદ્‌બુદ્ધિનો આપે બદલો
"વાળવો જોઈએ. રાજાઓનો કોપ અને રાજાઓના પ્રસાદ નિષ્ફળ
"જવા ન જોઈએ."

મહારાજ—"ભાઈઓનો બદલો વળાય એમ જ નથી. એમણે
"મ્હારું એવું મહાભારત કામ કર્યું છે."

રાણી—"તેમના મનમાં કંઈ વાસના છે તે પૂર્ણ કરો તો તેઓ "પ્રસન્ન થશે—મ્હારો આત્મા પણ પ્રસન્ન થશે."

મલ્લરાજ—"એવું શું છે?"

રાણી—"આપ વચન ઉચ્ચારો કે માગ્યું મળશે તો કહું."

મલ્લરાજ—"રાણી, માગનારની ઈચ્છા જાણ્યા વિના જ–માગીશ તે "આપીશ–એવા અદ્રષ્ટ ભાવી વરનું પ્રથમથી દાન કરવું એ વ્યવહાર "સત્યયુગના દેવતા પાળતા, બ્રહ્મા એવાં વરદાન કવચિત્ કરતા અને "શિવજી ઘણીવાર કરતા; પણ તે જગતના કર્તા અને સંહર્તા હતા "એટલે તેમનો તેવો અધિકાર નીભતો, પણ જગતનું રક્ષણ કરનાર "વિષ્ણુ એવું વરદાન કદી કરતા ન હતા, અને અમે રાજાઓના "ધર્મમાં રક્ષણ કરવું એ વિષ્ણુનો અંશ છે. વળી જો, દૈત્યોને વામન "સ્વરૂપ ધરી વિષ્ણુએ શીખવ્યું કે આવાં વરદાન તમારે ન કરવાં. "માનવીઓને શ્રી રામચંદ્રજીએ વગર બોલ્યે શીખવ્યું કે દશરથજીએ "કૈકેયીને વરદાન કર્યું એવું તમે કરશો તો દશરથજીનાં જેવાં દુઃખ "પામશો. રાણી, સૂર્યવંશના શિરોમણિ રામચંદ્રજીનો ઉપદેશ તેમનાં "સૂર્યવંશી છોરુ ન પાળે એમ થાય?"

રાણી હસી પડી. "મહારાજ, પ્રીતિના બંધનમાં આ પુરાણોના "આધાર ન ચાલે."

મલ્લરાજ—"ત્હારે પ્રીતિનો આધાર જોઈતો હોય તો કહે કે "મ્હારી પટરાણીનો અધિકાર વધારે કે ત્હારો?—પટરાણીને પુછ્યા "વિના તને વરદાન અપાય ખરૂં?"

રાણી—"હું તો એમ જાણતી હતી કે આપને હું એક જ "રાણી છું."

મલ્લરાજ—"તમે પરસ્પર લ્હડો નહી, માટે મ્હેં આજસુધી મ્હારી "પટરાણીનું નામ ત્હારી પાસે દિધું નથી."

રાણી—"ત્યારે હવે તો અમારાં એ બ્હેનનું નામ જણવવા "જેટલાં અમને ભાગ્યશાળી કરો, ને અમે તે ભેગાં રહ્યું જાણીયે છીયે "કે નહી તેની કસોટી કરી જુવો તો ખરા."

મલ્લરાજ—"એ તો બે ત્રણ નામ દેવાં પડે એમ છે—"

રાણી—"ત્યારે તો જાણ્યા વગર રહું તો અન્ન ગળે ન ઉતરે."

મલ્લરાજ—" તમે તે સર્વને ઓળખો છો."

રાણી—" મહારાજ, બોલી દ્યો હવે."

મલ્લરાજ—" પ્હેલી મ્હારી બુદ્ધિ–એ મ્હારાં ન્હાનપણનાં પટરાણી. " એને પુછ્યા વિના તો કાંઈ થાય જ નહી. બીજાં રાણી આ રત્નનગરી " –એમના મંત્રની બાંધછોડ કરવાનો ધર્મ ચુકું ને તમને વધારે " વ્હાલાં ગણું એમ ન થાય એવો તેને વશ છું. ત્રીજી રાણી મ્હારી " રણભૂમિ–તે બોલાવે ત્યારે તમને, ઉંઘતાં હો તો ઉંઘતા ને રોતાં હો " તો રોતાં મુકી જવું પડે. પછી તમે–તે ત્રણે તમારી વડીલ બ્હેનોને " પુછ્યા વગર તમને કંઈ પારિજાતક આપું તો આ ત્રણે રાણીઓ " સત્યભામાના કરતાં મ્હોટું રુસણું માંડે ને અમો સૂર્યવંશીઓમાં " શ્રીકૃષ્ણ જેવી કળા મળે નહી કે બધાનાં મન મનાવી શકીએ."

રાણી—" મહારાજ, હું યે ત્યારે આ વાત ઉઘાડી કરી માગું " છું–શું કરવા મોઘમ વરદાન માગું?—કે—"

મલ્લરાજ—" કે–શું? બોલી દ્યો."

રાણી—" તમારાં આ ત્રણ માનીતાં પછી એક ચોથાં વસાવો ને " મને પાંચમી રાખો."

મલ્લરાજ—" તે કોણ?"

રાણીને વિનોદરૂપ બદલી ગંભીર વાર્તા કરી.

" મહારાજ, સામંતસિંહે એમનાં ઠકરાળાં જોડે મ્હારી મારફત " આપને વીનંતી કરાવી છે કે, રાજ્યને રાજગુણોવાળા પુત્રો આપવામાટે " અને એવા પુત્રો વિનાની ગાદી રહે નહી માટે અનેક અને ઉચ્ચ " કુળની રાણીઓ સાથે ધર્મયુક્ત રાજાઓએ વિવાહ કરવો એવો શાસ્ત્ર " પ્રમાણે અને વ્યવહાર પ્રમાણે સંપ્રદાય છે માટે મહારાજે પણ એ " સંપ્રદાયનો લાભ રત્નનગરીને આપવો ઘટે છે."

મલ્લરાજ—"તમારા બાણીથી આ સંદેશામાં કાંઈ ઉમેરવું છે?"

રાણી—" મહારાજ, જે સ્ત્રી જાતે સફળ ક્ષેત્ર નીવડી નથી તેવી " સ્ત્રી સ્વભાવિક રીતે સ્વામીની વંશવૃદ્ધિ અને રાજ્યની સંપત્તિ ઈચ્છી " આપ જેવાના સંસારનું જગતને ફળ મળેલું જોવાનો પ્રયત્ન કરે—"

મલ્લરાજ—" અને જે સ્ત્રી ...પોતાનું...ગળું...કાપવાનો...માર્ગ... " શોધ્યો...કરે—"

રાણી—" હું હાસ્ય નથી કરતી. જે વાત **સામંતસિંહે** ક્હાવી છે " તે મ્હારા મનમાં પણ ઘણા દિવસની ભરી રાખેલી હતી."

**મલ્લરાજ**—"હું...હાસ્ય...નથી...કરતો. પણ...તમારા...મનમાં " ...ભરી...રાખેલી...એ...વાત...હજીએ...તેમાં...જ...રાખી...મુકો " ...અને સળી જઈ ત્યાં નાશ પામે એમ થવા દ્યો."

**રાણી**—" મહારાજ, હું રંકના ચાળા શા માટે પાડો છો ?"

**મલ્લરાજ**—" ચાલ, ચાળા નહી પાડું. મ્હારી ત્રણે પટરાણીઓ " આ વાતમાં તમારું કહ્યું માનવાની ચોખી ના ક્હે છે. માટે તેમનું " વચન હું લોપવાનો નથી. એ ઉત્તર તમે જ **સામંતને** ક્હાવજો કે " અમો તો અમારા વંશના વડીલ **શ્રીરામજીનું** એકપત્નીવ્રત પાળીયે " છીયે તે મુકી, તમારા શાસ્ત્ર અને સંપ્રદાયને મ્હોટા ભા કરી **મલ્લરાજ** " ઘરમાં અનેક સ્ત્રીયો ભેગી કરવાનું સ્ત્રીપણું નહી સ્વીકારે. **મલ્લરાજ** " પછી તમારે જાતે ગાદીએ બેસવાનો પ્રસંગ ઈશ્વર આપે તો તમે " રાજા થાવ ત્યારે તમે જાતે ઘરમાં અનેક રાણીઓ સંપાડવાને સ્વતંત્ર " છો પણ કાલનો જ લેખ સંભારજો- અનેક સ્ત્રીયોનો ધણી તેમના " જેવી સ્ત્રી–સાસુ કે નણંદ જેવો–થાય છે તે રત્નનગરીના પુરુષોને " કરવાની મનાઈનો મુચરકો **સામંતની** પાસે છે તે **સામંતે** જોવો. **સામંતનાં** " ઠકરાળાંને ક્હેજો કે ઘેલા રજપુતની ડાહી રજપુતાણી બની એ " ઘેલાને ડાહ્યો કરજો ને તમે એના જેવાં ઉલટાં ઘેલાં ન થશો. ક્હો, " **મે**નારાણી, હવે કાંઈ તમારે ક્હેવાનું છે?"

**રાણી**—" કહ્યું માનો તો ઘણું યે છે."

**મલ્લરાજ**—" એ...તો...તમારો... પાસો...અવળો... પડી... " ચુક્યો. એ શીવાય કાંઈ બીજું છે?"

**રાણી**—" એ ને એ."

**મલ્લરાજ**—" અમારે એ એની એ ના–એની એ ના !"

**રાણી**—" મહારાજના ઉપર કોઈનું બળ નથી."

**મલ્લરાજ**—" ખરોખર ત્યારે હું જાઉં છું–મ્હારી પટરાણીઓને " મ્હોલ."

**રાણી**—" મહારાજ, કૃપાકાળે પાછા પધારજો."

રાણીને કપોલદેશે કૃપાદાન કરી રાજા ગયો. **મલ્લરાજની** ચિન્તાઓના નાટકનો આ અંક પુરો થયો.

# પ્રકરણ ૧૦.

## મલ્લરાજનો મણિ અને તેના રાજસંસ્કારના બીજ.

રાણીદ્વારા કરેલો પ્રયત્ન નિષ્ફળ જતાં સામંતે જરાશંકરદ્વારા પ્રયત્ન કર્યો. એક દિવસ જરાશંકરે મલ્લરાજ પાસે વાત ક્‌હાડી. "મહારાજ, સામંતને આપના ઉપર "બહુ ખોટું લાગ્યું જણાય છે."

મલ્લરાજ—"શી વાતમાં ?"

જરાશંકર—"આપને પુનર્લગ્ન કરવા એણે સંદેશો ક્‌હાવ્યો હશે "તેનો આપે બહુ તિરસ્કાર કર્યો ક્‌હેવાય છે."

મલ્લરાજ—"એ જ કે બીજું કાંઈ ! ત્‌હારી સાથે કોણે ક્‌હાવ્યું ?"

જરાશંકર—"સામંતે જ વાત કરી."

મલ્લરાજ—"કોની સાથે એણે ક્‌હાવ્યું હતું તે કહ્યું ?"

જરાશંકર—"રાણીજી સાથે."

મલ્લરાજ—"એવી મૂર્ખતા કરે તેને તિરસ્કાર નહી તો શું ઘટે ?"

જરાશંકર—"રાણીજીની સંમતિ દર્શાવવા એમ કર્યું હતું."

મલ્લરાજ—"સામંત મને પરણાવવા ઇચ્છે છે તે રાજ્ય-અર્થે કે "મ્‌હારા સંસારને અર્થે ? જો મને ફરી એવા સંસારમાં નાંખવાની "ઇચ્છાથી સામંતે આ સૂચના કરી હોય તો એ મ્‌હારા અતિશય "તિરસ્કારને પાત્ર છે. રત્નગરીના રાજાઓ પોતાના સંસારને અર્થે કાંઈ "પણ કરતા નથી, અને મ્‌હારા રાજ્યનો વારસ મને સંસારની વાસના, "ઓનો પાત્ર ગણે તેમાં એની બુદ્ધિ, અને મ્‌હારે વીશે એનો અભિપ્રાય "ઉભય મને દુઃખનાં કારણ થાય છે. જો એની સૂચના હું "સ્વીકારું અને એનો તિરસ્કાર ન કરું તો હું અને એ ઉભય રાજપદને "અયોગ્ય ઠરીયે, અને એ તિરસ્કાર કરીને જ હું એને યોગ્ય "થવાનો માર્ગ દેખાડું છું. વળી રાણીનું ગળું કાપવાની વાત રાણી "પાસે જ કરાવવા પ્રયત્ન કર્યો એ મ્‌હારા તિરસ્કારનું બીજું કારણ."

જરાશંકર૦—"મહારાજ, એણે રાજ્ય-અર્થે આ સૂચના કરેલી છે, "અને મને લાગે છે કે ભાયાતોની સહીઓ એને વારસ ગણી એની "પાસે મંગાવી તે બનવાથી એના મનમાં આ તરંગ ઉઠ્યો હશે."

મલ્લરાજ૦—(વિચાર કરી) "હા ! હવે સમજાયું. ત્‌હારું ધારવું

"ખરોખર છે—આ સૂચના એની રાજભક્તિનું ફળ છે અને એ ભક્તિના "બદલામાં મ્હેં એનો બહુ તિરસ્કાર કર્યો. મ્હેં ભુલ કરી. "જરાશંકર, ત્હારે એ ભુલ સુધારવી અને સામંતપાસે ખુલાસો કરી "એનો ઉપકાર માનવો."

જરાશંકર હસી પડ્યો. "હા, મહારાજ, રાજાઓ ભુલો કરે અને "પ્રધાનોએ તે સુધારતાં ફરવું."

મલ્લરાજ—"બીજાં રાજ્યોમાં તો એમ નિત્ય કરવું પડે છે. આપણા "રાજ્યમાં આજ વારો આવ્યો."

જરાશંકર—"મહારાજ, પ્રધાનની સાથે મંત્ર થયા વિના જે કાર્ય "થાય તેમાં પશ્ચાત્તાપનો પ્રસંગ આવે તે રાજાને; તેના કરતાં પ્રધાનની "સાથે મંત્ર કરી તેની જે ઇચ્છાથી કામ થાય તેમાં પશ્ચાત્તાપનો "વારો આવે તો તેમાં પ્રધાનને ભાગે પણ કાંઈ આવે."

મલ્લરાજ—"ત્હારો અધિકાર વધારવા આ વકીલાત કરતો હઈશ?"

જરાશંકર—"હા, મહારાજ!"

મલ્લરાજ—"કબુલ! મ્હારા સ્વતંત્ર અને છાતીવાળા પ્રધાન! "મ્હારી પાસે તું આવે પ્રસંગે મ્હારી ભુલ ઉઘાડી કરી બુદ્ધિબળથી જે "વાતનો સ્વીકાર કરાવે તેની મલ્લરાજ કેમ ના ક્‌હેશે? પણ ક્‌હે, એ "વાત જ કાંઈક મનમાં આવ્યાથી પ્રધાનદ્વારા મને આવી વાત ન "કરતાં રાણીદ્વારા આવી ખટપટ કરે તે સામંતનો તિરસ્કાર કરવામાં "મ્હેં શું ખોટું કર્યું? તું જ ક્‌હેછે કે રાજ્ય-અર્થે સામંત આ સૂચના "કરે છે, ને રાજ્ય-અર્થની વાત પ્રધાનદ્વારા ન કરતાં સ્ત્રીયોદ્વારા "કરે તેને ધક્કો મ્હારી બ્હાર ન ક્‌હાડું તો બીજું શું કરું?"

જરાશંકર—"મહારાજ, હું હાર્યો. પણ આપણે હવે પ્રસ્તુત વાત "કરીયે. સામંતના સંદેશાના ગુણદોષ વિચારીયે. રાજબીજનો નાશ ન "થાય એ કારણે અનેક ક્ષેત્રનો સંગ્રહ અંતઃપુરમાં વિહિત ગણ્યો છે; "રાણીજીને ને સામંતને તે વાત ઇષ્ટ હોય તો તે કર્તવ્ય જ."

મલ્લરાજ—"એનો વિચાર કરી મુક્યો છે–તે ટુંકામાં સાંભળ. પ્રથમ "તો એ કે કામમાં જાતે જ અધર્મ હોય તો તો લક્ષમાં રાખજે "કે રાણીની અને સામંતની સંમતિથી તે ધર્મ્ય ન થાય. મરનારની "સંમતિથી કરેલ તેના ખુનમાંથી એ સંમતિને લીધે પાપનો અંશ "ઓછો થતો નથી. બીજું, એ સંમતિ આપનારની જેટલી મ્હોટાઈ

"તેટલી જ તે લેનારની હલકાઈ ને દુષ્ટતા. ત્હોવું, એમાં લાભ હોય
"તો એ એક લાભને એક ત્રાજવામાં મુક અને તેના સામા ત્રાજવામાં
"હાનિ મુક—તો હાનિ વધશે. ક્ષત્રિયોને બે ચાર સ્ત્રીઓ વચ્ચે
"મુકી તે પુરુષોનું સ્ત્રીરૂપ કરવાનું આ કામ મને બહુ હાનિકારક લાગે
"છે અને આ નવા યુગમાં તે ન કરવું એ તો મ્હેં જ નક્કી કર્યું છે,
"ને ભાયાતોને તે ન કરવાનું કામ કરવાનો માર્ગ હું રાજા કદી નહી
"બતાવું."

જરાશંકર—"પણ મહારાજ, રાજબીજનો નાશ એ ઓછી હાનિ
"નથી."

મહારાજ—"સિંહને એક જ સિંહણ હોય છે ને એકાદ બાળક હોય
"છે; એક ભુંડની આસપાસ અનેક ભુંડણો અને અનેક ભુંડકાં એકઠાં
"કરવાં એ ક્ષુદ્ર માર્ગથી વીર્યતેજ એકત્ર ન રહેતાં કડકા કડકા
"થઈ જાય છે. એક ભુંડનાં અનેક ભુંડકાં કરતાં એક સિંહનો એક
"સિંહબાળ પિતૃપક્ષનું તેજ વધારે સાચવે છે. શૃંગારવાસના પણ
"આમાં જ નિર્મળ રહેછે. જરાશંકર, રત્નનગરીના રાજાઓ સિંહ
"જેવા છે."

જરાશંકર—"મહારાજ, આમાં મ્હારા પ્રશ્નનો ઉત્તર ન આવ્યો,
"કડકા થયેલું પણ રાજબીજ ને રાજાને ઘેર સંસ્કાર પામેલું, તેની
"ઉત્તમતા સાધારણ ઘરમાંથી ન મળે. વળી હું અનેક પુત્રો ઉત્પન્ન
"કરવાનું કહેતો નથી. પણ એક પુત્રનો લાભ શોધવા અનેક ક્ષેત્ર રાખવા
"કહું છું."

મહારાજ—"એક આખા નિર્મળ અને પ્રસન્ન કાચમાં જેવું શુદ્ધ
"પ્રતિબિમ્બ પડે છે તેવું ઘણાં પાસાંવાળા કાચમાં કદી પડવાનું નથી.
"આખો કાચ તે એક પત્ની, એ પાસાં તે અનેક પત્નીઓ. એક
"પત્નીપર અભિન્ન પ્રીતિથી જે પ્રજા તે જ ઉત્તમ."

જરાશંકર—"પણ ઉત્તમ ન મળે તો ઉતરતું લેવા પ્રયત્ન કેમ
"ન કરવો?"

મહારાજ—"જો ઉત્તમ ન મળે તો ઉતરતી પ્રજા તો મ્હારા
"ભાઈઓમાંથી કેમ નહી મળે? તેઓ પણ મૂળ રાજબીજ છે—તેમાંથી
"મૂળ રાજા સાથે વધારેમાં વધારે સંબદ્ધ હોય તે જ રાજાનો વારસ."

જરાશંકર—"સત્ય, પણ તેને રાજ-કુળના સંસ્કાર પ્રાપ્ત નથી હોતા."

મલ્લરાજ—"તે ન્યૂનતાનો ઉપાય મ્હારા ભાઈઓ સાથે કરેલા "લેખમાં છે. મ્હારા ભાઈઓને રાજસંસ્કાર અને ક્ષત્રિયસંસ્કાર "નિત્ય અને તેટલા આપતાં રહેવું એ મ્હારા વારસો અને તેમના "પ્રધાનોનું મ્હોટું કર્તવ્ય."

જરાશંકર—"પણ એવો પ્રસંગ આવે કે વારસ કેવળ અયોગ્ય "હોય અને સંસ્કારની યોગ્યતા પણ તેમાં ન હોય?"

મલ્લરાજ—"તો જે આપ્તેનો બાળક યોગ્ય અને ઉત્તમ હોય "તેનું દત્તકવિધાન ક્યાં થતું નથી?"

જરાશંકર—"પણ આમ કરતાં વિરોધ અને ખટપટનો સંભવ. "એટલું જ નહી, પણ રાજાની પાછળ દત્તક લેવાનું ઠરે તો સ્ત્રીયો "અને બીજાંના હાથમાં વાત જાય."

મલ્લરાજ—"દત્તક લે તો તો રાજા જ—તેના સ્વતંત્ર અધિકારથી "તે કામ કરે. તેણે જીવતાં દત્તક ન લીધો હોય તો પાછળ જીવનારે "એમ જ જાણવું કે મરનાર રાજાએ વારસને જ યોગ્ય ગણેલો છે. "આવા વારસના હાથમાંથી રાજ્ય લેઈ લેવું તે કોઈ માનવીના "અધિકારની વાત નથી."

જરાશંકર—"મહારાજ, હું હાર્યો."

મલ્લરાજ—"તે સામંતને સમજાવજે. સામંતને સમજાવજે કે "જ્યાંસુધી એ પોતે મ્હારા રાજ્યને યોગ્ય છે એવો મ્હારો અભિપ્રાય "ચ્હડ્યો નથી ત્યાંસુધી હું મલ્લરાજ કોઈને દત્તક લેઉં એમ પણ થનાર "નથી, તો પુનર્લગ્ન કરી મ્હારું ક્ષત્રિયપણું, મ્હારું રાજ–અભિમાન, "અને મ્હારી રાણીપરની મ્હારી પ્રીતિ—એ સર્વને કલંક બેસે એવું "કામ મલ્લરાજ દેહમાં પ્રાણ છતાં કદી કરનાર નથી. ઈશ્વર પુત્ર "આપનારો હશે તો એક રાણીને ઉત્તમ પુત્ર ગમે ત્યારે આપશે— "નહી આપનારો હોય તો સો રાણીનો સ્વામી અપુત્ર ર્‌હેશે. જરાશંકર, "સામંતને તેની રાજભક્તિ સારુ ધન્યવાદ આપજે, પણ ક્‌હેજે કે "પુત્રની અતિશય કામના કરવી તે બ્રાહ્મણવાણીયાને કપાળે લખી "છે—મ્હારે કપાળે નહી. એક રાણીને પુત્ર થશે તો તેને ભાગ્યે "થશે. તેનું તેવું ભાગ્ય નહી હોય તો મ્હારા ભાઈઓનું સદ્‌ભાગ્ય "કમી કરવા મ્હારું નાક વ્હાડી તેમનું અપમાન કરવા જેવું કામ "હું નહી કરું, અને સર્વ કારણથી વધારે કારણ એ મ્હારી મેના "રાણીની પ્રીતિના બદલામાં તેને અન્યાય આપવાનું કામ, તેમ મ્હારી

"પ્રીતિ ઉપર ચક્રવર્તી સત્તા વાપરવાનો તેને ઈશ્વરે આપેલો અધિકાર
"રજ પણ કમી કરવાનું પાપ,–આવા અન્યાયનું કામ અને આ પાપ
"મ્હારી પ્રજાના ઘરમાં થયેલું જોવાને ન ઈચ્છું તો હું જે તેમનો રાજા
"તેના ઘરમાં તે રાજાને જ હાથે થાય એવું હું કદી કરનાર જ નથી.
"આજસુધી–મંત્ર થતા સુધી–આ વાત કરવાનો તને અધિકાર હતો.
"હવે મ્હારો સિદ્ધાંત જાણ્યા પછી જે કોઈ આ વાતનો એક શબ્દ
"મ્હારા કાનમાં પાડશે તેણે મ્હારી આજ્ઞાનો ભંગ કર્યો ગણીશ અને
"તેને શિક્ષા કરીશ. જરાશંકર, સામંતને, તને, રાણીને, અને સર્વને
"આ મ્હારી આજ્ઞા છે તે તેમને સર્વને વિદિત કર અને તું જાતે ભુલી
"જશે તો રામે લક્ષ્મણની વલે કરી હતી તેવી ત્હારી પોતાની
"થઈ સમજજે."

જરાશંકર—"મહારાજ—"

મલ્લરાજ—"બસ, એકપત્નીવ્રતવાળો પતિ અને તેની ધર્મપત્ની–
"તેમની બેની વચ્ચે ત્રીજો કોઈ–પવન પણ–અંતરાય નહી પાડે.
"પ્રધાનની સાથે મંત્ર કરી સિદ્ધ થયેલી મ્હારી આજ્ઞાને હું રાજા કે
"તું પ્રધાન કોઈ નહી તોડે."

જરાશંકર—"મહારાજ—"

મલ્લરાજ—"એક શબ્દ નહી સાંભળું. હું આજ્ઞા કરી ચુક્યો."

જરાશંકર—"માન્ય કરું છું–મહારાજ–એ આજ્ઞાને."

મલ્લરાજ—"ત્યારે પછી શું ક્‌હેવા જતો હતો?"

જરાશંકર—"આપના જેવા ધર્મરાજની સેવા કરતાં થતો આનંદ
"જણાવવા જતો હતો."

મલ્લરાજ—"રાજાની સ્તુતિ કરવી એ ભાટચારણોનું કામ છે તે
"તો હું જાણતો હતો. પણ પ્રધાનનું હશે તે આજ જ જાણ્યું."

જરાશંકર—"ક્ષમા કરો. મહારાજ, શબ્દફેર થયો. આપની
"આજ્ઞા જાણી હું અતિ પ્રસન્ન થયો."

મલ્લરાજ—"ઠીક થયું."

આ વાર્તા થયા પછી કેટલેક વર્ષે મલ્લરાજ અને મેનારાણીની નિર્મલ પ્રીતિનું ફળ આપવાનો સંકેત ઈશ્વરે જણાવ્યો. રાણી સગર્ભા થઈ. એ ગર્ભને ગર્ભદશામાંથી રાજપદને ઉચિત સંસ્કાર આપવા મલ્લરાજે ચિંતા કરવા માંડી. એક દિવસ રાજગૃહમાંથી અંતઃપુર જતાં જતાં વિચાર કરવા માંડ્યા.

" ગર્ભનું હિત વિચારનાર પિતાએ ગર્ભ ધરનારી સ્ત્રીને પોતાની
" પત્ની ન ગણતાં ગર્ભની માતા ગણવી, અને ગર્ભાધાનથી તે ગર્ભના
" મોક્ષસુધી કામવાસના દૂર રાખી સ્ત્રીના શરીરને પવિત્ર ગણી તેને
" ગર્ભની સેવામાં અર્પણ કરવું, અને આ સેવા કરવાના કામમાં તેને,
" પતિએ, બ્રહ્મચર્ય પાળી, દૂર ઉભા રહી, આશ્રય આપ્યાં કરવો.
" ગર્ભમોક્ષ પછી બાલક સ્તન્યપાન કરે અને માતાના અંગનું સત્વ ચુસે
" ત્યાંસુધી તે બાલકને પોષવાનું સત્વ ઓછું થાય નહી તેમ વર્તવાનો,
" તથા તેની માતાનું સત્વ બે પાસથી લુટાય નહી એમ વર્તવાનો,
" બાલકના પિતા અને તેની માતાનો પતિ તેનો બેવડો ધર્મ છે.
" બ્રાહ્મણ–વાણીયાઓમાં આ ધર્મ પાળવાનો માર્ગ વૃદ્ધોએ ઘડી ક્‌હાડેલી
" રૂઢિએ રાખ્યો છે. તેમની સ્ત્રીઓ પ્રસવકાળ પ્હેલાં અને પછી
" કેટલાક માસસુધી પીયર ર્‌હેછે. આથી ઉભય કાળે તે સ્ત્રીઓ સાસુના
" ક્લેશથી અને પતિના કામવિકારથી મુક્ત ર્‌હેછે; અને પોતાની
" પ્રેમાળ માતાને હાથે સીમંતિની અને બાળકની માતા પોતાનું શરીર,
" પોતાનો આનંદ, અને ગર્ભ તથા બાળકોના પ્રતિ પોતાના ધર્મ
" સાચવે છે. પણ રત્નનગરીના રાજાઓના મંદિરમાં જુદો માર્ગ છે.
" તેમનો ગૃહસ્થાશ્રમ કેવળ ભોગાશ્રમ નથી–તેમનું બ્રહ્મચર્ય જયારે
" જોઈએ ત્યારે તેમની પાસે તયાર છે. તેમની માતાઓ તેમની રાણીઓ
" ઉપર વત્સલ હોય છે.–બીજા લોકની સાસુઓ પેઠ સ્વાર્થી અને
" દીકરીઓની પક્ષપાતી હોતી નથી. મલ્લરાજ ! હવેથી તું બ્રહ્મચારી
" થયો અને મેનારાણી ત્હારાં માતાજીને મંદિર ર્‌હેશે અને તેમની
" ચિંતા માતાજી કરશે."

મલ્લરાજની માતાં નાગરાજના મરણ પછી છ સાત માસે ગુજરી ગઈ હતી. બ્રેવ સાહેબ સાથેના યુદ્ધમાં પડેલા પાટવીકુમાર હસ્તિદંતની વિધવા સાસુ સાથે રહી હતી; અને યુદ્ધમાં યશસ્વી થયેલો પતિ મૃત નથી પણ યશશરીર વડે જીવે છે ગણી, એક હાથે સૌભાગ્યકંકણ રાખી અને બીજા હાથનું કંકણ ભાગી, યશસ્વી સ્વામીના યશસ્વી મરણનું અનુશોચન તજી તેમ જ મૃત પતિની પાછળ આનંદ ભોગનો કેવળ ત્યાગ કરી, પતિવ્રતા સૌભાગ્ય–વૈધવ્ય પાળતી હતી, અને ઈશ્વરની ભક્તિ અને સાસુની સેવામાં તેમ ધર્મવ્યવહારમાં અને ઉદાસીન–દશામાં કાળમાત્ર ગાળતી હતી. મરણકાળે રાજમાતાએ આ વિધવાને અને મલ્લરાજને પોતાની શય્યાપાસે બોલાવ્યાં અને તેમને આજ્ઞા કરી;

"મલ્લરાજ, આયુષ્ય પ્હોચ્યું ત્યાં સુધી મ્હારો ધર્મ પાળી હું હવે ત્હારા "પિતા અને ભાઈ જે દેશમાં ગયા છે ત્યાં તેમની પેઠે જાઉંછું. મ્હારી "પાછળ શોક કરશો માં. ત્હારા મોટાભાઈનું યશશરીર જાળવનારી "આ ત્હારી ભાભી, તેને હવેથી મ્હારે સ્થાને રાખજે, એ હવેથી "ત્હારી અને ત્હારી રાણીની માતા, અને તમે એનાં બાળક. મ્હારામાં "હવે ઝાઝું બોલવાની શક્તિ નથી. પણ સંક્ષેપમાં આ તમારો પરસ્પર "ધર્મ કહ્યો તે પ્રમાણે તમે બે જણ તમારી માતાએ પોતાના "મરણકાળે કરેલી આ આજ્ઞા પાળજો. સૂર્યવંશનો અને રત્નગરીના "રાજમંદિરનો આ કુળાચાર છે." જુવાન વિધવા ભણી જોઈ બોલી, "બેટા, તું હવે મ્હારે સ્થાને છો-હોં! આપણે રાજવંશી ક્ષત્રિયાણીઓને "ઉપદેશની જરુર નથી. બેટા, મ્હારી જીભ બંધ થાય છે-મને "છેલી કોટી દે-મલ, મ્હારા હાથમાં હાથ મુક." આંખમાં આંસુનાં પૂર સાથે બે જણાંએ વૃદ્ધ માતાની આજ્ઞા પાળી, એક તેને કંઠે ભેટી, બીજાએ તેના હાથમાં વચન આપ્યું. માતાની જીભ બંધ થઈ, બોલાતું બંધ થયું. કંઠે વળગેલી વિધવા-વધૂને મરવા સુતેલી રાજમાતા છાતી સરસી બળવિનાને હાથે ડાબતી દેખાઈ, પુત્રના મુખ સામી તેની દૃષ્ટિ ઉઘડી વળેલી લાગી, પુત્રના હાથનો સ્પર્શ થતાં માતાનાં આંગળાં તેને ઝાલવા જતાં હોય તેમ વળતાં લાગ્યાં. પ્રાણનો અવસાન આવતાં કાંઈક વિઘ્ન લાગ્યું. મલ્લરાજ બોલ્યોઃ "માતા, તમારો "પુત્ર ને તમારી પાછળ આ એનાં માતા. મ્હારા જન્મની જનની! "આજ તું આ સંસારમાંના કોઈ માનવીનો વિચાર કરીશ નહી-ત્હારી "કુખમાં પાકેલો રજપુત નાગરાજના કુટુંબને અને લોકને તેની જ "પેઠે પાળશે. માતા, જેમ વગર ચિન્તાએ મ્હારા શૂરવીર ભાઈ "રણજંગમાં રોળાયા, જેમ મ્હારા ભાઈનો શોક કે પાછળ રહેનારાઓની "ચિંતા રજ પણ કર્યાવગર મ્હારા પિતાએ આ ધરતીમાતાને ખોળે "દેહ મુક્યો તેમ જ આપણ ક્ષત્રિયો અને ક્ષત્રિયાણીઓ આ "લોકમાંથી પરલોકમાં વગરચિંતાએ અને વગરવાસનાએ જઈએ છીયે. "માતા, તમે આ પ્રસંગે માત્ર આપણા કુલગુરુ સૂર્યદેવ અને તે "સર્વના દેવ પરમાત્મા જે ભગવાન્ તેમનું સ્મરણ કરો અને તેમના "તેજમાં ભળવાનો આનંદ અનુભવો! રજપુતમાતા! રજપુતમાતા! "યમરાજનું તેડું આનંદથી સ્વીકારવું એ આપણો કુલધર્મ છે! "રજપુતમાતા! મરણ એ આપણું મંગળ છે."

પુત્રના સામી એકદૃષ્ટિ કરતી માતાની આંખ મીંચાઈ, આંખ

મીંચાતાં મીંચાતાં રજપુતાણીના ઓઠ આનંદથી ઉઘડતા લાગ્યા, તે ઉઘડતાં ઉઘડતાં તેમાંથી પવન નીકળ્યો, તે પવનમાં ઈશ્વિરનું નામ સુણાતું હોય એમ પાસે બેઠેલાંને લાગ્યું, અને તે નામ સાથે રાજમાતાના પ્રાણ પ્રાણત્વના ત્યાગી થઈ ગયા.

આ દિવસથી મલ્લરાજ મરનાર જ્યેષ્ઠ બાંધવની વિધવાને "માતાજી" કહી બોલાવવા લાગ્યો, અને પોતાની રાણીને તેણે આજ્ઞા કરી કે "માતાજીની" સેવા પ્રીતિ અને માન રાખી, કરવી. સગર્ભા રાણીને આજથી "માતાજી" ને મંદિર મોકલવાનો ઉત્સાહી મલ્લરાજ મેનારાણીને મંદિર ચાલ્યો. "આજથી મેનારાણીના ગર્ભઉપર માતાજીની "અમીદૃષ્ટિથી મ્હારા શૂર ભાઈ હસ્તિદંતની છાયા પડશે!" પાટવી કુમારે જે સ્થાન સાચવ્યું હતું તે સ્મરણમાં આવતાં, તેના ગુણ સાંભરતાં, મલ્લરાજની ક્ષત્રિય આંખમાંથી પણ એકાંત અશ્રુધારા ચાલી અને મરેલા ભાઈનું અનુશોચન આટલે વર્ષે જાગ્યું. મુખ દુઃખી થયું, અંતે ભાઈનો શોક તેમ વંશવૃદ્ધિના વિચારનો આનંદ, ઉભયનો ત્યાગ કરી–ન રોતો, ન હસતો, રાજા રાણીને દ્વારે આવ્યો.

દ્વાર વાસેલાં હતાં, અંતર્થી ગોષ્ઠીવિનોદનો સ્વર આવતો હતો. રાજા તે સાંભળતો દ્વાર બ્હાર થંભ્યો. અંતર્ માતાજીની દાસી રાણી સાથે વાત કરતી રાજાએ ઓળખી, એ દાસીના સ્વભાવ ઉપરથી માતાજીએ એનું નામ મધુમક્ષિકા પાડ્યું હતું– તેને કિંકરવર્ગ મધમાખ કહી બોલાવતો હતો.

મધુમક્ષિકા રાણીને ક્‌હેતી હતીઃ "રાણીસાહેબ, આપે હવે "મહારાજ સાથે દીર્ઘકાળનું રુસણું લેવું."

રાણી—"પણ મને તે આવડતું નથી."

મધુ૦—"રાધાજી હરિ ઉપર રીસાયાં હતાં; તે એમ કહીને કે

*"હાવાં નહીં બોલું હરિ સાથે રે
"મને ચંદ્રમુખી કહી બોલાવી!"

"આપે પણ એમ જ કાંઈ કરવું."

મલ્લરાજ દ્વાર ઉઘાડી અંતર્ ગયો. રાણી પલંગ ઉપર અને મધુમક્ષિકા સામી જમીન ઉપર, એમ બે બેઠાં હતાં તે ઉઠ્યાં.

મલ્લરાજ—"કેમ, મધુમક્ષિકા, મ્હારા ઘરમાં કલહ ચાલે છે કે?"

---

* કોઇ કવિની રચેલી કડી છે.

મધુ૦—(હસીને) "મહારાજ, સ્ત્રીપુરુષના શાસ્ત્રમાં પ્રણયકલહ[1]
"કહેલો છે તે ઉત્પન્ન કરવો એ મ્હારા જેવી રંક દાસીઓનું કામ છે."

મલ્લરાજ—"ત્યારે તું તો દંશ દે એવી જ છે."

મધુ૦—"આવા દંશ દેઈ, માતાજીએ પાડેલું નામ સાર્થક કરુંછું."

મલ્લરાજ—"માતાજીનું નામ દીધું ત્યારે તો તું ક્હે તે સ્વીકારવું પડશે." મલ્લરાજ પલંગપર બેઠો. રાણી પલંગની બાજુને અઢીંગી ઉભી.

મલ્લરાજ—"મધુમક્ષિકા, રાધાજીને ચંદ્રમુખી કહ્યાં તેમાં ખોટું
"શાનું લાગે ?"

મધુ૦—"મહારાજ, ચંદ્ર સંપૂર્ણ થયા પછી રાત્રિયે રાત્રિયે
"ચંદ્રબિમ્બ અને ચંદ્રની કાન્તિ ક્ષીણ થયાં કરે છે, અને રાધાજીના
"મુખને આ ઉપમા આપી એ તો અપમાન કરવા જેવું થયું–તેમને
"એવો ક્ષય નથી."

મલ્લરાજ—"અમારા સૂર્યવંશમાં એવાં રુસણાં ન શીખવવાં."

મધુ૦—"મહારાજ, રાણાજીનું શરીર ચંદ્રવંશમાં ઉત્પન્ન થયેલું
"છે અને રાણાજીનો હાથ ઝાલ્યો ત્યારથી જ એ ચંદ્રવંશના
"બુદ્ધિવિલાસમાંથી આનંદ અને ભોગ લેવા આપે સ્વીકાર્યું છે."

મલ્લરાજ—"એમ ? ત્યારે હવે તેમ કરવું પડશે–પણ અમે સૂર્યવંશના
"જડ જેવા રાજાઓને એવી વાતો નહી આવડે !"

મધુ૦—"મહારાજ, ચંદ્રવંશી રાણીઓમાં ચેતન એવું છે કે
"તેની દૃષ્ટિથી જ આપ જેવા સૂર્યવંશી ચંદ્રકાંતો સચેત અને રસિક
"થાય છે."

મલ્લરાજ—"એ વાત તો ખરી. પણ ક્હે, આજ માતાજીની સેવા
"મુકી તું અંહી ક્યાંથી આવી છે ?"

મધુ૦—"માતાજીએ આપને ક્હાવેલું વિદિત કરવા આવી છું."

મલ્લરાજ—"માતાજીની શી આજ્ઞા છે ?"

મધુ૦—"કાલ રાણીજી માતાજીને મન્દિર આવ્યાં હતાં તે
"પ્રસંગે માતાજીએ રૂપચેષ્ટાદિની પરીક્ષા કરી જાણી લીધું છે કે
"રાણીજીને હવે સીમંતિની દશા પ્રાપ્ત થઈ છે. અને તેનું પરિણામ
"પુત્રરત્નની પ્રાપ્તિ થાય. રાજજોશીએ પણ આવી જ ગણના કરી છે. માટે
"મહારાજ, આજથી તે જ્યાં સુધી ઈશ્વર આપે તે બાળક સ્તન્ય-

---

૧. પ્રીતિનો કલહ.

" પાનનો ત્યાગ કરે ત્યાંસુધી રાણીજીએ, આપના મંદિરને માત્ર હૃદયમાં
" રાખી, સર્વદા માતાજીને મંદિર વસવું, અને તેમ કરવા દેવા આપે
" એમને આજ્ઞા આપવી, એવી માતાજીએ આપને વિજ્ઞાપના કરી છે."

મલ્લરાજ—" મધુમક્ષિકા, માતાજી મ્હારી આટલી ચિંતા કરેછે તે
" તેમની વત્સલતાથી હું ઓશીંગણ થયો છું. એમની આજ્ઞા એ મ્હારા
" ઉપર કૃપા જ છે અમે સમજું છું. આજ સાયંકાળ પ્હેલાં એ આજ્ઞા
" પ્રમાણે સંપૂર્ણ અનુવર્તન થઈ જશે."

મધુ૦—" મહારાજ, મંગળવિયોગનું મુહૂર્ત કાલથી છે માટે જ
" આજ રાત્રે રચવાના પ્રણયકલહનો માર્ગ હું દેખાડતી હતી."

મલ્લરાજ—( હસી પડી ) " એમ કરો ત્યારે. પણ એક ઘડીમાં ત્હેં
" આટલું શીખવ્યું તો હવે પછીનાં બે વર્ષમાં તો કોણ જાણે તું
" કેટલું શીખવીશ ? "

મધુ૦—" મહારાજ, અમે દાસીઓની શક્તિ તો આવા માર્ગપર
" દીવો ધરીયે એટલી; પણ એ દીવા વડે આઘે સુધી એક કટાક્ષવડે
" જોઈ લેવું એ તો ક્ષત્રિયાણીઓની શક્તિની વાત છે. મહારાજ,
" આપના કિંકર આપના હાથમાં તરવાર આપે પણ વાપરવાની શક્તિ
" તે તો આપની જ."

મલ્લરાજ—" ઠીક. માતાજીની બીજી શી આજ્ઞા છે ? "

મધુ૦—" માતાજીએ ક્‌હાવ્યું છે કે રાણીજી મ્હારે મંદિર આવશે
" ત્યારે પછી તેમના તથા ગર્ભ-બાળના સંસ્કાર માટે જે જે સંકલ્પ
" કુળાચાર પ્રમાણે નિર્ધારેલા છે તે લક્ષમાં રાખવા આપે પણ
" વારંવાર એમને મંદિર આવ્યાં જવું કે માતાજીનો દેહ ન હોય ત્યારે
" ગર્ભવતીની સંભાવનાના આચાર-વિચારનું જ્ઞાન રાજકુળમાંથી નષ્ટ ન
" થાય. મહારાજ, આમાં બીજો હેતુ એવો છે કે આપણી ક્ષત્રિયાણીઓને
" સ્વામીનું દર્શન ક્યારે દુર્લભ થઈ પડશે તે ક્‌હેવાય નહી, માટે
" આ દુર્લભ લાભના પ્રસંગ, યુદ્ધકાળવિના બીજા નિમિત્તે ક્ષત્રિયાણીના
" ભાગ્યમાંથી ઓછા કરવા ઘટતા નથી; અને વળી પતિવ્રતા ગર્ભવતીને
" પતિદેવના દર્શનનો અને તેના ઉપદેશનો આનંદ પામવાનું દોહદ
" નિરંતર રહ્યાં કરે છે અને તે દોહદ પુરવાથી ગર્ભ ઉપર પિતાની
" છાયા સંપૂર્ણ થાય છે; માટે મહારાજ, બ્રહ્મચારી છતાં આપે આટલી
" મર્યાદામાં ગૃહસ્થાશ્રમ રાખવો એ આપનો બીજો કુળાચાર માતાજી
" આપને જણવે છે."

મલ્લરાજ—“ મધુમક્ષિકા, એ કુળાચાર પણ હું પાળીશ.”

મધુ૦—“ મહારાજ, તારાઓ વચ્ચે શુક્ર ઉગી રહે તે કાળે ચંદ્ર “ શુક્રની પાસે આવે તેમ દાસીઓ વચ્ચે ગર્ભવતી હોય તે કાળે જ “ માત્ર આપે જાતે આવી દર્શન આપવું.”

મલ્લરાજ—“ એ વિધિ હું સંપૂર્ણ રીતે પાળીશ.”

મધુ૦—“ મહારાજ, હલકી વર્ણમાં હલકાં દોહદ[1] હલકા “ સહવાસથી થાય છે; આપના કુળમાં ઉચાં દોહદ ઉત્પન્ન કરવાના માર્ગ “ સેવાય છે. સુન્દરગિરિ ઉપરના મહાત્માઓનાં દર્શન ગર્ભવતીને વારંવાર “ કરાવવાથી ગર્ભનો આત્મા શુદ્ધ થાય છે; સુરગ્રામમાં રમણીય “ દેવસ્થાનોનાં દર્શન ગર્ભવતી કરે તેથી ગર્ભની બુદ્ધિ પવિત્ર સુન્દરતાથી “ સંસ્કારી થાય છે; મહારાજ, ગર્ભવતી સુન્દરગિરિનાં શિખર ભણી “ દૃષ્ટિ કરે ત્યારે ગર્ભની બુદ્ધિ અભિલાષ ઉંચા કરતાં શીખે છે. “ ગર્ભવતી શીતળ પવનવાળા રત્નાકર પાસે ઉભી ઉભી આનંદ પામે અને “ સામેના આકાશ ભણી જુવે તેમ તેમ ગર્ભની બુદ્ધિમાં શાન્તિ અને “ ગંભીરતા સ્ફુરે છે અને દૂર દૃષ્ટિની સ્થાપના થાય છે; આપના “ અરણ્યની શોભા ગર્ભવતીના નેત્રમાં જાય ને પુષ્પોનો સુવાસ તેના કાનમાં “ જાય તેમ તેમ ગર્ભનું પ્રફુલ્લ આનંદ–શરીર બંધાય છે; ત્યાંના સિંહ “ અને વાઘની ગર્જનાઓ શૂર હૃદયની ક્ષત્રિયાણી સાંભળે તેમ તેમ “ ક્ષત્રિય પુરુષોનાં જીવન જેવાં શૌર્ય અને ધૈર્ય ગર્ભની નસોમાં માતાના “ રુધિરદ્વારા વ્હડે છે. મહારાજ, ગર્ભવતીને આ સર્વ સંસ્કારનો “ સંપૂર્ણ સહવાસ થાય અને તેને અતિશ્રમ ન પડે એવી વ્યવસ્થા “ આપે જાતે કરવી, અને રાણાજી એ અર્થે યાત્રાઓ કરે ત્યાં, અવકાશે, “ આપે એમનું મન પ્રફુલ્લ રાખવા બને તેટલી વાર જવું.”

મલ્લરાજ—“ મધુમક્ષિકા, માતાજીની આ આજ્ઞાઓ હું શુદ્ધ ભક્તિ “ અને આનંદથી પાળીશ, અને એ સર્વ કાળે અને તો તને રાણીસાથે “ રાખે આવી મ્હારી પ્રાર્થના માતાજીને વિદિત કરજે.”

મધુ૦—“ માતાજીએ એ સંકલ્પ તો કરેલો જ છે.”

મલ્લરાજ—“ માતાજીની બીજી કાંઈ આજ્ઞા છે ? ”

મધુ૦—“ માતાજીની વિજ્ઞાપના આટલાથી જ સંપૂર્ણ થાય છે. “ તે ઉપરાંત એમણે પોતે જે વ્યવસ્થા કરેલી છે તે આપની સંમતિ “ અર્થે આપને વિદિત કરવા મને કહેલું છે.”

---

૧. અભાવા.

**મલ્લરાજ**—" માતાજીની કરેલી સર્વ ચિન્તાઓ કૃપારૂપ જ હશે માટે
" હું તે જાણ્યા પ્હેલાં સ્વીકારું છું. એ ચિન્તાઓનો સારાંશ સત્વર
" કહી દે કે તેનો આનંદ મ્હારાથી વધારે વાર દૂર ન રૂહે."

**મધુ૦**—" મ્હારા જેવી બે ચાર વાર્તા વિનોદ કરનારી ને બે
" ગાનારી દાસીઓ, શાસ્ત્રી મહારાજનાં વૃદ્ધ પત્ની, **સા**મંતસિંહનાં
" અનુભવી ઠકરાળાં, બે ચાર ભાયાતોની યુવાન સ્ત્રીઓ, અને તે ઉપરાંત
" સેવા અર્થે કેટલુંક દાસીમંડળ: એટલી મંડળી રાણાજીના સહવાસ
" અર્થે સઉને અવકાશે માતાજી નીમવા ધારે છે; અને માતાજી પોતે
" તો છે જ, પણ તે આપના મ્હોટાભાઈ શીવાય બીજા પુરુષની કથા
" કરતાં નથી, પણ **અભિમન્યુ** ઉદરમાં હતા ત્યારે **સુભદ્રા** પાસે
" **શ્રીકૃષ્ણે** પ્રસવ પ્હેલાં વીરકથા કહી હતી તેમ આપના જ્યેષ્ઠબંધુનાં
" સર્વ પરાક્રમનાં કથાકીર્તન માતાજી રાણીજી પાસે વારંવાર કરવા ધારે
" છે. મહારાજ, **પ્રલ્હાદજી** ગર્ભમાં હતા ત્યારે તેમની માતા પાસે
" **ઈંદ્રિ**ને ઘેર **નાર**દમુનિએ પણ આમ જ પ્રભુની વાર્તાઓ કરી હતી.
" મહારાજ, ગર્ભવતીની પાસે કરેલી વાર્તાઓથી ગર્ભનો આત્મા
" બંધાય છે."

**મલ્લરાજ**—" **મધુમક્ષિકા**, માતાજી મ્હારે સારું આટલીબધી ચિંતા
" રાખે છે તે ઉપકારનો બદલો હું શી રીતે વાળીશ? મને જન્મ
" આપનાર માતાજીને તો મ્હારે સારું આટલી ચિંતા કોઈ દિવસ કરવી
" પડેલી મને સાંભરતી નથી. તેમના કરતાં આજ માતાજી જે ચિંતા
" કરે છે તે તો હજાર ગણી વધે. રાણી! આ દેહ હોય કે ન હોય
" પણ ત્હારે આ ઉપકાર ભુલવો નહી અને ત્હારાં સંતાન ભુલી જાય
" એમ થવા દેવું નહી. રાણી! આ ઉપકારના બદલામાં આપણે તે શી
" સેવા કરી શકીશું? અરેરે! એમને લાખ વસ્તુઓનો ખપ પડતો
" હશે, આપણે સોંપેલાં માણસ એમને લાખ વાનાંની ન્યૂનતા રાખતાં
" હશે, એમને કંઈ કંઈ ગુપ્ત દુઃખ પડતાં હશે, પણ જે ઉદારતાથી અને
" સહનશક્તિથી મ્હારા છત્રબન્ધુના વિયોગનો અતુલ ભાર એમણે
" વેઠ્યો છે તે જ ગુણોને બળે આ સઉ ન્યૂનતાઓ પણ વેઠી લેતાં હશે.
" રાણી! માતાજીની પ્રીતિએ હદ વાળી નાંખી છે."

**મલ્લરાજ**ના નેત્રમાં અશ્રુ ઉભરાયાં અને હાથ વડે તે લ્હોવા લાગ્યો.

**મધુ૦**—" મહારાજ! આપના મહાન્ હૃદયની કોમળતા આપના

" જીવને આ દશામાં નાંખે એ રત્નનગરીના રાજકુટુંબના સત્પુરુષોની
" જગત્પ્રસિદ્ધ વત્સલતાને ઉચિત જ છે. મહારાજ, આપ જેવા વિરલ
" સજ્જનનું જ લક્ષણ કહેતાં કહેલું છે કે,

*" मनसि वचसि काये पुण्यपीयूषपूर्णाः ।
" त्रिभुवनमुपकारश्रेणिभिः प्रीणयन्तः ॥
" परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यम् ।
" निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ॥

" મન, વાણી ને કર્મ ત્રણે સ્થાને પુણ્ય અમૃતથી ભરેલા, " ઉપકારમાલાથી ત્રિભુવનને પ્રસન્ન કરતા, પરમાણુ જેટલા પારકા ગુણને " પર્વતનું રૂપ આપી નિત્ય પોતાના હૃદયમાં વિકાસ પામનારા સજ્જન " કેટલા છે? તો કહે વિરલા છે."

" મહારાજ! માતાજી આમાં આપના ઉપર કાંઈ ઉપકાર કરતાં " નથી–જે ગર્ભરત્નમાં રત્નનગરીના ભાગ્યબીજનો સમાસ રહેલો છે તે " રત્નની સંભાળ રાખવી એ તો રાજમાતાનું પ્રથમ કર્તવ્ય છે. મહારાજ! " આ રાજમંદિરમાં પગ મુક્યા પછી તે આજ સુધી રાણીજી " માતાજીની અહોનિશ ચિંતા રાખે છે, અને કલ્પવૃક્ષ તો ચિંતવેલી " વસ્તુ આપે છે પણ માતાજી જેની ચિંતા સરખી કરતાં નથી તેની " ચિંતાઓ કરી રાણીજી તો માતાજીની પાસે કલ્પવૃક્ષથી પણ અધિક " કામ કરે છે તે સર્વ–સેવા કહો કે ઉપકાર કહો–માતાજીના હૃદયને " સર્વ કાળ નદી પેઠે દ્રવતું રાખે છે તેની આ આંખો સાક્ષી છે. " મહારાજ, રાણીજીને માટે માતાજી આજ જે ચિંતા કરે છે તે આજ " નદીના શીતળ જળના શીકર[1] પાછા નદીમાં પડે છે."

આવી વાર્તાઓને અંતે રાજાની આજ્ઞા લેઈ મધુમક્ષિકા, રાજાને આનંદ-દંશ દેઈ, ગઈ. માતાજીની ચિંતાઓ અને આજ્ઞાઓ ઈશ્વરે સફલ કરી: ગર્ભ-સંસ્કારી પુત્રરત્ન મણિરાજ મલ્લરાજનાં મંદિરમાં રમવા લાગ્યો અને તેની અમૃત-ચિંતાઓનું મંગલચક્ર સ્ત્રીવર્ગને માથેથી ઉતરી પુરુષના શિરપર ફરવા લાગ્યું. માતાજી અને રાણીને મુક્ત કરી મલ્લરાજ એ નવા ભારનો [2]ભારવાહી થયો. પોતાના હાથમાંથી રાજાના હાથમાં બાળકને આપવા પ્રસંગે માતાજીએ રાજાને મધુમક્ષિકાસુખે સંદેશો કહાવ્યો:

---

* ભર્તૃહરિ. ૧. છાંટા. ૨. ભાર ઉચકનાર મજુર, હેલકરી.

" મહારાજ, માતાજીએ આ રાજવૃક્ષની સ્તનંધય[1] અવસ્થામાં તેના " કોમળ દેહનું પોષણ કેવી રીતે કરેલું છે તે આપને જણાવવા ઇચ્છે " છે કે તે જ ન્યાયે હવેની બાલ્યાવસ્થામાં તેનો [2]વૃદ્ધિગ્રાહ કરવામાં " આવે. આ [3]સિંહશાવકને સિંહી માતાનું જ [4]સ્તન્ય પાવામાં આવેલું " છે અને ઇતિર વર્ણના હલકા દેહના [5]ક્ષીરનો સ્વાદ આપી એના " તેજને ભ્રષ્ટ કર્યું નથી. મહારાજ, સિંહિનું એક વાર ઉદર તજ્યું તેમ " હવે સ્તન્ય તજી આપની પાસે બાળક આવે છે. સિંહના પૌરુષ- " તેજનું બીજ આ બાળકમાં છે તેને વધારી, પોષી, આપના તેજથી " અધિક તેજનું ધામ બનાવી દેવું એ હવે આપનું કર્તવ્ય છે તેમાં " કોઈ રીતે ન્યૂનતા ન રાખવી એવી માતાજી આપને વિજ્ઞાપના કરે છે."

" મહારાજ, સંસારમાં પડેલા માનવીને માથે હર્ષશોકના અનેક " પ્રસંગો લખેલા હોય છે, તેમાં શોકચક્ર અનિવાર્ય છે અને તેની " સાથે પ્રબળ યુદ્ધ કરવામાં યુવાવસ્થાનો ઉત્કર્ષ છે. મહારાજ, કાલના " દિવસે ઉદ્યોગનો ઉત્કર્ષ અનુભવવાના ઉત્સાહીએ આજની રાત્રિયે " અસ્વપ્ન[6] નિદ્રા લેવા પ્રયત્ન કરવો જોઈએ, તેમ યૌવનમાં શોકચક્રની " સાથે સફલ યુદ્ધ કરવા જેને તત્પર કરવાનું આપ ધારો છો તે " રત્નને બાલ્યાવસ્થામાં આનંદવિના બીજા કોઈ મનોવિકારનું દર્શન " કરાવશો માં. મહારાજ, આ બાળકના ક્ષત્રિય નેત્રમાં અશ્રુનું બિન્દુ " સરખું આવે નહી અને એના મન્દિરમાં આમ સ્ત્રીજાતની પેઠે તે " રોવાનો પરિચિત થાય નહી તે વીશે માતાજીએ આજસુધી અહોનિશ " ચિંતા રાખી છે અને રાણીજીની તથા [7]ધાત્રી-મંડળ પાસે પણ એ જ " ચિંતા રખાવી છે. મહારાજ, એથી અધિક ચિંતા રાખી, રખાવી, " એ બાલ-વૃક્ષના સુખ-પલ્લવને કરમાવા દેશો નહી. મહારાજ, ચિંતાના " સ્વપ્ન વગરનો આનંદ એ બાલકનું ચક્રવર્તી રાજ્ય છે તે રાજ્યની " આણ તોડશો નહી."

" મહારાજ, આ બાલક-ઉદ્યાનના[8] માળીનો સુંદર અધિકાર " માતાજીએ પોતાના અને રાણીજીના હાથમાં આજ સુધી રાખ્યો હતો. અનેક " માળીઓના હાથમાં રહેલો ઉદ્યાન બગડે છે, અને અનેક મનુષ્યોની " આજ્ઞાનું ધારણ કરનાર બાળક કોઈની આજ્ઞા ધારી શકતું નથી અને

---

૧. ધાવનાર. ૨. વૃદ્ધિનું ગ્રહણ, Development. ૩. સિંહનું બચ્ચું. ૪. ધાવણ. ૫. દુધનો. ૬. સ્વપ્નરહિત. ૭. દાઈ, આયા. ૮. બાળકરૂપી વાડી-બાગ.

" તેનું હૃદય છિન્નભિન્ન થાય છે. મહારાજ, આપ પિતા છો અને આપની
" ઇચ્છાને અનુસરનાર કોઈ પ્રવીણ વત્સલ પુરુષ શોધી ક્હાડશો
" અને તે ઉભય મળી આ બાલકના માળી થજો. મહારાજ, પારકી
" મા જ કાન વીંધે માટે એ કામ ઉપર આવા અપર પુરુષને રાખજો
" અને તેનો અધિકાર પૂર્ણ નથી એવી કલ્પના પણ બાલકને
" થવા દેશો નહી. પરંતુ માર્જારવર્ગમાં દેખીએ છીએ કે માતા જ
" બાલકને દાંત વચ્ચે રાખી શકે છે તેમ અન્યથી થવાનું નથી; માટે
" ગુરુની મુખ-વિદ્યામાં મુકેલા કોમળ બાલક ઉપર ભુલ્યે ચુકયે ગુરુના
" દાંત બીડાઈ જાય અથવા બેસી જાય નહી એટલી વાત જાળવજો.
" તે ઈંડું સેવવા બેઠેલી પક્ષિણી માતાના જેવા જાગૃત રહી જાળવજો.
" રાજ-બાલકને ગુરુથી પણ ભય છે."

" મહારાજ, આજ્ઞા ઉપાડવી એ વયમાં વધેલા અને બુદ્ધિમાં
" મ્હોંચેલા પુરુષોથી પણ ખરોખર બનતું નથી તો તે ગહન સેવાધર્મ
" પુષ્પ જેવા બાલકથી બનશે એવી દુષ્ટ આશા આપ તો નહી જ
" રાખો પણ બાલકનો ગુરુ કે બીજું કોઈ પણ એ આશા સ્વપ્નમાં
" પણ રાખે એવી મૂર્ખતાના પ્રતીકાર સત્વર કરજો. મહારાજ, સાકરમાં
" સ્વાદ સંતાડી ઔષધ પાવાનો માર્ગ સઉને શીખવજો. બાલકને
" તો ઉત્સાહમાં રાખી જ કામ ક્હાડી લેવું."

" મહારાજ, આપના બાલકને સાધારણ પુરુષો કે કિંકરોનો સહવાસી
" ન કરશો-અમે કર્યો નથી અને આપ પણ ન કરશો. પતિસુખની
" લુબ્ધ સ્ત્રીયો બાલકને વ્હેલું વીસારે છે અને બાલકને પોતાના
" હાથમાંથી દાસીઓના હાથમાં ફેંકી દે છે, અને એ દાસીઓની પાસે
" બાલક અનેક ગુપ્ત કુચેષ્ટાઓ શીખે છે. આ બાલકને માતાજી અથવા
" રાણીજીને મુકી ત્રીજા મનુષ્ય પાસે સુવાડેલું નથી, અને આપના
" વિશ્વાસનું પાત્ર હું વગર બીજા જોડે રાખેલું નથી, કે બ્હાર મોકલેલું
" નથી. મહારાજ, રાજ્યકાર્યના ગ્રસ્ત રાજાથી આટલું બધું તો
" બનવાનું નથી, પણ જે ગુરુના હાથમાં આ બાલક મુકો તે એ
" બાલકને ત્રીજાના હાથમાં જવા દે એવું કરશો નહી. મહારાજ, ઇન્દ્રના
" બાલકને બૃહસ્પતિની સતત છાયામાં રાખજો, અને બીજું તો અમ
" સ્ત્રીઓ કરતાં આપ વધારે જાતે જ વિચારી જોજો."

મધુમક્ષિકાના સોંપેલા રાજકુમારને રાજાએ પોતાની આંગળીયે

લીધો અને પ્રધાનને તેડવા મોકલી રાજા બાળકની સાથે ગોષ્ઠીવિનોદ કરી તેની પરીક્ષા કરવા લાગ્યોઃ

" કુમાર, હવે માતાજી વિના તમને ગમશે કે ?"

મણિરાજ—" માતાજી વિના તો નહી ગમે, પણ આપને માતાજી " વિના ર્‌હેવું પડે છે તેમ અમે પણ રહીશું."

મધુ૦—" મહારાજ, એ ઉત્તરમાં કાંઈ બાકી રાખ્યું નથી. આપ " અને માતાજી ઉભય પ્રતિ આ ઉત્તર સધર્મ છે. સર્વ ધર્મ જાળવી " બાલકે બાલભાષામાં આપેલો ઉત્તર જ કહી આપે છે કે મ્હોટપણે " એ રત્નનગરીના રાજાઓનું ધર્મવૈચિત્ર્ય જાળવશે."

મલ્લરાજ—( પ્રસન્નમુખે બાલકનો હાથ ઝાલી ) " અમારે તો " રાજ્ય કરવું પડે છે–તમે શું કરશો ?"

મણિરાજ—આપ રાજ્ય કરો ત્યારે દેખાડી દેવાની કૃપા કરજો " કે રાજ્ય આમ થાય. આપની સાથે રહીશું, આપ દેખાડશો તે " દેખીશું, ને આપ ક્‌હેશો તે કરીશું."

મધુ૦—" મહારાજ, બાલકે તો રાજવિદ્યાનું માગણું માગી " લીધું—તે આપવું એ હવે આપના અધિકારની વાત."

બાલકે હાથ ઉંચો કરી દાસીનું મુખ ડાબ્યું.—" મધમાખ, " અમે રાજાજી જોડે વાત કરીયે તેમાં વચ્ચે ગણગણવાનું તને કોણે " કહ્યું છે ?–ત્હારે અમારી વાતમાં બોલવું નહી."

મધુમક્ષિકા નીચી વળી કુમારને છાતી સરસો ડાબવા લાગી અને તેમ કરતાં કરતાં એની આંખમાં આંસુ ભરાયાં. તેને ડાબતી ડાબતી છોડી દેતી તે બોલીઃ " ઘણું જીવો, કુમાર !—મહારાજ ! " પ્રભાતનો સૂર્ય ઉગતો ઉગતો તિમિરને આઘું ધક્કેલે તેમ આપની " પાસે આવતા ઉગતા રાજકુમાર, રાજવિદ્યાનો આરંભ કરતાં પ્હેલાં " આજથી જ, મજ જેવાનો અધિકાર બંધ કરે છે ને ક્‌હે છે કે મ્હારી " પાસે અવલા પ્રવલા નહી થાય."

મણિરાજ—" મધમાખ, હજી તું ગણગણતી ર્‌હેતી નથી ને કહ્યું " કરતી નથી."

મધુ૦—" તે આપ મને શું કરશો ?"

મણિરાજ પિતાભણી જોઈ બોલ્યોઃ " મહારાજ, માતાજીએ કહ્યું " છે કે અવળે રસ્તે ચાલે તેને રાજાજી શિક્ષા કરે માટે હવે આપ જાણો."

મધુ૦—( હસી પડી ) " ત્યારે આપનું બળ તો થઈ રહ્યું કે?"

મણિરાજ—“ હું ત્હારી સાથે બોલીશ નહી.”

મધુ૦—“ મહારાજ, બાલકે આજ્ઞા કરવી જાણી, આજ્ઞાભંગની “ [1]અસહિષ્ણુતા બતાવી, આપે કરવાની શિક્ષા આપને સોંપી, અને “ સ્ત્રીજાતિને બાલકે કરવા જેવી શિક્ષા મને કરી–મારી સાથે અબોલા “ લીધા ! મહારાજ, રાજસ્વભાવના વૃક્ષનો અંતર્ભાવ આ બાલક– “ બીજમાં હતો તે બીજના અંકુર આજ આપરૂપી સૂર્યના તેજની “ પાસે ફુટવા લાગે છે.”

મણિરાજ—“ મહારાજ, મ્હારી વાત આપને કહી દીધી; ગમે તો “ આ મધમાખને ઉરાડી મુકો અને ગમે તો તેને ગણગણતી રોકો. “ મને આજ આપની સાથે વાતો કરવાનું મન થયું છે તે આની વાત “ જરી ગમતી નથી.”

મધુ૦—“ કુમાર, આપ જાતે જ મને ક્‌હાડી મુકો તો હું “ તરત જાઉં.”

મણિરાજ—“ હું કાંઈ તને ક્‌હાડી મુકતો નથી. ત્હારા મધુપુડામાં “ ભરાઈ જા ને ગણગણીશ નહી એટલે થયું.”

મધુ૦—“ લ્યો, ત્યારે હું આ છાની રહી.”

મણિરાજ—“ હવે ઠીક.”

સઉ બોલતાં બંધ રહ્યાં. કુમાર મધુમક્ષિકા ભણી જોઈ રહ્યો, ત્હોયે એ બોલી નહી.

મણિરાજ—“ મધમાખ, બોલતી કેમ નથી ?”

મધુમક્ષિકા બોલી નહી. હસતી હસતી જોઈ રહી.

મણિરાજ—“ કેમ બોલતી નથી ?”

મલ્લરાજ—“ તમે બોલવાની ના કહી તે શી રીતે બોલે ?”

મણિરાજ—“ હું બોલાવું ત્યારે તો બોલે.”

મલ્લરાજ—“ તમારે એની પાસે શું બોલાવવું છે ?”

મણિરાજ—“ માતાજીએ ક્‌હાવેલું બધું એણે આપને કહ્યું, પણ “ કાલ રાત્રે રાણીજીએ ને મધમાખે પોતે મને કહેલું હતું તે આજ “ કહેતી નથી.”

મલ્લરાજ—“ શું કહ્યું હતું ?”

મણિરાજ—“ એ વાત મધમાખ કહે.”

---

૧. સહી જવાની અશક્તિ.

મધુ૦—"હું તો ભુલી ગઈ છું."

મણિરાજ—"ભુ...લી...જા...ય! બોલી દે–રાણીજી રોજ તને "જુઠી કહે છે."

મધુ૦—"એ તો એમનું જુઠું ખાઉં માટે જુઠી કહે છે."

મણિરાજ—"વારું, બોલ તો ખરી!"

મધુ૦—"શું બોલું? જરા સંભારી આપો તો બોલું."

મણિરાજ—"પેલું– લાકડાના ઘોડાને ઠેકાણે ખરો ઘોડો ને "એવું બધું."

મધુમક્ષિકા હસવા લાગી.—"હા, હા, મહારાજ, કુમારને આપની "પાસે બોલી કરી આણેલા છે."

મણિરાજ—"તે બોલી શી તે કહે ને?"

જરાશંકર એટલામાં આવ્યો અને પાસે બેઠો. કુમારને ખોળામાં લીધો.

જરાશંકર—"મહારાજ, કુમારશ્રીને શું પુછવા માંડ્યું છે?"

મલ્લરાજ—"કુમાર આજથી માતાજીનું મન્દિર છોડી આપણી "પાસે આવ્યા છે તે બોલી કરીને આવ્યા છે."

જરાશંકર—"હે કુમાર! શી બોલી કરી છે?"

મણિરાજ—"આજથી મ્હારા લાકડાના ઘોડાને ઠેકાણે હવે મને "ખરો ઘોડો આપવાનો."

જરાશંકર—"બીજું કાંઈ?"

મણિરાજ—"હવે મ્હારે રમવાનું મુકી દેઈ ઘોડે ચ્હડવાનું, પટા "રમતાં શીખવાનું, ને બઈરાંને મુકી મહારાજની અને પ્રધાનજીની "સાથે ફરવાનું ને દરબાર ભરાય તેમાં આવવાનું."

જરાશંકર—"કેમ મધુમક્ષિકા, આવી બોલી કરી છે?"

મધુ૦—"હા જી."

મણિરાજ—"હવે હું મહારાજની સાથે જમવાનો."

જરાશંકર—"એમાં તો મહારાજની આજ્ઞા જોઈએ."

મણિરાજ—"તે તમે અપાવો કે મધમાખ અપાવે. હું નહી માગું."

જરાશંકર—"પિતાજીની પાસે તો માગવી પડે."

મણિરાજ—"માતાજીએ કહ્યું છે કે ક્ષત્રિયો માગે નહી."

જરાશંકર—"ત્યારે જોઈતું હોય તે શી રીતે મેળવે?"

મણિરાજ—"જાતે મેળવે, બળે મેળવે, તરવાર વડે મેળવે."

જરાશંકર—" ત્યારે-આપ પણ તેમ મેળવો."

મણિરાજ—" મેં બોલી કરી છે તે મધમાખ નહી અપાવે તો
" એના ઉપર રીસાઇશ એટલે એ એની મેળે અપાવશે."

મધુ૦—" કુમાર, મ્હારે તો આપની પાસેથી હવે જવાનું."

મણિરાજ—" જાય ક્યાં ? બોલી પાળ્યા વગર જાય તો બારણા-
" વચ્ચે ઉભો રહી રોકું."

જરાશંકર—" કુમાર, હવે તમારી બોલી મહારાજ પાળશે."

મણિરાજ—" મહારાજ આપને આજ્ઞા કરે તો બોલી પળાઇ
" સમજું."

જરાશંકર—" તે આજ્ઞા કરી જ સમજો."

મણિરાજે મલ્લરાજ સામું જોયું. મલ્લરાજને હસવું આવ્યું.

મણિરાજ—" રાણાજીએ કહ્યું છે કે આપની આજ્ઞા વગર કોઈથી
" ચલાય નહી ને પ્રધાનજી આમ કેમ પોતાની મેળે કહેછે ?"

મલ્લરાજ—" એમને જ પુછો."

જરાશંકર—" કુમાર, મહારાજ પ્રસન્ન થાય ત્યારે એમની આજ્ઞા
" થઈ સમજવી."

મણિરાજ—" ત્યારે અમે પણ એમને પ્રસન્ન જ કરીશું એટલે
" અમારી મરજી પ્રમાણે થશે."

જરાશંકર—" એમ જ."

મધુ૦—" મહારાજ, કુમાર સોંપી હું હવે રજા લેઉંછું."

મણિરાજ—" મધમાખ, માતાજીએ કહ્યું છે કે રાજાએ અને
" કુમારોએ સેવકોની ચાકરી જાણવી. માટે ઉભી રહે."

સઉ જોઈ રહ્યાં.

મણિરાજ—" મહારાજ, આપની આજ્ઞા હોય તો મ્હારાં રમકડાં
" મધમાખના દીકરાને આપવાનાં છે તે હું માતાજીને મન્દિર જઈને
" એને આપું."

મલ્લરાજ પુત્રની કૃતજ્ઞતાથી પ્રસન્ન થયો અને તેને ખોળામાં
લેઈ બોલ્યો, " કુમાર, માતાજીએ જે જે કહ્યું છે તે સરત રાખજો
" ને એમને મન્દિરે જઈ મધમાખને ખુશી કરો. મધુમક્ષિકા, કુમારને
" વાસ્તે યોગ્ય વ્યવસ્થા કરતા સુધી માતાજીની પાસે જ થોડા દિવસ
" રાખજે ને હું બોલાવું એટલે લાવજે."

મણિરાજ—" મહારાજ, હું હવે રમકડાં રમવાનો નહી."

મલ્લરાજ હસીને બોલ્યો: "ના, કુમાર, નહી. હવે તમારે "બેસવાને ઘોડો ને રમવાને પટા ને બાણ આવશે–પ્રધાનજી સત્વર "મોકલાવશે."

મણિરાજ—"તે શીખવશે કોણ?

મલ્લરાજ—"તે પણ આવશે."

મણિરાજ—"મને આપ ક્યારે બોલાવશો?"

મલ્લરાજ—"સાંજે ક્રીડા જોવા લેઈ જઈશું."

મણિરાજ—"હા! મધમાખ, હવે ચાલ ને ઘેર જઈ ત્હારા "દીકરાને લાવ તે હું તેને રમકડાં આપી દેઉં."

મધુ૦—"તે મને આપજો એટલે હું એને આપીશ."

મણિરાજ—"ના. તું તો ઘરમાં રાખી મુકે ને ત્હારા દીકરાને "આપે નહી. એ તો હું જ એને આપીશ તે મ્હારી પાસે લાવજે, "ને જો પાછાં એની પાસેથી ખુંચી લીધાં તો જોજે ત્હારી વલે."

મધુ૦—"એમ કરજો. ચાલો હવે મહારાજની રજા લેઈયે."

મણિરાજે એનું મ્હોં ફેરી ડાખ્યું.

મધુમક્ષિકા કુમારનો હાથ ખસેડતી બોલી: "કેમ મ્હોં ડાબો "છો?–જવાની ઈચ્છા નથી?"

મણિરાજ—"અંહી ઉભી રૂહે. મહારાજ જશે ત્યારે જઈશું."

મધુ૦—"ત્યાં સુધી શું કરીશું? મહારાજને હવે કામ હશે."

મણિરાજ—"મહારાજ પ્રધાનજી જોડે બોલશે તે સાંભળીશું."

મધુ૦—"મહારાજની ખાનગી વાતો આપણાથી સંભળાય "નહી."

મણિરાજ—"ત્યારે રજા લે."

આટલી વાર રાજાપ્રધાન પરસ્પર વાતોમાં ભળ્યા હતા તેને મધુમક્ષિકા ક્‌હેવા લાગી:

"મહારાજ, હું ત્યારે આજ્ઞા માગુંછું ને કુમારને સાથે લેઈ "જાઉછું–પણ જતાં જતાં માતાજીના સંદેશા ઉપરાંત હું રંક કાંઈ "વિજ્ઞપ્તિ મ્હારા ભણીથી કરું તે સાંભળવી જોઈએ."

મલ્લરાજ—"બોલ."

મધુ૦—"મહારાજ! સામાન્ય મનુષ્યોને પણ પુત્ર રત્ન મૂલ્યવાન "હોય છે તો રાજાને હોય તેમાં કાંઈ નવાઈ નથી. શ્રુતિ પુત્રને "પિતા પાસે ક્‌હેવડાવે છે કે:—

" अंगादंगात्संभवसि हृदयादधिजायसे ।
" आत्मा वै पुत्रनामाऽसि स जीव शरदः शतम् ॥

"—પુત્ર, મ્હારા પ્રત્યેક અંગમાંથી તું સંભવ પામ્યો છે અને હૃદય " પાસેથી ઉત્પન્ન થએલો છે તે પુત્રનામે મ્હારો આત્મા જ તું છેઃ તે સો " શરદ્ઋતુ વટાવી જીવ જ,—મહારાજ, પુત્રમાં પિતાના અંગનો આવિર્ભાવ " તો થતાં થાય, પણ પિતાના હૃદયનો આવિર્ભાવ તો અવશ્ય થાયછે. " તેનું કારણ એવું છે કે વડમાંથી વડવાઈઓ લટકી નવાં વૃક્ષ " થાય છે તેમ માતાપિતામાંથી સંતાન થાય છે, તે જનક—જાતના દેહ " એક જ છે; એટલું જ નહી પણ પિતાના દેહની પેઠે એ દેહમાં " રહેનારો આત્મા પણ આ ન્યગ્રોધચેષ્ટા કરે છે અને ઉભયનો આત્મા " પણ એક જ છે. અને રાજાના કુમારમાં રાજાનો આત્મા સ્ફુરે " છે ને વંશપરંપરાથી ઉતરી આવેલો આવો આત્મા પ્રજાનું પરમ " ધન છે. માટે તે સમજનારે સમજવાનું છે કેઃ—

" वीजस्यान्तरवस्थितस्तरुपतिः काले पुनर्जृम्भते ।
" आव्योमस्तनुते च देहदहरं स्वात्मानमन्तर्हितम् ॥
" तच्चेष्टः शिशुरेष भूप जगतां वृद्ध्यै बिभर्ति स्वकम् ।
" ओजः सत्त्वसमुद्धिमत्प्रयततां तत्सिद्धये त्वात्मवान् ॥

" મહારાજ, આ શ્લોકમાં બહુ ગંભીર વાત કહી છે. દેહથી " આત્મા જુદો છે. છતાં દેહ આત્માને લીધે જ છે. આત્મા દેખાતો " નથી, દેહ દેખાય છે. એ દેહ વધે ઘટે છે તે સર્વ આત્માના જ " બળથી; જડ બીજને વધવાની શક્તિ નથી. પણ એ બીજ—દેહમાંથી " મહાન્ વૃક્ષ નીકળે છે તેનું કારણ—એ બીજમાં અને વૃક્ષમાં રહેલો— " એને સાંધનાર એક—તેનો આત્મા છે. તેમ જ આ શિશુ કાળે કરીને " મહાન્ અવસ્થાને પ્રાપ્ત થશે. મહારાજ, બીજને વૃક્ષથી જુદો " માનશો માં અને શિશુને યુવાનથી જુદો માનશો માં. જે વૃક્ષ બીજમાં " અવસ્થિત છે તે જ યોગ્ય કાળે મહાન્ રૂપ ધારે છે ત્યારે તેના " અંતર દેહમાં અંતર્હિત રહેલો, એ દેહથી દહર કહેતાં સૂક્ષ્મ એવો " તેનો આત્મા શું કરે છે તે પુછશો, તો કહે છે કે આકાશ સુધી પ્હોંચતી " શાખાઓ—અને એથી આઘેના આકાશ સુધી પ્હોંચતા તેનાં પુષ્પના " સુવાસ—અને તેથી આઘે જઈ મનુષ્યના ઉદરમાં જઈ મનુષ્યપણું " પામનાર તેનાં ફળ—એ સર્વમાં આ આત્માના બળનું સ્ફુરણ છે તે

" વિકાસ પામે છે. આવી જ રીતે, હે ભૂપ, આ આપના બાળકની
" ચેષ્ટા સમજવી. એ બાળકનો આત્મા બાળક નથી – મહારાજ, આપનો
" અને તેનો આત્મા એક જ છે અને એ આત્માનું ઓજસ્ આપની
" પાસેથી ન્યગ્રોધની શાખાઓ પેઠે આ બાળક દેહમાં આવેલું છે.
" બીજમાં રહેલા આત્માનું બળ શાખાઓમાં, પુષ્પોમાં, સુગંધમાં અને
" ફળોમાં સ્ફુરી મનુષ્યમાં આવે છે; તેમ આ બાળકમાં રહેલું ઓજસ્
" જગતની વૃદ્ધિ કરવાને અને આપની અખિલ પ્રજામાં સ્ફુરવાને
" યોગ્ય છે અને આપના રાજવંશનું અને એનું પોતાનું સર્વ સત્વ આ
" ઓજસમાં સમૃદ્ધ થયેલું છે – જેવી રીતે વૃક્ષની તેમ પોતાની સત્વસમૃદ્ધિ
" પુષ્પાદિમાં સ્ફુરે છે. મહારાજ, આ બીજને, આ શિશુને,
" આ ઓજસને, તેમની કાચી અવસ્થામાંથી સિદ્ધ કરવાં–પકવવાં એ
" આત્મવાનનો ધર્મ છે. બ્રાહ્મણો પોતાના અને શિષ્યમાત્રના દેહમાંથી
" ઉભયના એક બ્રહ્માત્માને છુટો કરી વિશ્વરૂપમાં સિદ્ધ કરે છે તેમ
" રાજપિતા પોતાના અને પોતાના રાજકુમારના દેહમાંથી ઉભયના
" એક જ રાજાત્માને છુટો કરી રાજ્યદેહના આત્મા સાથે એકરૂપ કરે
" તો રાજાત્મા સિદ્ધ થાય. એ સિદ્ધિ આપ જેવા મહાશય આત્મજ્ઞ
" આત્મવાન્ રાજાઓ કરી શકે એમ છે માટે તે રીતે પ્રયત્ન
" કરશો એવી હું રંકની આપને વિજ્ઞપ્તિ છે. મહારાજ, આ શિશુબીજમાં
" રહેલો તરુરાજ હું સ્પષ્ટ જોઈ શકું છું—એ તરુરાજ પ્રકટ
" સિદ્ધ કરવો એમાં આપના આત્મૌજસની એક સિદ્ધિ છે. મહારાજ,
" હું બહુ બોલું છું– તે આ મહાન્ બીજના ઓજસ્ ઉપરની
" મ્હારી પ્રીતિ બોલાવે છે તેથી બોલું છું. બાકી આપની પાસે આટલું
" બોલવા જેટલી હું રંકમાં ધૃષ્ટતા નથી. મહારાજ, હું બાળકને લેઈ
" માતાજીને મંદિર જવાની આજ્ઞા માગું છું."

મણિરાજ આ સર્વ વાત સાંભળી રહ્યો હતો, ધાત્રીના મુખ સામું જોઈ રહ્યો હતો અને મધ્યે પિતા અને પ્રધાનનાં મુખ સામું જોયાં કરતો હતો તે, મલ્લરાજ ઉત્તર આપે તે પ્હેલાં, ધાત્રીનો પાલવ ઝાલી બોલી ઉઠ્યો.

" મધમાખ, ગણગણી રહી ?"

મધુ૦—" હા. આપને કાંઈ કહેવું છે ?"

મણિરાજ—" એક બોલી તું કરે તે વગર હું આવવાનો નથી."

મધુ૦—" શી બોલી ?"

મણિરાજ—"ભરતે સિંહના દાંત ગણવા માંડ્યાં ને શકુંતલા "આવી ત્યારે ભરતને મુકી રાજા સાથે એ વાતો કરવા મંડી ગઇ "ને ભરતને ન બોલાવે શકુંતલા ને ન બોલાવે દુષ્યંત!"

મધુ૦—"તેનું આજ શું છે?"

મણિરાજ—"રાણીજીને ત્હારે ક્‌હેવું કે મ્હારે આમ ભરતના જેવું "ન થાય, મ્હારી સાથે તો આખો દ્‌હાડો ને રાત ભરતની ને લવકુશની "વાતો કર્યાં કરે તો આવું." સઉ હસી પડ્યાં.

મધુ૦—"તે રાણીજી કાંઈ મ્હારા હાથમાં? આપ એમને "ક્‌હેજો."

મણિરાજ—"હું આવ્યો ત્યારે રાજા ત્હારા હાથમાં ખરા ને "હવે જતી વખત રાણીજી નહી. આવ્યો ત્યારે કેમ બોલી કરી "હતી?—જા, નહી આવું ત્હારી સાથે."

સર્વ હસી પડ્યાં.

મલ્લરાજ—"કુમાર, જાવ રાણીજીને ક્‌હેજો."

મણિરાજ—"હું રાણીજી પાસે માગવાનો નહી. હમે રાજકુમારો "તો બળે કરી લઈએ—તે આવો તાલ નહી ચુકું. આપ દુષ્યંત રાજા "જેવું કરશો તો મને નહી ગમે. મ્હારી સાથે તો વાતો કર્યાં કરશો "તો મને ગમશે." રાજા પ્રધાન ફરી હસી પડ્યા. મધુમક્ષિકા મ્હોં મલકાવી શરમાઈ ગઈ.

મધુ૦—"કુમાર બોલી કરી બાંધશે. માગવાના નહી. ચાલો "ત્યારે એમ કરીશું."

મણિરાજ—"જોજે હાં! ફરી જઈશ તો પછી જોજે. હું ખુશી "નહી રહું ને તને કાયર કરીશ."

એ બે જણ વાતો કરતાં કરતાં ગયાં. તેમની પાછળ રાજાની દૃષ્ટિ ગઈ. કુમાર આગળ ચાલી ધાત્રીને હાથ ઝાલી ખેંચતો હતો અને ઉતાવળી ચલાવતો હતો. એ બે અદૃશ્ય થતાં રાજાની દૃષ્ટિ પાછી વળી. સૂર્યમાંથી કિરણ ફુટે તેમ રાજાના મુખસૂર્યમાંથી પુત્રાભિમાનનો આનંદ ભભુકતો હતો.

રાજાને રાજકુમાર પાછળ જોતો જોઈ પ્રધાન આનંદથી મનમાં બોલ્યોઃ

*" निवातपद्मस्तिमितेन चक्षुषा ।
" नृपस्य कान्तं पिबतः सुताननम् ॥
" महोदधेः पूर इवेन्दुदर्शनात् ।
" गुरुःप्रहर्षः प्रबभूव नात्मनि ॥

" પુત્ર દર્શનનો આનંદ એવો જ છે."

જરાશંકરને પોતાને પુત્ર ન હતો તે સાંભરતાં કાંઈક ખેદ થયો. પુત્રસ્થાને તેનો ભાણેજ **વિદ્યાચતુર** હતો તે ગુણવાન વિદ્વાન હતો—તેનો યોગ મણિરાજની સાથે થાય તે વિચાર ઉત્પન્ન થતાં એ શોક ભુલી ગયો ને આનંદચિંતામાં પડ્યો. પણ જાતે પોતાના ભાણેજની વાત શી રીતે ક્‌હાડવી? મધુમક્ષિકાના ઉપદેશનો પ્રસંગ ક્‌હાડી આ વાતનો પ્રસંગ ક્‌હાડવા તેણે વિચાર કર્યો—પણ વિચાર થતાં માંડી વાળ્યો. મનમાં તે બોલ્યો:—" ધર્મશાસ્ત્ર પ્રમાણે ધર્મ પાળનાર " મહારાજની સેવામાં રહી સ્વાર્થને વિચારે સૂચના કરું તો હું " રાજ્યદ્રોહી થાઉં—હું એ વિચાર નહી કરું."

" મહારાજને **વિદ્યાચતુર**નો અર્થ હશે ત્યારે જ આ યોગ કરીશ; " એ વિના નહી."

મલ્લરાજ—" જરાશંકર, માતાજીની આજ્ઞા અને મધુમક્ષિકાનો " સુબોધ, એ ઉભયનું મર્મ ભુલવાનું નથી. જે પિતાને પુત્ર, તેને " શિર નવા ધર્મની ચિંતા છે. કુમારને શી રીતે રાજતત્વમાં સિદ્ધ " કરવો એ ચિંતા મ્હારા શિરને ભમાવે છે."

જરાશંકર—" મહારાજ, રાજપુત્રોને વિદ્યા આપવાના માર્ગ " આપણા શાસ્ત્રમાં અને આપના કુળમાં પરિચિત છે."

મલ્લરાજ—" હા. પણ કાળવિવર્તનો વિચાર ભુલવો નહી એ પણ " શાસ્ત્રનું વચન છે તે સાધવાનું છે."

જરાશંકર—" મહારાજ, આજસુધી મુસલમાનો ચક્રવર્તિ હતા તે " કાળે આપણી વિદ્યા આપના કુળને ઉપયોગી થઈ."

મલ્લરાજ—" ને હજી થશે. પણ આપણી વિદ્યા એટલે જુની ભાષા " જ ન સમજવી. **વિદુરજી**એ લાક્ષાગૃહમાં મ્લેચ્છભાષાથી **પાણ્ડવો**નું " રક્ષણ કર્યું હતું. યુધિષ્ઠિરના યજ્ઞપ્રસંગે મયરાક્ષસની કળાનો ઉપયોગ

---

* રઘુવંશઃ—" પવન વિનાના કમળ જેવા નિશ્ચલ નેત્રવડે રાજાએ પુત્રનું કાન્તવદન પીવા માંડ્યું ત્યારે તેનો મહાન્ હર્ષ પોતાનામાં રહી ન શકતાં બ્હાર નીકળવા લાગ્યો—ચંદ્રદર્શનથી મહાસાગરનું પૂર નીકળે તેમ."

" કર્યો હતો. ભીમસેન રાક્ષસીને પરણ્યો હતો અને અર્જુને નાગકન્યાને
" પરણ્યો હતો. બ્રાહ્મણોની વિદ્યા બ્રાહ્મણી જ હોય છે, પણ ક્ષત્રિયો
" સર્વ લોક અને સર્વ દેશની વિદ્યાઓને ઘરમાં વસાવે છે."

જરાશંકર—" આ સર્વનો મર્મ આપના મનમાં શો છે ?"

મલ્લરાજ—" ઈંગ્રેજ સાર્વભૌમ થયા તે કાળે તેમની વિદ્યાને
" વરવી—એ આપણું કર્તવ્ય. એ આપણી વિદ્યા ભણી પ્રજાને સુખી કરે;
" ઈંગ્રેજ વિદ્યા ભણી પરવશ ન રૂહે—એ હવે રત્નનગરીનાં
" રાજાઓના ધર્મ."

જરાશંકર વિચારમાં પડ્યો.

મલ્લરાજ—"કેમ વિચારમાં પડ્યો ?"

જરાશંકર માથું ખંજવાળવા લાગ્યો.

" મહારાજ, રાજનીતિ બહુ ગુંચવારા ભરેલી છે."

મલ્લરાજ—" શી રીતે ?"

જરાશંકર—" ઈંગ્રેજી ભણશે તે કુલાચારને નહી ગાંઠે, ઉદ્ધત થશે."

મલ્લરાજ—" રજપુતોનો સ્વધર્મ એ કે જયાચાર સાધવો ને તે
" અર્થે કુલાચાર કાલોચિત ન હોય તો ફેરવવો. જરાશંકર, રજપુતો
" કોઈના નહી તે કુલાચારના થશે એટલે દાસપણું પામશે. મોઘલ
" બાદશાહોના ઝનાનામાં રજપુતોએ કન્યાઓ મોકલી તે બાદશાહોને
" જીતવા માટે. આપણા રાજાઓ દીલ્હી નગરનાં પરાઓમાં સેનાઓ
" લેઈ રૂહેતા હતા અને બાદશાહો ઉપર અમલ ચલાવતા હતા તો
" રજપુતો અને હીંદુઓ આજ હયાત છે."

જરાશંકર—" એ તો શિવાજીનો પ્રતાપ—શિવાજી ન હોત તો
" સુનત હોત સબકી."

મલ્લરાજ—" એનો પ્રતાપ. સામ દામ ભેદ અને દંડ ચાર જુનાં
" અને બીજાં નવાં-સર્વ સાધન આ કાળમાં સાધશે તે જીતશે. એક
" સાધન ઓછું રાખ્યું તો રજપુતો પાછા હઠ્યા, બીજું સાધન
" શિવાજીએ ન રાખ્યું તો એની પાછળ બ્રાહ્મણો થયા અને બ્રાહ્મણોની
" પાછળ ઈંગ્રેજ થયા. જરાશંકર, રાજવિદ્યાના લોભી પુરુષો સર્વ
" જાતનાં અસ્ત્રશસ્ત્ર વસાવે છે ને પ્રસંગે કામ લાગે તે વાપરવા
" સજ્જ રૂહે છે."

જરાશંકર—" પણ પ્રાચીન માર્ગ ત્યજવાના આ માર્ગની મર્યાદા
" દેખાતી નથી. મહારાજ ! આ દિશામાં નદીનું પૂર વાળો તો મર્યાદાનો

"માર્ગે રાખજો. નીકર સઉ ડુબીશું ને જગતમાં ભસ્માસુર ઉભા થશે."

મલ્લરાજ—"રાક્ષસોના સામાં વાનરો અને રીંછ ઉભાં કરીશું તો "અમો સૂર્યવંશી ફાવીશું–શિવાજી પણ એમ જ ફાવ્યા હતા."

જરાશંકર—"આ રીંછ ને વાનર ખોળશો ત્યારે આપના ક્ષત્રિયો શું "કરશે ?"

મલ્લરાજ—"મ્હારા દેવયોનિ ક્ષત્રિયો વાનરનો વેશ લેશે માટે વાનર "નહી થાય. તેમની વિદ્યાથી મ્હારા વંશજો સમુદ્રપર સેતુ બાંધશે "ને પરગૃહમાં પેંસશે. બસ, જરાશંકર, એ વિચાર મ્હેં સિદ્ધ કર્યો."

જરાશંકર—"પણ આપે પાણી પ્હેલાં મર્યાદાની પાળ બાંધવી "ઘટે છે."

મલ્લરાજ—"હા, પ્રજાનું હિત જાળવવાની બુદ્ધિ રહેશે એ પાળ "ને એ મર્યાદા. પ્રજામાં યુગવિવર્ત થાય ને રાજાનામાં ન થાય તો એ "કજોડાનો કલેશ ભારે થાય. માટે મ્હારા ઘરમાં ને રાજ્યમાં સઉ "ઈંગ્રેજી ભણે ને ઈંગ્રેજનાં મર્મદ્વાર પકડવાના હેતુથી આ વિદ્યા "ભણવાનું અભિમાન રખાવીશું તો કોઈ ઈંગ્રેજ નહી થાય. આ આપણી "એક પાસની પાળ. અને આપણા જુના આચારમાંનાં જે પદાર્થ વડે "ઉત્તમ જય થાય એવા પદાર્થપર દૃષ્ટિ નંખાવી તેનો લોભ રખાવવો "એ બીજી પાસની પાળ. એ બે પાળો શીવાય ત્રીજી મર્યાદા નહી. "જરાશંકર, બસ ! હવે મ્હારો વિચાર પુરો થયો. મણિરાજને આ "વિદ્યા આપવાના માર્ગ હવે બતાવ–એમાં ત્હારૂં કામ. ચારપાસની "વિદ્યાઓ ભણ્યાવિના રત્નગરીના રાજાઓ અંધારે ડુબી મરે એ નહી થાય."

જરાશંકર—"મહારાજ ! આપણું બાળક પારકા માણસ પાસ "રહે તો આપણા હાથમાંથી જાય અને પારકું થાય. પારકી મ્લેચ્છ ભાષાને "ખોળે ગયેલું બાળક આપની અને આપના આચાર વિચારની "મર્યાદા નહી પાળે."

મલ્લરાજ—"ક્ષત્રિયોનાં બાળક શત્રુઓની ભૂમિનાં, શત્રુઓની "ઢાલોના તેમ જ તેમની તરવારોનાં ભોમીયાં થાય તો શત્રુઓની ભાષા "અને તેમના આચારવિચારનાં ભોમીયાં થાય તે પણ યોગ્ય જ છે. બઈરાં "અને બ્રાહ્મણોને સોંપ્યાં ઘર અને ક્ષત્રિયોને સોંપ્યાં ઘરનાં બારણાં."

જરાશંકર—"તે યોગ્ય છે. પણ શત્રુઓના આચારનું દાસપણું "ક્ષત્રિયોને વિહિત નથી ?"

મલ્લરાજ—"ના, નથી. પણ સામાના ભેદ જાણતાં તેમના બંધનમાં

" આવવું પડે, તેમ સામાની રાજનીતિ સમજવાનું સાધન તેમની
" ભાષા તે જાણતાં જાણ્યે અજાણ્યે તેનો ચેપ વળગે તો તેટલું
" જોખમ વ્હોરવું એ નય–યુદ્ધને અંગે લાગેલું છે. યુદ્ધમાં જાય તે જીતે
" કે હારે કે મરે કે ઘવાય. જરાશંકર, વિચાર સંપૂર્ણ થયો ને હવે
" આજ્ઞા થઈ સમજ. કુમારને પરભાષાનાં શસ્ત્રાસ્ત્ર સમજાવવાં છે.
" મ્હારા અર્જુનનો દ્રોણાચાર્ય શોધી ક્‌હાડ."

જરાશંકર—" મહારાજની આજ્ઞા થઈ તો તે પાર ઉતારવી એ
" મ્હારું કામ છે. પણ ઈંગ્રેજી વિદ્યા શીખવવા દ્રોણાચાર્ય બ્રાહ્મણને
" શોધવા જવામાં વાંઝણીનો પુત્ર શોધવા જેવું છે."

મલ્લરાજ હસ્યો. " જરાશંકર, રોતો જાય તે મુવાના સમાચાર
" લાવે. ત્હારા અભિપ્રાયવિરુદ્ધ આજ્ઞા થાય એટલે તે કેમ પાળવી
" તે તને સુઝવાનું નહી."

જરાશંકર—" મહારાજ, એ આરોપથી મને ખેદ થાય છે. પણ
" મ્લેચ્છવિદ્યાનો ગુરુ આપણાં શાસ્ત્રનો સંસ્કારી હોય એમ ધારી તેને
" શોધવાની આજ્ઞા આપો છો પણ તે અસાધ્ય છે તે આપ સ્વીકારશો."

મલ્લરાજ—" કૌરવના ગુરુ દ્રોણાચાર્ય, તેની પાસેથી પાણ્ડુપુત્ર
" શસ્ત્રવિદ્યા ભણ્યો. એ જ રીતનો શોધ કરતાં મ્હારા પ્રધાનને
" આવડવું જોઈએ."

જરાશંકર—" સત્ય છે; મહારાજ; આપનું હાર્દ ઉત્તમ છે; પણ
" શત્રુની વિદ્યાનો રસિકજન આ રાજ્યમાં અસ્થાને પદ પામશે.
" રાજકુમારની કોમળ અવસ્થામાં–તેના ઉગતા પ્રભાતકાળે–દૂર દેશની
" પરવિદ્યાનો આભાસ આ બાળ–કમળને પોતાના રંગથી રંગે એ
" આપને ઇષ્ટ હોય તો ઇચ્છા. દ્રોણાચાર્યની વિદ્યા ચોરી લેવા અર્જુનનું
" વય હતું, દ્રોણાચાર્યને અર્જુનના મનનો પરાભવ કરવાનો અવકાશ
" ન હતો. મહારાજ, મણિરાજ, કેવળ બાળક છે અને સીતાજીને
" સોનાના મૃગની રઢ લાગી હતી તેમ આપ રાજા છો અને રાજરઢ
" પણ દુસ્તર છે."

મલ્લરાજ—" જરાશંકર, જે સ્વતંત્રતાથી તું ત્હારા રાજાને અટકાવે
" છે તેથી, અને જે વચન બોલી મ્હારા ઉપર આ આક્ષેપ કરે છે તે
" વચન સાંભળી, મને આજ આનંદ થાય છે. હું ત્હારા ઉપર પ્રસન્ન
" છું–મરજી પડે તે માગ."

જરાશંકર—" મહારાજ, સિંહ પોતાના દાંતનો ભંગ થવા દેતા

" નથી અને ક્ષાત્ર ઉદ્રેકના ભરેલા રાજા આજ્ઞાનો ભંગ વેઠતા નથી, એવું
" અનુભવી પુરુષનું વચન છેઃ

" दंष्ट्राभंगं मृगाणामधिपतय इव व्यक्तमानावलेपाः ।
" नाज्ञाभंगं सहन्ते नृवर नृपतयस्त्वादृशाः सार्वभौमाः ॥*

" મહારાજ, આ સહનશક્તિ આપ પ્રત્યક્ષ દેખાડો છો–આજ
" આપ આજ્ઞાભંગ થવા દ્યો છો–તે આપની મ્હારા ઉપર કૃપા અને
" આપના આત્મદમનનું દૃષ્ટાંત."

મલ્લરાજ—" એ શ્લોક ત્હેં મને ઘણીવાર કહેલો છે. એ આજ્ઞાભંગ
" થવા ન દેવો એ સાર્વભૌમ રાજાનું કામ. આપણે માથે સાર્વભૌમ
" બીજો થયો તેની આજ્ઞા ઉપાડવાનો પ્રસંગ ત્હારા અભિપ્રાયથી મ્હેં
" સ્વીકાર્યો છે તો આજ્ઞાભંગનું અસહન પણ સાર્વભૌમ પદને મ્હેં
" સોંપ્યું તેનો પ્રત્યક્ષ અનુભવ ત્હારા વિના બીજાું કોણ કરાવે ?"

જરાશંકર—" ક્ષમા કરો, મહારાજ, ક્ષમા કરો. આપનો સેવક
" આપની આજ્ઞાનો ભંગ કરી આપને ઓછું આણવા જેવું સ્મરણ
" નહી કરાવે."

મલ્લરાજ—" ત્યારે મ્હારી આજ્ઞા સ્વીકાર. જરાશંકર, મ્હારા કુમારને
" ઘરકુકડી વિદ્યાનો ભોગી જોઈ સંતોષ નહી પામું, જે ઈંગ્રેજનો
" આસંગ ત્હેં આ રાજ્યને પ્રાપ્ત કરાવ્યો છે તે ઈંગ્રેજની વિદ્યા તેમને
" દેશ જવાનાં કાળાં પાણી જેવી હોય તોપણ તે પાણીપર આ કુમારને
" મોકલ. એ પાણીને પેલે પાર ઉતરી મ્હારો કુમાર આ ઈંગ્રેજોની
" લંકાના મર્મભાગમાં પેંસશે અને તેમ કરતાં–ત્યાં જતાં–એ
" કુમાર ડુબવાનો હો તો ડુબો ને તરવાનો હો તો તરો. ન ડુબે તેની
" સાવચેતી રાખીશું એમ કરતાં તે ડુબે તો તેનું ભય રત્નનગરીના
" રાજાઓના કુળધર્મમાં નથી. શત્રુઓના ગુરુ પાસેથી મ્હારો મણિરાજ
" તેમની વિદ્યા શીખશે."

જરાશંકર—" મહારાજ, હું હાર્યો. આપની આજ્ઞા સિદ્ધ કરવી
" અને આપની ઇચ્છેલી સાવચેતી રાખવી એ ઉભય કામ સિદ્ધ
" કરવાનું સાધન શોધવા હું પ્રયત્ન કરીશ."

મલ્લરાજ—" તને તો સુઝે કે ન યે સુઝે... પણ જો ત્હારા ધ્યાનમાં
" આવે તો હું સુઝાડું."

---

* મુદ્રારાક્ષસ.

જરાશંકર—"આપને કાંઈ સાધ્ય વસ્તુ સુઝે તો તો ઉત્તમ જ વાત."

મલ્લરાજ—"ત્હારા ભાણેજ વિદ્યાચતુરને આ કામ ઉપર રાખ. "ઈંગ્રેજી ભણેલો છે, ને ત્હારા અંકુશમાં રહેશે. મને એ છોકરો ઠીક "લાગ્યો છે."

જરાશંકરને એ રીતનો સંતોષ થયો. વિદ્યાચતુરનું અને મણિરાજનું કલ્યાણ થાય ને મલ્લરાજની આજ્ઞા સિદ્ધ થાય—એ સર્વ સાધવાનું આ એક જ સાધન.

જરાશંકર—"જેવી મહારાજની કૃપા. મહારાજ, આનું નામ તે "આપની આજ્ઞા માનવી ક્‌હેવાય કે આપની કૃપા સ્વીકારવી ક્‌હેવાય "તે મને સુઝતું નથી. પણ આપની આજ્ઞાના પાલનમાં હું શિથિલ "ન રહું એટલા માટે આ કૃપા કરી હોય તો આપની કૃપા પાછી "ખેંચી લ્યો અને કૃપા વિનાની આજ્ઞા હું કેમ પાળુંછું તે વીશે "સેવકની પરીક્ષા કરો."

મલ્લરાજ—"રાજાની અને શાસ્ત્રની આજ્ઞા થઈ એટલે તર્કવિતર્ક ન "કરવા એવું શાસ્ત્રવચન તું પાળતો નથી."

"બહુ સારું મહારાજ." જરાશંકર ગયો.

"માણસની પાછળ માણસ તૈયાર રાખવું એ રાજાનો એક આવશ્યક "ધર્મ છે. જરાશંકર પાછળ બીજો પ્રધાન તૈયાર જોઈએ. જે "કારણથી મણિરાજને ઈંગ્રેજી ભણાવું છું તે જ કારણથી હવે પછીના "પ્રધાનો પણ ઈંગ્રેજી ભણેલા જોઈએ. જરાશંકરની વિદ્યા, એના અનુભવ, "અને એની બુદ્ધિ–દુધમાં સાકર ભેળીયે તેમ–એના ભાણેજમાં "ભેળીશું તો ભળશે– પરભારામાં નહી ભળે. વિદ્યાચતુર ઈંગ્રેજી "ને સંસ્કૃત ભણેલો છે તે જરાશંકર જેવો ગણેલો થતાં વાર નહી "લાગે. જુના દિવસ જાય છે ને નવા આવે છે, તેના આ સંધિમાં "એવો માણસ જોઈએ કે જતા દિવસની નોંધ રાખે ને આવતાને "ઝીલી લે. હું, જરાશંકર, અને વિદ્યાચતુર—ત્રણ જણ મળી એ કામ "કરીશું. અમે ત્રણ જણ મળી જે સડક પાડીયે એ સડક ઉપર "મણિરાજ ઘોડાની રવાલથી ચાલ્યો જાય ને અમારા કરતાં સવાઈ "બુદ્ધિ ચલાવે એટલું હવે આમાં કરવાનું છે." આવા વિચારો કરતાં કરતાં મલ્લરાજ પોતાના નિત્યકાર્યમાં ભળ્યો.

# પ્રકરણ ૧૧.

## પરરાજ્યનો પ્રથમ વમળ.

મણિરાજને ભાળવતાં મલ્લરાજે વિદ્યાચતુરને કરેલી આજ્ઞાઓ આ ગ્રંથના બીજા ભાગમાં દર્શાવેલી છે. એ આજ્ઞાઓ કેમ પળાય છે તે જોવા મલ્લરાજ ઘણે પ્રસંગે ઘણે પ્રકારે જાગૃત ર્‌હેવા લાગ્યો. મધુમક્ષિકાદ્વારા આપેલો ઉપદેશ રાજાએ સંપૂર્ણ રીતે પાળ્યો. વિદ્યાચતુરને કુમારના શિક્ષણમાં પૂર્ણ સ્વતંત્રતા આપી અને તે સ્વતંત્રતાનો દુરુપયોગ ન થાય તેટલું ખંતથી જોવા લાગ્યો.

આ પ્રમાણે કેટલોક કાળ વીતતાં એક દિવસ વિદ્યાચતુર અને કુમારને લેઈ રાજા સુંદરગિરિના શિખર ઉપર ગયો. ત્યાં પોતાનો તંબુ નંખાવી પાસે એક સુનેરી ગાદી નંખાવી રાજા બેઠો બેઠો સામેના સમુદ્ર ભણી દૃષ્ટિ કરી રહ્યો છે. મુછો ઉપર આમળા નાંખે છે, એટલામાં થોડેક છેટે પર્વતના પટ આગળ વિદ્યાચતુરની આંગળીએ વળગી કુમાર ઉભો અને જમણો હાથ અને તેની તર્જની લાંબી કરી ગુરુને પુછવા લાગ્યો.

"ચતુરજી, આ સામે દરિયો કેટલો હશે ?"

"કુમાર, તમે ભરતખંડનો નકશો જોયો છે તેમાં આ પાસથી "પેલી પાસ દરીયા સુધી જેટલી જમીન છે તેથી બમણો હશે."

"તેના પછી શું હશે ?"

"આપણા જેવી જમીન."

"તેમાં માણસો હશે ?"

"હા."

"તે પછી શું આવે ?"

"પાછો દરીયો."

"તે પછી શું ?"

"પાછી જમીન."

"તેમાં પણ માણસો હશે ?"

"હા."

"તે કેવાં હશે ?"

"આ સાહેબ લોક આવે છે તે ત્યાંના."

"તેમને રાજા હશે.?"

"હા."

"તે રાજાને કુમાર હશે?"

"હા."

"સાહેબ અંહી આવે છે તેમ આપણા લોક ત્યાં જતા હશે?"

"કોઇકિ."

"ત્યારે સાહેબ લોક એટલા બધા અંહી શું કરવા આવતા હશે?"

"આ દેશમાં રાજ્ય કરવા."

"ત્યારે મહારાજને કહોને કે આપણે પણ એ દેશમાં જઈ
"થોડુંક રાજ્ય કરીયે."

"એ તો આપ કહે ત્યારે."

મલ્લરાજ આ વાર્તા રસથી સાંભળતો હતો તેના ભણી ફરી મણિરાજ પિતા પાસે આવ્યો અને પાછળ વિદ્યાચતુર પણ આવ્યો.

મણિરાજ છેક પાસે આવી બોલ્યોઃ "મહારાજ, આપણે તો
"આ સાહેબલોકના દેશમાં ચાલો ને રાજ્ય કરો–અંહીયાં તો કાંઈ
"ગમતું નથી."

મલ્લરાજ અંતર્માં નિઃશ્વાસ મુકી બ્હારથી હસી બોલ્યોઃ "કુમાર,
"હું તો ઘરડો થઈ ગયો. હવે તો તમે મ્હોટા થાવ ત્યારે કાંઈ કરજો.
"વિદ્યાચતુર!–" નેત્ર ભીનાં કરી મલ્લરાજ બોલ્યો–"રજપુતાઈ રંડાઇ!
"રજપુતના દીકરાઓના અભિલાષ, અને રંક રાંડીરાંડોના દીકરાઓના
"અભિલાષ, તે હવે સરખા સમજવા."

મલ્લરાજે કુમારને ખોળામાં લીધો અને સામેના સમુદ્રપર દૃષ્ટિ કરી ઓઠ પીસવા માંડ્યા–ઉભો થઈ, તરવાર ઉપર હાથ મુકી, રાજા પર્વતના તટ આગળ આવ્યો, વિચારમાં પડી ગયો, અને અંતે ઓઠ કરડી, ભ્રમર ચ્હડાવી, વિદ્યાચતુરને સ્થિર ગંભીર સ્વરથી આજ્ઞા કરવા લાગ્યો. "વિદ્યાચતુર, હવેથી તમારે એક કોરું પુસ્તક રાખવું અને
"હું જે જે વાતો કહું તે તે તેમાં લખી રાખવી, અને મણિરાજ
"યોગ્ય વયનો થાય ત્યારે તે વાંચે અને હું જીવતો હઉં કે ન હઉં
"તો પણ તે વાતો તેના હૃદયમાં ઉતરે એવી રીતે એ પુસ્તક લખવું
"અને રાખવું. બીજું. રત્નગરી પાછા જઈએ તે દિવસે મને યાદ
"આપવું એટલે હું અમુક સમય ઠરાવીશ તે સમયે હું, મ્હારા ભાયાતો,
"મ્હારા અને તેમના કુમારો, અને જરાશંકર–એટલા બેસીશું અને

"તેમની પાસે નિત્ય તમારે ઈંગ્રેજની કથા વાંચવી. જેમ હાલમાં
"અમે આપણાં રામાયણ, મહાભારત અને અમારા પૂર્વજોના રાસા
"વંચાવીયે છીયે તેમ તમારે મરજી પડે તેટલા પઈસા ખરચી પુસ્તકો
"મંગાવવાં અને તેમાંથી ઈંગ્રેજો વાનરા હતા ત્યાંથી તે આજસુધીની
"એમની કથા વાંચવી. તેમ જ ફ્રાંસીસવાળા, રુસદેશવાળા, વલંદાવાળા,
"ફીરંગીયો, મુસલમાનો, અને એવા એવા અનેક લોકની અને તેમાં
"મુખ્ય કરીને આ ગોરા લોકની આજકાલની અવસ્થા જણાય એવી
"કથાઓ વાંચવી. એ લોકનાં યુદ્ધોનાં વર્ણન, એમનાં સામ દામ
"અને ભેદની કળાઓ, એમની રાજનીતિ, એ લોક કીયે કીયે દેશ
"જાય છે ને શું કરે છે, એમના શત્રુ કોણ છે ને મિત્ર કોણ છે,
"તેમાં કોનું ચાલે છે ને કોનું નથી ચાલતું એમની પ્રજા કેવી છે–
"સુખી છે કે દુઃખી, યુદ્ધ–કાળને વાસ્તે એ લોક તોપખાનાં કેમ
"બનાવે છે, શાંતિકાળને માટે એમની પ્રજામાંના અસંતોષી જીવોને
"સારુ કેવા ધંધા ઉભા કરે છે, એમના ક્ષત્રિયો, બ્રાહ્મણો, અને વૈશ્યો
"કેવા છે, વગેરે સર્વ વાતોમાં એ સર્વ લોકનાં મર્મસ્થાન તમારે
"જાણવાં, એમની કળાઓનાં રહસ્ય ચોરવાં, અને એમની બુદ્ધિના
"તેમ બીજા કીલ્લાઓની રચના શીખવી. વિદ્યાચતુર, એ સઉ શીખી,
"જાણી, ચોરી, તમે તેને અમારી પાસે આપણી બોલીમાં સમજાવો
"અને કાળે કરીને આ મ્હારા રાજ્યની આશાના બીજને એ સર્વ
"વિદ્યામાંથી શી શી પ્રાપ્ત કરાવવી તે હું તમને કહું તે પ્રમાણે ઈંગ્રેજી
"ભાષાદ્વારા પ્રાપ્ત કરાવો."

"વિદ્યાચતુર, આ કુમારને ઈંગ્રેજની તેમ આપણી ક્ષાત્રવિદ્યા
"પણ તેનું વય થતાં શીખવવાની છે તે કામ તમારાથી નહી બને,
"પણ જેના હાથમાં એને મુકીયે તેની પાસેથી–દેશી પાસેથી કે
"પરદેશી પાસેથી–મિત્ર પાસેથી કે શત્રુ પાસેથી–તરવાર જેવાં શાસ્ત્ર
"તેમ તોપ જેવાં અસ્ત્ર, એક શૂર સાથે કરવાની કુસ્તી તેમ અનેક
"પુરુષોની બનેલી સેનાને માથે રહી સામે એવી જ સેનાઓ કરવાની
"સેનાધિપતિની વિદ્યા–એવી એવી જે હવેના કાળમાં નિરર્થક લાગશે
"એવી સર્વ કળાઓ, આ કુમાર અને મ્હારા રજપુતો શીખે તેમ
"મ્હારે કરવું છે ને અગ્નિહોત્રીનો અગ્નિ અખંડ સચેત રહે તેમ આ
"કળાઓ મ્હારે રાખવી છે. એ મહાકાર્ય ઈંગ્રેજની મદદ વિના નહી
"બને એ હું જાણું છું; ઈંગ્રેજની સાથે રહી તેમનો અને આપણો બેનો
"સ્વાર્થ એક છે તે હું કોઈ વખત તમને સમજાવીશ અને શાણા

" ઈંગ્રેજોને એ વાત ગળે ઉતારવી છે અને તેમને ગળે ઉતારી આ
" કામ સાધવું છે. વિદ્યાચતુર, આવી આવી વાતોમાં આ રાજ્યની
" નવી રાજનીતિનું બીજ રોપાય છે તે બીજ રોપવાનું મ્હારે માથે
" આવેલું છે તેમાં તમારે મ્હારું અને મ્હારા કુમારનું પ્રધાનપણું કરવું
" પડશે–જરાશંકરના ભાણેજના હાથમાં મ્હારા રાજ્યના ગુપ્ત મંત્ર
" મુકતાં હું અવિશ્વાસ નથી રાખતો."

" આ સર્વ કાર્યને અર્થે ચંદ્રની આસપાસ તારાઓ ચળકે તેમ
" કુમારની આસપાસ મ્હારા ભાયાતોના પુત્ર ઉભરાઈ રૂહે એવું કરો.
" આ દેશમાં પડવા માંડેલી આ રાત્રિને કાળે આ ચંદ્ર અને તારાઓનું
" એકસંપી જડ અરસપરસ પ્રકાશ આપે એવું કરવાનું છે. વિદ્યાચતુર
" આજસુધી અમારા ભાઈઓ યુદ્ધમાં અમો રાજાઓને કામ લાગતા
" અને અમે તેમનું પોષણ કરતા. યુદ્ધકાળે તેઓ તેમનાં મસ્તક
" અમારા કામમાં આપતા, અને શાંતિકાળે અમારા રાજ્ય–વૈભવમાંથી
" અમે તેમને ગ્રાસ એટલે કોળીયા આપતા. હવે ઈંગ્રેજના રાજ્યમાં
" અમારે તેમનાં મસ્તકનો ખપ નથી અને ગ્રાસ આપવા તો શું પણ
" રાખવા પણ ભારે પડશે. મસ્તક ઓછાં થતાં ત્યારે આપેલા ગ્રાસ
" પાછા આવતા તે નવા જન્મતા ભાઈઓને અપાતા અને રાજભૂમિ
" ભાઈઓને અપાતાં અપાતાં પણ અમારા રાજ્યભાગ એમના એમ
" રૂહેતા. હવે નવી પ્રજાને આપવાનું ખરું, અને પાછું લેવાનું કાંઈ
" નહી–કારણ મસ્તક ઓછાં થવાનાં નહી અને ગ્રાસ વધવાના. આથી
" અમારા રાજ્યભાગ ક્ષીણ થઈ જશે, અને રાજ્યભાગ ક્ષીણ થતાં
" આ રાજ્યની સત્તા નબળી થશે એટલી ઈંગ્રેજની વધશે. આ ભયંકર
" પરિણામનું બળ ઓછું થવાનો માર્ગ મ્હેં બીજી રીતે લીધો છે. પણ
" માણસની બુદ્ધિને જ્ઞાની લોક નાચનારી ગણિકા જેવી કૃહે છે, તે
" બુદ્ધિને ખપ વગરના ભાઈઓ ઉપર રાજાઓ પ્રીતિ નહી રાખે અને બળે
" ગ્રાસના સ્વાર્થી અને યુદ્ધકળા ભુલવા સરજેલા ભાઈઓને રાજાની
" સેવાનો કે તેના સંબંધનો કાંઈ પણ પ્રસંગ નહી રૂહે. મ્હારા રાજ્યની
" એક મ્હોટી સાંકળ આવી રીતે ત્રુટી છે; તે સાંકળના બે છેડા ઝાલી
" પોતાનાં પેટ ભરનાર મદારીઓ મળશે અને છેડે બંધાયલાઓને
" માંકડાં પેઠે મરજી પ્રમાણે નચાવશે. વિદ્યાચતુર, આ સાંકળના છેડા
" આમ પારકા હાથમાં જાય નહી એ મ્હારું કર્તવ્ય છે માટે આ
" ત્રુટેલી સાંકળને ઠેકાણે મ્હારા કુમાર અને ભાઈઓ વચ્ચે પ્રીતિની

" સાંકળ રચો; અને આ દેશમાં કોઈ કાળે યુદ્ધનાં વાજાં વાગે તો
" શાલિવાહને માટીનાં પુતળાંની સેના ઉભી કરી હતી તેમ પ્રીતિની
" ચીકાશથી મ્હારા રાજ્યના ક્ષત્રિય-પુતળાંઓ બંધાઈ રહેલાં હશે તો
" તેમાં તેમના પૂર્વજો ધુણી ઉઠશે-માટે એવી ચીકાશથી આ માટીને
" ઘડજો. ઈંગ્રેજોને આજ અમારાં ભાયાતોની ગરજ નથી પણ એવો યુગ
" આવશે કે એમના રાજ્ય ઉપર ચાર પાસના પાડોશીયો તેજ-દ્વેષથી ઘેરો
" ઘાલશે. વિદ્યાચતુર, તેવે કાળે એમની વસ્તી બ્રાહ્મણ-વૈશ્ય થઈ ગઈ
" હશે તે એમને કામ નહી લાગે અને એ એકલા પડશે. તે પ્રસંગે
" આ મ્હારાં પુતળાંમાં જીવ આવશે તો ઈંગ્રેજને મીઠો લાગશે અને એ
" પુતળાંને કામ લગાડી મલ્લરાજની દીર્ઘદૃષ્ટિને સંભારશે. વિદ્યાચતુર,
" ઈંગ્રેજો ઉઘાડી આંખે જોશે ત્યારે રજવાડાનું મૂલ્ય સમજશે ને તેનો
" ભાવ વધારશે, અને રાજાઓ સમજશે ત્યારે ઈંગ્રેજનો ભાવ વધશે
" પણ એ બે જણ સમજે ત્યાં સુધી આ ભાઈઓનો ભાવ વધવાનો નથી.
" જ્યાંસુધી એ સમજણનો યુગ આવે નહી ત્યાં સુધી સર્વને દુઃખ છે, અને
" ત્યાંસુધી ધૈર્ય રાખી મ્હારાં આ ઝાડ ઉછેરવાં એ મ્હારા પુત્રને શીખવજો."

" સરત રાખજો કે રત્નનગરીના રાજાઓ એકપત્નીવ્રત પાળે છે
" અને તેમને પુત્રો હતા નથી તો તેમના ભાઈઓ તેમની ગાદીએ
" ચ્હડે છે. માટે મ્હારા ભાઈઓ અને તેમના વારસોમાં આ રાજ્યના
" ભાવી રાજાઓનાં બીજ છે અને તેથી પણ તેમનાં મનની સંભાળ
" મ્હારા કુમારના ગુરુએ લેવાની છે."

" વિદ્યાચતુર, અમારાં ક્ષત્રિય રાજ્યોના ક્ષત્રિયો પોતાની જાત
" મુકી મ્હોટા ખેડુત બને, રજપુત કેહેવાતા મટી જમીનદાર અને
" તાલુકદારનું નામ પામે, તેવા કાળમાં પણ અમારાં રાજકુળનાં ઘરોમાં
" આટલું અગ્નિહોત્ર નિરંતર પળાય એવા ધર્મનું બીજ આમ રોપવાનો
" મ્હારો આગ્રહ—"

આ અસિદ્ધ થવા નિર્મેલું વાક્ય પૂર્ણ થતા પ્હેલાં જરાશંકરનો પત્ર લેઈ ઉતાવળો ઉતાવળો રાજદૂત આવ્યો, અને મનનો સંકલ્પ મુખમાં જ રહેવા દેઈ રાજા પ્રધાનનો પત્ર ફોડી વાંચવા લાગ્યો. વાંચતાં વાંચતાં તેની ભ્રૂકુટિ બે ચાર વાર ચ્હડી ગઈ અને બે ચાર વાર શીત આવ્યાં હોય તેમ તે પાછો શીતળ થઈ ગયો. પત્ર વાંચી મલ્લરાજ એકદમ ઉભો થયો અને પર્વતતટ આગળ જઈ ઉભો ઉભો આંટો ચ્હડાવતો મનમાં બોલવા લાગ્યો.

"વાનરસેનામાંથી હનૂમાન આવ્યો!" જરાશંકરનો પત્ર લેઈ તેમાંથી ચાર પાંચ લીટીયો વાંચવા લાગ્યોઃ

"નાગરાજમહારાજની સાથે સંધિકાળે થયેલા કરાર પ્રમાણે
"સંસ્થાનોના વિરોધપ્રસંગે તેમના પંચનું કામ કરવાનો ઈંગ્રેજ સરકારને
"અધિકાર છે, તે અધિકારને પ્રમાણી સરકારે પોતાનો વકીલ નીમવાનું
"નક્કી કર્યું છે. તે વકીલ એમનો **પોલીટીકલ એજંટ** અથવા **રેસીડેંટ**
"ક્હેવાશે, ચાર પાંચ સંસ્થાનો વચ્ચે પોતાનો નિવાસ રાખશે, પોતાના
"નિવાસમાં પોતાનો અધિકાર રાખશે, અને રાજાઓના પંચનું
"અને દેશની શાન્તિ જાળવવાનું, કામ કરશે. સુવર્ણપુર, રત્નનગરી
"વગેરે અનેક રાજ્યોના પંચનું કામ કરવા સરકારનો મુખ્ય વકીલ
"મ્રાલપાટણમાં ર્‌હેશે અને તેના તાબામાં થાણાંઓ થશે અને તેમાં એક
"થાણું **લી**લાપુરમાં ર્‌હેશે ત્યાં મુખ્ય વકીલના હાથનીચે રહી એક
"એજંટ કામ કરશે." પત્ર પાછો મલરાજે બંધ કર્યો.

"વડીલ મહારાજના સંધિકાળે મ્હારા મનમાં જે શંકા હતી તે
"ખરી પડવા કાળ આવ્યો. વાનરપ્રજાનો હનૂમાન આવ્યો–તે હવે
"હુપાહુપ કરશે અને અમારી સોનાની લંકામાં ઠેકાણે ઠેકાણે આગ
"લગાડશે.—હવે આપણે રાક્ષસો, અને એ વાનરા. આપણે કરીશું તે
"અધર્મ–એ કરશે તે ધર્મ."—"સરકારના સંધિરૂપથી બીજ પૃથ્વીમાં
"ડટાયું હતું તેમાંથી ફણગો ફુટી આજ પૃથ્વી ફોડી બ્હાર નીકળ્યો.
"આ રેસીડેંટ–વકીલ–તે આ ફણગો!"

"આ આતશબાજીના દારુખાનાનું ઝાડ!–હવે એનો કાંઈ ઉપાય?"

વીજળીનો ચમકારો થાય એટલી ત્વરાથી રાજાના મનમાં આ વિચારોના ચમકારા થઈ ગયા. તે ઓઠથી ઓઠ કરડવા લાગ્યો. તેના હાથ તરવારની મુઠ ઉપર આવજા કરવા લાગ્યા.

"કુમારને **વી**લાયત જીતવાનું મન થયું ત્યાં શકુનમાં આપણો
"દેશ **વી**લાયતવાળાએ જીત્યો! આપણાં રાજ્ય, રાજ્ય મટી, સંસ્થાન
"થયાં! જે રેલની બીક લાગતી હતી તે દૃષ્ટિ આગળ આવી—"
તરવાર ભણી દૃષ્ટિ કરી–"મ્હારી પ્રિય તરવાર! ત્હારું પાણી હવે ઉતરી
"ગયું! હવે રજપુતોએ લાકડી ઝાલવી!"

મનના વિચાર પડતા મુકી વિદ્યાચતુરને રાજા ક્હેવા લાગ્યોઃ
"વિદ્યાચતુર, એકદમ આ સુખ મુકી રત્નનગરી જવાની તૈયારી કરો.
"મ્હારે મ્હારા પ્રધાનસાથે મહાવિચાર કરવાનો મહાપ્રસંગ આવ્યો."

રાજાની આજ્ઞા પળાઈ. બીજે દિવસે જ રાજા પોતાના મ્હેલમાં પ્હોચ્યો, અને એકદમ પ્રધાનને તેડવા માણસ મોકલ્યું. પ્રધાન આવતાં રાજા બોલી ઉઠ્યો:

જરાશંકર, એકદમ બ્રેવ સાહેબને લખાવ કે અમારે તમાર
" એજંટ બેજંટનું કાંઈ કામ નથી. એને પાછો બોલાવી લ્યો – નીકર
" નીકર –"

" યુદ્ધ થશે !–એમ લખાવું, મહારાજ ?" જરાશંકર હસીને બોલ્યો.

" નહી—નહી–હસવાનો કાળ નથી. નાગરાજના સંધિમાં
" એજંટનો અક્ષર પણ નથી."

" પણ પણ સરકાર ધારે છે કે અક્ષર તો શું પણ વાક્ય છે."

" ક્યાં છે ?"

" નથી તો અક્ષર પણ નથી. પણ તરવાર દેખાડી સરકાર
" ક્હેછે કે એ અક્ષર છે એવું સ્વીકારો – નીકર આ અમારી તરવાર એ
" અક્ષર દેખાડનારી ઉભી છે."

" તો શું એ તરવાર એમની ખરી અને અમારી આ તરવાર
" નહી ?"

" મહારાજ, ક્ષોભ મુકી ધીરે રહી તરવારને જ પુછો ને ?"

" ત્યારે શું આપણે તેમના બંધાયલા ?"

" આપણે છુટા, પણ આપણી તરવાર એવી બંધાયલી છે કે
" ઉઘડે નહી."

મલ્લરાજ આ સાંભળી ઉશ્કેરાયો. તેનાં નેત્રમાં લોહી ભરાઈ આવ્યું. યુદ્ધના રસિક રાજાને વીરરસનો ઉન્માદ ચ્હડ્યો. તેણે એકદમ મ્યાનમાંથી બ્હાર ક્હાડી તરવાર ઉંચી કરી અને મદારી સાપને વીંઝે તેમ તરવારને આકાશમાં અફાળવા લાગ્યો, અને જાતે બે હાથ ઉંચો કુદી ફાળ ભરી દરવાજા આગળ ઉભો રહી ત્રાડ નાંખવા લાગ્યો.

" સામંત! સામંત ! એકદમ સેના લેઈ આવ? સેના લાવ !–કોણ
" છે રે ! સેના લાવો !–સેના !"–

જરાશંકર કંઈક ગભરાયો, મ્હેલમાંની સર્વ વસ્તી ભેગી થઈ ગઈ અને રાજા કોઈને પણ જોતો ન હોય તેમ " સેના ! સામંત ! સેના !" એમ ફાટી બુમો પાડવા લાગ્યો, અને બુમો પાડતાં પાડતાં પૃથ્વીને લાત મારી ગાજી બોલ્યો: " સામંત, મ્હારી તરવાર બંધ છે એમ
" ક્હેનાર તે કોણ?"

જરાશંકર શાંત થઈ વિચાર કરવા લાગ્યો. સઉ વિચારી રાણી અને સામંત ઉભયને સત્વર તેડાવ્યા. એક પળ જતી હતી તે વર્ષ જેવી થઈ. દ્વાર આગળ ભીંતને તરવારથી અઠીંગી, પીંઢો ભણી તાકી રહી, પા ઘડી પુતળા પેઠે આ દશામાં સ્થિર રહી, નિદ્રામાંથી જાગ્યો હોય, સમાધિમાંથી ઉઠ્યો હોય તેમ રાજા, શાંત મુખમુદ્રા ધરી હાલ્યો, અને ચારેપાસની નવી સ્થિતિથી આશ્ચર્યમાં પડી, પુછવા લાગ્યો, “ સર્વ “ કેમ એકઠાં થયાં છો ? સઉ પોતપોતાને કામે વળગો. ખબર નથી “ કે રાજપ્રધાનનો મંત્ર થતો હોય ત્યાં કોઈએ ન આવવું ? ”

સર્વ આશ્ચર્યમાં પડી પાછાં ગયાં. રાણી પણ અર્ધે માર્ગે આવેલી સમાચાર સાંભળી પાછી ગઈ, માત્ર સામંત આવ્યો, અને પ્રધાન પાસે હતો જ.

“ મહારાજને શૂરવીરોની ઉન્માદદશા પ્રાપ્ત થઈ હતી, અને તેથી “ થયલા ગભરાટમાં સર્વ એકઠાં થઈ ગયાં હતાં.” જરાશંકર બોલ્યો.

મલ્લરાજ—“ ત્યારે પ્રાકૃતમાં એમ ક્‌હેને કે હું ગાંડો થયો હતો ! ”

જરાશંકર—“ મહારાજના અનુભવનું વર્ણન મહારાજ કરે.”

મલ્લરાજ—“ સામંત, પ્રધાનને અપ્રિય બોલ્યા વિના સત્યને વળગી “ રહેતાં આવડે છે.”

સામંત—“ અને આપની પાસે એટલી સ્વતંત્રતાથી બોલવાની એ “ છાતી ચલવે તે આપની મ્હોટાઈ.”

જરાશંકર—“ સત્ય ક્‌હો છો, સામંત. મહારાજ આપની ઉન્માદ “ -દશામાં આપે સામંતને સંભારેલા તેથી એમને તેડાવ્યા છે.”

મલ્લરાજ—“ શું કરવા સંભારેલો ? ”

જરાશંકર—“ સરકારના એજંટની નીમણુકને રદ કરવા.”

મલ્લરાજ—“ એ નીમણુક સંબંધી સર્વ હકીકત સામંતને કહી દે.”

જરાશંકરે આજ્ઞા પાળી, અને મલ્લરાજને થયેલા ઉન્માદનો ઇતિહાસ પણ કહી દીધો.

સામંત સર્વ વાત સાંભળી રહ્યો. ઉત્તર દીધો નહી.

મલ્લરાજ—“ કેમ, સામંત, કંઈ ઉત્તર દેતો નથી ? ”

સામંત—“ મહારાજ, ઉત્તર દેવાનો આપના ભાયાતોને અધિકાર “ નથી. તાત્યાટોપીનાં માણસ આવ્યાં હતાં તે કાળે ઈંગ્રેજોને ધર્મી “ અને મરાઠાઓને અધર્મી ગણી ઈંગ્રેજોનો સંબંધ આપે સ્વીકાર્યો તે “ કાળથી જ આપની આજ્ઞા થયલી છે કે રાજપ્રધાનના મંત્રથી

" આપની સિદ્ધ થયલી આજ્ઞાને પાળવા શીવાય બીજો વિચાર કે ઉત્તર
" કરવાનો ભાયાતોને અધિકાર નથી. મહારાજનું દુઃખ જોઈ હું
" અંતર્માં દાઝું છું, પણ મ્હારી બુદ્ધિ આપને કામ લાગે એટલો અધિકાર
" તેને નથી."

મલ્લરાજ—" સામંત, અભિપ્રાયમાં ફેર પડ્યો ત્યારે આજ્ઞા કરવાનું
" કામ મ્હારું હોવાથી, મ્હારા તે કાળના અભિપ્રાય પ્રમાણે, અને ત્હારા
" અભિપ્રાયથી વિરુદ્ધ, આજ્ઞા આપેલી. આજ એ આજ્ઞાનું અનિષ્ટ ફળ
" જોવાને પ્રસંગે ત્હારા અભિપ્રાયની થયેલી અવગણના અમારા સ્મરણમાં
" આણવી એ કામ મેલા માણસનું છે. એ અવગણવાનું સટું
" વાળવાને, આજ અમને ઉપયોગી થવા અથવા અભિપ્રાય આપવા
" ના પાડવી, એ કામ મને શિક્ષા કરવા જેવું છે. એ અવગણનાથી
" તને ખોટું લાગ્યું હોય તો તને રાજપુરુષોના ધર્મનો સંપૂર્ણ બોધ
" નથી એમ ક્હેવું જોઈએ. એ અવગણના સો વર્ષ સુધી ભુલી ન
" જવી એ સ્ત્રીસ્વભાવનો અંશ છે. એ અવગણનાનું મને ઈશ્વરે ફળ
" આપ્યું સમજી ત્હારા મનમાં ત્હારો વિજય થયો લાગતો હોય તો
" ત્હારા હૃદયમાં રાજ્યશત્રુનો ગુણ છે. એ વિજયના ભાનથી મને
" મર્મવાક્ય ક્હેવા તું તત્પર થયો હોય તો ત્હારા મુખમાં સ્ત્રીની જીભ
" છે. સામંત, મ્હારી સેના તે તું છે અને મને એટલો તો અધિકાર
" છે કે મ્હારી સેના ઉપર જેટલો આધાર રાખું તેથી બમણો મ્હારા
" સામંત ઉપર રાખું."

સામંત નીચું જોઈ રહ્યો અને તેના નેત્રમાંથી એક આંસુ પડતું દેખાયું. તે ઉઠી દ્વારની બ્હાર જઈ પાછો આવ્યો અને રાજાના સામું ઉંચું જોઈ બેઠો.

" મહારાજ, હું કૃપણ ચિત્તના ભાઈ ઉપર આપ જે ઉદારતા
" દેખાડો છો તે મને તરવારના ઘા કરતાં વધારે લાગે છે. મહારાજ, હું
" અપરાધીને પૃથ્વીભેગો કરી દ્યો. હું શિક્ષાપાત્ર સેવક, તેના પ્રત્યે આપ
" ઉદાર વચન ક્હોછો એ મ્હારા હૃદયને પશ્ચાત્તાપના અગ્નિથી બાળે છે.
" મહારાજ, મને શિક્ષા કરો. આપના સત્ય વચનમાં –ધર્મવચનમાં–
" અધર્મીને કંપાવનાર શિક્ષા મુકો."

" સામંત, મ્હારી સેનાનો નાશ કરવા કરતાં તેને સવળે માર્ગે
" લેવી એ મ્હારું કામ છે. તું મ્હારો જમણો હાથ. મ્હારી મુછનો

"વાળ, મ્હારા રાજ્યનો સ્તંભ, તું જ મ્હારી સેના–તને શિક્ષા કરું
"તો મને જ થાય."

"મહારાજ, એ સેના અને એ સ્તંભ હવે આપને આંગણે હાથી
"પેઠે માત્ર ખરચના ખાડા છે–એ હાથીને છુટા મુકશો તો આપની
"પ્રજાને કચરશે અને બાંધી રાખશો તો આપના ભંડાર ખાલી કરી
"દેશે. મહારાજ, અમને તે હવે શું કરશો?"–સામંતે દીર્ઘ નિઃશ્વાસ
મુક્યો, અને એ નિઃશ્વાસનું કારણ થઈ પડેલી રાજનીતિના કારણરૂપ
જરાશંકર ભણી વાંકી આંખે જોવા લાગ્યો, જરાશંકરે તે દીઠું ન દીઠું
કર્યું, અને રાજા અને તેના ભાઈના વાદનો પ્રવાહ નિર્વિઘ્ન ચાલવા
દેવા મૌન ધાર્યું.

મલ્લરાજ—"સામંત, તે વાતનો હાલ પ્રસંગ નથી. આ સરકારના
"એજંટની વાતમાં આપણી તરવાર છુટી કે ઉઘાડી છે તે બોલ.
"એ બોલવાનો અધિકાર ત્હારો છે."

સામંતે શૂન્ય હાસ્ય કર્યું: "મહારાજ, સર્વ વાત કાળે શોભે
"અને કાળે ફળે. તરવારનો કાળ ગયો. હવે તરવાર ઉઘાડવી તે અકાળે
"યમનું ઘર પુછવા જેવું છે–સામળદાસનું વચન છે કે,

"સંપત ગઈ તે સાંપડે, ગયાં વળે છે વ્હાણ,
"ગત અવસર આવે નહી, ગયા ન આવે પ્રાણ!

"મહારાજ, બ્રાહ્મણની બુદ્ધિએ ચાલતાં હાથમાં આવેલો અવસર ગયો
"ને રજપુતાઈના પ્રાણ ગયા તે એમાંથી એક પણ પાછું આવે એમ
"નથી. એ ગયેલો અવસર અને ગયેલો પ્રાણ આણતાં જરાશંકર
"ભટને આવડતું હોય તો એ જાણે–બાકી મને તો આજ્ઞા આપો
"તો એક વાત આવડે તે એ કે આ ભટને ધુળભેગો કરી એણે
"વાળેલા સત્યાનાશનો બદલો આપું અને—"

જરાશંકર સ્થિર દૃષ્ટિથી રાજાના સામું જોઈ રહ્યો. રાજાનો ક્રોધ
હાથમાં રહ્યો નહી. ક્રોધની પરિસીમાને કાળે સિંહ ગાજવું મુકી દેઈ
પંઝાનો ભાર દેખાડે તેમ રાજાએ કર્યું. પોતાનું અપમાન થતાં જેણે
સામંતને ભાઈ ગણી અત્યંત ક્ષમા ધારી હતી અને પ્રીતિનો પ્રવાહ
રેલાવ્યો હતો તે રાજાએ પ્રધાનના શત્રુને ઉગતો ડાબ્યો. રાજાની ભ્રમર
ચ્હડી ગઈ અને સામંતના મુખમાંથી વચન નીકળતાં મલ્લરાજે
બન્ધુસ્વરૂપ ત્યજી દઈ ગંભીર રાજ–સ્વરૂપ ધાર્યું અને સ્થિર સ્વરે
સંબંધ ન ગણી આજ્ઞા કરીઃ—

"**સામંત**, મ્હારો પ્રધાન તે મ્હારું અંગ છે અને તેનું અપમાન
"અને તેના દ્રોહના વિચાર કરવાનો અપરાધ ત્હેં મ્હારા દેખતાં
"કર્યો છે તેની શિક્ષા તને કરું છું કે આ પળે મ્હારા મુખ આગળથી
"જતો રહે અને મ્હારી આજ્ઞા થાય ત્યાં સુધી રત્નનગરીમાં અથવા
"તેની પંચકોશીમાં અથવા જ્યાં હું અથવા મ્હારો પ્રધાન હઈએ
"તેની પંચકોશીમાં ત્હારે આવવું નહી–આવીશ તો અધિક શિક્ષા
"ખમીશ–બીજા એક બોલથી આ પવન અપવિત્ર કર્યાવિના સત્વર
"ચાલ્યો જા."

જરાશંકર ભડક્યો–"મહારાજ—"

**મલ્લરાજ**—"ચુપ! **સામંત**, આજ્ઞા એકદમ ઉઠાવ."

**સામંત** એકદમ ઉભો થઈ રાજાને પ્રણામ કરી ચાલ્યો ગયો. તેના શરીરને, કંપ અને ખેદ એ બે જણે, બંધીવાન કરી, દ્વારની બ્હાર ધક્કેલી ક્‌હાડ્યું.

જરાશંકર—"મહારાજ, આપે બહુ અયોગ્ય આજ્ઞા કરી–
"અપમાન થતું હોય તો મને પણ શિક્ષા કરજો–પરંતુ ઘણું અયોગ્ય
"કામ થયું. મ્હારા ઉપર ઘણી મમતા દર્શાવી. પણ પ્રધાનને
"પુછ્યા વિનાની આજ્ઞા સિદ્ધ નથી."

**મલ્લરાજ**—"અભિપ્રાય અને સૂચનાઓ સાંભળતાં જે રાજાને
"અપમાન લાગે તેણે ગાદી છોડવી જોઈએ. મ્હારી આજ્ઞાને ત્હારાં
"ઉપરની પ્રીતિ સાથે રજ લેવા દેવા નથી. રાજાએ પ્રધાનને પુછ્યા
"વગર કરેલી આજ્ઞા સિદ્ધ થતી નથી એ નિયમ સત્ય છે, પણ
"જ્યારે પ્રધાન જ એક પાસનો પક્ષકાર હોય ત્યારે એ નિયમ લાગુ
"નથી થતો."

જરાશંકર—"ત્યારે શું આવી વાતોમાં રાજાઓ વગરપ્રધાને
"ચલાવી લેશે?"

**મલ્લરાજ**—"અલબત. મ્હારા પ્રધાનનું રક્ષણ કરવું તે મ્હારું કામ
"છે. મ્હારી સર્વ પ્રજાને માલમ પડવા દે કે જેવી રીતે મ્હારા સામી
"કોઈ ફરીયાદી ઉઠાવે તે હું સાંભળીશ તેમ જ પ્રધાનના સામી
"ફરીયાદો પણ સાંભળીશ અને ન્યાય આપીશ. મ્હારી જાત ઉપર
"કોઈ હુમલો કરશે તો યોગ્ય લાગશે ત્યાં ક્ષમા રાખીશ. પણ મ્હારી
"રાણી–મ્હારા કુમાર–મ્હારા ભાઈઓ અને મ્હારી સર્વ પ્રજાએ શંકા
"વગર જાણવું જોઈએ કે મ્હારા અધિકારીઓ તે મ્હારાં શસ્ત્ર છે,

" અને જેમ મ્હારી તરવાર ચોરનારને હું શિક્ષા કરીશ તેમ મ્હારા
" પ્રધાનના અધિકાર અને પ્રતાપ ઉપર હાથ નાંખનારને હું તીવ્ર શિક્ષા
" કરીશ અને એ શિક્ષા કરતાં બીલકુલ ક્ષમા રાખનાર નથી. મ્હારા
" પ્રધાનને અધિકાર અને પ્રતાપ કેટલો આપવો અને તેનું રક્ષણ
" કેટલે સુધી અને કેવી રીતે કરવું તેમાં હું મ્હારો પોતાનો પ્રધાન જાતે
" જ છું. જરાશંકર, આજ્ઞાપત્ર લખાવ કે મ્હારી સેનાનું આધિપત્ય
" સામંતના પુત્ર મુળુભાને આપુંછું, જ્યાં સુધી મુળુભા બાળક છે ત્યાં
" સુધી એને નામે એ આધિપત્યનું કામ મ્હારી આજ્ઞા પ્રમાણે દૂર રહી
" સામંતે કરવું, અને જ્યાં એને પગ મુકવાનો અધિકાર નથી ત્યાં
" એની ઇચ્છા હોય તે માણસ દ્વારા એણે કામ લેવું. મલ્લરાજની
" કરેલી શિક્ષાથી એની આજ્ઞાના અર્થ અને આજ્ઞાનો પ્રતાપ સર્વ
" સમજી શકે એમ થશે. ચાલ, હવે સરકારના એજંટનું પ્રકરણ ચલાવ."

જરાશંકર—" પણ મહારાજ, પરિણામનો વિચાર દર્શાવવાનો
" મ્હારો અધિકાર ખરો."

મલ્લરાજ—" શું પરિણામ પરિણામ કરે છે? જોતો નથી કે જે
" રાજનીતિથી મ્હારા ભાયાતો નકામા થઈ ગયા એવી રાજનીતિના
" પવનને મ્હારા હૃદયમાં ભરનાર તને ગણીને ત્હારા ઉપર દાંત પીસી
" રહેલા ભાયાતોની તરવાર તે સામંત છે, અને એ તરવાર ત્હારા
" ઉપર પડતાં પળની વાર ન હતી?"

જરાશંકર—" હું સારી પેઠે સમજું છું કે મ્હારા ઉપર એ તરવાર
" ઘણા દિવસની ઝઝુમી રહી છે અને મહારાજની કૃપાની ઢાલથી
" જ આપના રંક પ્રધાનનું રક્ષણ થયું છે; પણ આણી પાસથી ઈંગ્રેજ
" રાજનીતિનાં પગલાં આપણા સીમાડા ઉપર વાગે છે તે કાળે
" આપણા અંદર અંદરના ખડખડાટનો સ્વર એ શીકારીને કાન જશે
" તો આપણે એ શીકારીના શીકાર થઈશું. મહારાજ, મ્હેં આપને
" ઘણેક પ્રસંગે કહેલું છે કે શત્રુના ગઢના દરવાજા તોડવામાં જે ઉંટને
" મારવું પડે તે રાજ્યનો પ્રધાન છે. મહારાજ, આપના કુટુંબમાં જ
" મહાન્ વિગ્રહ નહી થાય તો મહાન્ ક્લેશ થવાનો પ્રસંગ આવ્યો છે
" અને એ ક્લેશનો પ્રસંગ લેઈ ઈંગ્રેજ કાંઈ પણ લાભ લેઈ શકે તેના
" કરતાં એ સર્વ પરિણામ અટકાવવાનો સવળો અને સ્હેલો માર્ગ એ જ છે
" કે આપના પ્રધાનને ઉંટને સ્થાને મુકી-ત્યજી-આપના બન્ધુવર્ગનું સાંત્વન
" કરવું એમાં જ હાલ રાજ્યનું હિત છે. મહારાજ, એ વર્ગ રાજ્યદ્રોહી

"કે રાજદ્રોહી નથી થયો–તેમને માત્ર મ્હારી જાત ઉપર રોષ છે,
"અને મ્હારા કરતાં આ વર્ગનો–આ સેનાનો–આપને બહુ ઉપયોગ
"છે તે હું સત્ય કહું છું. મહારાજ, પ્રધાનો ઘણા મળશે પણ આવી
"બન્ધુસેના નહી મળે અને તેમના બોલવા ઉપરથી રોષ ધરવો
"આપને યોગ્ય નથી. કહ્યું છે કે,

"કડવા હોયે લીંબડા, શીળી હોય છાંય
"બોલકણા હોય બાન્ધવા, ત્હોય પોતાની બ્હાંય,"

**મલ્લરાજ**—"તું ક્‌હેછે તે ઘણે અંશે સત્ય છે અને તેટલા માટે
"જ **સામંત**ને માટે યોજેલી શિક્ષામાં માત્ર મ્હારી પ્રીતિ શિવાય
"બીજી રીતની હાનિ તેને પ્હોંચાડી નથી અને તે પશ્ચાત્તાપ કરી મ્હારી
"ક્ષમાની આશા રાખે એવો માર્ગ રાખ્યો છે. **સામંત**ના હૃદયમાં ક્રોધ
"છે પણ દ્વેષ નથી, અને તે અવશ્ય પસ્તાશે, અને એક દિવસ
"આ જ સ્થાને ત્હારી સાથે પ્રીતિથી રાજ્યકાર્યમાં આશ્રય આપશે.
"મ્હેં એને કરેલી શિક્ષા જેવી આવશ્યક છે તેવી જ માપસર
"છે અને તેનું ફળ ઉત્તમ આવશે. રજપુતનો સ્વભાવ રજપુત જાણે
"પણ એને માટે ત્હારું બલિદાન આપું તે તો અયોગ્ય અને હાનિકારક
"જ. ત્હારું જ કહેવું છે–અને તે સત્ય છે–કે હવે અમારી તરવારો
"મ્યાનમાં બંધાઈ અને સેનાઓ નકામી થઈ છે. હવે તો એવા
"સહસ્ર બન્ધુઓ કરતાં એક ચતુર અને રાજનીતિનો પ્રવીણ પ્રધાન
"એ જ રાજાઓની તરવાર અને ઢાલ ઉભયનું કામ સારશે."

**જરાશંકર**—"મહારાજે ક્ષમાનો માર્ગ ઉઘાડો રાખ્યો છે તો હાલ
"તરત જ આપની આજ્ઞાને નિષ્ફળ થવાનો સાધનભૂત હું નથી થતો.
"પણ મને એક નવાઈ એ લાગે છે આપની તરવાર બંધાયાથી,
"હવે લેવાનો જે માર્ગ તે, આપને આવો સુઝ્યો ને તે જ બન્ધનનાં
"વિચારથી આપને ઉદ્વેગ થયો! અને બીચારા **સામંત**ને આપને
"શાંત કરવા તેડેલો તે પરિણામને પામ્યો!"

**મલ્લરાજ** હસી પડ્યો. "હા, એ પ્રારબ્ધનો સંયોગ વિચિત્ર
"થયો ખરો. પણ મહાન્ પ્રસંગોએ પ્રથમ મને આવેશ થાય છે,
"અને તેની શાંતિ અને તે પ્રસંગના ગુંચવારાનો ઉકેલ–એ બે વસ્તુ
"મને સાથે લાગાં જ થાય છે. એવા મ્હારા સ્વભાવનો તને પ્રથમ
"પણ અનુભવ થયો હશે."

જરાશંકર—" ત્યારે મહારાજ, આપના કરતાં હું કાંઈ સુખી ખરો
" કે એવા આવેશના અનુભવ વગર એવો ઉકેલ યથાશક્તિ કરું છું."

મલ્લરાજ ફરી હસ્યો. " એ વાત તો ખરી. પણ એવો બળવાન
" આવેશ- ક્ષત્રિયોનો યુદ્ધમાં બન્ધુ છે; તો તેને બીજે પ્રસંગે દૂર
" રાખીયે એવા અમે એકલી ગરજના સગા નથી, અને તમારે એ
" આવેશની સાથે કદી પ્રસંગ પડવાનું કારણ નથી માટે તમારામાં
" ડાહ્યા હોય છે તે એનો સંસર્ગ કરતા નથી. એટલો આપણામાં ફેર,
" અને એ ફેર મટાડવામાં રાજ્યને લાભ નથી માટે જ રાજાના
" બન્ધુઓને પ્રધાનનું કામ આપવું યોગ્ય નથી અને તમારી ગરજ
" રાખીએ છીએ."

જરાશંકર૦—" ત્યારે મહારાજે ઈંગ્રેજના વકીલની વાતનો ઉકેલ
" કેવી રીતે કર્યો ? આપના હૃદયમાં ધરતીકંપ થયો તેનું આપે શું
" મહાપરિણામ જોયું તે કહો."

મલ્લરાજ—" ત્હારો ને મ્હારો વિચાર એક થયો."

જરાશંકર—" મ્હારો વિચાર આપને કહ્યો નથી."

મલ્લરાજ—" પણ હું સમજ્યો."

જરાશંકર—" તો બોલી દ્યો."

મલ્લરાજ—" પ્રથમ તું બોલી દે. પછી હું કહીશ."

જરાશંકર—" આપની પાસે હું હારૂં તે યોગ્ય જ છે. ત્યારે હું
" મ્હારો અભિપ્રાય પ્રથમ કહી દઉંછું તે સાંભળો."

મલ્લરાજ—" બોલ."

જરાશંકર—" જુવો, મહારાજ, ઈંગ્રેજની સાથે સંબંધ બાંધ્યો તે
" હું તો હજી સુધી બરોબર કર્યું જ માનું છું. પણ ધારો કે તે કામ
" બરોબર ન હોય તોપણ હવે તે વાત નિરુપાય છે. એ સંબંધને
" સોનાની ખાણ ગણો કે બાણની શય્યા ગણો, પણ જે હોય તે એ.
" હવે આપણે એમાંથી જેટલો લાભ મળે તેટલો શોધવાનો માર્ગ
" શોધવો, અને થયું ન થયું થનાર નથી જાણી તેનો વિચાર ન કરવો."

મલ્લરાજના મુખ ઉપર ગંભીરતા આવી અને બોલ્યો: " સત્ય
" વાત કહી."

જરા—" મહારાજ, હવે ઈંગ્રેજ અધિકારીઓ તે સાસુ અને આપ
" વહુ—એવો સંબંધ બંધાયો. તે લોક આપનો અધિકાર ઓછો કરવા કંઈ

" કંઈ ઉપાય કરશે. એમનો સંબંધ થયો તે સારા કે નરસા પ્રારબ્ધનું
" એક બીજ રોપાયું. હવે તો એ બીજનું ફળ સારું નીવડે એમ હોય
" તો તેને ઉત્તમ કરવા યત્ન કરવો અને નરસું નીવડે એમ હોય તો
" તે નીભાવી લેઈ સુધારવા પ્રયત્ન કરવો એ જ યોગ્ય છે. વિચારકાળે
" શંકા સ્થાને છેઃ એ કાળ ગયો. આચારકાળે શંકા અસ્થાને છે
" અને संशयात्मा विनश्यति એ બોધ સ્થાને છેઃ ઈંગ્રેજની સાથે સંબંધ
" કર્યો તે આચારકાળ હતો તે પણ ગયો. હવે તો જે હોય તેનો
" નિર્વાહકાળ આવ્યો છે, અને એ કાળના ચિકિત્સકો અસંદિગ્ધ અને
" સંમત ઉત્સાહક બોધ આપતા આવ્યા છે કે—

**" प्रारब्धमुत्तमजना न परित्यजन्ति ॥**

" પ્રારબ્ધે કરેલા કર્મનો ત્યાગ ઉત્તમ જનો કરતા નથી–ત્યારે શું કરે છે?–

**" निर्वाहः प्रतिपन्नवस्तुषु सतामेकं हि गोत्रव्रतम् ॥**

" જે વસ્તુ પ્રતિપન્ન કરી તેનો અંત સુધી નિર્વાહ કરવો અને બીજી
" રીતે ન વર્તવું એ એક જ સત્પુરુષનું કુલવ્રત છે–એટલે એ વ્રત ન
" પાળનાર અસત્પુરુષ છે. અને એ વ્રતના આચારકાળે એ પુરુષોના
" જીવ કેવા રહેછે? તો કહેનાર કહેછે કે—

**" अङ्गीकृतं सुकृतिनः परिपालयन्ति ॥**

" અંગીકૃત વસ્તુનું સજ્જનો પરિપાલન કરે છે અને એમ કરનારા
" સુકૃતિ એટલે કૃતકૃત્ય ભાગ્યશાળી હોય છે અને મનમાં પણ તેમ
" જ પોતાને સમજે છે. જે સિંહાસન ઉપર આપ બેસો છો તે સ્થાન
" સત્પુરુષોને માટે જ છે, અને તે સ્થાન ઉપર બેસવાનો અધિકાર
" મહાભાગ્યનું ફળ, તેમ જ એથી અધિક મહાભાગ્યનું બીજ છે તે મ્હારા
" કરતાં આપ વધારે જાણો છો."

" મહારાજ, નિર્વાહકાળે, વિચારકાળના કરેલા વિચાર પુરા સ્મરણમાં
" આવતા નથી, આચારકાળની મુકેલી તીવ્રતા નિર્વાહના કાર્યમાં
" સ્ફુરતી નથી, અને જે વિઘ્નોના વિચાર આપે પૂર્વે સંપૂર્ણરીતે કરીને જ
" પ્રારંભનો આદર કરેલો તે વિઘ્નોની તાત્કાલિક મુદ્રા આપના મનને
" સંકોચ પમાડે છે તે કેવળ મોહને લીધે છે. તે મોહથી વિઘ્નનો નિર્વાહ
" થવામાં ક્લેશ થાય એ આપના કેવળ યુદ્ધાનુભવી સામંતમાં તો
" યોગ્ય છે. પણ યુદ્ધદશા તો માત્ર આચારકાળનું એક પગથીયું છે;
" અને કેવળ–યોદ્ધાઓનું કર્તવ્ય જે ક્ષણે સંપૂર્ણ થાય છે તે જ ક્ષણે

"રાજાઓની રાજનીતિના પ્રવાહ આરંભાય છે અને તે પ્રવાહમાં
"તરવારની **મલ્લકળા** તો માત્ર **મલ્લરાજ** જેવા રાજાઓને જ વરેછે, તો
"મહારાજ! આ નિર્વાહકાળમાં એ રાજનીતિની મલ્લકળા કેટલી સબળ
"કરવી તે હું રંક જન્મના બ્રાહ્મણ કરતાં આપનો સૂર્યવંશી પ્રાચીન
"રાજકુળાચાર આપને વધારે સમર્થ રીતે શીખવશે. મહારાજ,
"આપનું રાજબુદ્ધિવીર્ય આપને આમાં નિઃસંશય કંઈક અપૂર્વ ફળસંતતિ
"આપશે–એવી મ્હારા મનને પૂર્ણ શ્રદ્ધા છે. મહારાજ, હું તો
"આ રાજનીતિમાં આપનો સારથિ છું–મહારથી તો આપ છો અને
"આપના દિગ્દર્શન પ્રમાણે રથ ચલાવવા તત્પર છું."

**મલ્લરાજ**—"ત્યારે આપણે ઈંગ્રેજ સાથે નિર્વાહ કરવો એટલો
"અભિપ્રાય ત્હેં આપ્યો અને નિર્વાહ કેવી રીતે કરવો તે વિચારવાનું
"કામ મ્હારાપર નાંખ્યું."

જરાશંકર—"મહારાજ, યથાર્થ ક્‌હો છો. આપનો અભિપ્રાય શો તે
"ક્‌હેવાનો વારો હવે આવ્યો."

**મલ્લરાજ** હસીને બોલ્યો: "પ્રધાન લુચ્ચો દેખાય છે. આટલું લાંબું
"લાંબું બોલી, શું કરવું તે ક્‌હેવાનો ભાર આખરે મ્હારે માથે જ
"ર્‌હેવા દીધો–ફરી અભિપ્રાય આપતાં **સા**મંતની બ્હીક લાગતી હશે!"

જરાશંકર—"મહારાજ, બ્હીક હશે ત્હોયે બ્રાહ્મણ છું. બાકી
"આપના જેવા છત્ર નીચે રહી એવા તાપનો ડર હોય તો તો એવા
"ડરકણ પ્રધાનને આપની સેવામાં રાખવો યોગ્ય નથી જાણી એને
"સેવામાં રાખતા હો તો આપનો ધર્મ આપ બજાવતા નથી એટલું
"ક્‌હેવા જેટલી છાતી ચલવું એટલો વિશ્વાસ તો મને આપનો છે."

મલ્લરાજ ખડખડ હસી તકીયા ઉપર માથું નાંખી પડ્યો ને ફરી
ફરી હસ્યો.

"અસત્ય ભાષણનો ત્યાગ કરી, અપૂર્ણ સત્ય બોલતાં તને
"આવડ્યું. હવે **સા**મંતને ખોઈ તને ખોવાની મૂર્ખતા મ્હારે માથે બાકી
"રહી."

જરાશંકર હસ્યો. "મહારાજ, આ ઈંગ્રેજી રાજ્યનો **નિર્વાહ**
"કરવો એટલું સિદ્ધ છે તો તેના વકીલની બાબતમાં પણ **નિર્વાહ**
"કરવો એ, રસોઈ કરવા સળગાવેલો તાપ વેઠવાને ચુલેથી કેટલે છેટે
"બેસવું એના વિચાર કરવા જેવું છે."

મલ્લરાજ—"શી રીતનો ?"

જરાશંકર—"એ તાપ મુંબાઈ નગરી જેટલે છેટે લાગવા દેવો કે
"લીલાપુરમાં પણ લાગવા દેવો ?"

મલ્લરાજ—"મુંબાઈમાં તો છે જ."

જરાશંકર—"હા, પણ એટલે છેટે પડેલા ચુલામાં રંધાતા ચોખા
"કાચા રહે છે કે બફાય છે કે બળી જાય છે એ જોવા જેટલી લાંબી
"દૃષ્ટિ પડે એમ નથી અને લીલાપુરમાં તો બધું જોવાશે."

મલ્લરાજ સાંભળવા આતુર બની ટટ્ટાર થઈ બેઠો. "પણ
"લીલાપુર જેટલો પાસે તાપ લાગશે તો તેના તનખા ઉડશે, રાખ
"ઉડશે, ધુમાડો ઠેઠ આપણી આંખોમાં આવશે, ને વળી તાપ ઠેઠ
"સરસો વેઠવો પડશે તે ? એટલું નુકસાન વધારે કે પાસે રહી ચોખા
"ચાંપી જોવાનું ફળ વધારે ?

જરાશંકર—"મહારાજ રાજનીતિના જાણનાર છો. સુભાજીરાવને
"કુહાડી મુકતાં પ્હેલાં જ ઈંગ્રેજની સાથે બુદ્ધિબળ રમવાની કળાને
"શોધવા આપે જ ધારેલું છે; અને બુદ્ધિબળને અંગે આપણી અને
"સામાની ઉભયની બાજી જાણી લેવી એ સાધન સાધવાને અર્થે સર્વ
"સંતાપ અને કલેશ વેઠવા એ પણ એક સાધન છે."

મલ્લરાજના મનનો એક મ્હોટો વળ ઉકલ્યો તોપણ કંઈક બાકી
રહ્યું. "જરાશંકર, એ તો ખરું, પણ સામાને જાણતાં આપણે પણ
"જણાઈ જઈશું તે ?"

જરાશંકર—"મહારાજ, એ ભીતિ તો વૃથા છે. નાગરાજ
"મહારાજે કરેલા યુદ્ધને અંતે જ આપણે જણાઈ ગયા છીયે. હવે
"ઈંગ્રેજ આપણને વધારે ઓળખવા પ્રયત્ન કરશે તે આપણાથી
"અટકાવાય એમ નથી. આપણે શરીરે પ્હેરેલાં વસ્ત્રમાત્ર ઉઘાડી
"ઉઘાડીને જોશે, અને એમ કરવા બળ કરતાં કળ વધારે વાપરશે."

મલ્લરાજ—"ત્યારે – આવ કુહાડા પગ ઉપર – એવું આપણે જાતે જ
"કરવાનું કારણ છે ? ચાહીને પાસે બોલાવવાનું કારણ શું ?"

જરાશંકર—"જે રાજ્યો અને રાજાઓનાં અંગ અનેક અંતર્વ્યાધિથી
"નિર્માલ્ય થઈ ગયાં છે ત્યાં તો ઈંગ્રેજ પાસે આવ્યાથી કેવળ ભય
"જ છે. આપણી ચારેપાસ જ્યાં જોઈએ ત્યાં છિદ્ર વિનાનાં રાજ્ય
"નથી અને એ છિદ્રોમાં નખ ઘાલી ઘાલી અંદરનું લોહી ઈંગ્રેજો રીંછ
"પેઠ પીશે અને એ લોહીને ઠેકાણે એ રીંછની ઝેરી લાળ લીંપાશે તો

" તેમાં કંઈ અસંભવ કે અયોગ્યતા મને તો નથી લાગતી. મહારાજ,
" જે રાજાના રાજ્યમાં પ્રજાનું રક્ષણ ન થતાં ભક્ષણ થાય છે, જે
" રાજા પ્રજાના કલ્યાણના વિચાર અને આચારમાં દિવસની સાઠ ઘડી
" ગાળતા નથી અથવા સાઠને ઠેકાણે અઠ્ઠાવન ઘડી એમ ગાળી બે
" ઘડી જેટલો કાળ પણ પ્રજાને ત્યજી બીજા વિષયને સમર્પે છે તે
" રાજાના રાજ્યમાં અવકાશ પામતી દુર્વાસનાને માથે ઈશ્વર કોઈ શત્રુ
" ઉભો કરે તો તેમાં અયોગ્ય શું આવી ગયું ? મહારાજ, પ્રજાને શિક્ષા
" કરે રાજા અને રાજાને શિક્ષા કરે ઈશ્વર."

જરાશંકર જરીક અટક્યો અને પાછો બોલ્યોઃ " મહારાજ, જે
" રાજ્યમાં છિદ્રો હશે તેમાં ઈંગ્રેજનો સહવાસ ભયંકર નીવડશે કે
" નહી એ કહેવાતું નથી, અને નીવડશે તો મને કંઈ અયોગ્ય લાગતું
" નથી. પણ ત્યાં તે અયોગ્ય હશે તોપણ રત્નનગરીના ધર્મિષ્ઠ મહારાજને
" તો આમાંથી કંઈ ભય મને દેખાતું નથી. મહારાજ, આપનો અને
" આપના રાજ્યનો જેને જેને જેમ જેમ પ્રસંગ પડશે તેમ તેમ
" આપની સુવાસના અને આપની સુંદરતા અધિકાધિક દીસી આવશે.
" મહારાજ, આપને કોઈ સુખડની પેઠે વધારે વધારે ઘસશે તેમ આપ
" વધારે વધારે સુગન્ધ આપશો અને વધારે વધારે તપાવશે તેમ તેમ
" કાંચન પેઠે વધારે સુંદર દેખાશો—કહ્યું છે કે,

* " घृष्टं घृष्टं पुनरपि पुनश्चन्दनं चारुगन्धम्
" तप्तं तप्तं पुनरपि पुनः काञ्चनं कान्तवर्णम् ॥
" छिन्नं छिन्नं पुनरपि पुनः स्वादु चैवेक्षुकाण्डम्
" न प्राणान्ते प्रकृतिविकृतिर्जायते ह्युत्तमानाम् ॥

" મહારાજ, રત્નનગરીનાં પુરુષરત્ન જેને જોવાં હોય તેટલાં જોઈ લે,
" એ કોઈના દૃષ્ટિપાતથી ડરે એમ નથી. એ રત્નને કોઈ માત્ર જોવા
" ઇચ્છે તેટલાથી જ તેને કંઈ ભય નથી. ઈંગ્રેજ રાજપુરુષોને
" આપણા પુરુષરત્નોના ભંડાર જોવા હોય એટલા જુવે—એમાં કાંઈ
" હાનિ નથી. બાકી એ પરદેશીઓ આપણા રાજ્યની બ્હાર પાડોશમાં
" લીલાપુર આવી ર્‌હેશે તો મને તો તેમના તન્ત્ર જાણવાનો, તેમની
" કળાઓ જોવાનો, અને એવો એવો આપણને એક કાળે ઇચ્છેલો,
" લાભ જ આપણને શોધતો આવતો દેખાય છે. મહારાજ, આ
" નિર્વાહકાળમાં મને તો આ જ વિચાર ઉત્તમ લાગે છે."

---

* પ્રાચીન શ્લોક.

મલ્લરાજ આનંદમાં આવી એકદમ ઉભો થયો, જરાશંકર ઉભો થયો, રાજા પ્રધાનનો વાંસો થાબડી ઉમંગથી બોલ્યોઃ “ બસ, જરાશંકર,
“ બસ—મલ્લરાજનો સંશય ટળી ગયો, રત્નનગરીનાં રત્ન નિર્ભય
“ છે. જા, વિદ્યાચતુરપાસે ઉત્તર લખાવ કે એ સુગ્રીવજીનો વંશ તે
“ સીતાજીનો માનીતો, ને સીતાજીનાં જ બાળક એ વંશને છેટે કેમ
“ રાખી શકશે ? માટે તેમને જે ઝાડે બેસવું હોય ત્યાં આવી બેસે
“ ને મરજી પડે એટલું કુદે. એ વાનરો બહુ કરશે તો મુઠી ચણા
“ બગાડશે—બાકી રત્નનગરીનાં રત્ન એમનાથી ચવાય કે ભંગાય એમ
“ નથી—એ રત્ન ખાવા જશે તો એમના દાંત પડશે. જરાશંકર,
“ મથુરાનગરીના વાનરોને ચણાનો પ્રસાદ–આપણે એમને પ્હોચી વળીશું
“ અને ઘરનાં થોડાં નળીયાં ભાગશે તો ગામમાં માટીની ખોટ નથી.”

જરાશંકર ઘેર ગયો. રાજા અંતઃપુરમાં ગયો. જતાં જતાં તેને સામંત સાંભર્યો અને તેની સાથે હૃદયમાં ઉંડો નિશ્વાસ પડ્યો. ન્હાનપણનો સાથી, યુદ્ધકાળનો સખા અને મણિરાજ પછીનો ગાદીનો વારસ —એ સામંતનો વિયોગ મલ્લરાજને અસહ્ય લાગ્યો અને માર્ગમાં ને માર્ગમાં જ તેનાં નેત્રમાંથી અશ્રુ વ્હેવા લાગ્યાં. પોતે જાણી જોઈને જાતે જ આ દુઃખનું કારણ થયો છે, પોતાના મિત્રને પોતે જ ઘા કર્યો છે—એ વિચારતાં મલ્લરાજનું હૃદય છેક કોમળ થઈ ગયું અને તે પોતાની નિન્દાનાં વાક્ય બરબડવા લાગ્યો.

“ ધિક્કાર છે આ રાજ્યાસનને કે જેને લીધે મિત્રના ઉપર ઘા
“ કરવાનો પ્રસંગ આવ્યો. અરેરે, મિત્રનો ત્યાગ કરવાને ઠેકાણે
“ રાજ્યાસનનો જ ત્યાગ કર્યો હત તો શું ખોટું હતું ?”

“ સામંત—સામંત—મ્હારા બાળપણના સ્નેહી ! ત્હેં મ્હારું હિત
“ વિચારી ક્રોધ આણ્યો તેનો બદલો મ્હેં આમ વાળ્યો—જે મનુષ્યની
“ પ્રીતિ ઉપર વિશ્વાસ રખાતો નથી તે દુષ્ટ છે–રાજાઓની પ્રીતિનો
“ વિશ્વાસ જગત્ કરતું નથી તે ખરોખર છે. રાજાઓની જાતિ જ દુષ્ટ
“ છે. રાજ્યને અંતે નરક લખ્યાં છે તેમાંનું એક તો હું આ અનુભવું
“ છું. અહો પરમાત્મા ! ત્હારી ગતિ ન્યારી છે.”

આમ વિચાર કરતો રાજા અંતઃપુરમાં ગયો. રાણીએ તેનું ગ્લાન મુખ દીઠું અને તેના સ્વભાવની પરીક્ષક સ્ત્રી તે ગ્લાનિનું કારણ પણ ચેતી ગઈ. સામંતના સમાચાર અંતઃપુરમાં ફરી વળ્યા હતા અને રાજાએ કરેલી શિક્ષા સર્વને મુખે નિર્દય ક્હેવાઈ—રાજાનો ન્યાય પંચે કર્યો

અને સામંત જેવા પ્રતાપી સપક્ષ મિત્રને શત્રુ કરવામાં રાજાએ સાન કરતાં કાન વાપર્યાનો નિર્ણય થઈ ગયો. મલ્લરાજને માથે આવો આરોપ આજ પ્રથમ જ આવ્યો. રાજાની બુદ્ધ બદલાઈ તેની સાથે કાળ બદલાયો એમ સર્વ કહેવા લાગ્યાં, અંતઃપુરમાં જતાં જતાં મળેલાં સર્વ માણસનાં પરભાર્યાં બની ગયેલાં મુખ ઉપરથી જ રાજા સર્વની આ બદલાયલી વૃત્તિ કળી ગયો અને એના બળતા ચિત્તમાં ઘી હોમાયું તો પણ રાજાનો પ્રતાપ એવો હતો કે કોઇથી એની પાસે કે માંહોમાંહી પણ ઉંચે સ્વરે આ વાત વીશે ઓઠ ફરફડાવી શકાય નહી. યમરાજના ઘાથી શૂન્ય થયો હોય એમ આખો રાજમહાલ લાગ્યો. સર્વના મતમાં ભળેલી રાણીની પણ આ વાતમાં જીભ ઉપડે એમ ન હતું— રાજનીતિના પ્રસંગમાં અંતઃપુરનાં કોઈ પણ માણસને તેણે ઓઠ ઉઘાડવાનો અધિકાર આપ્યો ન હતો, અને એની આજ્ઞાનો ભંગ કરવો એ પરિણામ અતિશય ભયંકર હતું તેનો અનુભવ સામંતના દૃષ્ટાંતથી સર્વને પ્રત્યક્ષ થયો હતો. છતાં યમરાજની સાથે અંતકાળે વાતો કરવા બેઠેલા રામચંદ્રનું હિત ઇચ્છી, પોતાનું અહિત અવગણી, લક્ષ્મણે દુર્વાસાને ભાઈ પાસે જવા દીધા હતા અને રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું હતું તે દૃષ્ટાંત લક્ષમાં લેઈ રાણીએ રાજા પાસે પોતાનું ઇંગિત સ્પષ્ટ કરવા છાતી ચલાવી, અને તેમ કરવામાં રાજાના ચિત્તની ગ્લાનિ દુર કરી વિનોદ આપવાનો માર્ગ લેવાનો—એક સાધનથી બે કાર્ય સાધવાનો પ્રયાસ આરંભ્યો.

બન્ધુસ્નેહને રાજ્યધર્મના ભારનીચે ડાબી દેવાના પ્રયાસ અને ક્લેશથી થાકેલો મલ્લરાજ મસ્તિકમાંથી સર્વ ભાર ફેંકી દેઈ રાણીના અંકસ્થળમાં માથું મુકી પલંગમાં સુતો, દીવાની ઝીણી કરી દીધેલી જ્યોત્સ્ના તેની આંખનો ક્લેશ દૂર રાખી માત્ર પ્રકાશ જ આપવા લાગી, ઉઘાડી બારીમાંથી પશ્ચિમ સમુદ્રની ભરતીની પ્રેરેલી પવનની લ્હેરો રાજાના શરીરને નિદ્રોન્મુખ કરવા લાગી, બ્હારનાં ઝાડોનાં પાંદડાનો ખડખડાટ કર્ણેન્દ્રિયને એકસ્વરમાં લીન કરવા લાગ્યો, અને રાજાની ચિત્તશય્યામાં આળોટતી ચિંતાઓએ ખોઈ દીધેલી પદભ્રષ્ટ નિદ્રાદેવીનું આવાહન આરંભવા આનન્દયોગનું મુહૂર્ત સાધવાના ઊલ્લાસથી સ્વામીના શરીરપર કરતલ ફેરવતી મેનારાણી જોડી રાખેલું ગેય ધીરે ધીમે સ્વરે ગાવા લાગીઃ

" મેના રટે પ્રભુ આજ ! મહારાજા ! રંક મેના રટે તમપાસ !–ધ્રુવ.
" શૂર પુરુષ તે હાથ ધરે જે નહી એકલી તરવાર ! મહારાજા૦
" શૂર પુરુષ તે હૃદય ધરે જે નહી કેવળ અંગાર ! મહારાજા૦
" *શંખ ધરે રિપુ–હૃદય–વિદારણ જે ત્રિભુવનનો નાથ, મહારાજા૦
" *ભક્ત–હૃદયના સાંત્વન કાજે પદ્મ ધરે તે હાથ. મહારાજા૦
" લાત ખમી હરિ ભૃગુની હૃદયમાં સિદ્ધ થયો ક્ષમાનાથ, મહારાજા૦
" અવનિ વસી અવતાર ધર્યા ને વેઠ્યા યુગવ્યવહાર; મહારાજા૦
" મેના જેવી અબળા નારી તે પણ પાળે કાળ, મહારાજા૦
" દેવા મણિ પ્રભુકરમાં એણે તપ તપ્યું છે નવ માસ, મહારાજા૦
" એ હરિકેરા ભક્ત તમે છો—એ મેનાના નાથઃ મહારાજા૦
" તેજસ્વી છો તેને ક્ષમાનો કોણ દીવો ધરનાર ? મહારાજા૦"

આ વાક્યે રાજાને નિદ્રાસ્ખલિત કર્યો. તેણે પાસું ફેરવ્યું. રાણીનું ગાયન વાધ્યું.

" સામંતશિરના મુકુટમણિથી પદપાવડી સોહાય, મહારાજા૦"
રાજાએ આંખો ઉઘાડી–જાગૃત થયો. રાજા રાણીનું મુખ જોવા લાગ્યો.

" એમ મણિધરપર ભાર ક્ષમાનો અચળ ટકાવો ક્ષમાનાથ ! મહા૦"
રાજા ચમક્યો–રાણીના ખોળામાંથી માથું લેઈ લીધું–બેઠો થયો. એનાં નેત્ર–આકાશમાં ધૂમકેતુ ઉદય પામ્યો. રાજાનો ચિત્તવિકાર ચતુર લલના ચેતી ગઈ અને જાતે ચ્હડાવેલા વિષનો ઉતાર જાતે આરંભ્યો.

" અબળા જાતિ નથી અધિકારી સિંહાસનની પાસ, મહારાજા૦
" કોમળ રસની હું અધિકારી, કોમળ જાચું પ્રભાવ ! મહારાજા૦"

ગાનયોગ્ય હાવભાવનું નાટ્ય કરતાં રાજા સામા હાથ જોડતી—રાજાના વિશાળ મેઘ જેવા વક્ષઃસ્થળમાં મુખચંદ્ર ધપાવવા લાગી–

" હાથ જોડી કરી ઉર ઉઘાડું, વનિતા માગે આજ, મહા૦"
રાજા રાણીનું મુખ ઉંચું કરી તેમાંથી હવે શું વાક્ય નીકળે છે તે સન્મુખ દૃષ્ટિ કરી સાંભળવા–જોવા–લાગ્યો. રાણીની વાગ્ધારા અસ્ખલિત ચાલતી રહી.

" શાસ્ત્રવિશારદ પીયુ ! દેજો જી શૂર ધીર રસિક શૃંગાર. મહા૦"
" યુદ્ધ–વિશારદ પીયુ ! સ્હેજો જી, રાખી ક્ષમા, રસખાણ ! મહા૦"
રાજાના વિચાર પોતાના અંગમાં આકર્ષતી લીન કરતી અંગના, પોતે હરાવી દીધેલી સેના ન્હાસતી ન્હાસતી સ્વસ્થ થવા પામી બળવતી થવા

* આ રચના અન્યસ્થળથી જડેલી છે.

પામે અને તેને જીતવા પોતાને ફરી પ્રયાસ કરવાનો પ્રસંગ આવે તે પ્હેલાં, સમયગ્રાહિણી રતિશૂરી બળવાન ધસારો કરવા લાગી.

"મહારાજા! શૂરી મેના કરે રસઘાવ!
"મહારાજા! જો જો! રંગીલી કરુંછું પ્રહાર!
"ચતુર વીર! સજજ થજે સાવધાન!
"કારમો છે કામિની કેરો ઓહડાવ!
"મહારાજા, શૂરી મેનાનો જોજે જી હાથ!
"રંગીલા, ઝીલજે રસરંગની ધાર!"

"ધાર" શબ્દનો ઉચ્ચાર નીકળતા પ્હેલાં રાણીનું શરીર રાજાના શરીરપર પ્રહાર કરી પડ્યું. રાજા એકદમ સુકુમાર શરીરને નિર્માલ્યવત્ વિષવત્ ગણી તરછોડી ઉભો થયો, રાણીને પડતી મુકી રંગભવનના દ્વાર બ્હાર જતો રહ્યો, અને જતાં જતાં રાણીના સામું ક્રોધકટાક્ષ ફેંકી છેલ્લા બોલ બોલતો ગયો–"સામંતને શિક્ષા કરનાર રાજા સામંતનો "પક્ષ કરનારીને પણ શિક્ષા કરી શકશે. રાણી! અધિકાર વિનાનું "કામ કરવાની યોજના કરી મ્હારી આજ્ઞાનો ભંગ કર્યો–રાજદંડને "યોગ્ય માનવી પાસે રાજા સંબંધ ભુલી જાયછે. રાણી! સામંતનો "ત્યાગ કર્યો તો ત્હારો કરવો એ વિધાતાનો વિશેષ લેખ!"

રાજા દ્વાર બ્હાર અદૃશ્ય થયો—અંધકારમાં લીન થયો. રાણી ઉભી થઈ પાછળ ચાલી. રાજા પોતાની કે કોઈની સાથે વાત કરતો સંભળાયો. રાણી અંધકારમાં ઉભી ઉભી ગાવા લાગી—

"રસીયા! રોષ તજોજી!*
"તુમ મધુકર, અમ કેતકી, ભલ્યો બન્યો સંજોગ!
"કંટક–દોષ બીચારીયે તો તો કૈસે બને રસભોગ?
"ઓ રસીયા! રોષ તજોજી!"

ઉત્તર ન મળ્યો. રાણી દીવો લેઈ આવી ચોકમાં રાજાને શોધતી ચાલી અને રાજાને પકડી પાડતી બોલીઃ

"મ્હારું રમકડું રીસાયું રે ઓ વ્હાલા!"†

પકડાયલો રાજા બોલ્યોઃ "રાણી! વિચાર કરતાં ત્હારું કહેવું "એવું સમજાય છે કે સામંત મણિધરની પેઠે મણિ અને વિષ ઉભય "ધરનારો છે માટે ક્ષમા રાખવી. રાજનીતિમાં સ્ત્રીવર્ગને હું અધિકાર "આપતો નથી–માટે તને શી શિક્ષા કરું?"

---

* દયારામ. † પ્રેમાનંદ.

રાણી, પગે પડી-રાજાના જમણા પગને આલિંગન દેઈ, બોલી, “ મહારાજ ! મ્હેં રાજનીતિમાં ચાંચ બોળી નથી-આપના રાજ્યમાં “ હું અબળા પ્રબળા બની આપને લાંછન લગાડવા અભિલાષ રાખતી “ નથી. એ અભિલાષ બીજી સ્ત્રીયોને સોંપ્યો-મેના તો આપની પ્રજા “ છે અને આપનો આપેલો અધિકાર લે છે.”

રાજા—“ તે શો ?”

રાણી—“ કોઈ સર્પ આપને દંશ દે એવે સ્થળે આપ સંચાર “ કરો ત્યારે વચનથી અને અગત્ય પડે તો વચ્ચે પડી આપને ખેંચીને “ પણ આપને વિષદંશમાંથી ઉગારવા એ અધિકાર આપના આયુષ્યવડે “ સૌભાગ્યવતીને વિવાહના સમયથી જ મળેલો છે.”

રાજા—“ શું સામંત મને દંશ દે એમ છે ?”

રાણી—“ સામંત તો દે એમ નથી. પણ આપના ભાયાતો એ “ સામંતના દાંત છે ને એ દાંતમાં વિષ છે. મહારાજ, આપના ભાયાતો “ આપના પ્રધાન ઉપર અને આપના ઉપર ક્રોધે ભરાયા છે. સામંતને “ ક્ષમા કરશો તો આ વિષ શાંત થશે અને એ વિષવાળા નાગના “ શિર ઉપર ધરતીનો ભાર રાખશો તો ટકશે. એ આપની જાતને “ ઉગારી લેવાનો એક માર્ગ છે.”

રાજા—“ રાણી ! ત્હારો અભિપ્રાય જાણ્યો. એ અભિપ્રાયથી “ મ્હારી આજ્ઞાનો ભંગ કર્યો નહી કર્યો નહી થાય; પણ તને શિક્ષા “ થોડીક કરુંછું તે એ કે આજની રાત્રિ મ્હારો વિયોગ વેઠવો અને “ ફરીથી રાજ્યપ્રસંગના વિષયમાં ઉચ્ચાર પણ ન કરવો એટલી ફરી “ આજ્ઞા આપું છું.”

રાણી રાજાનો પગ મુકી ઉઠી. તેની આંખોમાં પાણી ભરાઈ આવ્યું. “ મહારાજ ! આપના વચનમાં ન્યાય છે અને આપની “ આજ્ઞામાં દંડ અને ક્ષમા ઉભય છે — એ આજ્ઞાનો ભંગ કરવા મજ “ રંકનું ગજું નથી. મહારાજ, હું આપની રૈયત છું. આપ રંગ-ભવનમાં “ પધારી શય્યા કરો-હું આજની રાત આ ચોકમાં જ દેશવટો ભોગવીશ.”

રાજા પલંગમાં સુતો. રાણી ચોકમાં સુતી. પ્રીતિની સત્તાના કાંટામાં સુતેલો રાજા આખી રાત ઉંઘી શક્યો નહી તેમ રાજ્યાસનનો અધિકારી પ્રિયજનને કરેલી શિક્ષાના વિષયમાં પશ્ચાત્તાપ કે ઉદ્વેગ પામી શક્યો નહી. સામંત જેવા મિત્રને અને મેના જેવી રાણીને શિક્ષા

કરનાર રાજાના મસ્તિકની અવસ્થાનું ચિત્ર આપવા તો શ્રીકંઠ ભવભૂતિ જેવાનો શક્તિપાત જ સમર્થ થાય.

હૃદયમાં વજ્ર અને નેત્રમાં પાણી રાખનાર રાજાની અવસ્થા કેવી દુસ્તર છે?—ભવભૂતિ કહેછે કે,—

इदं राज्यं पाल्यं विधिवदभियुक्तेन मनसा
प्रियाशोको जीवं कुसुममिव धर्मः क्लमयति ॥
स्वयं कृत्वा त्यागं विलपनविनोदोऽप्यसुलभस्
तदद्याप्युच्छ्वासो भवति ननु लाभो हि रुदितम् ॥

---

## પ્રકરણ ૧૨.

### નવાં પ્રકરણ અને નવા ઇતિહાસ.

" But no! the imperial theorist will live and die
" a martyr to his theory."

—*Merivale on Aurelius.*

પરરાજ્યનો પ્રથમ ધક્કો વાગ્યો તેની અસર મલ્લરાજના સર્વ તન્ત્રમાં લાગી ગઈ. એનાં ભાયાતો, એની સેના, એનો મિત્ર, એનું અંતઃપુર, એનો સ્નેહઃ સર્વ સ્થળમાં છિન્નભિન્નતા થઈ ગયા જેવું થયું. પોતાનાં સર્વ સગાંવ્હાલાં પરાયાં થઈ ગયાં જણાયાં. અભિપ્રાયના ભેદને અંતે પ્રીતિમાં ભેદ પડ્યો. ઈંગ્રેજનો સંબંધ સ્વીકારતાં ક્ષત્રિય બન્ધુઓ નકામા થઈ ગયા, તેની લાગણી તેમને સ્વાભાવિક રીતે થઈ, અને સામંતને કરેલી શિક્ષાથી ભાયાતો અત્યંત તપી ગયા. મલ્લરાજ એકલો પડ્યો. એના કાનનો મંત્રી પ્રધાન સર્વને મન શત્રુ થયો. "ખટપટ"—અંતર્ભેદ–નાં મૂલ ઉંડાં રોપાયાં. રાજ્યમાં સર્વનો પરસ્પર વિશ્વાસ અચલ હતો તે સંસારનાં નિયમોને અનુસરી પાણીના રેલા પેઠે સરી ગયો. પલંગમાં એકલો સુતો મલ્લરાજ આ ચિત્રનું પ્રત્યક્ષ દર્શન અનુભવવા લાગ્યો—તે છેક રાત્રિને પાછલે પ્રહરે નિદ્રાનો પ્રથમ સંચાર અનુભવતાં બોલી ઉઠ્યોઃ—

" एकोऽहमसहायोऽहमेकाकी विजने वने ।
" इत्येवंविविधा चिन्ता मृगेन्द्रस्य न जायते ।"

પળવાર નિદ્રામાં પડી જ બોલ્યોઃ—

" ઇંગ્રેજોની સાથે હું જોડાયો—હવે—अङ्गीकृतं सुकृतिनः परिपालयन्ति."

રાજાના મનની ભોમીયણ રાણીએ, આજ્ઞાનો ભંગ ન ગણી બારીમાં છાની દૃષ્ટિ કરી, રાજાને જોઈ લીધો. તેને નિદ્રાવસ્થ જોઈ પોતે પોતાને કૃતકૃત્ય સમજતી ચોકમાં પૃથ્વીપર ગાઢ નિદ્રાને વશ થઈ.

આ પ્રસંગ પછી એક વર્ષ વીતી ગયું. રત્નનગરીની પાડોશમાં **વીર**પુરનો વૃદ્ધ રાણો ગુજરી ગયો અને તેની ગાદી ઉપર તેનો યુવાન પુત્ર ખાચર બેઠો. ખાચરના પિતાને મલ્લરાજ સાથે મિત્રતા હતી, અને ઉભયના સામાન્ય શત્રુઓ સામે ટક્કર ઝીલવામાં રત્નનગરી અને **વીર**પુરનાં રાજ્ય ભેગાં રહેતાં. આ પ્રસંગોમાં રત્નનગરીના રાજાઓ પોતાનું સંસ્થાન સુસંબદ્ધ સમીપ અને સુઘટિત રાખવામાં અને દૂરના પ્રદેશ ઉપર લોભ ન રાખવામાં સંતોષ માનતા અને પોતાના ભાયાતો તથા ગ્રાસીયા દૂર દેશમાં પરાક્રમ દર્શાવી જુદા ગ્રાસ મેળવવા પ્રયત્ન કરે તેમને સાહાય્ય આપતા અને તેમની વૃત્તિઓને બહિર્મુખ કરવામાં સાધનભૂત થતા ત્યારે **વીર**પુરના રાજાઓ પોતાના રાજ્યને ભાયાતોની તૃષ્ણાને વશ રહેવા દેઈ દૂરના પ્રદેશો ઉપર જાતે ફાળ ભરવામાં આનંદ માનતા. ઈંગ્રેજી રાજ્યનો હાથ આ તૃષ્ણાનાં સાધનભૂત યુદ્ધોની આડે આવ્યો અને તૃષ્ણા શમી નહી. ભાયાતોનો ઉન્માદ શત્રુઓનાં શિર ઉપરથી અસ્ત થઈ રાજ્યની ગાદી આગળ ઉદય પામવા લાગ્યો. આ સર્વનું ફળ એ થયું કે પૃથ્વીની તૃષાથી કુદી રહેલા યુવાન અને ઉત્કટ ખાચરે આજ સુધી બન્ધુજન પેઠે રહેલાં પાડોશનાં રાજ્યોની પૃથ્વી વગરયુદ્ધે પચાવી પાડવાના માર્ગ શોધ્યા અને તેમ કરવામાં પોતાને કનડતા ભાયાતોને સાધનભૂત કરી પોતાને ખાવા આવતાં કુતરાનાં ટોળાં પડોશીઓ ઉપર છોડ્યાં. **વીર**પુરના ગ્રાસીયા લોક પોતાના રાજાને નામે ચારે પાસની જમીન પચાવી પાડવા લાગ્યા, અને તેમના તથા તેમના રાજા ખાચર સામે નવા પોલીટીકલ એજંટને ત્યાં આસપાસ રાજ્યોમાં ફરીયાદીઓ થવા માંડી. પોતે જ સર્વને હેરાન

---

૧. આ વિજય વનમાં હું એક છું, અસહાય છું; એકલો છું—એવી ચિંતા સિંહરાજને થતી નથી.

કરતો નથી એવો આભાસ એજંટના મનમાં ઉત્પન્ન કરવા તેમ ન્યાય માગવાને નિમિત્તે, એજંટની મૂર્ખતાનો અથવા ધનવાસનાનો લાભ લેઈ, એજંટના આપેલા ન્યાયદ્વારા, પારકી પૃથ્વી કમાવા ખાચરે પાડોશીઓ સામા દાવા કરવા કરાવવા માંડ્યા. આ ચેપ બીજાં, રાજ્યોમાં પણ પેંઠો. રાજાઓમાં શાંતિ રાખવાના અને તેમના પંચનો અધિકાર ધારણ કરવાના અભિલાષી પોલીટીકલ એજંટનો અભિલાષ સિદ્ધ થયો અને લ્હડવા પડેલી બીલાડીઓની ભાખરીઓ તેમનાથી વધારે બુદ્ધિમાન અને બળવાન વાનરના હાથમાંની તુલામાં પડવા માંડી. આ કાળપરિવર્તનનું નાટક મલ્લરાજ દૂરથી જોયાં કરતો હતો અને ખિન્ન થતો હતો, એટલામાં એ કાળચક્રનો ઘોષ એના કાનમાં પણ આવવા લાગ્યો—એના રાજ્યપર એ ચક્ર ફરતાં લાગ્યાં. પોતાના સ્વરાજ્યમાં અંતઃપુર સુધી સળગેલી આગ હોલવી રહ્યા પછી ઘણો કાળ થયો નહી એટલામાં પરરાજ્યોમાં લાગેલી આગના ભડકા આકાશમાં દેખાવા લાગ્યા અને તેના તનખા પોતાના છાપરા ઉપર પડવા લાગ્યા. જુની મિત્રતા ભુલી જઈ ખાચરે એક પાસથી રત્નનગરીના રાજ્ય સાથે સીમાડાની તકરાર ઉઠાવી અને બીજી પાસથી ખાચરના ગ્રાસીયાઓ રત્નનગરીના રાજ્યની એક પાસની જમીન ખેડાવવા લાગ્યા. એજંટે મલ્લરાજ ઉપર પત્ર લખી ખાચરે ઉપાડેલી તકરારનો ઉત્તર માગ્યો. એક પાસથી આ ઉત્તર માગવાનો તેનો અધિકાર મલ્લરાજે સ્વીકાર્યો નહી અને તે વિષયનું લેખયુદ્ધ ચાલ્યું અને બીજી પાસથી તેણે જરાશંકરને અને સામંતના ઉગતા પુત્ર સુભુભાને બોલાવી રાજાપ્રધાન વચ્ચે સિદ્ધ કરેલી આજ્ઞા આપી.

"જરાશંકર, રાજાઓના પંચ થનારે પંચનો ઢોંગ માંડ્યો અને "મૂર્ખ રાજાઓ એકબીજાનાં ગળાં કાપી પંચના હાથમાં મુકશે. "શસ્ત્રયુદ્ધના યુગમાં પણ ધરતીનો લોભ ન કરનાર રાજા એ લોભમાં "પડી વૈશ્યયુદ્ધ કરે એ કાંઈ બને એવી વાત નથી. શસ્ત્રયુદ્ધના "કાળમાં ભાયાતો અને યોદ્ધાઓનો સ્વાર્થ એવો હતો કે રાજાઓ "ધરતીના ભુખ્યા રહે અને ઘડીઘડી યુદ્ધના પ્રસંગો શોધી એ યોદ્ધાઓની "ધરતીની તૃષા ભાગે. આ વૈશ્યયુદ્ધના કાળમાં પ્રધાન સહિત મુત્સદ્દી "વર્ગનો એવો સ્વાર્થ છે કે રાજાઓ ધરતીના ભુખ્યા રહે અને ઘડી "ઘડી લેખયુદ્ધના પ્રસંગ શોધી લેખકવર્ગની ભુખ ભાગે. જરાશંકર, "ભૂતકાળમાં આપણાં પુરુષરત્નને જેમ લોભનાં કલંક લાગ્યાં નથી તેમ

" આ વર્તમાન કાળમાં એ કલંક વગરનાં શુદ્ધ રત્નોનો આપણી પાસે
" સંગ્રહ છે અને ત્હારો રાજા એ લોભકલંકવાળા ચળકતા પથરાને
" નિર્મળ રત્નોને સટે સંગ્રહતો નથી. ધરતી અને ધન જેવા જડ
" પદાર્થો કરતાં રત્નનગરીના જનરાજ્યનું બળ મ્હારા વંશને પરાપૂર્વથી
" પ્રિય રહેલું છે. માટે જરાશંકર, જુવાન ખાચરને લાગેલો ચેપી
" રોગ આ દેશમાં આવી ન જાય તેને માટે ધરતી અને ધનનો તું ચાહે
" એટલો ભોગ આપી આ દેશમાં વૈશ્યયુદ્ધની હોળી જાગે નહી અને
" આ આજકાલનાં માંકડાંને મ્હારા પંચ-સરપંચનું કામ સોંપવાનો
" પ્રસંગ કોઈ દિવસ આવે નહી એવા મહાયજ્ઞનો આરંભ માંડ."

" તરવાર ચુકવે તે ન્યાય એ કાળ વહી ગયો! સ્વપ્ન જેવો થઈ
" ગયો! હવે રાજાઓનો ન્યાય તરવાર નહી ચુકવે પણ માણસ
" ચુકવશે! જરાશંકર, જ્યાં સુધી આ દેહમાં જીવ છે ત્યાં સુધી આ
" રજપુત એ કાળને આ દેશમાં નહી આવવા દે — તું જ ક્‌હેતો હતો કે
" **राजा कालस्य कारणम्**— હું જીવીશ ત્યાં સુધી રાજા મટી મ્હારા
" રાજ-છત્રને ધક્‌કેલી પાડી તેને સટે ઈંગ્રેજનું છત્ર રોપવું પડે– એ
" છત્રની છાયા શોધવી પડે એમ નહી કરું. એ છાયા શોધવાથી રાજત્વ
" જાય છે? કે મ્હારી પાડોશના રાજાઓની સાથે મ્હારો મમત છોડી
" તેમનું ધાર્યું થવા દેવામાં અને તેમના હાથમાં થોડીક ધરતી — માટી,
" પથરા અને ઝાડપાલા — જવા દેવાથી રાજત્વ જાય છે? જરાશંકર,
" એવી છાયા શોધવાથી જ રાજાઓનું રાજત્વ જાયછે અને જશે! બીજા
" રાજાઓને તેમ કરવું ગમે તો ગમો. પણ યુદ્ધકાળમાં પાછા હઠવા
" કરતાં વડીલ હસ્તિદંતે મરણને પ્રિય ગણ્યું, અને એના જેવા શૂર
" મહાત્મા પુત્રરત્નના શબની છાતી ઉપર પગ મુકતાં **નાગરાજ** જેવા
" પુત્રવત્સલ પિતાએ આચકો ખાધો નહી – તેમ – તેમ – એ મહાત્માઓની
" છાયામાં ઉછરેલો બાળક વૈશ્યયુદ્ધને અર્થે તેમના શત્રુઓની છાયા
" સ્વીકારવાનો નથી. જે ધરતી મુકીને મ્હારા એ વડીલો મ્હારી દૃષ્ટિ
" આગળથી ગયા તે ધરતીને ત્યજવી એમાં શી વસાત છે? **ઈંગ્રેજોની**
" **મ્હેં મિત્રતા સ્વીકારી** છે — તેમની પાસે ન્યાય માગવો સ્વીકારેલો
" નથી. તેમની પાસે ન્યાય માગવાને હાથ જોડવા તેના કરતાં **નાગરાજે**
" કરેલા યુદ્ધમાં મ્હારી સાથે ઉભા રહેલા રાજાઓનાં આજકાલનાં
" સંતાનના હાથ ઉંચે રાખી તેમને જે જોઈએ તે આપી દેવું એવો
" મમત મને અતિપ્રિય છે. માટે જા અને આ મ્હારો મમત રાખ."

"જરાશંકર, મ્હેં મ્હારું સાધ્ય બતાવ્યું. તેનું સાધન શોધવું
"એ પ્રધાનબુદ્ધિનું કામ છે—આવી વાતમાં કેવું સાધન વાપરવું, શો
"ભોગ આપવો, વગેરે વાતનો વિચાર કરવાનો શ્રમ મલ્લરાજ લેતો
"નથી. આ ધુળ જેવી તકરારોનું ગમે તે રીતે કરી સમાધાન કરી
"દે. મ્હારો અને મ્હારા રાજ્યનો સ્વાર્થ કેવી રીતે સાચવવો તે તને
"આવડે છે. તેમ કરવા જતાં ત્હારી ચતુરતામાં ભુલ આવશે તો
"તેની ક્ષમા આપતાં પણ મને આવડે છે. માટે જા અને મ્હારા
"ભણીની પૂર્ણ સત્તાથી, પૂર્ણ વિશ્વાસથી, અને પૂર્ણ સાધનથી ધારેલું
"કામ સિદ્ધ કરી આવ."

"જોજે. જે રાજા સાથે તકરાર હોય તેની સાથે પણ સમાધાન
"કરવું અને તકરાર ન હોય તેની સાથે પણ ભવિષ્યમાં આ
"પથરામાટીની તકરાર ઉભી ન થાય એવા કરાર કરી દેવા. આપણા
"રાજ્યની સીમ એવી દૃઢ અને સ્પષ્ટ કરીને બાંધી દે કે ન્હાના
"બાળકને પણ તે સમજવામાં ભૂલ ન થાય અને લુચ્ચામાં લુચ્ચા
"માણસને પણ તે હદ ખોટી કરવાનો માર્ગ ન જડે. પરરાજ્યો
"સાથેનાં સર્વ પ્રકરણને એવાં શાંત કરી દે કે આ રાજ્યમાં તેમને
"પુનર્જન્મ પ્રાપ્ત ન થાય અને તેમ કરવામાં ત્હારી બુદ્ધિમાં જે કાંઈ
"ધરતીનું કે દ્રવ્યનું નુકસાન તરત વેઠવું પડે તે વેઠી લેવું—પણ મ્હારા
"રાજ્યની એક પાસે જેવી સમુદ્રે હદ બાંધી છે તેમ બીજી ત્રણ
"પાસ એવી હદ બાંધજે કે યાવચ્ચંદ્રદિવાકર એ હદમાં કોઈ ચાંચ
"બોળી શકે નહી; અને તે જ પ્રમાણે પરરાજ્યો સાથેના જે જે પ્રશ્ન
"હોય તેનું સમાધાન પણ એમ જ સદાકાળને માટે કરી લેજે. એ
"કામ થઈ જશે એટલે રત્નનગરીના ભાવી રાજાઓએ પોતાની પ્રજાને
"અર્થે જે કાળ રોકવો જોઈએ તે કાળ ઓછો કરવા કોઈની શક્તિ
"ચાલવાની નથી."

પ્રધાનની જોડે આટલી વાત કરી જુવાનીમાં આવવા તયાર
થતા મુળુભાનો હાથ ઝાલી વૃદ્ધ થતો મલ્લરાજ ઉછળતા આનંદથી
બોલવા લાગ્યો.

"મુળુભા, સામંત જેવો મ્હારા રાજ્યનો સ્તંભ છે તેમ તમે
"મણિરાજના રાજ્યના સ્તંભ થવા યોગ્ય છો. નાગરાજ અને
"ઈંગ્રેજના યુદ્ધપ્રસંગે પરરાજ્યોમાં જવું પડ્યું હતું ત્યારે સામંતભાનો
"મ્હારે સાથ હતો અને એમની બુદ્ધિ અને પ્રીતિ મને કામ લાગી

"હતી. મણિરાજ આજ બાળક છે પણ તમારું વય યોગ્ય છે માટે
"આવા મ્હોટા પ્રસંગોનો અનુભવ આપવા અને રાજાઓમાં પ્રસંગ
"પાડવા તમને જરાશંકર સાથે મોકલું છું તેનો પૂર્ણ લાભ લેજો, અને
"વીરપુર જતાં માર્ગમાં તમારા પિતાને પણ સાથે લેઈ લેજો ને
"તેમની ઓથમાં ર્‌હેજો."

મુળુએ નીચાં નમી મહારાજના ચરણ સ્પર્શ્યા અને મલ્લરાજે તેને માથે હાથ મુકી આશીર્વાદ આપ્યો.

મુળુભા બોલ્યો: "મહારાજ, મ્હારા રંક પિતા ઉપર આપ ક્ષમા
"રાખો છો તેનો બદલો હું છોરુથી વાળી શકાય એમ નથી; પણ
"આપની આજ્ઞા સાથે જે કૃપા રહેલી છે તે બે હું મ્હારા શિર ઉપર
"ધારુંછું અને આપના વિયોગથી દુઃખી મ્હારા પિતાને આ સમાચાર
"કહી આપનાં દર્શન જેવો સંતોષ તેમને વાળીશ."

મલ્લરાજ આ ઉત્તરથી તૃપ્ત થયો અને પ્રસંગ જવા દેવો અયોગ્ય ગણી બોલ્યો.

"જરાશંકર, મુળુભાને લેઈ તું સામંતને મળજે અને હવે તું
"મને પાછો મળે તે પ્રસંગે સામંતને મુળુભાની સાથે લાવજે."

અતિ હર્ષમાં આવી જરાશંકર બોલ્યો: "અવશ્ય, મહારાજ, એ
"આનંદ પ્રસંગ ક્યાંથી? મહાકાર્યના આરંભમાં આપ મુળુભાનું
"માગણું સ્વીકારો છો અને સામંતરાજ ઉપર કૃપા કરો છો તે મંગળ
"શકુન થાય છે અને આપની આજ્ઞા સિદ્ધ થઈ સમજજો. સામંતરાજ
"અને મુળુભા જેવાં રત્નોના ધણીને શાની ખોટ પડવાની છે?"

જરાશંકર અને મુળુ ગયા. મુળુના વંશમાં પિતાનું નામ પુત્રના નામ પ્હેલાં લખવાનો વહીવટ હતો તેથી મુળુભા સામંતમુળુ અથવા સામતમુળુના નામથી ઓળખાતો. સામંતમુળુના અંતઃકરણમાં નવા યુગનો વા વાયો હતો. પૃથ્વી અને સત્તાનો અત્યંત લોભ, પિતાને થયેલાં અપમાનથી ઉદય પામેલો ક્રોધ, તે અપમાનના નિમિત્તભૂત પ્રધાન ઉપર અને તેના કુટુંબ ઉપર દ્વેષ અને વૈર, અને રાજ્યમાં કાંઈ પણ ઉથલ પાથલ કરી જાતે આગળ આવવાની તૃષ્ણા; ઇત્યાદિ ભૂત મુળુનાં ઉગતા હૃદયમાં રાતદિવસ નૃત્ય કરી ર્‌હેતાં. તેમની સાધનભૂત ક્રૂરતા મોસાળપક્ષથી તેનામાં ઉતરી હતી; પિતૃપક્ષથી માત્ર બુદ્ધિ, કલ્પના, અને શૌર્ય તેનામાં ઉતર્યાં હતાં; અને એ સર્વથી ઉઠેલા અભિલાષ મહાપ્રયત્નથી તે હૃદયમાં ગુપ્ત રાખતો હતો. એ પાછો ફર્યો તે સમયે એના

બોલવામાં કાંઈ કપટ હોય, એના સ્મિતમાં કોઈ ગુપ્ત કટાર હોય, એના હૃદયમાં કોઈક રાક્ષસ હોય–એવો આભાસ મલ્લરાજના હૃદયમાં વીજળી પેઠે ચમકારો કરી શાંત થયો. તેને અકારણ ગણી મલ્લરાજે તેનો વિચાર ન કર્યો અને પોતે સ્વકાર્યમાં ભળ્યો.

" વિદ્યાચતુરને આ પ્રસંગોમાં સર્વ રાજકીય પુરુષોના પ્રસંગનો " લાભ મળશે તો તે વિદ્યાનો લાભ મણિરાજને મળશે અને જરાશંકર " પાછળ તૈયાર કરવા યોગ્ય વિદ્યાચતુરને ધાર્યો છે તે તૈયાર થશે " તો રાજ્યને પણ લાભ છે "—એ સંકલ્પ મનમાં કરી વિદ્યાચતુરને નવાં કામોમાં સાથે લેવા જરાશંકરને રાજાએ આજ્ઞા કરી. જરાશંકરને તો ભાવતું હતું ને વૈદ્યે કર્યું.

આ મહાન્ કાર્ય કરવામાં કેટલાંક વર્ષ ગયાં. તે પૂર્ણ થતાં પ્હેલાં રાજાઓના અને ઈંગ્રેજ અધિકારીઓના કંઈ કંઈ અનુભવ થયા. ખંડણી વસુલ કરવા અને પંચનું કામ કરવા નીમાયલા અધિકારીનાં રૂપ કાળક્રમે બદલાયાં અને મલ્લરાજનો અભિપ્રાય થયો કે તે અંતે રાજાઓના ગોવાળનું રૂપ ધરશે.

રાજાઓના પંચ નીમાયલા અધિકારીને માથે ઉપરી સરકારે સરપંચનું કામ કરવા માંડ્યું અને સાધારણ પ્રજાવર્ગનાં માણસ એક ન્યાયાધિકારીની પાસેથી સંતોષ ન મળતાં ઉપરી ન્યાયાધિકારી પાસે શુદ્ધતર ન્યાય ( અપીલ ) માગવા જાય તેમ રાજાઓ એજંટ પાસેથી સરકાર પાસે જવા લાગ્યા અને તેમને માથે ન્યાયાસન સ્થપાયાં. ક્ષત્રિયત્વ ભુલી રાજાઓ સાથે રાજાઓ વૈશ્ય યુદ્ધ કરવા મંડી ગયા, પંચ પાસે હારતાં સરપંચ પાસે શુદ્ધતર ન્યાયના ભિક્ષુક થવા લાગ્યા, અને તેમની ભિક્ષુકતા વધી તેમ તેમ પંચ–સરપંચનું ગૌરવ વધવા લાગ્યું. સાક્ષી પુરવા ઉપર આધાર રાખતો ન્યાય શોધનાર રાજાઓનાં ભાગ્ય ક્ષુદ્ર સાક્ષીઓના હાથમાં જતાં રહ્યાં; બે પક્ષમાંથી એકનો પુરાવો ખોટો માનવો આવશ્યક થતાં રાજાઓની અને તેમના પ્રધાનોની પ્રતિષ્ઠા પંચ–સરપંચના હાથમાં જવા લાગી, અને પ્રતિષ્ઠાહાનિને ક્રમે રાજત્વ પણ હઠવા લાગ્યું. રાજાઓની આ દશા થઈ તેની સાથે પંચ–સરપંચનો અધિકાર ક્વચિત્ જાતે વધ્યો તો ક્વચિત્ વધાર્યો વધ્યો, ક્વચિત્ રાજાઓ એ અધિકારની શંકા ઉઠાવવા લાગ્યા તો ક્વચિત્ એ જ શંકાઓએ અધિકારને, સ્થાણુ ખનનન્યાયનો પ્રસંગ આપી, સિદ્ધ અને સ્થિર કર્યો. ન્યાયી એજંટ હોય ત્યાં હારેલાં દ્યૂત ફરી રમવાની

આસક્તિ રાજાઓને આ અધોગતિ આપવા લાગી તો અન્યાયી એજંટો મળતાં અધોગતિના ઉપરાંત દુર્દશા પણ થવા લાગી. ક્વચિત્ તો જાતે અધોગત થયલા રાજાની દુર્દશા કરી જોનારને તે જોવામાં રસ પણ પડતો. આ વાતનું એક પરરાજ્યમાંનું અવલોકન થતાં મલ્લરાજે અદ્‌ભુત આશ્ચર્યમાં પડી જરાશંકરને કહ્યું:—

" જરાશંકર, જો–જો–આ લુચ્ચા અને પ્રજાઘાતક ઠાકોર **યમદૂત**ની " પાસેથી દ્રવ્ય ફ્હડાવતાં અને તેને અનેક અપમાન આપતાં આ દુષ્ટ કર્નલ " ફ્રાફ્સ સાહેબને કેવો રસ પડે છે તે !—અરરર ! શો કાળ આવ્યો ? "

જરાશંકર બોલ્યોઃ—" મહારાજ, એક જણે કહેલું છે કે " લીંબડાની પાકી લીંબોળીઓ, તેમાં વળી ચાંચો મારી મારી સ્વાદ " લે એવી જીભ, અને એ સ્વાદ લેવાની કળામાં પ્રવીણ નીવડનાર " કાકલોકઃ–એ સર્વનો યોગ કરવામાં પણ વિધાતાની ચતુરતા છે."

**" चित्रं चित्रं बत महदहो चित्रमेतद्धि चित्रम्**
**" यत्संजातो ह्युचितघटनासंविधाता विधाता ।**
**" यन्निम्बानां परिणतफलस्फीतिरास्वादनीया**
**" यच्चैतस्याः कवलनकलाकोविदः काकलोकः ॥**

" **યમદૂત** જેવું શિક્ષાપાત્ર અને ફ્રાફ્સ જેવો શિક્ષા કરનાર " એવી જોડ રચવામાં **બ્રહ્મા**ની પણ ચતુરતા છે ! "

**મલ્લરાજે** દીર્ઘ નિઃશ્વાસ મુક્યો. " જરાશંકર, એકને લીધે સર્વને " મહાન્ અનર્થ થવાનો ! પોતાનાં છિદ્રમાં થતો વ્યાધિ નરમ પાડવા " **યમદૂતે** રાજ્યનાં કેટલા અધિકાર ઈંગ્રેજને હસ્તગત કર્યા ? "

જરાશંકર—" મહારાજ ! સર્વ **યાદવો**ના ઉન્માદ અને પ્રમાદને " અંતે **શ્રીકૃષ્ણ**ના ચરણમાં રહેલા પદ્મમાં ભાલો વાગ્યો અને સર્વ " **યાદવ**ને હણનાર લાકડાનો અવશેષ એ દુષ્ટ **યાદવો**ના સંગમાં રહેનાર " પરમ પુરુષને પણ પ્રાણઘાતક નીવડ્યો તો આપણે કોણ ? "

**મલ્લરાજ**—" ખોટા ઈંગ્રેજ અધિકારીઓ હોય ત્યાં તો તેમને " નીમનારનો દોષ. પણ આ તો આપણા જ રાજાઓ અને દેશીઓ " સારા એજંટોને નરસા કરશે ત્યાં નીમનારનો દોષ ક્હાડવા ક્યાં " બેસીશું ? નફ્ફટ, સાહેબોની વાતો થાય છે તેટલી તેમનામાં અધોગતિ

"નથી, પણ આપણાં જ આ વૈશ્યયુદ્ધ આપણી અને તેમની અધોગતિ "આણી મુકે છે! દુષ્ટ સ્વામીને સારી સ્ત્રીઓ સુધારે છે તો ગમે તેવા "સાહેબોને સુધારવા જેટલી કળા શું રાજા પ્રધાનોમાં નહી આવે? "જરાશંકર, આ હોળી મહાબળથી લાગી છે અને એની આંચ "આપણને ક્યારે લાગી બેસશે તે કહેવાતું નથી. જરાશંકર, બળે "એવાં લાકડાંને અડકવા લાગેલો અગ્નિ નિરંકુશપણે સર્વને બાળે અને "તેમાં એકાદ લીલું ઝાડ પણ બળી જાય તે એ ઝાડના દેશકાળનું "બળ! જરાશંકર, એ કાળ આપણને અડકવા ન પામે એવો એક "જ માર્ગ છે તે એ કે આ વ્યાધિને પેંસવાનાં છિદ્ર આપણામાં ન "પડવા દેવાં અને તે છિદ્ર પડવા કાળ આવે તેના કરતાં ધરતી, "દ્રવ્ય, માન અને અંતે આ રાજમુકુટ જાય તો તેને પણ જવા "દેવાં! રાજપુત્રોમાં રાજત્વ હશે તો ગયેલાં રાજ્ય મળશે; પણ "રાજત્વ ત્યજી રાજ્ય રાખવા જનારનાં રાજ્ય પણ જશે અને રાજત્વ "પણ જશે અને ગયેલું કંઈ પણ પાછું નહી આવે."

જરાશંકર—"એ જ નિશ્ચય સત્ય છે. રાજા દેશકાળનું કારણ છે "એ બુદ્ધિવ્યવસાયમાં આપનો પુરુષાર્થ છે, અને આપના પુરુષરત્નને "તે જ અર્થે પ્રેરો."

મલ્લરાજ—"રાજાઓને રાજાઓ સાથે કલહ કરાવવો એમાં ઈંગ્રેજ-"નો સ્વાર્થ છે અને એ અર્થે એમના ખેલ એ ચલાવશે તો એ ખેલ "નિષ્ફળ કરવામાં એકલો પડીને પણ મલ્લરાજ બુદ્ધિબળ (શેતરંજ)ના "ખેલ રમશે." આ વિચારની સાથે મલ્લરાજનું મુખારવિંદ શુદ્ધ આનંદથી ઉભરાવા લાગ્યું. સદ્‌ગુણ અને સદ્રાજ્યનીતિ જાતે જ આનંદરૂપ છે.

રાજાઓને માથે ન્યાયાસન બંધાયાં, પણ પ્રજાઓને ન્યાય આપવાને શાસ્ત્રીય ધારાઓ હોય છે તેવા ધારા રાજાઓને માટે બાંધવાનો અધિકાર સરકાર માથે લે તો રાજાઓ પોતાના અધિકારને ગયો સમજે એમ હતું. આથી રાજાઓએ ધારા માગ્યા નહી અને સરકારે કે કોઈયે બાંધ્યા નહી. આટલા વિષયમાં "પંચ બોલે તે પરમેશ્વર" એટલો જ ધારો રહ્યો, અને રાજાઓના ન્યાયાધીશનું પંચ–સ્વરૂપ એ વિષયમાં કાયમ રહ્યું. રાજાઓના અધિકારનું રક્ષણ કરવાનું આ સાધન તેમને અનેકધા ઉપદ્રવકર થઈ પડ્યું. કીયા ધારાથી ન્યાય કરવો એ પંચની મનોવૃત્તિની વાત રહી. કીયા કારણથી ન્યાય કર્યો એનું સ્પષ્ટ કારણ દર્શાવવા પંચને માથે બંધન નહી. अन्धकारनर्त्तित જેવાં

આ નિર્ણયશોધનમાં રાજાઓની આ દોડાદોડ તેમને અનેકધા ભમાવવા લાગી. સરકારની સેનાના યોદ્ધાઓ – military man – ના હાથમાં આ પંચપણું હોય ત્યારે તેમના ક્ષુદ્ર શીરસ્તેદારોના હાથમાં અધિકારસૂત્ર રહેવા લાગ્યાં તો પંડિત અધિકારીઓના હાથમાં આ પંચપણું આવે ત્યાં સરકાર સુધી ફરે નહી એવાં પ્રવીણ નિર્ણયપત્ર પરભારાં લખાવા લાગ્યાં અને એ પત્રમાંના પૂર્વપક્ષનો ઉત્તરપક્ષ કરવા જેટલાં સાધનને સ્થાને બે ચાર સંક્ષિપ્ત વાક્યોમાં રાજાઓને વિધિનિષેધ થવા લાગ્યા. રાજાઓના વૈશ્યવિગ્રહનાં આ નાટકોની વાર્તાઓ, વધતી ઘટતી, રત્નનગરીમાં દૂરની આગના ધુમાડાના ગોટાઓ પેઠે આવવા લાગી. આ ગોટાઓથી મલ્લરાજની આંખો ચોળાતાં, આ વૈશ્યવ્યવહારી રાજાઓને, એ વ્યવહારને પરિચિત પણ રાજાઓને અપરિચિત હાડેતુતુ ન્યાય અને માનાપમાન મળવા લાગ્યાં ત્યારે, બ્હાર દોડતી વૃત્તિઓને પાછી ખેંચી લેઈ અંતર્મુખ કરી, યોગી પોતાના નિત્ય અને સત્યસ્વરૂપમાં લીન થાય તેમ, આ અધિકારમથનકાળે રત્નનગરીના ઉદાસીન રાજયોગીએ કરવા માંડ્યું. વિદ્યાચતુરે આ વિષયમાં એક દિવસ એવું સમાધાન કર્યું કે, “ આપણા રાજાઓ જ્યારે જાતે ભ્રષ્ટ થાય “ છે ત્યારે પરદેશીઓ પણ તેવા ભ્રષ્ટ થતા હોય તો મોઘલાઈ પાછી આવે “ પણ આ પરદેશીઓની રાજનીતિના નિયમ તેમના સ્વાર્થ સાચવી- “ અંતે પણ ન્યાય આપવાનું પ્રયોજન રાખે છે અને આપણા રાજા “ ઓને એ ન્યાય મેળવતાં કલેશ પડે છે તેનાં કારણ ત્રણ છે. એક “ તો એ નિયમો સંપૂર્ણ ગુણવાળા, અથવા આપણા વ્યવહારને કેવળ “ અનુકૂળ નથી. બીજું એ કે એ નિયમો અમલમાં આણનાર અધિ- “ કારીઓમાં કંઈક ભાગ અપ્રવીણ અથવા દુષ્ટ લોકોનો છે અને “ સારાઓની સંખ્યા છે પણ જોઈએ તેથી થોડી છે. અને ત્રીજું એ “ કે આપણા રાજાઓ અને તેમનાં માણસોમાંથી દુષ્ટ પુરુષોને બાદ “ કરીએ તો પણ બાકીનાં માણસોમાં સદ્ગુણ સાથે નવા યુગની વેગ- “ વાળી ભરતી ઉપર તરવાની વૃત્તિ પણ નથી અને કળા પણ નથી. “ પરદેશીઓના સ્વાર્થનો ભાર તો ઝીલ્યા વિના છુટકો નથી. પણ આ “ ત્રણે કારણ દૂર થઈ શકે એવાં છે — જો આપણાંમાં આપણાપણું “ હશે તો. મહારાજ ! આપના જેવી અતૃષ્ણા અને ઉદારતા તેમ “ આપનો સંયમ બધાઓમાં રહેવો અશક્ય છે અને પાડોશીઓની “ લાતો ખાવા જેટલી સહનશક્તિ પણ ન્હાની સુની વાત નથી — તેવા

"રાજાઓને તો આ ત્રણ કારણ દૂર કરવા જ માર્ગ શોધવાનું છે.
"તેટલી કળા—તેટલો સંપ—તેમનામાં તરત આવે એમ નથી—કાળે
"કરીને આવે. જે વિદ્યા મહારાજ મણિરાજને અપાવો છો તેવી
"વિદ્યા રાજાઓમાં ઘેરઘેર જશે ત્યારે એ કાળ આવશે. માટે
"નિરાશ થવાનું કારણ નથી. બાકી મહારાજે સ્વીકારેલો માર્ગ તો
"આર્ય અને ઉદાત્ત રાજવંશીઓના હાથમાં રામબાણ થઈ પડે એવો
"છે એની ના કોનાથી ક્‌હેવાય એમ છે? પણ મહારાજ, રામબાણ
"છોડનાર રામ તો આખા સત્યયુગમાં એક જ થઈ ગયા." મલ્લરાજે
આ યુવાનનું ભાષણ શાંત ચિત્તે સાંભળ્યું.

આ અવલોકનમાં બે ત્રણ વર્ષ ગયાં નહી એટલામાં નવું પ્રકરણ જાગ્યું અને ઈંગ્રેજ સરકારે મોકલેલા પંચનું નવું સ્વરૂપ પ્રકટાર્યું. રાજાઓ રાજાઓ વચ્ચે તકરાર થતાં એ સરકારના પંચે નિર્ણય કરવો એ વાત કંઈક સમજાય એવી હતી. પણ રાજાઓ અને તેમની પ્રજાની વચ્ચેની તકરારોનો નિર્ણય કરવાનો અધિકાર આ પંચને આપવાનો વિચાર સરકાર અને રાજાઓના સંધિકાળે સ્વપ્ન કિંવા ગર્ભિત પણ ન હતો, અને એવા અધિકારનું કોઈ રાજાને સ્વપ્ન પણ થયું ન હતું. મૂળ દેશી રાજાઓ ઘણાં વર્ષથી પરસ્પરવિગ્રહમાં પડેલા હતા ત્યારે પણ તેમની પ્રજા કાંઈ સુખી હોવાનું કારણ ન હતું. તે કાળના રાજાઓ, બ્હારના કોઈને તરવારના બળવિના નમ્યું આપતા નહી એટલા સ્વતંત્ર હતા ત્યારે એ તરવાર ઉઘાડી રાખવાના નિરંતર પ્રયાસમાં પ્રજાના સુખનો વિચાર કરવા તેમને અવકાશ ર્‌હેતો નહી; અને યુદ્ધકાળના રાજ્ય–સ્તંભ ક્ષત્રિયો મદોન્મત્ત થઈ પ્રજાને પીડતા તેના ઉપર અંકુશ રાખી તેમના કોપનું પાત્ર થવા જેટલી હીંમત રાજાઓમાં ન હતી. આ અત્યંત દુઃખને કાળે "હાથી હાથી લ્હડે તેમાં "ઝાડનો ક્ષય" એ ન્યાયે પ્રજા ત્રાસમાં ર્‌હેતી. પણ દુઃખનો અતિશય ભાર વેઠવો પડતાં રંક પ્રાણીઓ પણ સામાં થાય છે, કાયરને પણ શૌર્ય આવે છે, અને મૂર્ખને પણ બુદ્ધિ આવે છે, તે ન્યાયે પ્રજાપીડનસંતાપથી ધુમાઈ રહેલો હુતાશન ભસ્મમાંથી પ્રગટ થતો અને રંક પણ બુદ્ધિશાલી વાણીયાઓનાં મહાજન રાજાઓને સતાવી શકતાં અને હડતાલો પાડી તથા બીજા અનેક સાધનોથી વ્યાપારના આકાશમાં ઉડવાની પાંખો વગરના રજપુતોને ઉંચા નીચા કરતાં અને રાજાઓના રાજમ્હેલના પાયાને કંપાવતાં, તે જ રીતે ધર્મની સાજી નહી તો

ક્ષેહેલી કમળનાળદ્વારા સ્ત્રીવર્ગરૂપ સરોવરનું પાણી કીનારે ઉભા ઉભા પીવાની અને તે જ નાળમાં ફુંકો મારી મારી એ સરોવરના પાણીમાં વેગ અને પરપોટા પ્રવર્તાવવાની કળાવાળા બ્રાહ્મણો, રજપુતો અને રાજાઓનાં અંતઃપુરમાં ચક્રવાયુ ( વંટોળીયા ) ઉભા કરી, સ્ત્રી અને પુરુષોની આંખો આંધળી કરી મુકતા. ઉચ્ચથી તે નીચમાં સર્વ નાતો તથા જાતોમાં—દેશાચારે પાડેલી નાતોમાં અને ધંધા અર્થે પડેલી જાતોમાં— તેમ ન્હાની શેરીઓ અને મ્હોટા મ્હોલાઓમાં બ્રાહ્મણોની બ્રહ્મપુરીઓ, વાણીયાઓની ધર્મશાળાઓ, પટેલોના ચોતરાં, વૃદ્ધોનાં ઓટલા, સ્ત્રીઓના કુવાતળાવો, કાછીયાઓનાં ચઉટાં, સીપાઈઓના ચકલાં, અને હલકી વર્ણોનાં પરાંઓઃ એ સર્વ સ્થલોમાં પ્રજાપોકારનો કોલાહલ ઉઠી ર્‌હેતો, અને રજપુતોના અને રાજાઓના કાન બ્હેરા કરી દેઈ, નિદ્રાદેવીનો પાલવ પકડી રાખી, રાજવંશીઓના મ્હેલોમાં તે દેવીને સંચરવા ન દેતો. આ સામ દામ અને ભેદનાં સાધનને પણ રાજા વશ થાય નહી ત્યારે પ્રજાઓ બંડ અને હુલડના વાવટા ઉરાડતી અને પ્રજાપીડક રાજાઓનાં સિંહાસનો ઉભાં ઉભાં ડોલતાં. તે ડોલાવનાર ધરતીકંપથી જગતમાં ત્રાસ વર્ષતો ત્યારે મહાદેવ ચંડી આગળ નૃત્ય કરે તેમ મહારાજો અને તેમના વિકરાળ ગણો અને ભૂતપ્રેતો, ઉગ્ર પ્રજાદેવી આગળ કિંકર જેવા બની, એ ચંડીની કોપજ્વાળા શમે એવી ગતિથી અને એવા સ્વરથી, નૃત્ય અને ગાન કરતા. ઈંગ્રેજના સામ્રાજ્યને ઉદયકાળે જ રાજાઓને ઈંગ્રેજે એવું અભયવચન આપ્યું કે તેથી દેશી રાજ્યોમાં પ્રજાદેવી નિર્માલ્ય થઈ ગઈ અને તે કોમળ કુસુમમાળાની નિર્માલ્ય અને પૃથ્વી ઉપર શબવત્ પડી રહેલી પાંખડીઓ ઉપર અને તેને સાંધનાર સૂત્રો ઉપર એ મહારાજાઓ, અને એ શ્મશાનની ભસ્મ ઉપર તેમના ગણો અને ભૂતપ્રેતો, નિરંકુશ અને ક્રૂર નૃત્ય કરી ર્‌હેવા લાગ્યા. આ સર્વ વ્યુત્ક્રમ જોનાર કેટલાક પ્રજોદ્ધારના રસિક ઈંગ્રેજનાં હૃદય દ્રવ્યાં. રાજાઓની પ્રજારૂપ સિંહણના દાંત અને નખ ઉભય આપણાં અભયવચનથી નષ્ટ થઈ ગયાં અને આ પ્રજાઓના પીડનનું કારણ આપણે થયા છીએ તો એ પીડન દૂર કરવાનો અને એ પ્રજાઓના બળનો ઉદ્ધાર કરવાનો ધર્મ પણ આપણે માથે છે એવું એ ઈંગ્રેજના મનમાં આવ્યું. બાકીના ઈંગ્રેજોના, સ્વાર્થી અને રાજ્યબળના લોભી, ભાગને આ દયા ગમી ગઈ— એ દયાને નિમિત્તે દેશી રાજાઓનું રાજત્વ હીન કરી પોતાનું રાજત્વ વધારવાનું ફાવશે, એ બુદ્ધિ તેમના ચિત્તમાં વજ્રલેપ

થઈ. સ્વાર્થ અને પરમાર્થ ઉભય ભળ્યાં. સારા અને નરસા ઈંગ્રેજોની બુદ્ધિ આ કાર્ય સાધવામાં એકમત થઈ. માત્ર સાધનનો પ્રશ્ન રહ્યો. **પાંડવો** જેવા મૂઢ રાજાઓનાં દેખતાં દુર્યોધન* સરકારની ઇચ્છાથી દુઃશાસન† એજંટો અનેક ક્ષુદ્ર વરને વરેલી રાજલક્ષ્મીનાં અસંખ્ય ચીર એક પછી એક આવી રીતે અને બીજી અનેક રીતે ઉતારવા લાગ્યા; પાંચ પ્રકારની બુદ્ધિના **પાંડવો** પેઠે અનેક બુદ્ધિવાળા નિઃસત્વ રાજાઓ પોતાની રાજલક્ષ્મીનાં ઉતરતાં ચીરનો ઢગલો પોતાની પાસેના રાજ્યદ્યૂતના ચોપટ આગળ એકઠો થતો બળતે ચિત્તે જોઈ રહેવા લાગ્યા; **ભીષ્મપિતામહ**, **દ્રોણ**, અને **વિદુર** જેવા નીચું જોઈ રહેલા વૃદ્ધોની ચિત્તવૃત્તિને પ્રત્યક્ષ પ્રતિકૂળ થતો, પોતાની ઝંઘા થાબડતો, રક્ષણ કરવા અસમર્થ નિઃસત્વ અનેક પતિઓને ત્યજી પોતાની એ એક સમર્થ ઝંઘા ઉપર બેસવા, ચીરહીન થતી રાજાઓની રાજલક્ષ્મીને, નેત્રવડે આજ્ઞા કરતો કરતો.

‡ "દુર્યોધન કહે દુઃશાસનને—કર કર ઉઘાડું એ ગાત્ર!"

પણ પ્રજાપીડક રાજાઓને વરેલી રાજલક્ષ્મીમાં એટલો જીવ ન હતો કે આ કડીનું અનુસંધાન કરી બોલી શકે કે,

"ધાયે પ્રભુ અનાથનકો નાથ!"

જરાશંકર અને **વિદ્યાચતુર** સાથે આ નવા યુગની દશા અવલોકતાં અને ચર્ચતાં મલ્લરાજ બોલી ઉઠ્યો: "અહા! એ જ દેશ! એ જ "ઉપદેશ! પણ કાળ જુદો છે. **પાંડવો** જેવા **પાંચાલીને** પાત્ર હતા "તેમ આ આપણા રાજાઓ કંઈ રાજલક્ષ્મીને પાત્ર નથી. જરાશંકર! "ક્ષીણ પુણ્ય થતાં પૃથ્વીપર પડતા એક ઈન્દ્રને ત્યજી સ્વર્ગના રાજ્યને "પાત્ર થતા નવા સુપાત્ર ઈન્દ્રને માત્ર પુણ્યની જ સહધર્મચારિણી "ઈન્દ્રાણી વરે છે તેવી જ રાજાઓની રાજલક્ષ્મી છે! રાજલક્ષ્મી "રાજત્વને વરે છે અને ગુણને આધારે વેલી પેઠે ચ્હડે છે. પ્રજાપીડક "રાજા તે રાજા નથી. રાજત્વહીન રાજાઓને અંગે ઉઠી રહેલો દુર્ગન્ધ "નાસિકા આગળ આવતાં જ સુઘડ પદ્મિની રાજલક્ષ્મી ત્રાસે છે અને "ન્હાસે છે. ઈંગ્રેજ તેને યોગ્ય છે તો રાજલક્ષ્મી તેને વરે છે. જે "સ્વામી રાજલક્ષ્મીને અયોગ્ય થાય છે તેની પાસે એ ઈન્દ્રાણી ર્‌હેતી "પણ નથી. નક્કી, આમાં કાંઈ અયોગ્ય હોય એવું લાગવાનું કાંઈ "કારણ દેખાતું નથી—સૂક્ષ્મ દૃષ્ટિએથી જોઈએ તો."

---

* જેની સાથે યુદ્ધ કરવું દુસ્તર છે તેવા. † જેનાં શાસન દુર્વાર છે તેવા. ‡ લૌકિક પદમાંથી.

ચારે પાસ સળગી રહેલી આગને જોનારાંની પાસે બળવાન કાળપવને એ આગનો ઝપાટો લગાડ્યો. પવનના અચીન્ત્યા ઝપાટાથી આગના ભડકાથી એક ઉંચી શિખા આડી થઈ મલ્લરાજના રાજ્યગૃહસાથે ઝપટાઈ, અને રત્નગરીના સર્વ રાજ્યાધિકારીઓ, નિદ્રામાંથી એકદમ ચમકી, જાગી, ઉભા થઈ, સજ્જ થઈ ગયા.

કુમાર મણિરાજ રાજ્યનો પ્રત્યક્ષ વારસ ખરો, પણ તેને અભાવે સામંત વારસ થાય અને તેને અભાવે મુળુભા થાય. આવા વારસોને રાજ્યનું કલ્યાણ ઇચ્છી રાજ્યપ્રસંગોમાં કેળવણી આપવી એવો રત્નગરીના રાજાઓનો પ્રાચીન કુલાચાર હતો. નાગરાજે સામંતને આવી કેળવણી આપી હતી, અને મલ્લરાજે મુળુને જરાશંકર જોડે મોકલ્યો તેનો પણ આવો જ અભિપ્રાય હતો. પણ પ્રત્યક્ષ વારસોને અપ્રત્યક્ષ વારસો સાથે અતિનિકટ સહવાસ રાખવાથી. રાજ્યલોભનો વિષદંશ અપ્રત્યક્ષ વારસોના ચિત્તમાં ઊત્પન્ન થવાની ભીતિ, અને પ્રત્યક્ષ વારસોને જીવની હાનિની ભીતિ, હોવાનું લક્ષ્યમાં રાખી એ બેનો અતિનિકટ સહવાસ રાખવામાં આવતો નહી. છતાં તે બેના પરસ્પર સ્નેહ ઉપર રાજ્યનો આધાર ગણી તેમને અત્યંત દૂર પણ રાખવા દેવામાં આવતા નહી, અર્થાત્ તેમનો પ્રસંગે પ્રસંગે નિર્ભય દેશકાળે સહવાસ વધારવામાં આવતો. સામંતનું ચિત્ત નિર્મલ હોવાથી એના ભણીથી કોઈ જાતનું ભય મલ્લરાજને થયું ન હતું. પણ મુળુનો સ્વભાવ જાતે અસંતુષ્ટ હતો તેમાં પિતાના તિરસ્કારનું કારણ મળ્યું ત્યાર પછી તેના ચિત્તમાં કોઈક જાતની અતર્ક્ય ચંચળતા ઉત્પન્ન થઈ અને મલ્લરાજ સામે તેનામાં સ્વભાવબદ્ધ વૈર રોપાયું. મલ્લરાજ તેને જે જે આદર બતાવે તેના અર્થ તે અવળા જ કરવા લાગ્યો અને રાજા મ્હારાથી ડરે છે અને મને શાંત રાખવા આદર દર્શાવે છે એવું એ કલ્પવા લાગ્યો; મણિરાજનો સહવાસ થતાં આ ધીર અને શાંત બાળકને એ નિર્માલ્ય, નિસ્તેજ, અને બુદ્ધિહીન ગણવા લાગ્યો અને એવો કુમાર રાજ્ય ભોગવશે જાણી રાજ્યની દયા આણવા લાગ્યો. આવો કુમાર રાજા થશે ત્યારે પ્રધાનો ફાટી જશે અને વિદ્યાચતુર કર્તાહર્તા થશે એ પણ તેના મનમાં સિદ્ધ થયું. યુવાન મુળુનું ચિત્ત દિવસે દિવસે આવા નિશ્ચયો કરી ઉદ્રિક્ત થયું; પણ પોતાના ઘરમાં પોતાના પિતાની રાજભક્તિ સમક્ષ એ ચિત્તમાંથી વરાળ સરખી ક્હાડવા જેટલી ધૃષ્ટતા એનામાં આવી શકતી ન હતી. માત્ર માતાપાસે કવચિત્

ધ્વનિ ફ્હાડતો અને અનુકૂળ પ્રતિધ્વનિ સાંભળતો. એક દિવસ બ્હીતે બ્હીતે પિતાપાસે પ્રસંગ જોઈ રાજા સામું કંઈક કટાક્ષનું વચન તે બોલી ગયો; પણ તે વચન નીકળતાં જ સુતેલા સ્વામી ઉપર બંદુક તકાતી જોઈ તાકનાર ઉપર બુદ્ધિમાન્ પતિભક્ત વિકરાળ કુતરો ઉછળી પડે તેમ સામંતે મુળુને કર્યું, અને તે દિવસથી મુળુના ઉત્સાહ ભગ્ન થઈ ગયા અને તે નિરાશ રહેવા લાગ્યો. જરાશંકર સાથે રજવાડાઓમાં ફરવાના પ્રસંગ મળતાં મુળુએ ખાચર સાથે મિત્રતા કરી અને ઘરમાં ભગ્ન થયેલી આશા ઘરબ્હાર સાધવા માંડી. ખાચર સાથે પત્રવ્યવહાર અને પ્રીતિ વધાર્યાં, રત્નનગરીના ગુપ્ત રાજમંત્ર ફુટવા લાગ્યા. અને રત્નનગરીમાંથી જ ખાચરના મનોરથ સિદ્ધ થવાના સાધન મળવા લાગ્યાં. સરકારના એજંટ કર્નલ ફ્રાફ્સ ઉપર રાજ્યવિરુદ્ધ નનામાં કાગળો જવા લાગ્યા. રાજાઓ સાથે સર્વ તકરારો હોલવવાના ઉપાય ઈંગ્રેજ ઉપરના તિરસ્કારનું કાર્ય છે અને મલ્લરાજ ઈંગ્રેજથી પરોક્ષ રીતે રાજાઓ સાથે સંધિ કરવા પ્રયત્ન કરે છે એવો પત્ર ફ્રાફ્સ સાહેબને પ્હોંચ્યો. રાજાઓ ચારચક્ષુ છે. મલ્લરાજને આ સર્વ વાત વિદિત થતાં વિલંબ થયો નહી. પણ તેણે ધૈર્ય તથા શાન્તિ રાખી દીઠેલું ન દીઠું કર્યું, જાણેલું ન જાણ્યું કર્યું, અને સર્વ વાતમાં માત્ર સાક્ષિદશા ધારી. મુળુ અને ફ્રાફ્સ એમ જ જાણતા કે એ વાત કોઈ જાણતું નથી. સર્વરાજાઓ સાથે કરવા ધારેલા સંધિ સંપૂર્ણ થયા ત્યારે ખાચર સાથે સંધિ કરવામાં જરાશંકર તથા સામંત ફાવ્યા નહી. ફ્રાફ્સ સાહેબ ભણીથી મલ્લરાજ ઉપર પત્ર ઉપર પત્ર આવવા લાગ્યા અને જરાશંકરે દીધેલા સર્વ ઉત્તર નિરર્થક ગયા. ફ્રાફ્સ સાહેબે મલ્લરાજ અને ખાચર વચ્ચે નિર્ણય કરવાની ત્વરા કરવા માંડી. જરાશંકરને મુળુનાં કર્તવ્યના સમાચાર રાજાએ કહ્યા ન હતા તેથી જરાશંકરને સામંતના ઉપર વ્હેમ ગયો કે એ મને આમાં ફાવવા દેતો નથી. સામંત તે સમજતો, પણ મ્હોડે લાવતો ન હતો; કાળક્રમે ફ્રાફ્સ સાહેબ, ખાચર, અને મુળુ એક થયા. તેમની વચ્ચે ખોટે નામે અને ગૂઢાક્ષરમાં પત્રવ્યવહાર ચાલવા લાગ્યો. એક દિવસ મુળુ ઉપર ફ્રાફ્સ સાહેબના નામનો દેખાતો પત્ર સામંતના હાથમાં આવ્યો અને પોતાને માથે રહેલો આરોપ દૂર કરવાનું સાધન ગણી સામંતે આ પત્ર મલ્લરાજના હાથમાં મુક્યો. આ પત્રમાં મુળુને લખેલું હતું કે મલ્લરાજ રાણીસરકારનો શત્રુ છે અને તે શત્રુતાના પ્રયોજનથી ખાચર સાથે ગુપ્ત સંધિ સાધવા પ્રયત્ન કરે છે,

અને તે વીશે મુળુએ સરકારમાં પુરાવો કરવો પડશે. આ પત્ર મલ્લરાજના હાથમાં મુકતાં સામંતના નેત્રમાંથી અશ્રુધારા ચાલી અને તે બોલ્યોઃ

" મહારાજ, મ્હારા કુળમાં અંગાર ઉઠ્યો છે તે એક ક્ષણ પણ " જીવવા યોગ્ય નથી. ગમે તો એના વધની આપ કોઈને આજ્ઞા " કરો અને તેમ કરવામાં આપ આંચકો ખાતા હો તો મને આજ્ઞા કરો " એટલે એ દુષ્ટનું માથું લાવી આપના ચરણ પાસે મુકું. રત્નગરીમાં " આવો કુલાંગાર સાંભળ્યો કે દીઠો નથી."

સામંતની આંખ દુઃખ અને ક્રોધથી રાતી થઈ ગઈ અને તેનું વૃદ્ધ થતું શરીર કંપવા લાગ્યું.

જરાશંકર બોલ્યોઃ " મહારાજ, સામંતભાએ આજ અત્યંત " રાજભક્તિનું દૃષ્ટાંત બતાવી આપ્યું છે તેના બદલામાં એમની " વૃદ્ધાવસ્થામાં એમને આ શિક્ષા કરવી ઘટતી નથી. વળી મુળુભા ઉપર " આ પત્ર આવ્યો એટલા ઉપરથી એ પત્રના લેખ વીશે તેને માથે " આરોપ મુકવો યોગ્ય નથી."

મલ્લરાજ સ્મિત કરતો કરતો બોલ્યોઃ " જરાશંકર, વિદ્યાચતુરે " પેલો શ્લોક કહ્યો હતો તે બોલ અને સામંતને સમજાવ."

જરાશંકર બોલવા લાગ્યો.

" સામંતભા, આ શ્લોકમાં એક સમર્થ પુરુષ ક્‌હેછે કે આકાશ ને " પૃથ્વી ભળે છે ત્યાં આગળ મદ ધરનાર મ્હોટા ઉન્મત્ત હાથીઓ ગાજી " રહ્યા છે, આણી પાસ હાથણો ઉભી છે પણ તે સ્ત્રીજાતિ હોવાથી " દયાને પાત્ર છે–તેની સાથે યુદ્ધ યોગ્ય નથી, અને છેક પાસે મૃગલાં " ઉભાં છે તે કાંઈ સમાન–શીલ નથી, તો વનરાજ સિંહ એમાંથી " પોતાના તીવ્ર નખનું પાણ્ડિત્ય કોના ઉપર બતાવે ? આ હું કહું છું એ " શ્લોકનો સાર છેઃ—

" दिगन्ते श्रूयन्ते मदमलिनगण्डाः करटिनः
" करिण्यः कारुण्यास्पदमसमशीलाः खलु मृगाः ।
" इदानीं लोकेऽस्मिन्ननुपमशिखानां पुनरयम्
" नखानां पाण्डित्यं प्रकटयतु कस्मिन् मृगपतिः ॥"

---

* ભામિનીવિલાસ.

"આ અન્યોક્તિ મ્હારી પાસે શા વાસ્તે ક્‌હેવડાવી તે તો "ક્‌હેવડાવનાર મહારાજ જાણે. બાકી સામંતભા, પુત્રનું બળિદાન "આપવા સજ્જ થઈ આપે બતાવેલી રાજભક્તિ આગળ અમે તો "ક્ષુદ્ર જન્તુ છીએ અને છોકરવાદીનું વય જતાં મુળુભા પણ આપના "જેવા રાજ્યસ્તંભ થાવ એવો આ બ્રાહ્મણનો આશીર્વાદ છે. જરાશંકર "જેવા કંઈક આવશે જશે પણ સામંતરાજ જેવા રાજભક્ત સિંહ "તો એના જ વંશમાં થશે."

સામંતે જરાશંકરનું વચન સાંભળ્યું ન સાંભળ્યું કર્યું અને મલ્લરાજ સામે દૃષ્ટિ સ્થિર કરી રાખી. થોડીવાર કોઈ બોલ્યું નહી. અન્તે થાકીને સામંત બોલ્યો.

"મહારાજ, હું કાંઈ મ્હારી સ્તુતિ સાંભળવા આવ્યો નથી. "મ્હેં કરેલી વિજ્ઞપ્તિનો ઉત્તર આપો."

મલ્લરાજ—"આ શ્લોકમાં ઉત્તર જ છે."

સામંત—"હું શ્લોક સમજતો નથી—મને ઉત્તર આપો."

મલ્લરાજ—"શ્લોક સમજે તો ઉત્તર આપું."

સામંત—"જો આપની આજ્ઞા જ હોય કે મ્હારે શ્લોક પ્રથમ "સમજવો અને પછી ઉત્તર માગવો તો તે આપનો અધિકાર છે."

મલ્લરાજ—(હસીને) "પણ 'સમજાવો' એમ તું સ્પષ્ટ માગનાર "નહી. ભલે આજ્ઞા ગણીને સમજ. હવેના યુગમાં રાજાઓની પાસે "રંક મૃગલાં જેવી તેમની પ્રજા પડી છે તેને કચરી નાંખવી હોય તો "નવરા સ્વામીને સ્ત્રી ઉપર શૂર થવાનું છે. એથી છેટે આ સ્ત્રીજાતિ "જેવા બીજા રાજાઓ પડોશમાં હાથણોનાં ટોળાં પેઠે ભમે છે તે "સ્ત્રીઓની મૃગયા તે શૂરમૃગયા નથી. પણ છેક છેટે એ હાથણોના "સ્વામી મદોન્મત્ત હાથી જેવા ઈંગ્રેજ લોક ગર્જના કરી રહ્યા છે "તેમના સામે પોતાના નખનું પાણ્ડિત્ય બતાવવું હોય તો રત્નગરીના "રાજાઓમાં હતું તે નાગરાજ મહારાજે બતાવી દીધું છે અને હવે "સિંહ અને હાથીની મિત્રતાના કાળમાં માત્ર મૈત્રીપાણ્ડિત્યને જ "અવકાશ છે. હવે તો નવરો સ્વામી સ્ત્રીઉપર શૂરત્વ દેખાડે તેવું "શૂરત્વ ધરી, મૃગ જેવી પ્રજાના પતિ એટલે પાલણ કરનારનું કામ "મુકી દઈ, તે પ્રજાને જ પંઝો દેખાડવો એ તો બાયલાઓનું કામ "છે તે તું મને બતાવે છે. ક્‌હે, ઉત્તર મળ્યો?"

સામંત સ્તબ્ધ થઈ થોડીવાર બોલ્યા વગર જોઈ જ રહ્યો. અંતે બોલ્યો–"પ્રજાનું રક્ષણ કરવું પડે માટે શું તેને આપણે માથે પણ "ચ્હડવા દેવી એવું શાસ્ત્ર છે? મહારાજ, એવાં શાસ્ત્ર ફ્હાડશો તો "ગાદી છોડી કાલ સવારે સંન્યાસી થવું પડશે."

મલ્લરાજ હસ્યો: "તે પ્રજાના કલ્યાણ વાસ્તે ક્ષત્રિય રાજા "સંન્યાસી થાય તો તેમાં શું અયોગ્ય છે?"

"મહારાજ, ક્ષમા કરો. આમાં પ્રજાનું કલ્યાણ આવી ગયું હોય "એમ હું દેખતો નથી. બાકી આપની ઉદારતા તો ખરી. પણ ઘણી "વખત ઉદારતા એ માત્ર લોકમાં પ્રિય થવાનું મૂર્ખાઈભરેલું સાધન "છે અને એ ઉદારતા બતાવી લોકોને લડાક બનાવી મુકશો તો જેનું "કલ્યાણ ઇચ્છો છો તેને જ બેસવાની ડાળ કાપવાનું શીખવાશે."

મલ્લરાજ—"સામંત, તું ભુલી જાય છે કે મુળુભા મલ્લરાજની "પ્રજા જ છે એમ નથી પણ મણિરાજ જેવો મ્હારો પુત્ર છે એવો "મુળુ પણ છે."

સામંત—"જો એમ હોય તો સામંતને શિક્ષા કરી તેથી સોગણી "મુળુને કરવી જોઈએ. પણ આપ એને પારકો ગણો છો માટે જ "શિક્ષા કરતા નથી."

મલ્લરાજ—"જે પિતા પુત્રને એટલો દૂર કરે છે કે તે ફરી "સમીપ આવે જ નહી તે પિતા પુત્રને અપુત્ર કરે છે."

સામંત—"મહારાજ, હું હાર્યો. તો એવી શિક્ષા કરો કે પુત્ર "અપુત્ર થવાનું ભુલી જાય."

મલ્લરાજ—"હવે બોલ્યો તે ક્રોધ ત્યજી સાત્ત્વિક વૃત્તિની વાત કરી. "રાજાઓએ રાગદ્વેષનો ઉપદેશ સાંભળવો પણ નહી અને કરવો પણ "નહી. હવે તને સાત્ત્વિક વૃત્તિ થઈ તો મ્હારી સાથે ચર્ચા કરવાને તું "અધિકારી થયો તો સાંભળ. ન્યાય જોવો એ રાજપ્રજાના સંબંધમાં "રાજાઓનું એક કર્તવ્ય છે. પણ ન્યાય કરતાં રાજનીતિ મ્હોટી "છે, ન્યાય એ રાજનીતિનું એક શસ્ત્ર છે—અને પ્રજાવર્ગે પરસ્પર "વિરોધ ન કરે માટે એ શસ્ત્ર નિરંતર સજ્જ રાખવાનું છે. "રાજાપ્રજા વચ્ચે વિરોધ થાય ત્યારે એ શસ્ત્ર ક્વચિત્ વપરાય છે, પણ ઘણું "ખરું એ શસ્ત્ર એ પ્રસંગે યોગ્ય નથી. રાજાપ્રજાનો સંબંધ ક્વચિત્ "સ્ત્રીપુરુષના જેવો હોય છે–તે કાળે જે માર્ગથી તેમનાં ઐક્ય અને "પ્રેમ વધે એવા શસ્ત્ર યોગ્ય છે. ક્વચિત્ એ સંબંધ પિતાપુત્ર જેવો

"છે–તે કાળે બાળકોનો પિતાપ્રતિ વિશ્વાસ વધે અને પિતા ભણીથી "દંડનું ભય સરી ન જાય અને એ બાળકનાં કલ્યાણ અને વૃદ્ધિસમૃદ્ધિની "વાડીમાં રાજાએ માળીનું કામ કરવાનું તે કરવામાં રાજાની "શક્તિ ઘટે નહી પણ વધે એવા માર્ગ–એ પણ–રાજનીતિનાં "રામબાણ જેવાં અસ્ત્ર છે. આ અને બીજાં અનેક શસ્ત્રાસ્ત્રમાંથી કીયું "વાપરવાનો દેશકાળ છે એ વિચાર ન કરતાં જે રાજા માત્ર એકાદ "શસ્ત્રને રાગદ્વેષથી જ પકડે છે કે ત્યજે છે તે રાજા કુપથ્યનું સેવન "કરે છે અને કરાવે છે અને કેવળ નરકનો અધિકારી થાય છે. **સામંત,** "**મુળુ** બુદ્ધિમાન્ છે તે એક પ્રસંગે ભુલ કરી બેઠો માટે હમેશ કરશે "એવું ધારવાનું છોડી દેઈ ફરી આ ભુલને માર્ગે ન ચ્હડે એવું સુઝે "તો બસ છે. **ઈંગ્રેજે** અને **ખાચરે** દેખાડેલી મુઠીમાં સાકર નથી પણ "ઝેર છે, માટે એ મુઠી એની પાસે ઉઘાડવાને પ્રવૃત્ત થયેલાઓ "મુળુને મૂર્ખ સમજી એની પાસે મુઠી ઉઘાડે તે પ્રસંગે ઉઘાડવા દઈ "તેમાંનું ઝેર ઝુટાવી લેઈ સાકરને ઠેકાણે જાતે ખાય નહી એટલી "કળા મુળુને આવડે તો ઓછી વાત નથી."

સામંત—"મહારાજ, આ બધું ગોળ ગોળ અત્યારે સ્પષ્ટ સમજું "એમ નથી. માટે મને સ્પષ્ટ વાત ક્હો."

મલ્લરાજ—"જરાશંકર, **સામંતે** ચણેલો ગઢ મ્હેં તોડી પાડ્યો. "હવે એ ગઢની અંદરની વ્યવસ્થા કરવાની રહી તે તું કર અને "**સામંતને** સંતુષ્ટ કર."

જરાશંકર આ અરસામાં ઉંડા વિચારમાં પડ્યો અને તેના કાન ચાલતી વાતો સાંભળતા હતા ત્યારે એનું મસ્તિક આ ગુંચવારામાંથી બ્હાર નીકળવાનો માર્ગ શોધતું હતું. **મલ્લરાજના** વાક્યથી એ માર્ગ મળ્યો તે ધીમે ધીમે વિચાર કરતો કરતો બોલવા લાગ્યો, અને ક્વચિત્ શબ્દે શબ્દે તો ક્વચિત્ વાક્યે વાક્યે સામાથી સમજાય નહી એ રીતે મનમાં વિચાર કરતો હતો.

"**સામંતરાજ,** **ખાચરની** સાથે જે સન્ધિ કરવા આપણે સઉ "પ્રયત્ન કરીને છીયે તેમાં પ્હેલો અંતરાય **મુળુભા** છે એમ આપના "ક્હેવાથી સમજાય છે. બીજો અંતરાય **ખાચરનો** તો ખરો જ, "અને ત્રીજો એજંટ સાહેબનો. **ખાચરના** રાજ્યને આ અંતરાયથી "એવો લાભ નથી, કારણ જો એ આમાં અંતરાયરૂપ ન થાય તો "મહારાજની ઉદારતાથી આપણે એની સાથે એવો સંધિ કરવા

“ પ્રયત્ન કર્યો છે કે તે સંધિથી ખાચરને એકલો લાભ અને આપણને
“ એકલી હાનિ જ થાય. અર્થાત્ પૃથ્વી અને દ્રવ્યનો પ્રત્યક્ષ લાભ
“ માત્ર પોતાના જ પક્ષને મળે છે તેનો તિરસ્કાર કરવા ખાચર ઉભો
“ થયો છે તે કેવળ દુરાગ્રહનું ફળ છે એમ ગણીએ તો ખાચરને
“ દુરાગ્રહી ગણવો પડે. ખાચર દુરાગ્રહી નથી–મમતી પણ નથી. પણ
“ આપણને નમતા દેખી એના ચિત્તમાં વધારે શંકા ઉત્પન્ન થઈ હોય
“ અથવા એજંટે એને કાંઈ વધારે લાલચ દેખાડી હોય અથવા મુળુભા
“ અને ખાચર એ સમાન વયના સ્નેહી હોવાથી અન્યોન્યાશ્રયની
“ ગાંઠથી બંધાયા હોય અને એ ગાંઠથી સત્તાનો લોભ ઇચ્છી
“ પરસ્પરની સત્તા વધારવા ઇચ્છતા હોય–આવાં કાંઈ કારણને લીધે
“ જ ખાચર આપણી સાથે એકમત થતો નથી એમ મને લાગે છે.
“ સામંતરાજ, આપે મને ક્ષમા આપી એવું હું માનું છું–પણ મુળુભાના
“ મનમાંથી એ ડાઘ ગયો નથી. આપને ખબર છે કે આપને થયેલા
“ અપમાનમાં મહારાજે કરેલી આજ્ઞામાં પ્રધાનનો હાથ નથી–આપ
“ આ વાત માનશો–યુવાન મુળુભા ન માને એ સ્વાભાવિક છે.
“ આ અવસ્થામાં આપ મ્હારો પક્ષ લેશો તેનો મુળુભા અવળો નહી
“ તો જુદો જ અર્થ કરશે. માટે મ્હારો પ્રથમ અભિપ્રાય એ છે કે
“ આ વિષયમાં થોડો કાળ આપે મુળુભા પાસે એવો આભાસ પડવા
“ ન દેવો કે એ આપને અમારા પક્ષના ગણે.”

સામંત ઓઠ કરડતો બોલ્યો: “ પછી ?”

જરાશંકર—“ પછી આપ મુળુભાના હૃદયના મિત્ર બનો. એના
“ વિશ્વાસના પાત્ર બનો. એનું હૃદય આપની પાસે એ જાતે ઉઘાડે
“ એમ કરો. ખાચર અને એજંટની વાતો અને પત્રવ્યવહાર વગરભયે
“ એ આપને સમજાવે એમ કરો. અને અંતે ખાચર પણ આપના
“ ઉપર વિશ્વાસ કરે એ સમય લાવો. સામંતભા, શત્રુના ઘરમાં
“ અમારા શત્રુ ગણાઈ પેસવા પામો. બુદ્ધિમાન્ મુળુભાને–મુળુભા પણ
“ ચેતે નહી અને જડ હોય એમ ખાચરના એ ઘરમાં ખાતર પાડવાના
“ ખાતરીયાને ઠેકાણે વાપરો. મુળુભાને પ્રત્યક્ષ શિક્ષા કરવાનું છોડી
“ દેઈ એનો આ ઉપયોગ કરો અને ધારેલો સંધિ સાધો.”

સામંતને કંઈક વિશ્વાસ પડ્યો. તેના ચિત્તમાં કાંઈક શાંતિ થઈ.
તે ધીમો પડી પુછવા લાગ્યો,

“ પણ માણસ કામ કરે આશે કે ત્રાસે. મુળુના ચિત્તમાંથી

"ત્રાસનું બીજ તો તમે ફ્હાડી નાખ્યું. તમને અને ખાચરને એક
"ગાંઠે સાંધવાનો અભિલાષ મુળુ શી રીતે ધરશે ?"

જરાશંકર—"મહારાજ તો હાલ મ્હારી આંખે દેખે છે–ખાચરની
"જોડે સંધિ કરવામાં મુળુભા ફાવશે તો મહારાજ મુળુભાની આંખે
"દેખતા થશે–વર્તમાન ચિત્રમાં હું આ ઉંચી સ્થિતિયે છું તેને
"ભવિષ્યકાળના ચિત્રમાંથી ભુસી નાંખવો અને તેને સ્થાને મુળુભાને
"તેજસ્વી રંગો વડે પ્રતિષ્ઠા આપવીઃ આ આશાથી મુળુભા આપને
"અનુકૂળ થઈ જશે. સામંતરાજ! ખાચરની મિત્રતા શોધવાથી
"મુળુભા આ રાજ્યમાં જ લાભ શોધે છે, તે લાભનો તેને આ માર્ગ
"દેખાડો. મુળુભાના કોમળ હૃદયમાં હાલ ભૂત નાચે છે તેને આ
"શીશીમાં ઉતારો. મને દૂર કરવાને નિમિત્તે આપ, મુળુભા, ખાચર,
"અને અંતે મહારાજ–સર્વ એક પંક્તિમાં બેસી જાવ અને ધારેલો
"સંધિ સાંધો."

સામંત—"પણ એજંટનું શું કરવું? અને સર્વને અંતે નિરાશ
"થયલા ખાચર અને મુળુ તમારા સર્વના સામા બમણા ક્રોધથી
"કુદશે એટલે આજ કરવાનો વિચાર વધારે કઠણ થઈ પાછો એવો
"ને એવો ઉભો રહેશે. તે વિચાર્યું?"

જરાશંકર—"એજંટનો વિચાર એટલો કે આપણે અને ખાચર
"એક થઈશું એટલે એ પડશે જુદો. આ એના નામનો પત્ર આપના
"હાથમાં છે તે એનો હોય કે ન એ હોય. એનો ન હોય અને આપણે
"છેતરાતા હઈએ તો એ પત્ર ઉઘાડો કરવાથી અને એને માથે
"આરોપ મુકવાથી એને આપણને નુકસાન કરવાનું ઘણી રીતે સાધન
"મળશે. એ પત્ર એનો હશે તો એ કબુલ કરવાનો નથી, અને એના
"ઉપરીઓ પાસે એ સાચો અને આપણે જુઠા, એટલે એ પત્ર એનો
"ન હોય ને નુકસાન થાય તેટલું જ નુકસાન. એનો હોય અને એ
"કબુલ કરે તો પણ હું લાભ દેખતો નથી. એ પત્રમાં એ આપણા
"ઉપર આરોપ મુકે છે અને એ પત્ર એના હાથમાં મુકી આપણે
"એના આરોપી ઉઘાડી રીતે થઈ બળવાન શત્રુ સાથે ઉઘાડું યુદ્ધ
"માંડી એના જ ઉપરીઓ પાસે ન્યાય માગવા જવું, જીતીને કાંઈ
"લેવાનું નહી ને હારીને ખોવાનું બધુંઃ એ માર્ગ ઈશ્વર આપણા ઉપર
"બળાત્કારે નાંખે ને લેવો પડતાં ઉગરવા યુદ્ધ કરવું પડે એ જુદી
"વાત. પણ જાતે જ એ માર્ગ શોધી લેવો એ તો–આવ કુહાડા પગ

" ઉપર-જેવું થાય. એમાં જીત્યા તો આ સાહેબના પછીનો સાહેબ
" એના કરતાં સારો આવશે એવું માનવાને કારણ શું? જે આવશે
" તે આ એના જાતભાઈનું વેર આપણા ઉપર નહી રાખે તેની ખાતરી
" શી? એ નવો માણસ વેર રાખી ફરી નવું પ્રકરણ ઉભું કરે અને
" આપણે બીજી વાર ફરીયાદી કરવા જવું પડે તો આપણને ફરીયાદ
" કરવા ટેવ પડી ગઈ એમ ગણવાનો પુરાવો આપણે આપીશું,
" અથવા તો જે વહુને સાસરે સઉની સાથે ન બને તે વહુનામાં
" પોતાનામાં જ કંઈક દોષ હોવો જોઈએ એવું અનુમાન થવાનું.
" **સામંતરાજ**, ખાચરને એની સાથે બનાવતાં આવડે ને આપણને
" ન આવડે તો આપણી આવડ ઓછી. આ સઉનો ઉપાય એ જ છે
" કે આ પત્ર ગુપ્ત રાખી મુકો, આપણે અને ખાચર એક થઈએ
" અને એજંટ જાતે એકલો જુદો પડી હાલ એના સામા આપણને
" એકલાને દેખે છે તેને સટે એ આપણને અને **ખાચરને** બેને એકઠા
" સંધાઈ એકઠા ઉભેલા અને હાથ ઉપાડતાં જાતે જ ડરે એવું
" કરો. એને આપણા સંધિનો પંચ મટાડી નોંધણીદાર કરીશું, એટલું
" એને સારું લગાડી એના મનનું વૈર શાંત કરવાનો માર્ગ છે."

**મલ્લરાજ**—" **સામંત**, આટલું કરતાં તો તને આવડવાનું."

**સામંત**—" મહારાજની આજ્ઞા થઈ તો કંઈ ન આવડવાનું નથી.
" હશે, એજંટનું ગમે તે થાય તેની મ્હારે પંચાત નથી. પણ મ્હારા
" કુળમાં ઉઠેલો અંગારો વધારે ગરમ થશે અને આજ ઉઠાડું છું તે
" પ્રશ્ન ફરી ઉઠવાનો તેનું શું? મહારાજ, કશ્યપ જેવા મુનિના ઘરમાં
" હિરણ્યકશિપુ જેવા દૈત્ય જન્મ્યા, તેવું મ્હારે થયું છે; અને આ ઉગતા
" શત્રુને ઉગતો જ ડાબવો એ રાજનીતિનો ધર્મ છે. એનું બળ વધારી
" પછી ડાબવાનું રાખવું એ દેખીતી મૂર્ખતા છે. મહારાજ, પ્રધાનજીને
" અપમાન કર્યાની આપે મને શિક્ષા કરી તે મને યોગ્ય લાગી છે;
" અને મ્હારા અંતઃકરણમાંથી મને એ શિક્ષા યોગ્ય ન લાગી હોય
" તો મને ઈશ્વરની આણ છે. અહો! એ શિક્ષા કરી આપે મને
" મહાદોષમાંથી બચાવ્યો છે અને જે રાજધર્મનો આપે મને એ
" નિમિત્તે ઉપદેશ કર્યો છે તે સારુ હું આપનો આભારી ન થઉં તો હું
" આપણા ઉત્તમ વંશમાં જન્મવા યોગ્ય ન હતો એવું જ કહેવું પડે.
" મહારાજ, હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે **જરાશંકર** ઉપર મ્હારા મનમાં
" રજ પણ કલંક નથી ઉપજ્યું; અને આપ અને **જરાશંકર** ઉભયે મને

"શુદ્ધ ક્ષમા જ આપી હોય તો, આપણા સૂર્યવંશમાં જ ભરતે જેવો "દુષ્ટ કૈકેયીનો ત્યાગ કર્યો હતો તેમ જ, મને આ મ્હારા કુળના "અંગારનો ત્યાગ અને નાશ ઉભય કરવા દ્યો. એટલું હું આપની "પાસે માગી લેઉં છું, અને તે માગવાને ભરત જેમ રામચંદ્રજીને "પગે પડ્યા હતા તેમ હું આપને પગે પડું છું અને મ્હારું હૃદય "શુદ્ધ છે તેના શપથ લેઈ આપના પવિત્ર ચરણ સ્પર્શું છું."

મહાપ્રચણ્ડ વંટોળીયો પર્વતની તળેટી આગળ પૃથ્વી ઉપર સુઈ જાય અને ક્ષણ પ્હેલાં આકાશમાં ઉભેલું એ વંટોળીયાનું શિખરચક્ર પર્વતના પાદમાં લીન થાય, તેમ આ બળવાન્ યોદ્ધાનું પ્રચણ્ડ ઉંચું શરીર એકદમ મલ્લરાજના ચરણપાસે દંડવત્ પ્રણામ કરવા સુઈ ગયું; સામંતના શિરનું મંદીલ મલ્લરાજના પગ ઉપર પડ્યું. એના નેત્રમાં અશ્રુની ધારા ચાલી રહી, અને એના દુઃખનો ઉછળતો ઉષ્ણ નિઃશ્વાસ એનું હૃદય કંપાવતો હતો તેના ધબકારા ગદ્‌ગદ થતાં કંઠ આગળ પ્રયાણ કરતા સંભળાયા. જરાશંકર સ્તબ્ધ થઈ ગયો–પાષાણ જેવો જડ બની ઉભો. મલ્લરાજનું હૃદય ઓગળી ગયું, અત્યંત સજળ નયનથી તે વયોવૃદ્ધ ભાઈને–જુના મિત્રને–પરમ રાજભક્તને–પોતાના પગ ઉપરથી ઉઠાડવા ત્વરાથી નીચો નમ્યો, અને નમતાં નમતાં મેનારાણીના દ્વાર ભણીથી ભણકારા સાંભળવા લાગ્યો કે,

"સામંતશિરના મુકુટમણિથી પદ–પાવડી સોહાય,
"એ મણિધરપર ભાર ક્ષમાનો અચળ ટકાવો ક્ષમાનાથ!
"મહારાજા! રંક...મેના રટે તમ પા......સ!"

પડેલા બન્ધુશરીરને બળાત્કારે ઉંચું કરી–તેને ફરી પડી જવા ન દેવું હોય–તેને ટેકો આપવો હોય—તેમ—મલ્લરાજ બળ કરી સામંતને ભેટી પડ્યો, અને બળવાન્ યોદ્ધાઓનું સ્થિર આલિંગન જોતું બ્રાહ્મણનું નેત્ર સ્થિર દૃષ્ટિ કરી રહ્યું, અને એના હૃદયમાં ઉછળતો સ્વર મુખ ઉપર સહસા ચ્હડી આવી ગાજ્યો—"મહારાજ, મહારાજ, આ "રાજભક્તિ આગળ અમ દરિદ્ર બ્રાહ્મણો કાંઈ લેખામાં નથી—મહારાજ, "આવા રાજભક્તનું સંતાન આજ જેટલું ઉંચું ઉછળે છે એટલું જ "નમ્ર થઈ આપના ચરણ પર એક દિવસ આવી જ રાજભક્તિથી "પડશે—મહારાજ, મીઠા બીજનું ફળ મીઠું જ થશે. મહારાજ, "અમારા જેવાં દરિદ્ર ફળને લોભે આવાં રત્નફળનાં બીજ આપની

" વાડીમાંથી દૂર ન કરશો ! પ્રધાનો તો અનેક આવશે જશે પણ
" ઉદાત્ત રાજવંશનાં બીજ ગયેલાં પાછાં નહી જડે."

મલ્લરાજે સામંતને બાથમાંથી છોડ્યો, અને સર્વ બેઠા.

આનંદ અને ઉત્સાહથી ઉભરાતા રાજાના મુખમાંથી વચન નીકળ્યું.

" સામંત, રાજાનો ધર્મ એવો ગહન છે કે ઘણી વેળા એના
" મનને અણગમતી વસ્તુ એને જ હાથે કરવી પડે છે અને તે જ
" પ્રમાણે તને શિક્ષા કરવી પડી છે—"

રાજાના વચનમાં ભંગ પાડી સામંત વચ્ચોવચ બોલી ઉઠ્યો, " મહારાજ, એ વાત પડતી મુકો અને મ્હારી માગણીનું
" સમાધાન કરો."

મલ્લરાજ—" સામંત, હું બાળક મુળુને શિક્ષા કરું તે વિના તું
" સંતોષ પામે એમ નથી. તો સાંભળ. એ બીજ બગડ્યું હશે તોપણ
" એને સુધારવા હજી એક પ્રયત્ન કરવો ઘટે છે. દૈવની ઇચ્છા એને
" દુષ્ટ બુદ્ધિ આપવાની થઈ તો આપણે એમ ધારવું કે એ જ ઇચ્છા
" એને પાછી સુબુદ્ધિ આપશે, અને આજ વેઠેલો તીવ્ર તાપ તે
" પ્રસંગની છાયાની મીઠાશનું મૂલ્ય બતાવશે. એ કાળે એને જાતે જ
" પશ્ચાત્તાપ થશે અને તેની શિક્ષા એને ઓછી નહી થાય એનું દૃષ્ટાંત
" ત્હારા અનુભવથી પ્રત્યક્ષ કરી લે. એમ છતાં આજ દૂષિત થયેલી
" બુદ્ધિ વધારે દુષ્ટ થશે અને ત્હારા ધારવા પ્રમાણે ઉદયકાળે ન
" ડાએલો શત્રુ આગળ જતાં બળવાન્ થશે તો તે કાળે આપણા
" હાથમાં જે બળ હશે તે અજમાવીશું."

સામંત—" એ રાજનીતિ મને સમજાતી નથી. મહારાજ, મને
" કરેલી શિક્ષા મુળુને શિક્ષા કરતાં આપને અટકાવે છે એથી જે
" મ્હારી બુદ્ધિ થઈ છે તે આપ આથી દૂર કરો એમ નથી."

મલ્લરાજ—" ખાચરની સાથે સંધિ કરવામાં અને એજંટની સાથે
" જીતવામાં આપણે મુળુને એની ઇચ્છાવિરુદ્ધ સાધન કરવાનું ધારીએ
" છીએ; જો મુળુ સદા દુષ્ટ જ ર્‌હેશે તો તે ધારણા સિદ્ધ થયાથી
" મુળુ પોતે પોતાને ફસાયો અને હાર્યો જાતે જ સમજશે અને તે
" શિક્ષા દુષ્ટ હૃદયને માટે ઓછી નથી."

સામંત—" પછી ?"

મલ્લરાજ—" પછી એથી પણ વધારે શિક્ષા યોગ્ય લાગશે તો
" સામંતને હાથે મુળુને શિક્ષા કરાવીશ."

સામંત—" નક્કી ? "

મલ્લરાજ—" મલ્લરાજનું વચન ફર્યું છે ? "

સામંત—" તો મહારાજની આજ્ઞા સિદ્ધ થઈ સમજો."

સામંત આજ્ઞા લેઈ ગયો. મલ્લરાજ જરાશંકરને ક્હેવા લાગ્યો.

" જરાશંકર, ફાક્સ સાહેબ થોડા દિવસ ઉપર આપણા અરણ્યમાં " મૃગયા કરવામાં મ્હારો સાથી હતો. ઘણી વાતો અમે કરી. પણ " આ વાત કરવા એનો ઓઠ ઉઘડી શક્યો નથી—બાકી એણે વાત " ઉઘાડવા ધારી હતી તે હું જાણું છું. "

જરાશંકર—"મહારાજ, સદ્‌ગુણનો પ્રતાપ એવો છે કે દુષ્ટ લોક " એ પ્રતાપથી જ અંજાઈ જાય છે અને બાયલા બની, જેવા આવેછે, " તેવા પાછા જાયછે. તેમાં જેનામાં સદ્‌ગુણ સાથે શૌર્યનો સંગમ " હોય એવા મહાત્મા પાસે તો દુષ્ટતા સાથે ગમે તેટલું બળ હોય " તે નિર્બળ થઈ જાય છે. અન્ય પ્રસંગે મ્હેં આપને કહ્યું હતું કે એક " મહારાજાને મુનિયોના તપોવનમાં પેસતાં એવું ક્હેવું પડ્યું હતું કે,

* " पदे पदे साध्वसमावहन्ति ।
" प्रशान्तरम्याण्यपि मे वनानि ॥"

" સિંહ અને વાઘ જેવાં ક્રૂર પ્રાણીઓ પોતાની સામે એકટશે જોઈ " રહેનારથી પાછાં ખસે છે. તો ગમે તેવો દુષ્ટ પણ ચતુર ઈંગ્રેજ આપના " જેવાની પાસે પોતાના મુખથી અપવિત્ર ઉદ્‌ગાર ક્હાડતાં પાછો કેમ ન " હઠે ? મહારાજ, જો કોઈ રાજાની પાસે કોઈ ઈંગ્રેજ હલકી વાત ક્હાડે " કે તેનું અપમાન કરે તો એટલું સિદ્ધ ગણજો કે એ ઈંગ્રેજ તો ગમે " તેવો હશે પણ એ રાજાના રાજત્વમાં કોઈ મહાન્ દોષ હોવો જોઈએ."

મલ્લરાજ અને જરાશંકર છુટા પડ્યા. સામંતને સોંપેલું કામ એણે શ્રદ્ધાથી અને ચતુરતાથી કર્યું. દિવસ ગયા. માસ ગયા. મુળુનો વિશ્વાસ સામંતે મેળવ્યો. તેના સાધનથી ખાચર અને એનાં માણસ રત્નનગરીના રાજાને વશ બની વર્ત્યાં. ખાચર સાથે સન્ધિ થયો, સરકારના એજંટે આ સન્ધિનું પ્રમાણભૂત સાક્ષિત્વ કર્યું, અને સરકાર સુધી સન્ધિ વજ્રલેપ થયો. મલ્લરાજના રાજ્યની ચારે પાસની સીમા દૃઢ નિર્ણીત થઈ ગઈ. યુવાન મુળુએ મનથી પરાક્રમ કર્યું માન્યું. તેની

* આ વન અતિશય શાંત અને રમ્ય છે તો પણ પગલે પગલે મ્હારા હૃદયમાં ભય ઉત્પન્ન કરે છે.

બુદ્ધિ આગળ ખાચર હાર્યો ખરો. એજંટ, ખાચર, અને મુળુ, એ ત્રણ અને ચોથો મલ્લરાજ—એ ચાર જણ વચ્ચે રમાયલા ચોપટમાં મલ્લરાજનાં સોકટાં પ્રથમ પાકી ગયાં. એ બાજીમાં એનો ભીરુ બનેલો બાલક મુળુ પણ મનમાં ફુલાયો. પ્રધાનપક્ષની હાર હવે સિદ્ધ થયા જેવી એની દૃષ્ટિએ પડી. પિતા અને મલ્લરાજ ઉપર આ વાતની ઉઘરાણી કરવાનો એણે હવે પોતાનો અધિકાર સિદ્ધ ગણ્યો.

સામંતને જે પ્રસંગનું ભય હતું તે આગળ આવ્યું. મલ્લરાજ મુળુની સર્વ ઇચ્છાઓ તૃપ્ત કરવા તત્પર હતો, એ ઇચ્છાઓથી પણ અધિક કૃપા કરવા અભિલાષી હતો, પણ એ તત્પરતા અને અભિલાષના કરતાં પ્રધાનનું રક્ષણ કરવા એનો આગ્રહ અને નિશ્ચય અતિશય અધિક હતો. સામંતને આ રાજનીતિનો જાતઅનુભવ હતો, અને મન સ્વસ્થ થતાં પોતાને થયેલી શિક્ષા તેમ આ રાજનીતિ ઉભયને એણે ઉત્તમ ગણ્યાં હતાં. મલ્લરાજ પોતાના બન્ધુમંડળની ઉન્નતિ ઇચ્છતો હતો અને તેમાં રાજ્યનું કલ્યાણ માનતો હતો. પણ આ કૃપાનું પાત્ર થયેલું મંડળ પ્રમત્ત અને ઉન્મત્ત થાય તો અધિકારી મંડળ અસ્ત થાય તે પણ સમજતો હતો. જેમ જુદી વ્હેતી ગંગા અને યમુના એક હિમાચલમાં પ્રભવ પામેછે તેમ બન્ધુઓનું તેજ અને અધિકારીઓનો અધિકાર એ ઉભયના જુદા પ્રભવ એક જ રાજ—અંગમાંથી છે, અને યમુનાને ગંગા સમુદ્રમાં પ્હોંચાડે છે તેમ બન્ધુઓના તેજને રાજ્યસિદ્ધિના સમુદ્રમાં લેઈ જનાર પ્રવાહ અધિકાર જ છે માટે અધિકાર—અંગને તેજ—અંગના ઉન્માદથી ન્યૂન થવું ન પડે તેને માટે રાજા રાત્રિદિવસ સજ્જ અને જાગૃત ર્‌હેતો, અને એવો ઉન્માદ દેખતાં તે ઉપર સિંહના પંજા જેવો ભાર મુકતો. આ રાજનીતિને એક પ્રસંગે પ્રતિકૂળ ગણતો સામંત, સાત્વિક વૃત્તિને સમયે અનુકૂળ અને આવશ્યક ગણવા લાગ્યો હતો, અને એ સિંહનો પંજો પોતાના પુત્રને માથે મુકાવવા અને રાજ્યને નિષ્કંટક કરવા એની રાજ્યભક્તિએ એને આગ્રહ ચ્હડાવ્યો હતો.

મુળુએ રાજાની ઇચ્છા તૃપ્ત કરી, અને રાજાએ મુળુની ઇચ્છાઓ તૃપ્ત કરવા અનેક યત્ન કર્યા. પણ જ્યાં વૈરાગ્નિ બળ્યાં કરે ત્યાં બીજી ઇચ્છાઓની ગમે તેટલી તૃપ્તિ થાય તે આ અગ્નિથી બળતા ચિત્તને શાંત કરી શકતી નથી. જ્યાં આગળ વૃદ્ધ સામન્તે ક્ષણિક

ક્રોધને શાંત કરી અપૂર્વ રાજભક્તિ દર્શાવી અને ઉદાર રાજનીતિમાં પ્રજ્ઞતા ઉત્પન્ન કરી ત્યાં આગળ તેનો યુવાન બાળક બ્રાહ્મણને હાથે પિતાને થયલા અપમાનની અક્ષમા ડાબી શક્યો નહી. પિતૃભક્તિએ રાજભક્તિના અંકુરને કચરી નાંખ્યો, અને વૈરના ભડકાએ રાજનીતિના વિચારના દીવાઓને અસ્ત કરી નાંખ્યા. ખાચર સાથે સન્ધિ થતાં બ્રાહ્મણોનું બળ પડી ભાગશે એ ઇચ્છા નિષ્ફળ થતાં બીજી સર્વે ઇચ્છાઓ અનિચ્છારૂપ થઈ ગઈ અને એક જ ઇચ્છાની તૃપ્તિ પામવામાં નિષ્ફળ થતાં ચિત્તમાં અસહ્ય ક્રોધ ઉત્પન્ન થયો. कामात्संजयते क्रोधः એ વાક્ય સિદ્ધ થયું. બીજા વિકારોનો પ્રવાહ એક દિશામાં જનાર હોય છે; ક્રોધનો ભડકો સર્વ દિશામાં વિવેક વગર ફેલાય છે, પાત્રાપાત્ર જોતો નથી, અને જેને અડકે તેને સળગાવે છે. ચંડિકાને દૈત્યસાથે યુદ્ધક્રોધ થતાં તેણે શિવજીના દેહ ઉપર નૃત્ય કર્યું. ક્રોધનો અગ્નિ સર્વ–સંહારક થાયછે. પ્રધાન ઉપર ઉપજેલા મુળુના ક્રોધની જ્વાળા મલ્લરાજના દેહની આસપાસ ફરી વળવા લાગી. જો મલ્લરાજ પ્રધાનને ક્હાડે નહી તો મલ્લરાજની સત્તાનો નાશ કેમ થવો ન જોઈએ? પણ આ વાત રત્નનગરીમાં અશક્ય હતી, અને રત્નનગરી બ્હાર સરકારના એજંટના હાથમાં મુકાય એવું કાંઈ શસ્ત્ર મુળુને જડ્યું નહી. પ્રધાનની સત્તાનો નાશ ન બનતાં પ્રધાનનો નાશ કરવાનો માર્ગ મુળુએ શોધ્યો.

કુતરો પૃથ્વી સુંઘતો સુંઘતો ચાલે તેમ મુળુ પ્રધાનનાં છિદ્ર શોધવામાં આયુષ્ય ગાળવા લાગ્યો. છિદ્ર ન જડતાં પ્રધાનની સાથે વૈરભાવે મિત્રતા રચવા લાગ્યો. કાળક્રમે મુળુ વિદ્યાચતુર અને જરાશંકરને ઘેર જતો આવતો થયો. તેના મનના મર્મનો પરીક્ષક અનુભવી વૃદ્ધ જરાશંકર છેતરાયો નહી. મુળુ ને પ્રધાનની વચ્ચે, બે ગ્રહો એક બીજાને દેખે તેવો, એક બીજાને જોવાના સંબંધ કરતાં વિશેષ, સંબંધ થયો નહી. બૃહસ્પતિની અવિશ્વાસની નીતિ જાણનાર મામાએ તેના ઉપર રજ વિશ્વાસ કર્યો નહી ત્યારે અનુભવહીન ભાણેજ છેતરાયો અને વિદ્યાચતુર મુળુને રાજાનો ભત્રીજો ગણી તેની મિત્રતા સ્વીકારવા લાગ્યો. આટલું છિદ્ર મળતાં રજપુતનો બાળક કપટકળામાં યુદ્ધનિપુણતાનો ઉપયોગ કરવા લાગ્યો. જરાશંકરને આ સંબંધનો આભાસ લાગતાં તેણે ભાણેજને ચેતાવ્યો. પણ ઈંગ્રેજી વિદ્યાથી ભોળવાયલો પંડિત માની વિદ્યાચતુર મામા સાથે મનમાં એકમત થયો નહી. છતાં મામાની

આજ્ઞા માની, પણ પોતાના વિચાર ન ભુલાવાથી સુજ્ઞ લાગતા મિત્રને એ છેક દૂર કરી શક્યો નહી.

સુળુનો પગ આવી રીતે વિદ્યાચતુરના ઘરમાં થોડો ઘણો રહ્યો, **માનચતુરને** સુળુનું મ્હોં સરખું ગમતું નહી, અને એ આવે તે પ્રસંગે વાઘની પેઠે સજ્જ ર્‌હેતો. એક દિવસ **માનચતુર** ઘર બ્હાર ગયાનો લાભ લેઈ સુળુ વિદ્યાચતુરને ઘેર ગયો, અને બાળક કુમુદસુંદરીને રમાડવાનો પ્રસંગ શોધી ઘરની અંદર કામ કરતી ગુણસુંદરી ઉપર દૃષ્ટિ નાંખવા લાગ્યો. ઘરના ચાકરો આઘાપાછા હતા. સુંદર કોઈ પાડોશીને ઘેર ગઈ હતી. વિદ્યાચતુર ઘેર આવ્યો ન હતો. રજપુતની દૃષ્ટિ, વિકારથી રાતી, ચોરની પેઠે પ્રસંગ શોધતી, અને શીયાળની પેઠે અંધકારને ભેદી આગળ આવતી, લાગી. તેને છેટેથી જોતી ગુણસુંદરી અંતર્ભયથી કંપવા લાગી, અને, છેટે ઉભેલા પુરુષનો હાથ કાંકરા ઉપાડવા તત્પર થતો જોઈ ચતુર કાગડી ઉડી જાય તેમ, ઘરની પરસાળમાં ન્હાસી ગઈ અને પરસાળનાં દ્વાર વાસી દીધાં. પણ બાળક કુમુદ વાસ્તે તેના જીવને ગભરામણ થઈ. છતાં દીકરી કરતાં કુટુમ્બલજ્જાને વ્હાલી ગણી. ઘર ઉઘાડું હતું–તેને અને દીકરીને ઈશ્વરના હાથમાં સોંપ્યાં. જાતે જરાક શાંત થતાં એ સઉ નિર્ભય લાગ્યું અને પોતાને પરસાળમાં સંતાઈ ર્‌હેવું ઉચિત લાગ્યું–માત્ર એક કાણામાંથી બ્હાર દૃષ્ટિ રાખવા લાગી. કુમુદને પાછી આપવાને નિમિત્તે સુળુ ઘરની અંદર આવી ફરવા લાગ્યો. આમ તેમ શોધવા લાગ્યો, અને એટલામાં **માનચતુર** બ્હારથી આવી દ્વારમા પેઠો.

**માનચતુરે** કુમુદને સુળુભાના હાથમાંથી લેઈ લીધી; અને ચારે પાસનો દેખાવ જોઈ, ગુણસુંદરીની અવસ્થા કલ્પી, ભવિષ્યમાં આ પ્રસંગ ન આવે અને રાજપુત્રની સાથે દેખીતો વિરોધ ન થાય એવું વચન રચ્યું.

“ સુળુભા, આપ મ્હોટા ઘરનું છોરુ તે આ ગરીબ ઘરમાં આવો
“ ત્યારે અમારે ત્યાં કંઈ કંઈ ગુંચવારા થાય અને લોકમાં આપને
“ ન્હાનમ લાગે. માટે વિદ્યાચતુરનું કામ હોય તો આપ એને સંદેશો
“ મોકલશો તો તરત આપને મળવા આવશે અને દરબારમાં તો નિત્ય આપને
“ વગર તેડ્યો મળી શકશે. માટે આપ અત્રે આવવાનો શ્રમ લેવા કરતાં

"એને જ શ્રમ આપશો તેમાં સઉને સારુ દેખાશે. આપ જાતે શાણા "છો અને સામંતસિંહને પુછશો તો આવી જ રીતે બતાવશે."

અંતઃકરણના અપરાધે મુળુને આ મર્મવાક્યનો અર્થ સમજાવ્યો. વૃદ્ધજન અને તે વળી માનચતુરના દેખાવવાળો–તેને પ્રત્યુત્તર વાળવા સામંતના પુત્રની છાતી ચાલી નહી. "ખરી વાત" કહી, નીચું જોઈ, વધારે બોલ્યા કે જોયા વિના તે ચાલતો થયો. ને દ્વારમાંથી નીકળ્યો તેની સાથે તે સાંભળે એમ બુમ મારી મ્હોટે સ્વરે માનચતુર કહેવા લાગ્યો,

"ગુણસુંદરી રાહુ ગયો—બ્હાર નીકળો અને કાલથી દરવાજે "આરબની ચોકી રાખજો કે આવો પ્રસંગ ફરી ન આવે."

ગુણસુંદરી દ્વાર ઉઘાડી બ્હાર આવી, અને દયામણે મુખે રંક સ્વરે બોલીઃ "વડીલ, મ્હેં આપને એક બે વાર કહેલું છે કે આપણા "લોકમાં મઝીયારાં રહેવાનો ચાલ છે તે સારો છે તે એટલા માટે કે "આવો પ્રસંગ તેમાં ન આવે. મ્હારાં સાસુજી, નણંદો અને જેઠ "જેઠાણી હતાં ત્યારે બધું ઘર આખો દિવસ ભરેલું રહેતું અને બ્હારનો "માણસ જમ જેવો હોય પણ તેની છાતી, ઉમરાની માંહ્ય નજર "નાંખવા જેટલી, ચાલી શકતી ન હતી. મ્હારાથી આપની સેવામાં કોણ "જાણે શી ન્યૂનતા આવી જતી હશે કે આપ ઘડી ઘડી મનોરીયે "જઈ વસો છો."

માનચતુર "હસ્યો, "પણ હવે આરબ રાખીશું કની! ઈંગ્રેજી "ભણે તેને તો ઈંગ્રેજની પેઠ એકલો વાસ અને એકલાં ઘરબાર હોય "તે ઠીક પડે."

ગુણસુંદરી ગાલે હાથ દેઈ બેઠીઃ "આપને કહેવું હોય તો વડીલ "છો. પણ મ્હારા હૃદયમાં જે વાત છે તેનો સાક્ષી ઇશ્વર છે. ઈંગ્રેજ "લોકની ફુંકથી પર્વતો ફાટે છે અને તેમના નામથી રાજાઓ કંપેછે. "મડમો અરણ્યમાં હોય પણ તેના સામી દૃષ્ટિ કરતાં લોક ડરે. "આપણાં ઘર એમનાં ઘર પેઠે ઉઘાડાં થઈ જશે ત્યારે રસ્તાના જનારને "અને શેરીનાં કુતરાંને પણ તેમાં પેસી જવાનું મન થશે. આપણા "ઘરનાં લશ્કર વેરાઈ જશે ત્યારે ધોળે દિવસે ધાડ પડશે. વડીલ, તમને "હસવું આવે છે પણ ખરું જાણજો કે આપના જેવા વડીલો તે

" આપણા ઘરના ગઢ છો અને એ ગઢ તુટશે ત્યારે તેમાંનાં તમારાં અમ
" જેવાં ઢોર અને બીજું જે પવિત્ર ધન હશે તેને લોક લુટશે
" તેટલાં લુટાશે."

" ગુણસુંદરી ! તમારાં આ વચન સાંભળવાનું મને મન થયું હતું
" માટે આટલું ક્‌હેવડાવ્યું. ઘરડાઓ ગુણમાં ઘાલેલા બોલે તે તમે સમજો
" છો; પણ હવેના કાળમાં તો જુવાનીયા વાજુ જેવું બદલાયું છે તેમ
" જ ઘરડાઓની ગત ગઈ છે એટલે તમારું ક્‌હેવું જ્યાં જોશો ત્યાં
" ખોટું પડશે. બાકી આપણા ઘરમાં તો એવું કહું તો જવાનમાં મ્હારાં
" છોકરાં તમે બધાં, અને ઘરડાંમાં હું જાતે, તે આપણામાં જ એવો
" કાળ બદલાઈ કળજુગ બેઠો કહું તો આપણને પોતાને જ ગાળ પડે !
" માટે આપણા ઘરમાં તો એ કાળનો વા વાયો જ નથી. પણ કાલનો
" વિશ્વાસ નહી તો આજનો કેમ થાય ? માટે આરબો ઉમરે રાખીશું
" અને હું તો જીવું ત્યાં સુધી છું સ્તો !" આમ બોલતો બોલતો
**માન**ચતુર હસવા લાગ્યો અને ગુણસુંદરીને બીજી વાતમાં નાંખી.

આણી પાસ **વિદ્યાચતુર**ના ઘરમાં ન ફાવેલો **સુળુ** પોતાના ઉપર ખીજવાતો અને મનમાં બડબડતો બડબડતો નગર બ્હાર પોતાનો બાગ હતો તે દિશામાં ચાલ્યો. ગુણસુંદરીએ પોતાના કરતાં વધારે ચકોરપણું બતાવ્યું જોઈ સ્ત્રીજાતિને હાથે પોતે હાર્યો તેનું એને ઘણું હીન પદ લાગ્યું. મ્હારું છિદ્ર **વિદ્યાચતુર**, **જરાશંકર**, અને **મહારાજ** જાણશે એ ભયથી તે કંપવા લાગ્યો. **માન**ચતુર જેવા વૃદ્ધ બ્રાહ્મણને હાથે તિરસ્કાર ગળી જવો પડ્યો તે વિચારથી તે અસ્ત થયો. આ સર્વ વિચાર કરતો કરતો એ ચાલ્યો જાય છે એટલામાં માર્ગની એક પાસ એક હાટ આવ્યું. ત્યાં આગળ એક બ્રાહ્મણ રાગ ક્‌હાડી ગાતો હતો અને તેની આસપાસ લોક એકઠા થયા હતા. પોતાના મ્લાન ચિત્તને કંઈક વિનોદ મળે એ આશાથી **સુળુ** લોકના ટોળામાં ભળ્યો.

" પુરુષને અબળા ક્‌હેવાતી નચાવે,
" રાણીજાયાપાસે એ પાણી ભરાવે,
" જોજો, લોક, કૌતુક કળજુગનાં એ !

" વંઠેલાને ઊંડે કુપે એ ઉતારે,
" પુરાણીનાં પોથાં પાણીમાં પલાળે ! જોજો૦

" મ્હોટા મ્હોટા જોગીને જળમાં નાંખે,
" જ્ઞાનીઓની આંખે પાટા તાણી બાંધે ! જોજો૦

" ઋષિ મુનિ એના થકી ભુરકાયા,
" કામણ કરે નારી તણી ગંદા કાયા— જોજો૦

" હડહડતો આ આવ્યો છે કળિકાળ,
" સતીઓ ઉતરી ગઈ પાતાળ ! જોજો૦

" વ્યભિચારિણી આજ થઈ જોગમાયા,
" એની દૃષ્ટિએ જે પડ્યા તે ફસાયા ! જોજો૦

" બ્રાહ્મણભાઈના મંત્ર થયા એનાં તંત્ર,
" રજપુતનાં શસ્ત્ર બન્યાં એનાં જંત્ર ! જોજો૦

બ્રાહ્મણ આમ ગાતો હતો ત્યાં તેની સામે એક જણ ગયો અને એને ખભે હાથ મુકી ક્‌હેવા લાગ્યો—" અલ્યા, ત્‌હારા ઘરમાં પણ " એવાં જોગમાયા છે કે ?—હોય તો ક્‌હેજે—" આ સાંભળી બ્રાહ્મણને ક્રોધ ચ્હડ્યો અને યુદ્ધ જાગ્યું. તેનો કોલાહલ અતિશય થયો; " હો હો " કરતા છોકરાઓ એની પાઘડી ઉછાળવા લાગ્યા, એ ટોળામાંથી બ્રાહ્મણને છોડવી, પોતે છુટી, મુળુ એકલો ચાલ્યો અને વિચારમાં ને વિચારમાં બોલવા લાગ્યો—

" રાણીજાયાપાસે એ પાણી ભરાવે..............
" રજપુતનાં શસ્ત્ર બન્યાં એનાં જંત્ર !"

" ખરી વાત !—ના, ના, સ્ત્રીઓમાં હતી તેવી ને તેવી સતીઓ " હજી છે, પણ અમે રજપુતો જ બગડ્યા." શાંત પડી મનમાં બોલવા લાગ્યો: " મ્હારા જેવો મૂર્ખ કોઈ નથી કે ખરો માર્ગ મુકી " ખોટે માર્ગે દોરાયો. યુદ્ધ તે સરખે સરખાનું. આ જરાશંકર અને " વિદ્યાચતુર તે કોણ ?—હું—બીચારા બુમણા પ્રધાન તે રાજાના દાસ. " એવા હલકાઓના ઉપર મ્હારા મનમાં વેર થયું ને એવા હલકાઓ " સાથે યુદ્ધમાં ઉતર્યો એટલે આવું હલકું યુદ્ધ કરવું પડ્યું."

"પ્રધાન ઉપર વેર લેવાનું બીજે રસ્તે ન ફાવતાં આ હલકું કામ
"સુઝયું, તેમાં ફાવ્યા હત તો પણ ફળ કાંઈ નહી, ને એ ન
"ફાવ્યા તેમાં આ આબરુ ગઈ. ખરી વાત છે પોતાના જેવા
"સાથે લ્હડવું."

વિચારમાં પડી ચાલ્યો. થોડો છેટે ગયા પછી નવો વિચાર સુઝતાં પૃથ્વી ઉપર એક હાથ ફુંધો અને મુછે હાથ દેઈ હસ્યો. મહા ઉલ્લાસથી મનમાં બોલ્યો;

"બ્રાહ્મણોએ કર્યાં શાસ્ત્ર તે રજપુત તોડે. મ્હારા દાદા
"નાગરાજથી બે વરસ ન્હાના એટલે અમને ગાદી ન મળે!
"એ પેલા ધુતારા બ્રાહ્મણોનું શાસ્ત્ર. દાદો બે વરસ મોડો જન્મ્યો
"તો પોતરો* વ્હેલા જન્મેલાને ન જન્મેલા કરે એમ ક્યાં નથી?
"આ નકામો બાયલો મણિયો જીવતો ન હોય તો મુળુ એને
"ઠેકાણે રાજા! તરવારના એક ઘાનું કામ! આ બ્રાહ્મણો સાથે
"નકામી માથાકુટ કરવા કરતાં રજપુત રજપુતાઈ કેમ નહી કરે?
"રાજ્યને સુધારવા રજપુતાઈ કરતાં કોનો ડર છે! રાજા થવાને
"યોગ્ય હોય તે રાજા થાય!"

દુર્ભાગ્યની ઘડીમાં કરેલા એ વિચારે જુવાન મુળુનું મસ્તિક ફેરવ્યું અને વંટોળીયે ચ્હડાવ્યું. મણિરાજનું વય બાલ્યાવસ્થા ત્યજતું હતું અને તેને રત્નનગરીનાં મહાન્ અરણ્યોમાં મૃગયાની દીક્ષા આપવામાં તરત જ આવી હતી. તેની સાથે બીજા રાજપુત્રોને મોકલવામાં આવતા હતા. આ પ્રસંગ અને સહવાસનો લાભ લેઈ મુળુએ મણિરાજનું ખુન કરવાનો યત્ન આરંભ્યો. પુત્રનો વિશ્વાસ પામેલા પિતાને આ યત્ન જાણતાં–પકડતાં–વાર ન લાગી. સામંતે એકદમ મુળુને કેદ કરી, તેને બેડીઓ જડી, પોતાના ઘરમાં એક ઓરડામાં પુર્યો. એને પાકા કબજામાં રાખી વચનબદ્ધ રાજા પાસે પોતાના પુત્રના નાશનું વરદાન લેવાનો પોતાનો નિશ્ચિત અધિકાર ગણી રાજભક્ત પિતા રાજમન્દિર ભણી ચાલ્યો. પુત્રની દુષ્ટતાની પરીક્ષા એણે પ્રથમથી કરી હતી એટલે આજ એને કાંઈ નવો શોધ કર્યા જેવું આશ્ચર્ય વસતું ન હતું પણ એ પરીક્ષાનું ફળ આજ સુધી રાજાએ ન આપ્યું તે હવે હાથમાં આવ્યું

* પૌત્ર.

સમજાયું. પોતાના ઘરમાં સળગેલા કુલાંગારનું આયુષ્ય ખુટ્યું સ્પષ્ટ થયું. પોતાના રાજાના શત્રુનો નાશ નક્કી ગણ્યો. બાળક મણિરાજને નિષ્કંટક કરવાનો અભિપ્રાય સિદ્ધ થશે જાણી સામંતને આનંદ વ્યાપી ગયો. પોતાનો અભિપ્રાય સત્ય થયો જાણી એને યોગ્ય ગર્વ ચ્હડ્યો. દુષ્ટ પુત્રને શત્રુ ગણી તેનો વધ ઇચ્છતાં પોતાના હૃદયમાં કાંઈ પણ ખેદ થાય કે મૃદુતા જણાય એવો અનુભવ કે આભાસ ક્ષત્રિય પિતાને રજ પણ થયો નહી. પ્રાતઃકાળે ભૂ-નભની સંયોગરેખામાંથી નીકળી, પળવાર નમ્ર દેખાઈ, પોતાનાથી જન્મ પામેલા મળસ્કાનો નાશ કરવા સૂર્ય જેમ ઉગ્ર તેજથી અને વેગથી ઉંચો ચ્હડતો ભભુકતો લાગે તેમ આ પ્રસંગે ઘર છોડી રાજમંદિર ભણી અત્યંત ઉત્સાહથી અને વેગથી સામંત પગલાં ભરવા લાગ્યો.

સામંતે મલ્લરાજ પાસે ફરીયાદી કરી. મલ્લરાજે તે શાંત ચિત્તથી સાંભળી. સામંતે મુળુને શિક્ષા કરવાનું માગણું કર્યું. મલ્લરાજે કહ્યું કે તેનો વિચાર થશે. “આવો સ્પષ્ટ વાતમાં વિચાર શો?— “આથી મ્હોટો અપરાધ શો?—આપે મને આપેલું વચન સત્ય કરો,” એમ સામંતે ઉત્તર આપ્યો. મલ્લરાજે વિચાર કરી જરાશંકરને આજ્ઞા કરી કે “આ વાતનો નિર્ણય કરવાને ભાયાતોની પંચાયત નીમવા મ્હારો “કરેલો ઠરાવ છે તે તને અને સામંતને ખબર છે–તે વાંચી ક્હાડો, તે “પ્રમાણે પંચ નીમો, અને તેની પાસે મુળુનો ન્યાય કરાવો.”

સામંત—“તો શું આપ ન્યાય નહી કરો? અપરાધના પ્રસંગોમાં “એ પંચ નીમવાનો ઠરાવ નથી.”

મલ્લરાજ—“એ ઠરાવ વાંચજે. ‘રાજ્ય સાથે વાંધો પડે ત્યારે “પંચ નીમવા’ એવો ઠરાવ છે. મણિરાજની વાતમાં મ્હારે ન્યાય “ચુકવવો પડે તે ઠીક નહી. મ્હારો કરેલો ન્યાય સ્વીકારવો હોય તો “આ ફરીયાદી કરવી છોડી દે અને મુળુને છુટો કર.”

સામંત—“હવે છુટશે આવતે અવતાર. મ્હારી સાથે વચનથી “બંધાયા છો.”

મલ્લરાજ—“તો જે વચનથી તું અને ભાયાતો બંધાયા છો તે ઠરાવ “પ્રમાણે ન્યાય થશે.”

સામંત—“તો તેમની ઇચ્છા પ્રમાણે શિક્ષા પણ થશે, અને એ “ઠરાવ પ્રમાણે પંચમાં મને પણ બેસવાનો અધિકાર છે.”

મલ્લરાજ—“તું તટસ્થ નથી–ન્યાય કરવા અયોગ્ય છે. તું ફરી-“યાદી કરનાર છે”

**સામંત**—" તો હું અપરાધીનો બાપ પણ છું. મહારાજ, બીજા
" ભાયાત શરમ રાખી એને છોડે—માટે આપના વચન પ્રમાણે મને પંચમાં
" બેસવાનો અધિકાર છે તે નહી આપો તો આપનું વચન તુટશે."

જરાશંકર—" મહારાજ, હું આવાં કારણોથી જ ક્‌હેતો હતો કે
" આ ઠરાવમાં પ્રધાનની સંમતિ લેવી જોઈતી હતી."

મલ્લરાજ—" એ તમે પશ્ચિમ બુદ્ધિવાળા બ્રાહ્મણો ન સમજો. **સામંત**;
" જા એ પંચમાં બેસવાનો અધિકાર તને આપું છું, કારણ વચને બંધાયો
" છું. પણ ઠરાવનો પાછલો ભાગ વાંચી કામ કરજે કે બીજા પંચ ફરી
" નીમવા ન પડે."

પંચ નીમાયા. પંચે સુળુને કુમારના ખુન કરવાના પ્રયત્નનો અપરાધી ઠરાવ્યો અને દેહાંત દંડની શિક્ષા દર્શાવી. એવી ભારે શિક્ષા કરવા રાજાએ ના પાડી. રાજા અને સામંત વચ્ચે વળી વાદ–યુદ્ધ થયું. રાજાએ સુળુને પુછ્યું: " સુળુભા, ત્‌હારી સર્વ ઇચ્છાઓ તૃપ્ત કરવા મ્‌હેં પ્રયત્ન
" કર્યો તે નિષ્ફળ ગયો અને ત્‌હારી દયા આણતાં ત્‌હારા પિતાનાં આ
" વચન સાંભળવાં પડે છે. મ્‌હેં કે **મણિરાજે** ત્‌હારો શો અપરાધ કર્યો
" હશે વારુ?"

સુળુ બેડીઓમાં ઉભો હતો તે આળસ મરડી જરા ઉંચો થઈ બોલ્યો: " મહારાજ, આ ઈંગ્રેજની સાથે આપે સંધિ કર્યો ન હત તો
" આ પ્રસંગ આવત નહી. કર્યો તો ખેર. પણ એ સંધિ કરવા સારુ
" આપની બુદ્ધિને ફસાવનાર આ બ્રાહ્મણને આપે દૂર કર્યો હત તો
" આ પ્રસંગ ન આવત, થવા કાળ થયું. આ મહાન્ રાજપ્રસંગોમાં
" આપ અશક્ત નીવડ્યા અને આવા હલકા બ્રાહ્મણના વશીકરણથી
" બંધાઈ રહ્યા છો તે જ્યાં સુધી મુક્ત થાવ નહી ત્યાં સુધી આ
" સિંહાસનને માટે આપ યોગ્ય છો એમ મને કદી લાગનાર નથી. જે
" ભાર લેવા આપ અશક્ત છો તે ભાર લેવાની મને હીંમત હતી અને
" તેથી જ તે ભાર માથે ખેંચવાનું સાધન મ્‌હેં વાપર્યું. મ્‌હેં એમાં કાંઈ
" ખોટું નથી કર્યું. જગત્‌માં ઘણા અયોગ્ય રાજાઓ રાજ્યાસન પર બેસી
" સમર્થ પુરુષોને જીવનથી મુક્ત કરે છે. તેમ આપ ભલે મને પણ
" મુક્ત કરો. હું મરવા તયાર છું."

**સામંતને** ક્રોધ ચ્‌હડ્યો તે અટક્યો નહી. તેણે એકદમ ઉઠીને સુળુના કપાળમાં મુક્કો માર્યો અને લોહીની ધારા ચાલી. રાજાએ **સામંતને** પાછો ખેંચી લીધો અને વચન ક્‌હાડ્યું.

"મુળુ, ત્હારા પિતાનો ક્રોધ તને શિક્ષા કરે છે તે શિક્ષાથી તને આજ
" ત્હારી બાળક અવસ્થા સાંભરતી હશે તેવે ક્ષણે મ્હારાં પણ બે વચન
" સાંભળ. મ્હારે મ્હોંયેથી તું ન્યાય સાંભળે તે પ્હેલાં ત્હારે મ્હોંયે મ્હારો
" ન્યાય સાંભળતાં મને આનંદ થાય છે. મુળુ, ત્હારે માથે જે આરોપ છે
" તે તું સિદ્ધ કરે છે પણ મ્હારે માથે જે આરોપ તું મુકે છે તે સત્ય
" છે કે નહી તે તને અનુભવનાં વર્ષ વગર બીજું કોઈ શીખવી શકે
" એમ નથી. જો તને દેહાંત દંડ કરી તને એ વર્ષ પ્રાપ્ત કરવા હું
" ન દઉં તો હું ત્હારા આરોપમાંથી મુક્ત નહી થઉં. માટે પ્રથમ તો
" આ આરોપમાંથી મુક્ત થવાના મ્હારા સ્વાર્થ માટે તને દેહાંત દંડ હું
" દેઈ શકતો નથી."

સામંત કુદ્યો અને ગાજી ઉઠ્યો—" શું મહારાજ, શું—એ નહી
" થાય, ભાયાતોએ કરેલી શિક્ષા કબુલ રાખવી પડશે."

મલ્લરાજ—" સામંત, ધીરો થા. ત્હારું વચન સાંભળવાનો કાળ
" આવશે. મુળુ, તું જે વંશમાં જન્મ્યો છે તેમાં આજ સુધી કોઈને
" ત્હારા જેવી બુદ્ધિ સુઝી નથી અને તને સુઝી તે કાળબળ છે. મ્હારું
" અંતઃકરણ હજી મને ક્હે છે કે જતે દિવસે આપણા વંશની બુદ્ધિ તને
" સાધ્ય થશે, અને એમ છે તો તને સંસારમાંથી ભુસી નાંખવા મને
" અધિકાર નથી. જે અપરાધી કદી સુધરે એમ નથી અને જેના ત્રાસથી
" સંસાર કદી મુક્ત થાય એમ નથી એવા અપરાધીને જ સંસારમાંથી
" દેશવટે ક્હાડવો યોગ્ય છે—તે જ મૃત્યુને પાત્ર છે. હું ત્હારી વાતમાં
" નિરાશ થતો નથી તો તું મૃત્યુને પાત્ર નથી. મુળુ, જે રાજ્યાસનને માટે
" તું આજ ઈશ્વરનો અપરાધી થયો છે તે રાજ્યાસનને કોઈ દિવસ પણ ત્હારા
" જેવા રાજાનો ખપ નહી પડે એમ ક્હેવાતું નથી અને તેમ ખપ પડે તે
" કાળે પાકા વયને અને ત્હાડતડકાના મહાન અનુભવને પામી તું
" આયુષ્યમાન હો એમ ઇચ્છવું એ મ્હારો ધર્મ છે. મુળુ, જે મણિરાજને
" સંસાર છોડવાનો માર્ગ દેખાડવા તું તત્પર થયો હતો તે મણિરાજને કોઈ
" કાળે આ રાજ્યાસન ઉપર બેસવાને જીવતો હશે તો ત્યાર સોરો તેની
" ક્ષમાનો તું પાત્ર થશે અને એ એવી ક્ષમાવાળો થશે એવી મને આશા
" છે તે આશાને હું નષ્ટ કહી કરું. માટે સામંત, એક બોલ બોલ્યા વગર
" તું આજ મુળુને કેદમાં રાખ અને એનું આયુષ્ય તોડ્યા વિના એને એવી
" શી શિક્ષા કરીયે કે ત્હારી અને મ્હારા ભાયાતોની ઇચ્છા સિદ્ધ થાય

" અને મ્હારી આશાઓ પડી ન ભાગે તે સર્વનો વિચાર ત્હારી સાથે
" કરી કાલનો સૂર્ય ઉગતાં તેનો અમલ કરીશું."

સુભુને યોગ્ય ઠેકાણે વશ રાખી સામંત પાછો આવ્યો. રાજા, પ્રધાન, અને રાજબન્ધુ, એ ત્રિપુટી વચ્ચે રાજવંશનું ભવિષ્ય ચર્ચાવા લાગ્યું.

મલ્લરાજ—" જરાશંકર, ભાયાતોએ ચુકવેલો ન્યાય તો જાણ્યો.
" તેમને મ્હેં ન્યાયનો અધિકાર આપ્યો છે, શિક્ષાનો આપ્યો નથી.
" તેમણે સૂચવેલી શિક્ષા અત્યંત લાગવાથી મને રુચતી શિક્ષા મ્હેં
" બતાવી છે. એ શિક્ષા કેવી રીતે આચારમાં આણવી તેની ચર્ચા કરવી."

સામંત—" મહારાજ, ઓછી શિક્ષા આપ બતાવો છો તેનું
" કારણ જાણવા મને અધિકાર છે."

મલ્લરાજ—" હા, સુભુના દેખતાં મ્હેં કારણ કહ્યું તે ત્હેં સાંભળ્યું."

સામંત—" પણ મને તેથી સંતોષ વળ્યો નથી. શત્રુનો નાશ
" કરવાને પ્રસંગે તેનું પોષણ કરવું એ ઉદારતામાં મૂર્ખતા છે. આ સર્પને
" દુધ પાવું યોગ્ય નથી. તે બ્હારવટે નીકળશેઃ આપણી પ્રજામાં,
" આપણા ભાયાતોમાં, અને અંતે ઈંગ્રેજ અધિકારીઓમાં—આ દુષ્ટ
" રાક્ષસ મિત્રતા કરશે અને આ રાજ્યને માથે અનેક શત્રુઓ ઉભા
" કરશે. મહારાજ, હું સ્પષ્ટ કહું છું કે આ દુષ્ટ હવે જીવવાને યોગ્ય
" નથી. રાજ્યને વિષ દેનારને માટે મરણની સજા પણ ઘણી ન્હાની છે."

મલ્લરાજ—" ભાયાતોને હાથ ભાયાતોનો ન્યાય કરાવવાનો માર્ગ
" આપણે ઈંગ્રેજોને માટે જ ક્હાડ્યો છે તે તને યાદ હશે."

સામંત—" હા."

મલ્લરાજ—" ભાયાતોને એ ધર્માસનનો અધિકાર આપ્યો તે
" રાજ્યઅંગને કવચ પ્હેરાવવા."

સામંત—" હા."

મલ્લરાજ—" ભાયાતો ઈંગ્રેજદ્વારા રાજ્યઅંગ ઉપર ઘા કરે ત્યારે
" આ કવચ સમર્થ રક્ષણ કરી શકે તેને માટે જ ભાયાતોની સંમતિ
" લેઈ આ કવચ ઘડેલું છે."

સામંત—" હા."

મલ્લરાજ—" તો ઈંગ્રેજ અને સુભુ ઉભયનાથી જેટલા કરાય એટલા
" ઘા તે કરશે તેમ તેમ કવચનું બળ જણાશે, અને કોઈ સ્થળે છિદ્ર

" હશે તો તે પણ જણાશે. અને તે છિદ્રનો ઉપાય કરવામાં સામંતનું
" મલ્લરાજને સાહાય્ય છે."

સામંત—" એ બધાની હા. પણ આવ કુહાડા પગ ઉપર એમ
" કરવાનો માર્ગ મને ગમતો નથી."

મલ્લરાજ—" હાલ એ કુહાડાથી આપણો પગ બચશે; પણ હું, તું,
" કે મણિરાજ કોઈ ન હોઈએ તે કાળે જેને આપણે રાજ્યનો શત્રુ
" ગણીએ છીએ તે રાજ્યનું છત્ર થઈ શકે એમ છે–એ છત્રનો દંડ
" મૂળ આગળથી તોડી પાડવો એ રાજ્યના શત્રુનું કામ છે."

ઘણી ચર્ચા કરતાં અંતે મલ્લરાજના વિચારની યોગ્યતા સ્વીકારાઈ. સુળુને ગમે તે રાજાના રાજ્યમાં રહી તેણે આયુષ્ય પૂર્ણ કરવું, ત્યાં એના પોષણ યોગ્ય દ્રવ્ય દર વર્ષે મોકલવું, એના પોષણનું સાધન થવા અપાતું દ્રવ્ય કુમાર્ગે વપરાય નહી એટલું વધારે ન થાય એવી રકમ આપવી, સામંતના આયુષ્યને અંતે એનો સર્વ ગ્રાસ રાજ્યમાં જપ્ત કરવો, આ પ્રમાણે સુળુના આશ્રય માટે ઠરાવેલા રાજાનું રાજ્ય છોડી સુળુ બ્હાર નીકળે અથવા રત્નનગરીના રાજ્ય વિરુદ્ધ વર્તણુક દેખાડે તો આમ અપાતું દ્રવ્ય બંધ કરવું, રત્નનગરીના રાજ્યની એ હદમાં આવે તો એને કેદ કરવો અને એનું બાકીનું આયુષ્ય પુરું થાય ત્યાં સુધી એને કેદ રાખવો, અને મણિરાજ ગાદી ઉપર બેસે અને મણિરાજનું મન પ્રસન્ન થાય તો સુળુની આ સર્વ શિક્ષામાંથી ગમે તેટલીની મણિરાજ ક્ષમા આપે—આ પ્રમાણે શિક્ષા નિર્ણીત થઈ; અને સુળુની ઇચ્છા પ્રમાણે તેને રાણા ખાચરના રાજ્યમાં મોકલી દીધો અને શિક્ષાપત્ર ઉપર ભાયાતોના પંચે अत्र मतम् ("અત્ર મતું") લખ્યું.

સુળુ રાજ્યમાંથી ગયો. પણ અનેક જાતનો ઉચાટ પાછળ મુકતો ગયો. એજંટને કાન એને બ્હાર મોકલ્યાના સમાચાર ગયા, એણે મલ્લરાજ ઉપર પત્ર લખી ખરા સમાચાર મંગાવ્યા. પત્ર જોતાં સામંતે સુળુને માથે આરોપ મુક્યો કે એણે એજંટને ત્યાં ફરીયાદ કરેલી હોવી જોઈએ. એ પત્રના ઉત્તરમાં રત્નનગરીથી પત્ર ગયો તેમાં સામું પુછવામાં આવ્યું કે આ સમાચાર તમે કોની પ્રેરણાથી મંગાવો છો, શા કારણથી મંગાવો છો, અને શા અધિકારથી મંગાવો છો. ઉત્તર આવ્યો અને એજંટે લખ્યું કે એ સમાચાર અમે અમારી પોતાની ઇચ્છાથી મંગાવીએ છીએ, સુળુના સમાચાર સત્ય હોય તો તે બ્હારવટે નીકળે એવો સંભવ છે, તે તેમ કરે તો દેશની શાંતિને ભય, એ ભય દૂર રાખવાનો અધિકાર સર્વ

રાજાઓની ચક્રવર્તીની સત્તાના ચક્રવર્તિત્વને અંગે સમાયલો છે, અને એ અધિકારનું પોષણ કરવામાં રાજાઓ, પ્રજાઓ અને ચક્રવર્તિનો એક સ્વાર્થ છે. અંતે એજંટે મલ્લરાજને વિજ્ઞાપના કરી લખ્યું કે પોતાને આપનો મિત્ર સમજું છું અને તે મિત્રતાના અધિકારથી સૂચના કરું છું કે સરકારનો આ અધિકાર સ્વીકારવામાં આપના જેવા સદ્‌ગુણી રાજાઓને કાંઈ પણ ભય નથી, એ અધિકાર ન સ્વીકારવામાં આપના ઉપર વિના કારણ શંકા ઉભી કરવાનું બીજ છે, અને એ અધિકારનો સર્વત્ર સ્વીકાર કરાવવા, સરકારની શક્તિ છે તે આપને વિદિત છે, અને ઇચ્છા છે તે હું આપને વિદિત કરું છું.

આ પત્ર વંચાતાં મલ્લરાજ ગાજી ઉઠ્યોઃ "રાજાઓના પંચનું રૂપ "આ એજંટે ધારણ કર્યું હતું–હવે રાજાઓના ફોજદારનું અને "હવાલદારનું રૂપ એણે ધરવા માંડ્યુંઃ! જરાશંકર! આ ત્‍હારી રાજનીતિનું "ફળ ઉગી નીકળ્યું!"

જરાશંકરના કાન મહારાજ ભણી હતા અને આંખ સામંત ભણી હતી. આટલા અનુભવ પછી સામંત આજ કેવું રૂપ ધરે છે તે જાણવા એને આતુરતા થઈ અને મલ્લરાજને ઉત્તર દેવા પ્‍હેલાં પળવાર સામંત ભણી જોઈ રહ્યો. સામંત તે કળી ગયો, અને પ્રથમ પેઠે ગર્જવાનું છોડી દેઈ ગંભીર સ્વરે બોલ્યો.

"મહારાજ, પ્રધાનની જે રાજનીતિ ઉપર આ ફળનો આપ "આરોપ મુકો છો તે જ નીતિમાં એનો પ્રતિકાર પણ સમાયલો છે."

"શું સામંત, રાજાને છોડી પ્રધાનના રથમાં બેસી ગયો?–સામંત, "હું જાગું છું કે ઉંઘું છું? આ–તું–?" મલ્લરાજ અતિ આશ્ચર્યમાં પડી, નેત્ર વિકસાવી લાંબો હાથ કરી, સામંત સામું જોઈ રહ્યો અને બોલ્યો.

સામંત કંઈક હસ્યો અને બોલ્યોઃ "મહારાજ, આપ નિદ્રામાં "છો એમ તો મ્હારાથી કેમ ક્‌હેવાય? પણ આ રાજનીતિનો વિષય "આજ સુધીમાં જ્યારે જ્યારે ચર્ચાયો હશે ત્યારે હમેશ આપ અને હું "પ્રથમ એક પક્ષમાં રહી અન્ધુત્વ સ્વીકારતા, પણ આપ બ્રાહ્મણબુદ્ધિના "પ્રવાહમાં અંતે ભળી જતા અને પક્ષ બદલતા ત્યારે હું મ્હારા "અસલ પક્ષમાં કાયમ ર્‌હેતો. આપે આપેલા અનુભવે ઘણે કાળે આજ "મ્હારો એ અભ્યાસ છોડાવ્યો છે, અને આપ અંતે જે પક્ષમાં ભળવાના "તે પક્ષને હું આરંભથી જ વળગું છું."

મલ્લરાજ ખડખડ હસી પડ્યો. "સામંત, ત્યારે મ્હેં તને કરેલી શિક્ષા
"ત્હેં સફળ કરી. પણ એ શિક્ષા સફળ રાખીને ત્હારો ખરો અભિપ્રાય
"ક્હે. મ્હારો અભિપ્રાય એવો ન હતો કે ત્હારે ત્હારો અભિપ્રાય સંતાડવો."

સામંત—"મહારાજ, આપના કે કોઈના ભયથી અસત્ય બોલું
"તો હું આપનો બન્ધુ થવા યોગ્ય નથી. મહારાજ, આપે આપેલા
"દેશવટાના અવકાશમાં શાંત ચિત્તે વિચાર કરતાં પ્રધાનજીની રાજનીતિમાં
"હું તેમનો અંતઃકરણથી શિષ્ય થયો છું, અને તેથી જ એમની
"રાજનીતિ ઉપર આપે મુકેલા આરોપમાંથી એમને મુક્ત કરવા જેટલી
"છાતી ચલાવી શકું છું."

મલ્લરાજ—"શી રીતે?"

સામંત—"મહારાજ, નિર્વાહકાળની નીતિ પ્રધાનજીએ આપની
"પાસે સ્પષ્ટ કરી છે. નવા ભોજન ઉપર બેઠેલી સરકારને હવે ઘણી ઘણી
"ઇચ્છાઓ થશે. કેટલીક ઇચ્છાઓ ન્યાયે કે અન્યાયે, બળે કે કળે,
"તૃપ્ત કરવા સરકારને આગ્રહ થશે; એ આગ્રહ સામે આપણે શસ્ત્રયુદ્ધ
"કરવાનું નથી, અને લેખયુદ્ધથી પાણી વલોવવા જેવું થશે, બળવાનની
"સાથે નકામો વિરોધ થશે, વિરોધે વિરોધે હાર થશે, અને હારે હારે
"તેમને મન હારેલા શત્રુમાં લેખાઈશું, આપણા મનમાં અપમાન લાગશે,
"બીજાઓની પાસે પ્રતિષ્ઠા જશે અને વાર્યા નહી કરીયે તે હાર્યા કરીશું.
"મહારાજ, આત્મવિડંબના જાતે ઉભી કરવી મને કંઈ ઠીક લાગતી
"નથી. એ મૂર્ખતા કરતાં રાજ્ય છોડવું સારું."

મલ્લરાજ—"ત્યારે શું કરવું?"

સામંત—"આપણા બોલ્યા કે લખ્યાથી સરકાર પોતાની ઇચ્છા
"ફેરવે એવો સંભવ લાગે ત્યારે જ સરકારની સામે લેખયુદ્ધ કરવું. અને
"મિત્રભાવે તેમની પાસે જે સાકર વટાય તે વાટવી અથવા કડવા થવાથી
"ફળ લાગે ત્યાં કડવા થઈ લ્હડવું. પણ સરકારને કોઈ વાતની ઇચ્છા
"થઈ જણાય તો પ્રથમ એટલો વિચાર કરવો કે આ ઇચ્છા અંતે
"અનિવાર્ય છે કે નિવાર્ય છે અને એટલો વિચાર કરી નિવાર્ય ઇચ્છાઓમાં
"સામા થવું અને અનિવાર્ય ઇચ્છાઓ વગર બોલ્યે સમજી જવી, અને જે
"ઇચ્છાઓને આજ્ઞા ગણી શત્રુ બની પાળવી પડે તે ઇચ્છાઓ મિત્રરૂપે
"તૃપ્ત કરવી અને મ્હોટાને ઉપકારવશ કરવા. મહારાજ, જુના કાળના
"પાણીમાં તરેલા મ્હારા અને આપના જેવાં માછલાંઓને આ વાત ગમવાની
"નથી–મને પોતાને એ કરવા કરતાં મરણ વધારે મીઠું લાગે છે. પણ

" મહારાજ, રાજાઓના અને ક્ષત્રિયોના સ્વભાવ કરતાં તેમના ધર્મ મ્હોટા
" છે અને કાળબળના ભાર તળે ડબાયલા ચંપાયલા હાથ ક્‌હાડી લેતાં
" અથવા ન નીકળે તો તેનું દુઃખ સહેતાં કષ્ટ વેઠવું એ રાજધર્મ મ્હોટો છે."

**સા**મંતના સ્વભાવ અને વિચારમાં થયલો ફેર જોઈ જરાશંકરને હર્ષનાં આંસુ આવ્યાં, તેનો કંઠ ગદ્‌ગદ થઈ ગયો, અને ઘણુંક બોલવાનું હૃદયમાં ભરેલું છતાં તે એક સ્વર ક્‌હાડી શક્યો નહી.

**મલ્લરાજ સા**મંતનાં વાક્યમાં લીન થઈ ગયો અને પ્રધાનને ભુલી જઈ **સા**મંત સાથે જ બોલવા લાગ્યોઃ

" **સા**મંત, આજ પ્રધાનના કરતાં ત્હારાં વચન મને વધારે અનુભવ-
" વાળાં લાગે છે, અને એ વચન પ્રધાનને મીઠાં લાગશે. તો ક્‌હે
" કે સરકારે આપણા ઘર તપાસવા મોકલેલા આ ફોજદારનું શું કરવું ?
" સરકારની એવી પણ ઇચ્છા હશે કે એમનાં કુતરાં આપણા ઘરમાં
" આવી ભસવા લાગે ત્હોયે આપણે પથરા મારી તેને દૂર ન કરીયે ?
" સરકારની એવી એવી ઈચ્છાઓને તે નિવાર્ય ગણવી કે અનિવાર્ય
" ગણવી ?"

આ વાક્ય બોલતાં બોલતાં **મલ્લ**રાજનાં નેત્ર રાતાં થઈ ગયાં અને એને સ્વેદ થઈ ગયો. ક્ષત્રિય સ્વભાવની અનુકમ્પા કરતો ક્ષત્રિય બોલ્યો,
" મહારાજ, આપે જન્મ ધરી આજ્ઞા કરવી જાણી છે–આજ્ઞા ઉપાડવી
" જાણી નથી–તેનાથી આ અવસર સ્‌હેવાય એવો નથી પણ દીલ્હીના
" પાદશાહો અને સુબાઓ અને પુનાના પેશવાઓ અને તેના
" અધિકારીઓ રાજાઓના ગઢ આગળ આવી બળાત્કાર કરી આજ્ઞાઓ
" તરત પળાવતા તેને ઠેકાણે આજ એવું માનો કે આઘેની છાવણીઓમાં
" સેનાઓ સંતાડી રાખી સરકારના એ એજંટો એ જ સેનાઓને બળે
" આપની પાસે બળાત્કારે આજ્ઞાઓ પળાવવા ઇચ્છે છે. એ બળાત્કાર
" આગળ ટકવાના સાધન વિનાના રાજાઓએ એ બળાત્કારને વશ
" થવું અને જવા બેઠેલા રાજત્વમાંથી જેટલું હાથમાં રહે એટલું
" રાખવું–એ તો રાજ્યના ઘોડાઉપર નાંખેલા જીનનું એક પાસનું પેંગડું
" છે અને આપ સિંહાસને ચ્હડ્યા ત્યારથી આપે તેમાં પગ મુકેલા છે."

આ વચન સાંભળતો સાંભળતો **મલ્લ**રાજ નરમ થયો અને તેના પ્રતાપી કપાળમાં કંઈ કંઈ વિચારની કરચલીયો પડી ચાલી ગઈ.

" **સા**મંત, તું ક્‌હે છે તે ખરું છે. ઈંગ્રેજની સાથે જ્યારે જ્યારે
" સન્ધિ થયેલા ત્યારે તું આજ ક્‌હે છે તે બધી વાતો કરવી પડશે એ

"મ્હેં ધારેલું હતું. પણ ખરું પુછે તો હવે મ્હારા શરીર તેમ જ મન
"ઉપર વૃદ્ધાવસ્થાનું બળ વધે છે અને મ્હારી સ્મરણશક્તિ અને બુદ્ધિ
"દિવસે દિવસે બ્હેરી થતી લાગે છે, વૃદ્ધાવસ્થાએ ત્હારી બુદ્ધિને સતેજ
"કરી ને મ્હારી બુદ્ધિમાં ઝાંખ ભરવા માંડી છે. જરાશંકર, સામંતનું
"બળ તને પ્રતિકૂળ હતું ત્યાં સુધી ત્હારા રક્ષણને અર્થે મ્હેં રાજ્યભાર
"મ્હારે માથે રાખ્યો હતો. હવે ત્હારા રક્ષણનો પ્રસંગ નથી."

"સામંત તને અનુકૂળ છે–પ્રતિકૂળ નથી. મણિરાજ બાળક છે.
"એ બાળક છે તે ભાર ઝીલે એમ નથી. હું વૃદ્ધ થયો તે ઝીલી શકતો
"નથી. તું અને સામંત આજથી આ રાજચિન્તાના પ્રવાહને સંભાળજો.
"મને પરમાત્માના વિચાર કરવા દ્યો."

સામંત અને જરાશંકર ઉભયનાં હૃદય આ વાક્યથી ભરાઈ આવ્યાં અને તેમનાં નેત્રમાંથી આંસુ નીકળવાં બાકી રહ્યાં. થોડીક વાર સુધી કોઈ બોલી શક્યું નહી. અંતે સામંત પોતાની આંખો લ્હોતો લ્હોતો બોલ્યો:

"મહારાજ, આટલાં વર્ષ સુધી જે મહાન્ વડના છત્રની છાયામાં
"રહી અમે કામ કરેલું છે તેનાથી એ વડના જેવી છાયા આ રાજ્ય
"પામે એ અશક્ય છે. મહારાજ, અમો રાજ્યનાં અંગ આપની આજ્ઞા
"ઉપાડવા સમર્થ છીએ—આપ રાજ્યનો આત્મા છો ને તેનાથી જ રાજ્ય
"સચેતન છે તેવું ચેતન રાજ્યમાં મુકવા અમે સમર્થ નથી."

મલ્લરાજ બેઠેલો હતો તે ઉઠ્યો, એનું પ્રચણ્ડ શરીર રાજમ્હેલના મહાન્ સ્તંભ જેવું લાગવા માંડ્યું. પણ આજ સુધી તેમાં શૌર્ય અને ઉદ્રેકની તીવ્રતા હતી, તેને ઠેકાણે વિરક્તતા અને ઉદાસીનતા ઠરેલી લાગી. એના મુકુટમણ્ડીલમાંથી રાજલક્ષ્મીને ક્હાડી મુકી તેને સ્થાને ધર્મવાસના ચ્હડી ગઈ હોય અને તેનો રસ આખા મુખારવિંદમાં ઉતરી ગયો હોય તેમ મલ્લરાજના કપાળમાં સંસાર સરી ગયો લાગ્યો, નેત્ર ઉઘાડાં હોવા છતાં અંતર્વૃત્તિ પામતાં દેખાયાં, કાન કાંઈ અવ્યક્ત સ્વર સુણવા તત્પર ભાસ્યા, અને મુખપુટને આ સંસારમાં બ્હાર ક્હાડવા જેવો કાંઈ અક્ષર ન જડતો હોય તેવી કાન્તિ થઈ ગઈ. આ નવું સ્વરૂપ ધરી ઉભો થયલો મલ્લરાજ કેઈ દિશાએ જવું તેનો વિચાર કરતો જણાયો. એ ઉભો થયો તેની સાથે સામંત અને જરાશંકર પણ ઉભા થયા, અને રાજાના મનની કુંચી અચીંતી હાથ લાગી હોય

એમ, તેના સન્મુખ આવી, પ્રધાન તેના રાજસંસ્કાર જગાડવા અને તેમાં ઉત્સાહ ભરવા પ્રયત્ન કરવા લાગ્યો.

"મહારાજ, વાનપ્રસ્થ થવા આપનો વિચાર હોય તો તે પણ "યોગ્ય છે, અને રાજ્યચિન્તામાં આપનો ભારવાહી થનાર પ્રધાન "આત્મચિન્તામાં પણ આપણી સાથે વનના અન્ધકારમાં દીવો લેઈ ચાલવા "તયાર છે. પણ મરનારે પોતાની પાછળ જીવનારની વ્યવસ્થા કરી "જવી એ સંસારમાં અંતકાળનો ધર્મ છે.—"

મલ્લરાજને કંઈ હસવું આવ્યું હોય તેમ મુખ કરી બોલ્યો: "ઠીક "છે—તે થશે—તું અને સામંત તેનો વિચાર કરી લાવજો. હું કાંઈ "અત્યારે જ રીસાયલા બાળક પેઠે ન્હાસી જનાર નથી. પણ એ એક "વાત શીવાય બીજી બધી વાતોના વિચાર તમે કરજો."

જરાશંકર—"તે વિચાર અમે કરીશું, પણ આપની આજ્ઞાથી જ તે "વિચાર સિદ્ધ થશે."

મલ્લરાજ—"એટલે એમ કે તમે વિચાર કરી મ્હારી પાસે પણ "વિચાર કરાવો? એવી ઝીરકોળ વાતોના વિચાર સાથે અંતકાળના "ધર્મને સંબન્ધ નથી."

જરાશંકર—"પણ તે વાતોને એ ધર્મ સાથે સંબન્ધ છે કે નહી તેનો "નિર્ણય કરવો તે તો આપના વિના બીજું કોઈ કરે એમ નથી."

મલ્લરાજ—"તેથી શું?"

જરાશંકર—"શું તે એ કે અમુક વાતોની ને વિચારની વીગત આપે "સાંભળવી, સાંભળીને એના ને અંતકાળના ધર્મના સંબન્ધનો નિર્ણય "કરવા જેટલો વિચાર કરવો, ને પછીનું પછી!"

મલ્લરાજ—"એટલો બધો વિચાર કરવો, અને આજ્ઞા કરવી, ત્યારે "વિચાર ન કરવાનું શું બાકી રહ્યું?"

જરાશંકર—"તે તો અમે શું કરીયે?"

મલ્લરાજ—"સામંત, તને એમ નથી લાગતું કે આ પ્રધાન બહુ "લુચ્ચો છે? જે વાત કરવાની મ્હેં ના કહી તે જ વાત કરવાની એણે "મ્હારી પાસે હા ક્હેવડાવી અને મ્હારા શબ્દને પ્રતિકૂળ થયા "વિના પોતાનો અભિપ્રાય સિદ્ધ કરે છે."

સામંત—"મહારાજ, એમ કરે છે માટે જ એ આપના પ્રધાન "થવા યોગ્ય છે, કેટલાક પ્રધાનો રાજાઓ બોલે તેમાં હા જી હા ભણે "છે અને પોતાનો પગાર મળે એટલે પોતાની પ્રધાનતા સિદ્ધ થઈ

" ગણે છે અને રાજાના કે પ્રજાના હિતાહિતનો વિચાર કરતા નથી
" અને વિચાર કરે છે તો તે બેધડક બોલી દેતા નથી, અને દ્રવ્ય
" અને સત્તાની લાલચે સ્વામીને છેતરે છે, તેની પાસે અસત્ય બોલે છે,
" અને તેની દુષ્ટ ખુશામત કરી તેને મનમાંથી મૂર્ખ ગણે છે. આવા
" રાજ્યદ્રોહી પ્રધાનો રાજા અને પ્રજા ઉભયના શત્રુ છે. મહારાજ, આવા
" પ્રધાનની વાસના આવતાં રાજાએ તેને ગટરમાં ફેંકી દેવો."

મલ્લરાજ—" પણ જરાશંકરે પોતાની વાત મને બેધડક ક્યાં કહી!
" એણે તો આડે અવળે રસ્તે મને લીધો, છેતર્યો, અને મ્હારા વચનથી
" મને બાંધી કેદ કરી હવે પોતાનું ધાર્યું મ્હારી પાસે કબુલ કરાવે છે."

સામંત—" તે બરાબર કરાવે છે. રાજાઓ પાસે બેધડક વાત
" કરવી એટલે માને બાપની વહુ કહી દેવા જેવું કરવાનું નથી. મહારાજ,
" મ્હેં આપની પાસે ઘણી વાતો બેધડક કરી દીધી છે પણ માને
" બાપની વહુ કહ્યા જેવું કરેલું છે. ત્યારે પ્રધાનજીએ આપની
" પાસે સત્ય વાતને પ્રિય રૂપ આપી કહી દીધી છે–એ એમની
" ચતુરતા અને મ્હારી મૂર્ખતાનાં દૃષ્ટાંત. સત્ય, હિત અને પ્રિય
" બોલવું એ રાજસેવકનું કામ છે."

મલ્લરાજ—" ત્યારે તો એ અસત્ય ને પ્રિય પણ બોલે."

સામંત—" કોઈ શાસ્ત્ર એમ નથી ક્‌હેતું કે અસત્ય બોલે. માત્ર
" સત્ય, હિત, અને પ્રિય બોલવું એ આપણાં શાસ્ત્ર બોલે છે; તેનો
" અર્થ મને તો એવો લાગે છે કે અસત્ય તો કદી પણ બોલવું જ
" નહી, જે વાત સત્ય હોય પણ હિત અથવા પ્રિય ન હોય તે ન
" બોલતાં મૌન રાખવું, અને જે વાક્ય સત્ય અને હિત હોય પણ
" પ્રિય ન હોય તે વાક્ય કદી પણ ન બોલવું એમ ન કરવું; પણ
" પ્રધાનની પ્રધાનતા ક્યારે કે ગમે તેવી ચતુરાઈ કરી સત્ય અને હિત
" વાક્ય રાજાને પ્રિય થાય એવી યુક્તિ કરે અને તેને પ્રિય કરી દઈ
" અંતે રાજાને એ વાક્ય કહી દે."

મલ્લરાજ—" કેમ, જરાશંકર, આ વાત ખરી?"

જરાશંકર—" સામંતરાજ જેવા ચતુર વકીલ મળે તે છતાં રંક
" બ્રાહ્મણ બોલકણો બને તો બરાબર બ્રહ્મબટુ જ થાય."

મલ્લરાજ—" ત્યારે શું ત્હારા મનમાં એમ છે કે સત્ય વાત એકદમ
" સાંભળી શકવાની રાજાઓમાં શક્તિ નથી?"

જરાશંકર—“ આપનો અનુભવ આપ જાણો—આપની શક્તિનો
“ આપને અનુભવ. બળવાન સરકારના માણસે માત્ર પ્રશ્ન પુછ્યો તે
“ સાંભળતાં જેને અંગે અગ્નિ ઉઠ્યો તેવા તેજસ્વીના મુખમાંથી વચન
“ તો શું પણ શ્વાસ સરખો નીકળે તેના પ્રવાહની સામે ઉભાં ર્‌હેવા
“ એક પ્રધાનનું ગજું કેવી રીતે હોય? મહારાજ, હું આ મ્હારું ગજું—
“ મ્હારી શક્તિ—જાણું, આપની શક્તિ આપને ખબર.”

મલ્લરાજ—“ ઠીક, એમ બોલ. પણ રાજાઓમાં આ શક્તિ ન હોય
“ તે સારું કે ખોટું?”

જરાશંકર—“ સારું કે ખોટું એ પ્રશ્નના ઉત્તર દેશકાળ પ્રમાણે જુદા
“ જુદા દેવાશે. પણ શાન્તિપર્વમાં પિતામહે યુધિષ્ઠિરને એવો ઉપદેશ
“ આપેલો છે. આવી શક્તિવાળા રાજાઓને માથે એમના સેવકો
“ ટપલા મારે એવો કાળ આવવાનો ભય છે.”

મલ્લરાજ—“ પણ મ્હારો ત્હારો દેશકાળ કેવો છે?”

જરાશંકર હસી પડી બોલ્યો: “ આપે મ્હારા મુખમાંથી વાત
“ ક્‌હડાવવી જ ધારી તો આપની ઇચ્છા આગળ મ્હારી ઇચ્છાનું બળ
“ નથી—એ આપણો હાલનો દેશકાલ મહારાજને પ્રત્યક્ષ જ છે. બાકી
“ આપ શાંત હો કે ઉગ્ર હો, હું આપને અર્થે પ્રવર્તતો હઉં કે મ્હારા સ્વાર્થમાં
“ જાણ્યો અજાણ્યો તણાતો હઉં, ઇત્યાદિ આપના અને મ્હારા દેશકાળ
“ પ્રસંગે પ્રસંગે અનેક થાય અને પ્રસંગે પ્રસંગે આપે સેવકો
“ સાથે વર્તતાં એ અનેક દેશકાલ વિચારવા પડે એ કાળ રાજાઓની
“ બુદ્ધિને વિના કારણ શ્રમદાયી છે અને કવચિત્ ભયંકર પણ છે તેના
“ કરતાં તો પિતામહનો ઉપદેશ સ્થિર ભક્તિથી પાળવો એ એક માર્ગ
“ રાજા અને સેવક ઉભયને કુશલદાયી છે.”

મલ્લરાજ—“ ત્યારે રાજાએ શું કરવું?”

જરાશંકર—“ સત્ય, પ્રિય, અને હિત—એ ત્રણે ગુણ જેમાં સાથે
“ લાગાં હોય એવાં વચન બોલવાનો સેવકોને અભ્યાસ પાડવો. અસત્ય
“ વચનની અસહિષ્ણુતા રાખવી; હિત વચનના લોહચુમ્બક થવું,
“ પ્રિયવચનની અપેક્ષા રાખવી નહી, અપ્રિય વચનને ઉત્તેજન આપવું
“ નહી, અપમાન સહેવું નહી, આજ્ઞા ભંગ સ્પષ્ટ થતાં સ્પષ્ટ અને સત્ય
“ શિક્ષા કરવી. અને જેને જે ધર્મ ઉચિત હોય તે ઉપરાંત એક પણ
“ અક્ષરનો ઉદ્ગાર રાજાની પાસે નીકળી શકે નહી એટલું ઉગ્ર રાજતેજ
“ સેવકની દૃષ્ટિથી પરોક્ષ થાય એવું કદી પણ થવા દેવું નહી:

" ઇત્યાદિ ઇત્યાદિ પથ્યનું સેવન કરવું તેને શક્તિ ક્‌હો કે અશક્તિ ક્‌હો પણ
" એ પથ્યનું સેવન રાજઅંગને આવશ્યક છે, અને આપને એવા પથ્યનું
" સેવન કરતાં હરકત ન થાય એટલી ચિંતા રાખી મ્હેં આપની
" પાસે બધી વાત બેધડક કહી દીધી છે,"

છાતીપર હાથનો સ્વસ્તિક વાળી સર્વ ભાષણ સાંભળી રહ્યો હતો તે સ્વસ્તિક છોડી, હસી પડી, મલ્લરાજ બોલ્યો.

" જરાશંકર, ત્‍હારું ભાષણ લાંબું તો થયું પણ હવે એ પથ્યસેવન
" ત્‍હેં દેખાડ્યું તો થશે તેટલું કરીશું, પણ એજંટના પ્રશ્નનું શું કરવું
" તે ક્‌હે."

જરાશંકર—" મહારાજ, એ તો આપને અમસ્તો ક્ષોભ થયો.
" એજંટના વચનમાં કોઈ જાતની આજ્ઞા નથી. એ તો વાનરો
" રાજ્યઅંગમાં છિદ્રો શોધવા આમ દૃષ્ટિ કરશે એવું આપણે જાણતા
" હતા. હવે એ છિદ્ર જોવા આવનારની આંખોને સંતોષ આપીશું તો
" આપણી સન્નીતિના કવચમાં એ વાનરના નખ ખુંપવાના નથી એવી
" આપણે સંભાળ લીધેલી છે, અને એવું એવું એ જોવા આવે તો
" એ ભલે આંખો ફાડી ફાડી જુવે ને આપણે જોવા દેવું—એવો
" આપણો નિશ્ચય છતાં શો વિચાર બાકી છે તે મને સુઝતું નથી."

મલ્લરાજ—" પણ એજંટ પંચ મટી ફોજદાર થાય છે તે?"

જરાશંકર—" પણ ફોજદાર આપણી ઝડતી લે તેમાં આપણે શું
" કરવા ડરવું? જુવે ને જોવું હોય તેટલું. જેણે ચોરી કરી હશે તેને ભય;
" આપણે શું? જે રાજ્યમાં છિદ્ર નથી તેમાં ભર એવા વાનરા ડાળે
" ડાળે કુદે."

મલ્લરાજ—" પણ એ પોતાનો અધિકાર શાનો ગણે?"

જરાશંકર—"જુવો મહારાજ, આપણે તો માત્ર આપણા જ રાજ્યની
" વ્યવસ્થા રાખવાની છે; પણ ઈંગ્રેજને તો આ હીંદુસ્થાનના સેંકડો
" રાજાઓનાં રાજ્યની વ્યવસ્થા રાખવાની છે, કારણ ચક્રવર્તીનો ધર્મ એ
" કે સર્વ રાજ્યચક્રોને ફેરવનાર મ્હોટું ચક્ર થવું અને ખુણે ખોચલે
" ભરાઈ રહેલા ઝીણી ઝીણી આંખોવાળા અને વ્હેંતીયા હાથપગવાળા
" પરસ્પરથી છુટા પડેલા ન્હાના ન્હાના રાજાઓ જે વાત જોઈ શકે
" નહી અને જે પ્રયોગ આરંભી પણ ન શકે એવી વાતો જોવી અને

" એવા પ્રયોગ સાધવા, અને તેમ કરી પોતાનાં અને સર્વ ન્હાનાં રાજ્યોના
" સામાન્ય લાભ સંભાળવા અને સર્વને માથેનાં સામાન્ય ભય દૂર
" કરવાં–એ ચક્રવર્તીનો ધર્મ. એ ધર્મને અંગે સર્વત્ર દૃષ્ટિ ફેરવવી,
" જાગૃત ર્હેવું, અને સર્વને જાગૃત રાખવા એ ચક્રવર્તીનો ચક્રાધિકાર
" દેશકાળની આવશ્યકતા પ્રમાણે નવા નવા આવા અધિકાર એમને
" અનેકધા ધારવા પડશે. પણ આપણા જેવાઓને માટે સારી વાત
" એ છે કે એ અધિકારનું નામ દેવાનો એ લોકને પ્રસંગ જ આવે નહી
" એમ રાખવું, અને ભુલે ચુક્યે પ્રસંગ આવે તો સામંતરાજે બતાવ્યા
" પ્રમાણે નિવાર્ય કે અનિવાર્ય ઇચ્છા વગેરે વાતનો વિચાર કરવો.
" આપણે પ્રશ્ન પુછ્યો કે તમારો અધિકાર શો એ આપણી ભુલ.
" આપણી ભુલ થઈ ત્યારે તેનો લાભ લેઈ એજંટે લુચ્ચો ઉત્તર
" આપ્યો. ભુલ થઈ તે થઈ. હવે નહી કરીયે અને થયું ન થયું કરવા
" બનતો ઉપાય કરીશું, પણ છિદ્ર શોધનાર આંખને સંતોષ આપતાં
" છિદ્ર વિનાના રાજાને કાંઈ ડર નથી."

**સામંત**—"મહારાજ, હવે લાંબી ચર્ચા પડતી મુકો. મ્હારા કુળમાં
" દુષ્ટ અંગારો ઉઠ્યો તેની આ લ્હાય છે. મ્હેં તો એને મુવો ગણી
" સ્નાન કરી લીધું છે તેની હવે આ એજંટ સાંભળે એવડી પોક
" મુકો. મહારાજ, જરાશંકર સત્ય ક્‌હે છે. એ પ્રમાણે કરવામાં રાજ્યને
" કે અધિકારને કાંઈ હાનિ નથી. ભાયાતી પંચનો ઠરાવ અને
" આખરનું શિક્ષાપત્ર, એ બેની નકલો સાહેબને મોકલો અને બાકીનું
" હું અને જરાશંકર જોઈ લેઈશું. મહારાજ, આ મરણપોક ખુલે મ્હોંયે
" મુકવા દ્યો, અને એ મરનાર, પ્રેત થઈને, સાહેબના શરીરમાં ધુણશે
" તો અડદ નાંખવા કે લીંબુ ઉછાળવું તે જોઈ લેઈશું. પણ હાલ
" તો આ પોક જ મુકો. ઉઠો, જરાશંકર!"

સર્વ ઉઠ્યા. આગળ જરાશંકર અને પાછળ **સામંત** એમ બે જણ દ્વાર બ્હાર નીકળ્યા. નીકળતાં નીકળતાં **સામંતે** ઓઠ કરડ્યા, દાંત કચડ્યા, પગ પૃથ્વીઉપર પછાડ્યો, અને કેડ ઉપરના મ્યાનમાંથી કટાર અર્ધી ક્‌હાડી ક્રોધથી અને આતુરતાથી તે ઉપર ડોક વાળી દૃષ્ટિ કરી, પાછી કટાર મ્યાનમાં સમાવી દીધી. **મહારાજે** એ સર્વ જોયું, અને પ્રધાન તથા ભાયાત એની દૃષ્ટિ આગળથી ગયા.

---

# પ્રકરણ ૧૩.

## મલ્લરાજની નિવૃત્તિ અને મણિરાજનું યૌવરાજ્ય.

દિવસ ગયો. રાત્રિ આવી. જરાક અંધકાર થયો ત્યાં મેનારાણી હાંફતી હાંફતી રાજા પાસે આવી અને રાજાએ ઉંચું જોયું. રાણીએ નવા સમાચાર કહ્યા.

એજંટ મારફત સુળુએ પોતાનો પ્રશ્ન ઉઠાવ્યો અને સુળુ કંઈ કંઈ કુભાંડ રચશે એવો સામંતે સિદ્ધાંત કર્યો. મલ્લરાજનું છત્ર મણિરાજનું આયુષ્ય એને કંપતું લાગ્યું. મલ્લરાજને એજંટના પ્રશ્નથી થયેલો ક્ષોભ સામંતના રાજભક્ત હૃદયને હલમલાવવા લાગ્યો અને ધર્મિષ્ઠ બન્ધુવત્સલ રાજાનું દુઃખ રાજબન્ધુથી વેઠાયું નહી – જોઈ શકાયું નહી. પોતાના દુષ્ટ પુત્રના મૃત્યુ શીવાય બીજો કોઈ માર્ગ સામંતને સુઝ્યો નહી. રાજાને દુઃખમુક્ત કરવામાં રાજાની આજ્ઞાની જરુર ન લાગી. પરરાજ્યમાં પુત્રનું ખુન કરતાં સ્વરાજ્યના ધર્મનું બન્ધન ન લાગ્યું. પરરાજ્યમાં દુષ્ટ પુત્રનું ખુન કરી એ રાજ્યનો રાજા એ ખુનની શિક્ષા કરે તો તે સ્વરાજ્યને અર્થે યુદ્ધમાં ખપમાં આવવા જેવું કીર્તિકર લાગ્યું. રાત્રિના આઠ વાગતાં ચાર પાંચ માણસ લેઈ, શસ્ત્ર સજી સામંત ખાચરના રાજ્ય ભણી ચાલ્યો. સુળુની માતાને આ સર્વ કાર્યની વાસના આવી, અને પુત્રમૃત્યુના તર્કથી કંપતી માતા સાહસ કરી મેનારાણી પાસે ગઈ, સમાચાર કહ્યા અને રોઈ પડી, મેનાએ સર્વ સમાચાર રાજાને કહ્યા. રાજા અંધકારમાં નીકળ્યો, અને રત્નનગરીથી બે ચાર ગાઉ આગળ સામંતને પકડી પાડ્યો. સામંત રાજાને દેખી ખીજવાયો, રાજા પાસે ચાલ્યું નહી, ફરી રાજાની સંમતિ વિના આવું અકાર્ય આરંભવું નહી એવી પ્રતિજ્ઞા રાજાની પાસે કરવી પડી, ઘેર પાછો આવ્યો, પણ પોતાની સ્ત્રીનું મુખ જોવું તે દિવસથી ત્યજી દીધું.

એમ કરતાં કરતાં દિવસ પછી દિવસ અને વર્ષ પછી વર્ષ ચાલ્યાં. સામંતના માણસ ખાચરની રાજધાનીમાં જઈ સુળુના સમાચાર લાવતાં. મલ્લરાજે રાજ્યનો ભાર ધીમે ધીમે સામંત અને જરાશંકરને માથે નાંખ્યો, અને મણિરાજને પોતાના સહવાસમાં વધારે વધારે રાખ્યો. વિદ્યાચતુરને ક્રમે ક્રમે કામ પછી કામ આપ્યું, અને જરાશંકરનું પદ એના હાથમાં રાખી એનું કામ વિદ્યાચતુરને સોંપ્યું.

સ્વરાજ્યમાં તથા પરરાજ્યમાં વિદ્યાચતુરની પ્રતિષ્ઠા જામી એટલે એને પ્રધાનપદ સોંપ્યું, અને મણિરાજને પોતાનું કામ સોંપ્યું. નવા પ્રધાન અને યુવરાજના હાથમાં રાજ્યતંત્રનો રથ રાખી રાજા અને જુનો પ્રધાન માત્ર એ રથ ઉપર દૃષ્ટિ રાખતા અને પોતાના આયુષ્યને સાયંકાળે પરલોક જીતવામાં કેમ વિજયી થવું એ વિષય વિચારવામાં સર્વ કાળ ગાળતા. આ નવા વિષયમાં પણ બ્રાહ્મણ રાજાનું પ્રધાનપદ સાચવતો. આ મહાન્ વિજયને સિદ્ધ કરવામાં શાસ્ત્રના દીપ પગલે પગલે વાપરવામાં આવતા, અને રાજ્યપ્રસંગોમાં તેમ બીજા પણ ન્હાના મ્હોટા પ્રસંગોમાં પડેલા અનેક અનુભવોના વનમાં આ દીવાઓનો પ્રકાશ પડતાં નવા જ શોધ થતા. એ દીવા ધરનારા શાસ્ત્રીઓ અને સંન્યાસીઓ રાજા તથા પ્રધાનના અત્યંત સહવાસી થતા ગયા તેમ તેમ ઉભય વર્ગનું પરસ્પર–બહુમાન વધતું ગયું. જે જગત રાજ્યના અંતને નરક કહેછે તે જ જગત આ રાજા પ્રધાનના રાજ્યને અંતે નવું સ્વર્ગ ઉભું થયેલું જોવા લાગ્યું. યુવરાજ અને તેના પ્રધાનને પણ આ નવા સાગરના કીનારા પાસે ઘડી ઘડી આવવું થતું અને એ સાગરની શીતળ લ્હેરોના લોભનું બીજ તેમના હૃદયમાં રોપાયું.

જ્યારે વૃદ્ધ રાજા અને વૃદ્ધ જરાશંકરનો સંસાર આવાં અવસાન પ્રત્યક્ષ કરવા લાગ્યો ત્યારે વૃદ્ધ સામંત બીજાં જ સ્વપ્ન જોતો હતો. યુવરાજ અને નવા પ્રધાનની દેખરેખ તેને સોંપવામાં આવી હતી, અને તેમની અને રાજ્યની કુશળતાનો શત્રુ મુળુ આયુષ્યમાન્ છે અને તે શત્રુનો ઉચ્છેદ કરવો આવશ્યક છે એ બે સિદ્ધાંત મુળુના પિતા સામંતને વૃદ્ધાવસ્થામાં યુવાવસ્થાની ચિન્તાઓથી ભરવા લાગ્યા, અને એ ઉચ્છેદનાં સાધન શોધવામાં એના મગજને ભમાવી મુકવા લાગ્યા. આજ સુધી એ ઉચ્છેદને વાસ્તે એણે જેટલાં સાધન શોધ્યાં હતાં તેમાં મલ્લરાજ આડે આવ્યો હતો, અને હવે શું કરવું કે મલ્લરાજ આડે ન આવે એ વિચાર મલ્લરાજના બન્ધુરત્ન છોડી શક્યો નહી, રાજાના અભિપ્રાય ફેરવવા તે અનેક રીતે પ્રયત્ન કરવા લાગ્યો, પણ રાજા એને હમેશ હસી કહાડતો અથવા બીજી વાતોમાં નાંખી આ વાત ઉડાવતો, અને સામંત મનમાં ખીજવાતો. આખરે એણે રાજાને પડતો મુકી રાજ્યને નિષ્કંટક કરવાનો વિચાર કર્યો.

ખાચરના રાજ્યમાં ગયા પછી પણ મુળુના હૃદયનો અગ્નિ શાંત થયો નહી. મણિરાજ ક્યાં ક્યાં શીકાર કરવા જાય છે તેની એ

નિરંતર તપાસ રાખતો, અને બ્હારવટીયાઓ સાથે સુભદ્રાની પાસેના જંગલોમાં કોઈ કોઈ વખત વેશ બદલી આવતો. સુવર્ણપુરના સુરસિંહ વગેરે બ્હારવટીયાઓમાં પણ ઘડી ઘડી ભળતો, અને શીકારીને શીકાર સારુ આથડવામાં આનંદ મળે છે તેમ બ્હારવટીયાઓ સાથે આથડવામાં, તેમનાં સુખદુ:ખમાં ભાગ લેવામાં, અને ભુખ, તરસ તથા ત્હાડ તડકો અને થાક વેઠવામાં, એને અતિશય આનંદ મળતો. રાણા ખાચરનો અટકચાળો સ્વભાવ એને આ કામમાં ઉત્તેજન આપતો. આ સર્વ વાતોની સામંત પાકી ખબર રાખતો અને મલ્લરાજને જણાવતો. આવી રીતની હકીકત છતાં મુળુનો નાશ કરવામાં વૃદ્ધ રાજા કેમ સંમતિ નથી આપતો એ વિચારતાં સામંત દુ:ખી થતો. અંતે એણે નિશ્ચય કર્યો કે મુળુને એના પોતાના ખોદેલા ખાડામાં પાડવો, તે રત્નનગરીની હદમાં વધારે વધારે ટકવાને છાતી ચલવે એવું કરવું, એવી રીતે એ નિર્ભય હોય ત્યારે એને પકડવો, પકડતાં મરાય તો મારવો, અને જીવતો પકડાય તો એના શિક્ષાપત્રને આધારે જીવે ત્યાંસુધી કેદ રાખવો અને એની ખટપટના દાંત તોડી નાંખવા.

આ સર્વ પ્રયત્ન સિદ્ધ કરતાં ઘણો વિલંબ થયો. ખાચર મુળુને સાવધાન રાખતો અને મુળુ બાપનો વિશ્વાસ કરતો નહી. પણ બાપે બ્હારવટીયા પકડવામાં દેખીતી શિથિલતા કરવા માંડી તેમ તેમ દીકરાની છાતી વધારે વધારે ચાલવા માંડી. એનું નામ બ્હારવટામાં પ્રસિદ્ધ થતાં એને મળતો પગાર બંધ કરવા સામંતે સૂચના કરી તે રાજાએ રદ કરી અને ઉલટું હાસ્ય કરી એમ ઉત્તર દીધો કે બ્હારવટામાં એ છોકરો યુદ્ધકળા શીખશે અને શૂર થશે અને એના સામી લ્હડાઈ કરાઈ પકડાય તો એને પકડવો, પણ એનો પગાર એકદમ બંધ કરવો. રાજાએ અંતે એવી આજ્ઞા કરી કે મુળુને મણિરાજના રાજત્વનો તિરસ્કાર છે તે ખોટો હોય તો તે ખોટાપણું સિદ્ધ કરવા મણિરાજે બ્હારવટીયા સામે લ્હડવું અને બળ તથા કળા હોય તો મુળુને પકડવો. સામંતને આ સૂચના ગમી નહી પણ પાળવી પડી, અને યુવરાજને કુશળ રાખવા તેની જોડે પોતે પણ લ્હડવા લાગ્યો. મણિરાજનો જાતે ઘાત કરવાનો પ્રસંગ સમીપ જોઈ મુળુ પણ આ સમાચારથી ખુશ થયો. આથી એક પાસ એ બેધડક રત્નનગરીની પ્રજાને લુટવા લાગ્યો અને બીજી પાસ બ્હારવટીયાઓને

મલ્લરાજ વશ કરી શકે એમ નથી એવી બુમો બીજા માણસો દ્વારા એજંસીમાં મોકલવા લાગ્યો. એજંસીમાંથી તે વીશે અનેક પ્રશ્નો અને સૂચનાઓ રત્નગરી જવા લાગ્યાં અને એ રાજ્યના તંત્રીઓના ગુચવારાઓને વધારવા લાગ્યાં. ત્રિભેટા આગળ આણી પાસ નહી તો આણી પાસ ન્હાસી જતાં બ્હારવટીયાઓને સુલભ પડતું, જડસિંહ અને શઠરાયનું સુવર્ણપુર રત્નગરી જોડે સંપે એમ ન હતું અને એક પાસથી બ્હારવટીયાઓને પકડવાની તાકીદ કરનારો ફાક્સ સાહેબ ઈંગ્રેજી હદમાં પગ મુકે ને શસ્ત્ર વાપરે તો તેમના ઉપર ફોજદારી ચલવે એમ ભય લાગતું.

એવામાં મલ્લરાજની શરીરપ્રકૃતિ બગડવા માંડી અને એના આયુષ્યનો અંત સમીપ આવતો લાગ્યો. એક વખત ખાચરના રાજ્યમાં જઈ મુળુને પોતે જાતે ઠાર મારવાની યોજના સામંતે ફરી વ્યાધિગ્રસ્ત રાજા પાસે મુકી, એ ખુનને વાસ્તે પોતે ખાચરના રાજ્યમાં ફાંસી ચ્હડવા તત્પરતા બતાવી, અને રત્નગરીનાં સર્વ કંટક એ દ્વારે નષ્ટ કરવાના માર્ગની યોગ્યતા સર્વ રૂપે પ્રકટ કરી પણ “—ના–એ કામ કદી કરવું નહી—” એવા શપથ રાજાએ સામંત પાસે ઉલટા લેવડાવ્યા અને આંસુ ભરી આંખે સામંતે આજ્ઞાવશ થઈ આ શપથ લીધા.

સામંતે બીજી રચના રચી. પોતાની પુત્રી ખાચરને આપી ખાચરને પોતાના પક્ષમાં લઈ લેવો અને ખાચર મુળુને સોંપી દે એટલે રત્નગરીમાં કેદ કરવો એવી ધારણાથી સામંતે ખાચરના દરબારમાં પ્રયત્ન આરંભ્યો અને એના હજુરીઓ અને દરબારીઓમાં દ્રવ્ય વેરવા માંડ્યું. ખાચરે આ સંબંધ સ્વીકાર્યો, પણ લગ્ન થયા પછી મુળુ વીશેની સરત તોડી. મુળુની બ્હેને પિતાની આજ્ઞા કરતાં માતાની પ્રીતિ અને ઇચ્છા શ્રેષ્ઠ ગણ્યાં. સામંત છેતરાયો અને વ્યાધિગ્રસ્ત રાજા સર્વ વાત સાંભળી અત્યંત હસ્યો.

સામંત હાર્યો નહી. મુળુને આશ્રય આપનાર બ્હારવટીઆ અને ખાચરનાં માણસોને એણે પુષ્કળ દ્રવ્ય ખરચી ફોડ્યાં અને તેટલે સુધી એ ફાવ્યો. એ સર્વ લોક મુળુને ફસાવવા તત્પર થયા અને મુળુએ તે વાત જાણી નહી. પણ મુળુની પોતાની સજ્જતા અને સાવધાનતા એ સર્વના પ્રપંચ કરતાં બળવાન હતી.

આણીપાસથી સામંત અને મણિરાજના પ્રયત્ન રાત્રિદિવસ

જાગૃત રહેવા લાગ્યા. એક દિવસ એ બે જણ મનહરપુરીના ત્રિભેટા પાસેના વડનીચે હતા એટલામાં પાસે જ મુળુ હોવાના સમાચાર મળ્યા. મુળુની પાસેનાં માણસોમાંનો મ્હોટો ભાગ સામંતનો સાધેલો હતો. સામન્ત, મણિરાજ, અને તેમનાં માણસોએ મુળુ અને તેનાં માણસો ભણી ઘોડા દોડાવ્યા. મણિરાજ આ મંડળમાં છે જાણી મુળુ સામો આવ્યો. પણ ઘોડાની દોડાદોડને નિમિત્તે એની જોડેનાં સામંતનાં સાધેલાં માણસ એને પડતો મુકી બીજી દિશામાં ચાલ્યાં અને એની સાથેનાં બાકીનાં માણસ, એક પાસ એ ફુટેલાં માણસને જતાં જોઈ અને બીજી પાસ મુળુને દોડતો જોઈ, દ્વૈધીભાવ પામ્યાં અને તેમના ઘોડા આ દ્વૈધીભાવમાં નરમ પડતાં તેમની અને મુળુની વચ્ચે છેટું પડી ગયું. એ ટોળામાં મુળુ હશે એવું ધારી વૃદ્ધ આંખોનો છેતર્યો સામંત છેતરાયો અને પોતાના સર્વ માણસો લઈ એ ટોળાની સામે દોડ્યો. મુળુથી અને ફુટેલાં માણસોથી છુટું પડેલું ટોળું સામંતનો ધસારો જોઈ હીમત હાર્યું અને ન્હાસવા લાગ્યું. તેમની પાસે આવવા છતાં તેમની પુઠ હોવાથી તેમાં મુળુ છે કે નહી એ સામંત કહી શક્યો નહી અને એમની પુઠ મુકી નહી.

પોતાનાં સર્વ માણસોથી આગળ વધેલો મુળુ છુટો પડ્યો અને તેને દૂરથી મણિરાજની તીક્ષ્ણ યુવાન આંખે શોધી ક્‌હાડ્યો અને પોતાનો ઘોડો તેની પાછળ દોડાવ્યો. પોતાનાં માણસોથી પોતાને છુટો પડેલો સમજી અને મણિરાજની પાછળ બીજા માણસ હશે એમ ધારી મુળુએ જંગલના એક વિકટ રસ્તાપર પોતાનો ઘોડો દોડાવ્યો અને મણિરાજે પણ એકલાં પડી તેની પાછળ પોતાનો ઘોડો દોડાવ્યો. બે ચાર ગાઉ સુધી આ પ્રમાણે દોડતાં મુળુ એક નાળા આગળ આવ્યો અને એનો ઘોડો તે નાળા ઉપર કુદી બીજી પાસ ગયો અને મણિરાજનો ઘોડો પણ બીજે ઠેકાણેથી નાળું કુદી પડ્યો અને મુળુની પાછળ દોડવા લાગ્યો. નાળાની બીજી પાસ સુન્દરગિરિનો એક ભાગ હતો અને તેના કાંઠા ઉપર એક ઉંચો ખડક હતો તે ઉપર આવી મુળુ પોતાનો ઘોડો ફેરવી પાછું જોતો ઉભો અને દૃષ્ટિ આગળ કોઈને ન જોતાં કાન માંડવા લાગ્યો તો માત્ર એક ઘોડાનાં પગલાં સંભળાયાં. આ પગલાં કેણી પાસથી આવે છે એની એને સમજણ પડતાં પ્હેલાં મણિરાજનો ઘોડો ફાળ ભરી મુળુવાળા ખડકની પાછળના બીજા ખડક ઉપર આવી ઉભો અને તેની સાથે જ મણિરાજે બન્દુક ફોડી.

તેની ગોળી મુળુના જીન પાછળ ઘોડાના માંસલ ભાગમાં એવા તો જોરથી વાગી અને અંદર ડુબી કે ઘોડાની છાતી સુધી ગઈ. આ ગોળીના પ્રહારની સાથે ઘવાયલો ઘોડો સ્વારસુદ્ધાંત ખડકની પેલી પાસ ગરબડી પડ્યો, અને નાળાના પાણીમાં ઝબકોળાયો. ઘોડો પછડાયો તેની સાથે સ્વાર ઉછળી ઉથલી નાળાની બીજી પાસની ભેખડોમાં પડ્યો. અને પેંગડાં એના પગમાં રહ્યાં અને પેંગડાના બંધ ત્રુટી ગયા. એની કેડેથી અને હાથમાંથી હથીયારો છુટાં થઈ કેટલાંક નાળાનાં પાણીમાં પડી અદૃશ્ય થયાં અને કેટલાંક ઘોડાનાં મડદા તળે ચંપાયાં, અને એની પાસે દેખીતું હથીયાર એક પણ ન રહ્યું.

મણિરાજ પોતાના ખડક ઉપરથી મુળુની આ દશા જોતો વિચાર કરતો ઘોડા ઉપર બેસી રહ્યો. મુળુ જ્યાં પડ્યો હતો ત્યાંથી થોડીવારે કળ વળતાં ઉઠ્યો અને ચારે પાસ દૃષ્ટિ ફેરવી પોતાની, ઘોડાની, પોતાનાં શસ્ત્રોની, અને ચારે પાસના સ્થળની અવસ્થા તપાસવા લાગ્યો; એમ કરતાં કરતાં એણે ઉંચું જોયું અને આઘેના ખડક ઉપર મણિરાજને ઘોડેસ્વાર થઈ પોતાને જોતો દીઠો.

મુળુ શસ્ત્ર વિનાનો મણિરાજના ભણી ચાલવા લાગ્યો અને સ્વર સંભળાય એટલું છેટું રહેતાં બુમ મારીઃ "મણિરાજ, તમારી "પાસે સર્વ શસ્ત્ર સજ્જ છે, અને મ્હારાં શસ્ત્ર વેરાઈ ગયાં છે; "શસ્ત્રવાળા સાથે હું શસ્ત્ર વિના લ્હડવા તૈયાર છું, પણ ધર્મયુદ્ધ કરવા "ઇચ્છતા હો તો શસ્ત્રો દૂર નાંખી ઘોડેથી ઉતરી પાળા થઈ "સામા આવો."

મણિરાજે ઉત્તર દીધોઃ "મૂળરાજ, ન્હસાય નહી એવે સ્થાને તમે "છો અને તમારે જીવવું કે મરવું એ મ્હારા શસ્ત્રની સત્તાની વાત "છે ત્યાં સુધી અશસ્ત્ર રહી પરાક્રમીની પેઠે લ્હડવાની ઇચ્છા બતાવો "છો તે નકામી છે, કારણ લ્હડવું કે ન લ્હડવું એ તમારી ઇચ્છાની "વાત નથી. હું ઘોડેથી ઉતરી શસ્ત્ર વિના તમારી સાથે લ્હડવા તયાર "છું પણ તમારા શબ્દ ઉપર એવો વિશ્વાસ નથી કે ઘોડાને ન્હસાડી "મુકું અને શસ્ત્ર નાંખી દેઉં. જો તમે ઉપર આવી કુસ્તી કરશો તો "મ્હારા ઘોડા ઉપરથી ઉતરીશ, શસ્ત્રો વાપરીશ નહી અને તમારી "સાથે મલ્લયુદ્ધ કરીશ, જો તમે ઉપર નહી આવો તો મહારાજની આજ્ઞા "છે કે તમને મારવા કે પકડવા અને ઘોડો લઈ નીચે આવી તેમની "આજ્ઞા પાળવા પ્રયત્ન કરીશ. સારું તે તમારું."

મુળુ ખડક ઉપર ચ્હડ્યો, મણિરાજ ઘોડા ઉપરથી ઉતર્યો, અને

ખડકની મ્હોટી સપાટી ઉપર એનું મલ્લયુદ્ધ અર્ધી ઘડી ચાલ્યું તે એવી રીતે કે ન કોઈ જીતે ને ન કોઈ હારે. અંતે સુળુ પૃથ્વીપર ચતોપાટ પડ્યો અને એની છાતી પર મણિરાજ ચ્હડી બેઠો અને પુછવા લાગ્યો: "મૂળરાજ, "ગમે તો મ્હારા કેદી બની મ્હારી સાથે આવવા શબ્દના બન્ધનથી "બંધાવ ને તે ન ગમે તો તમને બીજા બંધ બાંધવા યત્ન કરતાં શસ્ત્ર વાપરી "તમારો પ્રાણ લેવા કાળ આવે તો આપણું અશસ્ત્ર મલ્લયુદ્ધ પુરું થયું છે."

આ વાક્ય પુરું થયું એટલામાં કપટશીલ સુળુએ એક હાથ છુટો કરી વસ્ત્ર નીચે સંતાડી રાખેલી કટાર મ્યાનમાંથી ખેંચવા માંડી. મણિરાજની સજજ આંખ ચેતી ગઈ અને પોતાના વાક્યનાં ઉત્તરની વાટ જોયા વિના, પોતાની તરવાર નાગી કરી. અતુલ બલ કરી છુટા કરેલા હાથ વડે સુળુ મણિરાજના એક પાસામાં કટાર ખોસી દેવાનો પ્રયત્ન કરે છે અને કટાર અને મણિરાજની કેડ વચે એક તસુનું અંતર રૂહે છે એટલામાં મણિરાજની તરવારે સુળુનો છુટો હાથ તેના શરીરથી જુદો કરી દીધો, તે હાથ અને કટાર ઉછળી ખડકની એક બાજુએ ગડગડી પડ્યાં અને કપાયલાં હાથનાં મૂળમાંથી રુધિરની નદીઓના પ્રવાહ વેગથી નીકળવા લાગ્યા. આ મ્હોટા ઘાના દુઃખને ન ગણકારતાં સુળુએ પોતાનું આખું શરીર અર્ધો હાથ ઉંચું ઉછાળ્યું, તે ઉછાળાથી ઉછળતા મણિરાજને પોતાના બે પગ ઉંચા અફાળી આકાશમાં ઉરાડ્યો, અને મણિરાજની તરવાર આઘી પડે એટલે તે અખંડ રહેલે હાથે ઝડપી લેવા કલ્પના કરી. આ કલ્પના પુરી થઈ જાય તે પ્હેલાં મલ્લયુદ્ધનો પ્રવીણ પણ આકાશમાં ઉછળેલો મણિરાજ એવી ચતુરતાથી પૃથ્વીપર પાછો પડ્યો કે એના બે હાથ પૃથ્વી પર મુકાયા, તે હાથ ઉપર એનું શરીર તોળાઈ ઝીલાયું અને તેના અધર લટકેલા બે પગે પૃથ્વી પાસે આવતાં સુળુના શરીરને એવા તો બળથી લત્તાપ્રહાર કર્યો કે સુળુનું શરીર ગડબડતું ગડબડતું ખડકની કોર ઉપર જઈ જોરથી નદીમાં પડ્યું, એ શરીરની પાછળ લોહીની પ્હોળી રેખાએ ખડકને રંગ્યો, સુળુ નદીમાં બેભાન થઈ પડ્યો, અને એના શરીરની આસપાસ પાણી છાછર હતું ત્યાં ચારેપાસ લોહી ફરી વળ્યું અને લોહીના ખાબોચીયા જેવું લાગવા માંડ્યું.

આણી પાસ આ બનાવ બન્યો એટલામાં સામંત સુળુની સાથનાં માણસોની પાછળ પડ્યો હતો તેણે પોતાની ભુલ કેટલીક વારે શોધી ક્હાડી અને સુળુ મણિરાજની શોધ કરવા એ માણસોને પડતાં મુકી બીજી દિશા લીધી.

સામંતની આ ટોળીમાં કેટલાંક માણસ એક દિશામાં ગયાં,

અને થોડાંક બીજી દિશામાં સામંતની સાથે ગયાં. તેમાંથી જે ટોળીમાં સામંત ન હતો તે ટોળી, મણિરાજ અને મુળુનું મલ્લયુદ્ધ ચાલતું હતું તે વખતે, નાળાની બીજી પાસ આવી પ્હોચી અને યુદ્ધની સાક્ષીભૂત થઈ. કોઈ પણ રીતે મદદ કરવાની શક્તિ ન હોવાથી મણિરાજનું શરીર ઉછળ્યું તે અતિશય ચિન્તાથી આ ડોળીવાળા જોઈ રહ્યા અને રાજકુમારના પરાક્રમને અંતે શત્રુનું શરીર નદીમાં પડ્યું એટલે એમણે પકડી લીધું અને મુળુ જીવતો કેદ થયો. તે જ પળે મણિરાજ સજ્જ થઈ ઘોડો દોરતો દોરતો ખડક ઉપરથી ઉતરી તે સ્થાને આવ્યો. મુળુની સ્થિતિ જોઈ એની આંખમાં આંસુ આવ્યાં તે રુમાલ વડે લોહી નાંખ્યાં, અને ઘવાયલા બન્ધુના શરીરની આસનાવાસના કરવા આજ્ઞા આપી.

સામંત, મણિરાજ, અને સર્વ માણસ મનહરપુરીમાં એકઠાં થયાં. મણિરાજનું પરાક્રમ ચારેપાસ ગવાયું અને સામંતનું હૃદય હર્ષથી ફુલવા લાગ્યું. મ્હારું પોતાનું તરતનું કર્તવ્ય પુરું થયું છે માટે હું હાલ થોડા દિવસ સુન્દરગિરિ ઉપર અને સુભદ્રાની ભેખડોમાં મૃગયા માટે જાઉં છું એમ કહી યુવાન્ મણિરાજ એ દિશામાં ગયો અને બાકીના મંડળને તથા બન્ધીવાન મુળુને લેઈ સામંત રત્નગરી ભણી ગયો.

મૃગયાધિકારી મંડળ લેઈ નીકળી પડેલો મણિરાજ પાંચ છ દિવસ પર્વતની તળેટીમાં, શિખરોમાં અને ખીણોમાં, જંગલનાં ઝાડોમાં અને સુભદ્રાના તીર ઉપરથી રેતીમાં ને ભેખડોમાં, રમણીય પ્રદેશો જોતો જોતો, ભવ્ય દેખાવોથી કલ્પનાને ભરતો ભરતો, સવારથી સાંજ સુધી ક્વચિત્ ઘોડે ચ્હડી અને ક્વચિત્ પગે પાળો ફરી ફરી શરીરને કસરત આપતો આપતો અને પરસેવાથી ન્હાતો ન્હાતો, મૃગયાભિલાષ પુરો કરતો હતો તેવામાં એક દિવસ ખરે અપોરે કંઈક થાકી એક ઝાડ નીચે છાયામાં ઘોડાને અઠીંગી ઉભો ઉભો સામા પર્વતની ટોચ આગળ દૃષ્ટિ કરે છે તો એક મહાન્ ગરુડપક્ષી બે પગ વચ્ચે કંઈક ન્હાનું પ્રાણી પકડી ઉડતું દેખાયું. તરત બન્ધુકનો ભડાકો સંભળાયો, તેની પાછળ ધુમાડાના ગોટ દેખાયા, અને ગોળીથી વીંધાયલું પક્ષી પશુને પડતું મુકી પર્વતની ટોચ ઉપર ઘાયલ થઈ પડ્યું. રાજ-અરણ્યમાં મલ્લરાજ અને યુવરાજની રજાશીવાય કોઈને મૃગયા કરવા રજા ન હતી તે છતાં આ કોની ગોળી હશે અને ગમે તો કોઈએ તે વગર રજાએ ફોડી હશે અને ગમે તો કોઈ રાજવંશી અથવા ઈંગ્રેજ

મહારાજની રજા લેઈ આવ્યો હશે એમ કલ્પી તે ગોળી જે દિશામાંથી નીકળી હતી તેણી પાસ કુમારે ઘોડો દોડાવ્યો. કેટલાક છેટા સુધી ઘોડો દોડ્યો એટલે સુભદ્રા આવી. નદીના તીર આગળ એક રમણીય સ્થળે વચ્ચે જરાક ઉંચો કાંઠો હતો અને આસપાસ દશબાર ઝાડો હતાં. આ ઝાડોમાંનાં કેટલાંકની શાખાઓ નદીના પાણી ઉપર લટકી નદીમાં ઝબકોળાતી હતી અને પવનથી હાલતી હતી ત્યારે શીકરબિન્દુનો વર્ષાદ વર્ષાવતી હતી. આ ઝાડની ઘટામાં છાયા પણ ઘાડી હતી અને શાખાઓમાંથી સરતા પવન અને ખરતી શીકરવૃષ્ટિથી આ પ્રદેશની શીતળતા અત્યંત વધી હતી અને આ ગ્રીષ્મકાળમાં સુખ અને શાંતિ આપે એવી હતી. આ ઘટામાં જતાં માણસનાં પગલાં પડેલાં દેખાયાં. તે પગલાંની દિશામાં મણિરાજ ચાલ્યો. ઘટા છેક પાસે આવી ત્યાં ઘોડો ચાલે એમ ન હતું એટલે મણિરાજ ઘોડો દોરતો દોરતો પગે ચાલવા લાગ્યો. કોઈ શીકારી શૂર પુરુષ આ સ્થળે હોય તો તેણે જોડા પ્હેરેલા હોવા જોઈએ–પણ પગલાં તો ઉઘાડા પગનાં હતાં એટલું જ નહી, પણ જેટલાં પગલાં જોયાં એટલાં બધાં ન્હાનાં ન્હાનાં–છોકરાઓના અથવા સ્ત્રીઓના પગનાં–પગલાં હતાં. મણિરાજનું કૌતુક ઘણું આકર્ષાયું. આ સ્થળે સ્ત્રીઓ ક્યાંથી હોય? છોકરા હોય તો ઉઘાડે પગે ક્યાંથી હોય? ઘણોક વિચાર કરી ઘોડાને એક ઝાડે બાંધી, પોતે ઝાડોમાં પેંસેછે તો ત્રણ ચાર યુવતિઓ દીઠી. તેમાં એક અગ્રેસર સર્વથી શ્રેષ્ઠ મુગ્ધા પંદર સોળ વર્ષની હતી અને બાકીની સ્ત્રીઓ એનાથી મ્હોટી સખીકૃત્ય અથવા દાસીકૃત્ય કરતી લાગી.

"રત્ની, મને થાક લાગ્યો છે–ચાલો, આપણે સઉ નદીમાં પગ "બોળી બેસીયે:" મુગ્ધ યુવતિ બોલી.

"કમળાબા, પાણીમાં મગર હશે તો?"

"હશે તો જોઈ લેઈશું. ચાલો તો ખરાં—વારુ, પેલાં ફુલ સાથે "લેજે:" કમળા બોલી.

સર્વ યુવતિઓ નદીમાં પગ બોળી બેઠી. મણિરાજને આ લીલા જોવાનું મન થયું. તેને યુવાવસ્થાનો પવન વાયો હતો પણ તેનું મન દૃઢ હતું અને અત્યાર સુધી મન્મથના વિકારને તેણે ઉગવા દીધો ન હતો. પરંતુ સ્ત્રીઓ સાથે સંભાષણ કરવું ન પડે અને આ સ્થળે આ સ્ત્રીઓ કોણ હશે એ જણાય એટલા કારણથી ઉઘડેલી જિજ્ઞાસામાં સ્ત્રીઓની વિશ્રમ્ભકથાએ આજ કાંઈક અપૂર્વ કૌતુક રેડ્યું.

"રંક અને સુંદર હરિણોનું ટોળું વાઘના વિચારવિના જંગલમાં "ખેલે છે તેવી રીતે આ સ્ત્રીઓ અંહી રમે છે–તેમના આનંદમાં વિઘ્ન "પાડવું એ દોષ છેઃ" આમ વિચારતો વિચારતો મણિરાજ ઝાડોમાં ચાલ્યો અને નદીમાં સઉથી આગળ ધપેલા કાંઠાના ખુણા ઉપર એક ઝાડ હતું તેની ઓથે પોતે ભરાયો અને સ્ત્રીઓનાં મુખ દેખાય એમ જોનાર પુરુષ રાજ્યનો અધિકારી નથી—ઈત્યાદિ વિચાર થતાં સ્થાન બદલ્યું અને સ્ત્રીઓની પુઠ દેખાય એમ ઉભો, અને મનમાં લવ્યોઃ

"**मम हि सदसि गौरवप्रियस्य ।**
"**कुलजनदर्शनकातरं हि चक्षुः ॥**"

એટલામાં સ્ત્રીઓનો સ્વર કાને આવ્યો.

કમલાના બે હાથ બે પાસની સાહેલીઓને ખભે હતા અને એના પગ વારાફરતી ઉંચા થઈ નદીનું પાણી ઉછાળતા હતા અને તે ઉછળતાં પાણી અને પગ ઉપર એની દૃષ્ટિ હતી.

"રત્ની, આ મ્હારા પગ અત્યારે તને કેવા લાગે છે?"

"તમારા પગ કમળના દાંડા જેવા, પગનાં તળીયાં કમળના ફુલના "ગોટા જેવાં, અને આંગળીઓ પાંદડાં જેવી."

"ને, વારુ, આ પાણી?"—પાણી ઉછાળવાની ક્રિયા એવી ને એવી ચાલતી રાખી, તે ઉપર દૃષ્ટિ પણ એમની એમ રાખી, કમળા બોલી.

"પવનથી કે પાણીના જોરથી કમળ ઉંચુંનીચું થાય અને "પાંદડા ઉપરનું ઝાકળ ને પાણી ઉછળે તેવું આ પાણી."

બીજી એક સહી બોલીઃ "કમળાબા, આ પાણી ઉછાળતાં "ઉછાળતાં ગાવ જોઈએ."

એમની એમ દૃષ્ટિ રાખી કમળા બોલીઃ "શું ગાઉં?"

બીજી સહી બોલીઃ "પેલું ગુલાબ ને કેવડાનું તમારું જોડેલું."

થોડીક વારે કમળાએ એમની એમ દૃષ્ટિ રાખી ગાવા માંડ્યુંઃ

"મને પોયુ ન ગમે જુઈ જાઈ સમો,
"મને પાયુ ગમતો ગુલાબ સમો!–મને૦
"મને કમળ સુવાળું ના જ ગમે,
"મને કેતકકંટકધાર ગમે!–મને૦

"સખીં જા જઈ એવું તું માતને કહે,
"સખીં, જા જઈ એવું તું તાતને કહે !–મને૦
"શુણો, માતા, તાત, ટેક મુજ એવડો જો,
"મ્હારે જોઈએ ગુલાબ અને કેવડો જો. શુણો૦
"સારો સુંવાળો સ્વામી ન મને પરવડે જો,
"એને સારો સારો કરીને સઉ અડે જો. શુણો૦
"કાંટાવાળો તે કંથ મ્હારે જોઈએ જો,
"રુડો રંગ ને સુવાસ એમાં સ્હોઇએ જો. શુણો૦
"લેવા જાય તેને ભચ્ચ કાંટા વાગશે જો,
"માળણ મ્હારા જેવી ચતુર ઝાલશે જો. શુણો૦
"સુગન્ધ રંગ રંગ ભોગવું હું એકલી જો,
"બીજી નાર જોઈ જોઈ તે રહે બળી જો ! શુણો૦
"એવો કંથ તે ગુલાબ કહો કે કેવડો જો,
"સુરજવંશે કમળાને કાજે એ ઘડ્યો જો !" શુણો૦

"ત્યારે તમે એ ફુલ તોડી લ્યોને:" એક સહી બોલી.

"મ્હારા મનમાં બીજો એક એવો છુટ્રો છે કે હું પણ એક "ફુલ છું તે મ્હારી પાસે આવી મને તોડવાની જેનામાં આવડ હોય "તેને હું પરણું."

"તે તમે કેવું ફુલ છો ? ને તમને તોડવામાં શું કઠણ છે ?"

"હું ચંદ્રવંશનું રાત્રિવિકાસી કમળ—પોયણું—છું. મ્હારો વિકાસ "એકાંત રાત્રે—તે રાત્રે મને શોધી ક્હાડે ને મ્હારા પાણીમાં "આવી મ્હારો વાસ લે, મ્હારી શોભા જુવે ને મને ત્યાંથી તોડે "તેના હાથમાં હું જાઉં."

આમ બોલે છે એટલામાં ઝાડ પાછળ સંતાયલો મણિરાજ વાઘની પેઠે ફાળ મારી ઝાડમાંથી કુદ્યો ને કમળા બેઠી હતી તેની પાછળ એક કુદકે પડ્યો, અને એક હાથ પાણીમાં કમળાના પગ તળે અને બીજો હાથ એના વાંસા પાછળ–એમ બે હાથ રાખી, પ્રથમ એના પગ અને પછી આખું શરીર—એમ બે હાથમાં કમળાને ઉંચકી લેઈ પોતાના હૃદય પાસે ઝાલી તેડી રાખી દોડ્યો, એની પાછળ સઉ સહીયો દોડી, અને પ્રથમ નદીતીરે તે બેઠાંતાં ત્યાં એક મગર આવી પાણીમાં ઉભો દેખાયો.

હાથમાંની કમળાને છુટી મુકી મણિરાજ બોલ્યોઃ "પાણીમાં

" તમારા પગ ઉંચા નીચા થતા હતા તેના ચળકાટથી અને તમારા ગાનથી
" આકર્ષાઈ આ મગર તમારા પગ ભણી આવતો હતો તે ઉપર મ્હારી
" દૃષ્ટિ પડી એટલે તે તમને પકડે તે પ્હેલાં તમારું રક્ષણ કરવાને
" તમને મ્હેં ઉચકી લીધાં છે તે ક્ષમા કરજો."

કમળા પાસે ઉભી ઉભી નીચું જોઈ રહી અને જે હાથે પોતાને બચાવી હતી તે હાથના આકાર સામું જોવા લાગી, તેના ગૌર ગાલ ઉપર શેરડા પડી રહ્યા, અને તે બોલી શકી નહી.

તેની સહી રત્ની બોલીઃ " અમે આપનો ઉપકાર માનીએ છીએ;
" આપનું નામ, ઠામ, જાત અને કુળ જાણી અમને ઉગારનારને
" ઓળખી લેવા ઇચ્છીએ છીએ."

" મ્હારું નામ મણિરાજ—આ રાજ્યના મહારાજા શ્રી મલરાજનો
" હું પુત્ર છું. પરસ્ત્રીઓનાં નામ પુછવાં તે મ્હારો ધર્મ નથી પણ
" આ ભયંકર અરણ્યમાંથી બ્હાર જવા ઇચ્છા હોય તો તમને રસ્તો
" દેખાડવા અને રક્ષણ કરવા ભોમીયો થવા હું તૈયાર છું."

" કુમાર, અમારે ભોમીયાની જરુર નથી, કારણ અમારાં કમળાબ્હેન
" ઘોડે ચ્હડે છે ને શસ્ત્ર સજે છે અને એમના પિતા મહારાણા
" શ્રી ખાચર થોડેક છેટે આપના રાજ્યના અતિથિ થઈ રાત્રે વાસો
" કરી રહ્યા છે તેમની પાસે જવાનો ટુંકો માર્ગ આપના કરતાં અમને
" વધારે માલમ છે માટે આપ મહારાણાને મળવા પધારો અને અમે
" આપનાં ભોમીયાં થઈશું."

" કમળાકુમારીએ આ જંગલમાં શસ્ત્રનો કંઈક ઉપયોગ કર્યો છે?"
મણિરાજે કૌતુકથી પુછ્યું.

" એક ઘેટાને બચાવવા તેને લેઈ જનાર ગરુડ પક્ષી ઉપર બન્દુક
" તાકી હતી."

" ત્યારે એમણે અમારા પિતાના શાસનનો ભંગ કર્યો, માટે એમને
" તરત કેદ કરવાં પડશે." આંખો ચોળતો ચોળતો મણિરાજ બોલ્યો. સર્વ સ્ત્રીઓ કંઈક ચમકી સાંભળી રહી. એટલામાં લજ્જા છોડી કમળા બોલીઃ

" તે આપના રાજ્યમાં એવો કાયદો છે કે અમને બબ્બે વખત
" કેદ કરો?"

" ના, એક જ વખત."

" તે એક વખત તો કેદ કરેલી અહુણાં મને છોડી."

" હા. એ વાત તો ખરી. ત્યારે હવે કેદ નહી કરીએ—પણ

" તમે જ અપરાધી છો તેની ખાતરી શી રીતે થાય? સ્ત્રીજાતિ આ
" કાળમાં બન્દુક ઉપાડતી સાંભળી નથી."

" એ વાત ખરી. હું બન્દુક ફોડી બતાવું; પણ મ્હારી જ સાથે
" આપ પણ ફોડી બતાવો તો હું ફોડું."

આ વાત ચાલે છે એટલામાં સર્વ સહીઓ ધીમે ધીમે અદૃશ્ય થઈ જતી રહી. બે જણ એકાંતમાં ઉભાં.

ખાચરને સામંતની પુત્રી શીવાય એક બીજી એનાથી મ્હોટા વયની રાણી હતી અને કમળાકુમારી તેની પુત્રી હતી. ખાચર, સામંત, સુણુ, અને મલ્લરાજ સર્વને સંપ થવાનું સાધન ઇચ્છી સામંતની પુત્રીએ કમળા અને મણિરાજનાં લગ્નની વાત વધારી હતી. યુવાન કમળાના કાનમાં રાતદિવસ મણિરાજની સ્તુતિનું અમૃત રેડ્યાં કર્યું હતું, અને મલ્લરાજના વંશમાં શોક્યના કાંટા વાગવા અશક્ય છે એ લાભ સઉનાં નેત્ર આગળ ધર્યો હતો. કમળા જાતે શૂર ને શુદ્ધ ક્ષત્રિયાણી હતી, ખાચરે લડાવેલી હતી, અને એના મનમાં મણિરાજનો આકાર રાત દિવસ રમ્યાં કરતો હતો. પણ શત્રુના ઘરમાં કન્યા આપવા જવું એ ખાચરને વિષ પીવા જેવું લાગતું. આ સર્વનું પરિણામ એ થયું કે મણિરાજને કમળા દેવાની ખાચર ના પાડતો અને બીજા વરની કમળા ના પાડતી, અને કમળાકુમારી અત્યાર સુધી કુમારી રહી હતી. હાલ સુણુ કેદ થયાના સમાચાર સાંભળી એની બ્હેને ખાચરનું માન મુકાવી એને રત્નનગરીના રાજ્યમાં આણ્યો હતો. ખાચરને આ રાજ્યનાં સર્વ માણસો ઉપર અસલથી તિરસ્કાર અને દ્વેષ અત્યંત હતો તેને સ્થળે વય અને અનુભવ વધતાં મલ્લરાજના ઉદાત્ત ગુણો તે સમજવા લાગ્યો હતો અને એ વૃદ્ધ અને અનુભવી રાજાના અવસાન સમયે તેની પાસેથી રાજનીતિ અને અનુભવ જાણી લેવાં એવો તેને ઉત્સાહ થયો હતો. આથી એણે પોતાની ન્હાની રાણીની સૂચના સ્વીકારી હતી અને એ રાણી સાથે રત્નનગરી જતાં જતાં રાત્રિ ગાળવાને વનમાં ઉતારો રાખ્યો હતો. કમળાને તેની પોતાની ઇચ્છાથી સાથે લીધી હતી. એટલામાં એ કન્યાને અને મણિરાજને મળવાનો આ પ્રસંગ આવ્યો.

પોતાને અજાણી સ્ત્રી સાથે હોવાનો પ્રસંગ મણિરાજને આયુષ્યમાં પ્રથમ આજ જ આવ્યો અને તે પ્રસંગના સહભૂત વિકાર તેના હૃદયમાં ભરાયા. છતાં પોતાના રાજ્યના શત્રુની કન્યા સાથે હોવાને પ્રસંગે સાવધાન રહેવાનો અને અવિશ્વાસ રાખવાનો વિચાર એને થયો. પણ

થોડીક જ વાર ઉપર પોતાને ન જાણતી ન દેખતી કમળાએ વિશ્રમ્ભકથા સાથે કરેલા ગાનમાં પોતાને માટે દેખાડેલો અનુરાગ સ્મરણમાં આવતાં અવિશ્વાસ ખસી ગયો. પોતાના શૌર્યના ભાને વિશ્વાસ અને અવિશ્વાસનો વિવેક નકામો લગાડ્યો. અન્ધુક ઉપર એક હાથ મુકી તેના ઉપર પોતાનું પ્રચણ્ડ શરીર અઠીંગેલું રાખી કમળા ઉપર પળવાર દૃષ્ટિ નાંખતો અને પળવાર ખેંચી લેતો મણિરાજ કમળાની સામે ઉભો અને પુછવા લાગ્યોઃ

"આ તમારી સહીઓ ક્યાં ગઈ?"

"મને કેદ કરી લેવાનો આપને અવકાશ આપવા જતી રહી."

"મ્હેં તો કેદ કરવાનું હાસ્ય જ કર્યું હતું. બાકી હું પરસ્ત્રી સાથે "એકાંતમાં ર્‌હેતો નથી. તમારે મ્હારું કામ ન હોય તો મને રજા આપો."

કમળા પાસેના ઝાડને અઠીંગી તે ઉપર માથું નાંખી દેઈ ડુસકાં ભરવા લાગી અને બોલીઃ "રાજકુમાર, હું પરસ્ત્રી નથી. હું અત્યાર "સુધી કોઈની સ્ત્રી થઈ નથી અને સૂર્યવંશી મણિરાજને મુકી બીજાની "સ્ત્રી થનાર નથી. આપ ક્‌હો છો કે આપનું કામ ન હોય તો રજા "આપો. પણ આપનું કામ તો મ્હારું આયુષ્ય ખુટે ત્યાં સુધી છે. જેને "પાસે બોલાવવાના તેને દૂર જવા રજા શી રીતે આપું?"

મણિરાજને દયા આવી.

"કમળાકુમારી, તમે કુમારિકા છો તો તમારે તમારાં માતાપિતા "મોકલે ત્યાં જવું એ તમારો ધર્મ છે."

કમળાએ ઉંડો નિઃશ્વાસ મુક્યો.

"મણિરાજ, રુક્મિણી શ્રીકૃષ્ણને પોતાના મનથી વર્યાં હતાં "તેમ હું મણિરાજને વરી ચુકી છું, અને મને શ્રીકૃષ્ણની પેઠે વરવા "મણિરાજ—આપ–સમર્થ છો." આંસુથી ઉભરાતું અને ન્હાતું, આશાથી ચળકતું, અને આતુરતાથી ખેંચાતું સુન્દર મુખકમળ મણિરાજના ભણી ઉઘાડું થઈ ફર્યું; અને આંખો સામી આંખો થઈ, દૃઢતા મુકી દયાર્દ્ર પુરુષનેત્રે સ્ત્રીનેત્રની અનુકંપા કરી.

"કમળાકુમારી, તમારા પિતા અમને શત્રુતુલ્ય ગણે છે. તમે "મ્હારામાં ગુલાબ અને કેવડાના ગુણદોષ જોતાં હો તો તમે ચતુર "માણસ છો તે એ ફુલની પેઠે મને તોડો. મ્હારે એક એવો નિયમ "છે કે હું કોઈની પાસે કાંઈ માગતો નથી. તે તમારા પિતા પાસે "કન્યા કેમ માગું?"

"કુમાર, તમારા બાગમાં આવવા દેશો ત્યારે મ્હારા ગુલાબને
"તોડીશ. પણ મ્હારા સરોવરમાં આવી તમારું કમળ તમે પ્રથમ
"તોડો. મણિરાજ, શ્રીકૃષ્ણની કળાથી મને વરોઃ" આમ બોલતી બોલતી કમળા પાસે આવી અને રોતી રોતી મણિરાજના ખભા ઉપર માથું મુકી દીધું.

મણિરાજે આઘા ખસવાનું કર્યું પણ તેમ કરે તો બાળા પડી જાય એવું હતું. તેના હૃદયમાં દયાને સ્થળે ખપતી વસ્તુના શરીરસ્પર્શથી રોમોદ્ગમ થયો. પ્રિયજનનો હાથ હાથમાં લેઈ રસચતુરાએ મન્મથનો ધ્વનિ મણિરાજના શરીરમાં પ્રવર્તાવ્યો અને પરખ્યો.

એને બે ખભે હાથ મુકી, એને જરા દૂર ખસેડી, ધર્મ અને રસના પરસ્પરવિરુદ્ધ પ્રવાહ વચ્ચે ઉભેલો મણિરાજ બોલ્યોઃ

"કમળા, શિષ્ટોના આચારનું હવે અતિક્રમણ થાય છે—આપણો
"વિવાહ હજી થયો નથી, રાજા થવાને સરજેલા પુરુષોએ ધર્મનું
"પાલન-કરવાનું-તે જાતે ધર્મ તોડે તો મહાન્ અનાચાર થઈ જાય—
"માટે—" મણિરાજ આ વાક્ય પુરું ન કરી રહ્યો એટલામાં, "માટે
"દૂર જા" એટલું અધુરું વાક્ય બોલી દે એટલામાં, કમળા દૂર જવાને ઠેકાણે ગાઢ અને સર્વાંગી કંઠાશ્લેષ દેઈ મણિરાજને વળગી પડી અને એના વિશાળ વક્ષઃસ્થળમાં માથું સમાવી દેઈ, એમ અદૃશ્ય થયલા મુખવડે, બોલવા લાગીઃ

"આપ મ્હારા પતિ ન હતા ત્યાં સુધી દૂર જવાનું કહ્યું હત તો
"જુદી વાત. ઓ મ્હારા પ્રિય પતિ! જેવો મ્હારા તેવો જ આપણા
"અંગમાં ભગવાન્ અનંગનો સરખો અને સંપૂર્ણ અવતાર થયો છે;
"અને એ અનંગને આપણો અગ્નિ કહો કે આપણો ગોર કહો કે મને કન્યા-
"દાનમાં આપનાર મ્હારો પિતા કહો—એણે આપણું આ લગ્ન સિદ્ધ
"કર્યું—એ ગાન્ધર્વવિવાહ થયો. સ્વામીનાથ! હવે હું મ્હારા પિતાની મટી
"આપની થઈ! હવે મને રુક્મિણી ગણી લેઈ જાઓ કે ઓખાની
"પેઠ પરણેલી ગણી મ્હારું રક્ષણ કરો!"

આ અક્ષરે અક્ષર સાથે મણિરાજ સ્તબ્ધ થઈ ગયો. એના અંતઃકરણમાં અનેક વિચાર થઈ ગયા. પિતાની સંમતિ વિના આ સર્વ થાય છે એમ લાગ્યું ત્યારે આ સ્ત્રીને ધક્કો મારવાનો વિચાર થયો. ઘણીક કન્યાનાં કહેણ આવેલાં ત્યારે મહારાજે સ્પષ્ટ ઉત્તર આપેલો કે
" અમારા કુલાચાર પ્રમાણે પુત્રો સમજણા થઈ જાતે પરણે છે;

"પુત્ર મ્હોટો થાય ત્યારે તેને પુછજો." આ ઉત્તર સાંભરતાં પિતાની સંમતિનો વાંધો ન લાગ્યો. આજ આને કોણે અંહી આણી અને આ કાકતાલીય શું બન્યું એ વિચાર થતાં આમાં કાંઈક ઈશ્વરની જ કર્તવ્યતા લાગી. શત્રુના ઘરની કન્યાનું મન હરવામાં પરાક્રમ લાગ્યું. બે શત્રુઓ આ લગ્નથી સંધાય તો અનેકધા રાજ્યકાર્ય થાય એ વિચારથી આ સંબંધ પ્રશસ્ત લાગ્યો. એ વિચારતુલામાં સર્વ યોગ્યતા લાગતાં માત્ર વિકારતુલા બાકી રહી ને એનું ચિત્ત હલાવવા લાગી. શુદ્ધ રજપુતાણી —એનું શૌર્ય અને એની બન્ધુકનો સફળ પ્રહાર! મણિરાજના ક્ષાત્રરસને એ પ્રહાર કરનારી ઉપર ઉમળકો આવ્યો. પોતાની છાતી આગળ ડબાયલું મુખ ઉંચું કરી એક પળ–બે પળ–જોઈ લીધું, ફરી જોયું, ફરી જોયું અને વગર સમજ્યે, વગર વિચાર્યે વગર ધાર્યે અને વગર જાણ્યે પોતાના હાથથી એ મુખ અને માથું પોતાની ધકડતી છાતી સાથે ડબાવાઈ ગયું. એ સ્ત્રીનું કદ સ્ત્રીઓના પ્રમાણમાં મ્હોટું હતું, તેનું શરીર પાતળું નહી ને બહુ જાડું નહી પણ બેવડા કોઠાનું, માંસલ અને ઉંચું હતું: મણિરાજને એ શરીર ગમી ગયું અને નાજુક શરીરની સ્ત્રીઓની સંતતિ ક્ષાત્ર પ્રતાપ ધરતી નથી માટે આવું શરીર જ મ્હારે જોઈએ એવો વિચાર થતાં સ્નેહનો પક્ષપાત સંપૂર્ણ થયો. પતિના શરીરમાં આ મન્મથાવતારની સફલતા સમજી સ્ત્રી એની ઇચ્છાની વિરોધક થઈ નહી; અને એક ભુજમાં એનું આખું શરીર ભરી છાતી આગળથી દૂર કરી પોતાની એક બાજુએ એને મણિરાજે રાખી ત્યારે એ ક્રિયાને કમળા અનુકૂળ થઈ ગઈ. અંતે એને વાંસે હાથ મુકી મણિરાજ બોલ્યો:" કમળારાણી, અત્યારે " તમારા પિતા પાસે જાવ—રત્નનગરી ગયા પછી સઉ વાતની વ્યવસ્થા " તમારી ઇચ્છા પ્રમાણે થશે."

બીજા એકાદ દિવસમાં સર્વ મંડળ રત્નનગરી પ્હોચ્યું. ત્યાં મુળુનું શું કરવું એ વીશે સર્વ વિચારમાં પડ્યાં હતાં અને યુવરાજની વાટ જોવાતી હતી. મુળુના શિક્ષાપત્રમાં મલ્લરાજના શબ્દ લખાયા હતા, તે સ્પષ્ટ હતા. તે પ્રમાણે મુળુને હવે જીવનપર્યંત કેદ રાખવો જ જોઈએ ઇત્યાદિ સ્પષ્ટ હતું અને હવે વિચારવાનું શું હતું તે સામંતને સુઝયું નહિ. માત્ર શિક્ષાપત્ર પ્રમાણે કેદ કરો એવું રાજવચન જોઈતું હતું તે ઉચ્ચારવા મલ્લરાજે ના પાડી, અને કહ્યું કે હવે હું નિવૃત્તપક્ષમાં સ્થિતિ પામ્યો છું તે મુકી પ્રવૃત્તિને મ્હારી પાસે આવવા દેનાર નથી અને

હવે તો સર્વ ભાર યુવરાજને માથે નાંખ્યો છે તેને જે કરવું હોય તે કરે. ટુંકામાં મલ્લરાજે રાજ્યમાં રહી રાજ્યભાર પુત્રને માથે નાંખી પોતે માત્ર સર્વનો સાક્ષી જ રહ્યો હતો અને જરાશંકર સાથે જ્ઞાન અને ધર્મની ચર્ચા કર્યાં કરતો હતો.

ખાચર મલ્લરાજને મળ્યો અને વૃદ્ધ ભીષ્મપિતામહ જેવા પાસેથી રાજનીતિના અને અનુભવના ઉપદેશ માગી લેવા લાગ્યો. એવામાં મણિરાજ રત્નનગરી આવ્યો.

મલ્લરાજને ખાચર વધારે વધારે પૂજ્ય માનવા લાગ્યો. મણિરાજ અને મુળુના મલ્લયુદ્ધના સમાચાર એણે મુળુને મુખેથી જ સાંભળી લીધા હતા. ધર્મયુદ્ધ, કપટયુદ્ધ, ઉદાત્ત શૌર્ય, શરીરબળ, મલ્લકળા પોતાના હાથમાં સર્વ વાતનું સૂત્ર હોવા છતાં આપેલી ક્ષમા, ઇત્યાદિ ગુણોનો આવિર્ભાવ મણિરાજે જેમાં સ્પષ્ટ કર્યો હતો એવું મુળુ સાથેનું યુદ્ધ અને મુળુનો પરાભવ—એ સર્વથી મુળુ નરમ થઈ ગયો હતો અને જે મણિરાજને તેની બાલ્યાવસ્થામાં નિર્માલ્ય અને રાજ્ય કરવા અયોગ્ય માનતો હતો તેને આજ પોતાના કરતાં વધારે બલવાન્, પ્રવીણ અને રાજ્ય કરવાને યોગ્ય માનવા લાગ્યો. એણે પોતાના હાથ આજ નીચા કરી દીધા અને જે રાજ્યનું બળ પોતે વધારવું જોઈતું હતું તે રાજ્યના સામી આટલી આટલી ખટપટ કરી માટે પોતાને મૂર્ખ અને પાપી ગણી પશ્ચાત્તાપ કરવા લાગ્યો. એની સર્વ વાત સાંભળી ખાચર પુષ્કળ હસ્યો, અને મણિરાજ વીશે પોતાનો અભિપ્રાય વધારે સારો થયો ખરો; પણ હારેલા, ઘવાયલા, કેદ થયેલા મુળુએ એને આકાશ ચ્હડાવ્યો તે માત્ર મુળુના મનની અશક્તિ ગણી મુળુની મશ્કરી કરવા લાગ્યો. મણિરાજની ગોળી પ્રથમ જ મુળુને વાગવાને ઠેકાણે એના ઘોડાને વાગી એટલાથી એણે નિશ્ચય કર્યો કે મણિરાજમાં અસ્ત્રની લક્ષ્યસિદ્ધિ કાંઈ પણ નથી. એવો માણસ ગાદીપર બેસે એ તો રાજ્યનું હીનભાગ્ય એ વચન ખાચરે મુળુને સ્પષ્ટ કહ્યું.

મણિરાજ રત્નનગરી આવ્યા પછી સામંતે એની પાસે મુળુની વાત ક્હાડી અને પિતાના શિક્ષાપત્ર પ્રમાણે મુળુને આયુષ્ય સુધી કેદ રાખવાની આજ્ઞા માગી. મણિરાજે વિચાર કરવા વખત લીધો અને મુળુની મા અને બ્હેનને બોલાવ્યાં.

રત્નનગરીમાં કેદ ર્‌હેવું અને ખાચરના રાજ્યમાં સ્વતંત્ર રહેવું એમાંથી કીયું મુળુને ગમે છે અને તેને ક્યાં રાખવો તમને ગમે છે એવું

આ બે જણીઓને મણિરાજે પુછ્યું. મુળુની સાથે તેમણે વાત કરી જોઈ અને ઉત્તર મળ્યો કે, "મણિરાજને મ્હારાભણીથી ક્હેજો કે "આજ સુધી મ્હારા વિચાર એક જાતના હતા અને હવે તે બદલાયા "છે. તમારું બળ, તમારી કળા, તમારી ઉદારતા, અને તમારી બુદ્ધિઃ "એ સર્વનો અનુભવ તમે મને કરાવ્યો તેથી મ્હારા મનનો ગર્વ અને "મત્સર કેવળ અસ્ત થઈ ગયો છે, અને જે રાજ્યની મ્હારે સેવા "કરવી જોઈએ તે રાજ્યનો દ્રોહ કરવા જે મહાન્ પ્રયાસ કરી તમારા "શત્રુઓને બળવાન્ કર્યા છે તે દોષથી અને પાપથી હું હવે મુક્ત "થઈ શકું એમ નથી. યુવરાજ, ખાચર તમારો કટ્ટો શત્રુ છે તેથી તે "આજ સુધી મ્હારો પરમ મિત્ર હતો. તે જ કારણથી હવે મને એનું "મુખ ગમતું નથી અને આપના રાજ્યના કેદખાનામાં દિવસ ક્‌હાડવાથી "મ્હારું પાપ ધોવાશે એમ હું માનું છું તેમ દુનીયાને આ કાળું મ્હોહું "બતાવવું તે કરતાં કેદખાનું સારું છે. પણ બીજી પાસથી એમ વિચાર "કરું છું કે જે લોકને મ્હેં આપના શત્રુ કર્યા છે તેમને ગમે તો આપના "મિત્ર કરવા અને ગમે તો તેમનું વધેલું બળ નષ્ટ કરવું એટલી "રાજ્યસેવા મ્હારાથી બની શકે એમ છે તે હું ખાચરના રાજ્યમાં "હઈશ તો બનશે. માટે મને ખાચરના રાજ્યમાં રાખવો સારો કે "કેદખાનામાં રાખવો સારો તેનો વિચાર આપ જાતે કરી ઠીક લાગે "તે કરજો. મ્હારી અરજ એટલી છે કે મને આપના રાજ્યમાં છુટો "ર્‌હેવા રજા ન આપશો. કારણ પ્રથમ તો એ મહાન્ ઉપકારભાર "મ્હારાથી ઝીલાય એમ નથી, એને બીજું જરાશંકર અને વિદ્યાચતુર "એ બે બ્રાહ્મણો આપને પ્રિય છે તેનો હું શત્રુ મટવાનો નથી ને "છુટો હઈશ તો કોઈ દિવસ બ્રહ્મહત્યા કરી બેસીશ."

મુળુ પોતાની ઇચ્છા બતાવતો નથી તો તમે બતાવો એવું પુછતાં એની માતા અને બ્હેને માગી લીધું કે મુળુને ખાચરના રાજ્યમાં છુટો ર્‌હેવા દ્યો. મુળુ હવે કોઈ જાતની રાજ્યવિરુદ્ધ ખટપટ કે બીજો અપરાધ નહી કરે એટલી એના ભણીની ખાતરી તમે તમારા વચનથી કરો અને તે પ્રમાણે તેની વર્તણુક તમે માથે લ્યો તો હું મુળુભાને ખાચરના રાજ્યમાં છુટા મુકું એવું મણિરાજે કહ્યું. સ્ત્રીઓએ પોતે ખાતરીનું વચન આપ્યું. અને વિચાર કરી મણિરાજ બોલ્યોઃ "તમે કાકી અને તમે "મ્હારાં બ્હેન, તમારી ઇચ્છા તો મ્હારે પુરી કરવી જોઈએ. સામંતરાજ "ક્‌હે છે કે ખાચર અને મુળુભાનાં વચન લેવાં જોઈએ. પણ મુળુભાને "ક્‌હજો કે તમે તે વચનના કરતાં વધારે ખાતરી આપી છે, અને

"અમારા શત્રુ તે તમારા શત્રુ ગણ્યા તો ખાચર રાણા પણ તમારા
"શત્રુ થયા ને તમારા શત્રુની તમારે સારુ ખાતરી માગવી એ તો
"તમને ન છોડવા હોય તો કરીયે. માટે કાકી, બ્હેન, અને ભાઈ, એ
"ત્રણેનાં વચન કરતાં ક્ષત્રિયો ક્ષત્રિયોની વધારે બાંહ્યગીરી શી લેવાના
"હતા? એવી એવી બાંહ્યગીરીઓ ત્રુટશે ત્યારે રજપુતોની રજપુતાઈમાં
"જેટલું બાકી રહ્યું હશે તેટલું પરખાશે. માટે હું તમારી ઇચ્છા
"સ્વીકારું છું, અને મુળુભાને ક્‌હેજો કે આશા રાખનાર છેતરાય છે
"પણ મણિરાજ તમારા તરફથી કંઈ આશા રાખતો નથી ને છેતરાતો
"નથી અને હવે મ્હેં મ્હારાપણું બતાવ્યું તો તમે તમારાપણું બતાવવાનું
"તે કેવી રીતે બતાવો છો તે જોઈશું."

આ પ્રમાણે મુળુનું ભાગ્ય બાંધી મણિરાજ પોતાની માતા મેનારાણીને મ્હેલ ગયો. ત્યાં કમળાકુમારી રાણીને મળવા આવી હતી અને એની આંખ મણિરાજને શોધતી હતી. મણિરાજે બે જણને એકઠાં જોઈ માતાને દૂર બોલાવી પોતાને કમળાસાથે પડેલો પ્રસંગ ટુંકામાં જણાવી દીધો. રાણી કંઈક વિચારમાં પડતાં મણિરાજે કહ્યું:
"માતાજી, આમાં કાંઈ વિચાર કરવાનું રહ્યું નથી. કારણ હું વચન
"આપી વરી ચુક્યો છું અને પિતાજીએ આ વાત મ્હારી ઇચ્છાઉપર
"રાખી હતી. માટે આપ હવે એ કન્યાને આપના મ્હેલમાં સંભાળી
"રાખજો અને એમને ક્‌હેજો કે તમારા પતિની એવી આજ્ઞા છે કે
"બીજી આજ્ઞા થતા સુધી તમારા પિતાને ઘેર તમારે જવું નહી–
"તમારા પિતા આજ્ઞા કરે તો પણ જવું નહી."

મેનારાણી આશ્ચર્યમાં પડી: "કુમાર, કન્યા લાવો તો ભલે
"લાવો, પણ આ તો કન્યાનું હરણ કર્યું ક્‌હેવાય અને હવે ઈંગ્રેજ
"સરકાર આપણે માથે રહ્યો."

મણિરાજ—"માતાજી, એ તો કન્યાની ઇચ્છા ન હોય ને આપણે
"તેનું હરણ કરીયે તો જુદી વાત. પણ આ તો કન્યા વળગી પડીને
"ક્‌હે છે કે તમે મ્હારા પતિ છો અને મ્હારા પિતાના શત્રુ છો માટે
"તમે મ્હારું હરણ કરો એટલે પિતાની આજ્ઞા તોડી નહી ક્‌હેવાય,
"કન્યાઓનું હરણ કરવું એ એમના તમારા ચંદ્રવંશનો ધારો
"કૃષ્ણાવતારમાંથી પડ્યો છે."

મેનારાણી—"પણ તમારો શત્રુ ફરીયાદી કરશે ને ઈંગ્રેજ હેરાન
"કરશે તે?—તમારા પ્રધાનને તો પુછો—"

મણિરાજ—"માતાજી, સરકાર કન્યાની જુબાની લેશે તેમાં કન્યા

" તરફથી વાંધો નહી પડે. આપણે કન્યાને મદદ કરવી છે. જુવો તો
" ખરાં કે ખાચર શું કરે છે તે. પ્રધાનને અને બધાંને પુછીશું."

અંતે કમળા સાંઝ સુધી પિતાને ઉતારે ગઈ નહી ત્યારે એને ખાચરને ત્યાંથી તેડાં ઉપર તેડાં આવ્યાં. તેના ઉત્તરમાં એણે માત્ર એક જ બોલ કહ્યો કેઃ " પિતાજીને કહો કે મ્હારા સમાચાર ન્હાની મા
" કહેશે-હું તો જેને વરી ચુકી છું તેને વરી-તેનું ઘર મુકી હું શી
" રીતે બ્હાર આવું?—મ્હારા સ્વામી તરફથી તમારે ત્યાં આવવા મનાઈ
" નથી-પણ મને ઠીક લાગશે ત્યારે હું આવીશ—" ઇત્યાદિ ઇત્યાદિ.

આ સમાચારથી ખાચર પ્રથમ તો ખુબ ખીજાયો. બધી વાત સાંભળી જાતે મલ્લરાજને મળી ફરીયાદ કરી. મલ્લરાજે ધૈર્યથી સર્વ વાત સાંભળી અંતે ખડખડ હશી પડ્યો.

" રાણાજી, આમાં આપની પુત્રીની પણ સંમતિ દેખાય છે."

ખાચર—" મહારાજ, એમ હશે—હોયે શું—આ તો બે જણે
" મળી મને છેતર્યો!"

મલ્લરાજ—" આપને બાળકોએ છેતર્યા! અરરરરર! રાણાજી, આ
" વાત કોઈને કહેશો નહી!"

ખાચર—" આપને આપના પુત્રનો દોષ વસતો નથી!—પણ મ્હારે
" ઉપાય કરવો પડશે!"

મલ્લરાજ—" રાણાજી, શાંતિ અને સત્વગુણ ધરો તો કહું."

ખાચર—" ચાલો, ધરું છું."

મલ્લરાજ—" તો કહો. બાળકોએ કામ કર્યું, તમને છેતર્યા તો મને
" પણ આજ સુધી મણિરાજે પુછ્યું નથી. એ બધું થયુંઃ પણ તેમણે
" યોગ્ય જોડું બાંધ્યું છે કે અયોગ્ય?"

ખાચર—" અયોગ્ય."

મલ્લરાજ—" શી રીતે?"

ખાચર—" પ્રથમ તો મણિરાજને અસ્ત્રની લક્ષ્યસિદ્ધિ નથી ને
" મ્હારી પુત્રીને છે."

મલ્લરાજ—" બીજું?"

ખાચર—"મણિરાજ-ભોળા છે, એને કપટ વિદ્યાની કુશળતા નથી."

મલ્લરાજ—" ત્રીજું?"

ખાચર—"ત્રીજું કાંઈ નથી. બીજી બધી રીતે એ યોગ્ય છે."

આ પ્રસંગે આ બે રાજાઓ મલ્લરાજના એક મ્હોટા બાગને છેડે બેઠા હતા અને ત્યાં એક સરોવરની કોર અને પાળ હતી. સરોવરને સામે છેડે મણિરાજનો બાગ હતો, મલ્લરાજે પુત્રના બાગ ભણી આંગળી કરી કહ્યું: "રાણા, આ સામેનો બાગ મણિરાજનો છે, ત્યાં એ "અત્યારે હશે. આપણે વેશ બદલી ત્યાં જઈએ અને એ બે વાનાંમાં "એની પરીક્ષા કરીએ તેમાં તમે હારો તો પછી?"

ખાચર—"પછી મ્હારે આ બધું કબુલ."

બે રાજાઓ શસ્ત્ર અસ્ત્ર સજી કાબુલીઓનો વેશ લેઈ મણિરાજના બાગ ભણી ગયા. બાગનો દરવાજો વાસેલો હતો અને ત્યાં બેઠેલામાંથી એક દરવાને કાબુલીઓને અંદર જવા ના કહી. તેમણે આજીજી કરી કહ્યું કે, "અમારે બાગ જોવો છે ને મણિરાજને મળવું છે—તમે અમારે સારુ ગમે તો પરવાનગી લઈ આવો." દરવાન ક્‌હે, "અંદર યુવરાજ અને રાણી બે જણ ગયાં છે એટલે તમને નહી જવા દઉં ને રજા માગવા પણ હું નહી જાઉં." તળાવ અને બાગના ખુણા સુધી બાગનો કીલ્લો હતો તે ખુણા આગળ બે જણ ગયા. એ ખુણા આગળથી અર્ધા વ્હેંત જમીન, પાણી અને બાગની વાડ વચ્ચે હતી, તે ઉપર પગ મુકી બે જણ વાડની લગોલગ ચાલ્યા. થોરીઆ, કાંકળો, અને બીજા કાંટાની અભેદ્ય જબરી વાડ આગળ ઉપાય ન હતો. પણ વાડની લગોલગ ઠેઠ જવાય એવું હતું. તે વાડમાં નજર કરતા કરતા બે જણ ચાલે છે અને દેખાતું તો કાંઈ નથી પણ કાને સ્વર આવ્યો, આ સ્વર વરકન્યાનો હતો અને બેના પિતાઓ કાન માંડી ઉભા રહ્યા. સ્વર વાધ્યો.

"યુવરાજ, મને બધો બાગ દેખાડ્યો પણ એક વાત આપે "કરવાની બાકી રહી છે."

"શી?"

"આપણામાં રાક્ષસવિવાહ ક્‌હેવાય છે તે એવો કે પુરુષ સ્ત્રીને "કેદ કરી પરણે; તે પ્રમાણે આપે મને મ્હારા પિતા પાસે જતી "અટકાવી એવો રાક્ષસવિવાહ આપના કુળમાં યોગ્ય છે?"

મણિરાજ હસ્યો. "પ્રથમ કન્યાની ઈચ્છાથી ગાન્ધર્વવિવાહ થઈ "ગયો અને કન્યાએ બાપની અસંમતિ જણવી એટલે ગાન્ધર્વવિવાહને "અંતે શત્રુ શ્વશુરના ઘરમાંથી એ વરેલી કન્યાને ઉપાડી લેઈ

" રાક્ષસવિવાહ કરવો એ તો યોગ્ય જ છે. કમળારાણી, શત્રુઓ સાથે
" રાક્ષસ થવું એ અમારો કુળાચાર છે."

" ત્યારે તે કાળે આપણે બે જણે સાથે લાગી બન્ધુક ફોડવી એવી
" મ્હારી અરજ સ્વીકારવા કહ્યું હતું તે હજી સુધી આપે સ્વીકારી નથી."

વધારે કાંઈ વાતચીત થોડી વાર સુધી થઈ નહી. એટલામાં એક પક્ષી સરોવરમાંથી મત્સ્ય લેઈ ઉંચું ઉડ્યું. તે પચાસ હાથને આશરે ઉંચું ઉડ્યું હશે એટલામાં આગમાંથી બન્ધુકની બે ગોળીઓ ભડાકા સાથે એ દિશામાં ગઈ તેમાંથી એક ગોળીએ એ પક્ષીને વીંધ્યું અને તેના ઉપર થઈને બીજી ગોળી અમસ્તી ચાલી ગઈ.

કમળા ખડખડ હસતી સંભળાઈ. " પુરુષોનું ભાગ્ય જ મ્હોટું.
" યુવરાજ, હું કદી આમ ગોળી ચુકી નથી તે આજ ચુકી, અને
" તમારી બરોબર લાગી."

" એમ નથી. જો મ્હારી ગોળી વાગી ન હત તો તમારી ગોળી
" બરોબર વાગત. તમારી ગોળી જતાં જેટલી વાર ઘણુંખરું લાગતી
" હશે તેટલી વાર નજરમાં રાખી તમે ગોળી મારી તે પક્ષી ઉપર
" થઈને ગઈ તે વખત પક્ષી ત્યાં જ પ્હોંચત. ત્યાં પક્ષી પ્હોંચતા પ્હેલાં
" મ્હેં મ્હારી ગોળી પ્હેલી વાગે એમ તાકી અને વ્હેલી વાગી."

" એ વાત તો ખરી–મને એટલી લક્ષ્યસિદ્ધિ નથી."

" આ પાસેની વાડો નીચે કોઈ માણસો છે. દરવાનોની ગફલતથી
" આવ્યા હશે."

" હા–એવું કાંઈ છે ખરું."

ખાચર ચમક્યો અને સજ્જ થયો.

" હશે જે હશે તે. આપણે શું?" કમળાનો સ્વર બોલ્યો.

" એમ ન થાય. એમને ચોરી કરતાં આવડી તો આપણને
" ચોકીદાર થતાં નહી આવડે?"

" મને કેદ કરી અને કપટવિદ્યાના ગુરુ મહારાણા ખાચરને
" છેતરી એમનું ઘર ફોડનારને શું નહી આવડે?"

મલ્લરાજનું હસવું રહ્યું નહી અને બોલાઈ જવાયું: " રાણા, મ્હારા
" પુત્રને ભોળો કહેનાર તમે, ને તમારા કરતાં એને વધારે કપટી કહેનારી
" તમારી પુત્રી–તે તમને બેને ઓળખે છે—તેને મ્હોંયે તમારો ન્યાય."

નાંક આગળ આંગળી સુઠી રોષે ભરાયલા રાણાએ મલ્લરાજનો હાથ ખેંચી સ્થાન બદલ્યું.

મણિરાજને આ કપટની વધારે શંકા થઈ. માળીની પાસે વાંસી મંગાવી એણે બે પાસથી કાંકળો અને કાંટા ધક્કેલી નાંખ્યા અને કાણુ-લીઓથી ન જવાય આમ ને ન જવાય આમ એમ ત્રણ પાસ કાંકળો અને કાંટાઓ અને ચોથી પાસ પાણી, તેની વચ્ચે બે જણને કેદ કર્યા, તો પણ કાંઈ હાલ્યું ચાલ્યું નહી ત્યારે વાડો વચ્ચે લાંબી વાંસી ઘોચી તેમને ધક્કા મારવા માંડ્યાં. છેવટે ખાચરે વાંસી ઝાલી રાખી અને કશામાં ભરાઈ રહી હોય એમ પાછી ખસવા ન દીધી. મણિરાજે તે પાછી ખેંચવા માંડી. બેના બળની સરતમાં મણિરાજ ફાવ્યો, ખાચ-રનાં આંગળાં કાંઈક કાપી લોહીવાળી વાંસી મણિરાજના હાથમાં આવી. લોહી જોઈ એણે માણસ છે એવી ખાતરી કરી, અને પોતાનાં માણ-સોમાંથી થોડાક સશસ્ત્ર માણસોને તળાવની બાજુથી તરતા તરતા જઈ તેમને પકડી લાવવા આજ્ઞા કરી. પાણીમાં તેમને આવતા જોઈ બે જણાઓએ પાણીમાં ઝંપલાવ્યું, સામેની બાજુના મલ્લરાજના બાગમાં ગયા, વસ્ત્ર પ્હેરી બેઠા, અને તેમની પાછળ જનારાઓ એ બાગમાં જઈ ન્હાસનારાઓને શોધી ક્‌હાડતાં નિષ્ફળ થઈ પાછા આવ્યા.

મણિરાજ પિતાના બાગમાં ગયો. ફરતાં ફરતાં એક ખુણે કાણુલી વસ્ત્ર દીઠાં અને ઓળખ્યા. પિતા અને શ્વશુર પાસે ગયો. અને રાણાની આંગળીઓની અવસ્થા જોતાં સર્વ ઇતિહાસ કળી ગયો. પાછો ફરી સામંતને સઉ હકીકત કહી તેને તથા કેટલાંક માણસને સાથે લેઈ આવ્યો અને પિતાને ક્‌હેવા લાગ્યો.

" મહારાજ, આજ મ્હારા બાગમાં બે ચોર ભરાયા હતા " તેમાંથી એક તો સર્વના ધણી છે પણ બીજા ચોરને પકડવામાં કાંઈ " વાંધો નથી; માટે તે ચોરને આપ અમારા હવાલામાં કરો એવી " અરજ છે. "

" એ ચોરની કાંઈ નીશાની છે ? " મલ્લરાજે પુછ્યું.

સામંત બોલ્યોઃ " અનિરુદ્ધના તો દાદાએ બાણના હાથ કાપ્યા " હતા પણ આપણા અનિરુદ્ધે તો જાતે બાણની આંગળીઓ કાપી " દીધી છે. બાકી આ બાણને હજાર હાથ તો નથી. શું કરીયે ? " મહારાજ ! અનિરુદ્ધના પિતા જ બાણની સાથે ફરે ત્યારે અનિ-" રુદ્ધે જાતે પરાક્રમ કરવું પડે."

આ વાર્તાનો અંત એવી રીતે આવ્યો કે ખાચર સમજ્યો; શરમાયો, કમળાવતી પોતાના કાંટાવાળાં ગુલાબ અને કેતકની માળણ બની, અને એના પિતાએ દુરાગ્રહ મુક્યો.

મલ્લરાજ આજ સર્વ રીતે ભાગ્યશાળી ગણાયો. પુત્ર પરાક્રમી નીવડ્યો. રાજ્યનો અંતઃશત્રુ મુળુ શાંત થયો. બાહ્ય શત્રુ ખાચર મિત્ર થયો અને વ્હેવાઈ થયો. શત્રુની પુત્રી સાથે યુવરાજનું લગ્ન થયું અને વેરમાં વ્હાલ થયું. અધુરામાં પુરું ફાક્સ સાહેબને ઠેકાણે તેના હાથ નીચેના લીલાપુરવાળા સદ્‍ગુણી બસ્કિન્ સાહેબની બદલી પણ આવામાં જ થઈ અને તેમને અને બ્રેવ સાહેબને જુની મિત્રતા હતી એટલે આ પાસની પણ ચિન્તા મટી ગઈ. યુવરાજ, વિદ્યાચતુર અને સામંત મળી સર્વ રાજ્ય સારી રીતે ચલાવવા લાગ્યા. મલ્લરાજે પોતાનો આવાસ નગરમાંથી બદલી બાગમાં કર્યો અને વૃદ્ધ રાજા અને જરાશંકર સર્વ એષણાઓ ત્યજી એકાંતમાં ધર્મવિચારમાં કાળક્ષેપ કરવા લાગ્યા. એમ કરતાં એક દિવસ પ્રાતઃકાળે રાજાએ અંતકાળ પાસે લાગતાં સર્વ કુટુંબ બાગમાં બોલાવ્યું.

પોતાની વાનપ્રસ્થ અવસ્થા ગણી મલ્લરાજે એક મ્હોટું વાંસનું ઝુંપડું બંધાવ્યું હતું અને જમીન ઉપર માત્ર લીંપણ હતું. તેમાં પલંગને ઠેકાણે એક સુતળીના ખાટલામાં સાદડી નાંખી તે ઉપર રત્નનગરીનો મહારાજ સુતો હતો. એને શરીરે માત્ર એક ધોતીયું અને એક ઢીલું પ્હેરણ હતું. અશક્તિ હોવા છતાં તેણે પ્રાતઃકાળમાં સ્નાન કરેલું હતું. અસલના પ્રચંડ શરીરને સ્થળે પાતળું હાડપિંજર ખાટલામાં મડદા પેઠે ચતું પડેલું હતું અને હાથનાં તરવાર જેવાં હાડકાં ખભાથી ઢીંચણ સુધી લાંબાં પડેલાં હતાં. તેના પ્રતાપી કપાળ ઉપર ભસ્મ લગાવ્યું હતું અને એના શ્વેત કેશને શિખા બાંધી દીધી હતી. એની મ્હોટી મુછો અને થોભીયા ધોળા કરમાયલા જેવા થઈ ગયા હતા. રાજાની આંખનું તેજ અને વાણી છેક છેલે સુધી રહ્યાં. તેના ખાટલાની એક પાસ મેનારાણી પૃથ્વી ઉપર મડદા જેવી બેઠી હતી. આંખમાં ન ખળી ર્‌હેતી આંસુની ધારાઓ ઘડી ઘડી લ્હોતી હતી અને રડવું ખાળી રાખતી હતી. બીજી પાસ વૈદ્ય નાડી ઝાલી બેઠો હતો અને ઘડી ઘડી ઔષધ લેવા ઉઠતો હતો. મણિરાજ રાજ્યકાર્ય કરતાં દિવસમાં પાંચ સાત વાર પિતા પાસે આવતો અને રાત્રિયે એની પાસે પૃથ્વી ઉપર સુતો, તે આવી પિતાની

એક બાજુએ ઉભો અને પિતાના મુખ સામું જોઈ રહ્યો. એવામાં **સામંત**, જરાશંકર અને **વિદ્યાચતુર** આવ્યા.

રાજાએ **સામંત**ને પોતાની પાસે આવવા સાન કરી અને **સામંતે** કાન ધર્યો એટલે વૃદ્ધ રાજા ધીમે ધીમે બોલ્યોઃ “ભાઈ, મ્હારી “રાજ્યનીતિ તું જાણે છે. મણિરાજની સંભાળ રાખજે અને મુળુ ત્હારું “ઠેકાણું સાચવે એમ કરજે. હું હવે જવાનો–વિદ્યાચતુરને મોકલ.”

**સામંત**ની આંખમાં આંસુ ઉભરાઈ ગયાં અને રંક સ્વરે બોલ્યોઃ “મહારાજ, કોઈ જાતની ચિંતા કરશો નહી. રાજ્ય, પ્રધાન અને પ્રજા “સર્વની અને મણિરાજની કોઈની ફીકર કરશો નહી. વિદ્યાચતુર, “મહારાજ બોલાવે.”

વિદ્યાચતુર રાજા પાસે જાય છે એટલામાં **સામંત** મનમાં બોલ્યોઃ “અરેરે, કેવા મહાત્મા! દુષ્ટ મુળુ ઉપર અંતકાળે પણ કૃપા! મહારાજ, “અંતકાળ સુધી આપ કૃપાને મુકવાના નથી ને મુળુ દુષ્ટતાને “મુકવાનો નથી! મહાત્માનો ઈશ્વરને ખપ છે ને આ દુષ્ટ મરતો મરતો “જીવે છે! એ દુષ્ટ હજી શું કામ નહી કરે? હરિ! હરિ! એને મ્હેં “ક્યાં જન્મ આપ્યો?” **સામંત** ગભરાઈ ગયો ને રોતો ગયો.

વિદ્યાચતુરે કાન ધર્યો અને મલ્લરાજે કાનમાં કહ્યુંઃ “વિદ્યાચતુર, “તમને સોંપેલી વાડીનું એક પણ ઝાડ કરમાય નહી–જો જો–તમને “ઝાડની પેઠે ઉછેરેલા છે—ભુલશો નહી–મરતી વખત વધારે શું કહું?– “હું કરમાઈ જાઉં છું—ઈંગ્રેજનો સમો છે—મ્હેં એમને સ્વીકાર્યા “છે–મને કંઈ સુઝતું નથી.”

વિદ્યાચતુર ધીમેથી બોલ્યોઃ “મહારાજ, આ શરીર અને બુદ્ધિ “આપનાં છે—આપનો આત્મા અમર ર્‌હેશે અને આપની પાછળ “અને આપની જોડે સત્કર્મ જ છે.”

મણિરાજને સાન કરતાં એ પાસે આવ્યો.

મલ્લરાજ બોલ્યોઃ “મણિરાજ, રાજ્યના શત્રુઓની ખટપટમાં “રાજ્ય નિષ્કંટક કરવામાં–પ્રજાનો વિચાર મ્હારાથી નથી થયો. હું તમને “નિષ્કંટક રાજ્ય સોંપી જાઉં છું–પણ તમે હવે આ રંક પ્રજાના “કલ્યાણનો વિચાર કરજો–હોં. પ્રજા રંક છે–બોલતી નથી—પણ મ્હેં “એને સારું કંઈ થયું નથી—તમે ભુલશો નહી—પ્રજા...મણિરાજ, અન્ન “પાન અને શરીર ત્યજી પ્રજાને જાળવજો. પ્રજા તમને ભાળવું છું...

" પ્રજા......બીચારી પ્રજા...પ્રજા... " મલ્લરાજની પોતાના આંખમાં આંસુ આવ્યાં... " અરેરે—જરાશંકર, આટલાં વર્ષ સુધી આપણાથી " પ્રજાનું કંઈ કલ્યાણ થયું નથી... " મલ્લરાજનામાં અશક્તિ વધી, એની આંખો મીંચાઈ, પોપચાં નીચે આંસુ ચાલ્યાં, અને કંઈક વાર બોલતો બંધ થયો. સર્વની આશા ત્રુટવા માંડી અને ચારે પાસ આંસુની વૃષ્ટિ વર્ષવા લાગી.

એટલામાં મીંચેલી આંખે રાજા બોલતો શુણાયોઃ " મેના—મેના —" રાજાનો હાથ મેના ભણી જવા યત્ન કરતો લાગ્યો. મેના ઉઠી, રાજાનો હાથ ઝાલ્યો, અને રોતી રોતી બોલીઃ " મહારાજ ! મહારાજ—"

રાજાએ આંખ કંઈક ઉઘાડી, મેના સામું જોયું, " મ્હેં તને વિના " અપરાધે એક રાત્રે શિક્ષા કરી હતી—"

મેનાનું રોવું રહ્યું નહી, ત્હોયે ખાળી રાખી બોલીઃ " ના, " મહારાજ, મ્હારો જ દોષ હતો અને આપે યોગ્ય જ કર્યું હતું."

" હવે કુમાર નહી—રાજા–હોં–એની આજ્ઞા પાળજે." મલ્લરાજ ઉંચું જોઈ કહેવા લાગ્યો.

" અવશ્ય, મહારાજ ! જેમ માતાજી આપની સાથે વર્તતાં એ " જ રીતે વર્તીશ. કુમાર રાજા, અને હું એની પ્રજા. "

" –ને–કમળા–એ હવે ત્હારાથી મ્હોટે સ્થાને–તું–તું" વચન માગતો હોય એમ રાજાનો હાથ લાંબો થયો. એ હાથમાં વચન આપવા હાથ મુકી રાણી કંઈક સ્થિર સ્વરે બોલીઃ"મહારાજ, મ્હારા નાથ છો, આપને વચન આપું " છું કે મ્હારે હવે રાજ્યસાથે સંબંધ નથી. મહારાજ, न स्त्री स्वातन्त्र्यमर्हति. " ન્હાનપણે જેમ પિતાની આજ્ઞા પાળતી, આજ સુધી આપની પાળતી, " માતાજી આપની આજ્ઞા પાળતાં, તેમ આપની પાછળનાં રાજારાણીની " આજ્ઞા પાળવી એ મ્હારો ધર્મ છે અને એ રાજા મ્હારો પુત્ર છે અને " રાણી મ્હારી વહુ છે એટલામાં જ મજ અનાથની સનાથતા છે."

બોલતી બોલતી રાણી પડી ગઈ. મણિરાજે તેને ઝીલી, રાજાની આંખો મીંચાઈ હતી તેણે આ દીઠું નહી, રાણી પુત્રના હાથમાંથી ઉઠી બેઠી. ને રાજા આંખો મીંચી બોલ્યોઃ " બધાંને કહી દીધું–બધાંને કહી " દીધું–કંઈ રહી જતું તો નથી–જરાશંકર–રઘુનું વાનપ્રસ્થ—"

સૂર્યવંશના કુળાચાર શોધનાર રાજાને રઘુનો આ પ્રસંગ અસલથી પ્રિય હતો. જરાશંકર તે જાણતો હતો અને રાજાની પાસે જઈ ધીમે ધીમે બોલવા લાગ્યોઃ—

*अथ वीक्ष्य रघुः प्रतिष्ठितं
प्रकृतिष्वात्मजमात्मवत्तया ।
विषयेषु विनाशधर्मसु
त्रिदिवस्थेष्वपि निःस्पृहोऽभवत् ॥ १ ॥

गुणवत्सुतरोपितश्रियः
परिणामे हि दिलीपवंशजाः ।
पदवीं तरुवल्कवाससां
प्रयताः संयमिनां प्रपेदिरे ॥ २ ॥

तमरण्यसमाश्रयोन्मुखं
शिरसा वेष्टनशोभिना सुतः ।
पितरं प्रणिपत्य पादयो-
रपरित्यागमयाचतात्मनः ॥ ३ ॥

रघुरश्रुमुखस्य तस्य तत्
कृतवानीप्सितमात्मजप्रियः ।
न तु सर्प इव त्वचं पुनः
प्रतिपेदे व्यपवर्जितां श्रियम् ॥ ४ ॥

---

*૧. પોતાના પુત્ર અજે નિર્વિકાર મનથી અમાત્યઆદિ રાજ્યના પ્રકૃતિપુરુષોમાં મૂળ નાંખેલાં જોઈને નાશવાળા સ્વર્ગસ્થ વિષયોમાં પણ સ્પૃહા ધરવી રઘુરાજાએ છોડી.

૨. દિલીપના વંશના રાજાઓ પરિણામે ગુણવાન પુત્રને રાજ્યસંપત્તિ સોંપીને ઝાડની છાલનાં વસ્ત્ર પ્હેરનાર સંન્યાસીઓના માર્ગનો સ્વીકાર કરે છે.

૩. પિતાને વનવાસ લેવા તત્પર થયેલા જોઈ મુગુટથી શોભતા એવા મસ્તક વડે તેમના ચરણમાં નમસ્કાર કરી પુત્રે તેમની પાસેથી પોતાનો અપરિત્યાગ માગી લીધો.

૪. પુત્રમાં પ્રેમવાળા રઘુએ આંસુ ભરેલા મુખવાળા એ પુત્રની આ યાચના સ્વીકારી; પરંતુ એક વાર તજેલી કાંચળીને સર્પ લેતો નથી તેમ પોતે તજી દીધેલી રાજલક્ષ્મીનો ફરી રઘુએ સ્વીકાર કર્યો નહી.

स किलाश्रममन्त्यमाश्रितो
निवसन्नावसथे पुराद्बहिः ।
समुपास्यत पुत्रभोग्यया
स्नुषयेवाविकृतेन्द्रियः श्रिया ॥ ५ ॥
प्रशमस्थितपूर्वपार्थिवं
कुलमभ्युद्यत नूतनेश्वरम् ।
नभसा निभृतेन्दुना तुला-
मुदिताकेंण समारुरोह तत् ॥ ६ ॥
यतिपार्थिवलिङ्गधारिणौ
ददृशाते रघुराघवौ जनैः ।
अपवर्गमहोदयार्थयो-
र्भुवमंशाविव धर्मयोर्गतौ ॥ ७ ॥
अजिताधिगमाय मन्त्रिभिर्
युयुजे नीतिविशारदैरजः ।
अनपायिपदोपलब्धये
रघुराप्तैः समियाय योगिभिः ॥ ८ ॥
नृपतिः प्रकृतीरवेक्षितुं
व्यवहारासनमाददे युवा ।

---

૫. અંત્ય આશ્રમનો (સંન્યાસનો) આશ્રમ કરી એ રાજા નગરથી બ્હાર સ્થાન કરી રહ્યો; અને તે પછી રાજલક્ષ્મી, પુત્રવધૂના જેવી કેવળ પુત્રભોગ્યા રહીને, અવિકારી ઇન્દ્રિયોને ધરનાર આ ત્યાગી રાજાની પાસે આવી તેનું ઉપાસન કરતી.

૬. જેનો જુનો રાજા અત્યંત શાંતિની અવસ્થામાં સ્થિર થઈ ગયો છે અને નવો રાજા રાજ્યમાં ઉદય પામ્યો છે એવું આ કુળ એક પાસ અસ્ત થવા આવેલા ચંદ્રને અને બીજી પાસ ઉદય પામતા સૂર્યને ધરનાર આકાશની સાથે તોળાયું.

૭. ધર્મના બે અંશ,—એક મોક્ષરૂપ અને બીજો મહોદયના ફળરૂપ; એ બે અંશ પૃથ્વી ઉપર આવી ઉતર્યા હોય તેવા યતિલિંગ ધરનાર પિતા અને રાજલિંગ ધરનાર પુત્ર, રઘુ અને રાઘવ, એ બે જણ લોકની દૃષ્ટિમાં લાગ્યા.

૮. અજરાજા અજિતપદના લાભ સારુ નીતિમાં કુશલ એવા મંત્રીઓ સાથે મળ્યો; અને રઘુ અવિનશ્વર મોક્ષપદની પ્રાપ્તિ સારુ આપ્ત યોગીઓ સાથે મળ્યો.

૯. યુવાવસ્થાવાળા અજરાજાએ પ્રજાને જોઈ લેવા—તેમનો પરિચય કરવા

परिचेतुमुपांशु धारणां
कुशपूतं प्रवयास्तु विष्टरम् ॥ ९ ॥
अनयत्प्रभुशक्तिसंपदा
वशमेको नृपतीननन्तरान् ।
अपरः प्रणिधानयोग्यया
मरुतः पञ्च शरीरगोचरान् ॥ १० ॥
अकरोदचिरेश्वरः क्षितौ
द्विषदारम्भफलानि भस्मसात् ।
अपरो दहने स्वकर्मणां
ववृते ज्ञानमयेन वह्निना ॥ ११ ॥
पणबन्धमुखान् गुणानजः
षडुपायुङ्क्त समीक्ष्य तत्फलम् ।
रघुरप्यजयद्गुणत्रयं
प्रकृतिस्थः समलोष्टकाञ्चनः ॥ १२ ॥
न नवः प्रभुराफलोदयात्
स्थिरकर्मा विरराम कर्मणः ।
न च योगविधेर्नवेतरः
स्थिरधीरापरमात्मदर्शनात् ॥ १३ ॥

---

સારુ ધર્માસન સ્વીકાર્યું; અને વૃદ્ધ અવસ્થાવાળા રઘુએ ચિત્તની એકાગ્રતાનો પરિચય કરવા સારુ વિજન દેશમાં પવિત્ર દર્ભાસન સ્વીકાર્યું.

૧૦. અજરાજાએ પોતાના સમીપવર્તિ રાજાઓને પ્રભુશક્તિરૂપ સંપત્તિથી વશ કર્યા, અને રઘુએ પણ સમાધિયોગ્ય સંપત્તિથી શરીરની અંદર રહેલા પાંચ પ્રાણને વશ કર્યા.

૧૧. નવીન રાજાએ પૃથ્વીમાં શત્રુઓનાં આરંભોનાં ફળોને ભસ્મ કર્યાં અને વૃદ્ધ રાજા જ્ઞાનમય અગ્નિથી પોતાનાં કર્મને બાળી દેવા પ્રવૃત્ત થયો.

૧૨. સંધિ-વિગ્રહ-યાન-આસન-દ્વૈધીભાવ-આશ્રય એ છ ગુણના ફલનો વિચાર કરી, અજરાજ તેમને હાથમાં લેવા લાગ્યો; અને લોખંડમાં તથા સોનામાં જેની સમદૃષ્ટિ છે એવા રઘુએ પણ પ્રકૃતિમાં રહેલા ત્રણ ગુણને હાથ કરી–વશ કરી–જીતી લીધા.

૧૩. સ્થિર જેની ક્રિયા છે એવા નવીન રાજાએ પોતાની ક્રિયાના ફલના ઉદયનું દર્શન થતા સુધી ક્રિયાનો ત્યાગ કર્યો નહી. અને સ્થિરબુદ્ધિવાળા જુના રાજાએ પરમાત્માનું સાક્ષાત્કાર દર્શન થતા સુધી યોગવિધિનો ત્યાગ કર્યો નહી.

इति शत्रुषु चेन्द्रियेषु च
प्रतिषिद्धप्रसरेषु जाग्रतौ ।
प्रसितावुदयापवर्गयो-
रुभयीं सिद्धिमुभाववापतुः ॥ १४ ॥

अथ काश्चिदजव्यपेक्षया
गमयित्वा समदर्शनः समाः ।
तमसः परमापदव्ययं
पुरुषं योगसमाधिना रघुः ॥ १५ ॥

શ્લોક પુરા થઈ રહેવા આવ્યા તેમ મલ્લરાજના મુખ ઉપર પ્રથમ શાંતિ અને ક્રમે ક્રમે આનંદ સ્ફુરવા લાગ્યો. છેલો શ્લોક થઈ રહેતાં એણે પાસું ફેરવવા યત્ન કર્યો, સર્વ મંડળે અશક્તને સાહાય્ય આપી પાસું ફેરવાવ્યું, ફેરવી રહેતાં એના મુખમાંથી શબ્દ નીકળ્યાઃ " શિવ ! શિવ ! શિવ ! શિવ ! शिवोहम्-शिव-" એટલું બોલતાં બોલતાં વાણી બન્ધ થઈ અને હાથ જરાશંકરને ખભે પડ્યો. થોડી વારમાં દેહ નિર્જીવ થઈ ગયો.

થોડી ઘડીમાં એ ઝુંપડી અને એ રાજ્ય એ મહારાજાના શરીર વિનાનાં શૂન્ય થઈ ગયાં, મેના અને મણિરાજ શીવાય સર્વમાંથી થોડા દિવસમાં એની પાછળનો શોક ન્યૂન થઈ ગયો અને થોડા માસમાં એનું સ્મરણ પણ લોકમાંથી ગયું અને માત્ર અતિકષ્ટ વેઠી એ મહારાજે જે સંયમ અને લોકહિતની રાજનીતિ સાધી હતી અને

---

૧૪. એ પ્રકાર શત્રુઓની પ્રવૃત્તિનો પ્રતિબંધ કરવામાં જાગતો અને તત્પર અજરાજ ઉદયની સિદ્ધિને પ્રાપ્ત થયો. અને ઇન્દ્રિયોની પ્રવૃત્તિનો પ્રતિબંધ કરવામાં જાગતો અને તત્પર રઘુરાજ મોક્ષની સિદ્ધિને પ્રાપ્ત થયો. આમ પિતાપુત્ર ઉભયને જોઇતી ઉભય સિદ્ધિઓ મળી.

૧૫. સર્વ ભૂતોમાં જેની સમદૃષ્ટિ છે એવો રઘુ, પોતાના પુત્રની આકાંક્ષાથી કેટલાંક વર્ષો વ્યતીત કરી, અવિદ્યારૂપ અંધકાર જેને પ્હોંચી શકતું નથી એવા પદરૂપ અને અવિનાશી પુરુષ પરમાત્માને યોગસમાધી વડે પ્રાપ્ત થયો.

રઘુવંશ સર્ગ ૮,

**જીવરામ શાસ્ત્રી.**

જેનાં ફળ એના મરણકાળે દૃષ્ટિમર્યાદામાં આવ્યાં હતાં, તે રાજનીતિ, તે ફળ, અને તે ફળનાં બીજમાંથી ઉગી નીકળતા નવા વૃક્ષઃ એ સર્વ નવો દેખાવ આ પુણ્યશાલી પ્રતાપી સંયમી મહારાજાની પાછળ એના રાજ્યમાં એના સ્મરણાર્થ રચાયલા અનેક પવિત્ર તુળસી ક્યારાઓ અને શિવાલયો પેઠે ઉભો થયો.

---

## પ્રકરણ ૧૪.

### મણિરાજનો શોક અને પિતૃદર્શન.

O star of strength ! I see thee stand
And smile upon my pain;
Thou beckonest with thy mailed hand,
And I am strong again.

—*Longfellow.*

પોતાની પાછળ સિંહાસન ઉપર બેસવાના કરતાં ત્યાં પિતાની પાદુકાઓ મુકી પોતે હજી યુવરાજ જ હોય તેમ રાજ્ય કરવાનો પિતૃભક્ત મણિરાજને વિચાર થયોઃ અને એ વિચાર સર્વને જણાવી દીધો. સૂતકનો કાળ વીતવા આવ્યો પણ તેના મુખ ઉપરથી શોકની છાયા ઉતરી નહી, અને સિંહાસનપર ચ્હડવાનું મુહૂર્ત એણે જોવડાવ્યું નહી. નવા આવેલા બ્રસ્કિન્ સાહેબને એણે પિતાના સમાચાર લખ્યા પણ પોતાના સમાચારમાં કાંઈ લખ્યું નહી. સામંત, જરાશંકર, વિદ્યાચતુર, અને કમળા રાણી—કોઈની વાતને એણે ઉત્તર દીધો નહી. જુના રાજાનો શોક નવાના અભિષેક સાથે ઉતરે એ વાણી એના મંદિરમાં અસિદ્ધ થઈ. પોતાને "મહારાજ" શબ્દથી સંબોધન કરવા આવનારનું એ અપમાન જ કરતો. આ સર્વ સમાચાર બ્રસ્કિન્ સાહેબને પ્હોંચ્યા. એ સાહેબે મણિરાજને હેતભરેલું પત્ર લખ્યું અને ભૂતકાળ ભુલી વર્તમાન ધર્મ પાળવા માર્ગ દર્શાવ્યો અને સર્વ પિતાનો પિતા અમર છે તેના ચરણમાં દૃષ્ટિ રાખી, ઐહિક પિતાના સિંહાસનને એ ઉભય પિતાઓનો પ્રસાદ ગણી સ્વીકારવામાં જ તે બેની આજ્ઞાનું અનુલંઘન છે એમ જણાવ્યું. અભિષેક કરવા સાહેબ પોતે સત્વર આવવાના છે તે પણ તેમાં હતું.

આ પત્ર વાંચી મણિરાજે ખીસામાં મુક્યો ત્યારે તે પોતાના આરામાસન ઉપર એકલો હતો અને રાત્રિના સાત વાગ્યા હતા. તેની આંખમાંથી એકાંત અશ્રુધારા ટપકતી હતી અને એ દશામાં તે બેઠો બેઠો નિદ્રાવશ થઈ ગયો ત્યાં સ્વપ્નોદય થયો.

પોતે કોઈ મહાસાગરમાં એકલો એક ન્હાની હોડીમાં બેઠો છે, સાગર તોફાન કરી રહ્યો છે, હોડી ચાર ચાર હાથ ઉછળે છે, પવન ફુંકતો ચીસો પાડે છે, ચંદ્રમા મધ્યાકાશમાં ઝુલી રહ્યો છે, વાદળાંની લ્હેરો ચંદ્રને ચારે પાસથી ઘેરે છે—ચંદ્રના તેજથી વધારે ઉજળી થાય છે, ને વેરાઈ જાય છે, અને ઉછળતી હોડી એ પાસ વાંકી વળી જાય છે અને પાણી અંદર આવવાનું થાય છે પણ આવતું નથી, ને પોતે એ હોડીમ માત્ર ચંદ્રને જોતો જોતો ચતો પડી રહ્યો છે એવું એને સ્વપ્ન થયું.

થોડીવારમાં મલ્લરાજનો દેહ ચંદ્રમાંથી ઉતરી મણિરાજના સામો એની હોડીમાં આવ્યો અને બેઠો. મણિરાજના આકારને એણે પાસે લીધો, અગલમાં લીધો, અને માથે હાથ ફેરવી, બોલવા લાગ્યો.

"કુમાર, સામંત છેલે સુધી મ્હારી પાસે હતો તેથી હું તમને "બધો ઉપદેશ કરી શક્યો નથી. તે કરવાને આજ એકાંત શોધી "આવ્યો છું."

"મરતી વખત એની અપ્રીતિ લેવી ઠીક લાગી નહી તેથી "એટલું મૌન ધાર્યું. મ્હારી રાજનીતિનું રહસ્ય તે તમને જ કહેવાનું "છે તે સાંભળી લ્યો."

"સામંત અને મૂળરાજના ઉપરે સર્વ રીતે પ્રીતિ કરજો, પણ "ઈંગ્રેજના સંબંધનું રહસ્ય તેમને ખબર નથી તે પરલોકમાં ઉભો "ઉભો હું તમને કહું છું."

"સીતાજી લંકામાંથી આવ્યાં, અગ્નિદેવે સ્વહસ્તે રામજીને સોંપ્યાં, "અને પછી અયોધ્યા જવા સ્વામીની સાથે વિમાનમાં ચ્હડ્યાં ત્યારે "સુગ્રીવ, અંગદ, અને હનૂમાનજી ત્રણે જણ હાથ જોડી ઉભા અને "પુછવા લાગ્યા કે આ સમુદ્રપર અમે બાંધેલી પાળનું શું કરીયે?"

"સીતાજી કહે, પુત્રો! એ પાળની હવે જરુર નથી અને "વિભીષણના રાજ્યપર કોઈ એ પાળથી ચ્હડી આવે નહી માટે "એને તોડી નાંખો. માત્ર એનો એક કડકો રહેવા દેજો કે ધર્મકાર્યે "તમે બાંધેલા આ ધર્મસેતુનું નામ નીશાન સમુળગું નાશ પામે નહી. "એ કડકો યાવચ્ચંદ્રદિવાકર રહેશે અને સર્વ ધર્મમાં પવિત્ર ગણાશે."

"સીતાજી અયોધ્યા પ્હોંચ્યાં તે પછી ત્રણે જણ પોતાને દેશ
"જવાને માટે સીતાજીની રજા લેવા ગયા ત્યારે તેમણે તેમને
"આશીર્વાદ દીધો કે તમે દૈવી સંપત્તિના અવતાર છો અને આ
"યુગમાં ધર્મસેતુ બાંધી તમે ધર્મનો વિજય પ્રવર્તાવ્યો છે માટે કળિ-
"યુગમાં તમે મનષ્યરૂપે અવતાર પામજો અને મ્હારી ભૂમિમાં બીજું
"રામરાજ્ય કરજો."

"મણિરાજ! કૃષ્ણાવતારમાં શ્રીકૃષ્ણ રીંછકન્યા જાંમ્બુવતીને
"પરણ્યા અને અર્જુનના રથ ઉપર કપિધ્વજ હતો. જ્યાં જ્યાં
"કપિધ્વજ ઉડ્યો છે ત્યાં ધર્મ અને વિજય પ્રવર્ત્યા છે અને
"શ્રીકૃષ્ણે એ કપિકેતન રથનું સારથિપણું કર્યું છે."

"મણિરાજ! ભવિષ્ય જાણનારાઓ વર્તારો કરી ગયા હતા કે
"કળિમાં તામ્રમુખ લોક રાજ્ય કરશે. સીતાજીનો આશીર્વાદ અને
"આ વર્તારો સાથે લાગાં ફળ્યા છે. એ જ વર્તારાથી અને એ જ
"આશીર્વાદથી ઈંગ્રેજ લોક આજ રાજ્ય કરે છે. સુગ્રીવજીની
"સેનાના વાનરો ઇન્દ્રાદિક દેવતાઓના અવતાર હતા અને તે જ
"દેવોના અંશ આજના ઈંગ્રેજોના દેહમાં છે."

"મણિરાજ! મ્હેં એમને શાથી ઓળખ્યા? જુવો! આપણી
"ભૂમિના આપણા લોકના હાથમાં સત્તા આવી ત્યાં પરસ્પર વિગ્રહનો અને
"અધર્મનો યુગ ઉભો થયો અને રાવણનાં દશ માથાં જેવાં હજારો
"અધર્મી અને ભયંકર માથાં આ ભૂમિમાં ડોલવા લાગ્યાં! એ રાવ-
"ણનાં રાવણાંઓથી આ રંક ભૂમિ રાત્રિ દિવસ ધ્રુજી રહી! મણિરાજ!
"તમે એ કાળ જોયલો નહી, પણ મ્હેં અનેકધા પ્રત્યક્ષ કરેલો! એ
"રાવણોનાં માથાં ઉપર સીતાજીનાં માનીતા રીંછ અને વાનર મ્હેં દીઠા."

"મણિરાજ! રાજા વગરનાં રાજ્યકર્ત્તાઓ કંઈ દીઠા છે?
"વ્યાપાર કરતાં કરતાં રાજ્યકર્ત્તા થઈ ગયલી જાત મ્હેં દીઠી! કોણ
"રામ ને કોણ સુગ્રીવ? એકલા પડેલા આથડતા રામનું કામ કરવા
"રીંછ અને વાનર દોડ્યાં? આ ભૂમિમાં એકલા પડેલા આથડતા
"ધર્મનું કામ કરવા એ વ્યાપારીયો દોડ્યા!"

"મણિરાજ! સામંત તમને અવળું સમજાવશે. પણ તે માનશો માં.
"હજાર માથાંનો રાવણ આ નવા વાનરોએ અને રીંછોએ હણ્યો છે
"અને રામરાજ્ય પ્રવર્તાવ્યું!"

" મણિરાજ ! મ્હેં એ પરદેશી પરજાતિના લોક સાથે શું જાણી
" સંબંધ બાંધ્યો? મ્હેં સ્વદેશી સ્વજાતિના લોકોનો તિરસ્કાર કરી આ
" પરાયાઓનો કેમ વિશ્વાસ કર્યો? આ પ્રશ્નો તમે મને પુછશો અને
" સામંત તમને પુછી પુછી અવળા ઉત્તર દેશે પણ તે માનશો માં."

" મણિરાજ ! ભાઈઓ મ્હોટા કે મ્હોટો તે ધર્મ? માતા જેવી
" સ્વભૂમિ મ્હોટી કે મ્હોટો તે ધર્મ? ભાઈની વાત વિભીષણને પુછો !
" માતાની વાત ભરતજીને પુછો ! કોઈ પણ મહાત્માને પુછો ! શાસ્ત્રને પુછો !
" શ્રુતિને પુછો !"

" મણિરાજ ! જ્યાં ધર્મ ત્યાં વિજય ! રામજીએ એમ જ માન્યું !
" વિભીષણે એમ જ માન્યું ! પાંડવોએ એમ જ માન્યું ! શ્રીકૃષ્ણે પણ
" એમ જ માન્યું !"

" મણિરાજ ! મ્હેં કેમ જાણ્યું કે ઈંગ્રેજોને જય મળશે ? મહાભારતમાં
" બે અક્ષૌહિણી સેનાઓ આકાશના વાદળાં પેઠે એકબીજા સાથે અથડાતી
" હતી તે કાળે ત્યાં ધર્મ પણ જણાયો ને વિજય પણ કેમ જણાયો ?"

" મણિરાજ ! મણિરાજ ! એ વાદળાંઓ વચ્ચે—એ સેનાઓ
" વચ્ચે જ્યાં જ્યાં કપિધ્વજ ઉડતો હતો અને જ્યાં જ્યાં એ ધ્વજની
" કપિમૂર્ત્તિની ચીસો ઉઠતી હતી ત્યાં ત્યાં ધર્મ અને વિજય ઉભયને
" મ્હેં સાથે સાથે ઉડતા દીઠા ! સામંતે ન દીઠા ! મ્હેં દીઠા ! શું તમે
" એમ પુછો છો કે ઈંગ્રેજે અધર્મ કર્યો નથી ? મણિરાજ ! આ
" સંસારમાં મધ્ય કાળ જોવો જ નહી ! દુર્યોધનને ગદા ક્યાં વાગી તે જોવું
" જ નહી ! આરંભે વસ્ત્રહરણ એ અધર્મ ! વનમાં ગયા તે ધર્મબંધનથી
" બંધાયલા જ એ ગયા તે ધર્મ ! અંતમાં જીત્યા તે ધર્મ !

" મણિરાજ ! એ વાનરોએ મને હેરાન નથી કર્યો ? એ રીંછોએ
" મને નથી અમુઝાવ્યો ? સામંત મ્હારી વાતો કરી કરી તમને
" ભરમાવશે ! પણ તે માનશો માં !"

" હું હેરાન નથી થયો ! હું તો માત્ર એ સેનાની હુપાહુપ
" સાંભળી બાળક પેઠે ભડક્યો છું, ને લુટાયા છે તે તો અધર્મીઓ !
" હું અમુઝાયો નથી ! હું તો માત્ર રીંછોનો ઉગ્રવેશ જોઈ બાળક પેઠે
" બ્હીન્યો છું ! અમુઝાયા છે તે તો અધર્મીઓ ! જીત્યા છતાં ફુલાયા
" નથી તે ધર્મીઓ ! જય પામી નમ્ર થયા તે ધર્મીઓ !"

" મણિરાજ ! લંકા આગળનો ધર્મસેતુ ત્રુટ્યો છે. પણ આપણી
" ભૂમિમાં નવો ધર્મસેતુ બંધાય છે અને તેના પથરા પાણીમાં તરશે
" ને તેને વાનરાઓ સમુદ્રની પેલી પારથી આણશે !"

"મણિરાજ ! આપણા રાજાઓને એ સેતુ ઉપર ચ્હડવું છે ! એ
"કપિધ્વજ પાછળ ધાવું છે ! સેતુના અને એ ધ્વજના શત્રુ તે તમારા
"શત્રુ, અને તમારા શત્રુ તે એના શત્રુ એવો શંખનાદ નાગરાજ
"મહારાજ કરી ગયા છે ! મણિરાજ, વાણીયા પેઠે દ્રવ્યનો વિચાર કરશો
"માં ! બ્રાહ્મણ પેઠે જીવવાનો વિચાર કરશો માં ! એ સેતુ અને એ
"કપિધ્વજ એને આશ્રયે દોડશો તો જીતશો. મણિરાજ ! વાનર સામાં
"દાંતીયાં ન કરશો ! વાનરને રમાડીને જીતજો !"

"મણિરાજ ! સામંતનું કહ્યું માનશો માં ! પણ એનાં બાળકને તમારી
"આંગળીયે લેઈ કપિધ્વજના સાથમાં દોડાવજો ! તેમનામાં જીવન ન હોય
"તો તેમના શાલિવાહન થજો અને તેમનામાં જીવ મુકી સાથે
"દોડાવજો ! કપિધ્વજનો મહારથી જેના સામા અસ્ત્ર ફેંકે તેના સામા
"તમે પણ ફેંકજો—ને દોડજો. કપિલોક સાથે દોડશો તો ફાવશો, નહીં
"દોડો તો પાછળ રહી જશો, ને દોડતાં છતાં હારશો તો એ તમને
"ખભે લેઈ દોડશે."

મલ્લરાજની છાયા આટલું બોલી અદૃશ્ય થઈ ગઈ, હોડી ઉડી ગઈ, સાગરની ગર્જનાઓ શાંત થઈ ગઈ, અને સાગરનું સ્વપ્ન છોડી મણિરાજ સુષુપ્તિમાં પડ્યો. થોડીક વારે નિદ્રા પુરી થઈ છતાં આંખ મીંચી, થયેલા સ્વપ્નના વિચાર કરતો કરતો પડી રહ્યો, અંતે માત્ર "કપિધ્વજ" અને "ધર્મસેતુ"ના સંસ્કાર વિચારમાં રહ્યા, અને તે વિચારમાંથી જાગી અકબરના સ્વપ્નની કવિતા બોલતો બોલતો આંખ ચોળતો ચોળતો ઉભો થયો અને હેરાફેરા કરવા લાગ્યો.

" Me too the black-wing'd Azrael overcame,
" But Death had ears and eyes; I watched my son,
" And those that followed, loosen, ston efrom stone,
" All my fair work; and from the ruin arose
" The shriek and curse of trampled millions, even
" As in the time before:, but while I groan'd,
" From out the sunset poured an alien race,
" Who fitted stone to stone again, and Truth,
" Peace, and Justice, came and dwelt therein.*"

---

* Akbar's Dream: Tennyson.

"મહારાજના ચિત્તમાંનો ધર્મસેતુ તે આ જ પથરાઓનો ! એ
"બાંધવામાં ભાગ લેવાનો આ સ્વપ્નોપદેશ!" આળસ મરડી જુવે છે તો
એક પાસ કમળા રાણી છાતી ઉપર હાથ મુકી ઉભી હતી તે પાસે આવી.

"આપની અવસ્થા જાણી માતાજીનો શોક વધ્યો છે. તેમને
"આશ્વાસન આપવાનું મુકી દેઈ આપ જ શોકમાં પડ્યા ત્યાં તેમના
"શોકને ઉતારવાં કોઈ સમર્થ નથી."

"ખરી વાત છે. મહારાજનો સહવાસ એમના આગળ મ્હારે તો
"આજકાલના જેવો જ. થોડા શોકવાળાએ વધારે શોકવાળાને આશ્વાસન
"આપવું, પુત્રે માતાને આપવું, અને પુરુષજાતિએ સ્ત્રીજાતિને આપવું–
"એ ધર્મ મહારાજને મુખે સાંભળેલો છે." મણિરાજે છેટેથી ઉત્તર આપ્યો.
કમળાએ મણિરાજને ખભે હાથ મુક્યો. મણિરાજે તે ઘણે દિવસે
સ્વીકાર્યો. રાણી ઉત્તેજન પામી બોલી, "સાંભળ્યું છે કે સાહેબ
"પ્રાતઃકાળે મહારાજનો શોક ઉતારવા આવે છે."

પ્રથમ જ "મહારાજ" સંબોધનને અભિનંદન પણ ન કરી
તેમ તિરસ્કાર પણ ન કરી, મણિરાજ બેઠો, રાણીને પાસે બેસાડી,
અને બોલ્યો,

"મને લાગે છે કે માતાજીનાં દર્શન કરવામાં પ્રમાદ થાય છે."

"એ વાત તો ખરી. તેમનાં દર્શનકાળે માતા પુત્ર અને અમ
"જેવા સર્વને શાંતિ વળે છે."

"તો તે ધર્મ પાળવામાં હું પ્રમાદ ન કરું તે જોવું તમને
"સોંપ્યું." મણિરાજ શૂન્ય દૃષ્ટિ કરી ઉભો.

રાણીએ મણિરાજનો હાથ ઝાલ્યો. તે પાછો ઉંડા વિચારમાં
પડ્યો. રાણીએ તેને હીંદોળા-પલંગ ભણી દોર્યો.

"મહારાજ, ઉંડા વિચારમાં પડ્યા છો."

કેટલીક વારે મણિરાજ બોલ્યો. "આ દીવાને લીધે આપણી
"છાયાઓ ઘડીમાં આપણી સાથે અને ઘડીમાં આગળ ચાલતી
"દેખાય છે તે જોઈ?"

"હાજી, આપણી બેની છાયાઓએ પણ પ્રેમસંકેત જ કરેલો છે."

"એ છાયામાં જાડા પગ પાતળા થાય છે, પણ દશ ગણા લાંબા
"થાય છે. તમારી છાયાનો આ હાથ પણ એવો જ થઈ ગયો."

"એમ જ."

"પણ જુવો આ આપણાં માથાંને સ્થાને છાયાઓમાં તો "પલંગ જેવડાં માથાં થઈ ગયાં!"

"ઈશ્વરની માયા એવી જ છે! આ જુવો!"

"હવે તો માથાં વગરનાં ધડ ચાલે છે!"†

મણિરાજ તે જોઈ રહ્યો અને અટક્યો.

"રાણી! સ્વપ્નની માયા એવી જ છે!" મણિરાજ પોતાના સ્વપ્નને ઉદ્દેશી બોલ્યો.

"મહારાજ, સંસાર પણ એવો જ છે." મણિરાજનો શોક ઉતરી તેનું મન અન્યત્ર ખેંચવા ઈચ્છનારી, પણ તેને આવેલું સ્વપ્ન ન જાણનારી, રાણી બોલી.

મણિરાજ—"ન્હાનો સરખો વિચાર સ્વપ્નમાં મ્હોટો થઈ જાય છે "તેમાં ઢંગ પણ નહી ને ધડો પણ નહી!"

કમળા—"ખોટી ખોટી વાતો સંસારમાં પણ સાચી લાગે છે."

મણિરાજ—"આ એક જેવી અનેક છાયાઓ સ્વપ્નમાં ભમે છે."

કમળા—"કરોળીયાની જાળ જેવી સંસારની રચના થઈ જાય છે."

મણિરાજ—"ભમરીઓના મધપુડા જેવું સ્વપ્ન બંધાય છે અને "જાગીએ ત્યાં ભમરીઓ અને મધ ઉભય અદૃશ્ય થાય છે, અને થોડા "ઘણાક સ્મરણનું ખોખું લટકેલું રહે છે."

---

† * * * * His slanting ray
Slides ineffectual down the snowy vale,
And * * from every herb and every spiry blade
Stretches a length of shadow over the field.
Mine spindling longitude immense, * * *
Provokes me to a smile. With eye askance
I view the muscular proportion'd limb
Transformed to a lean shank. The shapeless pair
As they designed to mock me at my side,
Take step for step; and, as I hear approach
The cottage, walk along the plaster'd wall,
Preposterous sight! the legs without the man.

—*Cowper's 'Winter Morning Walk.'*

કમળા—"કાલનો સંસાર આજ નથી દેખાતો અને આજનો "કાલ નથી ર્‌હેવાનો."

મણિરાજ—"એમ જ ! પળ ઉપરનું સ્વપ્ન અત્યારે પુરું પાંશરું "સાંભરતું પણ નથી."

આટલી વાતો કરતાં કરતાં કમળાવતીએ મણિરાજને હીંદોળા ઉપર લીધો હતો અને પોતાના ખોળામાં તેનું માથું મુકી એના હૃદય ઉપર પ્રીતિનો કોમળ હાથ ફેરવતી હતી અને પગ વડે હીંદોળો ઝુલાવતી હતી.

"માણસોનાં મ્હોં પણ સ્વપ્નમાં જુદાં જણાય છે;" સુતો સુતો મણિરાજ બોલ્યો.

કમળા—"સંસારમાં તો માણસોની બુદ્ધિઓ પણ ક્ષણમાં એક "અને ક્ષણમાં બીજી થાય છે–વીજળીના ચમકારા જોઈ લ્યો. મ્હોં "પણ તેવી જ રીતે સર્વાવસ્થામાં એક ર્‌હેતાં નથી; બાલપણમાં તો "ઘડી ઘડી બદલાય છે."

મણિરાજ—"જીવ છતાં જે સ્વભાવ અને વિચાર માણસમાં હતા "નથી તેવા સ્વભાવ ને વિચાર ધરી, મરેલાં માણસ સ્વપ્નમાં આવે "છે, અને પોતે કદી બોલેલાં ન હોય એવાં વચનનો ઉદ્ગાર કરે છે."

કમળા—"મહારાજ, એવાં સ્વપ્નની ભ્રમણાને હૃદયમાં ભટકવા "દેશો માં."

મણિરાજ—"રાણી, કદી કદી જાગૃત કરતાં સ્વપ્નની મીઠાશ "જુદી જ લાગે છે!"

મણિરાજની આંખ મીંચાવા માંડી. તેની નિદ્રાને અસ્વપ્ન કરવા રાણી ધીમે સ્વરે ગાતી ગાતી કરકમલ ફેરવવા લાગી. અંતે એ વેલી પણ નિદ્રાપવનની લ્હેરથી ઝુકવા લાગી.

"વ્હાલા! સ્વપ્ન ત્હારાં થાવ ઘણું મીઠડાં જો!
"મ્હેંયે સ્વપ્ન ત્હારાં છે જ ઘણાં દીઠડાં જો.—વ્હા૦
"પિતામાતને ખોળે તું રમ્યો લાડમાં જો,
"રમે જેમ મીઠાં આભલાં અસાડમાં જો. —વ્હા૦
"મહા...રાજ જોગી ને તપસ્વી એ હતા જો,
"મહારાજ પરમ ધામ કૃપાનું હતા જો. —વ્હા૦
"ગયું છત્ર એવું ઉડી ઉંચે સ્વર્ગમાં જો,

" ઉંડા ઘા જ પડ્યા રાણીજીના મર્મમાં જો.—વ્હા૦

" માતાપિતાનો ભક્ત તું તો રાજવી જો,
" ધારા આંસુડાની રહી હવે ઢાળવી જો. —વ્હા૦

" પિતામાતના ગુણો ન વીસારે પડે જો,
" તેના અંશઅણુ જેવું ખોળ્યું ના જડે જો. —વ્હા૦

" એવા કાળમાં વિચાર, વ્હાલા, ધર્મને જો,
" શોધી લેની હરિઇચ્છા તણા મર્મને જો, —વ્હા૦

" મહારાજની પ્રજા અનાથ આ બની જો,
" તને સોંપીને સનાથ, પિતાએ, ગણી જો. —વ્હા૦

" હવે મોહ છોડી, છોડી હર્ષશોકને, જો,
" પુરુષ! ધાર ધુરી રાજ્યની સદા ખભે જો.—વ્હા૦

" માતા ને પ્રજાને શોકથી ઉદ્ધારજે જો,
" બધે સુખ ને સમૃદ્ધિને વસાવજે જો. —વ્હા૦

" ભ્રમર! ભમજે વને વને ફુલે ફુલે જો,
" મધુર મધુર મધુ શોધજે ને ગુંજજે જો! —વ્હા૦

" ગિરિ, સાગર, અરણ્ય, ને હલેલીયો જો,
" સાધુ, સંત, ચતુર્વર્ણ, પુરુષ ને સ્ત્રીયો, જો. —વ્હા૦

" એ તો તરસ્યાં છે સર્વ તુજ મધુ તણાં જો!
" વાટ જુવે ત્હારી લેવાને ઓવારણાં જો. —વ્હા૦

" રાજા! જાગજે સજાત પ્રજાને કરી જો!
" રાજા! લેજે આશિષ, પ્રજા દે ઠરી જો! —વ્હા૦

નિદ્રાયમાણ રાણીને રાજાનાં, ને રાજાને પ્રજાનાં સ્વપ્ન બીજા સંસારમાં રમાડવા લાગ્યાં.

---

# પ્રકરણ ૧૫.

## સરસ્વતીચંદ્ર અને કુમુદસુંદરી પાછળ નંખાતા દૃષ્ટિપાત.

કુમુદસુંદરી સુભદ્રામાં તણાયાના સમાચાર મનહરપુરીમાં સાંભળી, ગુણસુંદરી સાથે વિદ્યાચતુર રત્નનગરી આવ્યો તે સમયે મણિરાજને ગાદી પર બેઠે બે ત્રણ વર્ષ થયાં હતાં.

જે બાગમાં મલ્લરાજ ગુજરી ગયો તે બાગમાં મલ્લેશ્વર નામ આપી એક સાધારણ કદનું પણ સુંદર શિવાલય કરાવ્યું હતું, કારણ આ રાજ્યમાં રાજાઓ મૂળથી શિવમાર્ગી હતા. છતાં વૈષ્ણવ ધર્મ પણ પ્રજામાં પ્રચાર હોવાથી રાજાઓ તેનો આદર કરતા, અને શિવાલયથી થોડે છેટે ચારે પાસ એ જ બાગમાં મલ્લરાજની પાછળ કેટલાક ન્હાના મ્હોટા તુળસીક્યારા પણ બંધાવેલા હતા.

સ્વામી ગયા પછી વિધવા રાણી મેનાએ આ જ બાગમાં રાત્રિ-દિવસ ર્‌હેવાનું રાખ્યું હતું. જે ઝુંપડીમાં મહારાજે દેહ મુક્યો તે જ ઝુંપડીમાં રાજવિધવા પૃથ્વીપર શય્યા કરી પડી ર્‌હેતી: રાજસંબંધી કે સંસારસંબંધી કે કોઈ પણ પારકા વિષયની વાત કરવી કે સાંભળવી તેણે બંધ કરી હતી. દિવસમાં એક વખત નીરસ ભોજન કરતી. વાડીમાં માળીઓ અને મણિરાજ શીવાય કોઈ પુરુષનો સંચાર ન હતો. પ્રાતઃકાળ પ્હેલાં વ્હેલી ઉઠી મેના પવિત્ર આસન ઉપર બેસી પ્રિય પ્રતાપી પતિનું સ્મરણ કરી અશ્રુપાત કરતી ઇષ્ટદેવતાનું સ્મરણ કરી શાંત થતી, અને પરલોકમાં પતિસંયોગ ઇચ્છી નિઃશ્વાસ મુકતી. સૂર્યોદય થતાં મલ્લેશ્વરની પૂજા કરતી અને સર્વ તુળસીક્યારાઓમાં પાણી સિંચતી તે થઈ ર્‌હેવા કાળે નિત્ય મણિરાજ અને કમળાવતી સજોડે આવતાં અને મેના જ્યાં આગળ હોય ત્યાં જઈ તેને પગે પડી, તેને બેસાડી, પોતે તેના સામે પૃથ્વી પર બેસી, ધર્મનો ઉપદેશ અને આશીર્વાદ માતાપાસે લેતાં. થોડી વારે મણિરાજ જાય અને કમળાવતી વાડીમાં ચારે પાસ ફરી રાજમાતાનું ચિત્ત પ્રફુલ્લ ર્‌હે એવી તપાસ રાખતી, માતાને સુવાની પથારી, પ્હેરવાનાં વસ્ત્ર, અન્નપાનની સામગ્રી અને ઝુંપડીનો સર્વ સામાન જાતે પોતાને હાથે દાસીભાવથી તયાર કરતી. માતાને જમાડતી, અને પછી સ્વામીસેવાને અર્થે મ્હેલ જતી.

બપોરે મધુમક્ષિકા રાણી પાસે આવી શાસ્ત્રની વાતો કરતી અને પુરાણો વાંચતી. સાયંકાળે પુત્રવધૂ પાછાં આવે, પુત્ર ગયા પછી વહુ અને બેચાર દાસીઓ સાસુ પાસે બેસે. રત્નનગરીની મયત મહારાણીઓ અને સ્ત્રીરત્નોના ઇતિહાસ પુછે, તેમની મ્હોટાઈ અને તેમના સદ્ગુણોનાં વર્ણન સાંભળે, અને મલ્લરાજનાં કીર્તન સાંભળી મનમાં ફુલે અને સાસુનું દુઃખ દેખી રુવે, અંતે મેનાની આજ્ઞા થતાં કમળા જાય, અને સંતાનનાં સદ્ગુણ અને વાત્સલ્ય જોઈ, “આ છાજશે ખરું ?” એ વિચારના બળ તળે ડબાતી રાણીનાં આંસુનો છેડો આવ્યો ન હોય એટલામાં મહારાજ મલ્લરાજનું સ્મરણ આંસુની છાલકો અનાથ વિધવાની આંખોમાં આણે, અને દુઃખ, શોક, અને આંસુ ભરી સુતી રાજવિધવાને પૃથ્વીની પથારી કઠણ છે કે નરમ છે તેનું ભાન આવતું ન હતું, રાત્રિ કેટલી ગઈ તે જણાતું ન હતું, આંખ અને પોપચાં વચ્ચે આંસુનો પડદો રહેવાથી પોપચાં ઉઘાડાં કે મીચેલાં છે તે સુઝતું ન હતું, અને “મહારાજની “મ્હારા ઉપર કેટલી કૃપા હતી ?” “મહારાજ ગયા ને હું દુષ્ટ જીવું “છું !” “એ મહાયોગીની કૃપાને લાયક હું ન્હોતી”—“એ “મહાકૃપાળુની કૃપાના બદલામાં મ્હેં એમના મહાન્ ચિંતાભારમાંથી “એમને કદી છોડવ્યા નથી, એમની ચિંતા ઘટાડવાને બદલે મ્હેં જ “વધારી હતી.” ઇત્યાદિ વચનો બોલતી બડબડતી જાગરણ કરતી દુઃખી પતિવ્રતા રાજવિધવાને નિદ્રા પોતે જ ઉઘાડતી.

વિદ્યાચતુરે ઘણુંક આશ્વાસન આપ્યા છતાં કુસુદસુંદરીના સમાચારથી દુઃખનો ભાર સ્હેવા ગુણસુંદરી અશક્ત નીવડી હતી, મણિરાજ તથા વિદ્યાચતુરે એ દુઃખ હલકું કરવા એને રાજમાતા પાસે મોકલી, દુઃખે દુઃખાધિકં પશ્ય એ ન્યાયે દુઃખી રાજવિધવાને જોઈને જ સુજ્ઞ ગુણસુંદરી પોતાનું દુઃખ ભુલશે એવી સઉને કલ્પના હતી.

ગુણસુંદરી, સુન્દરગૌરી અને કુસુમસુંદરીને લેઈને, મલ્લેશ્વરની વાડીમાં આવી તે પ્રસંગે પ્રાતઃકાળના સાતેક વાગ્યા હશે. એક તુળસીક્યારામાં પાણી સિંચતી સિંચતી મેના, વિચારમાં પડી, ક્યારાને અઢીંગી ઉભી હતી. એના હાથમાંનું પાણીનું વાસણ પડી જઈ ઢોળાતું હતું તેનું એને ભાન ન હતું. તેને શરીરે માત્ર કોરવિનાનું કાળું વસ્ત્ર હતું. તેનું શરીર કૃશ થઈ ગયું હતું. તે તુળસીની એક એકલ ડાળી ક્યારાની એક બાજુપરથી લટકતી હોય અને અંતર્ના શોકકૃમિના કરડવાથી ત્રુટી જવાની તયારીમાં હોય એમ લાગતું હતું. કમળારાણીની કઠણ આજ્ઞા

હતી કે માતાજી સુવે, બેસે, કે ફરે ત્યાં બે ચાર દાસીઓએ એમની પાસે રહેવું અને પાછળ ફરવું, એમને સુનાં મુકવાં નહી, એમનું મન પ્રસન્ન રાખવું, અને શરીર સાચવવું. છતાં નિત્ય પોતાની પાસે અને પોતાની પાછળ માણસોની ચોકી જોઈ એકલી પડવા ન પામતી મેના કોઈ વાર અકળાતી અને દાસીઓને દૂર ફ્હાડી મુકતી. આજે એ સઉને આઘાં ફ્હાડી પતિપાછળના ક્યારા સિંચતાં સિંચતાં પતિના વિચારથી આ દશા પામી હતી. પવિત્ર તુળસીક્યારાના આધારે નિશ્ચિત ટકેલા સ્થૂલ દેહના મસ્તિકમાં કારણદેહ સચેત થઈ પ્રચંડ મલ્લરાજની ઉભેલી પ્રતિમાનું દર્શન કરતો હતો અને ત્યાંથી તે પ્રતિમાને ન ખસવા દેવાના હેતુથી સ્થૂલ નેત્રનાં પોપચાંને ઉઘડવા દેતો ન હતો. રાણીની ગાત્રયષ્ટિ યષ્ટિ જેવી થઈ ગઈ હતી. તેનો જેટલો દેહ વસ્ત્રબ્હાર દેખાતો હતો ત્યાં ચર્મથી ઢંકાયલાં હાડકાં ગણાય તેવાં જ દેખાતાં હતાં, તેના ઓઠ રાત્રિદિવસના નિઃશ્વાસથી કરમાઈ ગયા હતા અને તેનો રંગ સુકાયલો ફીક્કો બની ગયો હતો. એના આખા મ્હોંપર પીળો રંગ અને કરચલીયોવાળી ચામડી જોનારની આંખમાં આંસુ આણતાં હતાં. ગાલ બેસી ગયા હતા અને ચાલી જઈ સુકાયલી આંસુની ધારાઓના ડાઘ ચળકતા હતા અને હજી સુધી ચાલતી ધારાઓનું વ્હેતું પાણી મોતીના હાર રચતું ટપકતું હતું.

ફ્હાડી મુકેલી દાસીઓ, જતાં રહેવાની આજ્ઞા પાળી, પાસેના ઝાડો પાછળ સંતાઈ રહી હતી તે રાજવિધવાની આ અવસ્થા જોતાં આગળ આવી. વાડીમાં હરતાં ફરતાં મેના આ સ્થિતિ ઘણીવાર પામતી અને આ પતિયોગને કાળે એ યોગ તોડાવવા અને આ મિથ્યાસંસારનું ભાન આણવા કોઈએ પ્રયત્ન કરવો નહી એવી એની આજ્ઞા હતી એટલે કોઈ એને મૂર્છામાંથી જગાડતું નહી. પણ શિવકીર્તનને નિમિત્તે પતિજપ જેવાં કીર્તન રચી વિધવા જાગૃત દશાના દુર્ગમ અવકાશમાં કાલક્ષેપ કરતી, અને વૈધવ્યને લીધે પોતે તો ઉચ્ચ સ્વરથી ગાવું તજેલું હતું પણ દાસીઓની પાસે ગવડાવી સાંભળતી હતી. કમળાવતીની આજ્ઞાથી મેનાની મૂર્છાના સમયે દાસીઓ આ કીર્તનો ગાતી, મેનાના પોતાના તંબુરામાં ઉતારતી, અને ત્યાંથી તે મેનાના કર્ણમાં અને હૃદયમાં જતાં, અને એ નિમિત્તે પાસે રહી દાસીઓ મેનાનું શરીર પૃથ્વી-પર પડી જાય નહી તેની સંભાળ રાખતી.

ગુણસુંદરી, સુંદરગૌરી, અને કુસુમને મૌન રાખવા અને એક

સ્થાને ઉભા રહેવાની નિઃશબ્દસંજ્ઞા કરી એક દાસી તેમની પાસે ગઈ. બીજી દાસીઓમાંની એક મેનાની પાસે ઉભી રહી, તુળસીક્યારાની પડઘી ઉપર પગ રાખી, જંઘા ઉપર અને ક્યારાની બાજુએ તંબુરો ગોઠવી, અત્યંત ઝીણે સ્વરે ગાવા લાગી અને ગાયેલું તંબુરામાં અને મેનાના કાનમાં ઉતારવા લાગી:

" જગતને કહેજો રે હરિ હર એક જ છે,
" વૈકુંઠ વસે તે રે કૈલાસની માંહ્ય જ છે. ! જગતને૦
" બ્રહ્માહરિહર એક પુરુષ છે !
" એક જ સર્વ શક્તિ રે !
" પામર જન દેખે છે ભેદ જ,
" એક જ સઉની ભક્તિ રે. જગતને૦
" એક સ્વરૂપને ભિન્ન ગણે તે
" નરકતણો અધિકારી રે;
" એક ગણી સઉ એ દૈવત, અમે
" ઇષ્ટ છબી સ્વીકારી રે. જગતને૦
" રત્નપુરીના રાજભવનમાં
" શંકરની છવિ ઇષ્ટ જ છે;
" યુદ્ધશ્મશાનતણા અભિલાષી
" શિવભક્તિથી બલિષ્ઠ જ છે. જગતને૦
" શિવ વિષ્ણુ શક્તિ પર સરખી
" મલ્લરાજની ભક્તિ હતી;
" રંક ભીખારણ ને રાણી પર
" એક જ એમની આણ હતી ! જગતને૦
" એક જ આજ્ઞા, એક જ દૃષ્ટિ;
" એક જ ભક્તિ, સર્વ સ્થળે
" રાજયોગી રચી ચાલી ગયા; પણ
" ઇષ્ટ છબી પાછળ રવડે. જગતને૦
" સર્વ દેવને એક જ ગણતા
" રાજયોગી એ ચાલી ગયા;
" ઇષ્ટ શંભુની છવિને ચરણે
" મેનાની છવિ સોંપી ગયા ! જગતને૦

જેમ જેમ પાછલો ભાગ ગવાતો ગયો તેમ તેમ મેના કંઈક હાલતી ગઈ; છેલ્લું ચરણ ગવાયું તેની સાથે કંઈક આંખ ઉઘડી પણ પાછી મીંચાઈ ગઈ. એટલામાં કમલાવતી આવી, સર્વ વાત છાનીમાની સાંભળી અને જાણી, અને તંબુરો પોતાના હાથમાં લેઈ જાતે કીર્તન આરંભ્યું, અને વચ્ચે વચ્ચે દાસીઓ તેમાં પોતાના સ્વર ભેળવવા લાગી.

" શંકરની મૂર્તિ મનોહરી નિરાકાર ને સાકાર રે— શંકરની૦
" શંકર સાકાર વ્યાપે વિશ્વમાં, સ્થાણુ અચલ કહેવાયરે; શંક૦
" મહાદેવ શ્મશાનમાં સદા વસે જોતા સૃષ્ટિસંહાર રે; શંક૦
" ભોળા દેવ લીલુંસુકું ન દેખતા, કરતા વિજયાનું પાન રે ? શંક૦
" ફણાધારી ફુંકે વિષ વિશ્વમાં, પ્રભુને અંગે વીંટાય રે ! શંક૦
" સંહર્તા એ સંહારી નામ રૂપ સઉ નિરાકારમાં સમાય રે ! શંક૦
" સાકાર શંકરને તે પૂજતા મલ્લ મહારાજ સાકાર રે, શંક૦
" નિરાકાર શંકરમાં સમાઈ ગયા ! રહ્યો મેનાનો આકાર રે ! શંક૦

આ લીટી ગાતાં ગાતાં યુવતિ કમળાના ગૌર ગાલપર આંસુ ઉભરાઈ ગયાં અને બાકીનો ભાગ રોતી રોતી ત્રુટતે સ્વરે ગાવા લાગી.

" સ્વામી શંકરરૂપ એ થયા ! થયો સંસાર શ્મશાન રે ! શંક૦"

કમલાવતીનું રોવું રહ્યું નહી—સર્વ રોવા લાગ્યાં, રોતાં રોતાં પણ રાણી ગાવા લાગી.

" એ રે શ્મશાને મેના એકલી પ્રભુના પરજીયા જ ગાય રે ! શંક૦"

છેલ્લી ચાર લીટીઓ રાણીએ ફરી ગાઈ અને ગાતે ગાતે રોતે રોતે હૃદય અવશ થતાં સાસુને પગે ઢળી પડી, તંબુરો પડ્યો, તાર ત્રુટવાના રણકારા થયા, અને એ ગાન, એ મર્મ, એ સ્વર, અને એ સ્પર્શથી વત્સલ મેના ચમકી, આંસુ બંધ કરતી કરતી જાગી, અને કમળાને બે હાથે ઉઠાડી એને ભેટી પડી. સાસુની છાતીમાં માથું સમાવતી બાળા બોલી.

" માતાજી, પિતાજી ગયા તેની પાછળ આપ રહ્યાં છો તો
" અમ બાળકોનું એટલું છત્ર છે. ભુલાય નહી એવું મહાદુઃખ અમ
" બાળકોને ઢાંકવામાં ક્ષણ વાર ભુલો ! જે મહારાજ ઈશ્વરરૂપ થયા તેનો આ
" ધરતી ઉપર આપ અવતાર છો ! પવિત્ર મલ્લેશ્વરનાં આપ અનન્યભક્ત
" છો ! તેમનું સાકાર સ્વરૂપ છો ! આ સંસારને શ્મશાન ગણી તેમાં
" ઉમામહેશ્વર પેઠે હજી આપ બે જણ છો જ ! તો અમો અને આ

"વસ્તી સર્વ આપની રંક પ્રજા છે તેના સંસાર ઉપર અમીદૃષ્ટિ રાખો "અને તેમની ભક્તિને વશ થઈ પ્રભુનું અનુકરણ કરો !"

"કુમળારાણી !" મેનાએ ઓઠ ઉઘાડ્યા.

"ના માજી ! હું આપની પ્રજા છું–મ્હારા ઉપર પ્રીતિ "હોય તો કુમળા કહીને મને બોલાવો, અને મ્હારી સાથે કંઈક "હસો, અને મને ને આ આપની પ્રજા છે તેને આજ્ઞાઓ અને "આનંદ આપો ! માતાજી, આજ્ઞા ઉપાડવાના ભારમાં મને આનંદ થાય "છે; પણ કોઈને માથે આજ્ઞા મુકતાં હું ધ્રુજુ છું–એ ભાર ઉપાડવા "મને મ્હારી અયોગ્યતા લાગે છે; માજી, આજ્ઞા ઉપાડનારને એક જ "વિચાર છે ને આજ્ઞા કરનારને અનેક વિચાર છે; માટે આજ્ઞા "કરવાની કઠણ વાતની લગામ હતી તેવી ને તેવી આપના પવિત્ર "અને ચતુર હાથમાં રાખો. મને આ ભારમાંથી થોડા દિવસ છુટી રાખો, "અને એ ભાર આપની પાસે રાખો તે જોઈ જોઈ ઉપાડતાં શીખીશ."

સાસુનું દુઃખ ભુલાવવા એને રાણીના અધિકાર ઉપર જ રાખવી અને એ અધિકારમાં એનો કાળક્ષેપ થવા દેવો એ લોભની અભિલાષિણીએ ઉચ્ચકુળની ક્ષત્રિયાણીને સહ-જ પણ મહાન્ આગ્રહ આરંભ્યો.

જેમ કુમલાવતીને સાસુને પ્રવૃત્તિમાં નાંખવાનો આરંભ હતો તેમ પતિશબ્દમાં જ કેવળ નહી પણ પતિની નીતિ અને મનોવૃત્તિમાં પરાયણ ર્‌હેવાની શક્તિવાળી અને પતિ પાછળ પણ પતિવ્રતા ર્‌હેનારી મેના આરંભેલા તપમાંથી ચળે એમ ન હતું. કુમળાનું માથું ઉંચું કરી બોલી.

"કુમળા, તમે પતિવ્રતા છતાં મને આપણા છત્રરૂપનાં વચન "તોડાવવા કેમ ઇચ્છો છો ? પણ ચાલો, આ ગુણસુંદરી આવેલાં છે "તેમનો સત્કાર કરો."

સઉ સજ્જ થઈ ગયાં, અને દુઃખની વાર્તાઓ મુકી વ્યવહારનો આચાર આરંભવા લાગ્યાં.

"ગુણસુંદરી, ચાલો મ્હારા આશ્રમમાં."

એક પાસ મેના, જોડે ગુણસુંદરી, જોડે કુમલાવતી, તેની આંગળીએ કુસુમ અને છેલી સુંદર, એમ એક હારમાં ઝાડો વચ્ચે ચાલ્યાં, અને પાછળ દાસીઓ ચાલી. રસ્તો સાંકડો આવે ત્યારે હાર ભંગાય અને પ્હોળો આવે ત્યારે સંધાય—એમ સર્વ ચાલ્યાં. ચાલતાં ચાલતાં મેના નિઃશ્વાસ મુકી બોલી.

"ગુણસુંદરી, માંદા માણસના શરીરની દુર્દશા સઉ જુવે તેમ
" મ્હારાં જેવાનાં મનની દુર્દશા પણ સઉ જુવે—તમે તે જોઈ! કમળા!
" હું વૃદ્ધ તો દુર્દશા પામું પણ તમે જુવાન માણસ પણ પામ્યાં?"

ગુણસુંદરી—" માતાજી,એ જોવાને જ મને આપના પ્રધાને મોકલી છે."

મેના—" હેં! ગુણસુંદરી! ક્ષત્રિયાણીની દુર્દશા કોઈ જુવે તો
" એને લાજી મરવાનું થાય."

ગુણસુંદરી—" માજી! અમારાં જેવાંની દુર્દશા જરી જરીમાં થાય
" ને ઘડી ઘડી થાય, તેને આપ જેવાનાં મહાદુઃખ જોઈ શરમાવાનું
" થાય અને અમારાં ધુળ જેવાં દુઃખના અભિમાન છુટી જાય. માતાજી!
" કુમુદ નદીમાં તણાયાના સમાચારથી મને શોક થયો અને એના
" પિતાના વચનથી શોક વળ્યો નહી. ત્યારે તેમણે મને ઠપકો દેઈ કહ્યું
" કે માતાજીના દુઃખ આગળ ત્હારું દુઃખ તો કાંઈ લેખામાં નથી, માટે
" માતાજીનાં દર્શન અને વચનથી આશ્વાસન લે. તે લેવા મને મોકલી છે."

કુમુદ તણાયાના સમાચાર જાણતાં મેના ચમકી, દુઃખી થઈ અને અરસપરસ વાતો કરી સઉ વીગત જાણી લીધી. એ વાતો ચાલે છે એટલામાં એક જૈન "આરજા" (આર્યા) આવી અને થોડી વારે સામંતની વૃદ્ધ સ્ત્રી આવી. છતાં ચાલતી વાર્તામાં કોઈએ ભંગ પાડ્યો નહી. તે વાર્તા થઈ રૂહેવા આવી એટલે સામંતની સ્ત્રી બોલીઃ
" ગુણસુંદરી, સંસાર જ આવો છે. આપને સુપાત્ર પુત્રીના જવાનું દુઃખ
" છે; મ્હારા ઘરમાં કુપાત્ર પુત્ર જીવ્યાનું દુઃખ છે."

આ વાક્યનો અનાદર કરી સર્વેએ પોતાની વાતો ચલાવી. તે વાતોને અંત આવ્યા વગર રહ્યો નહી. અંત આવ્યો એટલે વળી સામંતપત્ની બોલી.

" માતાજી, મ્હારું દુઃખ આપ જાણો છો—"

" પતિ કરતાં પુત્રને વધારે પ્રિય ગણે તે સ્ત્રી પતિવ્રતા નથી
" અને પતિસુખને તે યોગ્ય નથી. ઠકરાળાં મને તમારી દયા નથી
" આવતી." મેના બોલી.

" માતાજી, વૃદ્ધાવસ્થા સુધી ન્હાની કન્યાઓ પેઠે શિક્ષા ખમ્યાં
" કરવી એ દુર્ભાગ્ય મ્હારે જ કપાળે છે.

" મૂળ સ્ત્રી અને તે વૃદ્ધ થઈ એટલે જરી શાણપણ રહેલું હોય

"તે પણ જાય. છત્રની છાયામાં રહો અને પતિદૈવત ઉપર શ્રદ્ધા રાખી
"તેવી નિન્દાનો ધ્વનિ ન ક્‌હાડો."

"માતાજી, હું નિન્દા નથી કરતી. પણ ઠાકોરનો અંતકાળ
"આવેલો છે તે કાળે પણ મ્‍હારું મ્‍હોં જોતા નથી અને મને દેશવટો
"આપેલો છે—એ દુઃખ ખમાતું નથી. પુત્ર નઠારો છે તે જાણું છું, પણ
"માનું કાળજું એકવાર હાથમાં ન રહ્યું તેની શિક્ષા સ્વામી જતે પણ
"પ્‍હોંચશે તે કેમ ખમાશે? મને પુત્રનો કંટાળો આવ્યો છે અને આ
"ઘડીએ હવે કંઈક ક્ષમા મળશે નહી તો પછી ક્યારે મળવાની હતી?"

"સ્વામીના અવગુણ બીજાં માણસ પાસે ગાઈ વધારે દૂષિત
"થાવ છો અને ક્ષમાને અયોગ્ય ઠરો છો!"

"હું તેમનો દોષ નથી ક્‌હાડતી, પણ તેમની ક્ષમા કેમ મેળવવી
"અને તેમનું મુખ કેમ જોવા પામવું એ વાતમાં આપની શીખામણ
"માગું છું."—બોલતી બોલતી **સામંતપત્ની** રોઈ પડી—"માતાજી,
"આપના શીવાય આ ક્ષમા અપાવી શકે એવું કોઈ નથી"—"માતાજી,
"વડતળે વટેમાર્ગુને છાયા નહી મળે ત્યારે બીજે ક્યાં મળશે?
"સરોવરની પાળે ઉભેલીને પાણી નહી મળે ત્યારે કોને મળશે?"

"એ અધિકાર હવે મ્‍હારો નથી. કમળારાણી મ્‍હારું બાળક
"તેને મ્‍હારો સર્વ અધિકાર સોંપેલો છે-તેને મુકી મ્‍હારી પાસે આ
"વાત કરવી મિથ્યા છે."

"બાળકની પાસે ઘરડે મ્‍હોંયે હું શું કહું?"

"જે બાળકને ઇશ્વર આવો અધિકાર સોંપે છે તેના તેજમાં સર્વ
"અવસ્થાઓ સમાઈ જાય છે. ઠકરાળાં, તમારી રાણી બાળક છે એ
"વચનને જે અભિમાન તમારો પાસે બોલાવે છે, તે જ અભિમાનને
"ધાવી બાળક મૂળરાજ ઉછર્યો અને મ્‍હારા અને તમારા સ્વામીની
"આશાઓ નષ્ટ કરી! અને એ જ અભિમાન હજી સુધી તમારી વૃદ્ધ
"છાતીમાં ઉછળે છે તે જાણી રાજભક્ત **સામંતરાજ**ને હું તમારી
"ભલામણ કેવી રીતે કરું? આ રાજ્યમાં બીજો **સામંતરાજ** જન્મ્યો
"નથી અને હવે જન્મવાનો નથી! એને મરતાં મરતાં પણ તમારા
"ભણીનો અસંતોષ છે તે છોડવવો એ તમારું અને મૂળરાજનું કામ.
"એમાં મેના શું કરશે ને કમળા શું કરશે?"

"સામંતરાજની અવસ્થા જાણી મૂળરાજને તેડાવવા એમના
"ભાઈએ પત્ર લખ્યો છે:" ધીમે રહી કુમળાવતી બોલી.

"જુવો, ઠકરાળાં! મેઘની પાસે બે છાંટા માગતાં તમને તો
"શરમ આવી, પણ મેઘે તો વગર માગ્યે જ વર્ષવા માંડ્યું છે.
"મણિરાજે મૂળરાજને કાગળ લખ્યો અને બીજું શું કરશે તે જાણવું
"હોય તો તેમને પુછો."

થોડીક વાર વિચારમાં પડી મેના બોલી: "બેટા કુમળા!—
"આ સંસારની વાતો ન કરવી એ મ્હારી પ્રતિજ્ઞા આજ તુટી.
"ઠકરાળાંની વાતોએ ઘડીક મ્હારા મન ઉપર સંસારનો રંગ ચ્હડાવ્યો
"અને હું મ્હારા ધર્મથી ભ્રષ્ટ થઈ. તમે હવે એટલી વ્યવસ્થા કરો
"કે ફરી મ્હારી પાસે કોઈ આવી વાતો ન ક્‌હાડે. ભોજન ઉપર
"બેસીએ તો ભુલમાં કોળીયો ભરાય."

કુમળા ઉત્તર આપે છે એટલામાં વૃદ્ધ થયલી મધુમક્ષિકા આવી
અને ધીમે ધીમે બોલવા લાગી:

"માતાજી, હું દરવાજામાં આવતી હતી એટલામાં પ્રધાનજી
"મળ્યા અને મહારાજના તથા પ્રધાનજીના પોતાના સંદેશા આપને
"પ્હોંચાડવા મ્હારી જોડે મોકલ્યા છે."

"સામંતરાજના શરીરની અંત્ય અવસ્થા પાસે આવતી જાય છે
"અને બેચાર ઘડીમાં એમને સન્નિપાત થશે એવું ભય છે. ઘડી ઘડી
"મહારાજનું નામ સંભારે છે ને બીજી કાંઈ વાત કરતા નથી. આ
"પળે એમની પાસે જવું આવશ્યક ધારી મહારાજ ત્યાં પધાર્યા છે
"અને આપની પાસે આવી શક્યા નથી."

"મહારાજ અને પ્રધાનજી સામંતરાજને ત્યાં પધારતા હતા
"એટલામાં માર્ગમાં મૂળરાજને બંધમાં રાખી આવતા રક્ષક અધિકારીઓ
"સામા મળ્યા. આ રાજ્યમાં બ્હારવટે નીકળી કોઈનું ખુન કરવાનો
"તેમને માથે આરોપ હતો અને તેમના હાથમાં મરેલા માણસનું માથું
"હતું તેવે વખતે સુભદ્રાની પાસેનાં કોતરોમાંથી તેમને પકડ્યા હતા."

"પણ એમને લાવનાર માણસો મળ્યાં તે પ્હેલાં માનચતુરભાઈની
"પાસેથી એક સ્વાર પ્રધાનજી ઉપર પત્ર લાવેલો હતો તેમાં
"કુમુદસુંદરીના સમાચાર હતા."

ગુણસુંદરી અને એની સાથેનું મંડળ ઉત્સુક બન્યું; મધુમક્ષિકા બોલવા લાગીઃ

"સુભદ્રાના પ્રવાહમાં કુમુદબ્હેનની પાછળ સુવર્ણપુરનો
"બ્હારવટીયો પ્રતાપ પડ્યો હતો અને તેની પાછળ એ રાજ્યનું
"માણસ શંકર પડ્યો હતો. પ્રતાપના હાથમાં કુમુદસુંદરીનો એક
"પગ હતો, પણ પ્રતાપ સ્વતંત્ર માર્ગે જાય તે પ્હેલાં શંકરે એનો
"પગ પકડ્યો અને શંકરને પ્રતાપે તરવારને ઘાએ હણ્યો. એટલામાં
"કુમુદબ્હેનના રક્ષણને અર્થે નીકળી પડેલા મૂળરાજે કાંઠા ઉપરથી
"પડતું નાંખી પ્રતાપનું માથું ધડથી જુદું કર્યું અને માથું લેઈ પાણી
"બ્હાર નીકળ્યા તે માનચતુરને મળ્યા અને આણી પાસ આવ્યા.
"આ સમાચાર વાંચી મહારાજે મૂળરાજને સર્વ રીતે ક્ષમા કરી છે
"અને આ શુભ સમાચાર સાંભળી સામંતરાજનો જીવ સદ્‌ગતિ પામે,
"મૂળરાજના ઉપર તેમની કૃપા થાય અને પિતાપુત્રનો યોગ થાય
"એવું ઇચ્છી મહારાજ મૂળરાજને સાથે લેઈ ગયા છે."

સામંતપત્નીને હર્ષનાં આંસુ આવ્યાં. ગુણસુંદરીને રજ તૃપ્તિ થઈ નહી. તેને મન સોળે સોકટી કાચી રહી. મધુમક્ષિકા બોલવા લાગી.

"ગુણસુંદરી બ્હેન, પ્રધાનજીએ કહાવ્યું છે કે પ્રતાપ અને
"મૂળરાજની લ્હડવાડના સંધિમાં મૂળરાજને બે હાથ હત તો એક
"હાથે તરવાર વાપરી બીજે હાથે કુમુદબ્હેનને એ ઝાલી શકત; પણ
"એક હાથ એમનો કપાયલો હોવાથી કુમુદબ્હેન નદીમાં એકલાં
"તણાયાં, અને પ્રતાપનું અને નદીનું બેનું ભય એમને હતું તેને
"ઠેકાણે હવે માત્ર નદીનું ભય છે—"

ગુણસુંદરીની આંખમાંથી નવીન આંસુ બળ કરી નીકળી પડ્યાં. રોવું આવવાનું થયું તે દાંતવડે નીચલો ઓઠ કરડી પકડી રાખ્યું અને સ્વર ગળામાં ડાબી નાંખ્યો. મધુમક્ષિકા સમજી અને બોલી.

"બ્હેન, માનચતુરજી માણસો લેઈ નદીને તીરે તીરે ઘોડા
"દોડાવતા ગયા છે. મૂળરાજનું એવું ક્હેવું છે કે નદીના મુખ આગળ
"રત્નાકર સાથે સંગમ થાય છે ત્યાં આગળ કુમુદબ્હેનનું શરીર તણાતું
"તણાતું પ્હોંચશે. તે વેળા ભરતીની હશે, અને તેથી નદીનાં અને
"રત્નાકરનાં પાણી સામાં મળશે એટલે સંગમ આગળનું બધું પાણી સ્થિર

" રહેશે એટલે કુમુદબ્હેનનું શરીર આગળ સમુદ્રમાં નહી તણાય
" પણ સંગમ આગળ અટકશે."

ગુણસુંદરીને કંઈક આશા આવી. મધુમક્ષિકા વાધી.

" વળી નદીમાં ખેંચાયલા કચરાના સંગમ આગળ મ્હોટો થર
" થયેલો છે અને તે ઉપર પડ બંધાયલાં છે એટલે પાણી પણ છાછર
" અને નીતરેલું કાચ જેવું રહે છે. તેથી ત્યાં આગળ પાણીને તળીયે
" શરીર હશે તો પણ જણાશે અને હાથ આવવું કઠણ નહી પડે–આ
" પ્રમાણે મૂળરાજને આશા છે અને તેવી સૂચના તેમણે જ આપેલી
" છે તેથી માનચતુરજી ત્યાં ગયા છે."

" હરિ કરે તે ખરું!" નિઃશ્વાસ મુકી ગુણસુંદરી બોલી.

" ઈશ્વર સારું જ કરશે." મેના બોલી.

" માતાજીનો આશીર્વાદ છે તો સારું જ છે. પણ તણાઈ તે તણાઈ.
" માતાજી, હવે આશા વ્યર્થ છેઃ ઠીક છે, છેલા સમાચાર મળતા સુધી
" આશા ન મુકવી એટલો આપણો ધર્મ છે." ગુણસુંદરી બોલી.

મધુમક્ષિકા—" માતાજી, મૂળરાજે મહારાજદ્વારા આપની પાસે
" ક્ષમા માગી છે—મૂળરાજના કારણથી આપને ઘણું દુઃખ સોસવું
" પડેલું છે—"

મેના–" મધુમક્ષિકા, ચિરંજીવ મહારાજને ક્‌હેજે કે શંકરરૂપ
" થતા પ્હેલાં રાજ્યના ધણી અને મ્હારા તમારા છત્રરૂપ તેમણે મને શિક્ષા
" કરેલી તેનાથી મ્હેં દુઃખ ધર્યું હત તો મ્હેં એ શિક્ષાને અયોગ્ય ગણી
" થાત. એ શિક્ષા યોગ્ય હતી અને તે શિક્ષા સ્વીકારતાં મ્હેં દુઃખ નથી
" ગણ્યુંઃ પણ મહારાજની પ્રીતિને પાત્ર થવા માટે પ્રાયશ્ચિત્તરૂપ ગણી
" સંતોષ માન્યો છે. બાકી હવે મૂળરાજનું શું કરવું તે તો તમારે જોવાનું છે.

સામંતપત્ની—" માતાજી, એને આપે ક્ષમા આપી એવો મીઠો
" ઉચ્ચાર કરવા કૃપા કરો."

મેના—" એણે મ્હારો અપરાધ કર્યો જ નથી. રાજ્યનો અપ-
" રાધ કર્યો હોય તો તે રાજા જાણે."

મધુમક્ષિકા—" બીજા સમાચાર એવા છે કે મૂળરાજે મહારાજને
" પગે પડી આંસુ સાથે માગ્યું કે જુવાનીના ઉછાંછળાવેડામાં મહારાજ
" મલ્લરાજને મ્હેં દુઃખ દીધું છે તેથી વિશેષ અપમાન અને અપરાધ

" આપના વિષયે મ્હેં કરેલા છે. તેની ક્ષમા માગવી હું યોગ્ય ગણતો નથી,
" કારણ સર્વ તીર્થો ઉપર જઈ સ્નાન કરું તોપણ આ દોષોનું પ્રાયશ્ચિત્ત
" થાય એમ નથી; પણ માત્ર આટલું જણાવવા રજા માગું છું કે આપને
" સારુ મ્હારા મનમાં જે તિરસ્કાર અને ક્ષુદ્રભાવ હતો તેને સાટે હાલ
" હું એમ માનું છું કે આપના ઉદાત્ત વંશમાં હું એક શીયાળ જેવું
" પ્રાણી છું ત્યારે આપ શુદ્ધ સિંહરૂપ છો—આપની બુદ્ધિ, શૌર્ય,
" સદ્ગુણ અને ઉદાત્ત રાજતેજ આગળ હું એ ક્ષુદ્ર જીવ જેવો છું.
" અને મહારાજ મલ્લરાજને ઉગ્ર મુખે દેહાંતશિક્ષા સાંભળતાં જે અભિ-
" માન નમ્યું ન હતું તે સર્વ અભિમાન આજ જાતે છોડી, વસિ-
" ષ્ઠને પગે વિશ્વામિત્ર પડ્યા હતા તેમ, આપને પગે પડું છું અને
" આ જગતમાં એટલું પ્રાયશ્ચિત્ત કરવા દેશો તો હું દુષ્ટ પોતાને
" કંઈક શુદ્ધ થયો ગણીશ."

" માતાજી, આ ઉપરાંત મૂળરાજે કહ્યું કે હું મ્હારી માતાની
" સ્ત્રીબુદ્ધિએ ચાલ્યો અને પિતાના બુદ્ધિતેજનો પ્રભાવ પરખી શક્યો
" નહી. તે તરવાર છોડી નરેણી પકડ્યા જેવું કર્યું. મ્હારા પિતાને
" અવસાનકાળે મને બોલાવ્યો તો ક્ષમા અપાવનાર ધણી પણ
" આપ છો. પિતા પાસે બાંહ્યધરીમાં એટલું વચન આપું છું કે ભર-
" તજીએ કૈકેયીનો ત્યાગ કર્યો હતો તેમ હું પણ આજથી મ્હારી
" જનનીનો ત્યાગ કરું છું."—સામંતપત્ની ઝાંખી પડી ગઈ.

" મહારાજને આટલાં વચન કહ્યા પછી મૂળરાજે પ્રધાનજીને કહ્યું
" કે—પ્રધાનજી, મ્હારો તમારો મતભેદ તો ઈશ્વરે નિર્મેલો છે અને જે
" ઈંગ્રેજને આપના મામાએ સાતમે આકાશ ચ્હડાવ્યા છે તે ઈંગ્રેજનો
" સ્વીકાર અને દેશીઓનો ત્યાગ કરી સુભાજીરાવને ફ્હાડી મુક્યા તે
" કિલ્મિષ તો મ્હારા મનમાંથી જવાનું નથી. પણ મહારાજ મણિ-
" રાજના પ્રધાન તે મ્હારે શિરસટ્ટે એટલી બુદ્ધિ ઘણો વિચાર કરતાં
" મને ઉત્તમ લાગી છે, અને તે બુદ્ધિ સિદ્ધ કરવાને માટે જ મ્હેં
" આપની પુત્રીના શત્રુને હણ્યો છે."

" વળી મૂળરાજે પ્રધાનજીને કહ્યું કે—પ્રતાપનો હું વિશ્વાસુ મિત્ર
" હતો. કુમુદસુંદરી ઉપર એની કુદૃષ્ટિ હતી તે વાત એને પોતાને જ
" મુખે સાંભળી હતી, પણ એને વારવાથી સારું ફળ હતું નહી. અને
" મને વાત કરતો અટકે જાણી હું એને વારતો ન હતો. જ્યારે એ
" નદી આગળ ગયો ત્યારે હું કાંઈક નિમિત્તે ત્યાં આગળ ફરતો હતો અને

"શંકરથી ન થયું તે કામ મ્હેં કર્યું. મ્હેં મિત્રહત્યા કરી—પણ દુષ્ટ
"મિત્રની હત્યા કરી, તે શા સારુ? કુમુદસુંદરી છેક ન્હાની હતી ત્યારે
"મ્હેં એને મ્હારી પુત્રી પેઠે એક દીવસ રમાડી હતી. કોઈ જાણતું નથી–
"ગુણસુંદરી પણ જાણતાં નહી હોય–પણ તેમના ઉપર એ દિવસે મ્હારી
"દૃષ્ટિ બગડી હતી. તેનું પણ પ્રાયશ્ચિત્ત બાકી હતું. આ બગડેલી દૃષ્ટિ
"સુધારનાર પળવારનો સંગી એક બ્રાહ્મણ હતો—તો બીજા બ્રાહ્મણ
"પ્રધાનજીનો કંઈકિ વધારે સંગ થશે તો બુદ્ધિ વધારે સુધરશે. આ
"પ્રાયશ્ચિત્ત કરવાને આ બુદ્ધિ સુધારવા મ્હારી પુત્રી જેવાં કુમુદબ્હેનના
"શત્રુને હણી મ્હેં મિત્રહત્યા કરી છે. હવે મ્હારે આ સંસારમાં કાંઈ
"વાસના નથી."

સર્વ બોલી સામંતપત્ની સામું જોઈ મધુમક્ષિકા બોલીઃ "ઠકરાળાં,
"મહારાજે ક્‌હાવ્યું છે કે તમે સત્વર સામંતરાજ પાસે હાજર થજો અને
"રાણીજીને સાથે રાખજો, કારણ સામંતરાજ રાણીજીનું નામ પણ ઝંખે
"છે. રાણાજીને મહારાજે ક્‌હાવ્યું છે કે સામંતરાજ આપણે પિતાને સ્થાને
"છે તો તેની પાસે મર્યાદાની જરુર નથી અને તેમની છેલ્લી વાસના
"પુરી કરવી અને એમનો આશીર્વાદ લેવો એ આપણો ધર્મ છે માટે
"માતાજીની અનુજ્ઞા લેઈ ઠકરાળાં સાથે આવવું."

મેના—"બેટા કમળા, રાજપતિની આજ્ઞા અતિ યોગ્ય છે અને
"તે બહુ ઉત્સાહથી પાળવા તમે સત્વર જાવ. સામંતરાજને મ્હારા
"ભણીથી બે વાત ક્‌હેજો. પ્હેલું એ ક્‌હેજો કે શંકરરૂપ મહારાજ ગયા પછી
"હું નકામી થઈ જીવું છું અને બાળક મણિરાજને તેમણે તમને સોંપેલા
"અને એ બાળકને તમારી ઢાલ છે તે તમારે જવા કાળ આવ્યો એવો
"વિપર્યય ઇશ્વરને ગમે છે તો તેની બુદ્ધિ આપણાથી અગમ્ય છે. પણ
"બીજી વાત એ છે કે હવે તમારા વિના મણિરાજ એકલા પડશે તેની
"પાસે તમારું કામ સારવા મૂળરાજને અધિકાર આપો, અને હવે
"પરદેશમાં આથડી, અનુભવથી ઘડાઈ, તે રાજ્યભક્ત થયો છે તો
"સત્કાર્યમાં શંકા ન કરશો. બાકી ઘડી અધઘડીમાં પ્રભુનું તેડું આવશે
"એટલે તમે હશો ત્યાં મ્હારે પણ આવવું જ છે."

સઉ ઉઠ્યાં, વેરાયાં, ચાલ્યાં. સઉની પાછળ કુસુમ આરજાની
સાથે વાતો કરતી ચાલતી હતી.

થોડેક છેટે આગળ સુન્દરગિરિની એક ગોસાંઇયિણ પણ ચાલતી હતી.

અને તેની જોડે પલાળેલા કુંકુમ ભરેલો થાળ લેઈ માતાની પુજારણ ચાલતી હતી. આરજા, ગોસાંઈયિણ, અને પુજારણ ત્રણેની વચ્ચે આવજા કરતી કુસુમ ત્રણેમાંની એકની સાથે ઘડીક વાતો કરી બીજી સાથે વાતો કરવા જતી ને ઘડીક બીજીને છોડી ત્રીજી પાસે જતી. કમલાવતી, ગુણસુંદરી અને સુન્દર સઉથી આગળ ચાલતાં હતાં, તેમાં સુન્દરનો જીવ કુસુમમાં હતો તે ઘડી ઘડી પાછું વળી એના ભણી જોતી હતી. કુસુમની કુમારાં ર્‌હેવાની હોંસ સુન્દર સારી રીતે જાણતી હતી અને આ ત્રણે જણ જોડે એ હોંસને લીધે જ કાંઈક વાતો બાલા કરતી હશે જાણી સુન્દરનો જીવ ઉંચો થયો. એટલામાં કુસુમની અને સુન્દરની આંખો મળતાં સુન્દરે અણસારો કરી કુસુમને પોતાની પાસે બોલાવી. તેના ઉત્તરમાં કુસુમે ડોકું ધુણાવ્યું અને હાથેલી નાગની ફેણા પેઠે હલાવી અને આઘી જતી રહી વાતોમાં ભળી.

અંતે વાતો થઈ ર્‌હેતાં કુસુમ જુદી પડી, ત્રણે જણને છોડી સુન્દરને પકડી પાડવા ઉતાવળી આગળ ચાલવા લાગી અને ચાલતાં ચાલતાં મનમાં મનની સાથે વાતો કરવા લાગી.

“ આરજા પરણી નથી ને ધર્મધ્યાનમાં આનંદ કરે છે–પણ આપ-
“ ણાથી કાંઈ આરજા થવાય ? પુજારણને ગમત છે–માતાની પૂજા કરવી–
“ પણ એ તો પરણેલી છે ને પરણ્યાં એટલે પડ્યાં. ગોસાંઈયિણ સુખી
“ ખરી–પરણવું હોય તો પરણે નીકર કુમારી ર્‌હે ને મીરાંબાઈનું પદ
“ ગાયાં કરે,” કંઈક મ્હોટે સ્વરે કુસુમ લવી.

> “ મીરાંમન મોહનશું માન્યું !
> “ વરીયા વરીયા શ્રીગિરિવરધરલાલ !
> “ જાણે જગ કાંઈ નથી સાચ્ચું !”

આ કડી બે ચાર વાર લવી. થોડીવારમાં સુન્દરની આંગળીએ વળગી વિચારના ઉછાળામાં ઉછળતી ચાલવા લાગી. વાડીનો દરવાજો આવ્યો. કમલાવતી અને સામંતપત્ની એક ગાડીમાં બેસી ગયાં. બીજી ગાડીમાં ગુણસુન્દરી, સુન્દર, અને કુસુમ બેસી ઘરભણી ચાલ્યાં, અને ગાડી ચાલતાં સુન્દર કુસુમને માથે હાથ મુકી પુછવા લાગી.

“ કુસુમ, આરજા ને પુજારણ ને ગોસાંઈયિણ સાથે તે શી વાતો કરતી
“ હતી ? ભલું તને એવાં એવાં સાથે વાતો કરવાનું મન થાય છે તો ? ”

"તે કેમ વાતો ન કરીયે? ઓછાં જ ભાયડાઓ સાથે બોલીયે
"છીયે જે?" કુસુમ ગળું મરડી બોલી.

"ત્હારે આરજાબારજા થવું છે?"

"થઈયે યે ખરાં. પરણેલાં કરતાં એ બધાં સુખી છે."

"તે પરણે તેને શું દુઃખ છે?"

"પરણે તેને પતિ જડતાં દુઃખ, પતિ જીવતાં દુઃખ, ને પતિ મરતાં
"દુઃખ—ને ત્રણે વખત દુઃખ ન હોય તો એક વખત તો હોય હોય ને હોય."

"હતું હશે! પરણેલાંનું સ્વપ્નું તો દીઠું નથી ને તેનાં દુઃખની
"વાત કરવા બેઠી છે આજ કાલની—"

"પરણ્યાં ન હઈયે પણ જાને તો ગયાં હઈયે? પતિ જડતાં
"દુઃખ પડ્યું કુમુદબ્હેનને. પતિ જીવતાં દુઃખ પડ્યું કુમુદબ્હેનને!
"એ એમાં સુખ, તો પરણેલાંને છોકરાંનું દુઃખ થયું જોવું હોય તો–
"જુવો–કુમુદબ્હેનનું દુઃખ ગુણીયલને!"

ગુણસુંદરી વિચારમાંથી ભડકી, સુંદરે કુસમના બે ગાલ હાથવતે
આમળ્યા ને બોલીઃ "મેર! મેર! શરમ વગરની! માની વાતો
"કરનારી ન જોઈ હોય તો!"

સુંદરનું બોલ્યું ખરું લાગતાં આમળાથી રાતા થયલા ગાલ ઉપર
લજવાયાની બીજી રતાશ ચ્હડી, અને હારી જઈ કુસુમ જરીક નીચું
જોઈ રહી. પળવારે પાછું ઉંચું જોઈ બોલવા લાગી.

"વારુ, સામંતની વહુનું દૃષ્ટાંત તો ખરું? અને જન્મારો સુખ
"જોઈ સ્વામી જતાં દુઃખ થાય તેનું દૃષ્ટાંત મેનારાણી. શું એમનું
"દુઃખ! હું તો એ દુઃખ જોઈ છક જ થઈ ગઈ! સ્વામી નઠારા હોય
"તેનું દુઃખ કુમુદબ્હેનનું જોવાનું, ને સ્વામી જેટલા વધારે સારા એટલું
"વધારે દુઃખ સ્વામી ગયા પછી—તે મેનારાણીનું જોવું!"

"તું ભલી આવું આવું સોધ્યાં કરે છે! ન પરણવાના ચાળા!"

"તે શોધવા કંઈ આઘે જઈયે છીયે? ઘરમાં ને ઘરમાં જોઈયે
"તેયે દેખીયે નહી તે શું આંધળાં છીયે!–હા–ન પરણવાના ચાળા
"તો ખરા! પરણ્યાં એટલે પડ્યાં. તમારે છે કંઈ?"

"વળી સામા માણસનું દૃષ્ટાંત લીધું! તે વેળા મ્હારું લીધું ને
"વળી આ કાકીનું દૃષ્ટાંત લીધું!" ભ્રમર ચ્હડાવી ગુણસુંદરીએ
બોલકણીને ધમકાવી.

" હ્યો તે નહી લઈયે. બાકી સુખનું દૃષ્ટાંત લીધું છે—કંઈ દુઃખનું
" લીધું નથી. કાકી,મને તો પિતાજી ન પરણાવે કની તો બડી ખમ થાઉં."

" તે પિતાજી કંઈ ત્હારા જેવા ઘેલા હતા? આપણામાં ડોશી
" કુમારી રહી છે કંઈ?"

" તે જોઈશું—"

આ વાતોમાં ગાડી ચાલી ગઈ.

મધુમક્ષિકાને વાડીમાં મોકલી દરવાજાબ્હાર વિદ્યાચતુર ગાડીમાં બેસી રહ્યો હતો, અને તેના મનમાં અનેક વિચાર ઘોળાયાં કરતા હતા.

" મહારાજ મલ્લરાજની પરીક્ષા અંતે ખરી જ નીવડી. આટલે
" વર્ષે મૂળરાજ કુળ ઉપર ગયો; અને પોતાના રાજવંશનો એક છોડ
" નિર્મૂલ ન કરી નાંખવાનો એ મહારાજનો આગ્રહ તે દુરાગ્રહ નહી
" પણ સદાગ્રહ હતો તે એમના ગયા પછી સિદ્ધ થયું."

" ઈંગ્રેજોના સંબંધ વિરુદ્ધ સામંત અને મૂળરાજનો આગ્રહ
" મૂળથી છે—એને દુરાગ્રહ કેમ કહેવાય? એમાં સ્વરાજભક્તિ અને
" સ્વદેશાભિમાન નથી એમ કેમ કહેવાય? જે રાજ્યનીતિનો વિચાર
" કરી એ મહારાજે અને મામાએ આ સંબંધ સ્વીકાર્યો તે નીતિ
" મને પણ ખરી લાગે છે—પણ એ ઢાલને બે બાજુઓ છે તેની
" ના કોણ કહેશે? દેશીઓના હાથમાં હિંદુસ્થાન રહ્યું હત તો એમના
" હાથમાં આ દેશની જાપાન જેવી ઉન્નતિ થાત એવી ધારણા કોઈ
" કરે તો તેમાં અશક્ય જેવું શું છે? જે લોકમાં મ્હોટા માધવરાવ
" પેશવા, માધવરાવ સિંધીયા, અને નાના ફડનવીસ જેવાં રત્નો
" ઉત્પન્ન થયાં હતાં તે લોકમાં અને બીજી નાતોમાં અને બીજા પ્રાંતોમાં
" એવાં રત્નો ઉત્પન્ન થાત અને આ દેશનો ઉદ્ધાર કરત એવું કોઈ
" ધારે તો તેમાં અસંભવિત શું છે? રત્નપુરીનાં જેવાં રત્ન સ્વતંત્રતાનો
" કાળ આ દેશમાં કેમ ન દેખાડત? સામંતરાજ અને મૂળરાજ
" જેવા ક્ષત્રિયોને યુદ્ધકાળ સ્વપ્ન જેવો થઈ ગયો જોઈ ક્રોધ કેમ ન
" ચ્હડે? એમના ઉપર દ્વેષ રાખે તે હિંદુ અનાર્ય છે—આર્ય નથી."

" પણ–પણ–એ કાળ ગયો–સામંતરાજ અને મૂળરાજ! મામા
" ઉપર તમને ક્રોધ છે–તે હોલાતો નથી તેનું કારણ શું?—તમારા
" मनोरथानामतटप्रपाताः।*

* મનોરથો વગર તટે પડ્યા!

" તમારા જેવી વૃત્તિ મ્હારા મનમાં ઉત્પન્ન થાય છે એવે કાળે
" સુભાજીરાવ જેવાઓને જેણે જેણે આશ્રય ન આપ્યો તેને આજ
" પોતાની ભુલ માલમ પડતાં કેવું લાગવું જોઈયે તેનો વિચાર કરું છું.
" અને તે ભુલ કરનાર મામાનો હું ભાણેજ છું અને તેમની ભુલનો
" પશ્ચાત્તાપ હું કેવે રૂપે કરું તેની કલ્પના કરું છું ત્યારે લાગે છે કે

" यथा गजो नेति समक्षरूपे
" तस्मिन्नतिक्रामति संशयः स्यात्
" पदानि दृष्ट्वा तु भवेत्प्रतीतिस्
" तथाविधो मे मनसो विकारः ॥*

" દેશોદ્ધારના મહાન પ્રસંગરૂપ હાથી જાતે પાસે થઈને ચાલ્યો
" ગયો ત્યારે એ હાથી છે એવું અમે જાણ્યું નહી—તે જતાં જતાં હાથી
" જ હશે એની શંકા થઈ–અને આજ એનાં પગલાં જોઈ નક્કી થાય
" છે કે મૂર્ખાઈમાં પાસે આવેલા હાથીને જવા દીધો, અને હવે એ
" ગયેલો પ્રસંગ ગયો!—તે પાછો દેખાડે એવી શક્તિ ચૌખંડ
" પૃથ્વીમાં કોઈ આણે એમ નથી! મૂળરાજ! તને તેનું દુઃખ કેમ
" ન લાગે? તું સિંહ છે."

" પણ–પણ–મહારાજ મલ્લરાજ પણ સિંહ જ હતા અને
" પુરુષસિંહ હતા. તેમનો બુદ્ધિપ્રભાવ કેવળ સિંહની પેઠે વર્તમાન
" પૃથ્વી ઉપર ફરનાર ન હતો, પણ ગરુડ પેઠે ભૂતરસાતળના ઉંડામાં
" ઉંડા અને ભવિષ્યાકાશના ઉંચામાં ઉંચા ભાગમાં ચ્હડી, સાત્વિક
" વૃત્તિ, ઉદાર અને ઉદાત્ત બુદ્ધિથી, સદ્‌ગુણ અને સદ્ધર્મના શોધનથી,
" સર્વ આકાશ અને પૃથ્વી ઉભયને દૃષ્ટિગોચર કરી પોતાનો શીકાર
" શોધી ક્‌હાડતો. એ મહારાજે ઘડેલો ઈંગ્રેજ ચક્રવર્તીનો સંબંધ
" મહાન્ અકબરના સંબંધ જેવો† ઉદાર અને આવશ્યક મને લાગે
" છે તેમ મૂળરાજને ન લાગે તો નવાઈ નથી. મૂળરાજ મલ્લરાજનું
" મહાશય હૃદય કેમ સમજી શકે?"

---

* શાકુંતલ.

† He ( Akbar ) had lived long enough to convince the diverse races of Hindustan that *their safety, their practical independence*, their enjoyment of the religion and the customs of their forefathers, depended *upon their recognition of the paramount authority* which could secure to them their inestimable blessings. To them he was a man above prejudices.—*Malleson.*

મૂળરાજે આણેલા કુમુદના સમાચાર સાંભર્યા.

“ કુમુદ ! કુમુદ ! ત્હારું ભાગ્ય વિચારું છું ત્યારે લોકની પેઠ છઠ્ઠીના “ લેખ માનવા ઉપર શ્રદ્ધા થાય છે. તું સુખને માટે સરજાયલી જ નથી. “ વિદ્વાન વર શોધ્યો તે નકામું પડ્યું; કુલીન અને સુશીલ વર શોધ્યો “ તેણે ભુંડું કર્યું. તું જ્યાં ગઈ ત્યાં ત્હારા મ્હોંમાં આવેલી સાકર દૈવે “ ઝુંટી લીધી, અને આખરે બ્હારવટીયામાંથી બચેલી તે નદીમાં ગઇ.”

“ હું તો ધારું છું કે તું ગઈ જ ! ત્હારી આશા રાખવી તે હવે “ હવાતીયાં મારવા જેવી છે. ત્હારી માને દુ:ખ થાય છે અને તે રુવે “ છે—પણ હું પુરુષ છું ‘ અને રાજનીતિના વિષમપ્રસંગોએ પત્થર જેવું “ કરેલું મ્હારું કાળજું આંખમાં આંસુ સરખું આણી શકતું નથી ! “ બીચારી માલતીને કામન્દકીએ કહેલું વચન ખરું છે.—

“ कुतोऽपत्यस्नेहः कुटिलनयनिष्णातमनसाम् ॥

“ વક્ર રાજનીતિમાં ઝબકોળાએલાં મનને અપત્યસ્નેહનો પાશ “ બેસતો જ નથી !–ના, ના, એમ પણ છેક નથી.”

“ જો–જો–જો પ્રમાદધન અને કુમુદ એ બે જણ ગુજર્યાં હોય “ તો વિચારમાત્ર સમાપ્ત જ છે, જો કુમુદ એકલી ગુજરી ગઈ હોય “ તો પણ મ્હારે મન એ સંસાર સમાપ્ત જ છે. જો પ્રમાદ અને “ કુમુદ બે જીવતાં નીકળે—તો—આ દુર્ભાગ્યમાંથી બીચારીનું ભાગ્ય કેમ “ ઉત્પન્ન કરવું—એ સમુદ્રમાં કેમ તરવું—એનો વિચાર હું કન્યાનો “ બાપ તે શો કરું ? મ્હેં તો એને વિદ્યા આપી અને એ હોડીવડે એ “ કન્યાને તરતાં આવડે એટલું એનું ભાગ્ય. વર શોધતી વેળા માબાપથી “ થયેલી ભુલનું પરિણામ ખમે કન્યા, અને આઘેથી જુવે ને રુવે “ માબાપ—આટલા માટે જ લોક કન્યા ઇચ્છતા નથી.—હા—પણ “ સૌભાગ્યદેવી અને બુદ્ધિધન જેવાં સાસુસસરો આયુષ્યમાન છે ત્યાં “ સુધી કુમુદની ચિંતાનો પ્રસંગ જ નથી.”

“ પણ—પ્રમાદધનની વાર્તા ખરી હોય—અને—કુમુદ જીવતી નીકળે “ તો ?–પુત્રીનું વૈધવ્યદુઃખ કેમ સહવાશે ? શું મ્હારી કુમુદ વિધવા ?—”

આ વિચારની સાથે જ મન ચીરાયું. “ કુમુદ તું—વિધવા !– “ કુમુદ !—તું વિધવા ! ”

“ હરિ ! હરિ ! ઓ પ્રભુ !”—“ ઈશ્વર મ્હારા સામું એટલું “ નહી જુવે ?”

"પ્રમાદધન—સુગન્ધવાળું ફુલ સુંઘતાં તને ન જ આવડ્યું—
"તે ચોળાઈ ગયું." નિઃશ્વાસ મુક્યો.

"But as a practical man—can I not see my remedy for
"a disease which threatens to be a fact? Other nations have
"it—mine bars it."

ઓઠે આંગળી મુકી વિચારમાં પડ્યો.

"Conventional widowhood! Social terrorism! Must you stand between me and my love and duty to my dear child? Here—Here is a calamity; here is escape from it—And yet the poor one must suffer and not escape! And why? Because the stronger sex controls her lot. Is it proper in a father to submit to the control and see the child writhing before his eyes, because he is a social—coward?"

"કુમુદ! સરસ્વતીચંદ્ર હજી જીવે છે! એણે મૂર્ખતા કરી તો
"ખરી પણ તેના હૃદયમાં જે યજ્ઞ ત્હારી તૃપ્તિને અર્થે આરંભાયલો
"હતો તે હજી હોલાયો નથી."

"પણ તને તેનો યોગ કરી આપવામાં જેટલું સાહસ મ્હારે છે
"તેટલું સાહસ ત્હારો સ્વીકાર કરનારને પણ છે. સરસ્વતીચંદ્ર!
"આટલી લક્ષ્મીનો ત્યાગ કરવાનું સાહસ જેણે કર્યું તેને આ સાહસ
"કરતાં ડર લાગશે?"

"હરિ! હરિ! પ્રિય કુમુદ! ત્હારો પિતા અત્યારે દુઃખથી ઘેલો
"થયો છે—ઘેલછાને કાળે કરેલા વિચાર હું આચારમાં મુકતો નથી."

"હજી તો વૃદ્ધ પિતા અને મામા આયુષ્યમાન છે—તેમના મત
"વિના મ્હારાથી શું બનશે? તેમના મત કેણી પાસ પડશે તે જોશીને
"પુછવું પડે એમ નથી. તેમના વિરુદ્ધ પડી મ્હારે આ કામ કરવા
"જેવું છે? શું મને કુમુદ વ્હાલી છે અને તેમને નથી? વૃદ્ધ પિતા
"અત્યારે પૌત્રીને માટે માથું છેટે મુકી તરવાર બાંધી નીકળી પડ્યા છે—
"એ બાળકી મ્હારી ખરી ને તેમની નહી?"

"આ સાહસ કરનારે આ રાજ્યના હિતને અર્થે રાજ્યનું પ્રધાન-
"પદ છોડવું જોઈએ—પુત્રી ઉપરના સ્નેહ આગળ પેટનો સ્વાર્થ
"મ્હોટો નથી."

"ખરી વાત પણ મણિરાજની સેવા હું કેવળ પેટને માટે નથી કરતો.
"પેટ ભુલું પણ ઉપકાર કેમ ભુલાય? તેમનો સ્નેહ કેમ તરછોડાય?"

" કુમુદ ! ત્હારે માટે હું આ માર્ગે જઉં કે આ માર્ગે જઉં ?
" કાંઈ સુઝતું નથી."

માથું ખંજવાળતો ખંજવાળતો અને અત્યંત શોકવાળું અવસન્ન મુખ કરતો વિદ્યાચતુર પળવાર વિચાર કરતો જ બંધ પડ્યો.

" અનાગત વસ્તુની ચિંતા કરવાનું કાંઈ કારણ નથી. કોણ જાણે કેવા
"સમાચાર મળશે ? તો આ ઇષ્ટાનિષ્ટ વિચાર અત્યારે શું કરવા કરવા ?"

એટલામાં મધુમક્ષિકા આવી અને મેનારાણીને પ્હોંચાડેલા સંદેશાના વર્તમાન ક્‌હેવા લાગી.

વિદ્યાચતુર ગાડીમાં બેઠો હતો તે પ્રસંગનો લાભ લેઈ, ગાડીમાંથી ઉતરી ચંદ્રકાંત પાસેના તળાવના આરા ઉપર ઉભો ઉભો ચારે પાસ જોતો હતો અને સરસ્વતીચંદ્રના વિચાર કરતો હતો.

" સરસ્વતીચંદ્ર ! વિદ્યાચતુરે ત્હારો શોધ કરવા મદદ આપવાની
" વાત ક્‌હાડી ત્યારે કુમુદસુંદરીના સમાચાર આવ્યા ને ત્હારી વાત
" ઢંકાઈ ગઈ ! મહારાજે વાત ક્‌હાડી ત્યારે સામંતરાજની ચિંતા
" આવી ને ત્હારી વાત ઢંકાઈ ગઈ ! મ્હારે તને શોધવો છે, પણ ત્હારે
" જડવું નથી, ને ભાગ્ય પણ એવું છે કે તને જડવા દેતું નથી. ભલે
" ભાગ્ય ત્હારો પક્ષપાત કરે ને મજ ગરીબની વાત ન સાંભળે—પણ હું
" તને પડતો મુકી ઘેર જવાનો નથી. ઘેરથી પત્ર ઉપર પત્ર આવે છે કે
" આ નિષ્ફલ શોધ કરવો છોડી ઘેર આવો. મ્હારાં મૂર્ખ વ્હાલાંઓને ખબર
" નથી કે વસુંધરાનું જાયેલું એક અમૂલ્ય રત્ન ખોવાય છે—ચંદ્રકાંત જેવા
" અનેક પથરાઓ ભેગા કરો ત્હોય એ રત્નના જેવું મૂલ્ય થાય એમ
" નથી. સરસ્વતીચંદ્ર ! સરસ્વતીચંદ્ર ! આ દેહમાં ચેતન છે ત્યાં સુધી
" ત્હારો શોધ હું પડતો મુકું એમ નથી."

એક બાવો આરા ઉપર તુંબડી લેઈ લોટ માગતો અને ચીપીઓ ખખડાવતો દીઠો. ચંદ્રકાંતને જોઈ તે કાંઈક વિચારમાં પડ્યો ને પાસે આવી બોલ્યો.

" ભૈયા, તમે આ નગરના વાસી નથી ?"

ચંદ્રકાંત–" ના, બાવાજી. હું મુંબાઈથી આવ્યો છું."

બાવો–" તમારું નામાભિધાન ?"

ચંદ્રકાંત–" ચંદ્રકાંત."

બાવો–"ચંદ્રકાંતજી, આ તળાવની પેલી પાસ આકાશમાં અંધકાર "જેવું દેખાય છે તે સુન્દરગિરિ નામનો રમણીય પર્વત છે, ત્યાં અમારા "સાધુસંતોના આશ્રમ છે ત્યાં કોઈ વેળા પધારશો તો કલ્યાણ થશે. પણ "રાજવૈભવ છોડી એકલા આવશો તો અધિક જોશો ને વિશેષ પામશો."

"અલખ !" અલખની બુમ પાડી બાવો માર્ગે પડ્યો. સ્વાભાવિક રીતે ઈંગ્રેજી ભણેલાને આમાં કાંઈ વિચારવાનું ન હતું. પણ પુરુષનો શોધ કરવા નીકળી પડેલાને વિચાર થયા.

"સરસ્વતીચંદ્ર એ પ્રદેશમાં કેમ ન ગયા હોય ? બ્હારવટીઆઓ– "માંથી છુટ્યા હોય તો એમનો એક માર્ગ મનોહરપુરીનો ને બીજો "સુન્દરગિરિનો. કાલે વિદ્યાચતુરને ઘેર નકશો જોયો. સુભદ્રાના મુખઆગળ "એ પર્વત છે. વિધાતાની સૂત્રધારતા વિચિત્ર છે. કુમુદસુંદરીને એણી "પાસ તાણ્યાં છે—સરસ્વતીચંદ્રને પણ એ જ સૂત્રધારે એણી પાસે કેમ "ન તાણ્યા હોય ? મિત્ર !

"परिणतिरमणीयाः प्रीतयस्त्वद्विधानाम्" ॥[1]

તેના મુખ ઉપર ખેદ દેખાયો. "હવે ચંદ્ર અને કુમુદની પ્રીતિ "શી ? એ પ્રીતિમાં જ પાપ અને એ પાપમાંથી છુટાવાને જ મ્હારો "પ્રિય પવિત્ર ચંદ્ર કુમુદને અસ્પર્શ રાખી અદૃશ્ય સ્થળે ભ્રમણ કરે "એ જ કલ્પના સંભવિત છે. સરસ્વતીચંદ્ર, તને ન્હાનપણમાંથી વૈરાગ્ય "વ્હાલો હતો ને તે વ્હાલી વસ્તુના ઉપર ત્હારો કેટલો આગ્રહ છે તે "હું જાણું છું. તો ત્હારે માથે અયોગ્ય આરોપ નહી મુકું."

થોડીક વાર શાંત થઈ સુન્દરગિરિની છાયા જોઈ રહ્યો અને તેને શિખરે આકાશમાં સૂર્યતેજે સળગતાં વાદળમાં સ્ત્રીપુરુષની છાયા જેવું લાગતાં તેને ચંદ્ર અને કુમુદ કલ્પી પગ ઠબકારતો ઠબકારતો ચંદ્રકાંત ગણગણવા લાગ્યો. "સરસ્વતીચંદ્ર ! તને ગમતી કવિતા અને તેમાં જ "કલ્પેલાં સ્થાનમાં !

* "The path by which that lovely twain,
"Have passed by cedar, pine, and yew,
"And each dark tree that ever grew,
"Is curtained out from heaven's wide blue."

---

૧. "ત્હારાં જેવાઓના પ્રેમ પરિણામે રમણીય હોયછે." ભવભૂતિ.
* Shelly's Promethous Unbound.

"અમારી ને ત્હારી વચ્ચે કોઈ મ્હોટો પડદો છે ! પણ તું જ્યાં
"હશે ત્યાં રમ્ય સ્થાને જ હશે. મિત્રરત્ન ! મ્હારા જેવાં અનેક
"ચિત્તોમાં ત્હેં અધિકાર કર્યો છે ને તેને શિરે ત્હારો વિચાર એક સુંદર
"તારા પેઠ પ્રકાશે છે–તે તારો શું કરેછે ?

* "It scatters drops of golden light,
"Like lines of rain that ne'er unite,
"And the gloom divine is all around,
"And underneath is the mossy ground."

"ત્હારા ભણીની કલ્પના કંઈ કંઈ સ્થાને દોડેછે–ને સુઝતું કંઈ નથી.

* "My wings are folded o'er mine ears:
"My wings are crosse'd o'er mine eyes:
"Yet through their silver shade appears,
"And through their lulling plumes arise,
"A shape, a throng of sounds,
"May it be no ill to thee,
"O thou of many wounds!"

છેલો ભાગ ઘણીવાર ગણગણતાં ગણગણતાં ગાતાં ગાતાં ચંદ્રકાંતનાં નેત્રામાંથી આંસુ ખરતાં હતાં અને કપાળનો પરસેવો લ્હોવાને નિમિત્તે રુમાલવડે એ આંસું એ લ્હોતો અને સંતાડતો હતો.

એવામાં વિદ્યાચતુરનો ગાડીવાળો આવ્યો.

"ભાઈસાહેબ, પ્રધાનજી તેડેછે."

સજ્જ થઈ ચંદ્રકાંત ગયો. મધુમક્ષિકા પ્રધાન પાસેથી ગઈ હતી અને સટે એક પોલીસનો માણસ હતો. ચંદ્રકાંતને પાસે બોલાવી વિદ્યાચતુરે તેને એક વીંટી આપી અને કહ્યું.

"ચંદ્રકાંત આ વીંટી પરખો. આ રાજ્યના અમીરો પાસે આવાં
"રત્ન હશે, પણ આ ઘાટ નહી હોય—સરસ્વતીચંદ્ર પાસે મ્હેં આવી
"વીંટી જોઈ સાંભરે છે."

"ચંદ્રકાંતે ફરી ફરી વીંટી જોઈ, ઝીણી દૃષ્ટિ કરી કરી જોઈ, વીંટી ફેરવી ફેરવી જોઈ અને અંતે ભીજાગરા જેવું લાગતાં ચાંપ ઉઘાડી તો

---

* Shelly's Prometheus Unbound.

અંદર આસનમાં સરસ્વતીચંદ્રની સુંદર હસતી છબી ! અતિ ઉમંગથી એ ઉઘાડેલી છબી વિદ્યાચતુરના હાથમાં પાછી સોંપી, વિદ્યાચતુરે ઓળખી અને પોલીસના માણસને પુછ્યું.—

" હવાલદાર, આ છબી અને વીંટી સરસ્વતીચંદ્રની. એ લાવનાર " કોણ છે અને શું કહે છે ?"

" પ્રધાનજી, અર્થદાસ નામના વાણીયા પાસેથી એ છબી નીકળી " છે: અર્થદાસ કહે છે કે જંગલમાં એક નવીનચંદ્ર નામના માણસે " તેને એ બક્ષીસ આપી છે. એ માણસની ભાળ આપનાર અને એને " પકડી આપનાર આપણાં માણસ છે. પણ હીરાલાલ નામનો એક " મુંબાઈનો વાણીયો છે તે કહે છે કે અર્થદાસે આ વીંટીના ધણીનું ખુન " કરેલું છે."

" એ હીરાલાલ કોણ છે ?"

" મુંબાઈમાં ધૂર્તલાલ શેઠ કરીને કોઈ છે તેનું માણસ છે, અને " તે સરસ્વતીચંદ્રની શોધ કરવા આવેલો છે."

" ધૂર્તલાલનું માણસ !" ચંદ્રકાંત ગાજી ઉઠ્યો અને પ્રધાનને ધૂર્તલાલનો ઇતિહાસ કહ્યો.

" ચંદ્રકાંત, તમે આ પોલીસવાળે આણેલી ગાડીમાં બેસી આપણે " ઘેર જાવ ને ઘેરથી ગાડી પાછી મોકલજો. હું એને લઈ તરત " સામંતરાજને ઘેર જાઉંછું અને પછી આ નવા સમાચારનું મૂળ " શોધવાનો માર્ગ લેઈશ."

વિદ્યાચતુર માણસને લેઈ પોતાની ગાડીમાં ગયો. એ માણસની ગાડીમાં ચંદ્રકાંત મંદ ઉપક્રમ કરી ચ્હડ્યો અને બેઠો, ગાડી ચાલી. પણ એનું મન ચકડોળે ચ્હડ્યું.

" હા ! શી વિધાતાની ગતિ છે ! દુષ્ટ ધૂર્તલાલ ! જેવો હું " સરસ્વતીચંદ્રની પાછળ પડ્યો છું તેવો તું પણ એની જ પાછળ " પડેલો છે. પણ જેવો મ્હારે એને ઘેર આણવો છે તેવો ત્હારે એને " ઘરબ્હાર રાખવો છે. હું જેવો એનો મિત્ર છું તેવો તું એનો શત્રુ " છે ! તું શું કરીશ તે સુઝતું નથી. સરસ્વતીચંદ્ર ! તું જીવે છે કે આ " દુષ્ટોએ તને અને ત્હારી સાથે અમારી આશાઓને નષ્ટ કરી છે ?"

" આ કેવી અવસ્થા કે નથી પડતી આશા અને નથી પડતી " નિરાશા !"

*" न यत्र प्रत्याशामनुपतति नो वा रहयति
" प्रविक्षिप्तं चेतः प्रविशति च मोहान्धतमसम् ॥
" अकिञ्चित्कुर्वाणाः पशव इव तस्यां वयमहो
" विधातुर्वामत्वाद्विपदि परिवर्तामह इमे ॥"

" હું તો એ સ્થિતિમાં નહી રહું ! હું તો નિશ્ચય જ કરુંછું કે
" સરસ્વતીચંદ્ર આ લોકમાં પ્રકાશે છે જ, અને મને મળશે. અલેક્ઝાંડર
" મહારાજાની પેઠે સરસ્વતીચંદ્રનો શોધ કરવા આશાને પેંગડે પગ
" મુકી હું ચ્હડાઈ કરુંછું. આ લોકના અપૂર્ણ ઉત્સાહના શોધમાં મુકાય
" એટલો વેગ મુકીશ અને તેમાંથી પરિણામ આવો કે ન આવો, પણ
" હું હવે જાતે આ પ્રદેશનો ભોમીયો થઈશ, પર્વતોમાં, જંગલોમાં અને
" ગામોમાં આથડીશ, મુંબાઈથી માણસો મંગાવીશ કે અંહીથી રાખી
" લેઈશ, અને સરસ્વતીચંદ્રને શોધીશ. અર્થદાસની વાત સાંભળી તે
" સરસ્વતીચંદ્રના સ્વભાવની સાથે મળતી આવેછે."

ચંદ્રકાંતની ગાડી પણ ચાલી. ગાડીની પાછળની બારીમાં વળી વળી એ સુન્દરગિરિની છાયા ભણી ડોકીયાં કરતો હતો અને આરપર મળેલા બાવાને સરસ્વતીચંદ્રના કંઈ સમાચાર પુછ્યા નહી માટે પસ્તાવા લાગ્યો. ઘેર પ્હોંચ્યો ત્યાં બારીએ કુસુમને દેખી નવા વિચારમાં પડ્યો.

" કંઈક છાય, કંઈ કૌમુદીસમું અજવાળું, કંઈ અંધારું,
" દેખી પકડવા દોડી, થાકીને હાંફે ઉર બીચારું !

" સરસ્વતીચંદ્ર ! ત્હારા સ્વચ્છન્દ મનોરાજ્યમાં એવું શું સત્વ
" છે કે જે અનેક મનુષ્યો પાસે આ ચિત્ર નૃત્ય કરાવે છે અને તે છતાં
" નૃત્યની તાલ ત્હારા સંગીતની સાથે પકતી નથી ?"